

# શ્રી ઋષભનાથ ચરિત્ર

પૂજ્યપાદ આ.મ.શ્રી વિજય
કસ્તૂરસૂરીશ્વરજી મ. રચિત
"સિરિ ઉસહણાહ ચરિયં"નો
ગુર્જરભાષાનુવાદ

પ્રકાશક :
શ્રી વિજય નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાન મંદિર, સૂરત.

ॐ नमो अरिहंताणं

પૂ. આચાર્યશ્રી વિજય કસ્તૂરસૂરિ વિરચિત

सिरिउसहनाहचरियનો ગુર્જર અનુવાદ

# શ્રી ઋષભનાથ ચરિત્ર

: અનુવાદક :


કપૂરચંદ રણછોડદાસ વારૈયા

અધ્યાપક

શ્રી જૈનસૂક્ષ્મતત્ત્વબોધ પાઠશાળા – પાલીતાણા


પ્રેરક : પ. પૂ. આચાર્ય મ.

શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.


: પ્રકાશક :

શ્રી વિજય નેમિ – વિજ્ઞાન, કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર

સૂરત.

વીર સં. ૨૫૦૩
વિ. સં. ૨૦૩૩

આવૃત્તિ ૧લી

## પ્રાપ્તિસ્થાનો

શ્રી વિજય નેમિ-વિજ્ઞાનકસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર
C/o શાંતિલાલ ચીમનલાલ સંઘવી
ઠે. ગોપીપુરા, કાયસ્થ મહોલ્લો, સૂરત.

*

સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ.

*

જૈન પ્રકાશન મંદિર
માસ્તર જશવંતલાલ ગીરધરલાલ
દોશીવાડાની પોળ, અમદાવાદ.

મુદ્રક :
રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ,
મામુનાયકની પોળ,
અમદાવાદ-૧.

# પ્રકાશકીય

**અમારું ગૌરવ :**

અમારું એક પરમ ગૌરવ છે કે, પ. પૂ. ધર્મરાજા પ્રાકૃત વિશારદ સ્વ. આચાર્ય ભગવંત **શ્રી** વિજય કસ્તૂર-સૂરીશ્વરજી મહારાજશ્રીના રચિત-સંશોધિત કે સંપાદિત કોઈ પણ નાના કે મોટા ગ્રંથોનું પ્રકાશન કરીએ છીએ, ત્યારે જૈન-અજૈન વિદ્યાર્થીઓ–સાક્ષરો એટલી જિજ્ઞાસાથી તે તે ગ્રંથોને આવકારે છે કે પ્રકાશન બાદ થોડા સમયમાં જ બીજી આવૃત્તિ છપાવવી જરૂરી બની જાય છે.

**ગુરુ આજ્ઞા :**

પ્રસ્તુત " સિરિ ઉસહનાહ ચરિયમ્" કે જે પૂજ્યશ્રીની પ્રાકૃત ભાષાબદ્ધ મૂળ કૃતિ છે. આ કૃતિના ઉત્થાનમાં ધર્મરાજા પૂજ્ય ગુરુદેવને તેઓ શ્રીમાનના ગુરુદેવ પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજશ્રીની પ્રેરણા હતી કે, પોતાનો પરમ વિનેયી "કસ્તૂર" સમગ્ર "ત્રિષષ્ટિશલાકાપુરુષ" ચરિત્રનું પ્રાકૃતમાં રૂપાંતર કરે.

**ગ્રન્થ પ્રારંભ :**

પરમ ગુરુચરણ નિષ્ઠ ધર્મરાજાએ મુંબઈના વિ. સં. ૨૦૧૬ ના શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયે ચાતુર્માસ સ્થિરતા દરમિયાન ઉપાધ્યાય ( હાલ આચાર્ય ) શ્રી મેરૂ-

વિજયજી ગણિકે જેઓને પોતે પોતાના ધર્મમિત્ર ગણતા હતા. તેમ પોતાના પ્રધાનશિષ્ય પૂ. પંન્યાસ (હાલ આચાર્ય) શ્રી યશોભદ્રવિજયજી ગણિવરની વિનંતીથી ત્રિષષ્ટિશલાકા પુરુષના પ્રાકૃત રૂપાંતર કરવાના શુભ સંકલ્પથી પ્રથમ પર્વનું કાર્ય શરૂ કર્યું.

## ગ્રન્થની પ્રતિષ્ઠા :

વર્ષોનો પ્રાકૃત અંગેનો અનુભવ, ઝીણામાં ઝીણી પણ વ્યાકરણ, સાહિત્ય, વિષયક વાતો રહી જવા ન પામે તેનો ખ્યાલ તેમ પ્રાકૃતના અભ્યાસીઓને પ્રાચીન–અર્વાચીન પ્રાકૃત ભાષાના શબ્દો કે ધાતુના કર્તરિ-કર્મણિ કે પ્રેરક આદિના પ્રયોગોનો અનુભવ સહજ રીતે કેમ થાય ? અને આ એક ગ્રન્થના વાંચન-મનન દ્વારા અભ્યાસી પ્રાકૃત-ભાષામાં રસમય બની જાય તેવા લક્ષ્યપૂર્વકનો શ્રમ આ ચરિત્રગ્રન્થમાં દેખાય છે. તે આ ચરિત્ર ગ્રન્થના પરિચયમાં આવનાર સાક્ષરોના હૃદયોદ્ગાર રૂપ સંખ્યાબંધ અભિપ્રાયો પ્રાપ્ત થયા છે.

## પ્રથમ વાંચન :

ચરિત્ર ગ્રન્થની રચના બાદ સ્વયં પોતે જ પોતાના શિષ્ય-પ્રશિષ્યો મુનિશ્રી અશોકચંદ્રવિજયજી, મુનિશ્રી જયચંદ્રવિજયજીને સાંગોપાંગ વાચનાના વિષયમાં લઈ સંશોધન અને જરૂર સંવર્ધન કરી પ્રકાશન યોગ્ય બનાવ્યું.

આજે તે મૂળ ચરિત્ર ગ્રન્થનો અભ્યાસ પણ સારા

પ્રમાણમાં ચાલે છે. ભારત અને ભારત બહારના સેંકડો જૈન-અજૈન વિદ્વાનોમાં, વિદ્યાપીઠોમાં, અને લાઇબ્રેરીઓમાં તે ચરિત્ર ગ્રન્થ સ્થાન પામ્યો છે. પણ—

**ગુર્જરાનુવાદનો સંકલ્પ :**

પ્રાકૃતના પ્રારંભના અભ્યાસીઓને મૂળ તે ચરિત્ર ગ્રન્થના વાંચનમાં થોડી કઠીનતા પડતી હોવાથી તેનો ગુર્જરાનુવાદ થાય તેમ વર્ષોથી જરૂરિયાત છે, તેમ પૂજ્યશ્રીના ધ્યાનમાં આવ્યું હતું. અને સમયે તે કામ પણ કરવું તેવો સંકલ્પ પણ કર્યો હતો.

**સંકલ્પની સિદ્ધિ :**

વર્ષોનો પૂજ્યશ્રીનો સંકલ્પ અન્યાન્ય ગ્રન્થ રચનાની પ્રવૃત્તિના લીધે પૂર્ણ ન થયો પણ વિ. સં. ૨૦૩૨ માં તરણ તારણ શ્રી સિદ્ધિ ગિરિરાજ ઉપર નૂતન બંધાયેલ બાવન જિનાલય આદિ જિન મંદિરોમાં ૫૦૪ જિન બિમ્બોની પ્રતિષ્ઠા મહા સુ. ૭ ની નિર્ણીત થયેલ હોવાથી પૂજ્યશ્રીનું પાલિતાણા પધારવું થયું. ત્યારે પંડિત શ્રી **કપૂરચંદભાઈ** સાથે પ્રાકૃત અધ્યયન અંગે વિચારો થતાં અને પૂજ્યશ્રીએ સિરિચંદરાયચરિય ની વાચના પણ પંડિતજી પાઠશાળામાં સાધ્વજી સમૂહને આપતાં હોવાથી તેમાં આવતાં કેટલાંક પ્રયોગો અંગે પણ પૂજ્યશ્રી સાથે પરામર્શ થતો. અને છેવટે આવી પરિસ્થિતિમાં જો ગુર્જરાનુવાદ થાય તો અભ્યાસીઓને વિશેષ સહાયક બને તેમ વિચારો થતા. પૂજ્યશ્રીએ પંડિતજીને જ સિરિચંદ-

રાય ચરિયનો ગુર્જરાનુવાદ કરવા આજ્ઞા કરી અને અમોને જણાવતાં એક આનંદ થાય છે કે સિરિચંદરાય ચરિયનો અતિ અલ્પ સમયમાં પંડિત શ્રી કપૂરચંદભાઈએ ગુર્જરાનુવાદ સંપૂર્ણ કરતાં તે સંપૂર્ણ અનુવાદને પૂજ્ય ધર્મરાજા ગુરુદેવે વૈ. વ. ૧૦ ના બોરસદમાં સાંગોપાંગ વાંચી તપાસી પૂર્ણ કર્યો. પૂજ્યશ્રીની તે સમયની પ્રસન્નતા, પ્રાકૃતના અભ્યાસીઓ અંગેનું કાર્ય થયાનો સંતોષ અજબ-ગજબનો થયો. અને તે જ દિવસે પૂજ્યશ્રીએ પંડિતજી કપૂરચંદભાઈને પત્ર લખાવી સૂચના કરી કે આ રીતે "ઉસહ નાહ ચરિય"નો પણ ગુર્જરાનુવાદ તમારે તૈયાર કરવો. તે પત્ર પંડિતજીને પાલિતાણા પહોંચે અને તેનો પ્રત્યુત્તર આવે તે પહેલાં પૂજ્યશ્રી **સોજીત્રા** વૈ. વ. ૧૪ની વહેલી પરોઢે સ્વર્ગવાસ પામ્યા. કાળની ગતિ ગહન છે. આજે તે પૂજ્યશ્રી સદેહે નથી પણ તેઓશ્રીની ભાવના આદેશાનુસાર 'ઉસહચરિય'નો ગુર્જરાનુવાદ પંડિતજીએ તૈયાર કરી આપતાં અમો પ્રકાશિત કરી શકયા છીએ. ઊંચે ઊંચે સ્વર્ગે વીરાજિત ધર્મરાજા ગુરુદેવ અમારા આ કાર્યને નિહાળી પરમ સંતોષને અનુભવે એ જ હવે એક મનોકામના.

## સ્મારક સમિતિની સ્થાપના :

પૂજ્યશ્રીના સોજીત્રા સ્વર્ગવાસ સમયે પૂજ્યશ્રીના અંતેવાસી પ. પૂ. આચાર્ય શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી પૂજ્ય ધર્મરાજા ગુરુદેવનાં અંતિમ

દર્શને આવેલા હજારો ભક્તગણને પૂજ્યશ્રીની કાયમી સ્મૃતિ રહે તે અંગે પ્રેરણા કરતાં ભાવિકોએ ૪૦ થી ૫૦ હજારનું ફંડ એકત્રિત કર્યું અને તે સમયે "જૈનાચાર્ય શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વર સ્મારક સમિતિ"ની નિયુક્તિ પણ કરી.

**સમિતિનું કાર્યક્ષેત્ર :**

સમિતિએ પૂજ્યશ્રીના કાયમી સ્મારક અંગે સોજીત્રા અગ્નિસંસ્કાર ભૂમિ ઉપર સમાધિ મંદિર બનાવવું. શેઠ શ્રી મોતીશાના જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવવો તેમજ પૂ. અકબર બાદશાહ પ્રતિબોધક પરમ શાસન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી હીરવિજયસૂરીશ્વરજી મ. ના ચાતુર્માસ સ્થિરતાથી પવિત્ર બનેલ ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર કરાવવો એમ ત્રણે કાર્યો સોજીત્રામાં કરવાનો નિર્ણય કર્યો.

**પ્રાકૃત અધ્યયન–અધ્યાપન અંગે નિર્ણય :—**

ધર્મરાજા પૂજ્ય ગુરુદેવના જીવનનો વ્યવસાય તો સ્વાધ્યાય અને સાધનાનો જ હતો. જેથી તેઓશ્રીનું સાચું સ્મારક પણ તેઓશ્રીના સ્વાધ્યાયના વ્યવસાયને અનુસરતું થાય તે અંગે સમિતિએ પ્રાકૃત અધ્યયન-અધ્યાપન અંગે યોગ્ય સ્થળે પાઠશાળા કે વર્ગો ચલાવવા, અભ્યાસીઓને ઉત્સાહવર્ધક પારિતોષિક આપવાં. તેમજ પૂજ્યશ્રી રચિત પુસ્તકોનું પ્રકાશન કરવું. પ્રાચીન અપ્રગટ તેમજ પ્રગટ પ્રાકૃત ગ્રન્થોનું સંશોધન કે પુનર્મુદ્રણ કરવું. તેને અનુ-

લક્ષીને અન્ય પણ પ્રવૃત્તિ કરવી, તેમ નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

## ધર્મરાજા પૂજ્યશ્રીની પરમ કૃપા :

પૂજ્યશ્રીના પરમ કૃપાના પરિબળથી સમિતિએ સોજીત્રા સમાધિ મંદિરની ભવ્યાતિભવ્ય મહોત્સવપૂર્વક વિ. સં. ૨૦૩૩ના ફા. સુ. ૩ ના ચરણુપાદુકાની પ્રતિષ્ઠા કરાવી. સોજીત્રાના શ્રી જિન મંદિર તેમ ઉપાશ્રયના જિર્ણોદ્ધાર અંગે પણ કાર્ય શરૂ કરાવ્યું. અને આ " સિરિ ઉસહનાહ ચરિય "નો ગુર્જરાનુવાદ—

સમિતિનાં કેટલાંક કાર્યોની જવાબદારી અમોએ સ્વીકારી હોવાથી, પુસ્તક પ્રકાશન અંગેનું કાર્ય અમોએ સ્વીકાર્યું છે. જેથી આ ગ્રન્થ રત્નને પ્રકાશિત કરતા અમોને આનંદ થાય છે. ધર્મરાજા ગુરુદેવની કૃપાવર્ષા થતી રહે અને અમો સવિશેષ આવા ઉજ્જવળ જ્ઞાનભક્તિનાં કાર્યો કરવા સમર્થ બનીએ એ જ એક તેઓશ્રીને પ્રાર્થના.

### આભાર

આ ગ્રન્થરત્નના પ્રકાશન અંગે પ. પૂ. આ. મ. શ્રી વિજય**ચંદ્રોદયસૂરીશ્વરજી** મ. ની પ્રેરણા પ્રાધાન્ય બની છે.

જ્યારે પંડિત શ્રી **કપૂરચંદભાઈ એ** ખૂબ ખંત રાખી અતિ અલ્પ સમયમાં ગુર્જરાનુવાદ તૈયાર કરી આપ્યો છે. જ્યારે વિદ્વદ્વલ્લભ પૂ. ધર્મરાજા ગુરુદેવના ધર્મમિત્ર આચાર્ય મહારાજશ્રી વિજય **ધર્મધુરંધરસૂરીશ્વરજી**

જગદ્‌ગુરુ શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તિ પૌઢપ્રભાવશાલિ
ભટ્ટારક આચાર્ય દેવ



શાસનસમ્રાટ

**શ્રીમાન વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ**

જન્મ સંવત ૧૯૨૯ કારતક સુદ ૧ મહુવા — દીક્ષા સંવત ૧૯૪૫
આચાર્યપદ ૧૯૬૪—સ્વર્ગવાસ ૨૦૦૫ આસો વદ ૦)) મહુવા

મહારાજે "અર્ઘ્ય" એ શીર્ષક તળે આ ગ્રન્થરત્નનો જે પરિચય આપ્યો છે, તે વાંચતા વાચકોને સહેજે ખ્યાલમાં આવી શકે તેમ છે કે ચરિત્રકાર ઉપર અને ચરિત્રના પદાર્થ પરત્વે નિર્વ્યાજ પક્ષપાત તેઓશ્રીને છે. જ્યારે વિદ્વદ્વર્ય પૂજ્યાચાર્ય મ. શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે પણ ગુર્જરાનુવાદને સાંગોપાંગ જોઈ તપાસી પ્રુફ સંશોધનાદિનું મહત્ત્વનું કાર્ય કરી ધર્મરાજા પૂજ્યશ્રી પ્રત્યે પોતાનો આદર અને ભક્તિ પ્રદર્શિત કર્યા છે.

શ્રી લાલચંદભાઈ કે. શાહે પણ ચીવટપૂર્વક પ્રકાશન સમયસર થઈ શકે તે રીતે પ્રુફરીડિંગ વગેરેનું સુંદર કાર્ય કર્યું છે.

મુદ્રણ સુઘડ અને સ્વચ્છ થાય, સમયસર થાય તે અંગે મુદ્રક રાજુભાઈ સી. શાહની અંતરની લાગણી પણ ન વિસરાય તેવી છે.

છેવટે આ તેમ અન્ય કોઈ પણ પુસ્તકાદિ છપાવવાનાં કાર્યો અંગે ગુરુભક્ત એન. એમ. બ્રધર્સવાળા રજનીકાંત શાંતિલાલભાઈની તીવ્રતા, ચીવટ અને પરિશ્રમ જો આમાં ન ભળ્યા હોત તો આ પ્રકાશન આટલું સમયસર ન થાત.

પ્રસ્તુત પુસ્તક તેમ અમારા કોઈ પણ પ્રેસ કામ અંગે ડિઝાઇનો, બ્લોકો, ફોટાઓ વગેરે કાર્ય માટે

આત્મીયજન બની આફ્રીકા સ્ટુડિયાવાળા રતિભાઈ લાલભાઈને ભુલાય તેમ નથી.

સાથોસાથ આ પ્રકાશન અંગે મુંબઈ પાયધૂની **શ્રી ગોડીજી જૈનદેરાસર અને ધર્માદાખાતા** તરફથી **૭૫૦૦** તથા મુંબઈ **માટુંગા તપગચ્છ જૈન શ્રીસંઘે જ્ઞાનદ્રવ્યમાંથી** ૫૦૦૦ જેવી રકમથી નકલો લઈ અમોને અમારા આ કાર્યને વેગ આપ્યો છે. જેથી ઉપરોક્ત સર્વ પ્રવૃત્તિઓમાં જે જે મહાનુભાવોના સાથ–સહકાર મળ્યો છે તે સર્વને આ તકે આભાર માનીએ છીએ.

એજ. લિ.
પ્રકાશક

# પ્રાસ્તાવિક

માનવજીવનના વિકાસ માટે મહાપુરુષોનાં ચરિત્રોનું વાચન અત્યંત ઉપયોગી છે. જગતમાં ઉત્તમપુરુષોની ગણતરીમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૯ બળદેવ એમ **ત્રેસઠ શ્રેષ્ઠ પુરુષો** છે. તેમાંય સૌથી ઉત્તમોત્તમ પુરુષ શ્રી તીર્થંકર પરમાત્મા છે. સર્વ જીવોને શાસનના રસિક બનાવી મોક્ષ પમાડવાની ભાવના તેઓના આત્મામાં સતત ચાલુ હોય છે. અને તેવી પ્રબળ ભાવનાના યોગે તીર્થંકર-નામકર્મનો બંધ કરી તીર્થંકરપદ પામી અનેક આત્મા-ઓના તારક બને છે.

આ અવસર્પિણી કાળમાં આ ભારતક્ષેત્રમાં ૨૪ તીર્થંકર ભગવંતો થયા છે, તેમાં સૌથી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પરમાત્મા થયા છે. જેમણે વ્યવહારમાર્ગ, નીતિમાર્ગ, રાજ્ય વ્યવસ્થા તથા ધર્મમાર્ગ બતાવ્યા છે. તેથી આ અવસર્પિણી કાળમાં સર્વ પ્રાણીવર્ગ ઉપર તેમનો સૌથી મહાન ઉપકાર છે.

તીર્થંકર ભગવંતોના ચરિત્ર અંગે અનેક સંસ્કૃત-પ્રાકૃત આદિ ભાષામાં લખાયેલા ગ્રન્થો છે. તેમાં કલિકાલ-સર્વજ્ઞ આચાર્ય ભગવંત **હેમચંદ્રસૂરીશ્વરજી** મ. વિરચિત **ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર** અગ્ર સ્થાન ધરાવે છે.

તેઓશ્રીએ પ્રથમ પર્વમાં શ્રી **ઋષભદેવ ચરિત્ર** સવિસ્તર આપેલ છે. તેના અભ્યાસથી ભગવંતના ચરિત્રના બોધ સાથે જૈનશાસ્ત્ર સંબંધી ભૂગોળ,, ખગોળ, તત્ત્વજ્ઞાન આદિ ઘણો સુંદર બોધ થઈ શકે તેમ છે.

શાસનસમ્રાટ્ દીર્ઘદૃષ્ટા સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય **નેમિસૂરીશ્વરજી** મહારાજશ્રીના પટ્ટધર સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રી **વિજ્ઞાનસૂરીશ્વરજી** મ. શ્રીના પટ્ટધર શાંતતપોમૂર્તિ, સૌમ્યપ્રકૃતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી **વિજયકસ્તૂરસૂરીશ્વરજી** મહારાજશ્રીએ ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્રના આધારે પ્રાકૃત ભાષામાં ગદ્યબંધ सिरि उसहनाहचरियं ની સુંદર રચના કરી છે. પ્રાકૃત ભાષાના અભ્યાસીઓ માટે આ ગ્રન્થ ઘણો જ ઉપયોગી છે. વ્યાખ્યાનમાં વાંચવા માટેનો સરલ-સુબોધ ગ્રન્થ છે.

પૂ. આચાર્યદેવશ્રીએ પ્રાકૃતના અભ્યાસીઓ માટે અનેક પ્રાકૃત ગ્રન્થોની રચના કરી છે. સૌથી પ્રથમ પ્રાકૃત ભાષાના જ્ઞાન માટે **પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળાની** રચના કરી છે. જેની અનેક આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે. અત્યારે તો પ્રાકૃતના અભ્યાસ માટે સર્વસામાન્ય તે ગ્રન્થ થયેલ છે. તેનો સાંગોપાંગ અભ્યાસ કરવાથી પ્રાકૃત સાહિત્યના વાંચનમાં સરળતાથી પ્રવેશ થાય છે. તેનો અભ્યાસ કર્યા પછી અભ્યાસકો પ્રાકૃતમાં સારી રીતે વાંચન કરી શકે તે માટે **પાઈઅવિન્નાણકહા, સિરિચંદરાયચરિયં** અને **સિરિઉસહનાહચરિયં** આદિ ગ્રન્થો તેઓશ્રીએ પ્રાકૃત ભાષામાં રચ્યા છે, જે આજે પાઠ્ય-

પુસ્તકો તરીકે સારી રીતે સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળાઓમાં ચાલે છે.

પૂ. આચાર્યદેવશ્રી સપરિવાર વિ. સં. ૨૦૩૨ની સાલમાં માઘમાસમાં શ્રી શત્રુંજય તીર્થાધિરાજ ઉપર નૂતન બાવન જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે પધારેલ, તે વખતે મારે તેઓશ્રી સાથે વિશેષ પરિચય થયો અને પૂ. આચાર્યદેવ તથા તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ. શ્રીએ सिरिचंदरायचरियंના અનુવાદનું કામ મને સોંપ્યું. હું અનેક પ્રવૃત્તિઓમાં ખૂંચેલ હોઈ તે કાર્ય મેં ચોમાસા દરમ્યાનમાં પૂર્ણ કરવા કરેલ. પરંતુ પૂજ્યશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી તે કાર્ય મહા વદ ૫ના દિવસો શરૂ કરી ચૈત્ર વદ ૫ના પૂર્ણ કર્યું અને તે દરેક અનુવાદની નોટો પૂજ્યશ્રીએ જાતે તપાસી સંતોષ વ્યક્ત કર્યો. આજે તે ગ્રન્થ પણ છપાઈ રહ્યો છે.

ત્યારબાદ અમદાવાદ જતાં વચ્ચે સોજીત્રામાં પૂ. આચાર્યદેવ શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. શ્રી કાલધર્મ પામ્યા.

અમદાવાદ પહોંચ્યા પછી તેઓશ્રીના વ્યાખ્યાન-કલાદક્ષ વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. આચાર્યદેવ શ્રી વિજય-ચંદ્રોદયસૂરિજી મહારાજશ્રીએ सिरि उसहनाहचरियंનો અનુવાદ કરવાનું પણ પૂજ્ય ધર્મરાજા ગુરુદેવની આજ્ઞાનુસાર મને જ સુપરત કર્યું. તે અનુવાદ પૂ. સ્વર્ગીય આચાર્ય-

દેવશ્રીના શુભાશીર્વાદથી વિ. સં. ૨૦૩૨ ના દિવાળીના દિવસે પૂર્ણ થયો. અને તેની બધી નોટો અમદાવાદ પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ. ઉપર મોકલી આપી. તેઓશ્રીને તપાસીને તુરત તે મુદ્રણ કરવા માટે શ્રી રજનીકાંતભાઈને આપી પણ દીધી, જેથી ટૂંક ગાળામાં આ અનુવાદ છપાઈ ગયો.

જેઓ પ્રાકૃત ભાષાના જાણનાર ન હોય તે આ અનુવાદ દ્વારા પણ પરમાત્મા શ્રી ઋષભદેવ ભગવંતનું ચરિત્ર સારી રીતે જાણી શકશે. અને सिरि उसहनाहचरियंનો અભ્યાસ કરનારા પણ કોઈ ઠેકાણે સમજમાં ન આવે, તેનો ઉકેલ આ અનુવાદથી કરી શકશે.

પૂ. આચાર્યદેવે **ચંદરાયચરિયં** અને **ઉસહનાહ-ચરિયં** સરલ–સુબોધ પ્રાકૃત ભાષામાં રચેલ છે. સાથે સાથે વ્યાકરણને લગતા કર્તરિ, કર્મણિ વગેરે પ્રયોગો, શબ્દજ્ઞાન, વિભક્તિના જુદા જુદા પ્રયોગો, કાળના પ્રયોગો, પ્રેરક–ઇચ્છાદર્શક પ્રયોગો આદિનો જુદે જુદે સ્થળે પ્રયોગ કરી સરળ ભાષામાં પણ પ્રાકૃત ભાષાજ્ઞાન મેળવનાર માટે ઘણો ઉપકાર કરેલ છે.

અત્યારે તો પ્રાકૃત વ્યાકરણજ્ઞાન માટે **પ્રાકૃતવિજ્ઞાન-પાઠમાળા**, તે પછી વાંચન માટે **ચંદરાયચરિયં**, **ઉસહનાહચરિયં** મુખ્યપણે ઉપયોગી થઈ પડયા છે. તે પછી આગળ વધનારા માટે **સમરાઈચ્ચકહા**, **સંવેગ-રંગશાળા**, **પઉમચરિયં** આદિ અનેક ગ્રન્થો છે.

આ રીતે સ્વર્ગસ્થ પૂ. આચાર્યદેવશ્રીએ પોતાનું સમગ્ર જીવન જ્ઞાન-ધ્યાનમાં પસાર કરી, પ્રાકૃતભાષાના સુંદર ગ્રન્થોની રચના દ્વારા આત્મકલ્યાણ કરવા સાથે અન્ય જીવો ઉપર પણ મહાન ઉપકાર કરેલ છે.

આ અનુવાદ દ્વારા સામાન્યજનો પણ પરમાત્માનું ચરિત્ર જાણી ઉત્તમ સાહિત્યના વાંચન દ્વારા પોતાનું જીવન ઉચ્ચકોટિનું બનાવી, દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના દ્વારા કર્મક્ષય કરી, શીઘ્રપણે મુક્તિપદના પરમસુખના ભાગી બનો એ જ અંતરની અભિલાષા.

સિદ્ધક્ષેત્ર
**પાદલિપ્તપુર**
વિ. સં. ૨૦૩૩
વૈશાખ સુદ ૭
સોમવાર
તા. ૨૪-૪-૭૭

લિ. સંઘસેવક
**કપૂરચંદ રણછોડદાસ વારૈયા**
અધ્યાપક
શ્રી જૈન સૂક્ષ્મ તત્ત્વબોધ પાઠશાળા

## " અદર્ય "

" સિરિ ઉસહનાહચરિયં "ના રચયિતા પૂજ્ય આચાર્ય-વર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજનો શ્રમ ને શ્રદ્ધા ભરેલો પ્રાકૃત ભાષા પ્રત્યેનો પક્ષપાત વિદ્વદ્ જગત્માં ચિરસ્મરણીય બની રહે એવો છે. તેનાં અનેક દૃષ્ટાંતોમાં આ પ્રસ્તુત ચરિતની રચના પણ એક ઉલ્લેખનીય છે. કલિકાળ સર્વજ્ઞશ્રી હેમચન્દ્રાચાર્યના ત્રિષષ્ટિ પરથી પ્રાકૃતમાં સુવાચ્ય બને તે રીતે આ ચરિત લખાયેલ છે. તે પ્રકટ પણ થયેલ છે.

પ્રસ્તુત પુસ્તક એ પ્રાકૃત ચરિતનો ગૂર્જર ભાષાનુવાદ છે. પ્રાકૃતના અભ્યાસીઓને આ ઉપયુક્ત બને એમ છે. અને શ્રી ઋષભદેવ પરમાત્માનું ચરિત્ર કથાસ્વરૂપે જેમને વાંચવું હોય તેમને પણ આ સુન્દર વાંચન રૂપે ઉપયોગી થાય એમ છે.

સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી આત્માને એક વિશેષ અભિલાષ એ પણ રહેતો હોય છે. મારા દિવસો જિનેશ્વર પરમાત્માની કથામાં પસાર થાઓ.

અન્યની કથા માત્ર વ્યથાજનક હોય છે. કેવળ જિનવરની કથા અને તેમની જેમાં છાયા હોય છે, તે કથા બાદ કરીને જિનેશ્વરની જુદી જુદી કથાઓમાં પણ શ્રી ઋષભદેવ પરમાત્માની કથા તો વિવિધ રસ અને ભાવોથી

શાન્તમૂર્તિ વાત્સલ્યવારિધિ સમયજ્ઞ આચાર્ય દેવ



શ્રીમાન વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ

જન્મ સંવત ૧૯૪૭ પાટણ — દીક્ષા સંવત ૧૯૬૨

આચાર્યપદ ૧૯૯૧—સ્વર્ગવાસ ૨૦૨૨ ચૈત્ર સુદ ૧૦ ખંભાત

ભરેલી છે. સ્વભાવ સુન્દર એ કથા મન દઈને વાંચવામાં આવે તો વાચકને એવો ખેંચી રાખે છે કે પૂર્ણ કર્યા વગર તે તેની પકડમાંથી છૂટી શકતો નથી.

શ્રી ઋષભદેવ પરમાત્માનાં ચરિત્રો ઘણાં લખાયેલાં છે. નાનાં-મોટાં એ ચરિત્રો ઘણાં ખરાં સુલભ છે. છતાં પ્રસ્તુત પુસ્તક એમાં એકનો વધારો કરે છે એવું વાચકને નહીં લાગે. નહીં લાગે તેનાં મુખ્ય કારણ એ પણ છે કે એકની એક વાત જુદી જુદી કહી શકાય છે. ને એક રૂપે કહેવાય તો પણ કહેનાર અને સાંભળનાર રસવાળા હોય છે ત્યારે તેની મજા વધતી રહે છે.

ધનસાર્થવાહના ભવમાં સમ્યકૃત્વ પામ્યા ત્યારથી આરંભીને અષ્ટાપદપર્વત પર ૧૦૮ સાથે મોક્ષે પધાર્યા ત્યાં સુધીમાં કેવળજ્ઞાન ગમ્ય અનન્તા પ્રસંગો બની ગયા. તેમ છતાં મતિશ્રુતથી જાણી શકાય અને વર્ણવી શકાય એવા પ્રસંગો એટલા છે કે જો વિસ્તારથી તેને એક એક પ્રસંગને વર્ણવામાં આવે, વિચારવામાં આવે, અનુપ્રેક્ષાનો વિષય બનાવવામાં આવે તો વર્તમાન સમયના આયુષ્યની વાત તો ક્યાં રહી, મનુષ્યભવનું સારું ગણાતું એવું આયુષ્ય પણ ઓછું પડે.

આ અંગે થોડું દર્શન કરીએ તો પ્રથમ ભવ ધન-સાર્થવાહનો છે. તેમાં :

(૧) મહાવિદેહક્ષેત્ર, તેનો પશ્ચિમ વિભાગ ત્યાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગર.

(૨) ત્યાંની વ્યવહારની સ્થિતિ, વેપારની વ્યવસ્થા, રાજકીય વાતાવરણ.

(૩) તેમાં ધનસાર્થવાહ, સાર્થવાહના ગુણો, વ્યાવહારિક પરોપકારપરાયણતા. ધનસાર્થવાહની વિશેષતા.

(૪) વસંતપુર જવા માટે ઢંઢેરો, સર્વ પ્રકારની અનુકૂળતા કરી આપવાનું વચન.

(૫) આચાર્ય વિજયધર્મઘોષસૂરિજી મહારાજની વસંતપુર જવાની ભાવના, સાર્થમાં જોડાવા માટે કથન. મુનિવરોનો આચાર.

(૬) યોગ્ય સમયે પ્રયાણ.

(૭) સાર્થની મુસાફરી 'સબ સાથ જગન્નાથ' જેવા અનેક અનુભવો.

(૮) ઋતુઓનાં પરાવર્તનો, વર્ષાનું આગમન, સાર્થનું પ્રયાણ અટકી પડયું.

(૯) અટવીમાં યોગ્ય આહારની દુર્લભતા.

(૧૦) કોઈ શુભ સમયે ધનસાર્થવાહને દ્વારપાલના સૂકત સાંભળીને આચાર્યશ્રીની યાદ.

(૧૧) પોતાની ફરજ નથી બજાવી તેથી લજ્જા આવા એક ઉત્તમ ગુણ પ્રત્યેના ભાવથી જીવ કેવો સુન્દર લાભ મેળવી જાય છે તેનું શ્રેષ્ઠ દૃષ્ટાંત.

(૧૨) ઘીનું દાન દેતાં વધતો જતો ભાવોલ્લાસને તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ.

આ સર્વને જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી વિચારીએ તો કેટલો વિચાર કરી શકાય. તે વિકસિત ક્ષયોપશમવાળાને સમજવું કઠિન નથી. આમ આ ચરિત્રને સારી રીતે વાંચી-વિચારી-વાગોળીને જીવો નિજની ઉત્તમતામાં વધારો કરે. અને મોક્ષમાર્ગમાં વેગથી આગળ વધતા રહે તો 'સિરિ ઉસહનાહચરિય'ના કર્તા સ્વર્ગમાં પણ પ્રીણિત થશે. તેનો ગૂર્જર અનુવાદ કરનારા પંડિત કપૂરચંદભાઈ રણછોડભાઈ વારૈયા પોતાના શ્રમને સાર્થક સમજશે. અને પ્રકાશક વગેરે અનેક હાથો આમાં ઉપયુક્ત બન્યા છે. તેઓ સર્વે શ્રેયઃમાં સહભાગી બની ઉલ્લસિત થશે.

સં. ૨૦૩૩ — **વિજયધર્મધુરન્ધરસૂરિ**<br>
ચૈત્ર સુદ ૮ સોમ — જૈન ઉપાશ્રય-પાંજરાપોળ<br>
તા. ૨૮-૩-૧૯૭૭. — **અમદાવાદ.**

# વિષયાનુક્રમ

## પ્રથમ ઉદ્દેશ પૃષ્ઠ ૧ થી ૮૫


| | |
|---|---|
| મંગલાચરણ | ૧ |
| **પ્રથમ ધનસાર્થવાહનો ભવ** | ૭ |
| ધન સાર્થવાહનો વસંતપુર જવા વિચાર | ૮ |
| શ્રી ધર્મઘોષસૂરિનું આગમન | ૯ |
| ધન સાથે ધર્મઘોષસૂરિનું નગરમાંથી નિર્ગમન | ૧૧ |
| ગ્રીષ્મ અને વર્ષા ઋતુનું વર્ણન | ૧૧ |
| અટવીમાં નિવાસ | ૧૨ |
| સાર્થના દુઃખ વડે ધનની ચિંતા અને આચાર્ય પાસે આગમન | ૧૩ |
| આચાર્ય અને ધનસાર્થવાહનો વાર્તાલાપ | ૧૫ |
| ધનને ઘૃતદાનથી બોધિબીજની પ્રાપ્તિ | ૧૬ |
| ધર્મોપદેશ | ૧૬ |
| ધનનું વસંતપુરમાં આગમન | ૨૩ |
| **બીજો ભવ**–ધનની યુગલિક મનુષ્યપણે ઉત્પત્તિ | ૨૩ |
| ઉત્તરકુરૂમાં કલ્પવૃક્ષો | ૨૩ |
| **ત્રીજો ભવ**–સૌધર્મ દેવલોકમાં ઉત્પત્તિ | ૨૪ |
| **ચોથો ભવ**–મહાબળ | ૨૪ |
| શતબળનો વૈરાગ્ય | ૨૫ |
| મહાબળનો રાજ્યાભિષેક, શતબળની દીક્ષા | ૨૭ |
| સ્વયંબુદ્ધમંત્રીનું ચિંતન અને મહાબળને ઉપદેશ | ૩૦ |
| સંભિન્નમતિનું ચાર્વાકમતનું દર્શન | ૩૩ |
| સ્વયંબુદ્ધમંત્રીએ કરેલી જીવની સિદ્ધિ | |
| સ્વયંબુદ્ધમંત્રીએ કહેલ રાજાના પિતામહ અતિ બળનો વૃત્તાંત | ૩૭ |

દંડકરાજાનો વૃત્તાંત ૪૧
સ્વયંબુદ્ધમંત્રિનું અકાળે ઉપદેશનું કારણ ૪૨
મહાબળની દીક્ષા અને અનશન ૪૩
**પાંચમો ભવ**–લલિતાંગદેવ અને તેની સમૃદ્ધિ ૪૪
સ્વયંપ્રભાદેવી ૪૭
સ્વયંબુદ્ધ ઈશાનકલ્પમાં દૃઢધર્મ નામે દેવ થયો ૪૮
નિર્નામિકા ૪૯
યુગંધરમુનિને કેવલજ્ઞાન અને તેમનો ઉપદેશ ૫૧
નિર્નામિકાને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ–અનશન કરી તે લલિતાંગદેવની સ્વયંપ્રભાદેવી થઈ ૫૫
લલિતાંગદેવનાં ચ્યવનનાં ચિહ્નો ૫૬
**છઠ્ઠો ભવ**–વજ્રજંઘ ૫૮
શ્રીમતીનો વૃત્તાંત ૫૯
શ્રીમતીનું વજ્રજંઘ સાથે પરણવું ૬૪
**સાતમો ભવ**–ઉત્તરકુરૂમાં યુગલિક ૬૭
**આઠમો ભવ**–સૌધર્મદેવલોકદેવ ૬૭
**નવમો ભવ**–જીવાનંદ વૈદ્ય ૬૮
જીવાનંદ વગેરે ૭ મિત્રોએ કરેલી મુનિની ચિકિત્સા ૬૯
જીવાનંદ વગેરે મિત્રોનું સંયમ ગ્રહણ ૭૩
**દશમો ભવ**–અચ્યુતદેવલોકમાં ઉત્પત્તિ ૭૩
**અગ્યારમો ભવ**–વજ્રનાભ ચક્રવર્તી ૭૪
વજ્રસેન તીર્થંકર થયા અને વજ્રનાભ ચક્રવર્તી ૭૫
વજ્રનાભ આદિની દીક્ષા ૭૮
**લબ્ધિઓનું વર્ણન** ૭૯
વજ્રનાભનું વીશસ્થાનક વડે તીર્થંકર નામ નિકાચિત કરવું ૮૨
**બારમો ભવ**–સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પત્તિ ૮૫

## દ્વિતીય ઉદ્દેશ પૃષ્ઠ ૮૫ થી ૧૭૬


| | |
|---|---|
| કુલકરોની ઉત્પત્તિ | ૮૭ |
| સાગરચંદ્ર | ૮૭ |
| સાગરચંદ્રનું ઉદ્યાનમાં ગમન અને પ્રિયદર્શનાનું રક્ષણ | ૮૯ |
| ચંદનદાસના પુત્રને ઉપદેશ | ૯૦ |
| સાગરચંદ્રનો પ્રિયદર્શના સાથે વિવાહ | ૯૨ |
| અશોકદત્તનું એકાંતમાં પ્રિયદર્શનાને મળવું | ૯૨ |
| સાગરચંદ્રની સાથે અશોકદત્તની વાતચીત | ૯૪ |
| સાગરચંદ્ર આદિનું મરણ પામી યુગલિકપણે ઉપજવું | ૯૭ |
| કાળચક્રનું સ્વરૂપ | ૯૭ |
| **સાત કુલકરો**–પ્રથમ કુલકર વિમળવાહન | ૧૦૦ |
| બીજો કુલકર–ચક્ષુષ્માન્ | ૧૦૨ |
| ત્રીજો કુલકર–યશસ્વી | ૧૦૩ |
| ચોથો કુલકર–અભિચંદ્ર | ૧૦૩ |
| પાંચમો કુલકર–પ્રસેનજિત્ | ૧૦૪ |
| છટ્ઠો કુલકર–મરુદેવ | ૧૦૫ |
| સાતમો કુલકર–નાભિ | ૧૦૫ |
| ઋષભપ્રભુનું ચ્યવન | ૧૦૫ |
| મરુદેવાને નાભિરાજા અને ઈંદ્રોએ કહેલ સ્વપ્નફળ | ૧૦૭ |
| ગર્ભપ્રભાવ : ઋષભ જિનનો જન્મ | ૧૦૯ |
| ૫૬ દિક્કુમારિકાઓએ કરેલ જન્મોત્સવ | ૧૧૧ |
| સૌધર્માધિપતિનું જિનને લઈને મેરુપર્વત પર ગમન | ૧૧૭ |
| ઈશાનેન્દ્ર આદિનું મેરુ ઉપર આગમન | ૧૨૪ |
| અચ્યુતેન્દ્રે કરેલ અભિષેક મહોત્સવ | ૧૨૮ |
| સૌધર્મેન્દ્રે કરેલ અભિષેક મહોત્સવ | ૧૩૨ |
| ઈંદ્રે કરેલી જિનેશ્વરની સ્તુતિ | ૧૩૪ |

| | |
|---|---|
| નંદીશ્વરદ્વીપમાં ઈંદ્રાદિકે કરેલ અષ્ટાહ્નિનકા મહોત્સવ | ૧૩૭ |
| ઋષભનામ અને વંશની સ્થાપના | ૧૩૮ |
| જિનના અતિશયો અને દેવો સાથે ક્રીડા | ૧૪૦ |
| જિનેશ્વરના દેહનાં લક્ષણો | ૧૪૨ |
| પ્રભુનું દેવોએ કરેલ સંગીતનું જોવું | ૧૪૬ |
| ઈંદ્રે કરેલો વિવાહનો પ્રસ્તાવ | ૧૪૮ |
| મંડપનું વર્ણન | ૧૪૯ |
| અપ્સરાઓએ સુમંગલા અને સુનંદાને તૈયાર કરવી | ૧૫૧ |
| પ્રભુનો વિવાહ મહોત્સવ | ૧૫૪ |
| ભરતઆદિપુત્રોની ઉત્પત્તિ | ૧૫૯ |
| ઈંદ્રે કરેલ જિનેશ્વરનો રાજ્યાભિષેક | ૧૬૧ |
| વિનીતાનગરીનું નિર્માણ | ૧૬૨ |
| જિનેશ્વરનો રાજ્યનાં અંગોનો સંગ્રહ | ૧૬૩ |
| અગ્નિની ઉત્પત્તિ | ૧૬૫ |
| શિલ્પકલા આદિનું કથન | ૧૬૬ |
| જગત્પતિની રાજ્યવ્યવસ્થા | ૧૬૮ |
| પ્રભુનું વસંતોત્સવનું નિરીક્ષણ | ૧૬૯ |
| ઋષભદેવપ્રભુનો વૈરાગ્ય | ૧૭૩ |
| લોકાંતિક દેવોની પ્રાર્થના | ૧૭૫ |


## તૃતીય ઉદ્દેશ પૃષ્ઠ ૧૭૭ થી ૨૫૪


| | |
|---|---|
| ઋષભદેવપ્રભુનું ભરતને રાજ્યદાન | ૧૭૭ |
| સાંવત્સરિક દાન | ૧૭૯ |
| ઋષભદેવપ્રભુનો દીક્ષા મહોત્સવ | ૧૮૦ |
| કચ્છ-મહાકચ્છ વગેરેની દીક્ષા | ૧૮૫ |
| ઋષભપ્રભુ અને અન્ય મુનિઓને આહારની અપ્રાપ્તિ | ૧૮૬ |
| કચ્છ-મહાચ્છ આદિની ચિંતા | ૧૮૭ |

નમિ-વિનમિનું આગમન ૧૯૦
પ્રભુ પાસે નમિ-વિનમિની રાજ્યની માગણી અને ધરણેન્દ્રનું આગમન ૧૯૧
નાગરાજે નમિ-વિનમિને વિદ્યાધરોનું ઐશ્વર્ય આપવું ૧૯૪
વૈતાઢ્યપર્વત ૧૯૫
વિદ્યાધરોની મર્યાદા ૧૯૭
ઋષભપ્રભુની પ્રથમ ભિક્ષા—શ્રેયાંસકુમારનું પ્રથમ દાન ૧૯૯
પ્રભુનું બહલી દેશમાં ગમન-બાહુબલીનું વંદન માટે આગમન ૨૦૯
સ્વામીને ન જોવાથી બાહુબલીનો પશ્ચાત્તાપ ૨૧૩
ઋષભદેવ સ્વામીને કેવલજ્ઞાનની ઉત્પત્તિ ૨૧૫
સમવસરણ ૨૧૮
ઈંદ્રે કરેલી પ્રભુની સ્તુતિ ૨૨૪
મરુદેવાનો વિલાપ ૨૨૫
ભરતરાજાને સ્વામીના કેવલજ્ઞાનની ઉત્પત્તિ અને ચક્રરત્નની ઉત્પત્તિનું એકીસાથે નિવેદન ૨૨૮
મરુદેવા સાથે ભરતનું સ્વામિના વંદન માટે આગમન ૨૨૯
મરુદેવાનો મોક્ષ ૨૩૦
ભરતરાજાએ કરેલી જિનસ્તુતિ ૨૩૧
પ્રભુની દેશના અને સંસારનું સ્વરૂપ ૨૩૩
સમ્યગ્દર્શનનું સ્વરૂપ ૨૩૭
ઋષભસેન આદિની દીક્ષા ૨૪૯
પ્રભુના યક્ષ, યક્ષિણી, વિહાર અને અતિશય ૨૫૩

## ચતુર્થ ઉદ્દેશ પૃ. ૨૫૫ થી ૩૪૨

ચક્રપૂજન ૨૫૫
ભરતરાજાનું દિગ્વિજય માટે પ્રયાણ ૨૫૭
ચક્રવર્તીનાં રત્નો ૨૫૮

| | |
|---|---|
| દિગ્યાત્રામાં માગધતીર્થનો અધિકાર | ૨૬૨ |
| ,, વરદામતીર્થનો અધિકાર | ૨૭૦ |
| ,, પ્રભાસતીર્થનો અધિકાર | ૨૭૪ |
| કૃતમાલ દેવનો અધિકાર | ૨૭૮ |
| સિંધુનદીના સામે કાંઠે રહેલ મ્લેચ્છો ઉપર વિજય | ૨૭૯ |
| તમિસ્રાગુફાના દ્વારનું ઉદ્ઘાટન | ૨૮૩ |
| મણિરત્ન-કાકિણીરત્નનું વર્ણન | ૨૮૪ |
| ઉન્મગ્ના-નિમગ્ના નદી | ૨૮૬ |
| ગુફામાંથી બહાર નિર્ગમન | ૨૮૮ |
| ઉત્તર ભરતમાં ભિલ્લો ઉપર વિજય | ૨૯૦ |
| સેનાપતિના અશ્વનું વર્ણન | ૨૯૩ |
| હિમવંતગિરિકુમાર દેવનો વિજય અને ઋષભકૂટ ઉપર નામનું આલેખન | ૩૦૨ |
| નમિ-વિનમિ વિદ્યાધરોને જીતાવવું | ૩૦૪ |
| સ્ત્રીરત્ન | ૩૦૭ |
| ગંગાદેવી અને નાટ્યમાલદેવ ઉપર વિજય | ૩૦૯ |
| નવનિધિઓ | ૩૧૨ |
| અયોધ્યામાં પ્રવેશ મહોત્સવ | ૩૧૫ |
| ભરતનો મહારાજ્યાભિષેક | ૩૨૩ |
| ચક્રવર્તીની સમૃદ્ધિ | ૩૨૭ |
| સુંદરીની દીક્ષા | ૩૨૮ |
| ભરતેશ્વરે કરેલી સ્તુતિ | ૩૩૩ |
| સુંદરીએ કરેલી પ્રાર્થના | ૩૩૪ |
| ભરતરાજાનું અટ્ઠાણું નાના ભાઈઓ તરફ દૂતોનું મોકલવું તેઓનું પ્રભુ પાસે આગમન | ૩૩૫ |
| પ્રભુનો ઉપદેશ-તેઓની દીક્ષા | ૩૩૯ |
| અંગારકારકનું દષ્ટાંત | ૩૪૦ |

## પંચમ ઉદ્દેશ પૃ. ૩૪૩ થી ૪૨૭


| | |
|---|---|
| બાહુબલિ તરફ દૂતનું મોકલવું | ૩૪૫ |
| દૂતની બાહુબલી સાથે વાતચીત | ૩૪૮ |
| સુવેગદૂતનું સભામાંથી નિર્ગમન | ૩૬૦ |
| „ વિનીતામાં આગમન | ૩૬૧ |
| ભરતની મંત્રીઓ સાથે વિચારણા | ૩૬૮ |
| ભરતનું સંગ્રામ માટે પ્રયાણ | ૩૭૨ |
| બાહુબલિનું સંગ્રામ માટે પ્રયાણ | ૩૭૪ |
| ભરત-બાહુબલિની સૈન્યવ્યવસ્થા | ૩૭૫ |
| બંને સૈન્યનું યુદ્ધ માટે સજ્જ થવું | ૩૭૮ |
| યુદ્ધના પ્રારંભમાં જિનેશ્વરનું પૂજન | ૩૮૩ |
| યુદ્ધ નિવારવા માટે દેવોનું આગમન | ૩૮૯ |
| ભરતનું સૈન્ય આગળ બળપ્રદર્શન | ૪૦૨ |
| ભરત-બાહુબલિનું દૃષ્ટિપ્રમુખ યુદ્ધ | ૪૦૪ |
| ભરતનું ચક્રમોચન | ૪૧૫ |


## છઠ્ઠો ઉદ્દેશો પૃ. ૪૨૮ થી ૫૧૬


| | |
|---|---|
| મરિચીનું વેષપરિવર્તન | ૪૨૮ |
| કપિલ રાજપુત્રનું આગમન | ૪૩૧ |
| ઋષભસ્વામીના અતિશયો | ૪૩૩ |
| અષ્ટાપદનું વર્ણન | ૪૩૬ |
| સમવસરણ | ૪૩૮ |
| ઇન્દ્રકૃત ઋષભજિનની સ્તુતિ | ૪૪૨ |
| ભરતનું શ્રાવકોને ભોજન આપવું | ૪૫૨ |
| ભગવંત પ્રત્યે ભરતરાજાની પૃચ્છા | ૪૫૭ |
| અજિતનાથ આદિ ૨૩ તીર્થંકરોનું સ્વરૂપ | ૪૫૭ |
| ચક્રવર્તીઓ | ૪૬૩ |
| વાસુદેવ-પ્રતિવાસુદેવ-બળદેવ | ૪૬૫ |

| | |
|---|---|
| પ્રભુનું શત્રુંજયતીર્થમાં આગમન | ૪૭૧ |
| પુંડરીકગણધરનું નિર્વાણ | ૪૭૫ |
| ભગવંતનો પરિવાર | ૪૭૮ |
| ઋષભદેવપ્રભુનું નિર્વાણ | ૪૭૮ |
| નિર્વાણ મહોત્સવ | ૪૮૫ |
| અષ્ટાપદ ઉપર ભરતે કરાવેલ સિંહનિષદ્યા જિનપ્રાસાદ | ૪૮૯ |
| ચોવીશ તીર્થંકરોની સ્તુતિ | ૪૯૭ |
| ભરતનું અયોધ્યાનગરીમાં ગમન | ૫૦૫ |
| ભારતના ભોગો | ૫૦૭ |
| ભારતને રત્નમય આરીસાગૃહમાં કેવલજ્ઞાનની ઉત્પત્તિ | ૫૦૯ |
| ભરતનું ચિંતન | ૫૧૧ |
| **અનુવાદકારની પ્રશસ્તિ** | ૫૧૬ |

## સ્વ. પ. પૂ. ગુરુદેવ શ્રીમાનૂના

## ✠ વિરચિત, પ્રકાશિત, સંપાદિત પ્રેરિત પુસ્તકો ✠

| | |
|---|---|
| ૧. પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા | (પ્રાકૃત) |
| ૨. પાઈઅ વિન્નાણ કહા ભા. ૧ | ,, |
| ૩. પાઈઅ વિન્નાણ કહા ભા. ૨ | ,, |
| ૪. સિરિ ઉસહ નાહ ચરિયં | ,, |
| ૫. પ્રાકૃત રૂપમાળા | (પ્રાકૃત અભ્યાસી માટે) |
| ૬. સિરિચંદરાય ચરિયં | (પ્રાકૃત) |
| ૭. તરંગવઈ તરંગલોલા | ,, |
| ૮. કરુણરસ કદંબક | ,, |
| ૯. લક્ષ્મી સરસ્વતી સંવાદ | ,, |
| ૧૦. વિજ્ઞાન કથાઓ ભા. ૧ | (ગુજરાતી) ૧ થી ૫૪ |
| ૧૧. વિજ્ઞાન કથાઓ ભા. ૨ | (ગુજરાતી) ૫૫ થી ૧૦૮ |
| ૧૨. અભિધાન ચિંતામણી કોષ | |
| ૧૩. ચતુર્વિંશતિ સ્તવ વૃત્તિ | |
| ૧૪. પંચ પરમેષ્ઠી નમસ્કાર વૃત્તિ | |
| ૧૫. જીન સ્તોત્ર કોષ | |
| ૧૬. વીતરાગ સ્તોત્ર | |
| ૧૭. જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર | |
| ૧૮. પીસ્તાલીશ આગમ પરિચય | |
| ૧૯. હરિયાળી સંચય | |
| ૨૦. સુરત શાહપુરનું જિન મંદિર | |
| ૨૧. સુરત સોયદપુરા દેરાસરનાં ચિત્રોનો પરિચય | |

✠

* ૭૧ વરસના જન્મદિનના મંગલ પ્રસંગે ભારત તેમ ભારત બહારના ૩૦૦ વિદ્વાનો, યુનિવર્સિટીઓ, જ્ઞાનભંડારો, મુનિ ભગવંતોને ગુરુગુણ સંભારણા નિમિત્તે ૪૫૦૦ ઉપરાંત પુસ્તકો ભેટ આપેલ હતા.

# મોટા માનવનાં

# મોટા મન.

**અમોને** પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજય **ચંદ્રોદય સૂરીશ્વરજી** મહારાજે જણાવ્યું કે પૂજ્યપાદ ધર્મરાજા ગુરુદેવ શ્રીમાન વિજય **કસ્તૂરસૂરીશ્વરજી** મહારાજ રચિત. "સિરિ ઉસહનાહ ચરિયં"નો ગુર્જરાનુવાદ છપાઈ રહ્યો છે. પણ અમારું વિશેષ ધ્યાન તો તે રીતે દોર્યું કે, પૂજ્યપાદશ્રીની એ કૃતિમાં પ્રારંભ અને અંતમાં બે વાતોનો ઉલ્લેખ કરી ગ્રન્થકારશ્રીએ પોતાના મોટા મનનો એક ઉમદા પરિચય કરાવ્યો છે.

પૂજ્યપાદશ્રી તેઓશ્રીના પરમતારક ગુરુદેવ શ્રીમાન આચાર્ય મહારાજ શ્રી વિજય **વિજ્ઞાનસૂરીશ્વરજી** મહારાજ સાથે **શ્રી ગોડીજી ઉપાશ્રયમાં** કે જે ઉપાશ્રયનો જિર્ણોદ્ધાર થતાં પ્રથમવાર જ પ. પૂ.

શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય મહારાજધિરાજ શ્રીમદ્ **વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ**ના પરિવાર પૈકીના પ્રથમવાર જ વિ.સં. ૨૦૧૬માં ચાતુર્માસ કર્યું હતું. શાસન પ્રભાવનાનાં અનેકવિધ કાર્યોની હારમાળાથી યશસ્વી બનેલ તે ચાતુર્માસને ધર્મરાજા પૂ. આચાર્ય મહારાજશ્રીએ તેને ગ્રન્થસ્થ કરી અમરત્વ અપાવ્યું છે.

સ્વાધ્યાયમગ્ન પૂ. આચાર્યશ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી મહારાજે ગુરુઆજ્ઞાથી એક વિશિષ્ટ ગ્રન્થરચનાનો મુંબઈ શ્રી માટુંગા જૈન શ્વે.મૂ.પૂ. તપગચ્છ શ્રી સંઘના ઉપાશ્રયમાં પોતાના ધર્મમિત્ર ઉપાધ્યાય શ્રી **મેરુ વિજયજી** ગણી તથા પોતાના પ્રધાન શિષ્ય પંન્યાય શ્રી **યશોભદ્ર વિજયજી** ગણીને માટે પ્રારંભ કર્યો. અને તે આ ગ્રન્થને **મુંબઈના શ્રી ગોડીજી ઉપાશ્રયમાં વિ. સં. ૨૦૧૬ના ચાતુર્માસમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવંતની સાંનિધ્યતામાં પૂરું કર્યો.**

**આ હકીકતનો ખ્યાલ** જ્યારે અમોને વિ. સં. ૨૦૩૩માં ગ્રન્થકારના આજીવન ચરણસેવક પૂ. આ. મહારાજ શ્રી વિજય **ચંદ્રોદયસૂરીશ્વરજી** મહારાજે આપ્યો ત્યારે અમો સર્વને ખૂબ આનંદ થયો કે ગ્રન્થકારે પોતાની ગ્રન્થરચનામાં પોતાના ઉદારમનનો ઊંચો પરિચય આપ્યો છે.

ગ્રન્થકારની નિખાલસતા, ઉપકારીઓનું સદા ચિંતન તેમ પોતાના અત્મીયજન પરત્વેનું વાત્સલ્ય તથા પ્રાચીન પદ્ધતિ અનુસાર ગ્રન્થ આલેખનનો પ્રારંભ તેમ પૂર્ણાહુતિ એમ બન્નેના ઐતિહાસિક સત્યનું રક્ષણ કરવા કેટલું લક્ષ્ય રાખ્યું છે? તે વિચાર આવતાં તેઓ પૂજ્યશ્રીના એ ગ્રન્થરાજને પ્રકાશિત કરવામાં અમો અમારી ફરજ અને કૃતજ્ઞતા સમજીએ છીએ,

અને તે મોટા માનવના મોટા મનને વંદના કરીએ છીએ.

મુમુક્ષુઓ ! ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુના આ ચરિત્રને વાંચી પ્રભુદેવ તેમ ગ્રન્થકાર મહાત્માની જેમ ઋજુતા કેળવવા ઉદ્યમશીલ બને એ જ મનીષા.

લિ.

**શ્રી વિજયદેવ સૂરસંઘ**

શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર મુંબઈ.

**શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. પૂ.**

**તપગચ્છ શ્રીસંઘ**

**મુંબઈ**

પરમપૂજ્ય પ્રાકૃતવિશારદ સિદ્ધાન્તમહોદધિ આચાર્ય દેવ

**શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ**



જન્મ વિ. સં. ૧૯૫૭ પોષ વદ ૧ અમદાવાદ

દીક્ષા વિ. સં. ૧૯૭૬ – ફાગણ વદ ૩ મેવાડ

આચાર્યપદ વિ. સં. ૨૦૦૧ ફાગણ સુદ ૪ બુરાનપુર

સ્વર્ગવાસ વિ. સં. ૨૦૩૨ વૈશાક વદ ૧૪ સોજીત્રા

॥ ॐ नमो अरिहंताणं ॥

॥ नमोत्थु णं समणस्स भगवओ महावीरवद्धमाणसामिस्स ॥

नमो परमगुरूवरायरियसिरिविजयनेमिसूरीसर-
सिरिविजयविन्नाणसूरिवराणं ॥

આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિવિરચિત

सिरिउसहनाहचरियं

નો

ગૂર્જર અનુવાદ

# શ્રી ઋષભનાથ ચરિત્ર

## પ્રથમ ઉદ્દેશ

### મંગલાચરણ

**जयउ स उसहजिणिंदो, भवभयभीयाण भव्वसत्ताणं ।**
**हरइ भयं जो निच्चं, किच्चा वरधम्मसत्ताणं ॥१॥**

સંસારના ભયથી ભય પામેલા ભવ્ય પ્રાણીઓના ભયને હંમેશાં શ્રેષ્ઠ ધર્મરૂપી રક્ષણ કરીને જે દૂર કરે છે, તે ઋષભજિનેન્દ્ર જયવંતા વર્તો. ૧

**सिरिसंतिजिणनाहो, सुर–असुरनियरसुगीयगुणगाहो ।**
**सइ पसमरसनिमग्गो, देउ ममं संतिपरमपयं ॥२॥**

સુર અને અસુરોના સમૂહે જેમની ગુણગાથા ગાઈ છે એવા અને હંમેશાં પ્રશમરસમાં નિમગ્ન શ્રી શાંતિનાથ જિનેશ્વર મને શાંતિરૂપ પરમપદને આપો. ૨

**वसुदेवतणयगव्वय–जलनिहि–महण–सुरसेल–सारिच्छो ।**
**राईमइ–मणसायर–हरिणंको जयउ णेमिजिनो ॥३॥**

વસુદેવના પુત્ર–કૃષ્ણના ગર્વરૂપ સમુદ્રને મથન કરવામાં મેરુપર્વત સમાન, રાજીમતિના મનરૂપી સમુદ્રને ઉલ્લાસ પમાડવામાં ચંદ્રસમાન શ્રી નેમિનાથ જિનેશ્વર જયવંતા વર્તો. ૩

**भवतावतवियसत्ते, छाहिं काउं व सगफणच्छत्तो ।**
**विग्घहरनाममंतो, पासजिणिंदो सिवं दिज्जा ॥४॥**

સંસારના તાપથી તપ્ત થયેલા પ્રાણીઓને છાયા કરવા માટે જાણે સાત ફણારૂપ છત્રવાળા, વિઘ્નને દૂર કરનાર નામરૂપી મંત્રવાળા શ્રી પાર્શ્વનાથ જિનેશ્વર મોક્ષ આપો. ૪

**वंदे वीरं वीरं जलहिजलगहीरममरगिरि धीरं ।**
**कम्मरयहरसमीरं, भवदवदहण–पसमण–णीरं ॥५॥**

વીર, સમુદ્રના જળ સમાન ગંભીર, મેરુપર્વત સરખા ધીર, કર્મરૂપી રજને દૂર કરવા માટે વાયુ સમાન, સંસારરૂપી દાવાનળને શાંત કરવા જળ સમાન શ્રી વીરજિનેશ્વરને હું વંદન કરું છું. ૫

**सेसा वि जयंतु जिणा, भवियजणमणनयणप्पसण्णगरा ।**
**जेवि नमिरहियययपउम–सहस्सकिरणा सिवं पत्ता ॥६॥**

ભવ્યજનોના મન અને નેત્રને પ્રસન્ન કરનારા, નમસ્કાર કરનારાના હૃદયરૂપી કમળને વિકસ્વર કરવામાં સૂર્ય સમાન, જેઓ મોક્ષને પામ્યા છે, એવા બાકીના જિનેશ્વરો પણ જયવંતા વર્તો. ૬

**जिणवरवयणुब्भूया, सब्भूअपयत्थकत्थणे निउणा ।**
**अत्थसमत्तसरूवा, सरस्सई देउ बोहं मे ॥७॥**

જિનેશ્વરના મુખમાંથી ઉત્પન્ન થએલી, સદ્ભૂત પદાર્થને કહેવામાં નિપુણ, સમસ્ત અર્થસ્વરૂપ વાણી મને બોધ આપો. ૭

इक्कारसवि गणहरे, गोयमपमुहे गुणगणसंजुत्ते ।
वंदामि ते वि पुज्जे, जाण पसाया सुयं होइ ॥८॥

ગુણગણથી યુક્ત, પૂજ્ય એવા તે ગૌતમ વગેરે અગ્યારે ગણધરોને હું વંદન કરું છું, જેઓની કૃપાથી શ્રુત થાય છે. ૮

अण्णे विय गुणगरुआ, चउदस–दसपुव्विणोऽत्थ आयरिया ।
मज्झ सइ पसीएज्जा, अमोहवयणा जुगप्पवरा ॥९॥

બીજા પણ ગુણવડે શ્રેષ્ઠ, અમોઘ વચનવાળા યુગ-પ્રધાન ચૌદપૂર્વી અને દશપૂર્વી આચાર્યો હંમેશાં મારા ઉપર પ્રસન્ન થાઓ. ૯

वीरजिणीसरसासण–पहावगा सुयपहावसंपुण्णा ।
जे अण्णे आयरिया, ते मे नाणप्पया होंतु ॥१०॥

વીર જિનેશ્વરના શાસનની પ્રભાવના કરનારા, શ્રુતના પ્રભાવથી સંપૂર્ણ એવા જે અન્ય આચાર્યો છે તેઓ મને જ્ઞાન આપનારા થાઓ. ૧૦

सिरिहेमचंदसूरी, सव्वण्णुसमो जयम्मि जो जाओ ।
जास तिसट्ठिचरियं, जए पसिद्धं विराएइ ॥११॥

શ્રી હેમચંદ્રસૂરિ કે જે જગત્માં સર્વજ્ઞ સમાન થયા છે, જેમનું જગત્માં પ્રસિદ્ધ ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર શોભે છે. ૧૧

तग्गयभावे गिण्हिअ, पाइअभासानिबद्धमेयं हि ।
ओज्झाय–मेरु–पंडिय–जसभद्दाणं मए हेउं ॥१२॥

તેમાં રહેલા ભાવોને ગ્રહણ કરીને, ઉપાધ્યાય શ્રી મેરુવિજય અને પંડિત શ્રી યશોભદ્રવિજય માટે આ પ્રાકૃત ભાષામાં રચ્યું છે. ૧૨

**जयउ सिरिनेमिसूरी, उद्धारगरो कयंबतित्थस्स ।**
**तवगच्छभूसणं मे, पहावगो सासणे पगुरू ॥१३॥**

કદંબગિરિતીર્થનો ઉદ્ધાર કરાવનારા, તપગચ્છના આભૂષણરૂપ, શાસનપ્રભાવક શ્રી વિજયનેમિસૂરિ કે જેઓ મારા પ્રગુરુ છે તે જયવંતા વર્તો. ૧૩

**वच्छल्लवारिही मे, विण्णाणगुरू जएउ सूरिवरो ।**
**जास सुहादिट्ठीए, मन्दो वि समत्थओ जाओ ॥१४॥**

વાત્સલ્યવારિધિ મારા ગુરુ શ્રી વિજયવિજ્ઞાનસૂરિવર જયવંતા વર્તો, જેમની શુભદૃષ્ટિથી મન્દ એવો પણ હું સમર્થ થયો છું. ૧૪

**कत्थूरायरिएणं विरइयमेयं महापुरिसचरियं ।**
**जाव चरमजिणतित्थं, ताव जयउ भवियबोहगरं ॥१५॥**

આચાર્ય શ્રી કસ્તૂરસૂરિએ આ મહાપુરુષચરિત્ર રચ્યું છે, તે જ્યાં સુધી ચરમજિન શ્રી વીરભગવંતનું તીર્થ રહે ત્યાં સુધી ભવ્યજનોને બોધ કરનાર આ ચરિત્ર જયવંતુ વર્તો. ૧૫

## મહાપુરુષચરિત્રનો ઉપક્રમ

अह एआए ओसप्पिणीइ, उसहाइ—वीरपज्जंता ।
तित्थयरा चउवीसं, बारह भरहाइणो चक्की ॥१६॥
पडिविण्हुणो य नव नव, बलदेवा केसवा य नरवसहा ।
जाया उत्तमपुरिसा, तिसट्ठि—संखाइ सुपसिद्धा ॥१७॥
तेसिं पढमं वुच्छं, जिणवर—वसहस्स तेरसभवे य ।
सम्मद्दंसणलाहा, सिवपयसंपत्तिपज्जंतं ॥१८॥

હવે આ અવસર્પિણીમાં ઋષભદેવથી વીર પર્યંત ચોવીશ તીર્થંકરો, ભરત આદિ બાર ચક્રવર્તિઓ, નવ પ્રતિવાસુદેવ, નવ બળદેવ અને મનુષ્યોમાં વૃષભ સમાન નવ વાસુદેવ એમ ત્રેસઠ સંખ્યામાં સુપ્રસિદ્ધ ઉત્તમ પુરુષો થયા છે, તેઓમાં પ્રથમ શ્રી ઋષભદેવ જિનેશ્વરના સમ્યગ્-દર્શનના લાભથી શરૂ કરીને મોક્ષપદની પ્રાપ્તિ સુધીના તેર ભવોને કહીશ. ૧૬–૧૭–૧૮

## ઋષભચરિત્રમાં પ્રથમ ધન સાર્થવાહનો ભવ

વલયાકારે રહેલા અસંખ્ય દ્વીપ અને સમુદ્રોથી વીંટળાયેલો, એક લાખ યોજન પ્રમાણ લંબાઈ–પહોળાઈ-વાળો, કાંઈક અધિક ત્રણ લાખ યોજન (૩૧૬૨૨૭ યોજન)-ની પરિધિવાળો જંબૂદ્વીપ નામે દ્વીપ છે. ગંગા–સિંધુ આદિ મહા–નદીઓ, ભરત આદિ સાત ક્ષેત્રો, હિમવંત આદિ છ વર્ષધર પર્વતોથી અલંકૃત એવા તે દ્વીપના

મધ્ય ભાગમાં નાભિ જેવો લાખ યોજન પ્રમાણ ઊંચો, ત્રણ મેખલાથી વિભૂષિત, ચાલીશ યોજન ઊંચી ચૂલિકાવાળો, જિનચૈત્યોથી મંડિત સુવર્ણ–રત્નમય મેરુપર્વત છે. તેના પશ્ચિમ વિદેહમાં પૃથ્વીરૂપી સ્ત્રીના આભૂષણરૂપ ક્ષીતિ–પ્રતિષ્ઠિત નામે મહાનગર હતું. તે નગરમાં મોટી વૃદ્ધિવડે શોભતો, દેવેન્દ્રસમાન, ધર્મકાર્યમાં હંમેશાં સાવધાન એવો પ્રસન્નચંદ્ર નામે મહારાજા હતો. તે જ નગરમાં ધન નામે સાર્થવાહ હતો, તે નદીઓનું સ્થાન જેમ સમુદ્ર હોય તેમ સંપત્તિઓનું સ્થાન હતો, તેની લક્ષ્મી પણ ચંદ્રની કાંતિની જેમ અનન્ય સાધારણ અને પરોપકાર એ જ છે એક ફળ જેનું એવી હતી. તે ઔદાર્ય, ગાંભીર્ય અને ધૈર્ય આદિ ગુણોથી યુક્ત સર્વજનોને સેવનીય હતો.

### ધન સાર્થવાહનો વસંતપુર નગરમાં જવાનો વિચાર

તેણે એક વખત મોટા કરિયાણા લઈને વસંતપુર નગરમાં જવા માટે વિચાર કર્યો. તેથી તે ધન સાર્થવાહે આખા નગરમાં પટહ વગડાવીને નગરવાસી લોકોને આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરાવી કે–" આ ધન સાર્થવાહ વસંતપુર નગરે જશે, જે લોકોની ત્યાં જવાની ઇચ્છા હોય, તે સર્વ એમની સાથે ચાલો, તે જેમની પાસે પાત્ર નહિ હોય તેને પાત્ર આપશે, વાહન નહિ હોય તેને વાહન આપશે, સહાય નહિ હોય તેને સહાય આપશે, ભાતા રહિતને ભાતું આપશે. માર્ગમાં પણ ચોર, સિંહ આદિ ક્રૂર

પ્રાણીઓના સમૂહથી સહગામી બાંધવની પેઠે દુર્બલ અને મંદ એવા સર્વેનું પાલન કરશે.”

તે પછી શુભ મુહૂર્તે સધવા સ્ત્રીઓએ કર્યું છે મંગળ જેને એવો રથમાં બેસીને નગરની બહાર પ્રસ્થાન કર્યું. તે વખતે પ્રસ્થાન સમયના ભેરીનો શબ્દ સાંભળવાથી વસંતપુર નગર તરફ જનારા સર્વે લોકો ત્યાં આવ્યા.

## શ્રી ધર્મઘોષસૂરિનું આગમન

એ વખતે આચાર્યસંબંધી ગુણગણથી અલંકૃત શ્રી ધર્મઘોષ નામે સૂરિપુંગવ સાધુચર્યાવડે વિહાર કરતા, ધર્મોપદેશ આપવા વડે પૃથ્વીને પવિત્ર કરતા સાર્થવાહની પાસે આવ્યા. ધન સાર્થવાહ પણ તપના તેજથી સૂર્યના જેવા દીપતા તે આચાર્યવરને જોઈને સંભ્રમ સહિત ઊઠીને બે હાથ જોડી, ચરણકમળને વંદન કરીને તેમને આવવાનું કારણ પૂછ્યું. સૂરિવરે કહ્યું કે “ અમે તમારી સાથે વસંતપુર નગરે આવીશું.”

તે સાંભળીને સાર્થવાહ કહે છે કે–“ હે ભગવંત ! સામે જઈને વંદન કરવા લાયક એવા તમે છો, આથી અવશ્ય મારા સાર્થની સાથે આવશો.” એમ કહીને પોતાના રસોઈયાને કહે છે કે–“ આ આચાર્યવર્ય માટે અશન–પાન આદિ તમારે હંમેશાં કરવું.” આ પ્રમાણે સાંભળીને આચાર્ય કહે છે કે–“ અમને મુનિઓને પોતાના નિમિત્તે કરેલું, કરાવેલું, કે અનુમતિ આપેલ અન્ન આદિ

કલ્પતું નથી, વળી હે સાર્થવાહ! શ્રી જિનેશ્વરના શાસનમાં વાવ–કૂવા–તળાવ અને નદી આદિમાં રહેલું શસ્ત્રથી હણાયા વગરનું પાણી પણ નિષેધ્યું છે. અમે માધુકરી વૃત્તિથી આહારને ગવેષનારા છીએ, તેથી એનાથી સર્યું. કહ્યું છે કે—

**"महुगारसमा बुद्धा, जे भवंति अणिस्सिआ ।**
**नाणापिंडरया दंता, तेण वुच्चंति साहुणो" ॥ १ ॥**

"મધુકર સમાન, બુદ્ધ, નિશ્રા વગરના, જુદા જુદા પિંડમાં રત, અને દાંત હોય છે, તેથી તે સાધુ કહેવાય છે."૧.

એ વખતે કોઈક માણસે સાર્થવાહની આગળ પાકી કેરીઓથી ભરેલો એક થાળ મૂક્યો. તેથી હર્ષથી પુલકિત મનવાળો સાર્થવાહ મુનીશ્વરને કહે છે કે–" હે ભગવંત! આ ફળો ગ્રહણ કરો અને મારા ઉપર અનુગ્રહ કરો."

આચાર્ય કહે છે કે–"*શસ્ત્રથી* ઉપહત ન થયેલ હોય એવા આવા પ્રકારના ફળ વગેરે અમને સ્પર્શવા પણ ન કલ્પે, તો ખાવા કેવી રીતે કલ્પે ?"

સાધુઓના આચારના ગુણથી રંજિત થયેલ ધન કહે છે કે–"અહો ! શ્રમણપણાનું પાલન દુષ્કર છે. અમારી જેવા પ્રમાદગ્રસ્ત જીવો વડે એક દિવસ પણ પાળવું અશક્ય છે. આથી પૂજ્યશ્રીને જે કલ્પી શકે એવું હશે તે આપીશ. મારા ઉપર પ્રસન્ન થાઓ. આપને અનુકૂળ હોય તે રીતે મારી સાથે આવો." એમ કહીને મુનીશ્વરને

નમસ્કાર કરીને જવા માટે રજા આપી. તે પછી સાર્થવાહ ચંચળ ઘોડાઓ વડે, ઊંટો વડે, બળદો વડે અને વિવિધ વાહનો વડે, મોટા તરંગો વડે જેમ સમુદ્ર નીકળે તેમ નીકળ્યો.

### ધન સાથે ધર્મઘોષ આચાર્યનું નગરમાંથી નિર્ગમન

હવે સાધુપણાના મૂળગુણ અને ઉત્તરગુણથી યુક્ત મુનિવરો સાથે આચાર્યપુંગવ પણ તેની સાથે ચાલ્યા. સાર્થની રક્ષા માટે તે ધન હંમેશાં આગળ અને તેનો મિત્ર માણિભદ્ર પાછળ ચાલે છે. *બન્ને પડખે વિવિધ શસ્ત્રોને ધારણ કરનાર અશ્વારોહી સુભટો વડે રક્ષા કરાતો, શસ્ત્રધારી આરક્ષકો વડે ચારે તરફ વીંટાયેલો, વંજમય પાંજરાની વચ્ચે રહેલો હોય તેમ તે સાર્થ માર્ગમાં જતો હતો.

આ પ્રમાણે નિર્ધન અને શ્રીમંતોનું સમભાવે યોગ અને ક્ષેમ કરતો ધન સર્વને સાથે નિર્વિઘ્ને લઈ જતો હતો. આ પ્રમાણે સર્વ લોકો વડે પ્રશંસા કરાતો તે ધન દિવસે દિવસે સૂર્યની જેમ પ્રયાણ કરતો હતો. કેટલાક પ્રયાણ ગયા પછી પથિકજનોને ભય કરનાર ભયંકર, અતિપ્રચંડ, સરોવર અને નદીઓના પાણીને સૂકવી દેનાર ગ્રીષ્મઋતુ આવી.

### ગ્રીષ્મ અને વર્ષાઋતુનું વર્ણન

સૂર્ય પણ અગ્નિ વર્ષાવે એવા આતપને વિસ્તારે છે. અત્યંત દુસ્સહ પવન વાય છે, તીવ્ર આતપથી પીડા

પામેલા સાર્થના મુસાફરો દરેક વૃક્ષ આગળ બેસતા, દરેક પરબમાં પ્રવેશ કરતા, પાણી પી–પીને આળોટતા હતા. સૂર્યનાં તપાવેલ લોહ સરખાં પ્રચંડ કિરણો વડે મીણના પીંડની જેમ શરીરો પણ ઓગળી જતાં હતાં. આવા પ્રકારના ગ્રીષ્મકાળમાં સાર્થના લોકો પલાશ, તાલ, હિંતાલ, કમલિની અને કેળના પાંદડાં વડે પંખાઓ કરીને ઘામથી ઉત્પન્ન થયેલ શ્રમને દૂર કરતા હતા. તે પછી ગ્રીષ્મકાળના સ્થિતિછેદને કરતો અને પ્રવાસીઓના ગતિવિચ્છેદને કરતો મેઘાચ્છાદિત વર્ષાકાળ આવ્યો.

ક્ષણવારમાં મેઘ પણ ધારાવૃષ્ટિ કરતો, રાક્ષસની માફક ત્રાસ ઉત્પન્ન કરતો સાર્થના મુસાફરો વડે જોવાયો. તે મેઘ ઉંબાડિયાની જેમ વારંવાર વીજળીને ભમાવતો, બાળક જેવા મુસાફરોને ત્રાસ પમાડતો, મુશળ પ્રમાણ જળધારા વડે વરસવા લાગ્યો. પાણીના પ્રવાહે પૃથ્વીમાં સર્વ ઊંચ–નીચને સરખું કરી દીધું. ઘણો કાદવ થવાથી માર્ગ પણ દુર્ગમ થયો. એક ગાઉ સો યોજન જેવો થયો. પ્રવાસીલોક ઢીંચણ સુધી નવો કાદવ લાગવાથી ધીમે ધીમે ચાલવા લાગ્યો. ગાડાંઓ પણ કાદવમાં ખૂંચવા લાગ્યાં. ઊંટો પણ પગમાં સ્ખલના પામીને પગલે પગલે પડવા લાગ્યા, તે વખતે ધન સાર્થવાહ માર્ગોનું દુર્ગમ-પણું જોઈને તે મહાટવીની મધ્યે પડાવ કરીને રહ્યો.

### અટવીમાં નિવાસ

સાધુઓ સાથે આચાર્ય ભગવંતે પણ માણિભદ્રે

બતાવેલા જંતુરહિત ભૂમિતલવાળા ઝૂંપડીરૂપ ઉપાશ્રયમાં નિવાસ કર્યો. ત્યાં સાર્થલોકો ઘણા હોવાથી વર્ષાકાળના દીર્ઘપણાથી સર્વનું ભાતુ અને ઘાસ વગેરે ખૂટી ગયાં. તેથી તે સાર્થલોકો મલિન વસ્ત્રવાળા તાપસની જેમ ક્ષુધાથી પીડા પામેલા કંદમૂલ આદિ ખાવા લાગ્યા. સાર્થવાસી લોકોનું સ્વરૂપ જાણીને માણિભદ્રે સાંજના સમયે ધન સાર્થવાહની આગળ જણાવ્યું.

## સાર્થલોકનાં દુઃખ વડે ધનની ચિંતા અને આચાર્ય પાસે આગમન

સાર્થલોકના દુઃખશ્રવણથી ચિંતાતુર થયેલા સાર્થવાહને રાત્રિમાં નિદ્રા પણ ન આવી. રાત્રિના છેલ્લા પ્રહરે નિર્મળ ચિત્તવાળો અશ્વશાળાનો પહેરેગીર આ પ્રમાણે બોલ્યો—

**"पत्तजसो णु सव्वत्थ, मओ वि विसमं दसं ।**
**सामी अम्हाण पालेज्ज, पडिवण्णामहो ! इमो" ॥२॥**

"સર્વ ઠેકાણે યશ પ્રાપ્ત કરનાર અમારા સ્વામી વિષમદશા પામ્યા છતાં પણ સ્વીકાર કરેલાનું પાલન કરે છે, તે આશ્ચર્ય છે!" ૨

આ સાંભળીને "મારા સ્વાર્થમાં અત્યંત દુઃખિત કોઈક અહીં છે? જેથી હું આના વડે ઉપાલંભ અપાયો છું." આ પ્રમાણે તેણે વિચાર કર્યો: 'અરે! જાણ્યું, અકૃત—અકારિત—અને અનનુમત પ્રાસુક ભિક્ષામાત્રથી આજીવિકા કરનારા ધર્મઘોષ આચાર્ય મારી સાથે આવ્યા.

છે. જેઓ કંદમૂળ અને ફળ વગેરેને ક્યારેય સ્પર્શતા નથી. હમણાં દુઃખિત સાર્થમાં તેઓ છે. તેઓને માર્ગમાં જે કાર્ય હોય તેનો સ્વીકાર કરીને મારી સાથે લાવ્યો છું. આજે જ તેઓ સ્મૃતિપથમાં આવ્યા. જડ એવા મેં શું કર્યું ? વચનમાત્રથી પણ આજ સુધી મેં ઉચિત ન કર્યું. આજે હવે તે સૂરિપુંગવને મારું મુખ કેવી રીતે બતાવીશ ? તો પણ હજુ ય તેઓના મુખકમળને જોઈને પોતાના અપરાધો ધોઈશ. સર્વત્ર ઇચ્છારહિત વૃત્તિવાળા તેઓને મારી સાથે શું કરવાનું છે?' આ પ્રમાણે ચિંતન કરતાં, મુનિદર્શન કરવામાં ઉત્સુક ચિત્તવાળો થતાં સૂર્યોદય થયો. પવિત્ર વસ્ત્રથી વિભૂષિત થઈ મુખ્ય માણસો સાથે ધન આચાર્યના ઉપાશ્રયમાં આવ્યો.

અંદર પ્રવેશ કરતાં તેણે પાપસમુદ્રના મંથનદંડ જેવા, મોક્ષના માર્ગ જેવા, ધર્મના સભામંડપ જેવા, કલ્યાણસંપદાના હાર જેવા, મોક્ષની ઇચ્છાવાળાને કલ્પવૃક્ષ જેવા, સંઘના અલંકાર જેવા, મૂર્તિમંત આગમ જેવા, તીર્થંકર જેવા ધર્મઘોષ મુનીશ્વરને જોયા.

ત્યાં કેટલાક સાધુઓ ધ્યાનાધીશ છે આત્મા જેનો એવા કેટલાક મૌનવ્રતવાળા, કેટલાક કાયોત્સર્ગમાં રહેલા, કેટલાક આગમ ભણવામાં તત્પર, કેટલાક વાચના આપવામાં તત્પર, કેટલાક ગુરુવંદન કરતા, કેટલાક ધર્મકથા કરતા, કેટલાક શ્રુતજ્ઞાનના ઉદ્દેશક, કેટલાક શ્રુતની અનુજ્ઞા આપતા અને કેટલાક તત્ત્વોને કહેતા એવા મુનિઓને તેણે જોયા.

તે ધન, આચાર્યના ચરણકમળને નમીને અનુક્રમે સાધુઓને પણ વંદન કરે છે. મુનીશ્વર પણ તેને પાપનો નાશ કરનાર 'ધર્મલાભ' આપે છે.

## આચાર્ય અને ધન સાર્થવાહનો વાર્તાલાપ

તે પછી આચાર્યના ચરણકમળમાં રાજહંસની માફક બેસીને કહેવાની શરૂઆત કરે છે કે–'હે ભગવંત! તે વખતે સાથે આવવા માટે આમંત્રણ કરતી વખતે મેં ફોગટ જ સંભ્રમ બતાવ્યો, કારણ કે તે દિવસથી આરંભીને આજ સુધી મેં આપનાં દર્શન કર્યાં નથી અને આપને મેં વાંદ્યા નથી, અને ક્યારે ય અન્ન–પાણી કે વસ્ત્ર વગેરેથી આપને સત્કાર્યા નથી. મૂઢ એવા મેં શું કર્યું કે જેથી પૂજ્ય–એવા આપને મેં અવગણ્યા ? હે ભગવંત ! મારા આ પ્રમાદાચરણને તમે ક્ષમા કરો. મહાપુરુષો પૃથ્વીની જેમ સર્વ સહન કરનારા હોય છે.'

આચાર્યશ્રીએ કહ્યું કે–'અમને માર્ગમાં દુષ્ટ શિકારી પશુઓ અને ચોર વગેરેથી રક્ષા કરતાં તેં શું કર્યું નથી ? વળી તારા જ સાર્થના લોકો પ્રાસુક, કલ્પનીય, ઉચિત અન્ન–પાન આપે છે, તેથી અમારું સર્વ કાર્ય થાય છે, કોઈ પ્રકારની ન્યૂનતા નથી. તેથી હે શુદ્ધાશય ! તું ખેદ ન કર.'

સાર્થવાહ કહે છે કે–'ઉત્તમ પુરુષો ગુણોને જ જુએ છે, તેથી તમે આમ કહો છો. આથી હું પોતાના પ્રમાદથી

લજ્જા પામું છું. મારી ઉપર કૃપા કરીને સાધુઓને આજ ઘરે મોકલો, જેથી ઇચ્છા મુજબ આહાર આપું.'

આચાર્ય કહે છે કે–'વર્તમાનયોગ વડે જેવા પ્રકારની ભિક્ષા મુનિઓને કલ્પે છે, તે તો તું જાણે છે.'

ધન 'જે નિશ્ચે ઉપકાર કરશે તે જ હું આપીશ.' એમ કહી નમીને પોતાના આવાસે ગયો. તેની પાછળ જ બે સાધુ ધનના આવાસે ગયા. તે વખતે તેના ઘરમાં નસીબ યોગે કાંઈપણ કલ્પી શકે તેવું ન હતું, તેથી અહીં તહીં તપાસ કરતાં પોતાના શુદ્ધ હૃદયની જેમ ઘી જોયું. 'તમને આ કલ્પે' એમ કહીને 'કલ્પે' એ પ્રમાણે બોલતાં સાધુના પાત્રમાં સર્વ ઘી આપ્યું.

## ધનને ઘૃતદાનથી બોધિબીજની પ્રાપ્તિ

'હું ધન્ય છું, કૃતપુણ્ય છું', એ પ્રમાણે વિચારતો તે મુનિઓના ચરણોને નમે છે, મુનિઓ પણ સર્વકલ્યાણની સિદ્ધિમાં સિદ્ધમંત્ર સમાન ધર્મલાભ આપીને ત્યાંથી નીકળ્યા. આ પ્રમાણે ધન સાર્થવાહે તે વખતે ઘૃતદાનના પ્રભાવે અતિનિર્મળ ભાવવિશુદ્ધિ વડે મોક્ષવૃક્ષના બીજ સમાન અતિદુર્લભ બોધિબીજ પ્રાપ્ત કર્યું.

## ધર્મોપદેશ

રાત્રિએ મુનિઓના ઉપાશ્રયમાં જઈને આચાર્યને પ્રણામ કરીને આગળ બેઠો તે વખતે ધર્મઘોષસૂરીશ્વર મેઘ સરખા ધ્વનિ વડે દેશના આપે છે—

**धम्मो मंगलमुक्किट्ठं, धम्मो सग्गाववग्गओ ।**
**धम्मो संसारकंतारु–ल्लंघणे मग्गदेसओ ॥३॥**

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે, ધર્મ એ સ્વર્ગ અને મોક્ષને આપનાર છે, ધર્મ એ સંસારરૂપી અટવીનું ઉલ્લંઘન કરવામાં માર્ગદેશક–ભોમિયા જેવો છે. ૩

ધર્મથી રાજા થાય, ધર્મથી વાસુદેવ, બળદેવ, ચક્રવર્તિ, દેવ અને ઇન્દ્ર થાય છે. ધર્મથી ગ્રૈવેયક અને અનુત્તરમાં અહમિંદ્રપણું પામે છે, એ ધર્મથી શું શું સિદ્ધ થતું નથી ? કહ્યું છે કે—

**सग्गो ताण घरंगणे सहयरा, सव्वा सुहा संपया,**
**सोहग्गाइगुणावली विरयए, सव्वंगमालिंगणं;**
**संसारो न दुरूत्तरो सिवसुहं, पत्तं करंभोरुहे,**
**जे सम्मं जिणधम्मकम्मकरणे, वट्टंति उद्धारया ॥४॥**

જેઓ સારી રીતે જિનધર્મનાં કાર્યો કરવામાં ઉદ્ધારક હોય છે, તેઓને ઘરઆંગણે સ્વર્ગ છે, સર્વ શુભ સંપત્તિ સાથે રહેનારી છે, તેને સંસાર દુરુત્તર નથી, મોક્ષસુખ તેને હસ્તકમળમાં પ્રાપ્ત થયું છે. ૪

તે ધર્મ દાન–શીલ–તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારે છે. ત્યાં જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપગ્રહ દાન વડે ત્રણ પ્રકારે કહ્યો છે. ભવ્ય જીવોને ધર્મોપદેશ વડે

અને જ્ઞાનનાં સાધન આપવા વડે જ્ઞાનદાન કહ્યું છે. જ્ઞાન વડે જીવ હિત-અહિત, જીવ-અજીવ આદિ નવતત્ત્વોને જાણે છે, વિરતિ પામે છે, તે પછી નિર્મળ કેવળજ્ઞાન પામીને સમસ્ત લોક ઉપર અનુગ્રહ કરીને પરમપદ-મોક્ષ પામે છે.

અભયદાન તે મન-વચન-કાયાથી કરવા-કરાવવા અને અનુમોદવા વડે જીવોના વધનો ત્યાગ કરવાથી થાય છે. અભયદાન વડે પ્રાણી જન્માંતરમાં કાન્ત, દીર્ઘાયુ, આરોગ્યવંત, સુરૂપ, લાવણ્યવંત અને દૃઢ શક્તિવાળો થાય છે, તેથી પરલોકમાં સુખ ઇચ્છનારાએ જીવો ઉપર દયા કરવી જોઈએ. કહ્યું છે કે-

**इक्कस्स कए निअजीविअस्स, बहुआओ जीवकोडीओ ।**
**दुक्खे ठवंति जे केइ, ताण किं सासयं जीअं? ॥५॥**

"જેઓ ફક્ત પોતાના એકના જીવિત માટે ઘણા ક્રોડો જીવોને દુઃખમાં સ્થાપન કરે છે, તો શું તેઓનું જીવિત શાશ્વત્ છે?" ૫

**जं आरूग्गमुदग्गमप्पडिहयं आणेसरत्तं फुडं,**
**रूवं अप्पडिरूवमुज्जलतरा कित्ती धणं जुव्वणं,**
**दीहं आऊ अवंचणो परिअणो, पुत्ता सुपुण्णासया,**
**तं सव्वं सचराचरंमि वि जए, नूणं दयाए फलं ॥६॥**

"જે ઉત્તમ આરોગ્ય, કોઈ ઉલ્લંઘન ન કરે એવું નિર્મળ આજ્ઞાનું સ્વામિત્વ, અપ્રતિરૂપ એવું રૂપ, અત્યંત

ઉજ્જવળ કીર્તિ, ધન, યૌવન, દીર્ઘ આયુષ્ય; કપટ વગરનો પરિજન, સારી રીતે પૂર્ણ કરી છે આશા જેણે એવા પુત્રો, આ સર્વ સચરાચર જગતમાં ખરેખર દયાનું ફળ છે.'' ૬

ધર્મોપગ્રહદાન તે દાયક, ગ્રાહક, દેય, કાળ અને ભાવવિશુદ્ધિથી પાંચ પ્રકારે છે. ત્યાં દાયકશુદ્ધ તે ન્યાયોપાર્જિત દ્રવ્યવાળો, જ્ઞાનવંત, આશંસારહિત, પશ્ચાત્તાપ વગરનો દાયક સંસારસમુદ્ર તરવા માટે જે આપે તે છે. કહ્યું છે કે—

**इमं चित्तं इमं वित्तं, इमं पत्तं निरंतरं।**
**संजायं जस्स मे सो हं, कयत्थो म्हि त्ति दायगो ॥७॥**

''આવી જાતનું ચિત્ત, આવા પ્રકારનું ધન, અને આવું ઉત્તમ પાત્ર મને નિરંતર પ્રાપ્ત થયું તેથી હું કૃતાર્થ છું. આવો દાયક હોય તે દાયક શુદ્ધ છે.'' ૭

ગ્રાહક શુદ્ધ તે સાવદ્યયોગથી અટકેલા, ત્રણ ગારવથી રહિત, ત્રણ ગુપ્તિવાળા, પાંચ સમિતિયુક્ત, રાગ–દ્વેષ રહિત, મમતા રહિત, અઢાર હજાર શીલાંગને ધારણ કરનાર, જ્ઞાન–દર્શન–ચારિત્રને ધારણ કરનાર, સોના અને પથ્થર ઉપર સમાન બુદ્ધિવાળા, શુભ ધ્યાનમાં રહેલા, જિતેંદ્રિય, જુદા જુદા પ્રકારના તપોનું આચરણ કરનારા, સત્તર પ્રકારે સંયમને ધારણ કરનારા, અઢાર પ્રકારે બ્રહ્મચર્યને ધારણ કરનારા, આવા પ્રકારના જે ગ્રાહક (= દાન લેનાર) હોય તે ગ્રાહક શુદ્ધિમંત જાણવા.

દેવશુદ્ધ તે–બેંતાલીશ દોષ રહિત અશન–પાન–ખાદિમ–સ્વાદિમ–વસ્ત્ર–શય્યા–સંથારા આદિ હોય તે.

કાળશુદ્ધ તે–જે કાંઈ પણ યોગ્ય કાળે સંયત એવા સાધુઓને અપાય તે કાળશુદ્ધ જાણવું.

ફળની આશંસા વિના શ્રદ્ધા વડે જે અપાય તે ભાવ-શુદ્ધ જાણવું.

શરીર વિના ધર્મ નથી, આહાર વિના શરીર નથી, તેથી ધર્મોપગ્રહદાન નિરંતર કરવું જોઈએ.

શીલ એટલે સાવદ્ય યોગથી અટકવું. તે દેશવિરતિ અને સર્વવિરતિના ભેદે બે પ્રકારે છે.

ત્યાં દેશવિરતિ ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત, સ્થૂલ અહિંસા આદિ પાંચ અણુવ્રત સ્વરૂપ બાર પ્રકારે જાણવી. આ દેશવિરતિ યતિધર્મના અનુરાગી, શુશ્રૂષા આદિ ગુણ-વાળા, શમ–સંવેગ–નિર્વેદ–અનુકંપા–આસ્તિક્ય લક્ષણરૂપ સમ્યગ્દર્શનને પામેલા, મિથ્યાત્વ રહિત, સાનુબંધ–અનંતાનુબંધી ક્રોધના ઉદયથી રહિત, ચારિત્ર મોહનીયના ક્ષયોપશમ વડે ગૃહસ્થોને થાય છે.

સર્વથા હિંસા આદિનો ત્યાગ કરવાથી સર્વવિરતિ થાય છે. તે સ્વભાવથી મંદ કષાયવાળા, સાંસારિક સુખનો ત્યાગ કરનારા, વિનયાદિ ગુણોથી યુક્ત, મહાપુરુષ સાધુ-ઓને હોય છે.

જે ક્લિષ્ટ કર્મોરૂપી કાષ્ઠને બાળે છે, તે તપ છ બાહ્ય અને છ અભ્યંતર ભેદે કરીને બાર પ્રકારે જાણવું.

દર્શન–જ્ઞાન–ચારિત્રને ધારણ કરનારા ઉપર નિશ્ચલ ભક્તિ, તેઓનું કાર્ય કરવું, તેઓના શુભનું ચિંતવન અને સંસાર જુગુપ્સા એ ભાવના છે.

**चउद्धा कहिओ धम्मो, नीसीमफलदायगो ।**
**कायव्वो भवभीरूहिं, भव्वेहिं सो सुभावओ ॥८॥**

"આ ચાર પ્રકારનો ધર્મ નિઃસીમ ફળને આપનાર કહ્યો છે, સંસારભીરૂ એવા ભવ્યજીવોએ તે ધર્મ ઉત્તમ ભાવપૂર્વક કરવો જોઈએ." ૮

તે પછી ધર્મોપદેશ સાંભળીને ધન સાર્થવાહ કહે છે કે – હે ભગવંત ! આજ સુધી મારા દિવસો નિષ્ફળ ગયા. આજે મારો દિવસ સફળ થયો. જેથી ક્યારે પણ પ્રાપ્ત નહિ કરેલો જિનદેશિત ધર્મ આજે મેં પ્રાપ્ત કર્યો. એ પ્રમાણે કહીને પોતાને પુણ્યશાળી માનતો પોતાના આવાસે ગયો. પરમાનંદમાં મગ્ન થયેલા તેણે સાંભળેલા ધર્મોપદેશની વિચારણામાં રાત્રિ પસાર કરી. પ્રાતઃકાળે મંગળપાઠક સૂઈને ઉઠેલા એવા તેની આગળ શંખ સરખા ગંભીર મધુર શબ્દ વડે બોલે છે :–વ્યવસાયને હરણ કરનાર વર્ષાઋતુની જેમ રાત્રિ ચાલી ગઈ છે, તેજની સન્મુખ સૂર્ય થયો છે, શરત્કાલની માફક મનુષ્યોનો વ્યવસાયમિત્ર પ્રભાતકાળ વિસ્તાર પામ્યો છે, સૂર્યનાં કિરણો વડે કાદવ સુકાઈ જવાથી માર્ગો સારી રીતે ગમન થઈ શકે એવા થયા છે, આ કાળમાં વ્યવસાય વડે શોભતા સાર્થલોકો દેશાંતર જવા માટે ત્વરા કરે છે.

આ પ્રમાણે તેનું વચન સાંભળીને "આના વડે પ્રયાણસમય જણાવાયો છે" એ પ્રમાણે જાણીને ધન સાર્થવાહ પ્રયાણની ભેરી વગડાવે છે. તેથી પ્રયાણભેરીના શબ્દને સાંભળી સાર્થના લોકો પોત–પોતાનાં વાહનો વડે ચાલવા લાગ્યા. ધર્મઘોષસૂરિ પણ મુનિવૃંદથી પરિવરેલા વિહાર કરવા લાગ્યા. ધન સાર્થવાહ પણ ચારે તરફથી શસ્ત્રધારણ કરનારા આરક્ષક પુરુષો વડે રક્ષણ કરાતો નીકળ્યો. અનુક્રમે મહાભયાનક અટવીને નિર્વિઘ્નપણે પાર કરીને આચાર્યશ્રી પણ સાર્થપતિની રજા લઈને અન્યત્ર વિહાર કરવા લાગ્યા. કહ્યું છે કે—

**समणाणं सउणाणं, भमरकुलाणं च गोकुलाणं च ।**
**अनिआओ वसईओ, सारइयाणं च मेहाणं ॥९॥**

"સાધુ, પક્ષી, ભ્રમરકુળ, ગોકુળ અને શરદઋતુના મેઘોનું અવસ્થાન અનિયત હોય છે." ૯

### ધનનું વસંતપુર નગરમાં આગમન

સાર્થવાહ પણ ઉપદ્રવરહિતપણે જતો અનુક્રમે વસંતપુર પહોંચ્યો. ત્યાં પોતાનાં કરિયાણાં વેચી નવાં કરિયાણાં ગ્રહણ કરતો ઘણો સમૃદ્ધિવાળો થયો. તે પછી ધન ગ્રામાનુગ્રામ વિચરતો, પોતાનાં કરિયાણાં વેચતો અને નવાં ગ્રહણ કરતો અનુક્રમે પોતાના નગરમાં આવ્યો. રાજાએ પણ બહુમાન કરી તે ધન સાર્થવાહને નગરશેઠનું પદ આપ્યું. અને લોકોને વિષમ કાર્યમાં પૂછવા લાયક અને વિશ્વાસયોગ્ય થયો.

## બીજો ભવ.

### ધનની યુગલિક મનુષ્યપણે ઉત્પત્તિ

તે ધન સાર્થવાહ અનુક્રમે આયુષ્ય પૂર્ણ કરી મુનિદાનના પ્રભાવે આ જંબૂદ્વીપમાં સીતા મહાનદીના ઉત્તર તટે ઉત્તરકુરુ નામના ક્ષેત્રમાં યુગલિક તરીકે ઉત્પન્ન થયો. ત્યાં રહેલા મનુષ્યો અષ્ટમતપના અંતે (ત્રણ દિવસના અંતે) આહારની ઇચ્છાવાળા, યુગલરૂપ, ત્રણ ગાઉ ઊંચા, ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, પર્યંત સમયે પ્રસવવાળા, મંદ કષાયવાળા, મમત્વ રહિત, ઓગણપચાસ દિવસ સુધી પુત્રપુત્રીરૂપ યુગલનું પાલન કરીને પર્યંતે મરણ પામીને તેઓ દેવોમાં ઉત્પન્ન થાય છે.

ઉત્તરકુરુમાં ભૂમિઓ સ્વભાવથી રમણીય છે. મદ્યાંગ વગેરે દશ પ્રકારનાં કલ્પવૃક્ષો યુગલિક મનુષ્યોને હંમેશાં વાંછિત પદાર્થોને આપે છે. કહ્યું છે કે—

### ઉત્તરકુરુમાં કલ્પવૃક્ષો

**मज्जंगपमुहा तत्थ, दसहा कप्पपायवा ।**
**मणुआणमजत्तेण, सइ अप्पिंति वंछियं ॥१०॥**

"મદ્યાંગ વગેરે દશ પ્રકારનાં કલ્પવૃક્ષો ત્યાં હંમેશાં મનુષ્યોને યત્ન વિના વાંછિત આપે છે." ૧૦

૧. ત્યાં મદ્યાંગ કલ્પવૃક્ષ સુંદર સ્વાદિષ્ટ મદિરા આપે છે, ૨. ભૃંગ વૃક્ષો ભાજન-પાત્ર આપે છે, ૩. તુર્યાંગ વૃક્ષો વિવિધ લયયુક્ત વાજિંત્રો આપે છે, ૪-૫ દીપશિખા અને જ્યોતિષ વૃક્ષો અતિ અદ્‌ભુત ઉદ્યોત કરે

છે, ૬. ચિત્રાંગ વૃક્ષો પુષ્પો અને માળાઓ આપે છે, ૭. ચિત્રરસ વૃક્ષો ભોજન આપે છે, ૮. મણ્યંગ વૃક્ષો આભૂષણ આપે છે, ૯. ગેહાકાર વૃક્ષો ઘર આપે છે, અને ૧૦. અનગ્ન કલ્પવૃક્ષો દિવ્ય વસ્ત્રો આપે છે. બીજાં પણ કલ્પવૃક્ષો ત્યાં મનવાંછિત આપનારા હોય છે.

તે ધનનો જીવ કલ્પવૃક્ષ દ્વારા પ્રાપ્ત થતા છે સર્વ ભોગો જેને એવો દેવની જેમ પાંચ ઇંદ્રિયના વિષયસુખોને ભોગવતો સુખપૂર્વક કાળ પસાર કરતો હતો.

## ત્રીજો ભવ.

### સૌધર્મદેવલોકમાં ઉત્પત્તિ

તે પછી તે ધનનો જીવ પોતાના યુગલિક ધર્મનું આયુષ્ય પૂર્ણ કરીને પૂર્વજન્મમાં આપેલા સુપાત્રદાનના પ્રભાવે સૌધર્મદેવલોકમાં દેવ થયો.

## ચોથો ભવ.

### મહાબળ

હવે તે ધનનો જીવ સૌધર્મદેવલોકથી ચ્યવીને પશ્ચિમ વિદેહમાં ગંધિલાવતી વિજયમાં વૈતાઢ્ય પર્વત ઉપર ગંધાર નામના દેશમાં ગંધસમૃદ્ધ નગરમાં વિદ્યાધરપતિ શતબળ રાજાની ચંદ્રકાંતા નામની ભાર્યાને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. શતબળ રાજાનો પુત્ર મહાબળ થયો. બળ વડે અને નામ વડે તે મહાબળ થયો. રક્ષક પુરુષોથી રક્ષા કરાતો, માત-પિતા વડે લાલન કરાતો અનુક્રમે તે વૃદ્ધિ પામ્યો. ચંદ્રની જેમ ધીમે ધીમે સમગ્ર કળાથી

સંપૂર્ણ, લોકોના નેત્રને આનંદ કરનારો મહાભાગ્યશાળી થયો. સમયને જાણનાર એવો તે યોગ્ય સમયે માત-પિતાના આદેશથી સાક્ષાત્ વિનયલક્ષ્મી જેવી વિનયવતી નામની કન્યાને પરણ્યો. હવે તે સ્ત્રીજનને વશીકરણરૂપ, રતિના ક્રીડાવનરૂપ યૌવનને પામ્યો. એક વખત નિર્મળ બુદ્ધિવાળો, મહાશક્તિવંત, તત્ત્વને જાણનાર વિદ્યાધરપતિ શતબળ આ પ્રમાણે વિચારે છે—

**उत्तमा अप्पचिंता सा, कामचिंता उ मज्झिमा ।**
**अहमा अत्थचिंता सा, परचिंताऽहमाहमा ॥११॥**

"આત્માની વિચારણા કરવી તે ઉત્તમ છે, કામ-સંબંધી ચિંતા કરવી તે મધ્યમ છે, અને અર્થ સંબંધી ચિંતા કરવી એ અધમ છે, અને પારકાની ચિંતા કરવી તે અધમાધમ છે." ૧૧

## શતબળનો વૈરાગ્ય

બાર દ્વારોથી મલ ઝરનાર કાયાનો નિર્મળ આહાર-વસ્ત્ર-આભૂષણ વડે વારંવાર સત્કાર કર્યા છતાં પણ ખલ-પુરુષની માફક વિક્રિયાને પામે છે, કાંઈ પણ ગુણ કરતી નથી. શરીરમાંથી બહાર નીકળેલા મળ-મૂત્ર-શ્લેષ્મ વડે જો દુર્ગંછા થાય છે, તો દેહમાં રહેલા તે પદાર્થોથી કેમ થતી નથી? આ દેહમાં અત્યંત ભય કરનારા સર્પની જેમ અકાળે રોગો ઉત્પન્ન થાય છે.

**रूवमसासयमेवं, विज्जुलयाचंचलंच जए जीअं ।**
**संझाणुरागसरिसं, खणरमणिज्जं च तारुण्णं ॥१२॥**

**जीअं जलबिंदुसमं, संपत्तीओ तरंगलोलाओ ।**
**सुमिणयसमं च पिम्मं, जं जाणसु तं करिज्जासु ॥१३॥**

"આ પ્રમાણે રૂપ અશાશ્વત છે, જગતમાં જીવિત વીજળી સમાન ચપળ છે, સંધ્યાના રંગ સમાન યૌવન ક્ષણવાર રમણીય છે. ૧૨

"જીવિત એ જળબિંદુ સમાન છે, સંપત્તિઓ તરંગ સરખી ચપળ છે, પ્રેમ એ સ્વપ્ન સમાન છે, આથી જે જાણો, તે કરો." ૧૩

શરીરની અંદર રહેલો આત્મા કામ–ક્રોધ આદિ તાપો વડે તપે છે, પરિણામે કટુ ફળ આપનારા વિષયોમાં સુખ માનનાર અશુચિમાં રહેલા કીડાની માફક આશ્ચર્ય છે કે જરાપણ વિરાગ પામતો નથી. કામભોગમાં આસક્ત ચિત્તવાળો જેમ આંધળો કૂવાને ન જુએ તેમ પગની આગળ રહેલા મૃત્યુને જોતો નથી. વિષ સરખા વિષયોમાં આસક્ત એવો આત્મા પોતાના હિત માટે ધર્મ આદિ ચાર પુરુષાર્થોમાં પ્રવર્તતો નથી. અનાદિકાળના અભ્યાસથી પાપસ્વરૂપ અર્થકામમાં પ્રવર્તે છે, પણ ધર્મ અને મોક્ષમાં પ્રવૃત્તિ કરતો નથી. અપાર સંસારસમુદ્રમાં મહારત્નની જેમ પ્રાણીઓને મનુષ્યપણું અતિદુર્લભ છે, તે મળ્યા છતાં પણ પુણ્યના યોગથી જિનેશ્વર દેવ, સુસાધુ ગુરુ અને જિનેશ્વરે કહેલો ધર્મ પ્રાપ્ત થાય છે. તેથી એ મળ્યે છતે પ્રમાદ ન કરવો જોઈએ. કહ્યું છે કે—

**पाविअ दुल्लहलंभं, विज्जुलयाचंचलं च मणुअत्तं ।
धम्मम्मि जो विसीयइ, सो काउरिसो न सप्पुरिसो ॥१४॥**

"દુર્લભ અને વિજળી જેવા ચંચળ મનુષ્યપણાને પામીને ધર્મ કરવામાં જે પ્રમાદ કરે છે, તે કાયર પુરુષ છે, સત્પુરુષ નથી." ૧૪

તેથી 'આ મહાબળકુમાર ઉપર રાજ્યનો ભાર આરોપણ કરીને પોતાનું ઈચ્છિત કરું' એમ વિચારીને રાજ્યગ્રહણ માટે વિનયસંપન્ન મહાબળકુમારને બોલાવીને રાજ્ય લેવા માટે સમજાવ્યો. તેની ઇચ્છા નહિ હોવા છતાં પિતાની આજ્ઞાથી રાજ્યભાર ગ્રહણ કરવા કબૂલ કર્યું.

**મહાબળનો રાજ્યાભિષેક અને શતબળની દીક્ષા**

તે પછી તે શતબળ રાજાએ સિંહાસન ઉપર મહાબળને બેસાડીને પોતાના હસ્તે તિલકમંગળ કર્યું. તેથી તે કુંદપુષ્પ સમાન કાંતિવાળા ચંદનના તિલકવડે ચંદ્ર વડે ઉદયગિરિ શોભે તેમ શોભવા લાગ્યો. તેના અભિષેક સમયે ચંદ્રનો ઉદય થવાથી સમુદ્ર જેમ ગર્જના કરે તેમ સર્વદિશાઓના ગર્જના કરાવતી મંગળકારી દુંદુભિઓ વાગવા લાગી. ચારે તરફથી મંત્રિ–સામંત વગેરે શ્રેષ્ઠ પુરુષોએ આવીને બીજા શતબળ રાજાની જેમ તે મહાબળરાજાને વિનયપૂર્વક પ્રણામ કર્યા.

આ પ્રમાણે શતબળ રાજા પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરીને, તે પછી દીનઅનાથ વગેરે લોકોને દાન

આપીને રાજાએ કરેલા મહોત્સવપૂર્વક યુગપ્રધાન સમાન ગુણગણને ધારણ કરનાર આચાર્યની પાસે દીક્ષા ગ્રહણ કરી.

તે રાજર્ષિ કેવા થયા ?

**मिउमद्दवसंपन्ने, गम्भीरो सुसमाहिओ ।**
**विहरइ महिं महप्पा, सीलभूएण अप्पणा ॥१५॥**

"કોમળ નમ્રગુણ વડે યુક્ત, ગંભીર, ઉત્તમ સમાધિવાળા તે મહાત્મા સદાચારમય આત્મા વડે પૃથ્વી ઉપર વિહાર કરે છે." ૧૫

આ પ્રમાણે તે મુનિવર ગ્રહણ અને આસેવન શિક્ષા વડે ગુરુવરની પાસે રત્નત્રયનો અભ્યાસ કરતા, સર્વત્ર સમચિત્તાપણે વર્તતા, જિતેન્દ્રિય, ક્રોધ આદિ શત્રુ સમુદાયને જીતતા, અધ્યાત્મવિશુદ્ધિયુક્ત, શાસ્ત્રના પારગામી, સમિતિ–ગુપ્તિથી યુક્ત, દુસ્સહ પરિષહોને સહન કરતા, મૈત્રી–પ્રમોદ–કારુણ્ય અને માધ્યસ્થ ભાવના ભાવિત ચિત્તાવાળા, પરમપદમાં હોય તેમ અમંદ આનંદરૂપ રસસાગરમાં નિમગ્ન, સંયમની આરાધના કરનારા થયા. આ પ્રમાણે અનુક્રમે તે રાજર્ષિ મહાત્મા ધ્યાન અને તપ વડે નિર્મળ ચારિત્રની આરાધના કરીને અંતે અનશનવડે પોતાનું આયુષ્ય સારી રીતે પૂર્ણ કરીને સ્વર્ગની સંપદાને પામ્યા.

હવે તે મહાબળરાજા સૈન્યસહિત અનેક ખેચરોના સમૂહવડે પરિવરેલો ઇંદ્રની જેમ અખંડ આજ્ઞાવાળો પૃથ્વી ઉપર રાજ્ય કરે છે. તે મનોહર સ્ત્રીઓથી પરિ-

પ્રસન્ન ચિત્તવાળો મનોહર બગીચાઓની શ્રેણીમાં જેમ કમળવન ખંડમાં રાજહંસ ક્રીડા કરે તેમ ક્રીડા કરે છે. આગળ, પાછળ અને પડખે સ્ત્રીઓના સમૂહથી વીંટાયેલો તે સાક્ષાત્ શરીરધારી શૃંગારરસ હોય તેમ ક્યારેક દેખાય છે. આ પ્રમાણે ફક્ત વિષય-ક્રીડામાં આસક્ત ચિત્તવાળા, ધર્મથી વિમુખ એવા તેના દિવસો નિષ્ફળ જાય છે.

એક વખત તે મહારાજા બીજા મણિમય સ્તંભ સરખા અનેક મંત્રિ-સામંત વગેરે વિશિષ્ટજનોથી શોભતી સભામાં બેઠો હતો. તે વખતે રાજાના મુખ્યમંત્રી સ્વયંબુદ્ધ, સંભિન્નમતિ, શતમતિ, અને મહામતિ રાજાને પ્રણામ કરીને યોગીની માફક રાજાને વિષે આપ્યું છે કે એક ચિત્ત જેણે એવા સભાની અંદર પોત-પોતાના આસન ઉપર બેઠા. તેમાં સમ્યગ્દૃષ્ટિ સ્વયંબુદ્ધ જે પોતાના સ્વામીની ભક્તિમાં વત્સલ, કલ્યાણમિત્ર, બુદ્ધિ-રૂપી રત્નને ઉત્પન્ન કરવામાં રોહણગિરિ સરખો હતો. કહ્યું છે કે—

**जोएइ य जो धम्मे, जीवं विविहेण केणइ नएण ।**
**संसारचारगगयं, सो नणु कल्लाणमित्तो त्ति ॥१६॥**

"જે સંસારરૂપી કેદખાનામાં રહેલા જીવને જુદા જુદા પ્રકારના કોઈ ઉપાયવડે ધર્મમાં જોડે, તે ખરેખર કલ્યાણ મિત્ર છે." ૧૬

## સ્વયંબુદ્ધિમંત્રિનું ચિંતન, અને મહાબળને ઉપદેશ

તે મંત્રી કેવળ કામભોગમાં આસકત રાજાને જોઈને વિચારે છે કે—અમારો સ્વામી દુર્દાંત ઇન્દ્રિયોવડે વિષયોમાં આસકત થઈ અમે દેખતા છતાં હરણ કરાય છે. તેથી તેની ઉપેક્ષા કરનારા અમોને ધિક્કાર પડો !! વિષય સુખમાં મગ્ન ચિત્તવાળા, ધર્મકર્મથી રહિત અમારા સ્વામીનો જન્મ નિરર્થક જાય છે, એથી મારું મન દુઃખ પામે છે. જો અમે સ્વામીને ધર્મ સન્મુખ ન કરીએ તો અમારામાં અને હાસ્યમંત્રીઓમાં શું અંતર છે ? તેથી કોઈ પણ ઉપાય વડે અમારે રાજાને હિતકારી માર્ગે લઈ જવો જોઈએ. કદાચ સ્વામીના વ્યસનથી જીવનારા આ દુષ્ટમંત્રીઓ મારી નિંદા કરશે, પણ તેનાથી મારે શું ? એ પ્રમાણે વિચારીને સર્વ મંત્રીઓમાં મુખ્ય તે સ્વયંબુદ્ધ મંત્રી બે હાથ જોડી રાજાને વિજ્ઞપ્તિ કરે છે કે—હે મહારાજા ! આ સંસારમાં જેને સમુદ્ર નદીઓના પાણી વડે, વડવાનળ સમુદ્રના પાણી વડે, યમરાજા પ્રાણીઓ વડે, અગ્નિ ઇંધન વડે તૃપ્ત થતા નથી, તમ જીવ પણ પાંચ ઇંદ્રિયોના વિષય સુખ વડે ક્યારેય તૃપ્તિ શું પામી શકે ? કહ્યું છે કે—

**अथिराण चंचलाण य, खणमित्तसुहंकराण पावाणं।**
**दुग्गइनिबंधणाणं, विरमसु एआण भोगाणं ॥१७॥**

“ અસ્થિર, ચંચળ, ક્ષણમાત્ર સુખ કરનારા દુર્ગતિના કારણભૂત એવા આ પાપી વિષયોથી વિરામ પામો.” ૧૭

**सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।**
**कामे पत्थेअमाणा, अकामा जंति दुग्गइं ॥१८॥**

"કામ એ શલ્ય છે, કામ એ વિષ છે, કામ એ સર્પની ઉપમાવાળા છે, કામની પ્રાર્થના કરનારા, ઇચ્છા પૂર્ણ થયા વિના દુર્ગતિમાં જાય છે." ૧૮

**तिलमित्तं विसयसुहं, दुहं य गिरिरायसिंगतुंगयरं ।**
**भवकोडीहिं न निट्ठइ, जं जाणसु तं करिज्जासु ॥१९॥**

વિષયસુખ તલ જેટલું છે, અને તેનાથી ઉત્પન્ન થનાર દુઃખ ગિરિરાજના શિખર સરખું ઘણું ઊંચું (મોટું) છે, ક્રોડો ભવો વડે તે પાર પામે એવું નથી, માટે જે જાણ, તે કર. ૧૯

**मयणेण मएणेव, जणो परवसीकओ ।**
**सयायारपहभट्ठो, पडएच्च भवाडवे ॥२०॥**

"મદની જેવા મદન (કામદેવ) વડે પરાધીન કરાયેલો, સદાચારના માર્ગથી ભ્રષ્ટ થયેલો માણસ સંસાર-રૂપી કૂવામાં નિશ્ચે પડે છે." ૨૦

વિષયની વેલડી સરખી સ્ત્રીઓ, દર્શન–સ્પર્શ અને ઉપભોગ વડે અત્યંત વ્યામોહ માટે નિશ્ચે થાય છે. વળી આ હાસ્યમિત્રો ખાવા–પીવામાં જ ચિત્ત આપનારા સ્વામીના પરલોકના હિતની ચિંતા કરતા નથી. અહો ! દુર્જનો ફક્ત પોતાનો અર્થ સાધવામાં તત્પર હોય છે, કુળવાન આત્માઓનો દુર્જનના સંસર્ગથી અભ્યુદય ક્યાંથી

થાય ? બોરડીના વૃક્ષની પાસે કેળનું ઝાડ ક્યારેય શું આનંદ પામે ? તેથી હે સ્વામિન્! પ્રસન્ન થાઓ, તમે પોતે વિદ્વાન છો, વિમૂઢ ન થાઓ, વ્યસનોની આસક્તિનો ત્યાગ કરીને ધર્મમાં મન સ્થાપન કરો. કહ્યું છે કે–

**नरनरवइदेवाणं, जं सोक्खं सव्वुत्तमं लोए ।**
**तं धम्मेण विढप्पइ, तम्हा धम्मं सया कुणसु ॥२१॥**

"મનુષ્ય, રાજા અને દેવોનું સર્વોત્તમ સુખ જે લોકમાં છે, તે ધર્મથી પ્રાપ્ત થાય છે, તેથી હંમેશાં ધર્મને કરો." ૨૧

**जाणइ जणो मरिज्जइ, पेच्छइ लोगो मरंतयं अन्नं ।**
**न य कोइ जए अमरो, कह तह वि अणायरो धम्मे ॥२२॥**

"માણસ જાણે છે કે મરવાનું છે, લોક બીજા મરનારને જુએ છે, જગતમાં કોઈ અમર (મરણ વિનાનો) નથી, તો શા માટે ધર્મમાં અનાદર કરે છે ?" ૨૨

**धम्मो बंधू सुमित्तो य, धम्मो य परमो गुरू ।**
**मुक्खमग्गपयट्टाणं, धम्मो परमसंदणो ॥२३॥**

"ધર્મ એ બંધુ છે, ધર્મ એ ઉત્તમ મિત્ર છે, ધર્મ એ શ્રેષ્ઠ ગુરુ છે, મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરનારાઓને ધર્મ એ ઉત્તમ રથ છે." ૨૩

જેમ દેવ વગરનું ચૈત્ય, ચંદ્રરહિત રાત્રિ, ચારિત્ર વિનાનો યતિ, નેત્ર વગરનું મુખ શોભતું નથી, તેમ ધર્મ વગર માણસ શોભતો નથી. વધારે શું કહેવું ? ધર્મ વડે

જ મનુષ્યો સ્વર્ગમાં દેવેન્દ્ર વગેરેનાં સુખને, મનુષ્યભવમાં ચક્રવર્તિપણું, વિદ્યાધરપણું, અને નરેન્દ્રપણું પામીને લોકાગ્રસ્થાનને (= મોક્ષને) પામે છે, આથી હે નરવર! ઉત્કૃષ્ટપદ (મોક્ષ)ના લાભ માટે ધર્મને જ શરણ તરીકે સ્વીકારો.

## સંભિન્નમતિનું ચાર્વાકમતનું દર્શન

આ પ્રમાણે સ્વયંબુદ્ધ મંત્રિનાં વચન સાંભળીને અત્યંત મિથ્યાત્વદોષથી કલુષિત વિષની ઉપમાવાળી બુદ્ધિવાળો સંભિન્નમતિ કહેવા લાગ્યો :–

હે સ્વયંબુદ્ધ! તું બહુ સારી રીતે મહારાજાના હિતની ચિંતા કરનારો છે! ઓડકાર વડે આહારની જેમ વાણી વડે ભાવ જણાય છે! સરળ, સદાય પ્રસન્ન મનવાળા, પોતાના સ્વામીના હિતને માટે તારા જેવા જ કુળવાન મંત્રીઓ આ પ્રમાણે બોલે, બીજા નહિ. તને ભણાવનાર ઉપાધ્યાય કોઈ સ્વભાવથી કઠણ હશે, જેથી સ્વામીની આગળ અકાળે વજ્રપાત સરખું આ પ્રમાણે બોલે. ભોગના અર્થી પુરુષો વડે અહીં રાજા સેવા કરાય છે, તેઓ વડે 'તમે કામભોગો ન ભોગવો' એમ કેવી રીતે કહેવાય?

**जो धुवाइं परिच्चिच्चा, अधुवं परिसेवए।**
**धुवाइं तस्स नस्संति, अधुवं नट्ठमेव य ॥२४॥**

જે નિશ્ચિત વસ્તુનો ત્યાગ કરીને અનિશ્ચિત વસ્તુને

સેવે છે, તેની નિશ્ચિત વસ્તુઓ નાશ પામે છે, અને અનિશ્ચિત વસ્તુ તો નાશ પામેલી જ છે.” ૨૪

આ તો ખરેખર હાથમાં રહેલા ચાટણને છોડીને કોણીને ચાટવા જેવું છે.

પરલોકમાં ફળ આપનાર ધર્મ છે એવું જે કહેવાય છે તે અયુક્ત છે, કારણકે જીવનો અભાવ હોવાથી પરલોક નિશ્ચે નથી, પૃથ્વી–પાણી–અગ્નિ અને વાયુમાંથી ચેતના, ગોળ–લોટ અને પાણી વગેરેમાં મદશક્તિની જેમ ઉત્પન્ન થાય છે. શરીરથી ભિન્ન કોઈ શરીરી (આત્મા) નથી, કે જે શરીરને છોડીને પરલોકમાં જાય, આથી નિઃશંકપણે પાંચેય ઇન્દ્રિયોના વિષયસુખને ભોગવવાં. આ પોતાના આત્માને ભોગથી ન છેતરવો. શશશૃંગની માફક સુખોમાં અંતરાય કરનાર ‘આ ધર્મ, આ અધર્મ’ એવી શંકા ન કરવી. ધર્મ–અધર્મ નિશ્ચે નથી. કહ્યું છે કે–

**उव्वज्जंति विवज्जंति, कम्मुणा जइ जंतवो ।**
**उव्वज्जंति विवज्जंति, बुब्बुआ केण कम्मुणा ॥२५॥**

“જો પ્રાણીઓ કર્મવડે ઉત્પન્ન થાય છે અને મરે છે, તો પાણીના પરપોટા કયા કર્મવડે ઉત્પન્ન થાય છે અને મરે છે ?” ૨૫

સર્વથા જીવોના અભાવથી “જે જીવ મરે છે તે જ ફરીથી ઉત્પન્ન થાય છે” એ ફક્ત વચનમાત્ર જ છે. તેથી હે મહારાજા ! શિરીષપુષ્પ સરખી શય્યામાં રૂપ

અને લાવણ્યથી યુક્ત સુંદરીઓ સાથે સ્વેચ્છાએ ક્રીડા કરો. અમૃત સરખાં ભોજન અને સ્વાદિષ્ટ પેયોને ઇચ્છા મુજબ ભોગવો. કપૂર, અગરુ, કસ્તૂરી, અને ચંદનથી અર્ચિત શરીરવાળા એક સુગંધમાંથી ઉત્પન્ન થયા હો તેમ રાત્રિદિવસ રહો. ઉદ્યાન, યાન, ચિત્રશાળા આદિની વિવિધ શોભાને જુઓ. વેણુ, વંશ, વીણા, મૃદંગ આદિ વાજિંત્રોના અવાજો વડે રાત્રિદિવસ તમે વિલાસ કરો. આ પ્રમાણે જીવનપર્યંત પાંચ ઇંદ્રિયોના વિષયોના ઉપભોગવડે સુખપૂર્વક જીવો. ધર્મકાર્યો વડે સર્યું, જગત્માં ધર્મ–અધર્મનું ફળ નથી.”

## સ્વયંબુદ્ધમંત્રીએ કરેલી જીવની સિદ્ધિ

તે પછી સંભિન્નમતિનાં વચન સાંભળીને સ્વયંબુદ્ધ કહે છે : ‘હે સ્વંભિન્નમતિ ! આ પ્રમાણે બોલનારા સ્વ અને પરના શત્રુ એવા નાસ્તિક લોકો વડે આંધળા વડે આંધળીની જેમ જીવો વડે દુર્ગતિમાં પડાય છે, તેઓને ધિક્કાર પડો. આ જીવ સુખ–દુઃખને જાણનારો અને પોતાના અનુભવથી જાણી શકાય એવો છે. બધાનો અભાવ હોવાથી, કોઈ વડે નિષેધ કરી શકાય એમ નથી. જીવ વિના ક્યારેય ‘હું સુખી છું, હું દુઃખી છું’ એવો વિશ્વાસ કોઈને થતો નથી. આ પ્રમાણે પોતાના શરીરમાં જીવ સિદ્ધ થયે છતે, બીજાના શરીરમાં પણ જીવ અનુમાનપણાથી સિદ્ધ થાય છે. જેવી રીતે બીજાના શરીરમાં પણ જીવ છે. સર્વત્ર બુદ્ધિપૂર્વક ક્રિયાની પ્રાપ્તિ થતી હોવાથી.

જે પ્રાણી મરે છે તે જ ફરીથી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જીવનો પરલોક પણ નિશ્ચે છે. એક જ ચૈતન્ય બાળકપણામાંથી યૌવનને, અને યૌવનમાંથી વૃદ્ધત્વને પામે તેમ એક જન્મમાંથી બીજા જન્મમાં જાય છે. પૂર્વના ચૈતન્યના અનુવર્તન (સંસ્કાર) વિના, નહિ શીખેલો બાળક સ્તનપાન કેમ કરે ? વળી અચેતન એવા ભૂતોમાંથી ચેતન કેવી રીતે ઉત્પન્ન થાય ? જગતમાં કારણને અનુરૂપ કાર્ય દેખાય છે. દેહ અને જીવનું કયારેય અભિન્નપણું ન કહેવું. મરણ અવસ્થામાં શરીરમાં જીવ પ્રાપ્ત થતો નથી. તેથી દેહથી ભિન્ન અને પરલોકમાં જનારો એ જીવ છે. ધર્મ અને અધર્મના કારણભૂત પરલોક પણ છે. આથી હે મહારાજા ! દુર્ગતિને આપનારા, સદ્‌ગતિના વિરોધી એવા પાંચ ઇન્દ્રિયોના વિષયોને દૂર છોડો. એક રાજા થાય છે, એક રંક થાય છે. આ પ્રમાણે શ્રીમંત અને દરિદ્ર, બુદ્ધિમંત અને જડ, સુરૂપ અને કુરૂપ, સબળ અને નિર્બળ, નિરોગી અને રોગપીડિત, સુભગ અને દુર્ભગ એ દરેકનું મનુષ્યપણું સમાન હોવા છતાં જે અંતર છે તે ધર્મ અને અધર્મનું કારણ જાણવું. એક વાહન થાય છે, બીજો તેની ઉપર ચઢે છે, એક અભય માગે છે, બીજો અભય આપે છે, આ પ્રમાણે ધર્મ–અધર્મનું ફળ જાણીને હે સ્વામિન્ ! દુર્જનના વચનની જેમ અધર્મ ત્યાગ કરવા યોગ્ય છે। વીતરાગના વચનની જેમ મોક્ષસુખના એક કારણરૂપ ધર્મ ગ્રહણ કરવા લાયક છે.”

આ પ્રમાણે સ્વયંબુદ્ધમંત્રી ક્ષણભંગુરવાદી શતમતિના ક્ષણિકવાદનું અને ‘ આ જગત્ માયામય છે ’ એમ કહેનારા મહામતિના માયાવાદનું વિવિધ યુક્તિપૂર્વક નિરાકરણ કરીને રાજાને કહે છે કે– હે રાજન્ ! કામભોગમાં આસક્ત, વિવાદમાં કુશળ, પુણ્યોદયથી વિમુખ એવા આ લોકોએ તમને છેતર્યા છે. તેથી વિવેકનું આલંબન લઈને કામભોગોને દૂર ત્યજો. આ લોક અને પરલોકના કલ્યાણ માટે ધર્મને જ સેવો.

હવે ધાર્મિક વચનો સાંભળવાથી પ્રસન્નચિત્તવાળો રાજા કહે છે કે– હે નિર્મળબુદ્ધિવાળા સ્વયંબુદ્ધ ! તેં ઘણું સારૂં કહ્યું. અવશ્ય ધર્મ કરવા લાયક છે, અમે ધર્મના વિરોધી નથી, પરંતુ સમયે જ ધર્મ આચરવો જોઈએ. “ બાળપણામાં વિદ્યાનો અભ્યાસ કરવો, યૌવનમાં વિષય-ભોગ ભોગવવા, વૃદ્ધપણે મુનિપણું કરવું.” એથી કામભોગને યોગ્ય યૌવન પામીને તેના ઉચિતની કોણ ઉપેક્ષા કરે ? તેં અવસર વિના ધર્મોપદેશ કર્યો, “ વીણા વાગતી હોય ત્યારે વેદનો ઉચ્ચાર શું શોભે ? ” ધર્મનું ફળ સદ્ગતિ આદિ જે કહ્યું તે સંદિગ્ધ છે, તેથી આ ભવ સંબંધી વિષયામૃતના આસ્વાદના રસને અકાળે તું કેમ નિષેધ કરે છે ?

## સ્વયંબુદ્ધ મંત્રિએ કહેલો રાજાના પિતામહ અતિબળનો વૃત્તાંત

હવે સ્વયંબુદ્ધ મંત્રી બે હાથ જોડી વિજ્ઞપ્તિ કરે

છે કે, અવશ્ય કરવા લાયક ધર્મના ફળમાં અન્યથા શંકા ન કરો. હે રાજન્! એક વખત બાળપણામાં આપણે નંદનવનમાં ગયા હતા. તે વખતે ત્યાં અત્યંત સુંદર રૂપને ધારણ કરનાર એક દેવને જોયા. કૃપાશીલ તે દેવે તે વખતે એમ કહ્યું હતું કે– હે રાજન્! હું તારો અતિબળ નામે પિતામહ છું. સંસારના ભયથી વિરક્ત થયેલા મનવાળા મેં તૃણની જેમ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને દીક્ષા લીધી. અતિનિર્મળ ચારિત્રની આરાધનાવડે અંતે અનશન ગ્રહણ કરીને લાંતક દેવલોકમાં તેનો અધિપતિ થયો છું. 'તારે પણ ધર્મકાર્યમાં પ્રમાદ ન કરવો' એમ કહીને પ્રકાશિત કર્યું છે આકાશને જેણે એવો તે વિજળીની માફક અદૃશ્ય થયો, તેથી પ્રત્યક્ષ પ્રમાણ હોય ત્યાં બીજા પ્રમાણની કલ્પના શા માટે કરવી? આથી હે મહારાજ! પિતામહના વચનને યાદ કરી 'પરલોક છે' એમ માન્ય કર.

રાજા પણ કહે છે કે– હે મંત્રીશ્વર? જે તેં પિતામહનું વચન યાદ કરાવ્યું, તે સારું કર્યું. હવે હું ધર્મ અને અધર્મના કારણભૂત પરલોકને માનું છું.

હવે અજ્ઞાનરૂપી અંધકારના સમૂહને દૂર કરવામાં સૂર્ય સમાન તે મંત્રીશ્વર સમય મેળવીને આનંદપૂર્વક કહેવા લાગ્યો.

હે નરેશ્વર! પહેલા તારા વંશમાં કુરુચંદ્ર નામે રાજા થયો તેને કુરુમતી નામે સ્ત્રી અને હરિચન્દ્ર નામે

પુત્ર હતો, તે રાજા બુદ્ધનો ભક્ત હતો, મહારંભ અને પરિગ્રહમાં હંમેશાં આસક્ત હતો, જે યમરાજાની જેમ હંમેશાં જીવહિંસા આદિ નિંદનીય અનાર્ય કાર્યોમાં નિર્દય થયો. પાંચ ઇંદ્રિયોના વિષય સુખોને એકાંતે ભોગવતા, ધર્મવિમુખ એવા તેને અંતિમ સમયે નજીક આવેલી નરકના દુઃખની વાનકી સરખો સાત ધાતુનો પ્રકોપ થયો. જેથી તેને સુકુમાળ શય્યા પણ કંટકશય્યાની જેમ દુઃખદાયક થતી હતી, સ્વાદિષ્ટ સુરસ અશનાદિક પણ લીંબડાના રસની જેમ વિરસ થતા હતા. ચંદન, અગરુ, કપૂર, કસ્તૂરી આદિ સુગંધી પદાર્થો પણ દુર્ગંધ સરખા થતા હતા. ભાર્યા, પુત્ર, મિત્ર આદિ પરિવારના લોકો શત્રુની જેમ ચક્ષુને ઉદ્વેગ કરનારા થયા. અથવા તો પુણ્યનો ક્ષય થાય ત્યારે સર્વ વિપરીતપણું થાય છે.

તે વખતે કુરુમતી અને હરિચંદ્ર તે રાજાને એકાંતમાં આનંદ આપનાર અશુભ પદાર્થોના ઉપચારો કરવાપૂર્વક પ્રતિજાગરણ કરતા હતા. કાસ–શ્વાસ–શૂલ–જ્વર આદિ વ્યાધિઓથી પીડાયેલો દરેક અંગે અંગારાઓ વડે ચુંબન કરાતો હોય તેમ દાહથી વ્યાકુલ થયેલો રૌદ્રધ્યાનમાં તત્પર એવો તે રાજા મરણ પામ્યો.

તે પછી તેનો પુત્ર હરિચંદ્ર તેની મરણક્રિયા કરીને સદાચારના માર્ગમાં આસક્ત ન્યાયપૂર્વક રાજ્ય પાળવા લાગ્યો. તે રાજા આ લોકમાં પણ પાપના ફળરૂપ પોતાના પિતાનું અત્યંત દુઃખના કારણરૂપ મરણ જોઈને ગ્રહોમાં

સૂર્યની જેમ ચાર પુરુષાર્થોમાં ધર્મની જ પ્રશંસા કરતો હતો.

એક વખત તેણે પોતાના બાળમિત્ર શ્રાવક સુબુદ્ધિ નામના મંત્રીશ્વરને કહ્યું કે– 'તમારે હંમેશાં ધર્મ-શાસ્ત્રનાં વિદ્વાનો પાસેથી ધર્મ સાંભળીને મને કહેવો.' આ પ્રમાણે સાંભળીને સુબુદ્ધિ મંત્રી હંમેશાં પોતાની બુદ્ધિ પ્રમાણે રાજાની આગળ જિનેશ્વરે કહેલ ધર્મ કહેવા માટે તત્પર થયો, કારણકે અનુકૂળમાં પ્રવૃત્તિ કરવી તે સજ્જનોને ઉત્સાહનું કારણ થાય. આ પ્રમાણે સુબુદ્ધિએ કહેલા ધર્મને સાંભળતો, રોગથી ભય પામેલો જેમ ઔષધની શ્રદ્ધા કરે તેમ પાપથી ભય પામેલો તે, તે ધર્મની શ્રદ્ધા કરતો હતો.

એક વખત નગરની બહાર ઉદ્યાનમાં શીલંધરમુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી, તેનો મહોત્સવ કરવા દેવો આવ્યા. સુબુદ્ધિમંત્રીએ એ વૃત્તાંત કહેવાથી શ્રદ્ધાથી તરંગિત મનવાળો તે રાજા અશ્વ ઉપર ચઢી તે મુનીશ્વર પાસે આવ્યો. તે મુનિને પ્રણામ કરી રાજા બેઠો. પછી તે કેવળજ્ઞાની મહામુનિએ અજ્ઞાનરૂપ અંધકારને હરણ કરનારી ધર્મદેશના કરી. દેશનાને અંતે તે રાજાએ બે હાથ જોડી તે મુનિવરને પૂછયું કે–હે ભગવંત! મારા પિતા મરીને કઈ ગતિ પામ્યા? હવે તે કેવલી ભગવંતે કહ્યું કે– હે મહારાજ! તારા પિતા તીવ્ર પાપના ઉદયે અંતે ઘણું દુઃખ અનુભવીને સાતમી નરકપૃથ્વીમાં ગયા, તેવા

પ્રકારના મહાભયંકર કર્મ કરનારાને બીજું સ્થાન હોતું નથી.

તે સાંભળી સંવેગ પામી તે રાજા મુનીંદ્રને પ્રણામ કરી, ઉઠીને નગરમાં આવ્યો. પુત્રને રાજ્ય આપીને સુબુદ્ધિમંત્રીને કહ્યું કે—હે મંત્રીશ્વર! હું દીક્ષા ગ્રહણ કરીશ, તમે મારી જેમ મારા પુત્રને પણ જિનેશ્વરના ધર્મનો હંમેશાં ઉપદેશ આપશો.

તે મંત્રીએ પણ કહ્યું કે—હે નરેન્દ્ર! હું પણ તમારી સાથે દીક્ષા ગ્રહણ કરીશ. મારો પુત્ર તમારા પુત્રની આગળ ધર્મ કહેશે. તે પછી તે રાજા અને મંત્રીએ કર્મ-રૂપી પર્વતને ભેદવામાં વજ્રસમાન મહાવ્રતને ગ્રહણ કર્યા. અતિનિર્મળ વિશુદ્ધિપૂર્વક ઉગ્ર તપવડે ક્લિષ્ટ કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામીને મોક્ષ પામ્યા.

## દંડકરાજાનો વૃત્તાંત

વળી તમારા વંશમાં પહેલાં પ્રચંડ શાસનવાળો દંડક નામે રાજા થયો હતો. તેનો પુત્ર મણિમાલી નામે જગત્‌માં પ્રસિદ્ધ થયો. તે રાજા પુત્ર, મિત્ર અને સ્ત્રીઓમાં, તેમજ સુવર્ણ, મણિ, રત્ન અને રૂપા વગેરે ધનમાં અત્યંત મૂર્ચ્છાવાળો હતો. કાળક્રમે આર્તધ્યાનમાં તત્પર તે રાજા મરણ પામીને પોતાના ભંડારમાં અજગરપણે ઉત્પન્ન થયો. ત્યાં રહેલો તે ભયંકર સ્વરૂપવાળો સર્વભક્ષી હુતાશનની માફક પ્રદીપ્ત થયેલો, જે જે ભંડારમાં પ્રવેશ કરે છે, તેને તે ખાઈ જાય છે. એક વખત ભંડારમાં

પ્રવેશ કરતા પોતાના પુત્ર મણિમાલીને પૂર્વજન્મ સંબંધી જાતિસ્મરણથી 'આ મારો પુત્ર છે' તેમ ઓળખ્યો, પ્રશાંત આકૃતિને બતાવતો તે અજગર સ્નેહપૂર્વક સાક્ષાત પૂર્વજન્મના પોતાના બંધુની જેવો આ કોઈ છે, એમ મણિમાલીએ જાણ્યું. તે પછી મણિમાલીરાજાએ કોઈ અવધિજ્ઞાનથી સંપન્ન મહામુનિવરની પાસેથી તેને પોતાના પિતા તરીકે જાણીને, તેની આગળ બેસીને જિનેંદ્રભાષિત ધર્મ કહ્યો, તે પછી તે અજગર અરિહંતના ધર્મને પામીને અનશન સ્વીકારીને શુભધ્યાનમાં તત્પર મરીને દેવલોક પામ્યો. પુત્રના સ્નેહથી સ્વર્ગમાંથી આવીને તે દેવે દિવ્ય મુક્તાફળથી મંડિત હાર આપ્યો, તે હાર આજે પણ તમારા હૃદય ઉપર છે.

હરિચંદ્રના વંશમાં તમે, અને સુબુદ્ધિ મંત્રિના વંશમાં હું થયો. તેથી ક્રમાગત સ્નેહભાવથી ધર્મમાં તમને પ્રવર્તન કરાવું છું. વળી જે અકાળે વિજ્ઞપ્તિ કરૂં છું. તેનું કારણ સાંભળો.

## સ્વયંબુદ્ધિનું અકાળે ઉપદેશનું કારણ

જે કારણથી આજે નંદનવનમાં જગતના ભાવને પ્રકાશનારા, મહામોહરૂપી અંધકારને છેદનારા, એકત્ર મળેલા સૂર્ય-ચંદ્ર જેવા બે ચારણમુનિઓને મેં જોયા. જ્ઞાનાતિશયથી શોભતા, ભવ્યજીવોને દેશના કરતા તે બંને મુનિવરોને અવસરે મેં તમારા આયુષ્યનું પ્રમાણ પૂછ્યું. તેઓએ તમારું આયુષ્ય ફક્ત એક માસનું કહ્યું. આ

કારણથી હે મહારાજા! ધર્મ માટે આપને ઉતાવળ કરાવું છું.

મહાબળરાજા પોતાનું અલ્પ આયુષ્ય સાંભળીને કહે છે કે—હે બુદ્ધિના ભંડાર સ્વયંબુદ્ધ! તું જ મારો એક બંધુ છે, કે જેથી મારા કાર્ય માટે આ પ્રમાણે ચિંતા કરે છે. વિષયાસક્ત અને મોહનિદ્રાથી નિદ્રાળું એવા મને શિખામણ આપે છે. હું શું આરાધના કરૂં? અલ્પ આયુષ્ય હોવાથી હમણાં મારાથી કેટલો ધર્મ સાધી શકાય? 'એકદમ અગ્નિ લાગ્યો હોય ત્યારે કૂવો ખોદવો એ કેવા પ્રકારનું?'

સ્વયંબુદ્ધ આ પ્રમાણે કહે છે કે–ખેદ ન કરો, ધીરતા ધારણ કરો, પરલોકમાં એક મિત્ર સમાન યતિ-ધર્મને અંગીકાર કરો.

**एगदिवस पि जीवो, पव्वज्जमुवागओ अणण्णमणो ।**
**जइवि न पावइ मोक्खं, अवस्सं वेमाणिओ होइ ॥२६॥**

"અનન્યચિત્તો એક દિવસ પણ ચારિત્રની આરાધના કરનાર જીવ જો મોક્ષ ન પામે તો અવશ્ય વૈમાનિક થાય છે." ૨૬

## મહાબળરાજાની દીક્ષા અને અનશન

'સારૂં' એ પ્રમાણે કહીને પોતાના પુત્રને પોતાના રાજ્ય ઉપર સ્થાપીને મહાબળ રાજાએ દીન–અનાથ લોકોને તેવા પ્રકારનું દાન આપ્યું કે જેથી કોઈ ધનરહિત ન-

હતો. બીજા ઇંદ્રની જેમ સર્વ ચૈત્યોમાં વિચિત્ર વસ્ત્ર માણિક્ય-સુવર્ણ અને પુષ્પો વડે પૂજા અષ્ટાહ્નિકા મહોત્સવ-પૂર્વક કરી. તે પછી સ્વજન અને પરિવારને ખમાવી આચાર્યના ચરણકમળમાં મોક્ષલક્ષ્મીની સખી સમાન પ્રવ્રજ્યાને ગ્રહણ કરે છે, વિશુદ્ધિમાં વર્તતું છે મન જેનું એવો તે સર્વ સાવદ્યની વિરતિની સાથે જ ચારે ય પ્રકારના આહારનું પચ્ચકખાણ કરે છે. તે પછી નિરંતર સમાધિરૂપી અમૃતના સરોવરમાં મગ્ન થયેલો ભોજ્યને ખાતો હોય તેમ, પેયને પીતો હોય તેમ અક્ષીણ દેહના તેજવાળો, મહાસત્ત્વમાં શિરોમણિ, જરા પણ ગ્લાનિ ન પામ્યા.

આ પ્રમાણે ઉત્તમ સમાધિવાળા, પંચ પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરતા, બાવીશ દિવસ સુધી અનશન કરીને ઇશાન દેવલોકમાં શ્રીપ્રભ નામના વિમાનમાં શય્યા સંપુટમાં મેઘની અંદર વિદ્યુત્પુંજની જેમ ઉત્પન્ન થયો.

## પાંચમો ભવ

## લલિતાંગ દેવ અને તેની સમૃદ્ધિ

दिव्वागिई सुसंठाणो, सत्तधाउज्झिअंगओ ।
सिरीससुउमालंगो, कंतिकंतदिगंतरो ॥ २७ ॥

वज्जकाओ महोसाहो, पुण्णलक्खणलक्खिओ ।
कामरूवो ओहिनाणी, सव्वविन्नाणपारगो ॥ २८ ॥

"દિવ્ય આકૃતિવાળો, ઉત્તમ સંસ્થાનવાળો, સાત ધાતુથી રહિત શરીરવાળો, "શિરીષ પુષ્પ સમાન સુકુમાળ અંગવાળો, કાંતિથી દિશાઓના આંતરાને વ્યાપ્ત કરનાર, વજ્ર સમાન કાયાવાળો, મોટા ઉત્સાહવાળો, પવિત્ર લક્ષણોથી લક્ષિત, ઇચ્છા મુજબ રૂપ બનાવી શકે એવો, અવધિજ્ઞાની અને સર્વ વિજ્ઞાનમાં પારંગત (દેવ) હોય છે." ૨૭–૨૮

અણિમા આદિ ગુણોથી યુક્ત, નિર્દોષ, અચિંત્ય વૈભવવાળો, એવો તે 'લલિતાંગ' એ પ્રમાણે યથાર્થ નામ વડે પ્રસિદ્ધ થયો, કારણ કે બંને પગમાં રત્નનાં કડાં, કેડ ઉપર કંદોરો, બે હાથમાં બે કંકણ, ભૂજાઓમાં બાજુબંધ, વક્ષસ્થળમાં હાર, કંઠમાં ગ્રૈવેયક (ગળાનું આભરણ) મસ્તક ઉપર માળા અને મુકુટ, ઇત્યાદિ આભૂષણોનો સમૂહ અને દિવ્ય વસ્ત્રો તેનાં સર્વ અંગના ભૂષણ યૌવનની સાથે જ ઉત્પન્ન થાય છે.

મંગળ પાઠકો 'જય જય જગદાનંદ' એ પ્રમાણે બોલવા લાગ્યા.

હવે તે સૂઈને ઉઠ્યો હોય તેમ ચારે તરફ જોતો વિચારે છે કે–શું આ ઇંદ્રજાળ છે? સ્વપ્ન છે? માયા છે? આ કઈ જાતનું છે? આ પ્રમાણે ગીત–નૃત્યો મને ઉદ્દેશીને કેમ પ્રવર્તે છે? આ વિનયવાળો લોકસ્વામી એવા મારા માટે કેમ ઊભો છે? આ ઐશ્વર્યવાળા મનોહર કલ્યાણ સદનને કયા કર્મ વડે મેં મેળવ્યું?

આ પ્રમાણે વિચાર કરતા તેને સુકોમળ વાણી વડે બે હાથ જોડી પ્રતિહાર વિજ્ઞપ્તિ કરે છે કે—હે નાથ! આજે અમે ધન્ય અને કૃતપુણ્ય છીએ, જેથી સ્વામી એવા તમારા વડે અમે સનાથ થયા. નમ્ર એવા અમારા ઉપર અમૃત સમાન દૃષ્ટિ વડે પ્રસાદ કરો. હે સ્વામિન્! આ ઈશાન દેવલોક ઇચ્છા મુજબ આપનારો, ક્ષય ન પામે એવી ઘણી લક્ષ્મીવાળો, હંમેશાં સુખનું નિધાન છે. આ દેવલોકમાં ઘણા પુણ્યથી તમારા વડે ઉપાર્જન કરાયેલા આ શ્રીપ્રભ નામના વિમાનને હમણાં તમે સારી રીતે શોભાવો છો. અમે તમારી સભાના મંડનરૂપ સામાનિક દેવો છીએ. આ ત્રાયસ્ત્રિંશક દેવો ગુરુ સ્થાને રહેલા છે. આ પર્ષદાના દેવો લીલા વિલાસની ગોષ્ઠીમાં વિનોદ આપનારા છે, આ બખ્તરધારી દેવો વિવિધ શસ્ત્રને ધારણ કરનાર, સ્વામિની રક્ષા કરવામાં ચતુર આત્મ રક્ષક છે, આ લોકપાળો નગરની રક્ષાના અધિકારી છે, આ સેનાપતિઓ સૈન્યમાં ધુરંધર છે. આ પ્રકીર્ણક દેવો નગરજન અને દેશના લોક સરખા છે. આ સર્વ દેવો તમારી આજ્ઞાને મસ્તકે ધારણ કરશે. મનને પ્રસન્ન કરનાર રત્ન નિર્મિત પ્રસાદો છે, આ સુવર્ણ કમળના સમૂહવાળી રત્નમય વાપિકાઓ છે. ક્રીડા પર્વતો રત્ન અને સુવર્ણના શિખરવાળા છે, આ સ્વચ્છ પાણીવાળી ક્રીડા નદીઓ છે. આ ક્રીડા ઉદ્યાનો હંમેશાં પુષ્પ–ફળવાળા છે. આ સભાગૃહ સુવર્ણ અને માણિક્યથી નિર્મિત છે. આ સર્વ તમારા ચિત્તને આનંદ પમાડશે. આ ચામર–

આરીસા અને પંખા છે હાથમાં જેને એવી વારાંગનાઓ હંમેશાં તમારી સેવા કરશે. આ ગંધર્વવર્ગ ચાર પ્રકારના વાજિંત્રોને વગાડવામાં ચતુર એવો તમારી આગળ સંગીત કરવા માટે તૈયાર થઈને ઊભો છે.

તે પછી તે અવધિજ્ઞાન વડે પૂર્વજન્મને યાદ કરે છે કે—ધર્મમિત્ર સ્વયંબુદ્ધ મંત્રિએ મને જિનેશ્વરનો ધર્મ બોધ પમાડ્યો તે હું વિદ્યાધરપતિ છું. તે વખતે મેં ચારિત્ર અંગીકાર કરીને તે વખતે જ અનશન કર્યું. તેથી હું આ સંયમની આરાધનાનું ફળ પામ્યો છું, અહો! ધર્મનો વૈભવ કેવો છે? એ પ્રમાણે સ્મરણ કરીને શય્યામાંથી ઉઠીને સિંહાસનને શોભાવે છે.

## લલિતાંગદેવનું જિનપ્રતિમા અને દાઢાનું પૂજવું

તે પછી દેવોએ તેનો રાજ્યાભિષેક કર્યો. ચામરોથી વિંઝાયેલો, ગંધર્વોવડે સ્તુતિ કરાયેલો તે ઉઠીને ભક્તિ-પૂર્ણ ચિત્તવાળો શાશ્વત જિન–ચૈત્યમાં જઈને જિન-પ્રતિમાઓની પૂજા કરે છે. દેવો ગીતમંગળ કરતે છતે તે વિવિધ સ્તોત્રો વડે જિનેશ્વરની સ્તુતિ કરે છે, તે પછી જ્ઞાનદીપક એવા પુસ્તકોને વાંચે છે તે પછી માણવક સ્તંભમાં રહેલી જિનેશ્વરોની દાઢાઓને પૂજે છે.

## સ્વયંપ્રભા દેવી

હવે પૂર્ણચંદ્ર સરખા દિવ્ય છત્ર વડે શોભતો તે ક્રીડાગૃહમાં ગયો. ત્યાં હજારો અપ્સરાઓના સમૂહ વડે ચારે તરફથી પરિવરેલી સ્વયંપ્રભા દેવીને જુએ છે. અતિ-

શય સ્નેહથી યુક્ત, કર્યું છે અભ્યુત્થાન જેણે એવી તેની સાથે યૌવનવયને ઉચિત વિવિધ વિષય-ભોગોને ભોગવતો નિરંતર સ્નેહવાળો તે ઘણો કાળ પસાર કરે છે. આયુષ્ય કર્મના ક્ષણભંગુરપણા વડે તે સ્વયંપ્રભા દેવી વૃક્ષ ઉપરથી પાંદડું પડે તેમ સ્વર્ગમાંથી ચ્યવન પામી. તેથી વજ્રથી તાડિત થયો હોય તેમ તે લલિતાંગ દેવ પ્રિયાના ચ્યવનના દુઃખ વડે મૂર્ચ્છા પામ્યો. ફરીથી ચૈતન્ય પામી પ્રતિશબ્દ વડે શ્રીપ્રભ વિમાનને વિલાપ કરાવતો વારંવાર વિલાપ કરવા લાગ્યો. ઉપવનમાં, વાપીમાં, ક્રીડાશૈલ ઉપર, અને નંદનવનમાં કોઈ ઠેકાણે આનંદ પામતો નથી. હા પ્રિયે! હા પ્રિયે! તું ક્યાં છે? તું ક્યાં છે? એ પ્રમાણે વિલાપ કરતો તે આ જગતને સ્વયંપ્રભામય જોતો ચારે તરફ ફરવા લાગ્યો.

### સ્વયંબુદ્ધ ઈશાનકલ્પમાં દૃઢધર્મ નામે દેવ થયો

આ તરફ તે સ્વયંબુદ્ધ મંત્રી સ્વામીના મરણથી ઉત્પન્ન થયેલા વૈરાગ્યને પામેલો શ્રી સિદ્ધાચાર્યની પાસે દીક્ષા ગ્રહણ કરી દીર્ઘકાળ પર્યંત સંયમનું પાલન કરીને ઈશાન દેવલોકમાં દૃઢધર્મ નામે ઇંદ્રનો સામાનિક દેવ થયો. તે પૂર્વભવના સંબંધથી-સ્નેહથી વ્યાપ્ત એવા બંધુની માફક તે લલિતાંગ દેવને આશ્વાસન આપવા માટે આ વચન બોલે છે-હે મહાસત્ત્વશાળી! સ્ત્રીમાત્રના નિમિત્તે કેમ મોહ પામે છે? 'ધીર પુરુષો પ્રાણાંતે પણ આવી અવસ્થા પામતા નથી.'

લલિતાંગ પણ કહે છે કે—હે બંધુ! શું કહું? કારણ કે પ્રિયાનો વિરહ અતિ દુસ્સહ છે. તે પ્રાણાંતે સુસહ થાય, સંસારમાં એક સ્ત્રી જ ખરેખર સાર છે. તેના વિના ખરેખર આવી સર્વ સંપત્તિઓ પણ અસાર ગણાય છે.

એનું વચન સાંભળીને તેના દુઃખવડે દુઃખિત થયેલો તે ઇંદ્રનો સામાનિક દેવ દઢધર્મ પણ અવધિજ્ઞાન વડે ઉપયોગ આપીને એનું સ્વરૂપ જાણીને કહે છે કે—હે મહાભાગ! તું ખેદ ન કર. હમણાં સ્વસ્થ થા. મારા વડે તપાસ કરતાં તારી પ્રાણપ્રિયા મેળવાઈ છે. સાંભળ :—

## નિર્નામિકા

પૃથ્વીતળમાં ધાતકી ખંડના પૂર્વવિદેહમાં નાગિલ નામે દરિદ્ર ગૃહપતિ છે, ગાઢ પાપોદયથી ઉદરપૂર્તિ માટે નગરમાં પ્રેતની જેમ હંમેશાં ભ્રમણ કરતો, કાંઈપણ ન મેળવતો, ભૂખ્યો–તરસ્યો સૂવે છે, અને તેવો જ ઉઠે છે, દારિદ્રયની ભૂખ જેવી તેની સ્ત્રી દુર્ભાગ્ય શિરોમણિ નાગશ્રી નામે છે. તેને ઉપરાઉપરી છ કન્યાઓ થઈ. તેઓ સ્વભાવથી ઘણું ખાનારી, કુરૂપ અને સર્વની નિંદાનું પાત્ર થઈ. અનુક્રમે ફરીથી પણ તેની સ્ત્રી ગર્ભવતી થઈ. 'પ્રાયઃ કરીને દરિદ્રની સ્ત્રીઓ જલદી ગર્ભવતી થાય છે.' તે વખતે તે વિચારે છે કે—આ કયા કર્મનું ફળ છે? જે કારણથી હું મનુષ્યલોકમાં પણ નરકની પીડાને પામું છું. આ

જન્મસિદ્ધ, ચિકિત્સા ન કરી શકાય એવા ઘણા દારિદ્રયના દુઃખવડે હું પીડા પામ્યો છું. આ સાક્ષાત્ દારિદ્રયની મૂર્તિ જેવી, પૂર્વ જન્મની વૈરણિ જેવી આ કન્યાઓથી હું ઘણો પીડાયો છું. જો હવે મારી સ્ત્રી ફરીથી પુત્રીને જન્મ આપશે તો આ કુટુંબનો ત્યાગ કરીને હું પરદેશ ચાલ્યો જઈશ. આ પ્રમાણે ચિંતા પામેલા તેની સ્ત્રીએ કાનમાં સોયના પ્રવેશ સરખી પુત્રીના જન્મને સાંભળ્યો. હવે તે નાગિલ ઉર્ધ્વમુખવાળો અધમ બળદીયો જેમ ભાર ફેંકી દે, તેમ કુટુંબનો ત્યાગ કરીને વિદેશમાં ગયો. તે વખતે તેણીને પ્રસવજન્ય દુઃખમાં પતિના ચાલી જવાની પીડા વ્રણમાં ક્ષાર નાખવાની જેમ તત્કાળ થઈ; તેથી નાગશ્રીએ તે પુત્રીનું નામ પણ ન કર્યું. તેથી લોકો વડે તેનું નામ 'આ નિર્નામિકા છે' એ પ્રમાણે કહેવાયું.

તે નાગશ્રી તેને સારી રીતે પાળતી નથી તોપણ તે નિર્નામિકા વધવા લાગી; કારણકે વજ્રથી હણાયા છતાં પણ આયુષ્ય ક્ષીણ ન થાય તો મૃત્યુ ન થાય. માતાને પણ ઉદ્વેગ કરનારી, અત્યંત દુર્ભાગ્યવાળી તે બીજાના ઘરમાં હલકાં કામ કરતી સમય પસાર કરે છે.

એક વખત કોઈ ઉત્સવ પ્રસંગે ધનાઢયના બાળકોના હાથમાં મોદક જોઈને તે પણ પોતાની માતા પાસે મોદક માગે છે. દાંત વડે દાંતને ઘસતી માતા કહે છે; તે બરાબર છે કે તું મોદક માગે છે, તારો પિતા પણ મોદક ખાનારો જ છે, જો તું લાડું ખાવાને ઇચ્છે છે, તો હે પુત્રી!

દોરડું લઈને કાષ્ઠનો ભારો લાવવા માટે અંબરતિલક પર્વત ઉપર જા.

તે નિર્નામિકા અગ્નિના તણખા જેવી માતાની વાણી વડે બળતી, રોતી રોતી દોરડું લઈને પર્વત તરફ ગઈ.

**યુગંધરમુનિને કેવળજ્ઞાન અને તેમનો ઉપદેશ**

તે વખતે ત્યાં પર્વતના શિખર પર એકરાત્રિકી પ્રતિમાને ધારણ કરનાર યુગંધર મહામુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. હવે ત્યાં નજીક રહેલા દેવતાઓએ તે મુનિરાજના કેવળજ્ઞાન મહોત્સવનો પ્રારંભ કર્યો. પર્વતની નજીક રહેલા નગરવાસી લોકો 'હું પહેલો, હું પહેલો, એમ સરસાઈ કરવાપૂર્વક ત્યાં તે મહામુનિને વાંદવા નીકળ્યા. જુદા જુદા પ્રકારના વસ્ત્ર અને આભૂષણથી ભૂષિત, મુનિરાજને વંદન કરવા જતા લોકને જોઈને અતિવિસ્મયથી તે નિર્નામિકા ક્ષણવાર ચિત્રમાં આલેખાયેલી હોય તેમ ઊભી રહી. તે પછી તે પરંપરાએ લોકોના આગમનનું કારણ જાણીને દુઃખના ભારની જેમ કાષ્ઠના ભારને તજી દઈને લોકોની સાથે ચાલતી નિર્નામિકા તે પર્વત ઉપર ચઢી. કારણકે 'તીર્થો સર્વને સાધારણ હોય છે.' તે મહામુનીશ્વરના ચરણોને કલ્પવૃક્ષની જેમ માનતી આનંદપૂર્વક વાંદે છે. 'મતિ ખરેખર ગતિને અનુસારી હોય છે.'

હવે જગતના જીવોનું હિત કરનારા તે મુનિવર લોકને મેઘની જેમ આનંદ પમાડતા ગંભીર વાણી વડે ધર્મદેશના કરે છે.

કાચા સૂત્રથી બાંધેલા પલંગ ઉપર ચઢવા સમાન વિષયસેવન સંસારભૂમિમાં પડવા માટે થાય છે. સર્વ પ્રાણીઓને પુત્ર–મિત્ર–સ્ત્રી આદિ પરિવારનો સંયોગ એક ગામમાં સાથે રહેનારા સૂતેલા મુસાફર લોક જેવો છે. ચોરાશી લાખ યોનિ વડે ગહન ભયંકર સંસારમાં ભ્રમણ કરતા જીવોને અનંતીવાર પોતાના કર્મના પરિણામથી ઉત્પન્ન થયેલ દુઃખનો સમૂહ પ્રાપ્ત થયો છે, લોકમાં વાળના અગ્રભાગ સરખું પણ તેવું કોઈ સ્થાન નથી કે જ્યાં જીવો અનેકવાર દુઃખની પરંપરા પામ્યા ન હોય.

આ પ્રમાણે સાંભળીને નિર્નામિકા બે હાથ જોડીને ભગવંતને કહે છે કે–તમે રાજા–રંક, સુખી–દુઃખી, ધનવાન અને નિર્ધનને વિષે સમાન ભાવવાળા છો, આથી આપને વિનંતિ કરું છું કે–આપ પૂજ્યે આ સંસારને દુઃખોની ખાણરૂપે કહ્યો, તો આ લોકમાં મારાથી પણ વધારે દુઃખી શું કોઈ છે?

કેવલી કહે છે કે–પોતાને દુઃખી માનનારી હે ભદ્રે! નારક અને તિર્યંચ ગતિમાં રહેલા જીવોના દુઃખની આગળ તારું દુઃખ શું છે? બીજા જીવોના દુઃખને સાંભળ!

પ્રાણીઓ પોતાના કર્મના પરિણામે નરકભૂમિમાં ઉત્પન્ન થાય છે. ત્યાં જીવો છેદન–ભેદન આદિ વેદનાને સહન કરે છે, પરમાધામી દેવો તેને યંત્રો વડે તલને પીલે તેમ પીલે છે. કેટલાકને લાકડાને ફાડે તેમ કરવત વડે ફાડે છે. કેટલાકને શૂળની શય્યામાં સુવડાવે છે. કેટ-

લાકને શિલાતળ ઉપર વસ્ત્રની જેમ અફળાવે છે, કેટલાકને લોહપાત્રની જેમ મુદ્ગર વડે ફૂટે છે, કેટલાકના ટૂકડે ટૂકડા કરે છે. આ પ્રમાણે તે નરકના જીવો કરુણસ્વરે આક્રંદ કરતાં ફરીથી મળી ગયાં છે અંગ જેના એવા તે જીવોને ફરી ફરી તે જ દુઃખનો અનુભવ કરાવે છે. તરસ્યા થયેલા તેઓને તપાવેલું સીસું પીવડાવે છે, છાયાની ઇચ્છાવાળા તેઓને અસિપત્ર વૃક્ષની નીચે બેસાડે છે, આ પ્રમાણે નરકમાં નારકીના જીવોને પૂર્વે કરેલા કર્મને યાદ કરાવતા એક મુહૂર્તમાત્ર પણ વેદના વિના રહેવા દેતા નથી. હે વત્સે ! નરકમાં રહેલા જીવોને જે દુઃખ છે, તે સાંભળતાં પણ બીજા જીવોને દુઃખ માટે થાય છે.

તિર્યંચગતિમાં પણ જળચર, સ્થલચર અને ખેચર-જીવો પોતાના કર્મથી ઉત્પન્ન થયેલ દુઃખને અનુભવતા પ્રત્યક્ષ જોવાય છે, ત્યાં જળચર જીવો મત્સ્યગલાગલ ન્યાયે પરસ્પર–એક બીજાને ખાતાં માછીમાર વડે ગ્રહણ કરાય છે, બગલા વગેરે પક્ષીઓ વડે ગળી જવાય છે, આ પ્રમાણે કેટલાક ખીલે બંધાય છે, કેટલાક ભૂંજાય છે, ખાવાની ઈચ્છાવાળા વડે કેટલાક રંધાય છે. આ પ્રમાણે સ્થળચર એવા મૃગ આદિ પ્રાણીઓ માંસાહારી સિંહ વાઘ આદિ ક્રૂર પ્રાણીઓ વડે ખવાય છે, શિકારમાં આસક્ત માંસાર્થીઓવડે જાળવડે, અપરાધ વિના પણ તેઓ મરાય છે. ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ–આદિ તથા અતિભાર આરોપણ આદિ વડે તેમજ ચાબૂક, અંકુશ

અને પરોણા આદિ વડે તે જીવો અત્યંત વેદના સહન કરે છે.

તેતર, પોપટ, પારેવા (કબૂતર), ચકલાં આદિ પક્ષીઓ બાજ, સીંચાણા અને ગીધ વગેરે માંસમાં લુબ્ધ એવા તેઓ વડે ગ્રહણ કરાય છે, માંસમાં આસક્ત એવા શાકુનિકો (= પક્ષીને પકડનાર) વડે જુદા જુદા ઉપાયના પ્રપંચવડે જુદા જુદા પ્રકારની વિડંબના વડે હણાય છે, આ પ્રમાણે તિર્યંચોને જળ આદિ, શસ્ત્ર આદિથી ઉત્પન્ન થયેલો ભય ચારે તરફથી પોત–પોતાના કર્મબંધના કારણભૂત થાય છે.

મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ કેટલાક મનુષ્યો જન્મથી આંધળા, બહેરા, પાંગળા, અને કોઢ રોગવાળા થાય છે. ચોરી, પરદારાગમન, વધ અને બંધમાં આસક્ત કેટલાક મનુષ્યો નારકજીવોની માફક નવ–નવા નિગ્રહ વડે કરાય છે, કેટલાક મનુષ્યો નિરંતર વિવિધ વ્યાધિ વડે પીડા પામતા, પારકાના મુખને જોતા, પુત્રોવડે પણ ઉપેક્ષા કરાય છે, મૂલ્યથી ખરીદાયેલા ખચ્ચરની માફક કેટલાક તાડન કરાય છે. બીજા કેટલાક અતિભારને વહન કરાવાય છે, અને પિપાસા આદિ દુઃખોનો અનુભવ કરાવાય છે.

પરસ્પરના પરાભવથી ક્લેશ પામેલા, સ્વામી–સેવક ભાવથી બંધાયેલા એવા દેવોને પણ નિરંતર દુઃખ જ છે. સ્વભાવથી અતિ ભયંકર અસાર સંસાર સમુદ્રમાં જળજંતુની માફક દુઃખોની કોઈ અવધિ નથી.

ભૂત–પ્રેત આદિથી વ્યાપ્ત સ્થાનમાં મંત્રાક્ષરની જેમ દુઃખના ઘર સમાન સંસારમાં જિનેશ્વરે કહેલ ધર્મ જ સંસારનો નાશ કરવામાં ઉપાયરૂપ છે. 'જીવ હિંસા ક્યારેય કરવી નહિ,' અતિ ભાર વડે હોડી જેમ સમુદ્રમાં ડૂબે, તેમ પ્રાણીઓ હિંસા વડે નરકમાં જાય છે, 'અસત્યનો હંમેશાં ત્યાગ કરવો,' કારણ કે જૂઠ બોલવાથી પ્રાણીઓ સંસારમાં લાંબો કાળ રખડે છે. 'કોઈની વસ્તુ આપ્યા સિવાય લેવી નહિ,' કારણ કે અદત્તાદાનથી કૌવચના ફળના સ્પર્શની જેમ ક્યારેય સુખ મળતું નથી. મૈથુનનો સર્વથા ત્યાગ કરવો' કારણ કે અબ્રહ્મના સેવન વડે ગળામાં પકડીને રંકની જેમ માણસ નરકમાં ફેંકાય છે. 'પરિગ્રહ રાખવો નહિ,' કારણ કે પરિગ્રહના લીધે અતિ ભાર વડે બળદની જેમ આત્મા દુઃખરૂપ કાદવમાં ડૂબે છે. જે આ હિંસા વગેરે પાંચનો દેશથી ત્યાગ કરે, તે ઉત્તરોત્તર કલ્યાણની સંપદાને પામે છે.

## નિર્નામિકાને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ
## અનશન કરી તે લલિતાંગ દેવની સ્વયંપ્રભાદેવી થઈ

હવે તે નિર્નામિકા સંસારના ભયથી ત્રાસ પામી, શુદ્ધ સંવેગને પામી, રાગ–દ્વેષરૂપી કર્મની ગાંઠને ભેદીને મહા મુનિની પાસે સમ્યગ્દર્શન પામે છે. ભાવથી જિનેશ્વરે કહેલા ગૃહસ્થ ધર્મને સ્વીકારે છે, પરલોકના માર્ગમાં ભાતારૂપ પાંચ અણુવ્રત સ્વીકારીને મુનિરાજને પ્રણામ કરીને, લાકડાનો ભારો લઈને કૃતકૃત્ય થઈ હોય તેમ

હર્ષિત મનવાળી પોતાના ઘરે આવે છે. ત્યારથી માંડીને તે યુગંધર મહામુનિની દેશનાને પોતાના નામની જેમ નહિ ભૂલતી, દુર્ભાગ્ય કર્મનો ક્ષય કરવા માટે જુદા જુદા પ્રકારે દુષ્કર તપને તપતી અનુક્રમે યૌવન પામી તોપણ દુર્ભગા એવી તેને કોઈ પરણતું નથી, તેથી ઊંચા પ્રકારના સંવેગવાળી તે પર્વત ઉપર ફરીથી આવેલા યુગંધર મુનિની આગળ હમણાં અનશન ગ્રહણ કરીને રહેલી છે. તેથી તું ત્યાં જા, તેણીને પોતાનું રૂપ બતાવ, જો તે તારા ઉપર રાગવાળી થાય, તો તે તારી પત્ની થાય, કારણ કે અંત-કાળે જેવી મતિ હોય તેવી ગતિ થાય છે.

આ પ્રમાણે મિત્રનું વચન સાંભળીને તેણે તે પ્રમાણે કર્યું.

તે નિર્નામિકા લલિતાંગ દેવ ઉપર રાગવાળી થઈને મરીને પૂર્વની જેમ તેની સ્વયંપ્રભા નામે પ્રિયા થઈ. તે લલિતાંગ દેવ પણ પ્રણયના કોપથી નાસી ગયેલી હોય એવી તેણીને મેળવીને તેણીની સાથે અધિકપણે કામભોગો સેવવા લાગ્યો.

## લલિતાંગદેવનાં ચ્યવનનાં ચિહ્નો

આ પ્રમાણે તેણીની સાથે ક્રીડા કરતાં કેટલોક સમય ગયા પછી તે લલિતાંગદેવે પોતાના ચ્યવનનાં ચિહ્નો જોયાં. તે વખતે તેના રત્નનાં આભૂષણો તેજરહિત થયાં. પુષ્પ-માળાઓ કરમાવા લાગી, અંગ અને વસ્ત્રો મલીન થવા લાગ્યા, કારણ કે ‘સંકટ નજીક આવે ત્યારે લક્ષ્મી પણ

લક્ષ્મીનાથ (વિષ્ણુ)ને છોડી દે છે.' તેને કામભોગોમાં તીવ્ર આસક્તિ થાય છે. તેનો સર્વ પરિવાર પણ શોક વડે વિરસ બોલે છે, 'ભાવિ કાર્ય મુજબ બોલનારાની વાણી નીકળે છે.' મૃત્યુ વખતે કીડીઓ જેમ પાંખ વડે આશ્રિત થાય, તેમ તે અદીન હોવા છતાં દીનતા વડે, નિદ્રારહિત હોવા છતાં નિદ્રા વડે આશ્રિત થયો. તેના શરીરના સંધિબંધનો હૃદયની સાથે તૂટવા લાગ્યા. પવન વડે પણ કંપાયમાન ન થાય તેવા કલ્પવૃક્ષો કંપવા લાગ્યા. રોગરહિત એવા પણ તેને થનારા દુર્ગતિગમનથી ઉત્પન્ન થયેલી વેદનાની શંકા વડે હોય તેમ સર્વ અંગોપાંગની સંધિઓ ભાંગવા લાગી. તેની દષ્ટિ પણ મલિન થઈ. તે વખતે તેનાં અંગો પણ ગર્ભાવાસના નિવાસથી ઉત્પન્ન થનારા દુઃખના આગમનના ભયથી જાણે અત્યંત કંપવા લાગ્યા. તે મનોહર એવા ક્રીડાપર્વત, સરોવર, વાવ અને ઉપવનમાં પણ કોઈ ઠેકાણે આનંદ પામતો ન હતો. તેથી પ્રિયને સ્નેહરહિત જોઈને તે સ્વયંપ્રભાદેવી કહે છે કે–હે પ્રિય! મેં શું અપરાધ કર્યો કે જેથી તમે આ પ્રમાણે શૂન્યચિત્તવાળા દેખાઓ છો?

લલિતાંગ કહે છે–કે હે પ્રિયા! તેં કોઈ અપરાધ કર્યો નથી, પરંતુ મેં જ અપરાધ કર્યો છે, કારણકે પૂર્વ-ભવમાં તપ અલ્પ કર્યો, ધર્મહીન એવો હું ફક્ત કામ-ભોગોમાં જ આસક્ત હતો. પૂર્વભવમાં હું વિદ્યાધરનરેંદ્ર હતો, તે વખતે આયુષ્યના શેષભાગમાં પુણ્યોદયથી પ્રેરણા પામ્યા હોય એવા સ્વયંબુદ્ધિ મંત્રિએ મને પ્રતિબોધ

પમાડી જિનેશ્વરનો ધર્મ પમાડયો, તેથી અંતિમકાળે આરાધેલા ધર્મના પ્રભાવે આ શ્રીપ્રભવિમાનમાં સ્વામીપણે ઉત્પન્ન થયો. હમણાં તે પુણ્ય ક્ષય પામ્યું તેથી અહીંથી હું ચ્યવીશ. આ પ્રમાણે તે કહેતો હતો તે વખતે તેની આગળ દેવેંદ્રે આદેશ કરેલા દૃઢધર્મ નામનો દેવ આવીને તેને આ પ્રમાણે કહે છે—

"આજે ઈશાનેન્દ્ર નંદીશ્વર આદિ દ્વીપોમાં જિનેશ્વરની પ્રતિમાનો પૂજામહોત્સવ કરવા માટે જશે, તેથી તું પણ તેની આજ્ઞાવડે આવ"

આ પ્રમાણે સાંભળીને અહો! મારા પુણ્યોદયથી મારા કાળને ઉચિત સ્વામીની આજ્ઞા છે, એથી હર્ષિત ચિત્તવાળો પ્રિયાની સાથે ચાલ્યો. નંદીશ્વરદ્વીપે જઈને નજીકમાં રહેલા ચ્યવનને ભૂલી જઈને તે પરમહર્ષવડે શાશ્વત પ્રતિમાઓની પૂજા કરે છે. તે પછી શુભભાવનાથી વાસિત ચિત્તવાળો અન્ય તીર્થોમાં જતાં વચ્ચે આયુષ્યપૂર્ણ થવાથી તે ચ્યવ્યો.

## છઠ્ઠો ભવ : વજ્રજંઘ

### લલિતાંગ મરીને વજ્રજંઘ અને સ્વયંપ્રભા શ્રીમતી થયા

ત્યાંથી ચ્યવીને જંબૂદ્વીપમાં પૂર્વવિદેહમાં સમુદ્રની પાસે સીતા મહાનદીના ઉત્તરતટે પુષ્કલાવતી વિજયમાં લોહાર્ગલ મહાપુરમાં સુવર્ણજંઘ રાજાની લક્ષ્મી નામની ભાર્યાને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. પુત્રના જન્મનેથી

આનંદ પામેલા માત-પિતાએ પુત્રનું વજ્રજંઘ એ પ્રમાણે નામ કર્યું.

## શ્રીમતીનો વૃત્તાંત

હવે તે સ્વયંપ્રભા દેવી પ્રિયના વિયોગમાં દુઃખથી પીડા પામી ધર્મકાર્યમાં લીન બની કેટલાક કાળે લલિતાંગની જેમ સ્વર્ગમાંથી ચ્યવીને આજ વિજયમાં પુંડરીકિણી નગરીમાં વજ્રસેન ચક્રવર્તિની ગુણવતી ભાર્યામાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. માતપિતાએ સર્વલોક કરતાં ચઢીયાતી શોભાવાળી હોવાથી તેનું શ્રીમતી એ પ્રમાણે નામ સ્થાપન કર્યું.

તે અનુક્રમે પાંચ ધાવમાતા વડે લાલન કરાતી, સુકુમાળ અંગવાળી, સુંદર હસ્તપલ્લવવાળી, વૃદ્ધિ પામતી સ્નિગ્ધ કાંતિ વડે નભસ્તળને પ્રકાશતી યૌવન પામી.

એક વખત તે સર્વતોભદ્ર નામના પ્રાસાદ ઉપર ક્રીડા વડે ચઢી અગાસીમાં ગઈ. ત્યાં નગરની શોભાને જોતી તેણી મનોરમ ઉદ્યાનમાં સુસ્થિત મહામુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી તેનો મહોત્સવ કરવા માટે આવતા દેવોને જુએ છે. જોઈને પૂર્વે મારા વડે આવું કોઈ ઠેકાણે જોવાયું છે, એ પ્રમાણે વિચારતી, ઉહાપોહ કરતી, રાત્રિના સ્વપ્નની જેમ પૂર્વના જન્માંતરોને જુએ છે. હૃદયમાં પૂર્વભવના જ્ઞાનના ભારને વહન કરવા અસમર્થ હોય તેમ તત્ક્ષણ મૂર્ચ્છા પામી પૃથ્વીતલ ઉપર પડી. સખીઓએ

કરેલા ચંદન આદિ ઉપચારથી ચેતના પામી ઊભી થઈ ચિત્તમાં આ પ્રમાણે વિચારે છે :

મારો પૂર્વભવનો પતિ તે લલિતાંગ સ્વર્ગથી ચ્યવી હમણાં ક્યાં ઉત્પન્ન થયેલ છે ? તે સંબંધી અજ્ઞાન મને પીડે છે, હૃદયમાં તે સંક્રાંત થયેલ હોવાથી મારો બીજો કોઈ પ્રાણનાથ નથી, કારણ કે કપુરના પાત્રમાં લવણ કોણ નાંખે ? તે પ્રાણપ્રિય મને વચનગોચર ન થાય તો બીજાની સાથે આલાપ વડે સર્યું, એમ વિચારીને તેણે મૌન કર્યું.

ત્યારે તેનો સખીવર્ગ ભૂત–પ્રેત આદિ દોષની શંકાથી મંત્ર–તંત્રાદિ ઉપચાર કરવા લાગ્યો. તે સેંકડો ઉપચાર કર્યા છતાં મૌનપણું છોડતી નથી. કોઈ કામ હોય તો પોતાના પરિવારને અક્ષરો લખીને અથવા ભ્રૂકુટી કે હાથની સંજ્ઞાવડે જણાવે છે.

એક વખત તે શ્રીમતી ક્રીડોદ્યાનમાં ક્રીડા કરવા માટે ગઈ. ત્યાં એકાંતમાં સમય મેળવીને તેની પંડિતા નામની ધાવમાતાએ પૂછ્યું કે– હે પુત્રી ! તું મને પ્રાણની જેમ પ્રિય છે. હું પણ તારી માતા જેવી છું, તેથી આપણા બંનેને પરસ્પર અવિશ્વાસનું કારણ નથી. તેથી જે હેતુથી તું મૌનનું આલંબન લે છે, તે મને કહે. મને તારા દુઃખની ભાગીદાર કરીને પોતાને અલ્પદુઃખવાળી તું કર. હું તારૂં દુઃખ જાણીને તેનો પ્રતિકાર કરવા

માટે પ્રયત્ન કરીશ, કારણકે રોગ જાણ્યા વિના ક્યારેય ચિકિત્સા થઈ શકતી નથી.

માતાની જેમ તેનાં વચન સાંભળીને તે પણ પૂર્વ-જન્મ સંબંધી પોતાનું વૃત્તાંત તેની આગળ કહે છે.

ઉપાયમાં કુશળ પંડિતા, શ્રીમતીનું તે વૃત્તાંત પટ ઉપર આલેખીને નગરમાં દેખાડવા ગઈ.

તે વખતે વજ્રસેન ચક્રવર્તિનો જન્મદિવસ હતો. એ સમયે ત્યાં ઘણા રાજાએ આવ્યા હતા. હવે તે પંડિતા તે સુંદર ચિત્રપટ લઈને રાજમાર્ગ ઉપર પાથરીને ઊભી રહી. ત્યાં શાસ્ત્રમાં કુશળ કેટલાક લોકો તે પટ જોઈને સ્વર્ગ–નંદીશ્વર આદિ સ્થાનને આગમના અર્થને મળતું જોઈને વખાણવા લાગ્યા. વળી બીજા મહાશ્રાવકો મસ્તક ધુણાવતા પ્રત્યેક શ્રી અરિહંતોની પ્રતિમાએ વખાણે છે. કેટલાક કલાકુશળ લોકો પ્રતિક્ષણ આંખ ઝીણી કરી પટને જોતાં ચિત્રની રેખાશુદ્ધિની પ્રશંસા કરે છે,

આ વખતે દુર્દાંત એવા યથાર્થનામવાળો દુર્દર્શન રાજાનો પુત્ર ત્યાં આવ્યો. તે ચિત્રપટને ક્ષણવાર જોઈને બુદ્ધિમાન એવો તે ખોટી મૂર્ચ્છાવડે પૃથ્વી ઉપર પડયો. જાણે સંજ્ઞા પામ્યો હોય એમ તે ઊઠયો. લોકોએ મૂર્ચ્છાનું કારણ પૂછવાથી તે કપટનાટક કરી વૃત્તાંત કહે છે કે– મારા પૂર્વભવનું ચરિત્ર કોઈએ અહીં લખ્યું છે. આ ચિત્રપટને જોવાથી મને જાતિસ્મરણ ઉત્પન્ન થયું છે. હું લલિતાંગ છું. આ મારી દેવી

સ્વયંપ્રભા છે, ઇત્યાદિ જે આ પટમાં લખ્યું છે, તે મળતું આવે છે.

હવે પંડિતા તેને પૂછે છે કે– હે ભદ્ર! જો એ પ્રમાણે છે, તો કહે કે પટમાં આ કયો સંનિવેશ છે? તે તું પોતે આંગળી વડે બતાવ.

તે કહે છે કે આ મેરુપર્વત છે, પુંડરિકિણી નગરી છે.

તેણીએ ફરીથી પૂછ્યું કે આ કયા મુનીશ્વર છે?

તે કહે છે કે તેમનું નામ હું ભૂલી ગયો છું.

ફરીથી તે પૂછે છે કે મંત્રી વડે પરિવરેલો આ કયો રાજા છે? આ તપસ્વિની કોણ છે?

તે કહે છે કે હું જાણતો નથી.

તેણીએ જાણ્યું કે આ કોઈ કપટી છે. તેથી તે ઉપહાસપૂર્વક કહે છે કે–હે પુત્ર! આ તારા પૂર્વ ભવના ચરિત્રને મળતું છે. તું લલિતાંગ દેવ છે. તારી પત્ની સ્વયંપ્રભા નંદિ ગ્રામમાં કર્મદોષથી હમણાં પંગુ થયેલી ઉત્પન્ન થઈ છે. જાતિસ્મરણ ઉત્પન્ન થવાથી પોતાનું ચરિત્ર પટમાં આલેખીને તેણીએ આ પટ ધાતકી ખંડમાં ગયેલી મને આપ્યો છે. તે પાંગળીની દયા વડે મેં તને શોધ્યો છે, તેથી આવ, તેની પાસે તને લઈ જાઉં. હે પુત્ર! દીન એવી તે તારા વિયોગ વડે કષ્ટપૂર્વક જીવે છે. તેથી પૂર્વ જન્મની પ્રિયાને આજે આશ્વાસન પમાડ.

આ પ્રમાણે કહીને પંડિતા મૌન રહ્યે છતે તે માયાવી

પોતાના મિત્રો વડે ઉપહાસપૂર્વક કહેવાયો કે, હે મિત્ર! સ્ત્રીરત્ન મળવાથી તારો મોટો પુણ્યોદય છે. તેથી ત્યાં જા, તે પંગૂ પ્રિયા તારે સર્વથા પોષણ કરવા લાયક છે.

તેથી વિલખા થયેલા દીન મુખવાળો તે દુર્દાંત કુમાર ત્યાંથી કેમે કરીને ચાલ્યો ગયો.

હવે લોહાર્ગલ પુરથી તે વજ્રજંઘ પણ તે વખતે ત્યાં આવ્યો હતો. તે ચિત્રપટમાં આલેખેલા પોતાના ચરિત્ર જોઈને મૂર્ચ્છા પામ્યો. પંખાથી વાયુ નાંખવાથી અને પાણી છાંટવાથી તે ઉઠ્યો. જાણે તરત જ સ્વર્ગમાંથી આવ્યો હોય તેમ તે જાતિસ્મરણ જ્ઞાનવાળો થયો.

તે વખતે પંડિતાએ પૂછ્યું કે—હે કુમાર! આ ચિત્રપટ જોઈને તું કેમ મૂર્ચ્છા પામ્યો?

આ પ્રમાણે પૂછવાથી વજ્રજંઘ કહે છે કે–હે ભદ્ર! આમાં પ્રિયા સહિત મારા પૂર્વભવનું ચરિત્ર આલેખેલું છે. તે જોઈને હું મૂર્ચ્છા પામ્યો. ચિત્રપટમાં આ જોઈને ઈશાન કલ્પ છે, આ શ્રીપ્રભ વિમાન છે, આ હું લલિતાંગ નામે દેવ છું, આ મારી સ્વયંપ્રભા નામની પ્રિયા છે, આ બાજુ ધાતકીખંડમાં નંદી ગામમાં મહાદરિદ્રના ઘરમાં આ નિર્નામિકા નામે પુત્રી છે, અહીં અંબર તિલક પર્વત ઉપર ચઢેલી તે યુગંધર મહામુનિની આગળ અનશન ગ્રહણ કરી રહી છે, અહીં હું તેણીને પોતાનું રૂપ બતાવવા આવ્યો છું, મારામાં રક્ત તે મરીને આ ખરેખર સ્વયંપ્રભા થઈ છે, અહીં નંદીશ્વર દ્વીપમાં હું

જિનેશ્વરની પ્રતિમાઓની પૂજા કરવામાં તત્પર છું. અહીંથી બીજા તીર્થોમાં જતાં માર્ગમાં હું ચ્યવન પામતો છું. અહીં મારા વિયોગમાં એકલી થઈ ગયેલી દીન મુખવાળી આ સ્વયંપ્રભા છે. અહીં ચ્યવન પામતી તે જ મારી પ્રિયા છે.

હું માનું છું કે તેણીએ જાતિ સ્મરણ વડે અહીં પોતાનું ચરિત્ર લખ્યું છે, કારણ કે–'બીજાએ અનુભવેલું બીજો ક્યારેય જાણી શકતો નથી.'

પંડિતા પણ 'સારુ' એમ કહીને શ્રીમતીની પાસે જઈને હૃદયને શલ્ય રહિત કરવામાં ઔષધ સરખું તે સર્વ કહે છે.

## શ્રીમતીનું વજ્રસંઘ સાથે પરણવું

શ્રીમતી પ્રિયના વૃત્તાંતની વાણી સાંભળી રોમાંચિત થઈ. તે વૃત્તાંત શ્રીમતીએ પંડિતાના મુખે પિતાને જણાવ્યું, કારણ કે સ્ત્રી 'સ્વાધીનપણાને યોગ્ય નથી.'

તે વાણીથી પ્રમુદિત વજ્રસેનરાજા વજ્રજંઘકુમારને બોલાવીને તેને કહે છે કે–હે કુમાર ! અમારી આ શ્રીમતી પુત્રી પૂર્વજન્મની જેમ હમણાં પણ તારી પ્રિયા થાઓ. તે કુમારે પણ 'તેમ થાઓ' એમ સ્વીકારવાથી પ્રસન્ન થયેલો રાજા શ્રીમતી કન્યાને કુમાર સાથે મહોત્સવપૂર્વક પરણાવે છે. તે પછી ચાંદની અને ચંદ્રની જેમ સંયુક્ત તે બન્ને શ્વેત વસ્ત્ર ધારણ કરનારા રાજાની અનુજ્ઞા લઈ લોહાર્ગલપુરમાં ગયા.

હવે સુવર્ણજંઘરાજાએ વજ્રજંઘને યોગ્ય જાણીને તેને રાજ્ય ઉપર સ્થાપન કરીને દીક્ષા ગ્રહણ કરી. વજ્રસેન ચક્રવર્તિએ પણ પુષ્કલપાલ નામના પુત્રને રાજ્યલક્ષ્મી આપીને દીક્ષા લીધી, અને તે તીર્થંકર થયા. વજ્રજંઘ પણ શ્રીમતી પ્રિયાની સાથે વિવિધ કામભોગોને ભોગવતો ન્યાયમાર્ગે રાજ્ય કરે છે. ગંગા અને સમુદ્રની જેમ વિયોગ નહિ પામેલા, ભોગોને ભોગવતાં તેઓને પુત્ર ઉત્પન્ન થયો.

હવે પુષ્કળપાલના સીમાડાના સામંતરાજાઓ તેની સાથે વિરોધ કરવા લાગ્યા, તેની આજ્ઞાનો તિરસ્કાર કરવા લાગ્યા. તેથી દુર્જનની જેવા તેઓને સાધવા માટે તે વજ્રજંઘરાજાને બોલાવે છે.

હવે પ્રબળ સેના સહિત બળવાન એવો તે વજ્રજંઘ નગરમાંથી નીકળે છે, તે વખતે પ્રિયનો વિરહ સહન કરવા માટે અસમર્થ એવી શ્રીમતી પણ રાજા સાથે નીકળી. હવે તે રાજા માર્ગમાં જતાં અર્ધમાર્ગમાં અમાવાસ્યાની રાત્રિએ પણ જ્યોત્સ્નાના ભ્રમને આપનાર મહાશરવનને જુએ છે.

ત્યાં મુસાફરોએ તેને કહ્યું કે– હે રાજન્! અહીં દૃષ્ટિવિષ સર્પ છે, એ પ્રમાણે વચન સાંભળીને તે બીજે માર્ગે નીકળ્યો. અનુક્રમે તે પુંડરીકિણી નગરીમાં આવ્યો. તેજસ્વી એવા એ મહારાજાના પ્રભાવથી સર્વે સામંત

રાજાઓ યુદ્ધ વિના અધીન થયા. રાજા પુષ્કળપાળે પણ વજ્રજંઘરાજાનું વિવિધ પ્રકારે સ્વાગત કર્યું. યોગ્ય સમયે તે વજ્રજંઘરાજા પુષ્કળપાલ રાજાની અનુજ્ઞા લઈને શ્રીમતીની સાથે નગરીમાંથી નીકળ્યો અને તે અનુક્રમે મહાશરવન પાસે આવ્યો.

તે વખતે મુસાફરોએ તે રાજાને કહ્યું કે–હે મહારાજા! હવે આ વનની મધ્યમાં થઈને જાઓ, કારણ કે હમણાં આ વનમાં બે સાધુઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. ત્યાં દેવોના આગમનના ઉદ્યોતથી તે દષ્ટિવિષ સર્પ વિષરહિત થયો છે. નામવડે સાગરસેન અને મુનિસેન, તે બંને મુનિઓ સૂર્ય–ચંદ્રની જેમ હે રાજન્! અહીં વર્તે છે. તે મુનિઓને સગા ભાઈ જાણીને વિશેષે હર્ષ-સહિત રાજા તે જ વનમાં નિવાસ કરે છે. તે પછી સ્ત્રી સહિત ભક્તિના સમૂહથી નમ્ર તે સુર–અસુરોથી સેવિત દેશના કરતા બંને મુનિવરોને વંદન કરે છે, દેશના સાંભળ્યા પછી વસ્ત્ર, અન્ન, પાન અને ઉપકરણો વડે તેઓને પ્રતિલાભ્યા.

તે પછી તે વિચારે છે કે– સહોદરભાવ સરખો હોવા છતાં આશ્ચર્ય છે કે આ નિષ્કષાય, મમત્વરહિત, પરિગ્રહથી અટકેલાને ધન્ય છે. હું એવો નથી. દીક્ષા ગ્રહણ કરનારા પિતાના સન્માર્ગે જનાર આ જ સગા ભાઈ છે, હું તો ખરીદાયેલો હોઉં તેવો પુત્ર છું. આમ હોવા છતાં પણ જો હું દીક્ષા લઉં તો કાંઈ અયુક્ત

નથી. "દીક્ષા ગ્રહણ કરવા માત્રથી દીપિકાની માફક અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારી થાય." તેથી હમણાં નગરીમાં જઈને પુત્રને રાજ્ય આપીને હંસ જેમ હંસની ગતિને પામે તેમ હું પિતાની ગતિને પામીશ. શ્રીમતીએ પણ સાથે દીક્ષા કરવા વડે અનુમોદના કરાયેલો તે તેણીની સાથે ત્યાંથી નીકળીને અનુક્રમે લોહાર્ગલપુર આવ્યો.

## વજ્રજંઘ અને શ્રીમતી મૃત્યુ પામીને ઉત્તર કુરુમાં અને ત્યાંથી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા.

તે વખતે તેના રાજ્યમાં લુબ્ધ થયેલા પુત્રે ધન આપી પ્રધાનમંડળને વશ કર્યું. શ્રીમતી સાથે રાજા સવારે પોતાનું વ્રતગ્રહણ અને પુત્રને રાજ્ય આપવાનું વિચારતો રાત્રિમાં સૂઈ ગયો. તેઓ સુખપૂર્વક સૂતા હતા, તે વખતે પુત્રે તેઓના ઘરની અંદર વિષનો ધૂમાડો કર્યો. 'ઘરમાં ઉત્પન્ન થયેલા અગ્નિને રોકવા માટે કોણ સમર્થ થાય?' તે વિષમય ધૂમાડો નાકમાં પ્રવેશ થવાથી તે એકદમ મૃત્યુ પામીને ઉત્તરકુરુમાં યુગલિકરૂપે ઉત્પન્ન થયા. 'કારણ કે-એક વિચારણામાં ઉત્પન્ન થયેલાની એક ગતિ થાય છે' ત્યાં પણ ક્ષેત્રને અનુરૂપ સુખ અનુભવીને મરણ પામીને સૌધર્મ દેવલોકમાં દેવ થયા.

**[છઠ્ઠો વજ્રજંઘનો ભવ, સાતમો યુગલિક ભવ અને આઠમો દેવભવ સમાપ્ત.]**

## નવમો ભવ : જીવાનંદ

હવે વજ્રજંઘનો જીવ દેવલોકમાં દિવ્ય ભોગો નિરંતર ભોગવીને આયુષ્યના ક્ષયે ચ્યવીને જંબૂદ્વીપમાં વિદેહભૂમિમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં સુવિધિ વૈદ્યનો પુત્ર જીવાનંદ નામે થયો. તે વખતે તે નગરમાં બીજા પણ ચાર પુત્રો ઉત્પન્ન થયા.

તેમાં એક ઈશાનચંદ્ર રાજાની કનકવતી ભાર્યામાં મહીધર નામે, બીજો સુનાસીર નામના મંત્રીની લક્ષ્મી નામની ભાર્યામાં સુબુદ્ધિ નામે પુત્ર થયો. ત્રીજો સાર્થવાહપતિ સાગરદત્તની પ્રિયા અભયમતીમાં પૂર્ણભદ્ર નામે, ચોથો ધન શેઠની શીલમતી નામની પત્નીમાં શીલનો પુંજ હોય એવો ગુણાકર નામે થયો એ બધા બાળકને ધારણ કરનાર વડે રાત્રિ દિવસ રક્ષણ કરાતા વધવા લાગ્યા. સાથે જ ધૂળની રમત કરનારા તે બધા સાથે જ સર્વ કળાઓના સમૂહને ગ્રહણ કરતા હતા.

હવે શ્રીમતીનો જીવ પણ દેવલોકમાંથી ચ્યવીને તે જ નગરમાં ઈશ્વરદત્ત શેઠનો કેશવ નામે પુત્ર થયો. જીવાનંદ વગેરે તે છ યે જણા પરસ્પર હંમેશાં જુદા નહીં પડતાં મિત્રપણું પામ્યા.

જીવાનંદ પણ પિતા સંબંધી અષ્ટાંગ આયુર્વેદ (ચિકિત્સાશાસ્ત્ર) રસ–વીર્યના વિપાકથી સર્વ ઔષધિઓને સારી રીતે જાણતો હતો. હાથીઓમાં ઐરાવણની જેમ,

ગ્રહોમાં સૂર્યની જેમ, તે વૈદ્યોમાં નિરવદ્ય વૈદ્ય મહાવિદ્વાન થયો.

તે સર્વે સગા ભાઈની જેમ હંમેશાં આનંદ કરતા. ક્યારેક કોઈ એક–બીજાના ઘરમાં પરસ્પર અનુરાગવાળા સાથે રહે છે.

એક વખત વૈદ્યપુત્ર જીવાનંદના ઘરે તેઓ રહ્યા હતા, તે વખતે એક સાધુ ભિક્ષા ગ્રહણ કરવા માટે આવ્યા. તે સાધુ પૃથ્વીપાલ રાજાના પુત્ર ગુણાકર નામે હતા. તેમણે મળની જેમ રાજ્યનો ત્યાગ કરીને દીક્ષા લીધી હતી. ગ્રીષ્મના આતપ વડે જેમ સરોવર સુકાઈ જાય, તેમ ઉગ્ર તપ વડે કૃશ થયેલા દેહવાળા તે અકાળે અપથ્ય ભોજનથી કૃમિકુષ્ઠ રોગથી વ્યાપ્ત થયા હતા. તે મુનિવર સર્વાંગે કૃમિકુષ્ઠ રોગથી વ્યાપ્ત હોવા છતાં કોઈ ઠેકાણે ઔષધ માગતા ન હતા, કારણ કે મુમુક્ષુ સાધુઓ કાયાની અપેક્ષા કરતા નથી.'

## જીવાનંદ વગેરે છ મિત્રોએ કરેલી મુનિની ચિકિત્સા

એક વખત છઠ્ઠ તપના પારણે ગોચરચર્યા વડે એક ઘરેથી બીજે ઘરે પરિભ્રમણ કરતા, પોતાના ઘરના આંગણે આવેલા તે મુનિને તેઓએ જોયા.

તે વખતે રાજાના પુત્ર મહીધરે કાંઈક હાસ્યથી જીવાનંદ વૈદ્યને કહ્યું, હે જીવાનંદ, તને વ્યાધિનું પરિજ્ઞાન અને ઔષધનું જ્ઞાન છે, ચિકિત્સામાં તારું કુશળ-

પણું પણ છે, ફક્ત દયા નથી. હંમેશાં તમે વેશ્યાની માફક દ્રવ્ય વિના દુઃખપીડિત પ્રાર્થના કરનારા પરિચિતને પણ જોતા નથી, તેમજ વિવેકવંત માણસોએ એકાંતે અર્થ-લુબ્ધ ન થવું જોઈએ. ધર્મનો સ્વીકાર કરીને કોઈ ઠેકાણે ચિકિત્સા કરી ? ચિકિત્સામાં અને વ્યાધિના નિદાનમાં તારા સર્વ પરિશ્રમને ધિક્કાર છે! ઘરના આંગણે આવેલા આવા પ્રકારના રોગવાળા પાત્રની તું આવી રીતે ઉપેક્ષા કરે છે !

ચિકિત્સાવિજ્ઞાનરૂપી રત્નના રત્નાકર જેવો જીવાનંદ પણ કહે છે કે- હે મહાભાગ્યશાળી ! સારૂં, સારૂં. તેં મને આશ્ચર્ય ઉત્પન્ન કર્યું છે, કારણ કે- મત્સર-રહિત બ્રાહ્મણ, અવંચક વણિક, ઇર્ષ્યારહિત પ્રિય, રોગ વગરનો પ્રાણી, વિદ્વાન ધનિક, ગર્વરહિત ગુણી, ચપલતા રહિત સ્ત્રી અને સદાચારમાં રત રાજપુત્ર પ્રાયઃ કરીને દેખાતા નથી.

અહો ! મારે આ મહામુનિની ચિકિત્સા કરવી જ જોઈએ, પરંતુ ઔષધોનો અભાવ એ જ અહીં અંતરાય-જનક છે. તેમાં પણ મારી પાસે એક લક્ષપાક તેલ છે, પણ ગોશીર્ષ ચંદન અને રત્નકંબલ જોઈએ તે નથી. તે તમે લાવો.

એનું વચન સાંભળીને 'અમે તે લાવીએ છીએ' એમ કહીને તે પાંચેય મિત્રો વણિકની દુકાને ગયા. તે મુનીંદ્ર પણ પોતાના સ્થાને ગયા.

"યોગ્ય મૂલ્ય લઈને અમને ગોશીર્ષચંદન અને રત્નકંબલ આપો" એમ તેઓએ વૃદ્ધ વણિકને કહ્યું. તેઓને આપતો તે કહે છે કે– આ બંને વસ્તુનું એક-એકનું મૂલ્ય એક એક લાખ સોનામહોર થાય. જો ઈચ્છા હોય તો ગ્રહણ કરો. વળી તમે કહો કે–આ વસ્તુઓ વડે તમારે શું કામ છે?

તેઓ પણ કહે છે કે– મૂલ્ય ગ્રહણ કરો અને ગોશીર્ષચંદન અને રત્નકંબલ આપો. આના વડે અમે મહામુનિની ચિકિત્સા કરીશું એ અમારું પ્રયોજન છે.

તેઓનું વચન સાંભળીને વિસ્મયથી વિસ્ફારિત નેત્રવાળો, રોમાંચવડે સૂચવાયો છે આનંદ જેના વડે એવો તે મન વડે આ પ્રમાણે વિચારે છે કે– આમનું ઉન્માદ–પ્રમાદ અને કામોન્મત્ત એવું યૌવન ક્યાં? અને વિવેકના આવાસરૂપ વૃદ્ધપણાને ઉચિત એવી એમની બુદ્ધિ ક્યાં? જરાથી જર્જરિત દેહવાળા અમારા જેવાને જે ઉચિત છે, તે આશ્ચર્ય છે કે આ કરે છે! એમ વિચારીને તે કહે છે કે–ગોશીર્ષચંદન અને રત્નકંબલ તમે ગ્રહણ કરો, હે ભદ્રો! તમારું કલ્યાણ થાઓ. તમારા દ્રવ્ય વડે સર્યું! આ વસ્તુઓનું મૂલ્ય અક્ષય ધર્મને હું મેળવીશ. સારું થયું કે તમોએ બંધુની જેમ મને ધર્મનો ભાગીદાર કર્યો. એમ કહીને તે વણિગ્વરે ગોશીર્ષચંદન અને રત્નકંબલ આપીને તે ભાવિત આત્માએ દીક્ષા લીધી અને પરમપદ–મોક્ષ પામ્યા.

મહાપુરુષોમાં ઉત્તમ તેઓ જીવાનંદ સહિત ઔષધ-સામગ્રી ગ્રહણ કરીને જ્યાં તે મુનિવર હતા ત્યાં તેઓ ગયા. વડના ઝાડની નીચે કાયોત્સર્ગવડે રહેલા, ધ્યાન-સમાધિયુક્ત, ધ્યાનમાં જ લીન થયેલા તે મુનિવરને પ્રણામ કરીને કહે છે—

હે ભગવંત! આજે પૂજ્યને ચિકિત્સાની ક્રિયાવડે ધર્મમાં અંતરાય કરશું. પુણ્યવડે અનુગ્રહ કરો.

આ પ્રમાણે મુનિની અનુજ્ઞા લઈને હવે તેઓ એક તાજા ગાયના મડદાને લાવ્યા. મુનિવરના દરેક અંગે તેણે તે તેલ વડે અભ્યંગ કર્યું. અતિ ઉષ્ણ વીર્યવાળા તે તેલથી મુનિ સંજ્ઞારહિત થયા. 'ઉગ્ર વ્યાધિને શાંત કરવા માટે અતિ ઉગ્ર ઔષધ ઉચિત છે.' તે તેલવડે વ્યાકુળ થયેલા કૃમિઓ શરીરમાંથી બહાર નીકળ્યા, તે પછી જીવાનંદે રત્નકંબલ વડે ચારે બાજુથી મુનિને ઢાંકી દીધા. હવે તે કૃમિઓ રત્નકંબલના શીતપણાથી તેમાં જ વળગી ગયા. જીવાનંદ વૈદ્યે કંબલને ધીમે ધીમે હલાવી ગાયના કલેવર ઉપર કૃમિઓને પાડ્યા. તે પછી જીવાનંદે અમૃતરસની જેમ પ્રાણીઓના જીવન સમાન ગોશીર્ષચંદનના રસ વડે તે મુનિને આશ્વાસન પમાડ્યું.

પૂર્વે જે કીડાઓ નીકળ્યા, તે ચામડીમાં રહેલા હતા. એમ વિચારીને ફરીથી મુનિને તેલનું વિલેપન કર્યું. તે વિલેપનથી ફરીથી ઘણા માંસમાં રહેલા કીડાઓ પણ નીકળ્યા. તેવી જ રીતે ફરીથી રત્નકંબલ ઢાંકવાથી

તે કીડાઓ રત્નકંબલમાં ચોંટી ગયા. તે ગાયના મડદા ઉપર તે કીડાઓને ફરીથી તેવી જ રીતે પાડયા. અહો ! વૈદ્યની બુદ્ધિનું કુશળપણું ! ફરીથી પણ જીવાનંદ વૈદ્યે ગોશીર્ષચંદન વડે મુનિને આશ્વાસન પમાડયું.

ફરીથી તેલના વિલેપન વડે હાડકાની અંદર રહેલા કીડાઓ પણ નીકળ્યા. ફરીથી ઢાંકવાના પ્રકારે રત્નકંબલમાં વળગેલા કીડાઓને ગાયના કલેવર ઉપર નાખ્યા. તે પછી ફરીથી તે જીવાનંદ વૈદ્યે પરમ ભક્તિ વડે ગોશીર્ષચંદનના રસ વડે તે મુનિને વિલેપન કર્યું. સંરોહિણી ઔષધિ વડે ઉત્પન્ન થઈ છે નવી ચામડી જેને એવા કાંતિવાળા તે મુનિ વિશુદ્ધ કાંચનની પ્રતિમાની જેમ શોભવા લાગ્યા. ભક્તિના સમૂહથી ભરેલા તેઓએ તે મુનિવરને ખમાવ્યા. તે પછી મુનિરાજે અન્યત્ર વિહાર કર્યો.

તે પછી તે બુદ્ધિમાનોએ બાકી રહેલ ગોશીર્ષચંદન અને રત્નકંબલ વેચીને સુવર્ણ ખરીદ કરે છે. તે સુવર્ણ વડે અને પોતાના સુવર્ણ વડે મેરુપર્વતના શિખર જેવા ઊંચા જિનચૈત્યને કરાવે છે. તે પછી તે મહાશયો. હંમેશાં જિનપ્રતિમાની પૂજા કરતા, ગુરુની સેવા કરતા કેટલોક કાળ પસાર કરે છે.

## જીવાનંદ વગેરે મિત્રોનું સંયમગ્રહણ અને અચ્યુત દેવલોકમાં ઉત્પત્તિ.

એક વખતે તે વિશુદ્ધ પરિણામવાળા મિત્રો સંવેગ ઉત્પન્ન થવાથી સાધુ ભગવંત પાસે મનુષ્યજન્મરૂપી વૃક્ષના

ફળરૂપ એવી દીક્ષાને ગ્રહણ કરે છે. તેઓ ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, દશમ અને દ્વાદશભક્ત આદિ તપ વડે અતિવિશુદ્ધ ચારિત્રનું પાલન કરતા, દાતારને પીડા નહિ કરતા, પારણાને દિવસે માધુકરી વૃત્તિ વડે દેહમાત્રના નિર્વાહ માટે ભિક્ષાને ગ્રહણ કરતા, ધીરપણાનું અવલંબન કરતા તેઓ ક્ષુધા-પિપાસા, શીત-ઉષ્ણ આદિ પરિષહોને સુભટો જેમ પ્રહાર સહન કરે તેમ સહન કરતા હતા. મોહરાજાની સેનાના અંગ જેવા ચાર કષાયોને ક્ષમા-માર્દવ-આર્જવ અને આલોભરૂપી શસ્ત્ર વડે જીતે છે. આ પ્રમાણે આત્મ-વિશુદ્ધિપૂર્વક સંયમની આરાધના કરતા તેઓએ અંતકાળે દ્રવ્યથી અને ભાવથી સંલેખના કરીને કર્મરૂપી પર્વતનો નાશ કરવામાં વજ્રસમાન અનશન કર્યું. પંચ નમસ્કાર મહામંત્રને સ્મરણ કરતા, ઉત્તમ સમાધિપૂર્વક દેહનો ત્યાગ કરીને, તે છયે મિત્રો બારમા અચ્યુત દેવલોકમાં ઇંદ્રના સામાનિક દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં પણ બાવીશ સાગરોપમ સુધી દિવ્ય સુખો અનુભવીને ત્યાંથી ચ્યવ્યા, કારણકે મોક્ષ વિના કોઈ ઠેકાણે ચ્યવનનો અભાવ નથી.

**નવમો જીવાનંદનો ભવ અને દશમો દેવભવ સમાપ્ત થયો.**

## અગ્યારમો ભવ વજ્રનાભ ચક્રવર્તી

હવે જંબૂદ્વીપ નામે દ્વીપમાં પૂર્વ-વિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં વજ્રસેનરાજાની ધારિણી નામની પટરાણીને વિષે તેઓ પાંચ અનુક્રમે પુત્રપણે ઉત્પન્ન થયા, તેમાં વૈદ્યનો જીવ વજ્રનાભ નામે ચૌદ મહાસ્વપ્નથી સૂચિત પ્રથમ પુત્ર થયો. રાજપુત્રનો

જીવ બીજો બાહુ નામે, મંત્રિપુત્રનો જીવ ત્રીજો સુબાહુ નામે શ્રેષ્ઠી અને સાર્થવાહના જીવો અનુક્રમે ચોથા અને પાંચમા પીઠ અને મહાપીઠ નામે થયા. તેમ જ કેશવનો જીવ સુયશ નામે રાજપુત્ર થયો. તેને બાળપણાથી માંડીને વજ્રનાભની ઉપર અત્યંત સ્નેહ છે, કારણકે પૂર્વભવના સંબંધનો સ્નેહ ભવાંતરમાં પણ બન્ધુપણાજ પામે છે. અનુક્રમે તે રાજપુત્રો અને સુયશ વૃદ્ધિ પામવા લાગ્યા. કળાઓને ગ્રહણ કરવામાં પણ તેઓને કલાચાર્ય ફક્ત નિમિત્તરૂપે હતા, કારણકે મહાપુરુષોના ગુણો પોતાની મેળે જ પ્રગટ થાય છે.

## વજ્રસેન તીર્થંકર થયા અને વજ્રનાભ ચક્રવર્તી થયા

હવે લોકાંતિક દેવોએ આવીને વજ્રસેન રાજાને વિજ્ઞપ્તિ કરી કે 'હે ભગવંત! તીર્થ પ્રવર્તાવો.' તે પછી વજ્રસેન રાજાએ ઇંદ્ર સરખા પરાક્રમવાળા વજ્રનાભને રાજ્ય ઉપર બેસાડીને વરવરિકા પૂર્વક સાંવત્સરિક દાન વડે સર્વ લોકોને આનંદ પમાડીને દેવ-અસુર અને રાજાઓએ જેમનો દીક્ષા મહોત્સવ કર્યો છે એવા, ઉદ્યાનમાં જઇને સ્વયંબુદ્ધ એવા તે ભગવંત દીક્ષા ગ્રહણ કરે છે. તે વખતે તેમને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. વિવિધ અભિગ્રહને ધારણ કરનાર, આત્મરત, સમતારૂપી ધનવાળા, મમતા રહિત, પરિગ્રહરહિત તે ભગંત ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. વજ્રનાભે પણ દરેક પોતાના ભાઈઓને દેશ વહેંચી આપ્યા. તે બંધુઓ વડે, લોકપાલવડે જેમ ઇંદ્ર

શોભે તેમ તે શોભે છે, સુયશ પણ તેનો સારથી થયો.

હવે વજ્રસેન તીર્થંકરને ઘાતિકર્મ રૂપી મળનો ક્ષય થવાથી ઉજ્જવળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે વજ્રનાભરાજાની આયુધશાળામાં સૂર્ય કરતાં વધારે તેજ-વાળા ચક્રરત્ને પ્રવેશ કર્યો. બીજાંપણ તેર રત્નો અને નવ નિધિ તેને થયા. તેણે સર્વ પુષ્કલાવતી વિજયને સાધી. તેથી સર્વ રાજાઓએ મળીને તેનો ચક્રવર્તિપણાનો અભિષેક મહોત્સવ કર્યો. ચક્રવર્તિપણાના કામભોગોને ભોગવતાં છતાં પણ તેને વયની વૃદ્ધિ સાથે ધર્મમાં બુદ્ધિ પણ અધિક અધિક વધવા લાગી.

એક વખત વજ્રસેન જિનેશ્વર જગતના પ્રાણીઓને પરમ આનંદને ઉત્પન્ન કરતા સાક્ષાત્ મોક્ષની જેમ વિચરતા ત્યાં આવ્યા. દેવોએ રચેલા સમવસરણમાં ચૈત્યવૃક્ષની નીચે સિંહાસન ઉપર બેસીને ધર્મદેશના કરે છે.

તે વખતે જિનેશ્વરના આગમનના સમાચાર સાંભળીને બંધુઓ સાથે વજ્રનાભ પણ જગતના બંધુ એવા જિનેશ્વર ભગવંતના ચરણકમળ પાસે આવ્યો. તે જિનેશ્વરને ત્રણ પ્રદક્ષિણા કરીને, પ્રણામ કરીને ઇંદ્રનો લઘુબંધુ હોય તેમ તેની પાછળ બેઠો.

તે ભવ્યજનોના મનરૂપી છીપને વિષે બોધિરૂપી મોતીને ઉત્પન્ન કરનારી સ્વાતિનક્ષત્રની વૃષ્ટિ સરખી દેશનાને સાંભળે છે. ભગવંતની વાણીને સાંભળતો હર્ષના

અતિરેકથી તે શ્રદ્ધાળુ રાજા આ પ્રમાણે વિચારે છે કે–
'આ અસાર સંસાર સમુદ્રની જેમ દુસ્તર છે. તેના પણ
તારક એવા ત્રિલોકનાથ જિનેશ્વર પ્રબળ પુણ્યવડે પ્રાપ્ત
કરવા લાયક છે. જે ભગવંત લોકોના અજ્ઞાનરૂપી અંધકારને
દૂર કરવામાં સૂર્ય જેવા છે, અનાદિકાળથી ઉત્પન્ન થયેલ,
ચિકિત્સા ન કરી શકાય એવા કર્મરૂપી વ્યાધિને દૂર
કરવામાં મારા પિતા અપૂર્વ ચિકિત્સક છે, અથવા સર્વ
દુઃખોનો નાશ કરનારા છે. તુલના ન કરી શકાય એવા
અનુપમ સુખને ઉત્પન્ન કરનાર, કરૂણામૃતના સમુદ્ર મારા
પિતા છે. આવા પ્રકારના ભગવંત મળ્યા છતાં પણ મોહમાં
પ્રમત્ત થયેલા અમારા વડે પોતાની જાતે જ આ આત્મા
ઠગાયો છે.

તે પછી તે ચક્રવર્તી તે ધર્મચક્રવર્તી જિનેશ્વરને
નમ્રપણે ભક્તિના સમૂહથી ગદ્ગદ વાણીવડે વિનંતિ કરે
છે કે–હે નાથ! આજ સુધી મેં કામભોગમાં પ્રધાન અને
અર્થ સાધવામાં તત્પર એવા નીતિશાસ્ત્રો વડે બુદ્ધિને
કદર્થના પમાડી, વિષયોમાં આસક્ત એવા મેં વસ્ત્રા-
ભરણોની ક્રિયાવડે નટની જેમ ચિરકાળ સુધી આ
આત્માને નચાવ્યો. મારું આ વિપુલ રાજ્ય અર્થ અને
કામના હેતુરૂપ છે, અહીં જે ધર્મનું ચિંતન કરાય
છે તે પણ પાપાનુબંધી છે, તેથી પિતાનો પુત્ર થઈને
જો સંસારસમુદ્રમાં ભ્રમણ કરું તો બીજા સામાન્ય જનની
માફક મારો પુરુષાર્થ કયો ? જેવી રીતે તમે આપેલા

આ રાજ્યને હું પાળું છું, તેમ આપે આપેલા સંયમ-રૂપી મહારાજ્યને પણ પાળીશ, તેથી મને તે આપો.

## વજ્રનાભ આદિની દીક્ષા

સંસારથી વિરક્ત થયેલા ચિત્તવાળા તે ચક્રવર્તીએ પુત્રને રાજ્ય આપીને મહાવ્રત સ્વીકાર્યાં. તે વખતે બાહુ વગેરે ભાઈઓએ પણ મોટા ભાઈની સાથે વ્રત ગ્રહણ કર્યું, કારણકે પિતાએ અને મોટા ભાઈએ જે સ્વીકાર્યું તે જ તેઓને ક્રમાગત થાય. તે સુયશ સારથિએ પણ પોતાના સ્વામી ધર્મસારથિના ચરણકમળમાં દીક્ષા લીધી, કારણકે સેવકો સ્વામીના પગલાને અનુસરનારા જ હોય છે.

તે વજ્રનાભ રાજર્ષિ અનુક્રમે શ્રુતસમુદ્રના પારગામી દ્વાદશાંગને જાણનારા થયા. બાહુ વગેરે સાધુઓ પણ અગ્યાર અંગના પારગામી થયા. સંતોષરૂપી ધનવાળા તેઓ તીર્થંકરના ચરણની સેવામાં અને દુષ્કર તપની આરાધનામાં અસંતોષી હતા. હંમેશાં તેઓ જિનેશ્વરની વાણીરૂપી અમૃતરસના પાનમાં આસક્ત હોવા છતાં પણ માસક્ષપણ આદિ તપ વડે થાકતા નથી. અનુક્રમે ભગવાન વજ્રસેન તીર્થંકર શુક્લધ્યાનના ત્રીજા અને ચોથા પાદનું ધ્યાન કરતા દેવો વડે કરાયેલો છે મહોત્સવ જેનો એવા નિર્વાણ મોક્ષપદને પામ્યા. વજ્રનાભ પણ બાહુ વગેરે મુનિવરો સહિત ભવ્ય જીવોને બોધ કરતા પૃથ્વી પર વિચરવા લાગ્યા. તે મુનિઓને તપ અને સંયમયોગના

પ્રભાવે ચંદ્રકિરણ વડે પર્વતોમાં ઔષધિઓ પ્રગટ થાય. તેમ શ્લેષ્મૌષધિ વગેરે લબ્ધિઓ પ્રગટ થઈ.

## લબ્ધિઓનું વર્ણન

તેઓના શ્લેષ્મના લવવડે પણ કુષ્ટિનું શરીર કોટી-વેધ તાંબુ સુવર્ણ થાય તેમ સુંદર વર્ણવાળું થાય છે. તેઓના કાન–નેત્ર આદિનો ઉત્પન્ન થયેલ અને અંગથી ઉત્પન્ન થયેલો કસ્તૂરીના સુગંધવાળો મળ સર્વરોગીઓના રોગને હરણ કરનારો છે. તેઓના દેહના સ્પર્શમાત્રથી અમૃતની જેમ રોગવાળા પ્રાણીઓ રોગરહિત થાય છે.

તેઓના અંગને સ્પર્શેલું મેઘ અને નદી વગેરેનું પાણી પણ સર્વરોગોને હણે છે. તેઓના અંગને સ્પર્શેલો પવન પણ વિષ વગેરેના દોષોને દૂર કરે છે. તેઓના પાત્રમાં અથવા મુખમાં પ્રવેશ પામેલું વિષમિશ્રિત અન્ન વિષરહિતપણાને પામે છે. તેઓનું વચન સાંભળવાથી મંત્રાક્ષરોવડે જેમ વિષ દૂર થાય, તેમ મહાવિષવ્યાધિથી પીડા પામેલા પ્રાણીની પીડા દૂર થાય છે, તેઓના નખ, કેશ, દાંત અને બીજું પણ શરીરમાં ઉત્પન્ન થયેલું સર્વ ઔષધપણાને પામે છે.

તેમ જ એ મહાત્માઓને આઠ મહાસિદ્ધિઓ ઉત્પન્ન થઈ. જેથી તેઓને અણિમા શક્તિ તેવી થઈ કે જેથી સોયના કાણામાં પણ તંતુની માફક ચાલવા માટે સમર્થ છે, તેઓને મહિમાશક્તિ તેવી થઈ કે જેથી

મેરુપર્વતપણ જાનુ પ્રમાણ કરી શકે છે. તેઓને લઘિમા શક્તિનું તેવા પ્રકારનું સામર્થ્ય થયું કે જેથી પવનના લાઘવને પણ તેઓ ઉલ્લંઘન કરતા હતા. તેઓના દેહની ગરિમાશક્તિ વજ્રકરતાં પણ ચઢીયાતી હતી, જેથી ઇન્દ્રાદિવડે પણ જે સહન કરી શકાય નહિ, તેઓની પ્રાપ્તિ શક્તિ તેવી હતી કે જે શક્તિવડે વૃક્ષના પાંદડાની જેમ તેઓ આંગળી વડે મેરુશિખર અને ગ્રહ આદિને સ્પર્શ કરી શકતા હતા. પ્રાકામ્ય ગુણ વડે તેવી શક્તિ પ્રગટ થઈ કે જેથી ક્રૂર જંતુઓ પણ તેઓની પાસે પ્રશમ પામતા હતા.

બીજી પણ અનેક ઋદ્ધિઓ તેઓને ઉત્પન્ન થઈ તે આ પ્રમાણે—અપ્રતિઘાત—પણાના ગુણ વડે પર્વતની મધ્યે પણ છિદ્રની જેમ તેઓ જાય છે, અંતર્ધાન ગુણવડે તે સાધુઓ પવનની જેમ સર્વત્ર અદૃશ્યપણું પામે છે. કામરૂપી પણાના ગુણવડે તેઓ પોતાના જુદા જુદા રૂપોવડે લોકને ભરી દઈ શકતા હતા. તેઓની જે બીજબુદ્ધિની ઋદ્ધિ એવી હતી કે તે એક અર્થના બીજથી અનેક અર્થના બીજોને ઉત્પન્ન કરનારી હતી તેઓને તેવા પકારની કોષ્ઠબુદ્ધિ ઉત્પન્ન થઈ કે જેના વડે કોઠારમાં નાંખેલા ધાન્યની જેમ અર્થોના સ્મરણ વિના સૂત્ર અક્ષય થાય, આદિ—મધ્ય અને અંતમાં રહેલા એક પદને સાંભળવાથી સર્વ ગ્રંથનો અવબોધ થતો હોવાથી તેઓ પદાનુસારી હતા, એક વસ્તુને ઉદ્ધરીને અંતર્મુહૂર્તમાં શ્રુતસમુદ્રનું

અવગાહન કરવાની શક્તિવડે તેઓ મનોબલી હતા, અંત-મુંહૂર્તમાં અકાર આદિ છેંતાલીશ માતૃકાક્ષર માત્રની લીલા-વડે સર્વ શ્રુતને ગુણતા તેઓ વચનબલી હતા. દીર્ઘકાળ સુધી પ્રતિમાને સ્વીકાર કરતા, પરિશ્રમ અને ગ્લાનિ રહિત એવા તેઓ કાયબલી હતા, પાત્રમાં રહેલા ખરાબ અન્નને પણ અમૃત આદિ રસપણે પરિણમાવવાથી તેઓ અમૃત–ક્ષીર–મધુ અને ઘૃત આશ્રવી હતા. દુઃખથી પીડિત જીવોને વિષે તેઓનું વચન અમૃત આદિના પરિણામને ઉત્પન્ન કરે છે. તેઓના પાત્રમાં પડેલું અન્ન થોડું હોવા છતાં પણ ઘણાને આપવા છતાં જ્યાં સુધી પોતે જમે નહિ ત્યાં સુધી ક્ષય ન પામે તેથી તેઓ અક્ષીણમહાનસ ઋદ્ધિવાળા હતા. તીર્થંકરની પર્ષદાની જેમ અલ્પ દેશમાં પણ બાધારહિતપણે અસંખ્ય પ્રાણીઓની સ્થિતિ વડે તેઓ અક્ષીણમહાલય હતા. બાકીની (બીજી) ઇંદ્રિયોના વિષયને એક પણ ઇંદ્રિય વડે પ્રાપ્ત કરતા હોવાથી તેઓ સંભિન્નશ્રોત લબ્ધિવાળા હતા. તેઓની તેવા પ્રકારની જંઘાચારણ લબ્ધિ હતી કે જેથી એક ઉત્પાત વડે તેઓ રુચકદ્વીપ જાય છે, રુચકદ્વીપથી વળતાં તેઓ એક ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપમાં આવે છે. બીજા ઉત્પાત વડે સ્વસ્થાનમાં આવે છે. ઊર્ધ્વગતિએ જતાં તેઓ એક ઉત્પાત વડે મેરૂપર્વતના શિખરે રહેલા પાંડુક વનમાં, અને પાછા વળતાં થકા એક ઉત્પાતવડે નંદનવનમાં અને બીજા ઉત્પાતવડે ઉત્પાત ભૂમિમાં (સ્વસ્થાનમાં) આવે છે. તેઓ

વિદ્યાચારણ લબ્ધિ વડે એક ઉત્પાત વડે માનુષોત્તર પર્વત ઉપર અને બીજા ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપમાં જાય છે, ત્યાંથી વળતાં એક ઉત્પાત વડે સ્વસ્થાનમાં આવે છે. એ પ્રમાણે તીર્યગ્ગમનની જેમ ઊંચે પણ બે ઉત્પાત વડે જાય છે અને એક ઉત્પાત વડે પાછા આવે છે. તેઓ આશીવિષ ઋદ્ધિવડે નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ છે. બીજી પણ તેઓને ઘણી લબ્ધિઓ ઉત્પન્ન થઈ, તો પણ તે સાધુઓ પોતાના કાર્યમાં આકાંક્ષારહિત એવા તે લબ્ધિઓના પ્રયોગ કરતા નથી.

## વજ્રનાભનું વીશસ્થાનક વડે તીર્થંકર નામકર્મનું નિકાચિત કરવું

આ તરફ વજ્રનાભ મુનીશ્વરે વીશસ્થાનક વડે તીર્થંકર નામગોત્ર નિકાચિત બાંધ્યું. તે આ પ્રમાણે–૧. ત્યાં જિનેશ્વરોની અને જિનપ્રતિમાઓની પૂજા વડે, અવર્ણ-વાદના નિષેધ વડે, સદ્ભૂત અર્થની સ્તુતિ વડે તે પ્રથમ પદની આરાધના કરે છે. ૨. સિદ્ધિસ્થાનમાં રહેલા સિદ્ધોની પ્રતિજાગરણ મહોત્સવો વડે અને યથાવસ્થિત સિદ્ધપણાના ગુણોના ઉત્કીર્તન વડે બીજા પદને આરાધે છે. ૩. બાળ–ગ્લાન–નવદીક્ષિત આદિ સાધુઓને અનુગ્રહ કરવાથી તેઓ પ્રવચનવાત્સલ્ય સ્વરૂપ ત્રીજા સ્થાનને આરાધે છે. ૪, ગુરુઓને આહાર, ઔષધિ, વસ્ત્ર, પાણી આદિ આપવાથી અને અંજલિ જોડવાથી તેમજ અત્યંત વાત્સલ્ય કરવાથી ચોથા સ્થાનની આરાધના કરે છે. ૫. વીશ વર્ષના વ્રત પર્યાય-

વાળા અને સાઠ વર્ષના આયુષ્યવાળા, ચોથા સમવાયાંગને ધારણ કરનાર સ્થવિરોની ભક્તિ વડે પાંચમા પદને આરાધે છે. ૬. અર્થની અપેક્ષાએ પોતાના કરતાં વધારે શ્રુતને ધારણ કરનારાઓને હંમેશાં અન્ન–વસ્ત્ર આદિ આપવાથી વાત્સલ્ય કરવા વડે છઠ્ઠા પદને સેવે છે. ૭. ઉત્કૃષ્ટ તપ કર્મમાં રક્ત તપસ્વીઓની ભક્તિ અને વિશ્રામણા કરવા વડે સાતમા પદની આરાધના કરે છે. ૮. દ્વાદશાંગી સૂત્રને વિષે હંમેશાં વાચના વગેરે વડે સૂત્ર–અર્થ અને તદુભયગત જે જ્ઞાનોપયોગ, તે રૂપ આઠમા પદને આરાધે છે. ૯. શંકા આદિ દોષથી રહિત, સ્થિરતા આદિ ગુણથી ભૂષિત શમ આદિ લક્ષણ રૂપ સમ્યગ્દર્શનને નવમા પદે આરાધે છે. ૧૦. જ્ઞાન–દર્શન–ચારિત્ર અને ઉપચાર વડે કર્મોને દૂર કરવાથી વિનય રૂપ દશમા પદને આરાધે છે. ૧૧. ઈચ્છા–મિથ્યાકાર આદિ આવશ્યક યોગમાં યત્ન વડે અતિચારનો ત્યાગ કરવો તે અગ્યારમું પદ છે. ૧૨. અહિંસા આદિ સમિતિ વગેરે મૂળ અને ઉત્તર ગુણોમાં જે નિરતિચાર પ્રવૃત્તિ બારમું પદ છે. ૧૩. પ્રમાદનો ત્યાગ કરવા વડે ક્ષણે ક્ષણે અને લવે લવે જે શુભધ્યાનનું કરવું તે તેરમું પદ છે. ૧૪. મન અને શરીરને બાધા ન થાય તે રીતે યથાશક્તિ નિરંતર તપ કરવો એ ચૌદમું પદ છે, ૧૫ મન–વચન–અને કાયાની શુદ્ધિથી તપસ્વીઓને યથાશક્તિ અન્ન આદિ આપવા તે પંદરમું પદ છે. ૧૬. આચાર્ય વગેરે દશનું ભાત–પાણી–આહાર–આસન આપવા વગેરેથી વેયાવચ્ચ–સેવાનું જે કરવું તે સોળમું પદ છે. ૧૭. શ્રમણ આદિ

ચતુર્વિધ સંઘના સર્વ સંકટો દૂર કરવાથી મનની સમાધિ ઉત્પન્ન કરનાર તે સત્તરમું પદ છે. ૧૮. નવીન સૂત્ર, અર્થ અને તદુભયનું હંમેશાં યત્નવડે જે ગ્રહણ કરવું તે અઢારમું સ્થાન છે. ૧૯. શ્રદ્ધાને પ્રકાશિત કરવા વડે, અવર્ણવાદનો નિષેધ કરવાથી શ્રુતજ્ઞાનની જે ભક્તિ તે ઓગણીશમું સ્થાન છે. ૨૦. વિદ્યા, નિમિત્ત, કાવ્ય, વાદ, અને ધર્મકથાવડે જે જિનશાસનની પ્રભાવના કરવી તે વીશમું સ્થાન છે.

આ સ્થાનકોમાં એક એક સ્થાન પણ તીર્થંકરનામ કર્મના બંધનું કારણ છે. આ ભગવંતે સર્વ સ્થાનકો દ્વારા તીર્થંકર નામકર્મ બાંધ્યું.

બાહુમુનિએ સાધુઓની વૈયાવચ્ચ કરતા ચક્રવર્તીના ભોગના ફળને આપનારૂં કર્મ ઉપાર્જન કર્યું.

સુબાહુ સાધુએ તપસ્વી મહર્ષિઓની વિશ્રામણા કરતાં લોકોત્તર બાહુબળ ઉપાર્જન કર્યું.

તે વખતે વજ્રનાભ મુનીશ્વર 'અહો! સાધુઓની વૈયાવચ્ચ અને વિશ્રામણા કરનારા આ ધન્ય છે' એ પ્રમાણે બાહુ અને સુબાહુમુનિની પ્રશંસા કરી.

તેઓની પ્રશંસા સાંભળીને તે પીઠ અને મહાપીઠ મુનિ વિચારવા લાગ્યા : 'જે ઉપકાર કરનાર હોય તેની જ અહીં પ્રશંસા કરાય છે, આગમના અધ્યયન, પઠન અને ધ્યાનમાં રક્ત અનુપકારી એવા અમારી કોણ

પ્રશંસા કરે ? અથવા કાર્ય કરનાર માણસ જ ગ્રહણ કરાય છે; એ પ્રમાણે ઈર્ષ્યાથી બંધાયેલા દુષ્કૃતકર્મની આલોચના નહિ કરવાથી માયામિથ્યાત્વથી યુક્ત તે બન્નેએ સ્ત્રીપણાના કાર્યરૂપ (સ્ત્રીવેદ) કર્મને ઉપાર્જન કર્યું.

## વજ્રનાભ આદિની સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પત્તિ

આ પ્રમાણે વજ્રનાભ વગેરે છ ચે મુનિવરો ચૌદ લાખ પૂર્વ સુધી અસિધારા સરખી નિરતિ ચાર પ્રવ્રજ્યાને પાળી. પર્યંતે બન્ને પ્રકારની સંલેખનાપૂર્વક પાદપોપગમ અનશન સ્વીકારીને સમાધિવડે કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા.

**[અગ્યારમો વજ્રનાથ ચક્રવર્તીનો ભવ અને બારમો દેવભવ સમાપ્ત થયો.]**

**एवं उसहदेवस्स, दुवालस भवा इमे ।**
**वृत्ता पढमवग्गस्स, पढमोद्देसगे इह ।**

“ આ પ્રમાણે શ્રી ઋષભદેવ પ્રભુના આ બાર ભવ અહીં પ્રથમ વર્ગના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યા.

આ પ્રમાણે શ્રી તપાગચ્છાધિપતિ શ્રી કદંબગિરિ પ્રમુખ અનેક તીર્થોના ઉદ્ધારક, શાસનપ્રભાવક, આ–બાલબ્રહ્મચારી, સૂરીશશેખર, આચાર્ય શ્રી વિજયનેમિ-સૂરીશ્વર પટ્ટાલંકાર સમયજ્ઞ, શાંતમૂર્તિ, વાત્સલ્યવારિધિ

આચાર્યશ્રી વિજય-વિજ્ઞાનસૂરીશ્વર પટ્ટધર સિદ્ધાંત-મહોદધિ પ્રાકૃતભાષાવિશારદ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિ રચિત મહાપુરુષ ચરિતમાં પ્રથમ વર્ગમાં શ્રી ઋષભદેવ જિનેશ્વરના ધન આદિ બાર ભવના સ્વરૂપવાળો પ્રથમ ઉદ્દેશ સમાપ્ત થયો.

# ઉદ્દેશ બીજો

### કુલકરોની ઉત્પત્તિ

આ જંબૂદ્વીપના પશ્ચિમ વિદેહમાં શત્રુઓ વડે અપરાજિત એવી નામ વડે અપરાજિતા નગરી છે. તે નગરીમાં લક્ષ્મી વડે ઈશાનઈંદ્ર જેવો ઈશાનચંદ્ર નામે રાજા હતો.

### શ્રેષ્ઠિ ચંદનદાસનો પુત્ર સાગરચંદ્ર

તે નગરીમાં લક્ષ્મી વડે શોભાવાળી ધાર્મિક જનોમાં મુખ્ય, નગરીના લોકોને પ્રિય ચંદનદાસ નામે શ્રેષ્ઠી છે. તેને જગત્‌ના નેત્રોને આનંદ આપનાર સમુદ્રને ચંદ્રની જેમ સાગરચંદ્ર નામે પુત્ર હતો. તે સરળ સ્વભાવવાળો, વિવેકી, હંમેશાં ધર્મ ક્રિયાશીલ સકળ નગરજનોના મુખના આભૂષણરૂપ હતો.

એક વખત તે ઈશાનચંદ્ર રાજાના દર્શન માટે સેવા માટે આવેલા અનેક સામંત રાજાઓથી વિરાજિત રાજ-સભામાં ગયો. તે વખતે ઈશાનચંદ્ર રાજાએ આસન–તાંબૂલ આપવા વગેરેથી સત્કાર કરવાપૂર્વક પિતાની માફક મહાસ્નેહ વડે તેને જોયો.

એ વખતે કોઈ મંગલપાઠકે સભાની અંદર આવીને શંખના ધ્વનિને પણ નીચો કરી નાખે એવી વાણી વડે કહ્યું કે–હે રાજન્ ! આજે આપના ઉદ્યાનમાં ઉદ્યમવાળી ઉદ્યાનપાલિકાની માફક તૈયાર કર્યાં છે અનેક પુષ્પ જેણે એવી વસંતલક્ષ્મી વિસ્તાર પામી છે. તેથી ઇંદ્ર જેમ નંદન-વનને સંભાવિત કરે તેમ વિકાસ પામતા પુષ્પોની સુગંધથી સુગંધી કર્યાં છે દિશાઓના મુખ જેણે એવા આ વનને પ્રસન્ન થઈને જુઓ.

રાજા પણ દ્વારપાળને કહે છે કે–'સવારે બધા નગરજનોએ ઉદ્યાનમાં આવવું' એ પ્રમાણે નગરમાં ઉદ્-ઘોષણા કરાવો. તારે પણ ઉદ્યાનમાં આવવું–એ પ્રમાણે રાજાએ સાગરચંદ્રને કહ્યું.

તે પછી રાજાએ રજા આપવાથી તે ઘરે આવીને પોતાના મિત્ર અશોકદત્તને રાજાનો તેઆ દેશ કહ્યો.

## સાગરચંદ્રનું ઉદ્યાનમાં જવું અને ભયથી પ્રિયદર્શનાનું રક્ષણ કરવું

બીજે દિવસે પરિવાર સહિત રાજા ઉદ્યાનમાં ગયો. નગરજનો પણ ત્યાં ગયા. તે શ્રેષ્ઠિ પુત્ર પણ અશોક-દત્તની સાથે ગયો. તે ઉદ્યાનમાં લોક ફૂલ વીણવા વડે અને ગીત–નૃત્ય આદિ કરવા વડે ક્રીડા કરવા લાગ્યા. સ્થાને સ્થાને વિવિધ ક્રીડામાં તત્પર બેઠેલા નગરજનો છાવણી નાંખીને રહેલા કામદેવ રાજાની છાવણીની ધુરાને ધારણ કરતા હતા.

પગલે પગલે પ્રવર્તેલા ગીત–વાજિંત્રના મહાશબ્દ અધિક ઉત્પન્ન થયે છતે એક વૃક્ષની ઘટામાંથી 'બચાવો, બચાવો' એ પ્રમાણે ભયથી ત્રાસ પામેલી કોઈક સ્ત્રીનો કરુણ શબ્દ ઉત્પન્ન થયો. કાનમાં પ્રવેશ પામેલી તે વાણી વડે ખેંચાયો હોય તેમ 'આ શું ?' એ પ્રમાણે સંભ્રાંત થયેલો સાગરચંદ્ર ત્યાં દોડ્યો. તેણે ત્યાં પૂર્ણભદ્ર શેઠની પ્રિયદર્શના નામની પુત્રીને વરુ વડે હરિણીની માફક દુષ્ટ-જનો વડે ગ્રહણ કરાયેલી જોઈ. હવે તે એક દુષ્ટના હાથને મરડી નાંખીને તેના હાથમાં છરી ગ્રહણ કરી, તે દુષ્ટ પુરુષો તેનું તેવા પ્રકારનું પરાક્રમ જોઈને બળતા અગ્નિને જોવાથી વાઘની જેમ નાસી ગયા.

સાગરચંદ્રવડે દુષ્ટ પુરુષોથી છોડાયેલી પ્રિયદર્શના "પરોપકારરસિક કયો ઉત્તમ પુરુષ મારા પુણ્યોદયથી ખેંચાઈને અહીં આવ્યો ? કામદેવ સમાન રૂપને ધારણ કરનારો તે જ મારો પ્રિય થશે' એમ વિચારતી તે પોતાને ઘરે ગઈ.

અશોકદત્ત સહિત સાગરચંદ્ર હૃદયમાં પરોવાઈ ગયેલી હોય એવી પ્રિયદર્શનાને વહન કરતો ઘરે ગયો.

હવે ચંદનદાસ શેઠે લોકપરંપરાથી પુત્રનો સમગ્ર વૃત્તાંત જાણ્યો. કારણકે ઉત્કૃષ્ટ શુભ કાર્ય ગુપ્ત રહેતું નથી. તેણે વિચાર્યું કે–પ્રિયદર્શનાની ઉપર એનો રાગ ઉચિત છે, રાજહંસ કમલિની વિના બીજે આનંદ પામતો નથી, આ પુત્રે તે વખતે આ ઉદ્ભટપણું પ્રગટ કર્યું તે

યોગ્ય નથી, શક્તિશાળી હોવા છતાં પણ વણિકે પોતાની શક્તિ બતાવવી ન જોઈએ. વળી સરળ એવા મારા પુત્રનો અશોકદત્ત સાથેનો સંગ, કેળના ઝાડનો બોરડીના ઝાડના સાથેના સંગની જેમ સારો નથી. આ પ્રમાણે વિચારીને તે શેઠ સાગરચંદ્રને બોલાવીને શાંત ઉપાય-પૂર્વક શિખામણ આપતાં કહે છે—

## ચંદનદાસનો પુત્રને ઉપદેશ

હે પુત્ર ! સર્વ શાસ્ત્રાનુસારી વ્યવહારવડે તું પોતે હોંશિયાર છે, તો પણ હું તને કાંઈક જણાવું છું. હે પુત્ર! આપણે વણિક છીએ. તેથી કળાની કુશળતાથી જીવન જીવતા, ઉદ્ભટતા રહિત આચાર અને વેશવાળા થઈ, ટીકાપાત્ર ન થઈએ તેવી રીતે આપણે રહેવું જોઈએ, યૌવનમાં પણ ગુપ્ત પરાક્રમવાળા થવું જોઈએ, સ્ત્રીઓના શરીરની જેમ આપણી સંપત્તિ, કામભોગ અને દાન ગુપ્ત હોય તો જ તે શોભાને માટે થાય છે. પોતાની જાતિને અનુરૂપ ન હોય એવું કાર્ય કરવામાં આવે તો તે શોભા પામતું નથી, જેવી રીતે ઊંટના પગે બાંધેલું ઝાંઝર શોભતું નથી, સ્વભાવથી વક્ર ચિત્તવાળા દુર્જનોનો સંસર્ગ હિતકારી નથી, આ અશોકદત્ત કુષ્ઠરોગ જેમ શરીરને દૂષિત કરે છે તેમ તને સમયે દૂષિત કરશે. માયાવી પુરુષને વેશ્યાની જેમ મનમાં જુદું, વચનમાં જુદું અને આચરણમાં જુદું હોય છે, આથી તારે તેનો વિશ્વાસ ન કરવો.

સાગરચંદ્ર પણ પિતાનો ઉપદેશ સાંભળીને મનમાં વિચારવા લાગ્યો કે– આ ઉપદેશથી પિતાએ કોઈ દુષ્ટજન પાસેથી કન્યાને છોડાવવા સંબંધી સર્વ વૃત્તાંત જાણી લીધો હોય તેમ હું માનું છું. પિતાને અશોકચંદ્રની સોબત સારી લાગતી નથી તો પણ એમ થાઓ; એમ ક્ષણવાર મનમાં વિચારીને, સાગરચંદ્રે પણ વિનયપૂર્વક પિતાને કહ્યું : પિતા જે આદેશ કરે તે મારે કરવું જ જોઈએ, કારણ કે હું તમારો પુત્ર છું. જ્યાં ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન થયું તે કાર્ય કરવાથી સર્યું ! પરંતુ હે પિતા ! ક્યારેક અકસ્માત્ તેવા પ્રકારનું કાર્ય ઉપસ્થિત થાય છે કે જ્યાં જરા પણ વિચાર કરવા માટે સમય પસાર કરવો પાલવતો નથી. વિચાર કરતાં કોઈ કાર્યનો સમય પસાર થઈ જાય છે, આવા પ્રકારનો વખત આવ્યે છતે, પ્રાણસંશય પ્રાપ્ત થયે છતે પણ હું તે જ કરીશ કે જે આપને લજ્જા પમાડે તેવું નહિ હોય. વળી મારી અશોકદત્ત સાથે જે મિત્રતા છે, તે સાથે રહેવું, સાથે જ બાળપણથી રમતક્રીડા કરવી, અને વારંવાર એકબીજાનું દર્શન, એ જ કારણ છે. સમાન જાતિ, સરખી વિદ્યા, સમાન આચાર અને સમાન વય, પરોક્ષમાં પણ ઉપકારીપણું અને સુખ–દુઃખમાં સમાન ભાગી થવું એ મિત્રતા ઉત્પન્ન કરે છે. એનામાં હું જરા પણ દુર્ગુણ જોતો નથી, આપને કોઈએ અસત્ય કહ્યું જણાય છે. અથવા તે તેવા પ્રકારનો માયાવી હોય તો ભલે હો, એક ઠેકાણે સ્થાપના કર્યા છતાં પણ કાચ એ કાચ જ છે અને મણિ એ મણિ છે.

આ પ્રમાણે પુત્રે કહ્યા પછી શેઠ તેને કહે છે કે-તું બુદ્ધિશાળી છે, તો પણ સર્વ જગ્યાએ સાવધાન થવું જોઈએ, કારણકે બીજાનું ચિત્ત જોઈ શકાતું નથી.

હવે પુત્રના ભાવને જાણનારા શેઠે પુત્રને માટે શીલ આદિ ગુણોથી વિભૂષિત પ્રિયદર્શના કન્યાની પૂર્ણભદ્રશેઠ પાસે માગણી કરી. પહેલાં પણ તમારા પુત્રે મારી પુત્રી ઉપર ઉપકાર કરવા દ્વારા મારી પુત્રીને ખરીદી જ છે એમ બોલતાં પૂર્ણભદ્રશેઠે તેમનું વચન કબૂલ કર્યું.

### સાગરચંદ્રનો પ્રિયદર્શના સાથે વિવાહ

તે પછી પ્રશસ્ત તિથિ, વાર, નક્ષત્ર હોતે છતે શુભ લગ્નમાં માત-પિતાએ સાગરચંદ્રનો પ્રિયદર્શના સાથે વિવાહ કરાવ્યો. ઇચ્છિત વિવાહ થવાથી તે વધૂ-વર ઘણો આનંદ પામ્યા. સમાન ચિત્ત હોવાથી અભેદ ભાવને પામેલા તેઓનો સ્નેહભાવ પરસ્પર વધવા લાગ્યો. શીલ-વંત, રૂપવંત અને સરળ એવા તે બંનેનો અનુરૂપ સંયોગ વિધિના યોગે થયો.

### અશોકદત્તનું એકાંતમાં પ્રિયદર્શનાને મળવું

હવે એક વખત સાગરચંદ્ર કાર્ય નિમિત્તે બહાર નીકળ્યો, ત્યારે અશોકદત્ત તેના ઘરે આવીને પ્રિયદર્શનાને કહે છે કે તારો પ્રિય સાગરચંદ્ર ધનદત્ત શેઠની વહુ સાથે એકાંતમાં જે મંત્રણા કરે છે, ત્યાં તેનું શું કારણ હશે ?

તે વખતે સ્વભાવે સરળ એવી તે પ્રિયદર્શના કહે છે કે-તે તમારા મિત્ર જાણે, અથવા હંમેશાં તેનું બીજું

હૃદય તમે છો, તેથી તમે જાણો. વ્યવસાયમાં તત્પર મોટા માણસોના એકાંતમાં વિચારાયેલા કાર્યોને કોણ જાણે, વળી જાણે તો પણ તે ઘરે શા માટે કહે?

અશોકદત્ત પણ કહે છે–તારા પતિને તેણી સાથે જે પ્રયોજન છે, તે હું જાણું છું, પરંતુ તે કેવી રીતે કહી શકાય?

પ્રિયદર્શનાએ પૂછ્યું–'તે શું છે?'

તે કહે છે કે–તારી સાથે મારે જે પ્રયોજન છે, તેણીની સાથે તેને પણ તે પ્રયોજન હોય!

તેનો ભાવ નહિ જાણતી સરળ સ્વભાવવાળી પ્રિય-દર્શનાએ ફરીથી પણ પૂછ્યું–મારી સાથે તમારે શું પ્રયોજન છે?

તે બોલ્યો–હે સુંદર નેત્રવાળી! એક તારા પતિ વિના ભિન્ન–ભિન્ન રસને જાણનારા કયા સચેતન પુરુષને તારી સાથે પ્રયોજન ન હોય?

કાનમાં સોય સરખા તેના દુષ્ટ ભાવને સૂચવનારા વચનને સાંભળીને તે અધોમુખવાળી થઈને કોપ સહિત સાક્ષેપપૂર્વક કહેવા લાગી કે—

અરે મર્યાદા વગરના અધમ પુરુષ! તેં આવો વિચાર કેવી રીતે કર્યો? અથવા વિચાર્યું છતાં કેવી રીતે કહ્યું? અત્યંત અધમ એવા તને ધિક્કાર હો! વળી મહાત્મા એવા મારા પતિને પોતાની સરખો અરે! તું

વિચારે છે ? મિત્રના બ્હાને શત્રુ સ્વરૂપ એવા તને ધિક્કાર પડો ! અરે પાપી ! અહીંથી ચાલ્યો જા, અહીં ઊભો ન રહે, તને જોવાથી પણ પાપ થાય !

આ પ્રમાણે તેણીએ આક્રોશ કરવાથી ચોરની માફક તે જલદી નીકળી ગયો. ગાયની હત્યા કરનારની જેમ મલિન મુખવાળો, વિષાદ પામેલા ચિત્તવાળો આવતો એવો તે રસ્તામાં સાગરચંદ્ર વડે જોવાયો.

### સાગરચંદ્રની સાથે અશોકદત્તની વાતચીત

હે મિત્ર ! શા કારણે તું ઉદ્વેગ પામ્યો હોય તેમ દેખાય છે ? આ પ્રમાણે શુદ્ધ હૃદયવાળા સાગરચંદ્રે પૂછ્યું.

તેથી માયા અને કૂટના પર્વત સરખો તે દીર્ઘ નિસાસો નાંખતો, સંકોચ પામેલા ઓષ્ઠવાળો દુષ્ટ જાણે કષ્ટ વડે બોલે છે : ' હે ભાઈ ! સંસારસાગરમાં વસનારાને તું ઉદ્વેગનું કારણ શું પૂછે છે ? જે ગુહ્યસ્થાને વ્રણની જેમ ઢાંકી શકાય નહિ અને ઉઘાડું પણ ન કરી શકાય તેવું કાંઈક અહીં ઉપસ્થિત થયું છે.' એમ કહીને કપટથી આંખમાં આંસુ લાવી અશોકદત્ત રહે છતે માયારહિત તે આ પ્રમાણે વિચારવા લાગ્યો :—

અહો ! સંસાર અસાર છે, જ્યાં આવા પ્રકારના પુરુષને અકાળે આવા પ્રકારનું સંદેહનું સ્થાન પેદા થાય છે, ધીરતાથી નહિ બોલવા છતાં પણ આનો મોટેથી અંદરનો ઉદ્વેગ ધૂમાડા વડે અગ્નિની માફક બલાત્કારે આંસુઓ વડે જણાય છે. એમ વિચારી એકદમ મિત્રના

દુઃખવડે દુઃખી થયેલો સાગરચંદ્ર ફરીથી ગદ્‌ગદપણે તેને કહે છે : હે મિત્ર ! જો ન કહી શકાય તેવું ન હોય તો તે ઉદ્વેગનું કારણ મને કહે, મને દુઃખનો ભાગ આપીને હમણાં અલ્પ દુઃખવાળો તું થા.

અશોકદત્ત પણ કહે છે કે–મારા પ્રાણ સમાન તું હોવાથી તને બીજું પણ ન કહી શકાય તેવું કાંઈ પણ નથી. અને આ વૃત્તાંત તો વિશેષે કરીને, હે મિત્ર! તું જાણે છે કે–આ જગતમાં સ્ત્રીઓ અનર્થોની ખાણ છે.

સાગરચંદ્ર પણ કહે છે કે–એમ જ છે. શું તું હમણાં સાપણ જેવી કોઈ સ્ત્રીના વિષમ સંકટમાં પડ્યો છે?

અશોકદત્ત પણ કૃત્રિમ લજ્જા કરતો કહે છે કે–તારી પ્રિયા પ્રિયદર્શના ઘણા સમયથી અજુગતું કહે છે. મેં તો 'પોતાની મેળે શરમાઈને ક્યારેક તે અટકશે' એમ વિચારીને આટલા વખત સુધી તેની ઉપેક્ષા કરી. પરંતુ દિવસે દિવસે અસતીપણાને ઉચિત વચનો વડે મને બોલાવતી તે અટકતી નથી. હે ભાઈ! આજે તારી તપાસ કરવા માટે તારા ઘરે હું ગયો, ત્યારે છળમાં તત્પર એવી રાક્ષસીની માફક તેણે મને રોક્યો. કેમે ય કરીને તેના બંધનમાંથી પોતાને છોડાવીને હું અહીં જલદી આવ્યો, તેથી મેં વિચાર્યું કે–આ મને જીવતાં છોડશે નહિ, આથી આજે હું આત્મઘાત કરું ? અથવા મરી જવું એ પણ ઉચિત નથી, કારણ કે એ મારા મિત્રને મારી ગેરહાજરીમાં જુદી જાતનું કહેશે તેથી મરવાથી સર્યું

અથવા તો મારી જાતે જ આ સર્વ મારા મિત્રની આગળ કહું, કે જેથી એનાથી વિશ્વાસ કરી તે અનર્થને ન પામે. વળી એ પ્રમાણે યોગ્ય નથી, કારણ કે મેં એનો મનોરથ પૂર્યો નથી, આથી તેને દુ:શીલ કહેવા વડે ક્ષત ઉપર ક્ષાર કેવી રીતે નાંખું ? આ પ્રમાણે વિચાર કરતો હું અહીં હમણાં તારા વડે જોવાયો છું. હે ભાઈ! આ મારા ઉદ્વેગનું કારણ તું જાણ.

આ પ્રમાણે સાંભળીને વિષપાન કર્યું હોય તેમ ક્ષણવાર સાગરચંદ્ર નિશ્ચલ થઈ ગયો

સાગરચંદ્ર કહે છે કે—સ્ત્રીઓને માટે એ ઘટે છે. તું ખેદ ન કર. સ્વસ્થ થઈને સારા વ્યવસાયમાં રહે, તેનું વચન યાદ ન કરવું. તે જેવા પ્રકારની હોય તેવી ભલે હો, તેની સાથે શું કામ છે ? ફક્ત આપણે બન્ને ભાઈઓની મનની મલિનતા ન થાઓ.

આ પ્રમાણે સરળ સ્વભાવવાળા તેના વડે શાંત કરાયેલો તે અધમ અશોકદત્ત હર્ષિત ચિત્તવાળો થયો. માયાવી માણસો અપરાધ કરીને પણ પોતાને સન્માને છે.

ત્યારથી માંડીને સાગરચંદ્ર સ્નેહ રહિત થઈ ઉદ્વેગ સહિત પ્રિયદર્શનાને રોગગ્રસ્ત આંગળીની જેમ ધારણ કરે છે. પરંતુ પૂર્વની જેમ રાગરહિતપણે તેની સાથે વર્તન કરે છે, કારણકે 'પોતે પાળેલી વેલડી ફળ ન આપે તો પણ તેને ઉખેડી નંખાય નહિ.'’

પ્રિયદર્શનાએ પણ 'આ બંનેનો મારા વડે કરાયેલો ભેદ ન થાઓ' એમ વિચારીને અશોકદત્તનું તે વૃત્તાંત પતિને જણાવ્યું નહિ.

હવે સાગરચંદ્ર નિર્વેદ વડે સંસારને કારાગૃહ સમાન માનતો, દીન-અનાથ અને દુઃખીજનોને વિષે પોતાની ઋદ્ધિને સફળ કરવા લાગ્યો.

## સાગરચંદ્ર આદિ મરણ પામી યુગલિકપણે ઉત્પન્ન થયા

કાળક્રમે સાગરચંદ્ર, પ્રિયદર્શના અને અશોકદત્ત પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને તે ત્રણેય કાળધર્મ પામ્યા.

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના દક્ષિણ ભરતાર્ધમાં ગંગા-સિંધુની વચ્ચે મધ્યભાગમાં આ અવસર્પિણીનો ત્રીજો આરો ઘણો વ્યતીત થયે છતે પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે છતે યુગલધર્મ વડે સાગરચંદ્ર અને પ્રિયદર્શના ઉત્પન્ન થયા.

## કાળચક્રનું સ્વરૂપ

પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં કાળવ્યવસ્થાના કારણરૂપ બાર આરાવાળું કાળચક્ર હોય છે. અવસર્પિણી અને ઉત્સર્પિણીના ભેદથી કાળ બે પ્રકારે છે. અવસર્પિણીના સુષમસુષમ આદિ છ આરાઓ છે. ત્યાં પ્રથમ સુષમસુષમ આરો ચાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ બીજો સુષમ આરો ત્રણ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે,

ત્રીજો સુષમદુષમ આરો બે કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે, ચોથો દુષમસુષમ આરો બેંતાલીશ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે, પાંચમો દુષમ આરો એકવીશ હજાર વર્ષ પ્રમાણ છે, છઠ્ઠો દુષમ દુષમ આરો પણ તેટલા–એકવીશ હજાર વર્ષ પ્રમાણ છે.

જેમ અવસર્પિણીના છ આરા કહ્યા, તેવી રીતે તે જ પ્રતિલોમ (ઉલટા) ક્રમ વડે ઉત્સર્પિણીમાં પણ જાણવા. આ પ્રમાણે અવસર્પિણી અને ઉત્સર્પિણીનો ભેગા કરવાથી વીશ કોડાકોડી સાગરોપમ થાય છે.

તેમાં પ્રથમ આરામાં મનુષ્યો પણ પલ્યોપમ જીવિતવાળા, ત્રણ કોશ ઊંચા, ચોથા, દિવસે ભોજન કરનારા હોય છે. તે મનુષ્યો સમચતુરસ્ર સંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સર્વલક્ષણોથી લક્ષિત, સદા સુખવાળા, ક્રોધ–માન–માયા અને લોભ એ ચાર કષાયો જેના મંદ છે એવા, હંમેશાં સ્વભાવથી અધર્મનો ત્યાગ કરનારા હોય છે.

તેઓને મદ્યાંગ વગેરે દશ પ્રકારનાં કલ્પવૃક્ષો અહર્નિશ વાંછિત આપે છે. ત્યાં મદ્યાંગ વૃક્ષો મદ્ય, ભૃંગવૃક્ષો ભાજન, તુર્યાંગવૃક્ષો વિવિધ પ્રકારનાં વાજિંત્ર, દીપશિખા અને જ્યોતિષ્ક વૃક્ષો ઘણો ઉદ્યોત, ચિત્રાંગ વૃક્ષો વિવિધ પુષ્પો અને માળા, ચિત્રરસ વૃક્ષો વિવિધ પ્રકારના ભોજ્ય પદાર્થ, મણ્યંગ વૃક્ષો અનેક પ્રકારનાં ભૂષણો, ગેહકાર વૃક્ષો ઉત્તમ ગૃહો, અને અનગ્ન વૃક્ષો દિવ્ય વસ્ત્રો આપે છે.

તે વખતે ત્યાં ભૂમિઓ સાકરની જેવા સ્વાદવાળી હોય છે અને નદી આદિમાં પાણી પણ હંમેશાં અત્યંત મધુર હોય છે.

બીજા આરામાં મનુષ્યો બે પલ્યોપમના આયુષ્યવાળા, બે કોશ ઊંચા અને ત્રીજા દિવસે ભોજન કરનારા હોય છે. તે આરામાં કલ્પવૃક્ષો કાંઈક ઓછા પ્રભાવવાળા હોય છે, પાણી અને ભૂમિની મીઠાશ પણ પહેલા આરા કરતાં કાંઈક હીન થાય છે, આ આરામાં કાળક્રમે પૂર્વના આરાની જેમ હીન–હીનતર બીજું સર્વ પણ થતું જાય છે.

ત્રીજા આરામાં મનુષ્યો એક પલ્યોપમના આયુષ્યવાળા, એક કોશ ઊંચા, બીજા દિવસે ભોજન કરનારા હોય છે, આ આરામાં પૂર્વની જેમ દેહ–આયુ–ભૂમિની મધુરતા અને કલ્પવૃક્ષોનો પ્રભાવ પણ હીન થાય છે.

પૂર્વના પ્રભાવથી રહિત ચોથા આરામાં મનુષ્યો ક્રોડપૂર્વના આયુષ્યવાળા, પાંચસો ધનુષ્ય ઊંચા હોય છે.

પાંચમા આરામાં [૧]સો વર્ષના આયુષ્યવાળા, સાત હાથ ઊંચા દેહવાળા મનુષ્યો હોય છે.

છઠ્ઠા આરામાં વળી [૨]સોળ વર્ષના આયુષ્યવાળા, [૩]એક હાથ ઊંચા મનુષ્યો હોય છે.

---

૧ ક્ષેત્ર સમાસ ગ્રંથમાં એકસો ત્રીસ વર્ષના આયુષ્યવાળા કહેલ છે.

૨ ક્ષેત્રસમાસ ગ્રંથમાં વીશ વર્ષના આયુષ્યવાળા પણ કહેલ છે.

૩ ક્ષેત્રસમાસ ગ્રંથમાં બે હાથ ઊંચાઈવાળા મનુષ્યો કહેલ છે.

ઉત્સર્પિણીમાં પણ પશ્ચાનુપૂર્વીએ દુઃષમદુઃષમ વગેરે છ આરાઓ આ પ્રકારે જાણવા.

### સાત કુલકરો

### પ્રથમ કુલકર : વિમલવાહન

ત્રીજા આરાના અંતે ઉત્પન્ન થવાથી તે સાગરચંદ્ર અને પ્રિયદર્શના નવસો ધનુષ્ય ઊંચા, પલ્યોપમના દશમા ભાગના આયુષ્યવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા યુગલધર્મી થયા.

ત્યાં સાગરચંદ્ર જાત્યસુવર્ણ સમાન કાંતિવાળો અને તેની ભાર્યા પ્રિયંગુ (રાયણ) સમાન વર્ણવાળી થઈ.

તે અશોકદત્ત પૂર્વજન્મમાં કરેલ માયાવડે તે જ સ્થાને શ્વેતવર્ણની કાંતિવાળો ચાર દાંતવાળો ગજરાજ થયો.

એક વખત આમતેમ ભ્રમણ કરતાં તે હાથીએ પૂર્વજન્મના મિત્ર તે યુગલિક પુરુષને જોયો. પૂર્વજન્મના અભ્યાસના યોગે તેને તેની ઉપર સ્નેહ પ્રગટ થયો. તે હાથીએ પોતાની સૂંઢ વડે તેને ગ્રહણ કરીને સુખપૂર્વક આલિંગન કરીને નહીં ઈચ્છવા છતાં પણ તેને પોતાના સ્કંધ ઉપર ચઢાવ્યો. એક–બીજાના દર્શનથી તે બંનેને પૂર્વજન્મનું સ્મરણ થયું (જાતિસ્મરણ થયું.)

બીજા યુગલિકો ચાર દાંતવાળા હાથીના સ્કંધ ઉપર ચડેલા તેને ઇન્દ્રની જેમ જોતા હતા. 'શંખ, કુંદપુષ્પ,

અને ચંદ્ર સરખા વિમળ હાથી ઉપર ચઢ્યો’ તેથી યુગલિક મનુષ્યોએ ‘આ વિમળવાહન છે’ એ પ્રમાણે તેનું નામ કહ્યું.

તે વિમળવાહન જાતિસ્મરણથી નીતિને જાણનાર, સ્વભાવથી ભદ્રક અને રૂપવાન હતો, તેથી સર્વ લોકો કરતા ચઢીયાતો થયો. કેટલોક સમય ગયા પછી કલ્પવૃક્ષોનો પ્રભાવ સંયમથી ભ્રષ્ટ થયેલા યતિઓની માફક મંદ થયો. તેમજ તેવા પ્રકારના કાળના પ્રભાવથી યુગલિક જનોને કલ્પવૃક્ષો ઉપર મમત્વ થયું. બીજાએ સ્વીકારેલા કલ્પવૃક્ષને જ્યારે બીજો ગ્રહણ કરે ત્યારે પૂર્વના યુગલિક મનુષ્યને મોટો પરાભવ થતો હતો. તેઓ તેવા પ્રકારના પરાભવને પરસ્પર નહીં સહન કરતા પોતાનાથી અધિક ગુણવાળા વિમલવાહનને સ્વામી તરીકે સ્વીકાર કરતા હતા. સ્થવિર એવો તે વિમળવાહન જાતિસ્મરણ જ્ઞાન વડે નીતિને જાણનારો યુગલિક મનુષ્યોને કલ્પવૃક્ષો વહેંચીને આપે છે. ત્યાં જે જે બીજાના કલ્પવૃક્ષને ગ્રહણ કરવા વડે મર્યાદાનું ઉલ્લંઘન કરે છે તેને શિક્ષા કરવા માટે તેણે હાકાર નીતિ સ્થાપન કરી. ‘હા ! તારા વડે ખરાબ કરાયું’ આ પ્રમાણે એવી જાતના દંડ વડે સમુદ્રની વેલાના પાણીની જેમ તે યુગલિકો મર્યાદાનું ઉલ્લંઘન કરતા ન હતા. તે હાકારદંડ વડે યુગલિકો ‘દંડ આદિ વડે મારવું સારૂં પણ હાકારરૂપ તિરસ્કાર સારો નહીં’ એમ માનતા હતા.

તે વિમળવાહનનું છ માસ પ્રમાણ આયુષ્ય બાકી

હતું, ત્યારે ચંદ્રયશા ભાર્યાએ એક મિથુનને જન્મ આપ્યો. તે સ્ત્રી–પુરુષ અસંખ્ય વર્ષના આયુષ્યવાળા, પ્રથમ સંઘયણવાળા, પ્રથમ સંસ્થાનવાળા, શ્યામ વર્ણવાળા, આઠસો ધનુષ્ય ઊંચા, માત–પિતા વડે 'ચક્ષુષ્માન્ અને ચંદ્રકાંતા' એ પ્રમાણે અપાયેલ નામવાળા વધવા લાગ્યા. છ માસ સુધી તે પુત્ર–પુત્રી રૂપ યુગલનું પાલન કરીને જરા અને રોગરહિત એવા તે મૃત્યુ પામીને વિમલવાહન સુવર્ણ–કુમારમાં અને ચંદ્રયશા નાગકુમારમાં ઉત્પન્ન થયા. તે હાથી પણ પોતાનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાં જ નાગકુમારમાં ઉત્પન્ન થયો.

## બીજો કુલકર : ચક્ષુષ્માન્

હવે ચક્ષુષ્માન્ પણ વિમળવાહનની પેઠે યુગલિક મનુષ્યોને મર્યાદામાં રાખતો હતો. અંતિમ સમય પ્રાપ્ત થયે છતાં ચક્ષુષ્માન્ અને ચંદ્રકાંતાને યશસ્વી અને સુરૂપા નામે યુગલિકરૂપે પુત્ર–પુત્રી ઉત્પન્ન થયા. તેઓ પણ પૂર્વની જેમ સંઘયણ–સંસ્થાન અને વર્ણ વડે સરખા, પૂર્વથી કાંઈક ઓછા આયુષ્યવાળા, અનુક્રમે વૃદ્ધિ પામ્યા. હંમેશાં સાથે ફરતા, કાંતિવાળા, સાતસો ધનુષ્ય ઊંચા, તેઓ યુગલિક મનુષ્યોની વચ્ચે તોરણ અને સ્તંભના વિલાસને પામતા હતા. કાળક્રમે કાળ ધર્મ પામીને ચક્ષુષ્માન્ સુવર્ણકુમારમાં અને ચંદ્રકાંતા નાગકુમારમાં ઉત્પન્ન થયા.

## ત્રીજો કુલકર : યશસ્વી

તે પછી યશસ્વી પિતાની માફક સર્વ યુગલિકોને જેમ ગોવાળો ગાયોને પાળે તેમ પાળતો હતો. હવે હવે યુગલિક મનુષ્યો ક્રમે કરીને હાકારનીતિનું ઉલ્લંઘન કરવા લાગ્યા. તેઓને શિક્ષા દેવા માટે યશસ્વી કુલકરે 'મા' કારનીતિ કરી. 'એક ઔષધથી અસાધ્ય એવા રોગમાં બીજું ઔષધ આપવું જ જોઈએ.' તે મહામતિ અલ્પ અપરાધમાં પ્રથમ નીતિને, મધ્ય અપરાધમાં બીજી નીતિને અને મોટા અપરાધમાં બન્ને નીતિઓનો ઉપયોગ કરતો હતો. પર્યંત સમયે યશસ્વી અને સુરૂપાને તેઓ કરતાં કાંઈક ન્યૂન આયુષ્યવાળા યુગલરૂપ સ્ત્રી-પુરુષ સાથે ઉત્પન્ન થયા. તેઓએ ચંદ્ર જેવા ઉજ્જવલપણાથી પુત્રનું અભિચંદ્ર અને પુત્રીનું પ્રિયંગુસમાન વર્ણવાળી હોવાથી પ્રતિરૂપા એ પ્રમાણે નામ કર્યું. પિતા કરતાં અલ્પ આયુષ્યવાળા સાડા છસો ધનુષ્ય ઊંચા અનુક્રમે તેઓ વૃદ્ધિ પામ્યા. પરિપૂર્ણ આયુષ્યવાળો યશસ્વી ઉદધિકુમારમાં અને સુરૂપા નાગ કુમારમાં ઉત્પન્ન થયા.

## ચોથો કુલકર : અભિચંદ્ર

અભિચંદ્ર પણ પિતાની જેમ સર્વ યુગલિક મનુષ્યોને તે મર્યાદા વડે હાકાર અને માકારનીતિ વડે શાસન કરતો હતો. અંતકાલે પ્રતિરૂપાએ પણ મિથુનને જન્મ આપ્યો. માત-પિતાએ પુત્રનું નામ પ્રસેનજિત્ અને પુત્રીનું નામ ચક્ષુષ્કાંતા સ્થાપન કર્યું. તેઓ પણ માત-પિતા કરતાં

ન્યૂન આયુષ્યવાળા તમાલવૃક્ષની જેમ શ્યામ કાંતિવાળા, છસો ધનુષ્ય ઊંચાઈને ધારણ કરતાં અનુક્રમે વૃદ્ધિ પામ્યા. અભિચંદ્ર પણ છેવટે મરીને ઉદધિકુમારમાં અને પ્રતિરૂપા નાગકુમારમાં ઉત્પન્ન થયા.

## પાંચમો કુલકર : પ્રસેનજિત્

પ્રસેનજિત તેવી જ રીતે યુગલિક મનુષ્યોનો સ્વામી થયો. 'મહાપુરુષોના પુત્રો ઘણું કરીને મહાપુરુષ જ થાય છે.' જેવી રીતે કામપીડિત મનુષ્યો લજ્જા અને મર્યાદાનું ઉલ્લંઘન કરે તેમ તે વખતે યુગલિક મનુષ્યો હાકારનીતિ અને માકારનીતિનું ઉલ્લંઘન કરે છે, તેથી પ્રસેનજિતે અનાચારરૂપી મહાભૂતને ત્રાસ પમાડવામાં મંત્રાક્ષર સરખી બીજી ધિક્કારનીતિને કરી. નીતિમાં કુશળ એવો તે, તે ત્રણ નીતિઓ વડે સર્વ યુગલિકજનો ઉપર શાસન કરતો હતો, તે પછી છેલ્લા કાળમાં ચક્ષુષ્કાંતાએ પણ કોઈક ન્યૂન આયુષ્યવાળા પાંચસો પચાસ ધનુષ્યની ઊંચાઈવાળા મિથુન જોડલાને જન્મ આપ્યો. તે પણ સાથે જ વધવા લાગ્યા. પુત્ર મરુદેવ નામે, અને પુત્રી શ્રીકાંતા નામે તે બંને લોકમાં પ્રસિદ્ધિ પામ્યા. પ્રિયંગુવર્ણવાળી પત્ની વડે સુવર્ણ સરખી કાંતિવાળો મરુદેવ, નંદનવનની વૃક્ષ શ્રેણી વડે કનકાચલ (મેરુ પર્વત)ની જેમ શોભતો હતો. તેઓ પણ પર્યંતે મરણ પામીને પ્રસેનજિત દ્વીપકુમારમાં અને ચક્ષુષ્કાંતા વળી નાગકુમારમાં ઉત્પન્ન થયા.

### છઠ્ઠો કુલકર : મરુદેવ

મરુદેવ પણ તે જ નીતિના ક્રમવડે સર્વ યુગલિક મનુષ્યો ઉપર શાસન કરતો હતો, પર્યંતે શ્રીકાંતાએ નાભિ અને મરુદેવા નામના યુગલને જન્મ આપ્યો, તેઓ પાંચસો પચીશ ધનુષ્યની ઊંચાઈવાળા સાથે જ વધવા લાગ્યા. પ્રિયંગુ (રાયણ) સરખા વર્ણવાળી મરુદેવા અને જાંબૂનદ (સુવર્ણ) સરખા વર્ણવાળો નાભિ, માતા-પિતાના ગુણોવડે તેઓના જ પ્રતિબિંબ હોય તેમ શોભતા હતા. શ્રીકાંતા અને મરુદેવ કરતાં તેઓનું આયુષ્ય કાંઈક ઓછું સંખ્યાતા પૂર્વપ્રમાણ હતું. હવે મરુદેવ કાળધર્મ પામીને દ્વીપકુમારમાં અને શ્રીકાંતા પણ તે જ વખતે નાગકુમારમાં ગયા.

### સાતમો કુલકર : નાભિ

યુગલિક મનુષ્યોમાં સાતમા કુલકર નાભિ થયા. તે પણ પૂર્વની જેમ યુગલિક મનુષ્યોને ત્રણ નીતિવડે શાસન કરવા પ્રવૃત્ત થયા.

### ઋષભદેવ પ્રભુનું ચ્યવન

તે વખતે ત્રીજા આરાના ચોરાશી લાખ પૂર્વ અને નેવ્યાશી પંખવાડીઆ બાકી રહ્યે છતાં આષાઢ વદિ ચોથને દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્ર આવ્યે છતાં શ્રી વજ્ર-નાભનો જીવ તેત્રીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને શ્રી નાભિકુલકરની ભાર્યા મરુદેવીના ઉદરમાં અવતર્યા.

તેના અવતાર વખતે ત્રણે ય લોકના પ્રાણીઓને દુઃખનો છેદ થવાથી ક્ષણવાર સુખ અને મોટો ઉદ્યોત થયો. તેના અવતારની રાત્રિએ વાસભવનમાં સૂખપૂર્વક સૂતેલા મરુદેવીએ ચૌદ મહાસ્વપ્ન જોયાં.

ત્યાં પ્રથમ સ્વપ્નમાં પુષ્ટ સ્કંધવાળો, દીર્ઘ સરળ પુચ્છવાળો, સુવર્ણની ઘુઘરીઓની માળાથી વિરાજિત વૃષભ જોયો. ૧. બીજા સ્વપ્નમાં ચાર દાંતવાળો, શ્વેત-વર્ણવાળો, અનુક્રમે ઉન્નત, ઝરતા મદથી શોભતો હાથી. ૨. ત્રીજા સ્વપ્નમાં પીત નેત્રવાળો, દીર્ઘ જીભવાળો, ચપલ કેસરાવાળો સિંહ. ૩. ચોથા સ્વપ્નમાં પદ્મદ્રહમાં કમળમાં નિવાસ કરનારી, પૂર્ણચંદ્ર સરખા નેત્રવાળી, દિગ્ગજોની પુષ્ટ મોટી સૂંઢથી અભિષેક કરાતી લક્ષ્મી દેવી. ૪, પાંચમા સ્વપ્નમાં વિવિધ પ્રકારના કલ્પવૃક્ષોના પુષ્પથી ગૂંથેલી માળા. ૫. છઠ્ઠા સ્વપ્નમાં પોતાના મુખના પ્રતિ-બિંબ જેવા, આનંદને ઉત્પન્ન કરનારા, કાંતિના સમૂહ દિશા–મંડળને પ્રકાશિત કરનારા ચંદ્રમંડળ. ૬. સાતમા સ્વપ્નમાં અંધકારના સમૂહને દૂર કરનારા, રાત્રિમાં પણ દિવસના ભ્રમને કરાવનાર, હજાર કિરણોથી શોભતો સૂર્ય. ૭. આઠમા સ્વપ્નમાં ઘૂઘરીઓની જાળથી શોભતી ચલાય-માન ધ્વજાઓ વડે શોભતો મહાધ્વજ. ૮. નવમા સ્વપ્નમાં જાત્યસુવર્ણથી ઉજ્જવળ રૂપવાળો, સમુદ્રમંથનથી નીકળતા અમૃતકુંભ સરખો પૂર્ણકુંભ. ૯. દશમા સ્વપ્નમાં ભ્રમરના શબ્દવાળા કમળો વડે પ્રથમ તીર્થંકરની સ્તુતિ કરવા માટે અનેક મુખવાળું થયું હોય એવું મોટું પદ્મ સરોવર.

૧૦. અગ્યારમા સ્વપ્નમાં ભૂમિ ઉપર વિસ્તાર પામેલા શરદઋતુની મેઘમાળાની શોભાને ચોરનાર, તરંગોના સમૂહ વડે મનને આનંદ પમાડનાર ક્ષીરસમુદ્ર. ૧૧. બારમા સ્વપ્નમાં દેવપણામાં જ્યાં ભગવાન રહ્યા હતા, તે અહીં પણ પૂર્વના સ્નેહ વડે આવ્યું હોય તેવું, અમિત પ્રભા વડે શોભનું શ્રેષ્ઠ વિમાન. ૧૨. તેરમા સ્વપ્નમાં પૃથ્વીતળ ઉપર રહેલ, ઊંચે આકાશમંડળને પ્રકાશિત કરતો, તારાઓનો સમૂહ કોઈક સ્થળેથી એકત્ર મળ્યો હોય એવો, સમૂહરૂપે થયેલ નિર્મળ કાંતિવાળો મોટો રત્નપુંજ. ૧૩. ચૌદમા સ્વપ્નમાં તેજસ્વી પદાર્થોના એકઠા થયેલા તેજ જેવો ધૂમરહિત અગ્નિ. ૧૪. આ પ્રમાણે આ ચૌદ મહાસ્વપ્નોએ શરદઋતુના ચંદ્ર સમાન મુખવાળી મરુદેવીના મુખકમળમાં અનુક્રમે પ્રવેશ કર્યો. રાત્રિના વિરામ સમયે સ્વામિની મરુદેવી પણ સ્વપ્નને અંતે વિસ્મિત મુખવાળી જાગૃત થયા. તે પછી તે મરુદેવી હૃદયમાં નહીં સમાતા હર્ષને બહાર કાઢતી હોય તેમ કોમળ અક્ષરોથી તે પ્રમાણે જ તે સ્વપ્નો નાભિકુલકરને કહ્યા.

### મરુદેવાને નાભિરાજા તથા ઇંદ્રોએ કહેલ સ્વપ્નનું ફળ

'હે દેવી! તમને ઉત્તમ કુલકર પુત્ર થશે' એમ કહીને નાભિકુલકર પોતાની સરળતા પ્રમાણે સ્વપ્નોનો અર્થ વિચારવા પ્રવર્ત્યા. તે વખતે ઇંદ્રોના આસન સ્થિર હોવા છતાં પણ તે વખતે કંપાયમાન થયા. 'અકસ્માત્ અમારા આસનો કેમ કંપાયમાન થયા?' એ પ્રમાણે ઇંદ્રોએ અવધિજ્ઞાન વડે ઉપયોગ આપીને તે જાણ્યું.

તે સમયે ભગવંતની માતાના સ્વપ્નોના અર્થ કહેવા માટે સંકેત કરેલા મિત્રોની જેમ જલ્દી ત્યાં આવ્યા. તે પછી વિનય વડે અંજલિ કરીને ઇંદ્રો સ્વપ્નોનો અર્થ પ્રગટપણે કહેવા લાગ્યા :

હે સ્વામિની! સ્વપ્નમાં વૃષભ જોવાથી તમારો પુત્ર મોહરૂપી કાદવમાં ખૂંચેલા ધર્મરૂપી રથને બહાર કાઢવામાં સમર્થ થશે. ૧

હાથીને જોવાથી તમારો પુત્ર મોટાઓ કરતાં પણ મોટા મહાપરાક્રમનું એક સ્થાન થશે. ૨

સિંહને જોવાથી ધીર, સર્વત્ર ભયરહિત, શૂર અસ્ખલિત પરાક્રમવાળો પુરુષસિંહ થશે ૩

શ્રીદેવીને જોવાથી તમારો પુત્ર ત્રણેય લોકના ઐશ્વર્યની લક્ષ્મીનો નાથ થશે. ૪

સ્વપ્નમાં માળા જોવાથી સર્વલોકને પુષ્પમાળાની જેમ મસ્તક વડે વહન કરવા લાયક છે શાસન જેનું એવો થશે. ૫

પૂર્ણચંદ્રને જોવાથી જગતના નેત્રોને આનંદ કરનાર, મનોહર તમારો પુત્ર થશે. ૬

સૂર્યના દર્શનથી મોહરૂપી અંધકારનો નાશ કરનાર, જગતના ભાવોને ઉદ્યોત કરનાર થશે. ૭

મહાધ્વજાને જોવાથી મહાવંશની સ્થાપના કરનાર ધર્મધ્વજવાળો થશે. ૮

પૂર્ણકુંભને જોવાથી સકળ અતિશયોનું પવિત્ર પાત્ર થશે. ૯

પદ્મસરોવર જોવાથી સંસારરૂપી અટવીમાં પડેલા પ્રાણીઓના તાપને હરણ કરશે. ૧૦

ક્ષીરસમુદ્રને જોવાથી પરાભવ ન પામે એવો આદરણીય થશે. ૧૧

વિમાન જોવાથી તમારો પુત્ર ત્રણ ભુવનનો સ્વામી, વૈમાનિક દેવોથી પણ સેવાશે. ૧૨

સ્ફુરાયમાન કાંતિવાળા રત્નપુંજને જોવાથી તમારો પુત્ર સર્વ ગુણરૂપી રત્નોની ખાણરૂપ થશે. ૧૩

નિર્ધૂમ અગ્નિ જોવાથી તમારો પુત્ર અન્ય તેજસ્વીઓના તેજને દૂર કરશે. ૧૪

હે સ્વામિની ! આ ચૌદ સ્વપ્ન વડે તમારો પુત્ર ચૌદ રાજ પ્રમાણ લોકના અગ્રભાગે રહેશે. એ પ્રમાણે સામુદાયિક ફળ છે.

આ પ્રમાણે સ્વપ્નોનો અર્થ કહીને મરુદેવા સ્વામિનીને પ્રણામ કરીને દેવેન્દ્રો પોત–પોતાના સ્થાને ગયા. ઇંદ્રોવડે સ્વપ્નના અર્થ કહેવા રૂપ અમૃત વડે સિંચન કરાયેલી તે મરુદેવા મેઘવડે સિંચન કરાયેલ પૃથ્વીની જેમ ઉલ્લાસ પામ્યા.

### ગર્ભપ્રભાવ : ઋષભજિનનો જન્મ

તે ગર્ભવડે તે મરુદેવા, સૂર્યવડે મેઘમાળાની જેમ,

મોતીવડે છીપની જેમ, સિંહવડે ગિરિકંદરાની જેમ શોભવા લાગ્યા. સ્વાભાવિક રાયણ જેવા શ્યામવર્ણવાળા હોવા છતાં પણ તે શરદઋતુ વડે મેઘમાળાની જેમ પાંડુરપણાને (શ્વેતવર્ણને) પામ્યા.

ત્રણ લોકમાં મહાસારભૂત ગર્ભને ધારણ કરતી તે ખેદ ન પામી. 'ગર્ભવાસી અરિહંતોનો તે અનુપમ પ્રભાવ જ છે.' મરુદેવાના ઉદરમાં ધીમે ધીમે ગર્ભ ગુપ્તપણે વધવા લાગ્યો. ભગવંતના પ્રભાવથી સ્વામિની વિશેષપણે વિશ્વવત્સલ થયા. નાભિકુલકર પણ સર્વ યુગલિક મનુષ્યોને પિતા કરતાં પણ અધિક માનનીય થયા. કલ્પવૃક્ષો પણ, સ્વામીના પ્રભાવથી વિશિષ્ટ પ્રભાવવાળા થયા.' કારણ કે શરત્કાળના પ્રભાવથી ચંદ્રનાં કિરણો અધિક શોભાવાળા થાય છે,' જેવી રીતે વર્ષાઋતુ આવવાથી ચારે તરફથી સંતાપ શાંત થાય છે, તેવી રીતે ભગવંતના પ્રભાવથી પૃથ્વી પણ. ઉપશાંત થયા છે તિર્યંચો અને મનુષ્યોનાં વૈર જેમાં એવી થાય છે.

તે પછી તે મરુદેવા નવ માસ અને સાડા સાત દિવસ ગયે છતે ચૈત્ર વદિ આઠમને દિવસે મધ્યરાત્રિએ ગ્રહો ઉચ્ચસ્થાનમાં રહ્યે છતે, ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્ર પ્રાપ્ત થયે છતે યુગલિક પુત્રને જન્મ આપ્યો. તે વખતે દિશાઓ જાણે હર્ષવડે પ્રસન્ન થઈ. લોક ક્રીડા કરવામાં તત્પર થયો. ઉપપાતશય્યામાં ઉત્પન્ન થયેલ દેવની જેમ જરાયુ, લોહી આદિ કલંકથી રહિત તે શય્યામાં શોભતા હતા.

તે વખતે જગતના નેત્રને ચમત્કાર કરનાર, અંધકારનો વિનાશ કરનાર, વિજળીના પ્રકાશની જેવો ઉદ્યોત ત્રણે ય લોકમાં થયો. મેઘ સરખા ગંભીર ધ્વનિવાળો દુંદુભિ આકાશમાં પોતાની મેળે જ વાગવા લાગ્યો. તે વખતે તિર્યંચ, મનુષ્ય અને દેવોને, તેમ જ સર્વે જેણે સુખ પ્રાપ્ત કર્યું નથી એવા નારકોને પણ ક્ષણવાર સુખ થાય છે. પૃથ્વીની ઉપર મંદ મંદ ફેલાતા વાયુએ ચાકરની માફક પૃથ્વીની રજને દૂર કરી, મેઘોએ વસ્ત્રની વૃષ્ટિ અને સુગંધી જળની વૃષ્ટિ કરી અને પૃથ્વી ઉલ્લાસ પામી.

### ૫૬ દિક્કુમારિકાઓએ કરેલો જન્મમહોત્સવ

હવે અધોલોકમાં નિવાસ નરનારી આઠ દિક્કુમારિકાઓ આસન ચલાયમાન થવાથી તરત જ સૂતિકાગૃહમાં આવી. તેઓ આ પ્રમાણે છે :

**भोगंकरा भोगवई, सुभोगा भोगमालिणी ।**
**तोयधरा विचित्ता य, पुष्फमाला अणिंदिया ॥१॥**

"ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, તોયધારા, વિચિત્રા, પુષ્પમાળા અને આનંદિતા." ૧

ત્યાં પ્રથમ તીર્થંકર અને તીર્થંકરની માતાને ત્રણ પ્રદક્ષિણા કરીને વંદન કરીને આ પ્રમાણે કહે છે :—

"હે જગતની માતા ! જગતને જ્ઞાનદીપક આપનારી ! તમને નમસ્કાર હો. અમે આઠ અધોલોકમાં વસનારી

દિક્કુમારીઓ અવધિજ્ઞાનથી તીર્થંકરના પવિત્ર જન્મને જાણીને જિનેશ્વરનો જન્મમહોત્સવ કરવા માટે અહીં આવેલ છીએ. તેથી તમારે ભય પામવો નહીં" એ પ્રમાણે કહીને ઈશાન ખૂણામાં ઊભી રહી, અને પૂર્વદિશા સન્મુખ એક હજાર સ્તંભથી યુક્ત સૂતિકાઘર કરે છે. વળી તેઓ સૂતિકાઘરની ચારે બાજુથી એક યોજન ભૂમિ સુધી કાંકરા કાંટા વગેરેને સંવર્તક વાયુ વડે દૂર કરે છે. પછી સંવર્તક વાયુને સંહરીને, ભગવંતને પ્રણામ કરીને તેમની નજીક બેસીને ભગવંતના ગુણો ગાતી રહે છે.

તેવી રીતે ઉર્ધ્વલોકમાં નિવાસ કરનારી મેરુપર્વત ઉપર રહેલી આઠ દિક્કુમારીઓ આસનકંપથી જિનેશ્વરનો જન્મ જાણીને ત્યાં આવી. તેઓનાં નામ :–

**मेहंकरा मेहवई, सुमेघा मेहमालिणी ।**
**सुवच्छा वच्छमित्ता य, वारिसेणा बलाहका ।।२।।**

"મેઘંકરા, મેઘવતી, સુમેધા, મેઘમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા અને બલાહકા." ૨

તેઓ જિનને અને જિનમાતાને નમસ્કાર કરી, સ્તુતિ કરીને આકાશમાં જલદી મેઘપટલ વિકૂર્વે છે. વિકૂર્વીને સુગંધી જળ વડે સૂતિકાઘરની ચારે તરફ એક યોજન સુધી રજના સમૂહને શમાવી દે છે. તે પછી પૃથ્વી ઉપર પાંચ વર્ણના પુષ્પોથી જાનુપ્રમાણ વૃષ્ટિ કરે છે. તેમ જ તીર્થંકરના નિર્મળ ગુણોને ગાતી હર્ષના પ્રકર્ષથી શોભતી યથોચિત સ્થાને ઊભી રહે છે.

પૂર્વરુચક પર્વત ઉપરથી આઠ દિક્કુમારીઓ પણ વિમાનો સાથે ત્યાં આવી. તેઓનાં નામો :—

**नंदा य उत्तरानंदा, आणंदा नंदिवद्धणा ।**
**विजया वेजयंती अ, जयंती चापराइआ ॥३॥**

"નંદા, ઉત્તરાનંદા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા." ૩

તેઓ પ્રભુ અને મરુદેવાને નમસ્કાર કરીને પૂર્વની જેમ કહીને હાથમાં દર્પણ રાખી, મંગળોને ગાતી પૂર્વ-દિશામાં ઊભી રહે છે.

દક્ષિણ રુચક પર્વત ઉપર રહેલી આઠ દિક્કુમારીઓ હર્ષ વડે ત્યાં આવી. તેઓનાં નામો :—

**समाहारा सुपयत्ता, सुप्पबुद्धा जसोहरा ।**
**लच्छीवई सेसवई, चित्तगुत्ता वसुंधरा ॥४॥**

"સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મી-વતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા." ૪

તેઓ જિનેશ્વર અને જિનમાતાને પ્રણામ કરીને પૂર્વની જેમ નિવેદન કરીને, હાથમાં કળશ રાખી, જિન-ગુણ ગાતી દક્ષિણ દિશામાં ઊભી રહે છે.

પશ્ચિમ રુચક પર્વત ઉપર નિવાસ કરનારી આઠ દિશાકુમારી ભક્તિ વડે પરસ્પર સ્પર્ધા કરતી આવી. તેઓનાં નામો :—

**इलादेवी सुरादेवी, पुढवी पउमावई ।**
**एगनासा नवमिगा, भद्दा सीयत्ति नामओ ॥५॥**

"ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા અને સીતા નામથી છે." ૫

તેઓ જિનવર અને જિનવરની માતાને પ્રણામ કરીને પૂર્વની જેમ વિજ્ઞપ્તિ કરીને હાથમાં પંખા લઈને જિનેંદ્રના ગુણો ગાતી પશ્ચિમ દિશામાં ઊભી રહે છે.

ઉત્તર રુચક પર્વત ઉપરથી આઠ દિશાકુમારી પણ અભિયોગિક દેવોએ વિકુર્વેલા વિમાનો સાથે જલદી ત્યાં આવી. તેઓનાં નામો :—

**अलंबुसा मिस्सकेसी, पुंडरीगा य वारुणी ।**
**हासा सव्वपहा चेव, सिरी हिरि त्ति नामओ ॥६॥**

"અલંબુસા, મિશ્રકેશી, પુંડરીકા, વારુણી, હાસા, સર્વપ્રભા, શ્રી અને હ્રી એ પ્રમાણે નામથી છે" ૬

તેઓ જિનેંદ્ર અને જિનેન્દ્રની માતાને નમીને પૂર્વની જેમ કહીને ગાયન કરતી હાથમાં ચામર ધારણ કરી ઉત્તરદિશામાં ઊભી રહે છે.

રુચકગિરિની વિદિશામાંથી ચાર દિશાકુમારીઓ આવી. તેઓનાં નામો :-

**चित्ता चित्तकणगा, सएरा सोत्तामणी तहा ।**

"ચિત્રા, ચિત્રકનકા, સતેરા, તેમજ સૌત્તામણી."

તેઓ જિન અને જિનમાતાને પ્રણામ કરી, તેમજ વિજ્ઞપ્તિ કરીને હાથમાં દીપક રાખી, જિનગુણગાતી ઇશાન આદિ વિદિશાઓમાં ઊભી રહે છે.

વળી ચાર દિશાકુમારી રુચકદ્વીપમાંથી આવી. તેઓનાં નામો :–

**रूवा रूवासिगा यावि, सुरूवा रूवगावई ॥७॥**

"રૂપા, રૂપાસિકા, સુરૂપા, અને રૂપકાવતી" ૭

તેઓ ચાર અંગુલ વર્જીને જિનવરના નાભિનાલને છેદીને ખાડાની અંદર નાંખે છે, તે ખાડાને રત્ન વડે પૂરીને તેની ઉપર દુર્વાવડે પીઠિકાબંધ કરે છે. વળી તેઓ જિનવરના જન્મગૃહથી પૂર્વ, દક્ષિણ અને ઉત્તર-દિશામાં ત્રણ શ્રીગૃહ જેવા કદલીગૃહ વિકુર્વે છે. તે દરેકની અંદર સિંહાસનથી વિભૂષિત વિશાળ ચોતરો બનાવે છે.

તે પછી તેઓ જિનેશ્વરને હાથની અંજલિમાં સ્થાપન કરીને માતાને દાસીની જેમ હાથનો ટેકો આપી દક્ષિણ ચોતરા ઉપર લઈ જાય છે. જિનને અને જિન-માતાને સિંહાસન ઉપર બેસાડી તેઓ સુગંધી લક્ષપાક તૈલ વડે અભ્યંગ કરે છે. તે પછી ઘણા આનંદથી પ્રમુ-દિત થઈ તેઓ દિવ્ય ઉદ્‌વર્તન વડે બન્નેને ઉદ્‌વર્તન કરે છે, તે પછી પૂર્વદિશાના ચોતરા ઉપર લઈ જઇને સિંહા-સન ઉપર તે બન્નેને બેસાડીને નિર્મળ સુગંધી જળવડે

ન્હવરાવે છે, પછી ગંધકષાય વસ્ત્રવડે તેઓના અંગોને સાફ કરે છે. તે પછી ગોશીર્ષચંદનના રસવડે વિલેપન કરે છે. દેવદૂષ્ય વસ્ત્રો અને વિજળીના પ્રકાશ સરખા વિચિત્ર આભરણો તે બંનેને પહેરાવે છે. પછી ઉત્તર-દિશાના ચોતરા ઉપર લઈ જઇને સિંહાસન ઉપર ભગવંત અને ભગવંતની માતાને બેસાડે છે. તે પછી ચુલ્લહિમવંત પર્વત ઉપરથી અભિયોગિક દેવો પાસે ગોશીર્ષચંદનના કાષ્ઠો મંગાવે છે. તે પછી અરણીકાષ્ઠ વડે અગ્નિ ઉત્પન્ન કરીને ગોશીર્ષચંદન વડે હોમ કરીને તે અગ્નિની ભસ્મ વડે રક્ષાપોટલી તેઓને બાંધે છે, 'પર્વત સમાન આયુ-વાળા થાઓ' એ પ્રમાણે કહીને તેઓ પ્રભુના કાનની પાસે બે પત્થરના ગોળાઓ પરસ્પર આસ્ફાલન કરે છે, તે પછી પ્રભુને અને મરુદેવાને સૂતિકાભવનમાં શય્યા ઉપર સ્થાપન કરીને મંગળો ગાતી તેઓ ઊભી રહે છે.

આ દિક્કુમારિકાઓ ચાર હજાર સામાનિક દેવો, ચાર મહત્તરાદેવીઓ, સોળ હજાર અંગરક્ષક, સાત સૈન્ય, સાત સેનાધિપતિ, અને અન્ય મહર્ધિક દેવો સાથે આભિયોગિક દેવોએ વિકુર્વેલા યોજન પ્રમાણ વિમાનો વડે જિનેશ્વરના જન્મગૃહને વિષે આવે છે.

(દિક્કુમારીઓએ કરેલ જન્મોત્સવ સમાપ્ત)

## સૌધર્માધિપતિનું જિનજન્મગૃહથી જિનને લઈને મેરુપર્વત ઉપર ગમન

હવે તે વખતે શાશ્વત ઘંટાઓનો રણરણ શબ્દ સ્વર્ગના વિમાનોમાં થયો. તેથી પર્વતના મૂળ જેવા અચળ એવાં પણ આસનો કંપાયમાન થયાં અને સંભ્રમથી હૃદયો પણ કંપાયમાન થયા. તેથી સૌધર્માધિપતિ કોપના આટોપથી લાલ નેત્રવાળો, લલાટપટ્ટમાં ઘડેલી ભ્રૂકુટીથી વિકટ મુખવાળો, ઓષ્ઠને કંપાવતો, એક પગ વડે આસનને સ્થિર કરવા જાણે ઉચ્છ્વાસ લેતો, 'આજે યમરાજાએ કોને પત્ર મોકલ્યો ?' એ પ્રમાણે બોલતો વજ્રને ગ્રહણ કરે છે.

તે વખતે ક્રોધ પામેલા સિંહ સરખા ઇંદ્રને જોઈ, સેનાધિપતિ તેને નમસ્કાર કરી વિનંતિ કરે છે કે– હે સ્વામિન્! હું સેવક હોવા છતાં આવો આવેશ કેમ ? આદેશ કરો, તમારા કયા શત્રુને હણું ?

તે પછી ઇંદ્ર અવધિજ્ઞાન વડે પ્રથમ જિનેશ્વરનો જન્મ જાણીને, ચાલ્યો ગયો છે ક્રોધ જેનો એવો ક્ષણવારમાં પ્રસન્ન મનવાળો, 'મેં અનુચિત વિચાર્યું', મને ધિક્કાર હો, મારું દુષ્કૃત મિથ્યા થાઓ' એ પ્રમાણે બોલતો ઈંદ્ર સિંહાસનનો ત્યાગ કરે છે. ત્યાગ કરીને સાત–આઠ પગલાં જઈને, મસ્તકે અંજલિ કરીને, ડાબો ઢીંચણ ભૂમિ ઉપર ન અડે એવી રીતે સ્થાપન કરે છે અને જમણા ઢીંચણને પૃથ્વીતળ ઉપર સ્થાપન કરીને, ત્રણ વખત મસ્તકને પૃથ્વીતળ ઉપર સ્થાપન કરીને, અરિહંતને નમસ્કાર કરીને, રોમાંચિત દેહવાળો સ્તુતિ કરે છે.

"હે તીર્થનાથ ! ત્રિલોકનાથ ! કૃપારસ સાગર ! શ્રી નાભિનંદન ! હે ભગવંત ! તમોને નમસ્કાર થાઓ. જન્મથી મતિજ્ઞાન આદિ ત્રણ જ્ઞાન વડે તમે શોભો છો. હે દેવ ! આ ભરતક્ષેત્ર ત્રણેય લોકના મુકુટ સરખા તમારા વડે અલંકૃત થયું છે, તેથી આજે સ્વર્ગ કરતાં પણ ચઢીયાતું છે. હે જગતના નાથ ! તમારા જનકલ્યાણકના મહોત્સવથી પવિત્ર દિવસ પણ તમારી જેમ જીવનપર્યંત વંદનીય છે. હે પ્રભુ ! તમારા જન્મ કાર્ય વડે નારકોને પણ સુખ થાય છે. 'અરિહંતોનો ઉદય કોના સંતાપ દૂર કરનાર ન થાય ?' હે પ્રભુ ! તમારા ચરણકમળને પામીને હમણાં કોણ સંસારસમુદ્રને તરશે નહીં ? અરણ્યમાં કલ્પવૃક્ષની જેમ, મરુભૂમિમાં નદીના પ્રવાહની જેમ, હે ભગવંત ! લોકોના પુણ્ય વડે ભરત ક્ષેત્રમાં તમે અવતર્યા છો."

આ પ્રમાણે ભગવંતની સ્તુતિ કરીને સૌધર્માધિપતિએ હરિનૈગમેષિ નામના પાયદળ સૈન્યના અધિપતિને આ પ્રમાણે કહ્યું :—જંબૂદ્વીપમાં દક્ષિણ ભરતમાં મધ્યખંડમાં મધ્યભૂમિ ભાગમાં નાભિકુલકરની પત્ની મરુદેવાના પુત્ર પ્રથમ તીર્થંકર ઉત્પન્ન થયા છે. તેથી તેના જન્મમહોત્સવ માટે સર્વ દેવોને બોલાવો.

તે પછી તે સેનાધિપતિ એક યોજન પ્રમાણ ઘેરાવાવાળી, અતિ અદ્‌ભુત સ્વરવાળી સુઘોષા નામની ઘંટાને ત્રણ વખત ઉછાળતા વગાડે છે, તે પછી તે ઘંટાના

પ્રચંડ ઘોષના પડઘા વડે સૌધર્મ દેવલોકની બીજી એક-ન્યૂન બત્રીશ લાખ ઘંટાઓ રણરણ શબ્દ કરવા લાગી. તેનો પ્રતિરવ સર્વત્ર વિસ્તાર પામ્યો.

તે વખતે પંચવિધ વિષયમાં આસક્ત દેવો તે શબ્દ વડે 'આ શું ?' એ પ્રમાણે સંભ્રાંત થયેલા સાવધાન થયા. દેવો સાવધાન થયે છતે તે સેનાધિપતિ મેઘની ગર્જના સરખા ગંભીર શબ્દથી ઇંદ્રની આજ્ઞા કહે છે કે–હે દેવો ! દેવી વગેરેના પરિવારથી યુક્ત એવા તમને સર્વને અલંઘ્યશાસનવાળા સૌધર્મ દેવલોકના અધિપતિ શક્ર આ પ્રમાણે આદેશ કરે છે કે–જંબૂદ્વીપના દક્ષિણ ભરતમાં મધ્યખંડમાં નાભિકુલકરના ઘરે પ્રથમ તીર્થંકર ઉત્પન્ન થયા છે, ત્યાં તે પ્રભુનો જન્મકલ્યાણકનો મહોત્સવ કરવાની ઇચ્છા વડે જવા માટે અમારી જેમ તમે ઉતાવળ કરો, કારણ કે 'આનાથી બીજું કાંઈ અધિક કાર્ય નથી.'

એ પ્રમાણે હરિનૈગમેષિના વચનથી પ્રભુના જન્મ મહોત્સવને જાણીને કેટલાક અરિહંત તરફના ભક્તિ-ભાવથી, કેટલાક ઇંદ્રની આજ્ઞાથી, કેટલાક સ્ત્રીઓએ પ્રેરણા કરવાથી, કેટલાક મિત્રનું અનુસરણ કરી દેવો પોત-પોતાના શ્રેષ્ઠ વિમાનો વડે ઇંદ્રની પાસે આવે છે.

તે પછી ઇંદ્ર પણ પાલક નામના આભિયોગિક દેવને 'અનુપમ વિમાન કરો' એ પ્રમાણે આદેશ કરે છે. સ્વામીના આદેશનું પાલન કરનાર પાલક દેવ તે જ સમયે એક લાખ યોજન વિસ્તારવાળા, પાંચસો યોજન

ઊંચા, ઇચ્છા પ્રમાણે ગતિવાળા પાલક નામે વિમાન બનાવે છે. તે વિમાનને ત્રણ સોપાનપંક્તિ છે. તેઓની આગળ વિવિધ રત્નમય ત્રણ તોરણ છે, તે વિમાનની અભ્યંતર ભૂમિ સમવૃત્ત શોભે છે. તેના મધ્યભાગમાં રત્નનિર્મિત પ્રેક્ષામંડપ છે, મંડપના અભ્યંતર ભાગમાં સુંદર માણિક્યથી બનાવેલી, આઠ યોજન વિસ્તાર અને લંબાઈવાળી, જાડાઈમાં ચાર યોજન, કમળની કર્ણિકા જેવી પીઠિકા છે. તે પીઠિકાની ઉપર સમસ્ત તેજના સારથી બનાવ્યું હોય એવું એક રત્ન સિંહાસન છે, તે સિંહાસનની વાયવ્ય–ઉત્તર અને ઈશાન દિશામાં ચોરાશી હજાર સામાનિક દેવોનાં ચોરાશી હજાર ભદ્રાસનો છે, પૂર્વદિશામાં આઠ અગ્રમહિષીઓનાં આઠ, અગ્નિખૂણામાં અભ્યંતર પર્ષદાના દેવોનાં બાર હજાર ભદ્રાસનો, દક્ષિણ દિશામાં મધ્ય પર્ષદાનાં દેવોનાં ચૌદ હજાર, નૈઋત્ય દિશામાં બાહ્ય પર્ષદાના દેવોનાં સોળ હજાર ભદ્રાસનો, પશ્ચિમદિશામાં સાત સેનાધિપતિઓનાં સાત ભદ્રાસનો છે. તે ઇંદ્રની ચારે બાજુ સર્વ દિશામાં ચોરાશી–ચોરાશી હજાર આત્મરક્ષક દેવોનાં તેટલાં ભદ્રાસનો છે.

આ પ્રમાણે સંપૂર્ણ વિમાનની રચના કરીને આભિયોગિક દેવો દેવેન્દ્રને જણાવે છે. ઇંદ્ર પણ તે સમયે અત્યંત અદ્‌ભુતરૂપ વિકુર્વે છે. વિકુર્વીને આઠ પટરાણીઓ સાથે ઇંદ્ર પૂર્વ દિશાના સોપાનના માર્ગે પ્રદક્ષિણા કરતો વિમાનમાં ચઢે છે, માણિક્યની ભીંતમાં સંક્રમણ પામી છે મૂર્તિ જેની એવો તે હજાર અંગવાળો હોય તેમ

ઈંદ્ર પોતાના ભદ્રાસન ઉપર પૂર્વાભિમુખ બેસે છે. તેવી રીતે ઈંદ્રના સામાનિક દેવો ઉત્તર દિશાના સોપાન વડે વિમાનની અંદર પ્રવેશ કરીને પોત–પોતાના ભદ્રાસન ઉપર બેસે છે, એ પ્રમાણે બીજા પણ દેવો પશ્ચિમ દિશાની સોપાન પંક્તિ વડે પ્રવેશ કરીને પોત–પોતાના આસનો ઉપર બેસે છે.

સિંહાસન ઉપર બેઠેલા ઈંદ્રની આગળ દર્પણ વગેરે આઠ મંગલો શોભે છે, ઉપર શ્વેત છત્ર, બન્ને બાજુ ચાલતા હંસ જેવા વીંઝાતા બે ચામરો શોભે છે, તેથી ક્રોડોની સંખ્યાવાળા સામાનિક દેવોથી પરિવરેલો ઈંદ્ર પ્રવાહ વડે સમુદ્રની જેમ શોભે છે. તે વિમાન અન્ય-દેવોના વિમાનોથી પરિવરેલું, મૂળ ચૈત્ય પરિધિના ચૈત્યો-વડે શોભે તેમ અત્યંત શોભે છે.

તે પછી માગધોના જય જય શબ્દ વડે, દુંદુભિના અવાજ વડે, ગંધર્વસૈન્ય અને નાટક સૈન્યના વાજિંત્રોના અવાજ વડે અને દેવોના કોલાહલ વડે શબ્દમય વિમાન ઈંદ્રની ઈચ્છાથી સૌધર્મ દેવલોકની ઉત્તર દિશાથી તીર્છા-માર્ગે ઉતરતું જંબૂદ્વીપને ઢાંકવા માટે ભાજન હોય તેવું દેખાય છે.

તે વખતે સિંહના વાહનવાળો હાથીના વાહનવાળાને કહે છે કે–તું અહીંથી દૂર ખસ, અન્યથા મારો સિંહ સહન કરશે નહિ. એ પ્રમાણે મહિષના વાહનવાળો અશ્વના વાહનવાળાને, વાઘના વાહનવાળો મૃગના વાહનવાળાને, ગરુડના વાહનવાળો સર્પના વાહનવાળાને કહે છે.

ક્રોડાક્રોડ દેવો વડે, અન્ય વિમાનો વડે અને ઘણા પ્રકારનાં બીજાં વાહનો વડે વિસ્તારવાળો પણ આકાશ માર્ગ અત્યંત સાંકડો થઈ ગયો.

તે વિમાન ગગનતળમાંથી ઉતરતું, સમુદ્રમાં મહા ધ્વજપટવાળા યાનપાત્રની જેમ શોભે છે. આ પ્રમાણે અસંખ્ય દ્વીપસમુદ્રોને અનુક્રમે ઓળંગીને નંદીશ્વર દ્વીપમાં આવે છે, ત્યાં ઈંદ્ર અગ્નિ દિશામાં જઈને રતિકર પર્વત ઉપર તે વિમાનનો સંક્ષેપ કરીને જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્દ્ધ ક્ષેત્રમાં, મધ્ય ખંડમાં જ્યાં પ્રથમ જિનેશ્વરનું જન્મ ભવન છે ત્યાં આવે છે. દિવ્ય એવા તે શ્રેષ્ઠ વિમાન વડે જિનેશ્વરના જન્મગૃહને ત્રણ વખત પ્રદક્ષિણા કરીને તે વિમાનમાંથી ઉતરીને પ્રસન્ન મનવાળો ઈંદ્ર આઠ અગ્રમહિષી અને ચોસઠ હજાર સામાનિક દેવો સાથે જ્યાં તીર્થંકર અને તીર્થંકરની માતા છે ત્યાં આવે છે. પ્રભુને જોતાં વેંત જ નમસ્કાર કરે છે. તે પછી માતા સહિત ભગવંતને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ફરીથી નમસ્કાર કરે છે. નમસ્કાર કરી મસ્તકે બે હાથ જોડી ભક્તિવાળો ઈંદ્ર મરુદેવા સ્વામિનીની સ્તુતિ કરે છે :—

હે દેવી! હે રત્નકુક્ષીધરા! હે જગતને પ્રદીપ આપનાર! તમને નમસ્કાર હો. હે જગતની માતા! તમે ધન્ય છો, પુણ્યવતી છો, તમે જ સફળ જન્મવાળા છો, તમે જ ઉત્તમ લક્ષણવાળા છો, પુત્રવતી સ્ત્રીઓમાં તમે જ ત્રણ ભુવનમાં પવિત્ર છો, જેમણે અભ્યંતર અંધકારના

સમૂહને દૂર કરવામાં સૂર્યસમાન પ્રથમ જિનેશ્વરરૂપ શ્રેષ્ઠ પુત્રરત્નને જન્મ આપીને હમણાં પૂર્વની માતાઓને ખદ્યોતને જન્મ આપનારી હોય એવી કરી છે.

હે દેવી ! હું સૌધર્મદેવેન્દ્ર તમારા પુત્ર રત્ન અરિહંત પરમાત્માનો જન્માભિષેકનો મહોત્સવ કરવા માટે અહીં આવ્યો છું. 'તમારે ભય પામવો નહિ' એમ કહીને ઇંદ્ર જિનમાતાને અવસ્વાપિની નિદ્રા આપીને માતા પાસે જિનેશ્વરનું વૈક્રિય પ્રતિરૂપ સ્થાપીને ઇંદ્ર પોતાની જાતે જ પાંચ શરીરો વિકુર્વીને એક રૂપે પાછળ રહી જિનેશ્વરના મસ્તક ઉપર છત્ર ધારણ કરે છે, બે રૂપે બંને પડખે શ્વેત ચામરો વડે વીંજે છે, એક રૂપ વડે આગળ શરદઋતુના સૂર્યની જેમ દિશાવલયને ઉદ્યોતમય કરતાં વજ્રને ધારે છે, વળી એક રૂપ વડે હર્ષના વશથી ઉલ્લસિત રોમાંચવાળો ઇંદ્ર સુગંધી ગોશીર્ષચંદનથી વિલેપન કરેલા હસ્તકમળમાં જિનેશ્વરને ધારણ કરે છે.

આ પ્રમાણે પાંચ રૂપ વડે સર્વ પોતાનું કર્તવ્ય કરવા માટે ભક્તિના સમૂહથી વ્યાપ્ત એવો તે ઘણા ક્રોડો દેવોથી પરિવરેલો, પોતાને પુણ્યવંત માનતો ઇંદ્ર મેરુપર્વત સન્મુખ ચાલે છે. તે વખતે ઉત્કંઠાવાળા દેવોની દૃષ્ટિઓ જિનેશ્વરના દેહ ઉપર પડી. કેટલાક આગળ ચાલનારા દેવો, પાછળ રહેલા દેવોની અને પાછળ ચાલનારા દેવો આગળ જતા દેવોની પ્રશંસા કરતા હતા. આગળ જનારા કેટલાક દેવો પ્રભુના અતિ અદ્ભુત રૂપને જોવા માટે પૃષ્ઠવર્તી નેત્રોને ઇચ્છે છે, પડખે રહેનારા

કેટલાક દેવો પ્રભુને જોવા માટે અતૃપ્ત હોય તેમ સ્થંભી ગયા હોય તેમ નેત્રોને બીજી તરફ લઈ જવા સમર્થ થતા નથી. આ પ્રમાણે પ્રભુમુખને જોવા માટે ઉત્સુક દેવ–દેવીઓના સમૂહથી પરિવરેલો પરમ પ્રમોદ વડે દિવ્ય-ગતિથી ગગન માર્ગે જતો દેવેન્દ્ર અનુક્રમે મેરુપર્વત ઉપર પહોંચ્યો.

ત્યાં પાંડુક વનમાં ચૂલિકાની દક્ષિણ દિશામાં બરફ સરખી શ્વેત અતિપાંડુકંબલા શિલા ઉપર મણિરત્નના કિરણોરૂપી જળથી ધોયેલી હોય તેવી, સુવર્ણમય સિંહાસન ઉપર ખોળામાં જિનેશ્વરને સ્થાપન કરી હર્ષના વશથી વિકસિત છે બે નેત્ર જેનાં એવો ઈંદ્ર પૂર્વાભિમુખ બેસે છે.

### ઈશાનકલ્પ આદિના ઈંદ્રોનું મેરુશિખર ઉપર આગમન

એ વખતે મહાઘોષા ઘંટાના નાદથી જણાવાયેલા અઠ્યાવીસ લાખ વિમાનવાસી દેવોથી પરિવરેલ, શૂલને ધારણ કરનાર, વૃષભના વાહનવાળો, પુષ્પક નામના આભિયોગિક દેવે કરેલા પુષ્પક વિમાન વડે ઈશાનકલ્પનો અધિપતિ ઈંદ્ર ઈશાનકલ્પની દક્ષિણથી તીર્ચ્છામાર્ગ વડે નીકળીને નંદીશ્વરદ્વીપમાં ઈશાનખૂણામાં રહેલા રતિકર પર્વત ઉપર આવીને સૌધર્મેન્દ્રની જેમ વિમાનને સંહારીને સુમેરુશિખર ઉપર જલદી જિનેશ્વર પાસે આવે છે.

આ પ્રમાણે બાર લાખ વિમાનવાસી દેવોના સમૂહની સાથે સનત્કુમાર દેવેન્દ્ર સુમનો વિમાન વડે, આઠ લાખ વિમાનવાસી દેવો વડે પરિવરેલો માહેન્દ્ર શ્રીવત્સ વિમાન

વડે, ચાર લાખ વિમાનવાસી દેવો વડે પરિવરેલો બ્રહ્મેન્દ્ર નંદાવર્ત વિમાન વડે, પચાસ હજાર વિમાનવાસી દેવો વડે યુક્ત લાંતક દેવેન્દ્ર કામગવ વિમાન વડે, ચાલીશ હજાર વિમાનવાસી દેવોથી પરિવરેલો શુક્રેન્દ્ર પ્રીતિગમ વિમાન વડે, છ હજાર વિમાનવાસી દેવો સાથે સહસ્રારેન્દ્ર મનોરમ વિમાન વડે, ચારસો વિમાનમાં રહેલા દેવગણ સહિત આનત–પ્રાણતનો ઈન્દ્ર વિમલ વિમાન વડે, ત્રણસો વિમાનનો અધિપતિ આરણ–અચ્યુતનો ઇંદ્ર સર્વતોભદ્ર વિમાન વડે મેરુપર્વત ઉપર જિનેશ્વર પાસે આવ્યા.

તે વખતે રત્નપ્રભા પૃથ્વીની અંદર નિવાસ કરનારા ભવનપતિ અને વ્યંતર દેવોના ઇંદ્રોનાં આસન પણ તેવી જ રીતે કંપાયમાન થયા. ત્યાં અસુરેન્દ્રની ચમરચંચા રાજધાનીની સુધર્મા સભામાં ચમર નામના સિંહાસન ઉપર બેઠેલ અસુરોનો સ્વામી ચમરેન્દ્ર પણ અવધિજ્ઞાન વડે જિનેશ્વરનો જન્મ જાણીને દેવોને જણાવવા માટે દ્રુમ નામના સેનાધિપતિ પાસે ઓઘસ્વરા નામની ઘંટા વગડાવે છે. એ પણ ચોસઠ હજાર સામાનિક દેવો, તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવો, પાંચ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સેનાધિપતિ, દરેક દિશામાં ચોસઠ હજાર આત્મરક્ષક દેવો, બીજા પણ પરમઋદ્ધિવાળા દેવો અને અસુરકુમારો વડે પરિવરેલો પચાસ હજાર યોજન વિસ્તાર-વાળા અને પાંચસો યોજન ઊંચા, મહાધ્વજથી વિભૂષિત આભિયોગિક દેવોએ વિકુર્વેલા વિમાનમાં ચઢીને જિનજન્મ

મહોત્સવ કરવા માટે ઈંદ્રની જેમ નંદીશ્વરદ્વીપમાં વિમાન સંહારીને ચમરેન્દ્ર મેરુશિખર ઉપર આવ્યો.

આ પ્રમાણે બલિચંચા નગરીનો અસુરોનો સ્વામી બલીન્દ્ર, મહાદ્રુમ નામના સેનાપતિ પાસે મહૌઘસ્વરા નામની ઘંટા વગડાવે છે, તે પણ સાઠ હજાર સામાનિક દેવો, તેનાથી ચાર ગણા આત્મરક્ષક દેવો અને ત્રાયસ્ત્રિંશક દેવો વડે પરિવરેલો ચમરેંદ્રની જેમ મેરુપર્વત ઉપર આવ્યો.

આ પ્રમાણે ધરણનાગેંદ્ર પાયદળ સેનાના અધિપતિ ભદ્રસેન પાસે મેઘસ્વરા નામની ઘંટા વગાડવા વડે પ્રતિબોધ કરાયેલા છ હજાર સામાનિકદેવ, ચાર ગુણા આત્મરક્ષક દેવ, છ પટરાણી, અને બીજા પણ નાગકુમાર દેવો વડે પરિવરેલો પચીશ હજાર યોજન વિસ્તારવાળા અને અઢીસો યોજન ઊંચી ઈંદ્રધ્વજથી વિરાજિત વિમાનરત્નમાં ચઢીને ભગવંતના દર્શન માટે ઉત્સુક ક્ષણવારમાં મેરુપર્વત ઉપર આવ્યો.

ભૂતાનંદ નાગેંદ્ર પણ પાયદળ સૈન્યના અધિપતિ દક્ષ પાસે મેઘસ્વરા ઘંટા વગડાવી પ્રબોધ પામેલા સામાનિક દેવોના સમૂહથી પરિવરેલો આભિયોગિક દેવે વિકુર્વેલા શ્રેષ્ઠ વિમાનમાં ચઢીને ત્રણ જગતના નાથથી પવિત્ર થયેલા મેરુપર્વત ઉપર આવ્યો.

આ પ્રમાણે વિદ્યુત્કુમારના હરિ અને હરિસ્સહ બે ઈંદ્ર, સુવર્ણકુમારના વેણુદેવ અને વેણુદારી, અગ્નિકુમારના

અગ્નિશિખ અને અગ્નિમાર્દવ, વાયુકુમારના વેલંબ અને પ્રભંજન, સ્તનિતકુમારના સુઘોષ અને મહાઘોષ, ઉદધિકુમારના જલકાંત અને જલપ્રભ, દ્વીપકુમારના પૂર્ણ અને વિશિષ્ટ, દિશિકુમારના અમિત અને અમિતવાહન એમ બે બે ઇંદ્રો છે.

આ પ્રમાણે વ્યંતરોમાં પિશાચના ઇંદ્રો કાલ અને મહાકાલ, ભૂતના ઇંદ્રો સુરૂપ અને પ્રતિરૂપ, યક્ષરાજના ઇંદ્રો પૂર્ણભદ્ર અને માણિભદ્ર, રાક્ષસના ઇંદ્રો ભીમ અને મહાભીમ, કિંનરના ઇંદ્રો કિંનર અને કિંપુરુષ, કિંપુરુષના ઇંદ્રો સત્પુરુષ અને મહાપુરુષ, મહોરગના ઇંદ્રો અતિકાય અને મહાકાય, ગંધર્વના ઇંદ્રો ગીતરતિ અને ગીતયશ. આ સોળ વ્યંતરેન્દ્રો છે.

તેમ જ અણપન્નિ–પણપન્નિ આદિ વાણવ્યંતરની આઠ નિકાયોના પણ સોળ ઇંદ્રો આવ્યા. તે આ પ્રમાણે: અણપન્નિના સંનિહિત અને સામાનિક એ બે ઇંદ્રો, પણપન્નિના બે ઇંદ્રો ધાતા અને વિધાતા, ઋષિવાદિતના ઋષિ અને ઋષિપાલક, ભૂતવાદિતના ઈશ્વર અને મહેશ્વર, ક્રંદિતના ઇંદ્રો સુવત્સ અને વિશાલ, મહાક્રંદિતના ઇંદ્રો હાસ અને હાસરતિ, કોહંડના ઇંદ્રો શ્વેત અને મહાશ્વેત, પાવકના ઇંદ્રો પવક અને પવકપતિ.

જ્યોતિષીઓના અસંખ્યાતા ચંદ્ર અને સૂર્ય ઇંદ્રો મેરુપર્વત ઉપર પ્રથમ જિનેશ્વરની આગળ આવ્યા.

આ પ્રમાણે મેરુપર્વતની ઉપર જિનેશ્વર જન્મમહોત્સવ કરવા માટે ચોસઠ ઇંદ્રો આવે છે.

**અચ્યુતકલ્પના ઇંદ્રે કરેલ અભિષેક મહોત્સવ**

હવે અચ્યુતેન્દ્ર આભિયોગિક દેવોને "જિનેશ્વરના જન્માભિષેકના ઉપકરણ વગેરે લાવો" એ પ્રમાણે આદેશ કરે છે.

હર્ષિત ચિત્તવાળા તે દેવો ઈશાનખૂણામાં કાંઈક ખસીને ક્ષણવારમાં વૈક્રિય સમુદ્‌ઘાતવડે ઉત્તમ પુદ્‌ગલો એંચીને ૧૦૦૮ સુવર્ણકળશો, ૧૦૦૮ રૂપાના કળશો, ૧૦૦૮ રત્નના કળશો, એ પ્રમાણે સુવર્ણ–રૂપાનાં કળશો, સુવર્ણ–રત્નના કળશો, રૂપા–રત્નના કળશો, સુવર્ણ–રૂપા–રત્નના કળશો, અને માટીના કળશો ૧૦૦૮–૧૦૦૮ વિકુર્વે છે.

તેમજ કળશ, દર્પણ, રત્નકરંડક, સુપ્રતિષ્ઠક, થાળ, પાત્રિકા, પુષ્પચંગેરી આદિ પૂજાનાં ઉપકરણો કળશની જેમ સુવર્ણમય દરેક ૧૦૦૮ વિકુર્વે છે.

તે આભિયોગિક દેવતાઓ તે કળશો લઈને ક્ષીર-સમુદ્રમાં જાય છે. તેનું પાણી, પુંડરીક–ઉત્પલ અને કોકનદ જાતિનાં કમળો, પુષ્કર સમુદ્રમાં પાણી અને કમળો, ભરતઐરવત આદિના, માગધ આદિ તીર્થોનાં જળ અને માટી, ગંગા–સિંધુ આદિ ઉત્તમ નદીઓનાં પાણી, ચુલ્લ-હિમવંત પર્વતના સરસવ, પુષ્પ, શ્રેષ્ઠ ગંધ, સર્વૌષધિ અને પદ્મદ્રહનાં જળ, નિર્મળ અને સુગંધી કમળો ગ્રહણ કરે છે.

એ પ્રમાણે સર્વ વર્ષધર પર્વત, વૈતાઢય, વક્ષસ્કાર પર્વતને વિષે, દેવકુરુ તથા ઉત્તરકુરુમાં, અંતરનદીઓને વિષે, ભદ્રશાલ–નંદન–સૌમનસ અને પંડકવનમાં પાણી, કમળ, ગોશીર્ષચંદન, કુસુમ, ઔષધિ અને ફળો ગ્રહણ કરે છે.

તે પછી ગંધકારની પેઠી એક ઠેકાણે ગંધદ્રવ્ય અને પાણી ભેગા કરીને જલદી મેરુપર્વતના શિખર ઉપર આવે છે.

વિનયથી નમ્ર એવા તેઓ તે ગંધદ્રવ્યો અને ક્ષીરોદધિ આદિના જળથી ભરેલા કળશો અચ્યુત દેવેન્દ્રને સમર્પણ કરે છે.

હવે તે અચ્યુત દેવેન્દ્ર અભિષેકની સર્વસામગ્રી જોઈને આનંદ પામી, આસન પરથી ઉઠીને દશ હજાર સામાનિક દેવો, ચાલીશ હજાર આત્મરક્ષક દેવો, તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવો, ત્રણ પર્ષદા, ચાર લોકપાલ, સાત સૈન્ય, અને સાત સેનાધિપતિથી ચારે તરફથી પરિવરેલો તે નિર્મળ તીર્થમાં ઉત્પન્ન થયેલા ક્ષીર–નીરથી ભરેલા નિર્મળ કમળથી ઢાંકેલા ગોશીર્ષચંદન આદિ શ્રેષ્ઠ વસ્તુઓથી યુક્ત, સર્વ ઔષધિ સહિત, ઘણી હજારોની સંખ્યાવાળા મોટા પ્રમાણુવાળા વિકુર્વેલા અને સ્વાભાવિક કળશોવડે પરમ પ્રમોદથી ભગવાન, ભુવનના એક બાંધવ

એવા પ્રથમ તીર્થંકરનો જન્માભિષેકનો ઉત્સવ કરવા માટે ઉપસ્થિત થયો.

તે પછી અસીમ ભક્તિના સમૂહવાળો, કર્યું છે ઉત્તરાસંગ જેણે એવો અચ્યુત દેવેન્દ્ર વિકસિત પારિજાત આદિ પુષ્પોની અંજલિ ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને સુગંધી ઘણા ધૂપના ધૂમાડા વડે તે કુસુમાંજલિને સુવાસિત કરીને ત્રણ લોકના નાથની આગળ મૂકે છે.

હવે અચ્યુત દેવેન્દ્ર સામાનિકદેવો સાથે ૧૦૦૮ કળશો ગ્રહણ કરીને પોતાના મસ્તકની જેમ તેને કાંઈક નમાવતો ત્રણ ભુવનના નિષ્કારણ એક બાંધવ પ્રથમ તીર્થંકરનો જન્માભિષેક કરે છે. તે વખતે એકી સાથે સર્વકળશોમાંથી શરદઋતુના ચંદ્રનાં કિરણોના સમૂહની જેમ આકાશગંગાના પાણીના સમૂહની જેમ બરફના સમૂહની જેવું શ્વેત ક્ષીરોદધિનું પાણી જિનેશ્વરની ઉપર પડ્યું.

આ પ્રમાણે જિનાભિષેક પ્રવર્તતે છતે દેવો ચાર પ્રકારના વાજિંત્રો વગાડે છે. શ્રી મહાવીરચરિત્રમાં કહ્યું છે કે–

दुंदुही–पडह–भंभा–हुडुक्काउलं,
वेणु–वीणाखुम्मिस्स–हय–मद्दल ।
झल्लरी–करड–कंसाल–रव–बन्घुरं,
घोर–गंभीर–मेरी–निनायुद्धरं, ॥१॥

काहलारवसंबद्ध खरमुहिसरं,
पूरियाऽसंख–संखुत्थ–रव निब्भरं ।
पलयकालेव गज्जंतघणबंदयं,
ताडियं सुरेहिं चाउव्विहाउजयं ॥२॥

"દુંદુભિ, પટહ, ભંભા અને હુડુક્કથી વ્યાપ્ત, વેણુ અને વીણાના શબ્દથી મિશ્ર, જેમાં માદળ વાગી રહેલા છે એવા, ઝાલર, કરટ, અને કાંસીજોડાના શબ્દથી મનોહર, ઘોર અને ગંભીર ભેરીના અવાજથી પ્રચંડ, કાહલના અવાજ સાથે જોડાયો છે ખરમુખીનો સ્વર જેમાં, ફૂંકાયેલા અસંખ્ય શંખોમાંથી ઉત્પન્ન થયેલા અવાજથી નિર્ભર, જાણે પ્રલયકાળને વિષે ગર્જના કરતો મેઘનો સમૂહ હોય એવા ચાર પ્રકારના વાજિંત્રોને દેવતા વગાડે છે. ૧–૨

કેટલાક દેવો ચાર પ્રકારના વાજિંત્રો વગાડે છે, કેટલાક દેવો ગંધને લીધે ભેગા થયેલા ભ્રમરના સમૂહથી અત્યંત મનોહર એવા મંદારપુષ્પો મૂકે છે, કેટલાક મલ્લની જેમ પાદપ્રહાર કરે છે, બીજા સુંદર કંઠપૂર્વક સુંદર શબ્દે ગાય છે. કેટલાક ઉત્તાલ તાલપૂર્વક રાસડા ગાય છે. આ પ્રમાણે કેટલાક દેવો હર્ષના પ્રકર્ષથી કરનૃત્ય કરે છે, કેટલાક મદથી વિહ્વલ એવા હાથીની જેમ ગર્જના કરે છે, કેટલાક સાંભળવામાં મનોહર લાગે એવા અશ્વનો હેષારવ કરે છે, કેટલાક ગલદર્દુર કરે છે. બીજા મુષ્ટિવડે પૃથ્વીતલ ઉપર પ્રહાર કરે છે, કેટલાક સિંહનાદ કરે છે, કેટલાક દેવો તે જ સમયે ઇંદ્રની પાસે કળશો

લાવે છે. આ પ્રમાણે વિઘ્નને દૂર કરનાર ઇંદ્રોના સમૂહે સર્વ આદરપૂર્વક કરાતા, ભયને દૂર કરનાર પ્રથમ જિનેશ્વરનું મજ્જન મારા જેવા મંદબુદ્ધિ વડે કેટલું વર્ણન કરી શકાય ?

જિનેશ્વરનો અભિષેક થતો હોય તે સમયે પરમ હર્ષના સમૂહથી રોમાંચિત શરીરવાળા સર્વ દેવેન્દ્રો ધૂપધાણાં, શ્વેતચામર, વિશાળ છત્ર, શુભ પુષ્પો અને શ્રેષ્ઠ ગંધો હાથમાં લઈ આગળ ઊભા રહે છે.

અચ્યુત દેવેન્દ્ર જિનેશ્વરને સ્નાન કરીને અટક્યે છતે પ્રાણત વગેરે બાસઠ ઇંદ્રો પણ પોત–પોતાના પરિવારથી પરિવરેલા મહાવિભૂતિ વડે સૌધર્માધિપતિને મૂકીને અનુક્રમે પ્રથમ જિનેશ્વરને અભિષેક કરે છે. તેમજ અંગરાગ અને પૂજન કરે છે.

તે પછી ઈશાનેંદ્ર સૌધર્મેન્દ્રની જેમ પોતાનું રૂપ પાંચ પ્રકારે વિકુર્વીને એકરૂપે ભગવંતને ખોળામાં ધારણ કરી સિંહાસન ઉપર બેસે છે, બીજા રૂપે શ્વેત છત્ર ધરે છે, બે રૂપે બન્ને શ્રેષ્ઠ ચામરોવડે જિનેશ્વરને વીંજે છે, એક રૂપે આગળ હાથમાં શૂલ ઉછાળતો આગળ ઊભો રહે છે.

## સૌધર્મેન્દ્રે કરેલો અભિષેક મહોત્સવ

હવે સૌધર્માધિપતિ પણ તીર્થંકરની ચાર દિશામાં શંખ જેવા ઉજ્જવળ, રમણીય શરીરવાળા ચાર શ્વેત વૃષભ વિકુર્વે છે, તે બળદોના આઠ શૃંગમાંથી આઠ

ક્ષીરસમુદ્રના જળની ધારાઓ ઊંચે ગગનાંગણમાં જતી, વળી નીચે પડવાથી એક થયેલી કરીને જિનેશ્વરના મસ્તક ઉપર અભિષેક કરે છે. બીજા પણ ઘણા હજારો ક્ષીર-સમુદ્રના જળથી ભરેલા કળશો વડે અભિષેક કરે છે,

આ પ્રમાણે અનુક્રમે સ્નાત્ર મહોત્સવ કર્યા પછી પરમહર્ષના સમૂહથી રોમાંચિત અંગવાળો સૌધર્મદેવેન્દ્ર સુકુમાળ ગંધકષાય વસ્ત્રવડે જિનેશ્વરના શરીરને લૂંછીને ગોશીર્ષચંદનથી મિશ્ર કેશર વડે પ્રભુના અંગે વિલેપન કરે છે. શ્વેત સુગંધી પુષ્પો વડે પૂજા વિસ્તારપૂર્વક કરે છે.

હવે ઈંદ્ર રત્નમય પટ્ટ ઉપર શરદઋતુના ચંદ્રના કિરણની જેવા અખંડ રૂપાના તંદુલ વડે દર્પણ, ભદ્રાસન, વર્ધમાન, કળશ, મત્સ્ય, શ્રી વત્સ, સ્વસ્તિક અને નંદ્યાવર્ત લક્ષણવાળા આઠ મંગળ આલેખે છે.

તે પછી તે સર્વ અલંકારથી વિભૂષિત કરે છે, ત્રણ લોકના પતિના મસ્તક ઉપર વજ્રમાણિક્યના મુકુટને સ્થાપન કરે છે, બંને કાનમાં સુવર્ણનાં કુંડલ, ગળામાં દિવ્ય મોતીનો હાર, બંને બાજુમાં બાજુબંધ, મણિ-બંધમાં મૌક્તિકમણિનાં કંકણ, કટિપ્રદેશમાં સોનાનો કંદોરો, પગમાં માણિક્યના કડાં સ્થાપન કરે છે. આ પ્રમાણે જગદ્‌ગુરુનાં અંગોને સર્વ દેહનાં અલંકારોવડે વિભૂષિત કરે છે.

તે પછી ઈંદ્ર ભક્તિવાસિત મનવાળો વિકસિત પારિ-

જાત આદિ માળાઓથી પરમેશ્વરની પૂજા કરે છે અને ઘણા પ્રકારનાં પુષ્પો ઢીંચણ સુધી મૂકે છે. જુદા જુદા પ્રકારના મણિની રચના વડે વિચિત્ર દંડવાળા વજ્રમય ધૂપધાણાવડે શ્રેષ્ઠ ગંધવડે મનોહર ધૂપ ઉખેવે છે. બળતી દીવીઓના સમૂહથી મનોહર આરતી તેમજ ઉત્તમ મંગળોના ઘર સમાન મંગળદીવો ઉતારે છે.

આ પ્રમાણે સર્વ કર્તવ્ય કરી તે પછી સુર–અસુરો આદરપૂર્વક પ્રથમ જિનપતિની આગળ નૃત્ય કરે છે, તે પછી દેવરાજ શ્રદ્ધાળુ દેવો પાસે સ્વામિને પ્રકીર્ણ પુષ્પનો સમૂહ ઉતરાવે છે, તે પછી ઇંદ્ર શક્રસ્તવ વડે પરમેશ્વરને વંદન કરીને ભક્તિવડે સ્તુતિ કરવાનો આરંભ કરે છે.

## ઇંદ્રે કરેલી જિનેશ્વરની સ્તુતિ

**नमो तुम्हं जगन्नाह । तेलुक्कंभोयभक्खर ।**
**संसारमरुकप्पद्दु ! वीसुद्धरणबन्धव ! ॥१॥**

"હે જગન્નાથ ! ત્રણલોકના ભવ્યજીવોરૂપી કમળોને વિકસ્વર કરવા માટે સૂર્યસમાન, સંસારરૂપી મરુભૂમિને વિષે કલ્પવૃક્ષ સમાન ! વિશ્વનો ઉદ્ધાર કરવામાં બંધુ સમાન ! તમોને નમસ્કાર હો !"

ત્રણ ભુવનથી વંદાયેલા ! સંસારૂપી કૂપની અંદર પડતા પ્રાણીઓનો ઉદ્ધાર કરવામાં સમર્થ ! હે પરમેશ્વર ! તમે જય પામો. શરણાગત જીવો માટે દૃઢ વજ્રપંજર ! કામદેવરૂપી મૃગનો નાશ કરવામા સિંહ સમાન ! મોહરૂપી

અંધકારના સમૂહને દૂર કરવામાં સૂર્યસમાન ! હે જિનેંદ્ર ! જે તમારા મજ્જનમાં આ પ્રમાણે અમે ઉપકાર કરાયા કે તેથી અત્યંત અવિરતિમાં પરાયણ હોવા છતાં પણ અમે આત્માને અતિપુણ્યવંત માનીએ છીએ. હે નાથ ! જ્યાં તમે જન્મ પામ્યા તે ભરતક્ષેત્રનું કલ્યાણ થાઓ. તે પૃથ્વી પણ વંદનીય છે કે જ્યાં તમારા ચરણ કમળ વહેશે. હે જિનવર ! તે મનુષ્યો ખરેખર ધન્ય છે કે જેઓ તમને અહર્નિશ જોશે. અમુક સમયે જ જોનારા અમે કેવા પ્રકારના ?

**जइ तुह पयसेवाए, जिणिंद ! फलमत्थिता सयाकालं ।**
**एवंविहपरममहं, अम्हे पेच्छंतया होमो ॥२॥**

**नाहं वोत्तुं समत्थो म्हि, सब्भूए वि ते गुणे ।**
**चरमसागरे माउं, जलाइं नणु को खमो ? ॥३॥**

"હે જિનેશ્વર ! તમારા ચરણ સેવાનું જો ફળ છે તો સદાકાળ આવા પ્રકારના પરમ મહોત્સવને જોનારા અમે થઈએ." ૨

"હે નાથ ! હું તમારા સત્યગુણોને પણ કહેવા માટે સમર્થ નથી. છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેલા જળને માપવા માટે કોણ સમર્થ થઈ શકે ?" ૩

આ પ્રમાણે જગન્નાથની સ્તુતિ કરીને હર્ષથી પૂર્ણ ચિત્તવાળો ઇંદ્ર પૂર્વની જેમ પાંચ પ્રકારે રૂપ વિકુર્વીને ઇશાનેંદ્રના ખોળામાંથી જિનપતિને લઈને પોતાના

દેવસમૂહથી પરિવરેલો જિનેશ્વરના જન્મગૃહને વિષે આવ્યો. તીર્થંકરના પ્રતિરૂપને સંહરી લઈને માતાની પાસે પ્રભુને સ્થાપન કરે છે, તે પછી મરુદેવામાતાની તે અવસ્વાપિની નિદ્રાને દૂર કરે છે.

પ્રભુના ઓશીકાના મૂળ ભાગમાં એક શ્રેષ્ઠ દેવદૂષ્ય યુગલ અને રત્નમય કુંડલયુગલ સ્થાપન કરે છે. તે પછી ઇંદ્ર વિચિત્ર રત્નહાર અને અર્ધહારોથી યુક્ત સુવર્ણના પ્રકારથી બનાવેલા સુવર્ણ સરખા દેદીપ્યમાન એક શ્રીદામ દડાને પ્રભુની ઉપર ચંદરવામાં પ્રભુની દૃષ્ટિના વિનોદ માટે મૂકે છે. જેને જોતાં તીર્થેશ્વર સુખપૂર્વક પોતાની ચક્ષુના વિક્ષેપને કરે છે. શ્રી મહાવીરચરિત્રમાં–" લટકતા મોતીઓના ગુચ્છાવાળું લંબૂસક (=દડાના આકારનું આભરણ) ભગવંતને રમવા માટે ચંદરવામાં લટકાવે છે" એ પ્રમાણે કહ્યું છે.

તે પછી શક્ર વૈશ્રમણને આજ્ઞા કરે છે કે જલદી બત્રીશ કોડી હિરણ્ય, બત્રીશ કોડી સુવર્ણ, બત્રીશ કોડી રત્ન, બત્રીશ નંદાસન, બત્રીશ ભદ્રાસન અને બીજા પણ વસ્ત્ર–નેપથ્ય વગેરે મહામૂલ્યવાળી વિશિષ્ટ વસ્તુઓ ભગવંતના જન્મભવનમાં લાવો.

કુબેરદેવ પણ જૃંભક દેવો પાસે તે સર્વ શીઘ્ર કરાવે છે.

ફરીથી ઇંદ્ર આભિયોગિક દેવો મારફત સર્વઠેકાણે આ પ્રમાણે ઉદ્ઘોષણા કરાવે છે કે— " હે ભવનપતિ

વ્યંતર-જ્યોતિષી અને વૈમાનિક દેવો ! અને દેવીઓ ! તમે સાંભળો. જે તીર્થંકર કે તીર્થંકરની માતાનું અશુભ અનિષ્ટ કરવા ચિંતવશે તેનું મસ્તક અર્જક મંજરીની જેમ અવશ્ય સાત પ્રકારે તડતડ કરતું ફૂટી જશે."

આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરાવીને તે પછી દેવેન્દ્ર પ્રભુના અંગુઠામાં નાના પ્રકારના આહારના રસમય અમૃત સ્થાપે છે, કારણકે અરિહંતો સ્તનપાન કરતા નથી. પરંતુ ક્ષુધાનો ઉદય થાય ત્યારે પોતાની જાતે જ અમૃતરસને ઝરવાના સ્વભાવવાળા અંગુઠાને મુખમાં નાખે છે. પ્રભુનાં સર્વ ધાત્રીકર્મ કરવા માટે ઇંદ્ર પાંચ અપ્સરાઓને આદેશ કરે છે.

## નંદીશ્વરદ્વીપમાં ઇંદ્રાદિએ કરેલ અષ્ટાહ્નિકા મહોત્સવ

હવે જિનેશ્વરનો સ્નાત્રમહોત્સવ કર્યા પછી મેરુ-પર્વતના શિખર ઉપરથી ઘણા દેવો નંદીશ્વરદ્વીપે જાય છે. સૌધર્મેન્દ્ર પણ શ્રી નાભિપુત્રના જન્મગૃહથી નીકળીને નંદીશ્વરદ્વીપમાં લઘુ મેરુ પ્રમાણ (૮૫૦૦૦ યોજન) ઊંચા પૂર્વદિશામાં રહેલા દેવરમણ નામના અંજનગિરિ ઉપર ઉતરે છે. ત્યાં અતિસુંદર મણિપીઠિકા-ચૈત્યવૃક્ષ અને મહેંદ્રધ્વજથી વિરાજિત ચાર ચાર દ્વારવાળા ચૈત્યમાં પ્રવેશ કરે છે. ત્યાં ઋષભ વગેરે શાશ્વત જિનપ્રતિમાઓની અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક પૂજા કરે છે. તે પર્વતની ચાર દિશામાં રહેલી વાવોમાં સ્ફટિકમય દધિમુખ પર્વતો

ઉપર ચાર ચૈત્યોમાં શાશ્વત તીર્થંકરની પ્રતિમાઓનો અષ્ટાહ્નિકા મહોત્સવ ઇંદ્રના ચાર લોકપાલો કરે છે.

આ પ્રમાણે ઈશાનેન્દ્ર ઉત્તર દિશામાં રહેલા રમણીય નામના અંજનગિરિ ઉપર ઉતરે છે અને તેના લોકપાળો પર્વતની ચાર દિશામાં રહેલી વાવોના દધિમુખ પર્વત ઉપર ઉતરીને આઠ દિવસ પર્યંત મહોત્સવ કરે છે.

ચમરેન્દ્ર દક્ષિણ દિશામાં રહેલા રત્નની કાંતિથી દેદીપ્યમાન નિત્યોદ્યોત નામના અંજનગિરિ ઉપર ઉતરે છે અને તેના લોકપાળો દક્ષિણ અંજનગિરિની વાવડીઓના મધ્યમાં રહેલા દધિમુખ પર્વતો ઉપર આવે છે, ત્યાં આઠ દિવસ સુધી મહોત્સવ કરે છે.

બલીન્દ્ર પણ પશ્ચિમ દિશામાં રહેલા સ્વયંપ્રભ નામના અંજનગિરિ ઉપર આવીને ઋષભ આદિ શાશ્વત પ્રતિમાઓનો ઉત્સવ કરે છે. અને તેના લોકપાળો તેની વાવડીઓના મધ્યભાગમાં રહેલા દધિમુખ પર્વતો ઉપર શાશ્વત જિનપ્રતિમાઓની આઠ દિવસ સુધી પૂજા કરે છે.

આ પ્રમાણે નંદીશ્વરદ્વીપમાં જિનચૈત્ય મહોત્સવ કરીને સર્વે ઇન્દ્રો અને દેવો પોત–પોતાના સ્થાને જાય છે.

**(આ પ્રમાણે ઇંદ્રે કરેલ મહોત્સવ સમાપ્ત)**

## ઋષભ એ પ્રમાણે નામ અને વંશની સ્થાપના

હવે જાગૃત થયેલા સ્વામિની મરુદેવા પણ દેવોના આગમન આદિ રાત્રિનો વૃત્તાંત નાભિકુલકરને કહે છે.

જે કારણથી પ્રભુના ઉરુપ્રદેશમાં ઋષભનું ચિહ્ન હતું અને માતાએ સ્વપ્નમાં પ્રથમ ઋષભ જોયો હતો તેથી માત–પિતાએ શુભ દિવસે તે બાળકનું નામ મહોત્સવ-પૂર્વક "ઋષભ" કર્યું. તે વખતે સાથે ઉત્પન્ન થયેલી કન્યાનું નામ પણ "સુમંગલા" યથાર્થ કર્યું.

બાળપણામાં પ્રભુ પોતાના અંગુઠામાં ઇંદ્રે સંક્ર-માચેલા અમૃતરસને યોગ્ય કાળે પીવે છે. ઇંદ્રે આદેશ કરેલી પાંચે ધાત્રીના સ્વરૂપવાળી દેવીઓ પરમેશ્વરને જેમ સમિતિઓ મહામુનિને પાળે તેમ પાળે છે.

પ્રભુના જન્મથી કાંઈક ઓછો એક વર્ષ થયે છતે સૌધર્મેન્દ્ર વંશ સ્થાપન માટે આવ્યો. 'સેવકે ખાલી હાથે સ્વામીનું દર્શન ન કરવું જોઈએ'–એ પ્રમાણે વિચારીને મોટો શેરડીનો સાંઠો લઈને નાભિકુલકરના ખોળામાં બેઠેલા સ્વામીની આગળ આવ્યો. પ્રભુ અવધિજ્ઞાનથી ઇંદ્રનો સંકલ્પ જાણીને તે શેરડીનો સાંઠો લેવા માટે હાથીની જેમ કરને લંબાવે છે. પ્રભુના ભાવને જાણનાર ઇંદ્ર પ્રભુને મસ્તક વડે નમીને તે શેરડીના સાંઠાને ભેટ-ણાની જેમ આપે છે. સ્વામીએ ઇક્ષુ ગ્રહણ કરી તેથી 'ઇક્ષ્વાકુ' એ નામનો સ્વામીનો વંશ સ્થાપીને શક્ર સ્વર્ગમાં ગયો.

## જિનના દેહ આદિના અતિશયો અને દેવો સાથે ક્રીડા

યુગાદિનાથનો દેહ સ્વેદ–રોગ અને મળથી રહિત, સુગંધી, સુવર્ણકમળની જેમ સુંદર આકારવાળો છે. માંસ અને લોહી જેવા ગાયના દૂધની ધારા શ્વેત અને દુર્ગંધ રહિત હોય છે, આહાર અને નિહારની વિધિ નેત્રને અગોચર હોય છે, વિકસિત કમળની સુગંધ સરખો સુગંધી શ્વાસ હોય છે. એ ચાર અતિશયો તીર્થંકરને જન્મ સાથે હોય છે.

વજ્રઋષભનારાચ સંઘયણને ધારણ કરતા પ્રભુ જાણે પૃથ્વીના પતનના ભયથી મંદ મંદ ચાલે છે. બાળક હોવા છતાં પણ ગંભીર મધુર ધ્વનિપૂર્વક પ્રભુ બોલે છે. સ્વામીને સમચતુરસ્ર સંસ્થાન અત્યંત શોભે છે, સરખી વયવાળા થઈને આવેલા દેવકુમારો સાથે તેઓના ચિત્તને રંજન કરવા માટે ઋષભસ્વામી ક્રીડા કરે છે. ધૂળથી વ્યાપ્ત છે સર્વ અંગ જેનાં, ઘુઘરમાળને ધારણ કરતા ક્રીડા કરતા પ્રભુ, અંદર રહેલી છે મદની અવસ્થા જેને એવા હાથીના બચ્ચાની જેમ શોભે છે. સ્વામી જે કાંઈ લીલા વડે હાથથી ગ્રહણ કરે છે, તેને લઈ લેવા માટે મહર્ધિક દેવ પણ સમર્થ નથી. જે પ્રભુના બળની પરીક્ષા કરવા માટે આંગળીને પણ ગ્રહણ કરે છે. તે શ્વાસના પવનથી રજકણની માફક દૂર જાય છે.

કેટલાક દેવકુમારો વિચિત્ર દડા વડે પૃથ્વી પર

ફરતા દડાની જેમ પ્રભુને રમાડે છે. કેટલાક રાજશુક થઈને "જીવ જીવ, નંદ નંદ" એમ વારંવાર બોલે છે. કેટલાક દેવો મોર થઈને મયૂરના શબ્દને કરતાં સ્વામીની આગળ નાચે છે. કેટલાક હંસના રૂપને ધારણ કરતાં ગાંધાર શબ્દનો અવાજ કરતા પાસે ફરે છે. કેટલાક ક્રૌંચનું રૂપ ધારણ કરી મધ્યમ અવાજ કરતાં પ્રભુ આગળ ચીસ પાડે છે. કેટલાક દેવો કોકિલનું રૂપ ધારણ કરી પ્રભુના ચિત્તના આનંદ માટે સ્વામીની પાસે પંચમ સ્વરે ગાય છે. કેટલાક દેવો પ્રભુનું વાહન થઈને પોતાને પવિત્ર કરવા ઈચ્છતા અશ્વરૂપવાળા થઈને હેષારવ વડે ધૈવત-ધ્વનિને કરે છે. કેટલાક કલભ (= હાથીના બચ્ચા)નું રૂપ ધારણ કરી નિષાદ સ્વરનો અવાજ કરતા અધોમુખવાળા થઈને સૂંઢ વડે પ્રભુના ચરણોને સ્પર્શ કરે છે. કેટલાક વળી વૃષભનું રૂપ ધારણ કરી ઋષભ સ્વર વડે શોભતા શૃંગવડે કિનારાઓને તાડન કરતા સ્વામીના નેત્રને વિનોદ પમાડે છે. કેટલાક અંજનગિરિની જેમ મહિષ થઈને પરસ્પર યુદ્ધ કરતાં સ્વામીને યુદ્ધ ક્રીડા બતાવે છે. પ્રભુના વિનોદ માટે મલ્લરૂપધારી કેટલાક દેવો વારંવાર ભુજાઓને અફળાવતા મલ્લયુદ્ધની ભૂમિમાં પરસ્પરને બોલાવે છે.

આ પ્રમાણે વિવિધરૂપો કરીને દેવો વડે સતત સેવાતા, તે ધાત્રીરૂપધારી દેવાંગનાઓ વડે લાલન કરાતા, પ્રભુ અનુક્રમે વૃદ્ધિ પામે છે.

**અંગુઠાના અમૃતપાનની અવસ્થાથી આગળની વયમાં**

રહેલા બીજા અરિહંતો ગૃહવાસ સમયે રાંધેલા ધાન્યને ખાય છે, ભગવાન નાભિનંદન તો દેવો વડે લવાયેલા ઉત્તરકુરુ ક્ષેત્રનાં ફળો ખાય છે, ક્ષીરસમુદ્રનું પાણી પીવે છે. આ પ્રમાણે પ્રભુ બાળપણું ઉલ્લંઘીને વિકસિત થયા છે અવયવ જેમાં એવા યૌવનવયને પામે છે.

## જિનેશ્વરની યૌવન વખતે દેહશોભા અને દેહનાં લક્ષણો

યૌવનવય પામ્યે છતે પ્રભુનાં બે ચરણો કોમળ, રક્ત, કમળના મધ્યભાગ સરખા, કંપ અને સ્વેદ રહિત, ઉષ્ણ અને સમાન તળીયાવાળા થયા. લક્ષ્મીના ક્રીડાગૃહ સમાન સ્વામીના ચરણોને વિષે શંખ અને કુંભનાં ચિહ્નો તથા પાનીમાં સાથીઓ શોભે છે. સ્વામીનો અંગુઠો માંસલ, વર્તુળ અને ઊંચો સર્પની ફણા સરખો વત્સની જેમ શ્રીવત્સથી શોભતો હતો. પ્રભુનું આંગળીઓ વાયુ-રહિત પ્રદેશમાં નિષ્કંપ સ્નિગ્ધ દીપશિખા સરખી આંતરા વગરની ચરણકમળના પત્રની જેમ શોભતી હતી. જગદ્-ગુરુના પગની આંગળીઓના તળિયામાં નંદાવર્ત શોભે છે. જેઓના પ્રતિબિંધ પૃથ્વીમાં ધર્મની સ્થાપનાના હેતુપણાને પામે છે. આંગળીઓના પર્વને વિષે જગત્પ્રભુને જગતની લક્ષ્મીને પરણવા માટે વાવેલા હોય એવા યવો શોભે છે. પ્રભુના પગની પાની ચરણકમળના કંદની જેમ ગોળ–લાંબી અને વિસ્તારવાળી છે. અંગુઠા અને આંગળી રૂપી સર્પના ફણામણિ સરખા નખો શોભે છે.

સ્વામિના ચરણની બંને ઘુંટીઓ ગૂઢ, સુવર્ણકમળની અર્ધવિકસિત કર્ણિકાના ગોળાની શોભાને વિસ્તારે છે. પ્રભુનાં ચરણો ઉપરના ભાગમાં કાચબાની જેમ ઉન્નત, સ્નિગ્ધ કાંતિવાળા અને રૂંવાટા રહિત છે. સ્વામીની શ્વેત જંઘાઓ અભ્યંતર માર્ગમાં ઘણા અસ્થિ–માંસવાળી, અનુક્રમે વર્તુળ, હરણીના પગની પીંડીની જેમ મનોહર છે. સ્વામીના બે જાનુ માંસપૂર્ણ અને ગોળ છે, સાથળો કોમળ સ્નિગ્ધ અને અનુક્રમે પુષ્ટ, પ્રૌઢ કદલીસ્તંભના વિભ્રમવાળા છે. મુષ્ક, ગૂઢ અને સમસ્થિતિવાળા છે, પુરુષચિહ્ન જાતિવંત અશ્વની જેમ અતિગૂઢ છે.

સ્વામીની કટી વિસ્તારવાળી, માંસલ, સ્થૂળ, વિશાળ અને કઠિન છે. મધ્યભાગ પાતળો હોવાથી વજ્રના મધ્યભાગ સરખો છે. નાભિ ગંભીર અને નદીના આવર્તના વિલાસને ધારણ કરનારી છે. કુક્ષી સ્નિગ્ધ, માંસલ, કોમળ, સરળ અને સમ છે.

પ્રભુનું વક્ષસ્થલ સુવર્ણની શિલા સરખું વિશાળ, ઉન્નત શ્રીવત્સરૂપી રત્ન પીઠથી અંકિત લક્ષ્મીની ક્રીડાવેદિકાની શોભાને ધારણ કરે છે.

સ્વામીના સ્કંધો દઢ, પુષ્ટ, ઉન્નત વૃષભની કોઢય સરખા છે. કક્ષાઓ અલ્પ રોમવાળી, ગંધ–સ્વેદ અને મળથી રહિત છે. બે બાહુઓ ઢીંચણ સુધી લાંબી, પુષ્ટ અને હાથરૂપી ફણાછત્રવાળી છે, જગત્પતિના બંને હાથ નવા આમ્રના પલ્લવ સરખા લાલ તળિયાવાળા, કર્મથી

ઉત્પન્ન થયેલી કર્કશતા રહિત; સ્વેદ અને છિદ્ર વગરના ઉષ્ણ તેમ જ દંડ, ચક્ર, ધનુષ્ય, મત્સ્ય, શ્રીવત્સ, વજ્ર, અંકુશ, ધ્વજ, કમળ, ચામર, છત્ર, શંખ, કળશ, સમુદ્ર, મંદર, મગર, ઋષભ, સિંહ, અશ્વ, રથ, સ્વસ્તિક, દિગ્ગજ, પ્રાસાદ, તોરણ, દ્વીપ વગેરે શુભ લક્ષણો વડે પગની જેમ શોભાયમાન છે. લાલ હાથમાં ઉત્પન્ન થયેલ અંગુઠો અને આંગળીઓ લાલ અને સરળ શોભે છે. સ્વામીના અંગૂઠાના પર્વને વિષે યવો યશરૂપી શ્રેષ્ઠ અશ્વના પુષ્ટિ વિશેષના કારણભૂત હોય તેમ પ્રગટપણે શોભે છે. પ્રભુની આંગળીઓની ઉપર દક્ષિણાવર્ત સર્વ સંપત્તિને કહેનારા દક્ષિણાવર્ત શંખની શોભાને ધારણ કરે છે. કરકમળના મૂળમાં ત્રણ રેખાઓ ત્રણ લોકનો ઉદ્ધાર કરવા માટે સંખ્યાના લેખની જેમ શોભે છે.

પ્રભુનો કંઠ વર્તુળ, અતિદીર્ઘ નહિ એવો, ત્રણ રેખાથી પવિત્ર, ગંભીર ધ્વનિવાળો શંખની વિડંબનાને કરે છે. પ્રભુનું વદન નિર્મળ, વર્તુળ, કાંતિથી તરંગિત, લાંછન રહિત બીજો ચંદ્ર હોય તેવું શોભે છે. સ્વામીના કોમળ, માંસલ અને સ્નિગ્ધ કપોલ સાથે રહેનાર લક્ષ્મી અને સરસ્વતીના સુવર્ણમય દર્પણ જેવા છે. કાન અભ્યંતર વડે સુભગ અને સ્કંધ સુધી લટકતા છે. ઓષ્ઠ બિંબ-ફળની ઉપમાવાળા છે. બત્રીશ દાંત મચકુંદના પુષ્પ જેવા છે. નાસિકા ક્રમથી વિસ્તારવાળી અનુક્રમે ઉન્નત્ત વંશવાળી છે. પ્રભુનું ચિબુક (=હડપચી) હ્રસ્વ નહિ

અને દીર્ઘ નહિ એવું, માંસળ, વર્તુળ અને કોમળ છે. શ્મશ્રુ (=દાઢી) શ્યામ, ગાઢ, સ્નિગ્ધ અને કોમળ છે.

પ્રભુની જીભ નવા કલ્પવૃક્ષના પ્રવાલના જેવી લાલ, કોમળ, અતિસ્થૂળ નહિ એવી, દ્વાદશાંગ પ્રવચનના અર્થને કહેનારી છે.

સ્વામીના નેત્રો મધ્ય ભાગમાં કૃષ્ણ–ધવળ, અંત ભાગમાં રક્ત છે એથી નીલમણિ–સ્ફટિક રત્ન અને શોણમણિના વિન્યાસમય હોય એવા શોભે છે. તેમજ કાન સુધી વિશ્રાંતિ પામેલા કાજળ સરખી શ્યામ પાંપણ-વાળા તે નેત્રો જેમ ભ્રમર છૂપાયા છે એવા કમળની જેમ શોભે છે.

જગતના નાથની શ્યામ અને કુટિલ એવી ભ્રૂકુટીઓ (=ભમરો) દૃષ્ટિરૂપી નદીના કાંઠે ઉગેલી લતાની શોભાને ધારણ કરે છે.

ભુવનપતિનું વિશાળ, માંસળ, વર્તુળ, કઠિન, કોમળ અને સમાન એવું ભાલ (=કપાલ) અષ્ટમીના ચંદ્રની શોભાને ધારણ કરે છે.

ભુવન સ્વામીનું અનુક્રમે સમુન્નત મસ્તક અધોમુખ થયેલા શ્રેષ્ઠ છત્ર સરખું છે.

તીર્થંકરના પરમેશ્વરપણાના સૂચક મસ્તકને વિષે વર્તુળ, ઊંચું, ઉષ્ણીષ (=શિખા) કળશની શોભાને પામે

છે. મસ્તકને વિષે ભમરા જેવા શ્યામ ગૂંથેલા કોમળ અને સ્નિગ્ધ એવા કેશો યમુનાના તરંગની જેમ શોભે છે.

પ્રભુના દેહને વિષે ત્વચા (=ચામડી) ગોરોચનના ગર્ભના જેવી ગૌર, સ્નિગ્ધ, નિર્મળ સુવર્ણના દ્રવથી વિલેપન કરેલી હોય એવી શોભે છે. પ્રભુના શરીરમાં કોમળ, ભ્રમર સરખા શ્યામ રૂંવાટા કમળતંતુની જેમ પાતળાં શોભે છે.

એ પ્રમાણે અન્યને સાધારણ નહીં એવા વિવિધ લક્ષણોથી લક્ષિત પ્રભુ રત્નવડે રત્નાકરની જેમ કોને સેવનીય ન થાય?

### પ્રભુનું દેવોએ કરેલા સંગીતનું જોવું

મહેન્દ્ર વડે અપાયો છે હાથ જેને, યક્ષો જેને ચામર વીંજી રહ્યા છે, ધરણેન્દ્ર જેનું દ્વારપાળપણું કરે છે, વરુણ જેને છત્ર ધારણ કરે છે એવા પ્રભુ 'જીવ જીવ' એ પ્રમાણે બોલતા દેવગણોથી ચારે તરફથી પરિવરેલા ગર્વ રહિત સુખપૂર્વક વિહરે છે.

બલીન્દ્રના ખોળામાં ચરણ સ્થાપન કરી, ચમરેન્દ્રના ખોળારૂપી પલંગમાં ઉત્તરદેહ (=ઉપરનો દેહ) સ્થાપન કરી, દેવોવડે લવાયેલા આસન ઉપર બેઠેલા, હસ્તશાટિકા જેના હાથમાં છે એવી અપ્સરાઓવડે બન્ને બાજુએ સેવા કરાતા સ્વામી આસક્તિથી રહિત એવા દિવ્ય સંગીતને જુએ છે.

એક વખત બાળપણાને અનુરૂપ ક્રીડાવડે ક્રીડા કરતું કોઈક યુગલ તાડના વૃક્ષની નીચે ગયું. તે વખતે દૈવના દુર્યોગથી યુગલમાંના પુરુષના મસ્તક ઉપર મોટું તાડનું ફળ એરંડા ઉપર વિજળીના દંડની જેમ પડે છે, કાક-તાલીય ન્યાયવડે મસ્તકને વિષે હણાયેલ તે યુગલિક બાળક પ્રથમ અકાળ મૃત્યુવડે મરણ પામી મંદકષાયવાળો હોવાથી સ્વર્ગમાં ગયો. પ્રથમ મૃત્યુ પામેલા યુગલિકના શરીરને ઉપાડીને મહાપક્ષીઓ ઉપાડીને તરત જ સમુદ્રમાં ફેંકતા હતા, અવસર્પિણીના હાનિ પામતા સ્વભાવથી તે વખતે તે કલેવર તેમજ રહ્યું.

હવે સાથે ઉત્પન્ન થયેલી બાકી રહેલી તે બાળા સ્વભાવથી મુગ્ધ (= ભોળી) ચપળ નેત્રવાળી ઊભી રહી તેનું જનકયુગલ તે બાળિકાને લઈ જઈને પાળે છે. વળી તેનું 'સુનંદા' એ પ્રમાણે નામ સ્થાપ્યું. કેટલોક સમય ગયા પછી તેના માત-પિતા મરીને સ્વર્ગમાં ગયા.

શું કરવું ? એમાં મૂંઝાયેલી તે બાળા ચંચળ નેત્રવાળી ટોળામાંથી છૂટી પડી ગયેલી હરિણીની જેમ એકલી વનમાં ભમે છે. સર્વ અવયવોથી સુંદર પવિત્ર લાવણ્યરૂપી અમૃતની નદીની જેવી વનની અંદર એકલી ફરતી તે વનદેવી જેવી શોભે છે. એક વખત યુગલિકો તે મુગ્ધ એવી તેને એકલી જોઈને શું કરવું એમાં મૂઢ થયેલા તેઓ શ્રી નાભિ કુલકરની આગળ લાવે છે. નાભિકુલકર 'આ ઋષભકુમારની ધર્મપત્ની થાઓ' એમ વિચારીને નેત્રરૂપી કૈરવને ચાંદની સમાન એવી તેને ગ્રહણ કરે છે.

## ઇંદ્રે કરેલો વિવાહનો પ્રસ્તાવ

એ વખતે ઇંદ્ર અવધિજ્ઞાનથી સ્વામીના વિવાહ-સમયને જાણીને ત્યાં આવે છે. પ્રભુના ચરણકમળને પ્રણામ કરીને સેવકની જેમ આગળ ઊભા રહીને ઇંદ્ર બે હાથ જોડી આ પ્રમાણે વિનંતિ કરે છે. જે અજ્ઞાની જ્ઞાન-સાગર એવા નાથને પોતાના અભિપ્રાય અને બુદ્ધિ વડે કાર્યમાં પ્રવર્તાવવા ઇચ્છે છે તે ઉપહાસના સ્થાનને પામે છે. સ્વામી વડે મહાપ્રસાદ વડે હંમેશાં જોવાયેલા તે જ સેવકો ક્યારેક કાંઈક સ્વચ્છંદપણે પણ બોલે છે. પ્રભુના અભિપ્રાયને જાણીને જે બોલે છે તે જ સેવકો કહેવાય છે.

હે નાથ! હું તો અભિપ્રાય જાણ્યા વિના જે બોલું છું. તેમાં અપ્રસન્ન થશો નહિ. હું માનું છું કે–ભગવંત ગર્ભવાસથી માંડીને રાગ વગરના, અન્ય પુરુષાર્થોની અપેક્ષા વિના ચોથા મોક્ષ પુરુષાર્થને માટે તત્પર છો. તો પણ હે નાથ! લોકોને વ્યવહાર માર્ગ, મોક્ષમાર્ગની જેમ તમારે જ સારી રીતે બતાવવાનો છે, તેથી લોકવ્યવહાર માટે તમારા વડે કરાતા પાણિગ્રહણના મહોત્સવને હું ઇચ્છું છું. હે સ્વામિન્! પ્રસન્ન થાઓ. હે વિભુ! ભુવનમાં આભૂષણરૂપ, પોતાને અનુરૂપ રૂપવતી સુમંગલા અને સુનંદા દેવીઓને પરણવા માટે તમે યોગ્ય છો.

સ્વામી પણ અવધિજ્ઞાનથી ત્યાશી લાખ પૂર્વ સુધી પોતાના નિકાચિત ભોગફળવાળા કર્મને અવશ્ય ભોગવવાનું છે એથી મસ્તક કંપાવતા સ્વામી તે વખતે સાયંકાળે કમળની જેમ અધોમુખવાળા રહે છે.

હવે ઇંદ્ર પ્રભુના અભિપ્રાયને જાણીને વિવાહકર્મના આરંભ માટે તરત આભિયોગિક દેવોને બોલાવે છે.

**આભિયોગિક દેવોએ કરેલા મંડપનું વર્ણન**

હવે તે આભિયોગિક દેવો ઇંદ્રની આજ્ઞાથી સુધર્મા-સભાનો નાનો ભાઈ હોય એવો મંડપ રચે છે. ત્યાં સુવર્ણ-માણિક્ય અને રજતના સ્થંભો મેરુ-રોહણગિરિ અને વૈતાઢ્યની ચૂલિકા જેવા શોભે છે. ઉદ્યોત કરતા સુવર્ણકુંભો ત્યાં ચક્રવર્તીના કાકિણી રત્નથી મંડિત હોય એવા શોભે છે. બીજાના તેજને સહન નહિ કરનારી સુવર્ણવેદિકાઓ સૂર્યના પ્રકાશને પરાભવ કરતી હોય તેમ શોભે છે. અંદર પ્રવેશ કરતા. મણિમય શિલામાં પ્રતિબિંબિત થયેલા કોણ કોણ પરિવારપણાને પામતા નથી ? રત્નમય સ્તંભ ઉપર રહેલી પુતળીઓ સંગીત કરવાથી થાકી ગયેલી નર્તકીઓ હોય તેમ શોભે છે. સર્વ દિશાઓમાં કલ્પવૃક્ષના પલ્લવોથી કરાયેલાં તોરણો કામદેવે તૈયાર કરેલા ધનુષ્યની જેમ શોભે છે. સ્ફટિકમય બારશાખોને વિષે નીલમણિનાં તોરણો શરદઋતુના મેઘની અંદર રહેલા શુકની પંક્તિ જેવા લાગે છે.

તે મંડપ કોઈક ઠેકાણે સ્ફટિકથી બાંધેલી પૃથ્વીના આંતરા રહિત કિરણો વડે ક્રીડા કરવાના અમૃત સરોવરના ભ્રમને, કોઈક ઠેકાણે પદ્મરાગમણિના કિરણોના સમૂહ વડે દિવ્ય કસુંબી વસ્ત્રના ભ્રમને, કોઈક ઠેકાણે નીલમણિના કિરણોના પ્રવાહ વડે વાવેલા માંગલિક યવના અંકુરાની

શોભાને, કોઈક ઠેકાણે મરકતમણિના કિરણદંડ વડે લીલા લવાયેલા માંગલિક વાંસની શંકાને ઉત્પન્ન કરે છે.

શ્વેત દિવ્ય વસ્ત્રના ચંદરવાના બહાને તે મંડપ આકાશમાં રહેલી ગંગાવડે જાણે આશ્રય કરાયો હોય તેવો હતો. ચંદરવામાં લટકતી મોતીની માળાઓ આઠે દિશાઓના આનંદના હાસ્ય જેવી શોભે છે.

ત્યાં દેવીઓએ સ્થાપન કરેલી, આકાશના અગ્રભાગને આલિંગન કરતી હોય એવી ચાર રત્નકળશની શ્રેણીઓ રતિના નિધાનની જેમ શોભે છે.

કુંભને ટેકો આપનારા લીલા વાંસો વિશ્વને ટેકો આપનારા સ્વામીના વંશની વૃદ્ધિના સૂચક હોય એવા શોભે છે.

તે વખતે વિવાહને ઉચિત કાર્યમાં હે રંભા ! તું માળાઓ શરુ કર, હે ઉર્વશી ! તું દુર્વા તૈયાર કર. હે ઘૃતાચિ ! વરને અર્ઘ્ય આપવા ઘી અને દહીં આદિ લાવ. હે મંજુઘોષા ! સુંદર અવાજ વડે ધવલમંગળ ગા. હે સુગંધા ! સુગંધી વસ્તુઓ તૈયાર કર. હે તિલોત્તમા ! દ્વાર ભાગમાં ઉત્તમ સ્વસ્તિકો કર. હે મેના ! વિવાહ સમયે આવેલા લોકોનું સન્માન કર. હે સુકેશી ! વધૂ–વરને માટે કેશના આભરણ ધારણ કર. હે સહજન્યા ! જાનમાં આવેલા લોકોને સ્થાન બતાવ. હે ચિત્રલેખા ! માયરામાં વિચિત્ર ચિત્રને આલેખ. હે પૂર્ણિની ! પૂર્ણપાત્રોને તૈયાર કર. હે પુંડરીકા ! કમળો વડે પૂર્ણકળશોને સુશોભિત

કર. હે અમ્લોચા! વરમાંચીને યોગ્ય સ્થાને સ્થાપન કર. હે હંસપાદી! વધૂ–વરની પાદુકાઓને મૂક. હે પુંજિકા-સ્થલા! વેદિકાની ભૂમિને છાણવડે જલદી વિલેપન કર. હે રામા! બીજે ઠેકાણે કેમ રમે છે? હે હેમા! તું હેમને કેમ જુએ છે? હે ક્રતુસ્થલા! તું પ્રમાદીની જેમ કેમ વિસંસ્થુલ છે? હે મારીચી! તું શું વિચારે છે? હે સુમુખી! તું ઊંચા મુખવાળી કેમ છે? હે ગાંધર્વી! તું આગળ કેમ ઊભી રહેતી નથી? હે દિવ્યા! તું ફોગટ કેમ રમે છે? લગ્નવેળા નજીક વર્તે છે, તેથી સર્વ પ્રકારે પોત–પોતાના કાર્યમાં ઉતાવળ કરો. આ પ્રમાણે નામ ગ્રહણપૂર્વક વારંવાર આદેશ આપતી દેવી-ઓનો પરસ્પર સંભ્રમથી મોટો કોલાહલ થયો.

**અપ્સરાઓએ સુમંગલા અને સુનંદાને તૈયાર કરવી.**

તે પછી કેટલીક અપ્સરાઓ મંગળસ્નાન નિમિત્તે સુમંગલા અને સુનંદાને આસન ઉપર બેસાડે છે. હવે સુંદર ધવલમંગલ ગવાતે છતે સુગંધી તેલ વડે તેઓને સર્વ અંગે મર્દન કરે છે. તે પછી ઉદ્વર્તન કરવા યોગ્ય સૂક્ષ્મ ચૂર્ણવડે તેઓને ઉદ્વર્તન કરે છે, તેઓના ચરણોમાં, ઢીંચણમાં, હાથમાં, સ્કંધમાં અને કપાળમાં નવ સુધાકુંડ જેવા તિલક કરે છે.

વળી તે દેવીઓ તાંક ઉપર રહેલા કસુંબી દોરા વડે સમચતુરસ્ર સંસ્થાન જોવા માટે હોય તેમ તેઓના ડાબા–જમણા પડખે અંગને સ્પર્શ કરે છે. સુંદર અવ-

યવવાળી તે કન્યાઓને પીઠી ચોળવાના સ્થાનમાં સ્થાપન કરી તે પછી હર્ષથી ઉન્મત્ત થયેલી તેઓ તે જ વિધિ વડે પીઠી ચોળે છે. ફરીથી બીજા આસન ઉપર બેસાડીને પોતાની કુળદેવતાની જેમ સુવર્ણ કળશના પાણી વડે તેઓને ન્હવરાવે છે. તે પછી ગંધકષાય વસ્ત્ર વડે તેઓના અંગને લુંછે છે અને નિર્મળ વસ્ત્ર વડે તેઓના કેશોને વીંટે છે. તે પછી તેઓને બીજા આસન ઉપર બેસાડીને રેશમી વસ્ત્રો પહેરાવીને કેશોમાંથી પાણી કાઢીને કાંઈક ભીના વાળોને દિવ્ય ધૂપ વડે સુવાસિત કરે છે.

તેઓના ચરણોને અળતાના રસ વડે સુશોભિત કરે છે. અંગને સુંદર અંગરાગ વડે વિલેપન કરે છે. ડોક ઉપર, હાથના અગ્ર ભાગમાં, સ્તન ઉપર અને ગાલના ભાગમાં કામદેવની પ્રશસ્તિ હોય એવી પત્રલતા આલેખે છે. કપાળમાં ચંદન વડે સુંદર તિલક અને નેત્રોમાં અંજન કરે છે. વિકસિત પુષ્પમાળાઓથી અંબોડો બાંધે છે. લટકતી દશીઓની શ્રેણીથી શોભતા વિવાહ યોગ્ય વસ્ત્રો પહેરાવે છે. તેઓના મસ્તક ઉપર વિવાહને યોગ્ય મણિથી દેદીપ્યમાન એવા મુકુટ સ્થાપન કરે છે. કાનમાં મણિમય કર્ણાભરણ પહેરાવે છે. કર્ણલતામાં દિવ્ય મણિથી શોભતા કુંડલ આરોપણ કરે છે. ગળામાં કંઠાભરણ, સ્તનતટ ઉપર હાર, ભુજામાં રત્નમંડિત બાજુબંધ, હાથના મૂળ ભાગમાં મોતીના કંકણ પહેરાવે છે. કટિ પ્રદેશમાં અવાજ કરતી ઘુઘરીઓના સમૂહથી શોભતા મણિમય

કંદોરાઓ સ્થાપન કરે છે. પગમાં ઝણઝણ અવાજ કરતા રત્નમય ઝાંઝર પહેરાવે છે.

આ પ્રમાણે તે કન્યાઓને તૈયાર કરીને દેવીઓનો સમૂહ તેઓને ઉપાડીને માતૃઘર (માયરા)ની અંદર લાવીને સુવર્ણના આસન ઉપર બેસાડે છે.

ઇંદ્ર વડે વિવાહ માટે તૈયાર થવા માટે અત્યંત આગ્રહથી વિજ્ઞપ્તિ કરાયેલા વૃષભના ચિહ્નવાળા પ્રભુ 'લોકમાં વ્યવહારની સ્થિતિ બતાવવી જોઈએ અને મારે ભોગવવા લાયક ભોગ્ય કર્મ છે' એમ વિચારીને ઇંદ્રનું વચન માન્ય કરે છે.

## તૈયાર થયેલા પ્રભુનું વિવાહ મંડપમાં આગમન અને દેવીઓ વડે કરાયેલ વિવાહનો ઉપચાર

હવે ઈન્દ્રે સ્વામીને સ્નાન કરાવી, વિલેપન કરી વિધિપૂર્વક આભૂષણ આદિથી શણગાર્યા. દ્વારપાળની જેમ ઇંદ્ર વડે શોધાતો છે અગ્ર માર્ગ જેનો, અપ્સરાના સમૂહ વડે બન્ને પડખે જેમને લવણ ઉતારાય છે એવા, ઇંદ્રાણી વડે ગવાતા છે ધવલમંગળ જેના, સામાનિક આદિ દેવીઓ વડે કરાતી છે ઉતારણાની વિધિ જેની, ગંધર્વના સમૂહ વડે હર્ષ વડે વગાડાતા છે વાજિંત્ર જેના, એવા સ્વામી દિવ્ય વાહન વડે મંડપના દ્વારપ્રવેશે આવ્યા.

હવે ઇંદ્રવડે અપાયો છે હાથ જેને એવા સ્વામી વાહનમાંથી ઉતરીને મંડપના દ્વારની ભૂમિમાં રહ્યા. મંડપમાં રહેલી દેવીઓ દ્વારને વિષે તડતડ કરતા લવણ

અને અગ્નિથી ગર્ભિત શરાવસંપુટને મૂકે છે. કોઈક દુર્વાસાદિ માંગલિક દ્રવ્યથી યુક્ત રૂપાનો થાળ આગળ ધારણ કરે છે. કોઈક કસુંબી વસ્ત્રવાળી અર્ઘ્ય આપવા માટે પ્રત્યક્ષ મંગળ જેવા પંચશાખ–હસ્તવડે રવૈયાને ઉપાડીને આગળ રહી. હે અર્ઘ્ય આપનારી! અર્ઘ્યને ઉચિત વરને અર્ઘ્ય આપ. ક્ષણવાર માખણને ફેંક, થાળમાંથી દહીં ઊંચું રાખ. હે સુંદરી! નંદન વનમાંથી લાવેલ ચંદન દ્રવને ઊંચે રાખ. ભદ્રશાલવનની ભૂમિમાંથી લાવેલ માટી સહિત દુર્વાને ધારણ કર. ખરેખર! એકઠા થયેલા લોકોની નેત્રશ્રેણીવડે થયેલ છે જંગમ તોરણ જેને એવા આ ત્રણ જગતમાં ઉત્તમ, ઉત્તરીય વડે ઢંકાયેલ છે સમસ્ત દેહ જેમનો એવા, ગંગાના તરંગની અંદર રહેલા રાજહંસ જેવા વર તોરણદ્વારે ઊભા છે, પવનવડે એમના પુષ્પો પડે છે, ચંદન સુકાય છે, તેથી હે સુંદરી! ઉતાવળ કર. દ્વારને વિષે વરને રોક નહિ, રોક નહિ.

હવે તે સુંદરી દેવાંગનાઓ મોટેથી ધવલમંગળ ગાતે છતે ત્રિજગત્પૂજ્ય વરને અર્ઘ્ય આપે છે. એક સુંદરી અવાજ કરતા ભુજકંકણ સહિત રવૈયાવડે ત્રણ વખત ત્રિજગત્પતિના કપાલને ચુંબન કરે છે.

## પ્રભુનો વિવાહ મહોત્સવ

હવે પ્રભુ પાદુકાસહિત ડાબા પગ વડે હિમકર્પૂરની લીલાવડે અગ્નિસહિત શરાવ–સંપુટને તોડી નાંખે છે. તે પછી તે અર્ઘ્ય આપનારી સ્ત્રીવડે કંઠમાં નંખાયેલ કસુંબી

વસ્ત્રવડે આકર્ષણ કરાતા પ્રભુ માતૃગૃહ ( માયરા )માં જાય છે. ત્યાં મીંઢળવડે ઉપશોભિત હસ્તસૂત્ર વધૂ–વરના હાથોમાં બાંધે છે.

હવે મેરુપર્વતની શીલા ઉપર સિંહની જેમ માતૃ-દેવીઓની આગળ ઉચ્ચ સુવર્ણના આસન ઉપર સ્વામી બેસે છે.

તે પછી દેવીઓ શમી અને અશ્વત્થ (પીપળા) વૃક્ષની છાલ પીસીને કન્યાઓના હાથમાં હસ્તાલેપ કરે છે. તે પછી વ્યાકુળતા રહિત પ્રભુ શુભલગ્નના ઉદયે તે કન્યા-ઓના હસ્તાલેપયુક્ત હાથોને હાથ વડે ગ્રહણ કરે છે. તે વખતે હસ્તસંપુટના મધ્યમાં રહેલા હસ્તાલેપની અંદર ઇંદ્ર ત્યાં મુદ્રિકાને નાંખે છે. તે વખતે બન્ને હાથમાં ગ્રહણ કરાયેલી તે કન્યાઓ સાથે પ્રભુ બે શાખામાં લાગેલી લતાઓ વડે વૃક્ષ જેમ શોભે તેમ પ્રભુ શોભે છે. તારા-મેલક પર્વ વખતે વધૂ–વરની દૃષ્ટિ સાગર અને સરિતાના પાણીની જેમ એકબીજાની સન્મુખ પડે છે. તે વખતે વાયુરહિત જળની જેવી તેઓની નિશ્ચળ દૃષ્ટિ દૃષ્ટિ સાથે અને મન મનની સાથે જોડાયા. તે વખતે એક બીજાના નેત્રની કીકીઓમાં પ્રતિબિંબત થયેલા તેઓ જાણે અનુ-રાગથી એક–બીજાના હ્રદયમાં પ્રવેશ કરતા હોય તેવા શોભતા હતા.

આ તરફ સામાનિક આદિ દેવો અનુચર થઈને પ્રભુની પાસે ઊભા રહે છે. ઉપહાસ કરવામાં કુશળ એવી

વહુઓની પાસે ફરનારી સ્ત્રીઓ કૌતુક–ધવલમંગળ ગાવા માટે આ રીતે શરુઆત કરે છે :–

જ્વરથી પીડિત જેમ સમુદ્રના પાણીનું શોષણ કરવા ઇચ્છે તેમ આ અણવર લાડુ ખાવા માટે કયા મનથી ખરેખર શ્રદ્ધાળુ થયો છે? કંદોઈના કૂતરાની જેમ આ અણવર માંડા ઉપર સ્થિર દૃષ્ટિવાળો કયા મનથી અભિલાષા કરે છે? રંકના બાળકની જેમ જન્મથી માંડીને ન જોયા હોય તેમ વડા ખાવા માટે આ અણવર કયા મનથી શ્રદ્ધા કરે છે? જેમ બપૈયા પાણીને, યાચક ધનને ઇચ્છે તેમ આ અણવર કયા મનથી સોપારીને ઇચ્છે છે? જેમ વાછરડો ઘાસને ચાહે તેમ આ અણવર નાગરવેલીના પાનને કયા મનથી ચાહે છે? માખણના પિંડ ઉપર લંપટ બિલાડાની જેમ આ અણવર ચૂર્ણને વિષે ખરેખર કયા મનથી શ્રદ્ધાળુ છે? તળાવના કાદવને જેમ પાડો ઇચ્છે તેમ આ અણવર વિલેપનની શ્રદ્ધા કયા મન વડે કરે છે? ઉન્મત્ત માણસ જેમ નિર્માલ્ય ઉપર તેમ આ અણવર પુષ્પમાળા ઉપર ચપળનેત્રવાળો કયા મનથી સ્નેહ કરે છે?

કૌતુકથી ઉત્કર્ણિત મુખવાળા, કૌતુક–ધવલ મંગળને સાંભળતા દેવો ચિત્રમાં આલેખેલા હોય તેમ ત્યાં થયા.

તે વખતે 'લોકોમાં આ વ્યવહાર બતાવવાનો છે' એથી પ્રભુ વિવાહમાં મધ્યસ્થની જેમ તેની ઉપેક્ષા કરે છે.

બે નાવના છેડા જેમ મહાપ્રવહણને બાંધે તેમ બન્ને દેવીઓના વસ્ત્રના છેડા સાથે પ્રભુના વસ્ત્રના છેડાને ઇંદ્ર બાંધે છે.

તે પછી આભિયોગિક દેવની પેઠે સુરાધિપતિ પ્રભુને કટિપ્રદેશ ઉપર ચઢાવીને વેદિકાઘર તરફ ચાલે છે. તે વખતે બે ઇંદ્રાણીઓ જલદી બન્ને કન્યાઓને કટિપ્રદેશમાં ચઢાવીને બે હાથના અગ્રભાગને જુદા પાડયા વિના સ્વામીની સાથે ચલાવી. ત્રણેય લોકના મુકુટ જેવા તે વધૂ-વર સાથે તે સર્વ પૂર્વદ્વારે વેદિકાઘરના મધ્યભાગમાં પેઠા.

હવે કોઈ ત્રાયસ્ત્રિંશક દેવ જાણે પૃથ્વીના મધ્ય-ભાગમાંથી ઉત્પન્ન થયેલ હોય એવા વેદિકાકુંડમાં જલદી અગ્નિ પ્રગટ કરે છે. તે અગ્નિમાં સમિધ–કાષ્ઠ નાંખવા વડે ઉત્પન્ન થયેલી ધૂમ્રરેખાઓ ખેચરની સ્ત્રીઓના કાનના આભૂષણપણાને પામતી ગગનાંગણમાં વિસ્તાર પામે છે. દેવીઓ વડે ગવાતા છે ધવલમંગળ જેના એવા સ્વામી સુમંગલા અને સુનંદા સાથે સંપૂર્ણ આઠ મંગળ સુધી તે અગ્નિને ચારે તરફ પ્રદક્ષિણા આપે છે.

આશીર્વચન ગવાતે છતે ઇંદ્ર પાણિમોચન સાથે તેઓના વસ્ત્રના છેડાને છોડે છે. ઇંદ્રાણીઓ સાથે ઇંદ્ર સ્વામીના લગ્ન મહોત્સવથી ઉત્પન્ન થયેલ હર્ષથી હસ્તા-ભિનયની લીલા વડે નાચે છે. તેનું અનુકરણ કરતા બીજા દેવો પણ હર્ષિત થયા થકાં નાચે છે. ચારણની જેમ જય જય શબ્દ કરવામાં તત્પર કેટલાક દેવો સાથે, ભરતની

જેમ વિવિધ નૃત્ય કરનારા કેટલાક દેવો સાથે, ગંધર્વની જેમ ગાયન કરતા બીજા દેવો સાથે, વાજિંત્રની જેમ અત્યંત સ્ફુટપણે મુખને વગાડતા બીજા દેવો સાથે, વાનરની સંભ્રમથી કૂદકા મારતા કેટલાક સાથે, વિદૂષકની જેમ બીજા બધાને હસાવતા અન્યની સાથે, પ્રતિહારની જેમ બીજાને ખસેડનારા સાથે, અને હર્ષથી ઉન્મત્ત થયેલા બીજા દેવોવડે બતાવાતી છે પોતાની ભક્તિ જેને એવા, સુમંગલા અને સુનંદા વડે સુશોભિત છે બંને પડખાં જેના એવા પ્રભુ દિવ્ય વાહનમાં ચઢીને પોતાના સ્થાને જાય છે.

આ પ્રમાણે સમાપ્ત કર્યું છે સંગીત જેણે એવા રંગાચાર્યની માફક ઇંદ્ર પણ વિવાહમહોત્સવ કરીને પ્રભુને નમીને સ્વસ્થાને આવ્યો.

ત્યારથી માંડીને સ્વામીએ બતાવેલી વિવાહવિધિ લોકમાં પ્રવર્તી. મોટાઓની પ્રવૃત્તિઓ બીજાઓના હિત માટે જ હોય છે.

**(ઇતિ દેવકૃતવિવાહ મહોત્સવ સમાપ્ત)**

તે પછી સ્વામી અનાસક્ત હોવા છતાં પણ બન્ને સ્ત્રીઓ સાથે ભોગો ભોગવતા ચિરકાળ સુધી વિચરે છે. સાતા વેદનીય કર્મ પણ ખરેખર ભોગવ્યા વિના ક્ષય પામતું નથી.

## જિનેશ્વરને ભરત આદિ પુત્રોની ઉત્પત્તિ

હવે વિવાહ પછી તેઓની સાથે પાંચ ઇંદ્રિયોના વિષય સુખને ભોગવતા પ્રભુને કાંઈક ન્યૂન છ લાખ પૂર્વ ગયે છતે સર્વાર્થ સિદ્ધ વિમાનમાંથી બાહુનો જીવ અને પીઠનો જીવ ચ્યવીને સુમંગલા દેવીની કુક્ષીમાં યુગલપણે ઉત્પન્ન થયા. તેમજ સુબાહુ અને મહાપીઠના જીવ સર્વાર્થ સિદ્ધથી ચ્યવીને સુનંદા દેવીની કુક્ષીમાં અવતર્યા. તે વખતે સુમંગલા ગર્ભના પ્રભાવને કહેનારા ચૌદ મહાસ્વપ્નો મરુદેવીની જેમ જુએ છે.

હવે તે સુમંગલા દેવી પોતાના સ્વામીની આગળ તે સ્વપ્નનું સ્વરૂપ કહે છે. પ્રભુ પણ "તમને ચક્રવર્તી પુત્ર થશે" એ પ્રમાણે કહે છે.

હવે યોગ્ય સમયે શુભ દિવસે સુમંગલા સ્વામિની પૂર્વ દિશા સૂર્ય અને સંધ્યાને જેમ જન્મ આપે તેમ પોતાની કાંતિથી પ્રકાશિત કર્યાં છે દિશાઓનાં મુખ જેણે એવા ભરત અને બ્રાહ્મીરૂપી પુત્ર–પુત્રી યુગલને જન્મ આપે છે. તેમજ સુનંદા દેવી વર્ષા ઋતુ મેઘ અને વીજળીને જન્મ આપે તેમ સુંદર આકૃતિથી યુક્ત બાહુબલી અને સુંદરીરૂપ અપત્યયુગલને જન્મ આપે છે. હવે અનુક્રમે

સુમંગલા દેવી ઓગણપચાસ પુત્ર યુગલ (૯૮ પુત્રો)ને જન્મ આપે છે.

તે પછી મહા તેજસ્વી એવા તે પુત્રો મહાન ઉત્સાહવાળા વિંધ્યગિરિમાં હાથીના બચ્ચાની જેમ ક્રીડા કરતાં અનુક્રમે વૃદ્ધિ પામ્યા. ઋષભદેવ પ્રભુ ચારે બાજુથી તે પુત્રો વડે પરિવરેલા ઘણી શાખાઓ વડે મહાવૃક્ષ શોભે તેમ શોભે છે.

તે વખતે પ્રાતઃકાળમાં જેમ દીપકનું તેજ ઘટે તેમ અવસર્પિણી કાળના દોષથી કલ્પવૃક્ષનો પ્રભાવ ઘટવા માંડે છે, તેથી યુગલિક મનુષ્યોને ક્રોધ આદિ કષાયો ધીમે ધીમે પ્રગટ થાય છે. હવે તે યુગલિક મનુષ્યો હાકાર–માકાર અને ધિક્કારરૂપ ત્રણે દંડનીતિનું ઉલ્લંઘન કરે છે. તેથી તેઓએ ભેગા થઈને ઋષભનાથની પાસે આવીને તે ઉત્પન્ન થતી અવ્યવસ્થા જણાવી.

ત્રણ જ્ઞાનથી વિભૂષિત, જાતિસ્મરણ જ્ઞાનવાળા પ્રભુ આ પ્રમાણે કરે છે કે જેઓ મર્યાદાનું ઉલ્લંઘન કરે છે તેઓ ઉપર શાસન કરનાર રાજા હોય છે. પ્રથમ ઉચ્ચ આસન ઉપર બેસાડીને તેનો અભિષેક કરવામાં આવે છે. ચતુરંગ સૈન્યથી યુક્ત તે અખંડિત શાસનવાળો હોય છે.

તેઓ કહે છે કે–"તમે જ અમારા રાજા થાઓ, અમારી ઉપેક્ષા ન કરો, અમારામાં તમારા જેવા બીજા કોઈ નથી."

તે વખતે નાભિપુત્ર કહે છે કે–કુલકરોમાં ઉત્તમ નાભિકુલકર પાસે જઈને પ્રાર્થના કરો, તે તમોને રાજા આપશે.

તે યુગલિક મનુષ્યોએ નાભિકુલકર પાસે જઈને રાજાની માંગણી કરી. તેમણે 'તમારો રાજા ઋષભ હો' એ પ્રમાણે તેઓને કહ્યું.

હવે તે યુગલિકો હર્ષ પામી, આવીને 'નાભિએ તમને જ રાજા તરીકે અમોને આપ્યા' એ પ્રમાણે પ્રભુને કહે છે. તે પછી તે યુગલિક મનુષ્યો સ્વામીને અભિષેક કરવા માટે જળ લેવા માટે ગયા.

### સુરપતિએ કરેલ જિનેશ્વરનો રાજ્યાભિષેક

તે વખતે દેવેંદ્રનુ સિંહાસન કંપિત થયું. તે અવધિજ્ઞાનથી પ્રભુના રાજ્યાભિષેકનો સમય જાણીને ત્યાં આવે છે. આવીને સુવર્ણમય વેદિકા બનાવીને ત્યાં સિંહાસન સ્થાપે છે. ત્યાં પ્રભુને સ્થાપન કરીને દેવોવડે લવાયેલા તીર્થના જળ વડે સૌધર્માધિપતિ પુરોહિતની માફક ઋષભદેવ સ્વામિનો રાજ્યાભિષેક કરે છે. પછી ઇંદ્ર નિર્મળ ગુણ વડે ચંદ્રની જ્યોત્સ્ના જેવા દિવ્યવસ્ત્રો સ્વામીને પહેરાવે છે. જગતના તિલક સરખા પ્રભુના અંગ ઉપર યથાસ્થાને મુગુટ વગેરે રત્નમય અલંકારો સ્થાપન કરે છે.

એ સમયે યુગલિક મનુષ્યો પણ કમળપત્રમાં પાણી લઈને આવ્યા. સર્વ અલંકારો વડે વિભૂષિત પ્રભુને જોઈને જાણે અર્ધ્ય આપવા માટે ઊભા હોય તેમ પ્રભુની આગળ ઊભા રહે છે. દિવ્ય નેપથ્ય-અને વસ્ત્રાભરણથી અલંકૃત પ્રભુના મસ્તક ઉપર જળ નાખવું યુક્ત નથી એમ વિચારીને પ્રભુના ચરણ ઉપર જળ નાંખે છે.

## વિનીતા નગરીનું નિર્માણ

આ સારા વિનયગુણ સંપન્ન છે, તેથી ઇંદ્ર પ્રભુની **વિનીતા** નામની નગરીનું નિર્માણ કરવા કુબેરદેવને આદેશ કરીને દેવલોકમાં ગયો. તે કુબેર બાર યોજન લાંબી અને નવયોજન વિસ્તારવાળી, જેનું અયોધ્યા બીજું નામ છે એવી વિનીતા નગરીને રચે છે. તે યક્ષરાજ તે નગરીનું નિર્માણ કરીને અક્ષય વસ્ત્ર-નેપથ્ય-ધન-ધાન્ય વડે તે નગરીને ભરી દે છે.

તે નગરીમાં ભીંત વિના પણ આકાશમાં વજ્ર-ઇંદ્રનીલ-વૈડૂર્ય-અને મણિમય પ્રાસાદના રંગ-બેરંગી કિરણો વડે ચિત્ર કર્મ રચાય છે. ત્યાં ઊંચા સુવર્ણમય પ્રાસાદો વડે ધ્વજના બહાનાથી મેરુપર્વતના શિખરો નવીન પત્રદર્શનની લીલાને વિસ્તારે છે. તે નગરીના કિલ્લામાં ઉદ્દીપ્ત માણિક્યના કાંગરાઓની પરંપરા ખેચરોની સ્ત્રીઓને યત્ન વિના આરીસાપણાને પામે છે. ત્યાં હાટ અને પ્રાસાદોમાં ઊંચા કરેલા રત્નના ઢગલાઓને જોઈને આ રોહણાચલ તેની આગળ નાના શિખર જેવો લાગે છે. ત્યાં ઘરની

વાવડીઓ જલક્રીડામાં રક્ત સ્ત્રીઓના તૂટેલા હારના મોતીઓ વડે તામ્રપર્ણી નદીની શોભાને વિસ્તારે છે. ત્યાં શ્રેષ્ઠીઓ પણ એવા છે કે જેઓમાંનો કોઈ એકનો વાણોતર (મુનીમ) વ્યાપાર કરવા માટે આવેલો 'શું આ કુબેર છે' એ પ્રમાણે હું માનું છું. ત્યાં રાત્રિમાં ચંદ્રકાંતમણિથી બનાવેલી ભીંતવાળા પ્રાસાદમાંથી ઝરતા પાણી વડે ચારે તરફથી શાંત થઈ છે રજ જેની એવી શેરીઓ કરાય છે. તે નગરી અમૃત સરખા પાણીવાળા વાવ–કૂવા–અને લાખો સરોવર વડે નવ સુધાકુંડવાળા નાગલોકનો પરાભવ કરે છે.

જન્મથી વીશ લાખ પૂર્વ ગયે છતે તે નગરીની પ્રજાનું પાલન કરવા માટે સ્વામી રાજા થયા. મંત્રોમાં ૐ કારની જેમ રાજાઓમાં પ્રથમ તે નાભિરાજા પોતાની સંતતિની જેમ પ્રજાઓનું પાલન કરે છે, તે પ્રભુ દુર્જનોનું શાસન કરનારા અને સજ્જનોનું પાલન કરનારા કુશળ, પોતાના અંગો હોય તેવા મંત્રીઓને નીમે છે.

## જિનેશ્વરનો રાજ્યના અંગોનો સંગ્રહ

તેમજ ઋષભના ચિહ્નવાળા તે પ્રભુ ચોરી આદિથી રક્ષણ કરનારા દક્ષ આરક્ષકોને પણ ઇંદ્ર લોકપાળોને સ્થાપન કરે તેમ સ્થાપન કરે છે. દેહના ઉત્તમાંગ (મસ્તક)ની જેમ સેનાના ઉત્કૃષ્ટ અંગ સમાન રાજ્યસ્થિતિના હેતુભૂત હાથીઓને તે ગ્રહણ કરે છે, તે ઋષભધ્વજ પ્રભુ સૂર્યના અશ્વની સ્પર્ધા કરનારા હોય એવા પ્રચંડ કંધરાવાળા મનોહર

અશ્વોને ધારણ કરે છે. તે નાભિનંદન પ્રભુ સુશ્લિષ્ટ કાષ્ઠથી ઘડેલા રથોને ભૂમિ ઉપર રહેલા વિમાનની જેમ નિર્માણ કરે છે. તે નાભિપુત્ર પોતાના ચક્રવર્તીના ભવની જેમ સારી રીતે પરીક્ષા કરેલા પરાક્રમવાળા પાયદળના–સૈનિકોના સંગ્રહને કરે છે. તેમાં નવીન મહારાજ્ય રૂપી પ્રાસાદના સ્તંભ જેવા મહાબળવાન સેનાધિપતિઓને સ્થાપે છે. તે તે વસ્તુઓના ઉપયોગમાં કુશળ એવા જગત્પતિ ગાય, બળદ, ઉંટ, મહિષ, અશ્વતર (ખચ્ચર) વગેરેનો સંગ્રહ કરે છે.

તે વખતે કલ્પવૃક્ષો વિચ્છેદ પામ્યે થકે લોકો કંદ, મૂળ અને ફળ ખાય છે, તેમજ ઘાસની જેમ પોતાની મેળે ઉત્પન્ન થયેલ શાલિ (ચોખા), ઘઉં, ચણા અને મગ વગેરે વનસ્પતિઓને પકાવ્યા વિના (કાચી) ખાય છે. તે આહાર ન પચવાથી તે યુગલિક મનુષ્યો વડે વિજ્ઞપ્તિ કરાયેલ પ્રભુ કહે છે કે–હાથવડે તે વનસ્પતિઓને મસળીને તેની છાલ દૂર કરીને હમણાં ખાઓ. તે સાંભળીને જગત્પતિના ઉપદેશ મુજબ તેવી રીતે ખાવા છતાં પણ ઔષધિઓ કઠિન હોવાથી તે આહાર પણ પચતો નથી.

ફરીથી તેઓએ વિનંતિ કરવાથી સ્વામી કહે છે કે–તે વનસ્પતિઓને હાથથી મસળીને પાણી વડે ભીંજવીને પાંદડાના પડિયામાં રાખીને ખાઓ. તેઓ તેવી રીતે કરે છે. તો પણ તેઓને અજીર્ણ આહારની તેવા પ્રકારની

વેદના થાય છે. તેથી તેઓ વડે વિનંતિ કરાયેલા જગત્પ્રભુ આ પ્રમાણે બતાવે છે કે પૂર્વ કહેલી વિધિ કરીને તે પછી ઔષધિઓને મુઠીમાં, તડકામાં અને કાંખમાં રાખીને તેવી રીતે સુખપૂર્વક ખાઓ.

## અગ્નિની ઉત્પત્તિ

તેમ કરવા છતાં પણ અજાણે આહાર વડે લોકો પીડા પામતા હતા. હવે તે વખતે પરસ્પર શાખાઓ ઘસવાથી વૃક્ષ ખંડને વિષે અગ્નિ ઉત્પન્ન થયો. તૃણ અને કાષ્ઠ વગેરેને બાળતા તે અગ્નિને જોઈને દેદીપ્યમાન રત્નના ભ્રમથી તે યુગલિક મનુષ્યો દોડીને હાથ વડે તેને પકડવાની શરુઆત કરે છે. તે અગ્નિ વડે બળતા તેઓ ભય પામ્યા થકા પ્રભુ પાસે આવીને 'કાંઈક નવું અતિ અદ્‌ભુત ઉત્પન્ન થયું છે' એ પ્રમાણે નિવેદન કરે છે.

સ્વામી કહે કે "સ્નિગ્ધ અને રૂક્ષ કાળના યોગે અગ્નિ પ્રકટ થયો છે. એકાંત રૂક્ષ કાળમાં અને એકાંત સ્નિગ્ધ કાળમાં અગ્નિ હોતો નથી." આ અગ્નિની પાસે ઊભા રહીને છેડે રહેલા તૃણ આદિને દૂર કરીને તે પછી તેને ગ્રહણ કરો તે પછી પૂર્વ કહેલી વિધિ વડે એ ઔષધિઓને શોધીને અગ્નિમાં નાંખીને પકાવીને ખાઓ.

મુગ્ધ (ભોળા) એવા તેઓ તે પ્રમાણે કરે છે. અગ્નિવડે તે ઔષધિઓ બળી ગઈ. ફરીથી સ્વામીની પાસે આવીને કહે છે કે–હે સ્વામિન્! ભૂખ્યો એવો એ

અગ્નિ અમને કાંઈપણ આપતો નથી, પેટભરાની જેમ એકલો જ નાંખેલી બધી ઔષધિઓને ખાઈ જાય છે.

તે વખતે પ્રભુ પણ હાથીના સ્કંધ ઉપર ચઢેલા હતા, તે તેઓની પાસે લીલા માટીના પિંડને મંગાવે છે. હાથીના કુંભ સ્થળ ઉપર માટીના પિંડને સ્થાપન કરીને હાથવડે વિસ્તારીને ભાજન (પાત્ર) બનાવે છે. આ પ્રમાણે શિલ્પોમાં પ્રથમ કુંભકારશિલ્પ સ્વામીએ તેઓને બતાવ્યું.

સ્વામી કહે છે કે–આ રીતે બીજાં પણ પાત્રો બનાવીને અગ્નિની ઉપર તેઓને રાખીને તેમાં ઔષધિઓ પકાવો, તે પછી ખાઓ. તેઓ પણ સ્વામીની આજ્ઞા પ્રમાણે તે પ્રમાણે કરે છે. ત્યારથી માંડીને પ્રથમ શિલ્પી કુંભાર થયા.

## જગત્પતિનું શિલ્પકલા આદિનું કથન

જગત્પ્રભુ ઘર આદિના નિર્માણ માટે સુથાર અને લુહારનું નિર્માણ કરે છે. મહાપુરુષોનું સર્જન વિશ્વના સુખસંપાદન માટે હંમેશાં થાય છે. લોકોને વિવિધ ચિત્ર કર્મની ક્રીડાના વિનોદ માટે ઘર આદિમાં ચિત્રકર્મ કરવા માટે તે પ્રભુ ચિત્રકારોનું નિર્માણ કરે છે. લોકો માટે વસ્ત્ર કરવા માટે વણકરોનું નિર્માણ કરે છે. ખરેખર! તે વખતે સર્વ કલ્પવૃક્ષના સ્થાને પ્રભુ જ કલ્પવૃક્ષ હતા.

આ પ્રમાણે એ પાંચેય શિલ્પો દરેક વીશ–વીશ ભેદથી ભિન્ન હોવાથી સો શિલ્પલોકમાં નદીઓના પ્રવાહની

જેમ વિસ્તાર પામ્યા તેમજ ઘાસ લાવનારા કઠીયારા, ખેતી અને વાણિજ્ય કર્મો પણ લોકોની આજીવિકા માટે બતાવ્યા.

જગતની વ્યવસ્થારૂપી નગરીના ચતુષ્પથ સરખી શામ–દામ–ભેદ અને દંડ એ ચાર નીતિઓને રચે છે.

તે પ્રભુ ભરતને બહોંતેર કળાઓ શીખવાડે છે, તે ભરત પણ પોતાના ભાઈઓ, પુત્રો અને બીજાઓને પણ સારી રીતે ભણાવે છે. સુપાત્રમાં આપેલી વિદ્યા સો શાખાવાળી થાય છે.

નાભિનંદન પ્રભુ બાહુબલીને હાથી–ઘોડા–સ્ત્રી અને પુરુષોના ઘણા પ્રકારે ભેદ પામતાં લક્ષણો જણાવે છે. બ્રાહ્મીને અઢાર લિપિઓ જમણા હાથ વડે અને સુંદરીને વળી ડાબા હાથ વડે ગણિત બતાવે છે.

સકલ વસ્તુમાં રહેલ માન–ઉન્માન–અવમાન–પ્રતિમાન તેમ જ મણિ વગેરેની પરોવવાની વિધિ પ્રવર્તાવે છે. વાદી અને પ્રતિવાદીનો સ્વામી વડે બતાવેલો વ્યવહાર રાજા–પ્રધાન અને કુલગુરુની સાક્ષી સાથે થાય છે. નાગ આદિનું પૂજન, ધનુષવેધકળા, ચિકિત્સાશાસ્ત્ર, યુદ્ધકળા, અર્થોપાય શાસ્ત્ર, બંધ–વધ–ઘાત અને ગોષ્ઠી તે પછી થયા.

ત્યારથી માંડીને મનુષ્યોમાં આ મારી માતા, આ મારા પિતા, ભાઈ, આ મારી ભાર્યા, આ મારું ઘર–ધન એ પ્રમાણે મમતા ઉત્પન્ન થઈ.

વિવાહ પ્રસંગે પ્રભુને વસ્ત્ર વડે શણગારેલા અને અલંકારો વડે અલંકૃત જોઈને લોક પણ ત્યારથી માંડીને પોતાને શણગારે છે અને અલંકૃત કરે છે. તે વખતે પ્રભુએ કરેલ પાણિગ્રહણ જોઈને લોક પણ આજે ય તેવી રીતે વિવાહવિધિ કરે છે. 'મહાપુરુષોએ પ્રવર્તાવેલો માર્ગ ધ્રુવ થાય છે.' પ્રભુના વિવાહ પછી આપેલી કન્યાનું પરણવું થયું.

ચૂડા–ઉપનયન–વિદ્યા અને આપૃચ્છા પણ તે પછી પ્રવર્ત્યા.

આ પ્રમાણે 'આ પોતાનું કર્તવ્ય છે' એમ જાણતાં સ્વામી આ પ્રમાણે સર્વ સાવદ્ય પણ લોકની અનુકંપા વડે પ્રવર્તાવે છે. પ્રભુના ઉપદેશની પરંપરાથી આજે પણ જગતમાં સર્વ કળા વગેરે વિદ્વાનોએ શાસ્ત્રરૂપે ગૂંથેલું પ્રવર્તે છે. સ્વામીની શિક્ષા વડે સમગ્ર લોક દક્ષ થયો. 'ઉપદેશક વિના મનુષ્યો પણ પશુની માફક આચરણ કરે છે.'

## જગત્પતિની રાજ્યવ્યવસ્થા

જગતસ્થિતિરૂપી નાટકના સૂત્રધાર એવા સ્વામી તે વખતે ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિય ભેદ વડે ચાર પ્રકારના માણસોની સ્થાપના કરે છે. ત્યાં ઉગ્ર દંડના અધિકારી આરક્ષક પુરુષો તે ઉગ્ર, ઇંદ્રના ત્રાયસ્ત્રિંશકની જેવા પ્રભુના મંત્રિ વગેરે તે ભોગ, પ્રભુના સમાન આયુષ્ય-

વાળા જેઓ હતા તે રાજન્ય થયા, બાકીના પુરુષો ક્ષત્રિય એ રીતે થયા.

આ પ્રમાણે નવીન વ્યવહાર વ્યવસ્થાની રચના કરીને પ્રભુ નવીન રાજ્યલક્ષ્મીને ભોગવે છે. વ્યાધિની ચિકિત્સા કરનાર વ્યાધિયુક્ત માણસોમાં જેમ ઔષધ આપે છે, તેમ પ્રભુ દંડ કરવા લાયક એવા લોકોમાં અપરાધ પ્રમાણે દંડ કરે છે, તેથી દંડથી ભય પામી લોકો ચોરી આદિ કરતા નથી, જેથી એક જ દંડનીતિ સર્વ અનીતિરૂપ સાપને વશ કરવામાં જાંગુલી મંત્ર સરખી થઈ.

સુશિક્ષિત લોક પ્રભુની આજ્ઞાની જેમ કોઈના ક્ષેત્ર, ઉદ્યાન અને ગૃહ આદિની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી. મેઘ પણ ગર્જનાના બહાનાથી જગત્પ્રભુના ન્યાયધર્મની સ્તુતિ કરતો હોય તેમ ધાન્યની ઉત્પત્તિ માટે યોગ્ય સમયે વરસે છે. તે વખતે ધાન્યના ખેતરો વડે શેરડીના વાડાઓ વડે અને ગોકુલો વડે પરિપૂર્ણ લોકો પોતાની ઋદ્ધિ વડે પ્રભુની મહાન ઋદ્ધિને બતાવતા હોય તેમ શોભે છે. હેય અને ઉપાદેયના વિવેકજ્ઞાનમાં કુશળ કરાયેલા લોકો વડે પ્રભુ પ્રાયઃ મહાવિદેહક્ષેત્ર સરખા ભરતક્ષેત્રને કરે છે. રાજ્યાભિષેકથી પ્રારંભીને પૃથ્વીનું પાલન કરતા નાભિનંદન પ્રભુ ત્રેસઠ લાખ પૂર્વ વ્યતીત કરે છે.

## ઋષભદેવ પ્રભુનું વસંતોત્સવનું નિરીક્ષણ

એક વખત પ્રભુ કામદેવે કર્યો છે નિવાસ જેમાં એવો વસંતમાસ આવ્યે છતે પરિવારના અનુરોધથી

ઉદ્યાનમાં ગયા. ત્યાં પુષ્પાભરણથી ભૂષિત જગત્પ્રભુ પુષ્પના બનાવેલા વાસગૃહમાં શરીરધારી વસંતકાલની જેમ બેઠા હતા. તે વખતે વસંતલક્ષ્મી વિકસિત આમ્રવૃક્ષના મકરંદનું પાન કરવાથી ઉન્મત્ત થયેલ ભ્રમરોના ગુંજારવ વડે જગત્પતિનું સ્વાગત કરતી હોય તેમ શોભે છે. મલયગિરિના વાયુરૂપી નૃત્યકાર પંચમસ્વરને બોલતી કોયલો વડે જાણે નાટકનો પૂર્વભાગ શરૂ કરાયો હોય તેમ લતાનૃત્ય બતાવે છે. મૃગ સમાન નેત્રવાળી સ્ત્રીઓ કામુક પુરુષની જેમ કુરુબક–અશોક અને બકુલને આશ્લેષ–પાદ્ઘાત અને મુખાસવ આપે છે. પ્રબળ સુગંધિથી ભ્રમરોને આનંદ આપનાર તિલકવૃક્ષ યુવાનના ભાલસ્થલની જેમ વનસ્થલીને શોભાવે છે, પુષ્ટ સ્તનભાર વડે કૃશોદરીની માફક ઘણા પુષ્પગુચ્છના ભાર વડે લવલીલતા નમેલી છે, મલયાનિલ દક્ષ કામુકની પેઠે ધીમે ધીમે આમ્રલતાને મુગ્ધ વધૂની માફક આશ્લેષ કરે છે.

જાંબૂ, કદંબ, આમ્ર, ચંપક અને અશોક વૃક્ષરૂપી લાકડીઓ વડે કામદેવ દંડધારીની માફક પ્રવાસીઓને હણવા માટે સમર્થ થાય છે.

તાજા પાટલ વૃક્ષના પુષ્પના સંપર્ક વડે સુગંધી કરાયેલ મલયનો પવન જળની માફક કોને હર્ષ આપતો નથી? મધુ રસ વડે અભ્યંતર સારવાળો મધુકવૃક્ષ આવતા એવા ભ્રમરો વડે મધુપાત્રની માફક કલકલ અવાજથી વ્યાપ્ત કરાય છે. કામદેવ વડે ગોલિકા ધનુષ્ય (ગોફણ)નો અભ્યાસ કરવા માટે કદંબપુષ્પના બહાનાથી જાણે ગોળીઓ

તૈયાર કરી હોય એમ હું માનું છું. વાવ-કૂવા અને પરબમાં પ્રિય એવા વસંતે ભ્રમરરૂપી મુસાફરોને વાસંતી-લતા મકરંદની પરબની જેમ બનાવી.

અત્યંત પુષ્પની સુગંધથી સંપન્ન એવા સિંદુવાર વૃક્ષ વડે ઘ્રાણને વિષે વિષની જેમ પ્રવાસીઓને મહામોહ કરાય છે. વસંતોદ્યાનના પાલક વડે ચંપક વૃક્ષને વિષે નિયોજિત કરાયેલા ભ્રમરો આરક્ષકની જેમ નિ:શંક ભ્રમણ કરે છે. જેમ યૌવન સ્ત્રી-પુરુષોને શોભા આપે, તેમ વસંત ઉત્તમ અને અનુત્તમ એવા વૃક્ષ અને લતાઓને શોભા આપે છે.

મૃગ નયનાઓ (=સ્ત્રીઓ) મહા અતિથિ એવા વસંતને અર્ઘ્ય આપવા માટે ઉત્સુક હોય તેમ તે ઉદ્યાનમાં પુષ્પોને વીણવાનો આરંભ કરે છે. કામદેવના હથિયાર-રૂપે અમે હોતે છતે બીજા હથિયારો વડે શું? એ પ્રમાણે બુદ્ધિથી સ્ત્રીઓ પુષ્પોને ચૂંટે છે. પુષ્પોને ઉખેડી નાખવાથી તેના વિયોગની પીડાથી દુ:ખી થયેલી વાસંતી જાણે મધુર અવાજ કરતા ભ્રમરો વડે રુદન કરે છે!

કોઈક સ્ત્રી મલ્લિકા (મોગરા)ને ચૂંટીને આગળ જતી તેમાં ચોંટી ગયેલા વસ્ત્રવાળી 'તું બીજે ન જા' એ પ્રમાણે તેના વડે નિષેધ કરાતી ત્યાં જ ઊભી રહે છે.

કોઈક સ્ત્રી ચંપાના ફૂલને વીણતી પોતાના આશ્રયનો ભંગ થવાથી ક્રોધ વડે જાણે ઉડતા ભ્રમરવૃંદ વડે દંશ કરાય છે.

ઊંચી કરી છે બાહુલતા જેણે એવી કોઈક સ્ત્રી બાહુના મૂળને જોનારા યુવાનોના મનની સાથે અત્યંત ઊંચે રહેલા પુષ્પોને હરણ કરે છે.

નવા પુષ્પના ગુચ્છાઓ જેના હાથમાં છે એવી પુષ્પ ગ્રહણ કરનારી સ્ત્રીઓ ચાલતી વેલડીની માફક શોભે છે.

પુષ્પને વીણવાના કુતૂહલવાળી વૃક્ષની દરેક શાખામાં વળગેલી સ્ત્રીઓ વડે વૃક્ષો જાણે સ્ત્રીરૂપી ફળ ઉત્પન્ન થયા હોય એવા શોભે છે.

કોઈક પુરુષ પોતાની જાતે વીણેલી મોગરાની કડીઓ વડે મોતીની માળાને વિડંબના કરે એવા સ્ત્રી માટે સર્વ અંગના આભરણ કરે છે. કોઈક યુવાન પોતાના હાથે વિકસિત પુષ્પો વડે પ્રિયાના અંબોડાને કામદેવના ભાથાની જેમ પૂરે છે. કોઈક પુરુષ પાંચ વર્ણના પુષ્પો વડે ઇન્દ્ર ધનુષ્યની વિડંબના કરે એવી માળા પોતાની જાતે ગૂંથીને પ્રિયાને આપીને સંતોષ પમાડે છે. કોઈક પ્રિયા વડે રમતપૂર્વક ફેંકેલા પુષ્પના દડાને ચાકર જેમ પ્રસાદને સ્વીકારે તેમ હાથ વડે સ્વીકારે છે.

કોઈક મૃગલોચના (સ્ત્રીઓ) હીંચકાના આંદોલન વડે ગમનાગમન કરતી અપરાધી પતિઓની જેમ પગ વડે વૃક્ષના અગ્રભાગને હણે છે.

કોઈક હીંચકા ઉપર ચડેલી નવોઢા પ્રિયના નામને સખીજનો પૂછતે છતે નીચા મુખવાળી સખીઓના લતાના આઘાતને સહન કરે છે.

કોઈક સન્મુખ રહેલી કાતર નેત્રવાળી સ્ત્રી સાથે હીંચકા ઉપર ચઢેલો તેણીના ગાઢ આલિંગનની ઇચ્છા વડે હીંચકાને ગાઢપણે હીંચોળે છે. કેટલાક યુવાનો ઉદ્યાનના વૃક્ષોને વિષે દરેક શાખાએ હીંચકા હીંચકવાની ક્રીડા વડે વાંદરાઓની માફક શોભે છે.

## ઋષભદેવ પ્રભુનો વૈરાગ્ય

હવે ત્યાં ઉદ્યાનમાં આ પ્રમાણે નગરજનો ક્રીડા કરતા છતાં સ્વામી વિચારે છે : બીજે કોઈક સ્થળે આવી ક્રીડા શું જોઈ છે? હવે સ્વામી અવધિજ્ઞાન વડે પોતે પૂર્વે ભોગવેલા ઉત્તરોત્તર અનુત્તર દેવલોક પર્યંતના સ્વર્ગના સુખને જાણે છે.

ફરીથી ગળી ગયા છે મોહના બંધન જેના એવા સ્વામી વિચારે છે : વિષયોમાં વ્યામૂઢ થયેલ આ લોક પોતાના હિતને જાણતો નથી તેને ધિક્કાર હો. અહો! આ સંસારરૂપી કૂવામાં જીવો કર્મવડે અરઘટ્ટઘટી ન્યાય વડે ગમનાગમનની ક્રિયા કરે છે. તે મોહાંધ મનવાળા પ્રાણીઓને ધિક્કાર હો, જેઓનો આ જન્મ સુતેલાની રાત્રિની માફક સર્વથા ફોગટ જ જાય છે. આ રાગ-દ્વેષ અને મોહ જીવોના ઉદય પામતા ધર્મને, ઉંદરો જેમ વૃક્ષને કાપે તેમ મૂળમાંથી કાપી નાંખે છે. અહો! મૂઢમાણસો ન્યગ્રોધ (પીંપળા) વૃક્ષની જેમ ક્રોધને વધારે છે, પરંતુ તે પોતાને વૃદ્ધિ પમાડનારને મૂળમાંથી ખાઈ જાય છે. હાથી ઉપર ચઢેલા મહાવતની જેમ માન ઉપર

ચઢેલા મર્યાદાનું ઉલ્લંઘન કરનારા આ મનુષ્યો કાંઈપણ ગણકારતા નથી. કપિકચ્છૂબીજની શીંગ (કૌચના બીજની શીંગ)ની જેમ ઉપતાપ કરનારી માયાને દુષ્ટ આશયવાળા આ પ્રાણીઓ હંમેશાં ત્યાગ કરતા નથી. ખારા પાણીથી દૂધની જેમ, અંજનવડે શ્વેત વસ્ત્રની જેમ, એક લોભ વડે નિર્મળ એવો ગુણોનો સમૂહ દૂષિત થાય છે. કહ્યું છે કે—

**रत्तिंधा य दियंधा, जायंधा माय–माण–कोवंधा।**
**कामंधा लोहंधा, कमेण एए विसेसंधा ॥**

"રતાંધળા, દિવાંધ, જન્માંધ, માયાંધ, માનાંધ, કોપાંધ, કામાંધ અને લોભાંધ એ અનુક્રમે એક–એકથી વિશેષ અંધ છે."

સંસારરૂપી કેદખાનામાં ચાર કષાયો પહેરેગીર જેવા જાણવા. જ્યાં સુધી પાસે રહેલા તેઓ જાગે છે, ત્યાં સુધી મનુષ્યોનો મોક્ષ ક્યાંથી થાય? ભૂતથી ગ્રહણ કરાયેલાની જેમ સ્ત્રીઓને આલિંગન કરવામાં વ્યાકુલ એવા પ્રાણીઓ ચારે તરફથી ક્ષય પામતા એવા આયુષ્યને પણ જાણતા નથી. ઔષધવડે સિંહના આરોગ્યની માફક તે તે વિવિધ આહારો વડે પોતાની જાતે પોતાના અનર્થ માટે ઉન્માદ કરે છે. "આ સુગંધી પદાર્થને હું સુંઘું," એ પ્રમાણે સુગંધમાં મૂઢ ભ્રમરની જેમ ભ્રમણ કરતો ક્યારે ય શાંતિ પામતો નથી. રમકડા વડે બાળકની માફક લોક શરુઆતમાં સુંદર લાગે એવી સ્ત્રી વગેરે વસ્તુઓ વડે પોતાને ઠગે છે.

નિદ્રાળુની જેમ શાસ્ત્રના અનુચિંતનથી રહિત વેણુ-વીણા-આદિના શબ્દોને વિષે નિરંતર સાવધાન થઈ પોતાના લાભથી ભ્રષ્ટ થાય છે. વાત, પિત્ત અને કફની જેવા એકી સાથે પ્રબળ એવા વિષયો વડે પ્રાણીઓની ચેતના લુપ્ત થાય છે. તેઓને ધિક્કાર થાઓ !

આ પ્રમાણે અસાર સંસારના વૈરાગ્યની ચિંતારૂપી તાંતણાવડે સીવાયું છે મન જેનું એવા પરમેશ્વર જેટલામાં થયા, તેટલામાં બ્રહ્મલોકને અંતે નિવાસ કરનાર સારસ્વત વગેરે નવ લોકાંતિક દેવો જગત્પ્રભુના ચરણ પાસે આવે છે. તે દેવોનાં નામ આ પ્રમાણે :–

**सारस्सयमाइच्चा, वन्ही वरुणा य गद्दतोया य ।**
**तुसिया अव्वाबाहा, मरुआ तह चेव रिट्ठाय ॥**

"સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત અને રિષ્ટ."

### લોકાંતિક દેવોની ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે વિજ્ઞપ્તિ

મસ્તક ઉપર કમળકોશ સરખી અંજલિ બાંધી જાણે બીજો મુકુટ કર્યો હોય તેવા તે લોકાંતિક દેવો આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરે છે :–

**सक्क–चूडामणिपहा–जलमग्गपयंबुय ।**
**भरह खेत्तनिण्णट्ठ–मोक्खमग्गपदीवग ॥१॥**
**लोगववत्था पढमा, जहा नाह ! पवट्टिया ।**
**पवत्तेसु तहा धम्म–तित्थं किच्चं नियं सर ॥२॥**

"ઇંદ્રના મુકુટની પ્રભારૂપી પાણીમાં મગ્ન થયા છે ચરણકમળ જેના, ભરતક્ષેત્રમાં નષ્ટ થયેલા મોક્ષ માર્ગને પ્રકાશિત કરવામાં દીપક સમાન હે નાથ! જેમ આપે પ્રથમ લોકવ્યવસ્થા પ્રવર્તાવી, તેવી રીતે ધર્મતીર્થ પ્રવર્તાવો, પોતાના કર્તવ્યને યાદ કરો." ૧-૨

આ પ્રમાણે તે લોકાંતિક દેવો પ્રભુને વિજ્ઞપ્તિ કરીને દેવલોકમાં પોતાના બ્રહ્મલોકના સ્થાને ગયા. પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની અભિલાષાવાળા સ્વામી પણ નંદન ઉદ્યાનમાંથી તરત જ પોતાના પ્રાસાદે આવ્યા.

**जम्म-ववहार-रज्ज-ट्ठिइ-वेरग्गाइ-दंसणसरूवो ।**
**एवं पहुणो पुण्णो, एसो बीओ वि उद्देसो ॥**

પ્રભુના જન્મ વ્યવહાર રાજ્યસ્થિતિ અને વૈરાગ્ય આદિને બતાવનારા સ્વરૂપવાળો આ પ્રમાણે આ બીજો ઉદ્દેશક પણ સમાપ્ત થયો.

આ પ્રમાણે શ્રી તપાગચ્છાધિપતિ શ્રી કદંબગિરિ પ્રમુખ અનેક તીર્થોના ઉદ્ધારક, શાસનપ્રભાવક, આ-બાલબ્રહ્મચારી, સૂરિશેખર, આચાર્ય વિજયનેમિસૂરીશ્વર પટ્ટાલંકાર, સમયજ્ઞ, શાંતમૂર્તિ, વાત્સલ્યવારિધિ, આચાર્ય વિજયવિજ્ઞાનસૂરીશ્વર પટ્ટધર સિદ્ધાંત મહોદધિ, પ્રાકૃતભાષા વિશારદ, વિજય કસ્તૂરસૂરિ રચિત મહાપુરુષચરિતને વિષે પ્રથમ વર્ગમાં શ્રી ઋષભપ્રભુના જન્મ-વ્યવહાર-રાજ્યસ્થિતિ અને વૈરાગ્ય આદિના સ્વરૂપવાળો બીજો ઉદ્દેશ સમાપ્ત.

# તૃતીય ઉદ્દેશ

## ઋષભદેવ પ્રભુનું ભરતને રાજ્યદાન

હવે નાભિનંદન પ્રભુ ચારે તરફથી ભરત–બાહુબલી વગેરે પુત્રોને અને બીજા સામંત વગેરેને બોલાવે છે. પ્રભુ ભરતને કહે છે: 'હે વત્સ! તું આ રાજ્ય ગ્રહણ કર, અમે સંયમસામ્રાજ્યને હવે ગ્રહણ કરીશું.'

આ પ્રમાણે પ્રભુનું વચન સાંભળીને તે વચનવડે ક્ષણવાર નીચા મુખવાળા થઈને બે હાથ જોડી ભરત નમસ્કાર કરીને ગદ્‌ગદ્‌પણે આ પ્રમાણે કહે છે:—

'હે નાથ! આપના ચરણકમળની પીઠની આગળ આળોટતાં મને જે રીતે સુખ થાય છે, તે રાજ્ય-સિંહાસન ઉપર બેઠેલા મને સુખ નથી. હે પ્રભુ! તમારી આગળ પગવડે દોડતાં મને જે સુખ થાય, તે સુખ લીલાસહિત હાથીના સ્કંધ ઉપર ચઢેલા મને થતું નથી. તમારા વગરના મારે સામ્રાજ્યની સંપત્તિવડે શું પ્રયોજન છે? તમારી સેવાના સુખરૂપ ક્ષીરસમુદ્ર વાળા મને રાજ્યનું સુખ બિંદુ જેવું લાગે છે.

સ્વામી કહે છે કે–અમે રાજ્યનો ત્યાગ કર્યો છે. રાજાના અભાવમાં પૃથ્વી પર મત્સ્ય સરખો ન્યાય પ્રવર્તે.

હે વત્સ! તેથી આ પૃથ્વીનું યથાયોગ્ય પાલન કર, તું આજ્ઞા કરનારો છે. અમારો એ જ આદેશ છે.

તે ભરત પ્રભુના સિદ્ધ આદેશને ઉલ્લંઘન કરવા માટે અસમર્થ 'સારું' એમ કહીને સ્વામીની આજ્ઞાનો સ્વીકાર કરે છે. ગુરુઓને વિષે એ જ વિનયની સ્થિતિ છે.

તે પછી વિનયથી નમ્ર એવો ભરત પ્રભુને મસ્તક વડે પ્રણામ કરીને પિતાના ઉન્નત વંશ જેવા સિંહાસનને શોભાવે છે.

હવે પ્રભુના આદેશથી અમાત્ય, સામંત, અને સેનાપતિ વગેરેએ જેમ દેવોએ પ્રભુને અભિષેક કર્યો તેમ ભરતને અભિષેક કર્યો.

તે વખતે ભરતના મસ્તક ઉપર પૂર્ણિમાના ચંદ્ર સરખું છત્ર સ્વામિના અખંડ શાસનની જેમ શોભે છે. તેની બન્ને પડખે વીંજાતા ચામરો બે ભરતાર્દ્ધમાંથી આવતી લક્ષ્મીના આવેલા બે દૂત જેવા શોભે છે. તે વૃષભનંદન પોતાના અત્યંત નિર્મળ ગુણ જેવા વસ્ત્રો અને મુક્તાલંકારો વડે શોભે છે.

મોટા મહિમાનું પાત્ર એવો તે નવો રાજા રાજસમુદાયવડે પોતાના કલ્યાણની ઇચ્છાવડે ચંદ્રની જેમ નમસ્કાર કરાયો.

હવે પ્રભુ બીજા બાહુબલી વગેરે પુત્રોને પણ યથોચિત દેશો વહેંચીને આપે છે. તે પછી પ્રભુ કલ્પવૃક્ષની

પેઠે મનુષ્યોને પોતાના મનની પ્રાર્થનાને અનુરૂપ સાંવત્સરિક દાન આપે છે.

## સાંવત્સરિક દાન

'જે જેનો અર્થી હોય તે તેને ગ્રહણ કરો' આ પ્રમાણે ઉદ્‌ઘોષણા પ્રભુ ચતુષ્પથ, ચત્વર, પ્રતોલી આદિ સ્થાનોમાં કરાવે છે. ઈંદ્રે આદેશ કરેલા કુબેરવડે પ્રેરણા કરાયેલા જૃંભકદેવો ચિરકાળથી ભ્રષ્ટ થયેલા, નષ્ટ થયેલા, સ્વામી વગરના, અત્યંત નાશ પામેલા પૂલવાળા, પર્વતના કુંજમાં રહેલા, સ્મશાનસ્થાનમાં છૂપાવેલા, ઘરની અંતર છૂપાવેલા રજત-સુવર્ણ અને રત્ન આદિ ધન ચારેય બાજુથી લાવીને દાન આપતા સ્વામીને જેમ મેઘ પાણીને પૂરે તેમ પૂરે છે.

નાભિનંદન દિવસે દિવસે સૂર્યોદયથી માંડીને ભોજન સમય સુધી એક કરોડ અને આઠ લાખ સુવર્ણ આપે છે. એક વર્ષે ત્રણસો અઠયાસી કરોડ અને એંશી લાખ સુવર્ણનું દાન આપે છે. કહ્યું છે કે-

**तिन्नेव य कोडिसया, अट्ठासीई य हुंति कोडीओ।**
**असिइंच सयसहस्सं, एयं संवच्छरे दिन्नं ॥**

"આ પ્રમાણે એક વર્ષમાં ત્રણસો અઠયાસી ક્રોડ અને એંશી લાખ (સુવર્ણ) આપ્યું."

સ્વામીના પ્રવ્રજ્યાગ્રહણને સાંભળવા વડે ઉત્પન્ન થયો છે સંસારનો વૈરાગ્ય જેને એવા લોકો શેષામાત્ર

ગ્રહણ કરતા હતા. ઇચ્છા મુજબ દાન આપવા છતાં પણ અધિક લેતા ન હતા.

હવે સાંવત્સરિક દાનને અંતે આસન ચલાયમાન થવાથી ઇંદ્ર ભક્તિ વડે બીજા ભરતની જેમ ભગવંતની પાસે આવે છે. તે હાથમાં જળકળશ રાખી દેવેંદ્રો સાથે જગત્પતિના રાજ્યાભિષેકની જેમ દીક્ષા મહોત્સવના અભિષેકને કરે છે.

## ઋષભપ્રભુનો દીક્ષામહોત્સવ

તે પછી ઇંદ્રે શીઘ્ર લાવેલા દિવ્ય વસ્ત્રાલંકારોને જગત્પ્રભુ પહેરે છે. ઇંદ્ર પ્રભુના માટે અનુત્તરવિમાનોના વિમાન જેવી સુદર્શના નામની શિબિકા બનાવે છે. મહેન્દ્ર વડે અપાયો છે હાથ જેને એવા પ્રભુ લોકાગ્ર પ્રાસાદ ( મોક્ષ )ના પ્રથમ સોપાન સરખી તે શિબિકામાં ચઢે છે. તે શિબિકા પ્રથમ રોમાંચયુક્ત દેહવાળા મનુષ્યોએ અને પછી દેવોએ પોતાનો સાક્ષાત્ પુણ્યનો સમૂહ હોય તેમ ઉપાડી તે વખતે સુરઅસુરો વડે વગાડાતા ઉત્તમ મંગળ વાજિંત્રો નાદવડે પુષ્કરાવર્ત મેઘની જેમ દિશાઓને પૂરે છે. જિનપતિની બન્ને પડખે બે ચામર પરલોક અને આલોકના મૂર્તરૂપે નિર્મળપણાની માફક શોભે છે. બંદિ-વૃન્દની જેમ દેવોના સમૂહવડે મનુષ્યોના કર્ણને આનંદ પમાડનાર સ્વામીનો જય–જયારવ કરાય છે.

શિબિકામાં ચઢેલા, માર્ગમાં જતા સ્વામી દેવવિમાન-માં રહેલી શાશ્વત પ્રતિમા સરખા શોભે છે. તેવા પ્રકારના

આવતા ભગવંતને જોઈને સર્વેય નગરજનો સંભ્રમથી બાળકો જેમ પિતાની પાછળ દોડે તેમ દોડે છે. મયૂર જેમ મેઘને તેમ ભગવંતને જોવા માટે કેટલાક મનુષ્યો ઊંચા વૃક્ષોની શાખાઓ ઉપર ચઢે છે, કેટલાક પ્રભુને જોવા માટે માર્ગના પ્રાસાદો ઉપર ચઢેલા પ્રચંડ સૂર્યના તાપને ચંદ્રના પ્રકાશની જેમ માને છે. કેટલાક કાલક્ષેપને સહન નહિ કરનારા અશ્વ ઉપર ચઢતા નથી, પરંતુ પોતે જ માર્ગમાં અશ્વની માફક ઉતાવળા દોડતા જાય છે. કેટલાક પાણીમાં માછલાની જેમ લોકોની અંદર પેસીને સ્વામીના દર્શનની ઇચ્છા વડે આગળ નીકળે છે.

કેટલીક સ્ત્રીઓ વેગવડે દોડતી તૂટી ગયેલા હાર વડે લાજ (ભીના ચોખા)ની અંજલી જાણે ત્રિભુવનાધીશની આગળ મૂકે છે. પ્રભુના દર્શન માટે ઉત્સુક, કેડ ઉપર રહેલા છે બાળક જેને, એવી આવતા ધણીની આગળ, જેની ઉપર વાનર ચઢેલા છે એવી લતાની જેમ ઊભી રહે છે. સ્તનકુંભના ભારથી આળસુ કેટલીક સ્ત્રીઓ બન્ને પડખે ઊભેલી બંને સખીઓના હાથનો ટેકો લઇને પક્ષ કરીને જાણે પ્રભુદર્શન માટે આવે છે. કેટલીક સ્ત્રીઓ સ્વામીના પ્રેક્ષણમહોત્સવની ઇચ્છા વડે ગતિનો ભંગ કરનારા, ભારભૂત પોતાના નિતંબની નિંદા કરે છે.

કેટલીક રાજમાર્ગના પ્રાસાદ ઉપર રહેલી કુલાંગનાઓ શુભ કસુંબી વસ્ત્રવાળી ચંદ્ર અને સંધ્યા સરખી શોભાને ધારણ કરતી પૂર્ણપાત્રોને ધારણ કરે છે. કેટલીક ચપળ-

નેત્રવાળી સ્ત્રીઓ પ્રભુને જોતે છતે ચામરની જેમ હસ્ત-કમળવડે વસ્ત્રના છેડાને ચલાવે છે. કેટલીક સ્ત્રીઓ નિર્ભરપણે પોતાના પુણ્યરૂપી બીજને વાવતી હોય તેમ નાભિનંદન તરફ લાજ (ભીંજાવેલા ચોખા) ફેંકે છે. કેટલીક પ્રભુના કુળની સુવાસિની સ્ત્રીઓ મોટેથી 'ચિરકાળ જીવો, ચિરકાળ આનંદ પામો 'એ પ્રમાણે આશીર્વચનો આપે છે. કેટલીક નગરની સ્ત્રીઓ ચંચળ આંખવાળી હોવા છતાં નિશ્ચલ આંખવાળી હોય તેમ, મંદ-ગતિવાળી હોવા છતાં શીઘ્ર ગમન કરતી થકી પ્રભુને જોતી અનુગમન કરે છે.

હવે આકાશમાં મહાવિમાનો વડે પૃથ્વીતળને એકછત્ર કરતા ચારે પ્રકારના દેવો આવે છે. તેઓમાંના કેટલાક દેવો મદજળની વૃષ્ટિ કરતાં હાથીઓ વડે આવતાં, આકાશને જાણે મેઘમય કરે છે. કેટલાક દેવો અતિવિસ્તીર્ણ ગગનરૂપી સમુદ્રમાં વહાણ સરખા ઉત્તમ અશ્વોવડે ચાબૂકરૂપી નૌદંડ સહિત સ્વામીને જોવા માટે આવે છે. કેટલાક દેવો અતિશયવેગ વડે સાક્ષાત્ પવન હોય એવા રથોવડે નાભિનંદન પાસે આવે છે. કેટલાક દેવો વાહનક્રીડા શરત કરી હોય તેમ મિત્રની પણ રાહ જોતા નથી. 'આ સ્વામી, આ સ્વામી,' એમ પરસ્પર કહેતાં દેવો, નગરમાં પહોંચેલા મુસાફરની જેમ વાહનોને સ્થિર કરે છે.

તે વખતે વિમાનરૂપી પ્રાસાદો વડે, હાથીઓ વડે, અશ્વો વડે અને રથો વડે આકાશમાં જાણે બીજી વિનીતા

નગરી થઈ. ચંદ્ર-સૂર્યો વડે માનુષોત્તર પર્વતની જેમ પ્રકૃષ્ટ દેવ અને મનુષ્યોથી જગન્નાથ પરિવર્યા છે.

ઋષભદેવ પ્રભુ બન્ને પડખે ભરત-બાહુબલીવડે સેવાયેલા બે કિનારા વડે સમુદ્રની જેમ શોભે છે. બીજા અઠ્ઠાણું વિનીત પુત્રો વડે જગત્પ્રભુ, હાથીઓ વડે યૂથાધિપતિની જેમ અનુસરાય છે. માતા, સ્ત્રીઓ, પુત્રીઓ અને બીજી અશ્રુસહિત સ્ત્રીઓ જાણે ઝાકળના બિંદુવાળી પદ્મિનીઓ હોય તેમ પ્રભુની પાછળ જાય છે.

આ પ્રમાણે ત્રિલોકનાથ પૂર્વભવના સર્વાર્થસિદ્ધ વિમાનની જેવા નામ વડે સિદ્ધાર્થ ઉદ્યાનમાં આવે છે. આવીને ત્યાં અશોકવૃક્ષના તળે સંસારમાંથી ઉતરે તેમ શિબિકારત્નમાંથી નાભિનંદન ઉતરે છે. ઉતરીને ચારે તરફથી કષાયની જેવા તે વસ્ત્ર, પુષ્પમાળા, અને આભૂષણોનો જલદી ત્યાગ કરે છે. દેવેન્દ્ર પ્રભુના સ્કંધદેશમાં ચંદ્રના કિરણોથી બનાવેલું હોય તેવું કોમળ, શ્વેત અને સૂક્ષ્મ દેવદૂષ્ય વસ્ત્ર સ્થાપન કરે છે.

હવે ચૈત્ર વદિ આઠમને દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રયોગ આવ્યે છતે દિવસના પાછલા ભાગમાં, ઉત્પન્ન થતા જય-જય શબ્દના કોલાહલના બહાનાથી હર્ષને પ્રકટ કરતા હોય એવા દેવ અને મનુષ્યો વડે જોવાતા પ્રભુ ચાર દિશામાં શેષ આપવા માટે ઇચ્છતા હોય તેમ ચાર મુષ્ટિ વડે મસ્તકના વાળનો લોચ કરે છે. સૌધર્માધિપતિ વસ્ત્રના છેડામાં જુદા જુદા વર્ણના તંતુઓની શોભાને કરનારા પ્રભુના તે કેશોને સ્વીકારે છે.

હવે નાથ પાંચમી મુષ્ટિ વડે બાકી રહેલા કેશનો લોચ કરતાં ઇંદ્ર વડે આ પ્રમાણે પ્રાર્થના કરાયા કે–હે સ્વામિન્! તમારા સુવર્ણસમાન કાંતિવાળા સ્કંધોને વિષે વાયુ વડે લેવાયેલી આ કેશવલ્લરી મરકત સરખી શોભે છે. તેથી આના લોચ વડે સર્યું. 'આ તે પ્રમાણે જ રહો' આ પ્રમાણે ઇંદ્રના આગ્રહથી પ્રભુ તે કેશવલ્લરીને તેમ જ ધારણ કરે છે. સ્વામી ખરેખર એકાંતભક્તની પ્રાર્થનાને ખંડિત કરતા નથી. સૌધર્માધિપતિ તે કેશોને ક્ષીરસમુદ્રમાં નાંખીને, આવીને મુષ્ટિસંજ્ઞાવડે રંગાચાર્યની જેમ કોલાહલને શાંત કરે છે.

હવે નાભિનંદન પ્રભુ છઠ્ઠ તપ કરી, સિદ્ધોને નમસ્કાર કરી દેવ, અસુર અને મનુષ્યોની સમક્ષ 'सव्वं सावज्जं जोगं पच्चक्खामि' 'સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કરું છું' એ પ્રમાણે બોલતા મોક્ષમાર્ગના રથ જેવા ચારિત્રને સ્વીકારે છે.

સ્વામીના દીક્ષાગ્રહણના સમયે નારકોને પણ શરદઋતુના તાપથી તપેલા લોકોને વાદળાની છાયાની જેમ ક્ષણવાર સુખ થયું. તે વખતે સ્વામીને દીક્ષાગ્રહણના સંકેતની જેમ મનુષ્યક્ષેત્રવર્તી સંજ્ઞિપંચેન્દ્રિય જીવોના મનોદ્રવ્યને પ્રકાશિત કરનારું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

## કચ્છ-મહાકચ્છ વગેરેની દીક્ષા

મિત્રવર્ગોએ નિવારવા છતાં, બંધુવર્ગે અટકાવ્યા છતાં, ભરત રાજાએ પણ વારંવાર નિષેધ કરવા છતાં કચ્છ-મહાકચ્છ વગેરે ચાર હજાર રાજાઓ સ્વામીના અતિશયવાળા પૂર્વપ્રસાદને યાદ કરતા, ભ્રમરની જેમ પ્રભુના ચરણકમળનો વિરહ સહન ન થવાથી પુત્ર, સ્ત્રી અને રાજ્યનો તૃણની જેમ ત્યાગ કરીને 'જે પ્રભુની ગતિ, તે જ અમારી ગતિ' એ પ્રમાણે નિશ્ચય કરીને હર્ષ વડે દીક્ષા ગ્રહણ કરે છે. ખરેખર સેવકોનો એ ક્રમ ઉચિત છે.

હવે ઈંદ્ર વગેરે દેવો આદિનાથને પ્રણામ કરીને બે હાથ જોડી આ પ્રમાણે સ્તુતિ કરે છે :—

હે નાથ! તમારા યથાર્થ ગુણોને કહેવા માટે અમે અસમર્થ છીએ. તો પણ અમે સ્તુતિ કરીએ છીએ. તમારા જ પુણ્યપ્રભાવથી અમારી પ્રજ્ઞા અતિશયવાળી થાય છે. હે સ્વામિન્! ત્રસ-સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરવાથી સર્વ જીવોને અભય આપનાર એક દાનશાળા સરખા તમોને નમસ્કાર થાઓ. સર્વથા મૃષાવાદનો ત્યાગ કરવાવડે હિત-સત્ય અને પ્રિય વચનરૂપી સુધારસના સમુદ્ર એવા તમને નમસ્કાર થાઓ. હે ભગવંત! અદત્તાદાનના પ્રત્યાખ્યાનરૂપ શુદ્ધ માર્ગમાં પ્રથમ પથિક એવા તમને નમસ્કાર થાઓ. હે જગત્પતિ! મન્મથરૂપી અંધકારનું મથન કરનાર અખંડ શુદ્ધ બ્રહ્મચર્યના તેજ વડે સૂર્ય સરખા તમને નમસ્કાર થાઓ. હે નાથ! એકી

સાથે પૃથ્વી વગેરે સર્વ પરિગ્રહનો તૃણની જેમ ત્યાગ કરનારા નિર્લોભસ્વરૂપ તમને નમસ્કાર થાઓ. હે પ્રભુ! પાંચ મહાવ્રતનો ભાર વહન કરવામાં વૃષભ સમાન સંસાર-સમુદ્રને તરવામાં અતિકુશળ મહાત્મા એવા આપને નમસ્કાર થાઓ. હે આદિનાથ! પાંચ મહાવ્રતની જાણે પાંચ બહેનો હોય એવી પાંચ સમિતિઓને ધારણ કરનાર એવા તમને નમસ્કાર થાઓ. આત્મામાં જ રમણતા કરનારું છે એક ચિત્ત જેનું એવા, વચન યોગના સંવરણ વડે શોભતા, સર્વ કાયાની ચેષ્ટાથી નિવૃત્ત થયેલા, ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવા તમને નમસ્કાર થાઓ."

આ પ્રમાણે આદિનાથ ભગવંતની સ્તુતિ કરીને દેવો જન્માભિષેકની પેઠે નંદીશ્વરદ્વીપમાં જઈને અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને યથાસ્થાને ગયા. તેવી રીતે ભરત-બાહુબલિ વગેરે પણ નાથને પ્રણામ કરીને દેવોની માફક ક્રમે કરીને પોતપોતાને સ્થાને ગયા. પ્રભુ પણ મૌનવ્રતને ધારણ કરતા, પાછળ દીક્ષિત થયેલ કચ્છ–મહાકચ્છ વગેરે રાજાઓ વડે અનુસરાયેલા પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા.

### ઋષભપ્રભુ અને અન્ય મુનિઓને આહારની અપ્રાપ્તિ

ભગવાન પારણાને દિવસે કોઈ ઠેકાણે ભિક્ષા પામતા નથી, કારણકે તે વખતે એકાંત સરળ એવા લોક ભિક્ષા-દાનની વિધિને જાણતા નથી. તે લોકો નાથને પૂર્વની જેમ રાજા જ માને છે. તેની ભિક્ષા માટે આવેલા ભગવંતને કેટલાક લોકો વેગથી સૂર્યના અશ્વને પરાભવ

કરનારા અશ્વો, બીજા પરાક્રમથી દિગ્ગજોને જીતે એવા શ્રેષ્ઠ હાથીઓ, કેટલાક રૂપ-લાવણ્યથી દેવાંગનાઓને પરાભવ કરે એવી કન્યાઓ. કેટલાક વીજળીના ભ્રમને કરનારાં આભરણો, કેટલાક સંધ્યાના વાદળ સરખા જુદા જુદા વર્ણનાં વસ્ત્રો, કેટલાક મંદાર પુષ્પની માળાની સ્પર્ધા કરનારી પુષ્પમાળાઓ, કેટલાક મેરુપર્વતના શિખર સરખા સુવર્ણના રાશિને, વળી કેટલાક બીજા લોકો રોહણાચળની ચૂલા સરખા રત્નના ઢગને આપે છે.

સ્વામી ભિક્ષા ન મળવા છતાં પણ દીનતા રહિત મનવાળા જંગમતીર્થની જેમ સદા વિહાર કરતા પૃથ્વીને પવિત્ર કરે છે. સાત ધાતુ રહિત દેહવાળા હોય તેમ સુસ્થિત ભગવાન ક્ષુધા-પિપાસા આદિ પરિષહોને સહન કરે છે.

પોતાની જાતે દીક્ષા લીધેલા તે રાજાઓ વહાણો જેમ પવનને અનુસરે તેમ સ્વામીને અનુસરતા તેવી જ રીતે વિચરે છે.

### કચ્છ-મહાકચ્છ આદિની ચિંતા

હવે તત્ત્વજ્ઞાનથી રહિત એવા તે તપસ્વીઓ ક્ષુધા તૃષા આદિથી પીડા પામેલા તે રાજાઓ પોતાની બુદ્ધિ અનુસારે આ પ્રમાણે વિચારે છે :-

આ સ્વામી કિંપાકફળની જેમ મધુર ફળોને પણ ખાતા નથી, ખારા પાણીની જેમ મીઠા પાણીને પણ પીતા નથી. પરિકર્મ (શરીર સંસ્કાર)ની અપેક્ષા વગરના

સ્નાન કરતા નથી અને વિલેપન કરતા નથી. ભારની પેઠે વસ્ત્ર, અલંકાર અને માલ્યને ગ્રહણ કરતા નથી. પર્વતની જેમ પવનથી ઉડેલી માર્ગની ધૂળ વડે આલિંગન કરાય છે, તેમજ મસ્તક ઉપર સૂર્યના તીવ્ર આતપને સહન કરે છે, શયન–આસન આદિથી રહિત હોવા છતાં પણ પરિશ્રમને જાણતા નથી, પર્વતના શ્રેષ્ઠ ગજેન્દ્રની જેમ શીત–ઉષ્ણ વડે ક્લેશ પામતા નથી, ભૂખને પણ ગણતા નથી, તરસને જાણતા નથી, વૈરથી યુક્ત ક્ષત્રિયની જેમ નિદ્રાને સેવતા નથી, અનુચર જેવા અમને જાણે અપરાધ કર્યો હોય તેમ દૃષ્ટિ વડે પણ આનંદ પમાડતા નથી. વાતચીત કરવાની તો શું વાત? વળી પુત્ર–સ્ત્રી આદિ પરિગ્રહથી પરાઙ્મુખ પ્રભુ જે કાંઈ મનમાં વિચારે છે તે આપણે જાણતા નથી.

હવે આ પ્રમાણે વિચારીને તેઓ હંમેશાં સ્વામીના નજીકના સેવક પોતાના સમૂહના નાયક એવા કચ્છ–મહાકચ્છને આ પ્રમાણે કહેવા લાગ્યા :–

હે આર્ય! ક્ષુધાનો વિજય કરવામાં તત્પર એવા સ્વામી ક્યાં? અને અન્નના કીડા એવા આપણે ક્યાં? પિપાસાને જીતનાર એવા પ્રભુ ક્યાં? અને પાણીના દેડકા એવા આપણે ક્યાં? આતાપને જીતનાર એવા એ પ્રભુ ક્યાં? અને છાયાના માંકડ એવા આપણે ક્યાં? શીતથી પરાભવ નહિ પામનારા એ ક્યાં? શીતના વાનર એવા આપણે ક્યાં? નિદ્રારહિત એવા એ ક્યાં? અને

નિદ્રાથી પરાભૂત એવા આપણે ક્યાં ? નિત્ય નહીં બેસનારા એવા એ ક્યાં ? અને બેસવામાં પાંગળા સરખા એવા આપણે ક્યાં ?

સમુદ્ર ઉલ્લંઘનની વિધિમાં ગરુડનું અનુકરણ કરતા કાગડા સરખા આપણે સ્વામીના વ્રતગ્રહણમાં આ અનુગમન કર્યું. આજીવિકા નિમિત્તે શું હવે પોતાના રાજ્યોને ગ્રહણ કરીએ ? અથવા તે રાજ્યો તો ભરતે ગ્રહણ કર્યાં છે, આથી હવે ક્યાં જઈએ ? અથવા આજીવિકા માટે ભરત પાસે જ શું જઈએ ? પ્રભુનો ત્યાગ કરીને ત્યાં જવાથી પણ આપણને તેનાથી ભય થાય; તેથી હે આર્યો ! પહેલાં પણ તમે હંમેશાં પ્રભુની પાસે રહેનારા તેમના ભાવને જાણનારા હતા, તેથી કાર્યમાં વિમૂઢ થયેલા અમારે શું કરવું ? તે આજે કહો.

તેઓ પણ આ પ્રમાણે કહે છે કે—જો સ્વયંભૂરમણ સમુદ્રનો તાગ ( તળ ) મેળવાય તો સ્વામીનો ભાવ જણાય. આગળ પણ સ્વામીએ બતાવેલ કાર્યને જ અમે હંમેશાં કરતા હતા. હમણાં કર્યું છે મૌનવ્રત જેણે એવા પ્રભુ કાંઈપણ બતાવતા નથી. જેમ તમે જાણતા નથી તેમ અમે પણ જાણતા નથી. સર્વની સમાનગતિ છે. તમે કહો–આપણે શું કરીએ ?

હવે તે સર્વે ભેગા થઈને વિચાર કરીને ગંગાના કાંઠે રહેલા વનોમાં ગયા, ત્યાં ઇચ્છા પ્રમાણે કંદ, મૂળ અને ફલ ખાવા લાગ્યા. તે કાળથી આરંભીને વનવાસી

જટાધારી કંદ–મૂળ અને ફળનો આહાર કરનારા તાપસો આ પૃથ્વી પર થયા.

## નમિ-વિનમિનું આગમન

હવે કચ્છ–મહાકચ્છના પુત્રો વિનયયુક્ત નમિ-વિનમિ નામના પ્રભુના દીક્ષા ગ્રહણના સમય પહેલાં પ્રભુની આજ્ઞાથી દૂર દેશાંતર ગયા હતા. ત્યાંથી પાછા આવેલા એવા તેઓએ પોતાના પિતાને વનની અંદર જોયા. તેમને જોઈને આ પ્રમાણે વિચારે છે કે— ઋષભનાથ હોવા છતાં અનાથની જેમ અમારા આ પિતા કેમ આવી અવસ્થા પામ્યા? કયાં તે ચીનાંશુક (રેશમી વસ્ત્ર)? અને કયાં આ ભિલ્લને યોગ્ય વલ્કલ? કયાં અંગમાં તે અંગ-રાગ? અને કયાં પશુને યોગ્ય એવી ભૂમિરજ? કયાં પુષ્પમાળાથી ગર્ભિત અંબોડો? અને કયાં વટવૃક્ષની જેવી જટા? કયાં ગજેન્દ્ર ઉપર આરોહણ? અને કયાં આ સિપાઈની માફક પગે ચાલવું? આ પ્રમાણે વિચારતાં તે પિતાઓને પ્રણામ કરીને સર્વ પૂછે છે.

તે કચ્છ–મહાકચ્છ આ પ્રમાણે કહે છે :– જગતના નાથ ભગવાન ઋષભદેવે રાજ્યનો ત્યાગ કરીને પૃથ્વીના વિભાગ કરીને ભરત વગેરેને આપીને વ્રત ગ્રહણ કર્યું. તે વખતે અમે બધાયે પણ સ્વામીની સાથે હાથીના ઇક્ષુભક્ષણની જેમ પૂર્વાપરનો વિચાર કર્યા વિના ઉતાવળથી વ્રત ગ્રહણ કર્યું, પરંતુ ક્ષુધા–પિપાસા–શીત–ઉષ્ણ આદિ કલેશથી પીડાયેલા અમે તે વ્રત છોડી દીધું. જોકે સ્વામીની

જેમ અમે આચારધર્મ પાળવા માટે શક્તિમાન નથી, તો પણ ગૃહવાસનો ત્યાગ કરીને અહીં તપોવનમાં રહીએ છીએ.

## પ્રભુ પાસે નમિ-વિનમિની રાજ્યની માગણી અને ધરણેન્દ્રનું આગમન

આ પ્રમાણે સાંભળીને તેઓ 'અમે પણ સ્વામીની પાસે પૃથ્વીનો ભાગ માગીએ,' એ પ્રમાણે કહીને તે નમિ-વિનમિ સ્વામીના ચરણ પાસે આવે છે. ત્યાં જઈને 'આ પ્રભુ નિઃસંગ છે' એ પ્રમાણે ન જાણતાં તેઓ બન્ને ય પ્રતિમામાં રહેલા પ્રભુને નમસ્કાર કરીને આ પ્રમાણે વિનવે છે :-

"હે પ્રભો! અમને દૂર દેશાંતર મોકલીને તમે ભરત આદિ પુત્રોને વિભાગ કરીને પૃથ્વી આપી. અમને ગોષ્પદ (ખાબોચિયા) માત્ર પણ પૃથ્વી તમે કેમ ન આપી? તેથી હે વિશ્વનાથ! હજુ પણ પ્રસાદ કરીને આપો, અથવા દેવાધિદેવે અમારામાં શું દોષ જોયો? જે બીજું આપવું તો દૂર રહો, પણ ઉત્તર પણ આપતા નથી."

આ પ્રમાણે તેઓએ કહ્યા છતાં પણ પ્રભુ કાંઈપણ બોલતા નથી. 'નિર્મમ એવા મહાત્માઓ કોઈની ઐહિક ચિંતાવડે લેપાતા નથી' જોકે સ્વામી બોલતા નથી, તો પણ 'આપણું આ જ શરણ છે' એમ નિશ્ચય કરીને તેઓ પ્રભુની સેવા કરવા લાગ્યા. સ્વામીની પાસે રજ શાંત કરવા નિમિત્તે કમલિનીના પત્રવડે જળાશયમાંથી

પાણી લાવીને છાંટે છે. પ્રાતઃકાળે ધર્મચક્રવર્તીની આગળ સુગંધથી મત્ત થયેલા ભ્રમરના સમૂહથી સેવાયેલા પુષ્પ-પ્રકરને તેઓ મૂકે છે. રાત્રિ–દિવસ મેરુપર્વતની બન્ને બાજુ સૂર્ય–ચંદ્ર હોય તેમ, ખુલ્લી તલવાર રાખી પ્રભુની બંને બાજુ ઊભા રહી સ્વામીની સેવા કરે છે. ત્રણે સંધ્યાએ બે હાથ જોડી, પ્રણામ કરી આ પ્રમાણે પ્રાર્થના કરે છે કે–હે સ્વામી! અમારે બીજો કોઈ સ્વામી નથી. તમે જ રાજ્ય આપનારા થાઓ.

એક વખત સ્વામીના ચરણને વંદન કરવા માટે ઇચ્છતો શ્રદ્ધાવંત નાગકુમાર દેવોનો અધિપતિ ધરણેન્દ્ર ત્યાં આવે છે. તે નાગરાજ બાળકની જેવા સરળ, હંમેશાં સ્વામીની સેવામાં તત્પર, લક્ષ્મીની યાચના કરતા તે નમિ વિનમિને આશ્ચર્ય સહિત જુએ છે. તેમને જોઈને તે અમૃતરસ ઝરતી વાણી વડે કહે છે કે—" તમે કોણ છો? ૬૭ આગ્રહપૂર્વક શું માગો છો? જગત્‌ને પ્રભુએ એક વર્ષ સુધી ઇચ્છિત મહાદાન આપ્યું, તે વખતે તમે ક્યાં ગયા હતા? હમણાં સ્વામી નિર્મમ, નિષ્પરિગ્રહ, રોષ અને તોષથી રહિત, દેહને વિષે પણ આકાંક્ષા વગરના છે."

આ પ્રમાણે સાંભળીને તે નમિ–વિનમિ " આ પણ સ્વામીનો કોઈ સેવક છે" એ પ્રમાણે જાણીને ગૌરવપૂર્વક તે નાગરાજ ધરણેન્દ્રને કહે છે કે—' અમે સ્વામીના સેવક છીએ, આ અમારા સ્વામી છે. તે વખતે દીક્ષાગ્રહણ પહેલાં કાર્ય નિમિત્તે અમને દેશાંતર જવા માટે આદેશ કર્યો

હતો. પોતે પોતાના સર્વ પુત્રોને રાજ્ય વહેંચીને આપ્યું. સર્વ ધન આપી દીધા છતાં પણ એ અમને રાજ્ય આપશે, કે નહિ એવી ચિંતા શા માટે ?' સેવકોએ તો સેવા જ કરવી જોઈએ.

'તમે જઈને ભરત પાસે માગો, સ્વામીની માફક સ્વામીનો પુત્ર પણ તમને આપશે' આ પ્રમાણે ધરણેન્દ્ર વડે કહેવાયેલા તેઓ કહે છે કે–'આ જગત્સ્વામીને પામીને અમે બીજા સ્વામીને નહિ કરીએ, કલ્પવૃક્ષને પામીને કેરડાને કોણ સેવે ? અમે પરમેશ્વરને છોડીને બીજા પાસે પ્રાર્થના નહિ કરીએ. મેઘને છોડીને ચાતક બીજા પાસે શું યાચે ? ભરત આદિનું કલ્યાણ હો. એ ચિંતાથી શું ? આ સ્વામીથી જે થવાનું હોય તે થાઓ, બીજા વડે શું ?'

હવે તેઓની વચનયુક્તિ વડે પ્રસન્ન થયેલા નાગરાજ આ પ્રમાણે વચન બોલ્યા :–

'આ જ સ્વામીનો સેવક હું પાતાળપતિ છું. હે મહાભાગ ! મહાસત્ત્વશાળી ! 'આ જ સ્વામી છે, બીજા સેવા કરવા લાયક નથી' એવી તમારી દૃઢ પ્રતિજ્ઞા છે, તમારૂં સારૂં થાઓ, સારૂં થાઓ. ત્રણ ભુવનના સ્વામી એવા આ પ્રભુની સેવા વડે પાશથી ખેંચાયેલી હોય એવી રાજ્યસંપત્તિઓ જલદી લોકો પાસે આવે છે. લટકતા ફળની જેમ આ લોકમાં મનુષ્યોને એમની સેવા

વડે વૈતાઢ્યપર્વત ઉપર વિદ્યાધરેન્દ્રપણું અત્યંત સુલભ છે. પગની નીચે રહેલા નિધાનની જેમ એમની સેવા માત્રથી ભવનાધિપતિની લક્ષ્મી પણ શીઘ્ર વરે છે. આ સ્વામીની સેવાથી ઇંદ્રની સંપત્તિઓ, વસંતઋતુથી વિચિત્ર કુસુમઋદ્ધિની જેમ થાય છે. એમના સેવનથી મુક્તિની નાની બહેનની જેવી દુર્લભ એવી પણ અહમિંદ્રપણાની લક્ષ્મીને પણ લોકો પામે છે. આ જગન્નાથની સેવા કરનાર ભવ્યજીવ જ્યાંથી પાછું ફરવાનું નથી એવા શાશ્વત આનંદમય મોક્ષપદને પામે છે, આ સ્વામીની જ સેવા વડે આ પ્રભુની જેમ પ્રાણી આ લોકમાં ત્રણ ભુવનનો અધિપતિ અને પરલોકમાં સિદ્ધરૂપે થાય છે. આ સ્વામીનો હું દાસ છું અને તમે પણ સેવક છો.

## નાગરાજવડે નમિ-વિનમિને વિદ્યાધરૈશ્વર્યનું દાન

આથી એ પ્રભુની સેવાનું ફળ વિદ્યાધરોનું ઐશ્વર્ય તમને હું આપું છું. એને સ્વામિની સેવાથી મળેલું જાણો-બીજા પ્રકારે શંકા કરતા નહિ, કારણમાં ભૂમિને વિષે અરુણથી થયેલો ઉદ્યોત પણ સૂર્યથી ઉત્પન્ન થયેલો જ છે. એમ સમજાવીને ગૌરી, પ્રજ્ઞપ્તિ, વગેરે અડતાલીશ હજાર વિદ્યાઓ ભણવા માત્રથી સિદ્ધિ આપનારી આપે છે અને આદેશ કરે છે કે-વૈતાઢ્યપર્વત ઉપર જઈને બંને શ્રેણીને વિષે નગરોની સ્થાપના કરીને તમે અક્ષત રાજ્ય કરો.

પ્રભુને પ્રણામ કરીને તે નમિ-વિનમિ પુષ્પક વિમાન

બનાવીને, તેમાં ચઢીને નાગરાજ સાથે ચાલ્યા. પહેલાં તેઓ પોતાના પિતા કચ્છ–મહાકચ્છની પાસે જઈને સ્વામીની સેવારૂપ વૃક્ષના ફળરૂપ નવી સંપદાની પ્રાપ્તિ જણાવીને તે પછી તેઓ અયોધ્યાના પતિ ભરતને પોતાની ઋદ્ધિ બતાવે છે. ખરેખર માની પુરુષોને સ્થાને બતાવેલી માનસિદ્ધિ સફળ થાય છે. પછી તેઓ પોતાના સ્વજન અને સર્વ પરિવારને શ્રેષ્ઠ વિમાનમાં ચઢાવીને વૈતાઢચ પર્વત તરફ નીકળ્યા.

## વતાઢચ પર્વત

અનુક્રમે જતાં તેઓ આવા પ્રકારના વૈતાઢચ પર્વત પાસે આવે છે :–

પર્યંતભાગે લવણ સમુદ્રના તરંગોના સમૂહ વડે ચુંબિત, પૂર્વ અને પશ્ચિમ દિશાના માનદંડની જેમ રહેલા, ભરતના દક્ષિણ અને ઉત્તર ભાગની સીમારૂપ, પચાસ યોજન દક્ષિણ અને ઉત્તર દિશાએ વિસ્તીર્ણ, સવા છ યોજન પૃથ્વીતલમાં ઊંડો, પચીશ યોજનની ઊંચાઈવાળો, દૂરથી હિમવંત પર્વતે પ્રસારેલ હાથ જેવી ગંગા અને સિંધુ નદી વડે ચારે તરફથી આશ્લિષ્ટ ભરતાર્ધની લક્ષ્મીના ક્રીડા કરવાના વિશ્રામ ગૃહ જેવી ખંડપ્રપાતા અને તમિસ્રા નામની ગુફાને ધારણ કરતા, ચૂલિકા વડે મેરુ પર્વતની જેમ શાશ્વત પ્રતિમા સહિત સિદ્ધાયતન કૂટ વડે અતિ અદ્ભુત શોભાવાળા, દેવોમાં નવ ગ્રૈવેયકની પેઠે નાના રત્નમય અત્યંત અદ્ભુત ક્રીડાના

સ્થાનભૂત નવ કૂટોને ધારણ કરતા, વીશ યોજન ઉપર દક્ષિણ અને ઉત્તર પડખે વસ્ત્રની માફક બે વ્યંતરના નિવાસની શ્રેણીને ધારણ કરતા, મૂળથી ચૂલિકા સુધી અતિનિર્મળ સુવર્ણની શિલામય, જાણે દેવલોકનું એક પાદકટક પૃથ્વી ઉપર પડ્યું હોય એવા, પવનથી કંપેલા મહાવૃક્ષની શાખારૂપી હાથ વડે દૂરથી બોલાવતા હોય એવા તે વૈતાઢ્ય પર્વતને તેઓ જુએ છે, અને હર્ષથી યુક્ત મનવાળા ત્યાં પહોંચે છે.

ભૂમિતળથી દશ યોજન ઉપર નમિ રાજા ત્યાં વૈતાઢ્ય પર્વત ઉપર દક્ષિણ શ્રેણીમાં પચાસ નગરો કરે છે. એ નગરોની મધ્યમાં રહેલા ઉત્તમનગર રથનુપૂર ચક્રવાલપુરમાં તે નિવાસ કરે છે.

તેવી જ રીતે ઉત્તર શ્રેણિમાં વિનમિ નાગરાજની આજ્ઞાથી જલદી સાઠ નગરો સ્થાપે છે. એ નગરોમાં પ્રધાનભૂત ગગનવલ્લભપુરમાં તે પોતે નિવાસ કરે છે. તે બન્ને વિદ્યાધરની શ્રેણીઓ મહાઋદ્ધિવાળી, નીચે પ્રતિબિંબિત થયેલી ઉપર રહેલી વ્યંતરની શ્રેણીઓ હોય તેમ શોભતી હતી.

તેઓ બન્ને બીજા પણ અનેક ગામ, શાખાનગર, અને યોગ્ય સ્થાને દેશોની સ્થાપના કરે છે. જે જે દેશમાંથી લાવીને ત્યાં મનુષ્યો સ્થાપન કર્યા, ત્યાં પણ તે તે નામ વડે તેઓએ દેશો સ્થાપ્યા.

તે તે નગરોમાં તે નમિ અને વિનમિએ હૃદયની માફક સભાની અંદર નાભિનંદન પ્રભુની સ્થાપના કરી.

"વિદ્યાવડે ઉન્મત્ત વિદ્યાધરો દુર્નય ન કરે" તેથી ધરણેન્દ્ર તેઓને મર્યાદા બતાવે છે.

## વિદ્યાધરોની મર્યાદા

જિન, જિનચૈત્ય તેમજ ચરમશરીરી અને પ્રતિમા સ્વીકારેલા અનગારોનું વિદ્યાવડે દુર્મત્ત થયેલા જે વિદ્યાધરો પરાભવ અને ઉલ્લંઘન કરશે. તેઓને વિદ્યાઓ પ્રમાદી માણસની લક્ષ્મીની જેમ ત્યાગ કરશે. તેમજ જેઓ સ્ત્રીને અને નરયુગલને હણશે તેઓને, અને જેઓ નહીં ઇચ્છતી સ્ત્રીને સાથે ક્રીડા કરશે, તેઓને વિદ્યાઓ ક્ષણવારમાં ત્યાગ કરશે," એ પ્રમાણે મર્યાદા મોટેથી સંભળાવીને "આ ચંદ્ર-સૂર્ય સુધી હો," એમ વિચારીને તે મર્યાદાને રત્નભીંતની પ્રશસ્તિમાં લખે છે.

તે પછી તે નમિ-વિનમિને વિદ્યાધરના પતિપણામાં સ્થાપન કરીને, વ્યવસ્થા કરીને તે ધરણેન્દ્ર અંતર્ધ્યાન થયા.

પોત-પોતાની વિદ્યાના નામ વડે સોળ નિકાય પ્રસિદ્ધિ પામ્યા. તે આ પ્રમાણે ગૌરી નામની વિદ્યાની આરાધના વડે ગૌરેય, મનુવિદ્યાની આરાધના કરનારા મનુ, ગાંધારી વિદ્યાની આરાધના કરનારા ગાંધાર, માનવી વિદ્યાની આરાધના કરનારા માનવ, કૌશિકી વિદ્યાના ઉપાસક કૌશિક, ભૂમિતુંડા વિદ્યાના આરાધક ભૂમિતુંડક, મૂલવીર્ય વિદ્યાના આરાધક મૂલવીર્યક, શંકુકા વિદ્યાના ઉપાસક શંકુક, પાંડુકી વિદ્યાના આરાધક પાંડુક, કાલી-

વિદ્યાના સેવક કાલિકેય, શ્વપાકી વિદ્યાના ભક્ત શ્વપાકગ, માતંગી વિદ્યાના આરાધક માતંગ, પાર્વતી વિદ્યાના આરાધક પર્વતક, વંશાલયા વિદ્યાના સેવક વંશાલય, પાંશુમૂલા વિદ્યાના ભક્ત પાંશુમૂલક, વૃક્ષમૂલ વિદ્યાના ઉપાસક વૃક્ષમૂલક; એ પ્રમાણે સોળ વિદ્યાવડે સોળ નિકાય થયા.

તે પછી વિદ્યાધરોના સોળ નિકાયને વહેંચીને આઠ નિકાય નમિરાજાએ, અને આઠ નિકાય વિનમિરાજાએ લીધા. તે નમિ અને વિનમિએ પોત–પોતાની નિકાયમાં પોતાના દેહ જેવી ભક્તિવડે વિદ્યાના અધિપતિ દેવતાની સ્થાપના કરી.

તે પછી તે બંને હંમેશાં શ્રીઋષભદેવ સ્વામીની પ્રતિમાના પૂજનમાં તત્પર થયા થકા ધર્મને બાધા ન પહોંચે તે રીતે કામભોગોને ભોગવે છે.

કયારેક તે બંને જંબૂદ્વીપની જગતીમાં જાલકટકને વિષે પ્રિયાઓ સાથે બીજા શક્ર અને ઈશાનેન્દ્ર હોય તેમ ક્રીડા કરે છે. કયારેક સુમેરુપર્વતના ઉદ્યાનોમાં, અને નંદન આદિ વનોમાં હંમેશાં હર્ષિત ચિત્તવાળા પવનની જેમ અપ્રતિબદ્ધ ફરે છે. કયારેક શાશ્વત પ્રતિમાઓની પૂજા માટે નંદીશ્વર આદિ તીર્થોમાં જાય છે. શ્રદ્ધાયુક્ત શ્રમણોપાસકોએ મેળવેલી લક્ષ્મીનું એ જ ફળ છે. કયારેક તેઓ મહાવિદેહ ક્ષેત્રને વિષે અરિહંતોના સમવસરણમાં જઈને સર્વજ્ઞની દેશનારૂપ સુધારસનું પાન કરે છે. કયારેક

તેઓ ચારણ શ્રમણો પાસેથી ધર્મદેશના ઊંચા કાનવાળા યુવાન હરણ જેમ ગીત સાંભળે તેમ સાંભળે છે.

આ પ્રમાણે તે સમ્યગ્દર્શનવાળા, અક્ષીણ ભંડારવાળા, વિદ્યાધરીઓના સમૂહથી પરિવરેલા, ધર્મ–અર્થ અને કામની અબાધાપૂર્વક રાજ્યનું પાલન કરે છે.

તે કચ્છ અને મહાકચ્છ વગેરે રાજતાપસો ગંગાના દક્ષિણ કિનારે, હરણની જેમ વનમાં ફરતાં, જંગમવૃક્ષની જેમ વલ્કલ વસ્ત્રને ધારણ કરનારા, ઉદ્વાન્ત (વમન)ની જેમ ગૃહસ્થના આહારનો સ્પર્શ ન કરતાં, ચતુર્થ, છઠ્ઠ આદિ તપ વડે સુકવી નાંખી છે ધાતુઓ જેની એવા અત્યંત કૃશ, ખાલી કરેલી ભસ્ત્રા (મશક)ની જેવા દેહને ધારણ કરતા, પારણાને દિવસે જીર્ણ પત્ર અને ફળને ખાતા હૃદયની અંદર ભગવંતના ચરણ કમળનું ધ્યાન કરતાં, નથી બીજું શરણ જેને એવા તેઓ રહે છે.

## ઋષભપ્રભુની પ્રથમ ભિક્ષા અને શ્રેયાંસકુમારનું પ્રથમ દાન

ભગવંત પણ આર્ય–અનાર્ય દેશોમાં નિરાહાર મૌન વડે એક વર્ષ સુધી વિહાર કરતાં આ પ્રમાણે વિચારે છે.

તેલ વડે દીવાની જેમ, પાણી વડે વૃક્ષની જેમ પ્રાણીઓના શરીરો આહાર વડે જ વર્તે છે. બેંતાલીશ ભિક્ષાના દોષ વડે અદોષિત આહાર માધુકરી વૃત્તિ વડે યોગ્ય કાળે સાધુએ ગ્રહણ કરવો જોઈએ. અતિક્રાંત દિવસોની જેમ આજે પણ જો હું આહાર ગ્રહણ ના

કરૂં, પરંતુ અભિગ્રહ વડે જો રહીશ તો આ કચ્છ-મહાકચ્છ વગેરે ચાર હજાર ભોજન વિના પીડા પામ્યા તેમ બીજા મુનિઓ પણ સાધુપણાનો ત્યાગ કરશે. આ પ્રમાણે સ્વામી મનમાં વિચારીને ભિક્ષા માટે ત્યાંથી ચાલ્યા. અનુક્રમે નગર અને દેશના આભૂષણરૂપ ગજપુર નગરમાં પહોંચ્યા.

તે નગરમાં બાહુબલિના પુત્ર સોમપ્રભરાજાના પુત્ર શ્રેયાંસકુમારે તે વખતે સ્વપ્નમાં 'ચારે તરફથી શ્યામ સુવર્ણગિરિ મેં દૂધના ઘડા વડે અભિષેક કરીને અધિક ઉજ્જવલ કર્યો' એમ જોયું.

તેમજ સુબુદ્ધિશ્રેષ્ઠીએ 'સૂર્યમાંથી પડેલાં હજાર કિરણ શ્રેયાંસકુમારે તે સૂર્યમાં સ્થાપન કર્યાં, તેથી સૂર્ય પણ અતિ દેદીપ્યમાન થયો' એ પ્રમાણે જોયું.

સોમયશા રાજાએ 'એક સુભટ ઘણા શત્રુઓ વડે રુંધાયો હતો, પણ શ્રેયાંસકુમારની સહાય વડે જય પામ્યો'-એમ જોયું.

તે પછી તે ત્રણેય સભાની અંદર એક-બીજાના સ્વપ્નો જણાવે છે. તેઓના નિર્ણયને નહિ જાણતા તેઓ પોત-પોતાના સ્થાને ગયા.

તે વખતે સ્વામી તે સ્વપ્નનો નિર્ણય પ્રગટ કરવા માટે જાણે હસ્તિનાપુર નગરમાં ભિક્ષા માટે પ્રવેશ કરે છે. તે વખતે તે એક વર્ષથી આહાર વગરના ઋષભની લીલા વડે આવતા એવા તે ઋષભદેવ પ્રભુને નગરજનોએ

જોયા. તેથી તેઓ સંભ્રમ સહિત ઉઠી–ઉઠીને દોડી–દોડીને દેશાંતરમાંથી આવેલા બંધુની માફક સ્વામીને ઘેરી વળ્યા.

કોઈ કહે છે કે–હે ભગવંત! આવો, અમારા ઘરોને ગ્રહણ કરો, કારણ કે હે દેવ! વસંત ઉત્સવની જેમ દીર્ઘકાળે તમને જોયા છે,

કોઈ કહે છે કે–હે દેવ! સ્નાનને યોગ્ય વસ્ત્ર, પાણી, તેલ, પિષ્ટાતક (કેશર આદિ સુગંધી દ્રવ્ય) તૈયાર કરેલ છે, હે સ્વામી! સ્નાન કરો અને અમારા ઉપર મહેરબાની કરો.

કોઈક બોલે છે કે–હે નાથ! જાતિવંત ચંદન, કપૂર, કસ્તૂરી અને યક્ષકર્દમ આદિ દ્રવ્યોને પોતાના ઉપયોગમાં ગ્રહણ કરી અમને કૃતાર્થ કરો.

કોઈક કહે છે કે–હે જગદ્રત્ન! અમારાં રત્નાલંકારો પોતાના અંગ ઉપર આરોપણ કરી અલંકૃત કરો, હે સ્વામી! કૃપા કરો.

કોઈક એ પ્રમાણે વિજ્ઞપ્તિ કરે છે કે–હે સ્વામી! મારા ઘરે બેસીને દુકૂલો (રેશમી વસ્ત્રો)ને પવિત્ર કરો.

કોઈક એ પ્રમાણે બોલે છે કે–હે દેવ! અમારી દેવાંગના સરખી કન્યાને ગ્રહણ કરો, હે પ્રભુ! તમારા સમાગમથી અમે ધન્ય છીએ.

કોઈક કહે છે કે–હે રાજકુંજર! ક્રીડા વડે પણ કરેલા પગે ચાલવા વડે શું? આ પર્વત સરખા હાથી ઉપર ચઢો.

કોઈક કહે છે કે–હે પ્રભુ! સૂર્યના અશ્વ સરખા મારા અશ્વોને ગ્રહણ કરો. આતિથ્યને નહિ ગ્રહણ કરવાથી અમને અયોગ્ય શા માટે કરો છો?

કોઈક બોલે છે કે–હે નાથ! જાતિવંત અશ્વો સહિત રથને ગ્રહણ કરો, પ્રભુ પગે ચાલતા હોય ત્યારે આ અશ્વોનું અમારે શું કામ છે?

કોઈક વિનવે છે કે–અમારાં આ પાકાં આમ્રફળોને ગ્રહણ કરો. પ્રણયીજનની અવજ્ઞા ન કરો.

કોઈક કહે છે કે–આ નાગરવેલનાં પાન અને સોપારી લો. હે એકાંતવત્સલ! પ્રસન્ન થાઓ.

કોઈક આ પ્રમાણે કહે છે કે–હે સ્વામી! મેં શું અપરાધ કર્યો કે જેથી ન સાંભળતાં હો તેમ ઉત્તર કેમ આપતા નથી?

આ પ્રમાણે પ્રાર્થના કરાતા, અકલ્પનીય હોવા વડે કાંઈપણ ન ગ્રહણ કરતાં પ્રભુ ચંદ્ર જેમ જુદા જુદા નક્ષત્રમાં જાય તેમ ઘરે ઘરે જાય છે.

તે વખતે પ્રાતઃકાલે પોતાના મહેલમાં રહેલ શ્રેયાંસ પક્ષીઓની જેમ નગરજનોનો કોલાહલ સાંભળે છે.

'આ શું છે?' એ પ્રમાણે તેણે પૂછવાથી મુખ્ય દ્વારપાળ આગળ ઊભો રહી, બે હાથ જોડી આ પ્રમાણે જણાવે છે:—

જે રાજાઓની માફક, મુગટ વડે પૃથ્વીતળને સ્પર્શ

કરવાપૂર્વક પાદપીઠની આગળ આળોટતાં દૃઢભક્તિવાળા ઇંદ્રોવડે સેવાય છે, જેમણે સૂર્યવડે પદાર્થની માફક લોકો ઉપર એક અનુકંપાવડે આજીવિકાના ઉપાય રૂપ કર્મો બતાવ્યા છે, તે વખતે દીક્ષાગ્રહણ કરવાને ઇચ્છતા એવા જેમણે પોતાની શેષની જેમ આ ભૂમિ વહેંચીને ભરત આદિને તેમ જ તમને આપી છે, જેમણે પોતે સર્વ સાવદ્યનો ત્યાગ કરી, આઠ કર્મરૂપી મહાપંકને સૂકવી નાંખવા માટે ગ્રીષ્મઋતુના આતપ સરખા તપને સ્વીકાર્યું છે, વ્રતથી આરંભીને આ નાથ નિઃસંગ મમતારહિત આહાર વગર ચરણવડે પૃથ્વીને પવિત્ર કરતા વિચરે છે, સૂર્યના આતપથી ઉદ્વેગ પામતા નથી, છાયાને ઇચ્છતા નથી, આ સ્વામી પર્વતની જેમ બંને ઉપર તુલ્ય જ છે. આ નાથ શીતથી ખેદ કરતા નથી, અશીત ઉપર રાગ કરતા નથી, વજ્રમય દેહવાળા હોય તેમ સ્વામી જ્યાં ત્યાં ઊભા રહે છે. યુગમાત્ર સ્થાપન કરી છે દૃષ્ટિ જેણે એવી કીડીને પણ મર્દન કર્યા વિના સંસારરૂપી હાથીનો નાશ કરવા માટે સિંહ સમાન એવા તે પાદ-વિહાર કરે છે. પ્રત્યક્ષ જોવા લાયક ત્રિજગત્પતિ એવા આ તમારા પ્રપિતામહ સૌભાગ્યના યોગે અહીં આવ્યા છે. ગોવાળની પાછળ ગાયોની જેમ, આ સ્વામીની પાછળ દોડતા બધા નગર લોકોનો આ મધુર કલકલ શબ્દ હમણાં સંભળાય છે.

પ્રભુને આવતાં જોઈને યુવરાજ પણ તે જ ક્ષણે સૈનિકોને પણ ઉલ્લંઘન કરતો પગે ચાલતો દોડે છે.

છત્ર અને ઉપાનહનો ત્યાગ કરીને યુવરાજ દોડતે છતે છત્ર અને ઉપાનહ રહિત પર્ષદા–સભા પણ તેની છાયાની જેમ પાછળ દોડે છે.

સંભ્રમથી ઉછળતાં છે ચપળ કુંડળ જેના એવો તે યુવરાજ સ્વામીની આગળ બાળક્રીડા કરતો હોય તેમ શોભે છે. ઘરના આંગણે આવેલા સ્વામીના ચરણ–કમળમાં આળોટીને તે શ્રેયાંસકુમાર ભ્રમરના ભ્રમને કરાવનારા કેશો વડે પ્રમાર્જન કરે છે. તે પછી ઉઠીને જગત્સ્વામીને ત્રણ પ્રદક્ષિણા કરીને હર્ષના અશ્રુજલવડે ચરણોને પખાળતો હોય તેમ નમે છે, તે પછી આગળ ઊભો રહીને જેમ ચકોરપક્ષી પૂર્ણિમાના ચંદ્રને જુએ, તેમ હર્ષ વડે સ્વામીના મુખકમળને જુએ છે. જોઈને 'મારા વડે આવા પ્રકારનું લિંગ કોઈ ઠેકાણે જોવાયું છે.' એ પ્રમાણે વિચારતાં તે વિવેકરૂપી વૃક્ષના બીજરૂપ જાતિસ્મરણને પામે છે.

તેણે જાતિસ્મરણથી આ પ્રમાણે જાણ્યું કે આ ભગવંત પૂર્વવિદેહમાં વજ્રનાભ ચક્રવર્તી હતા, તે વખતે હું એમનો સારથી હતો. તે ભવમાં સ્વામીના વજ્રસેન નામે પિતા આવા પ્રકારના તીર્થંકરના લિંગને ધારણ કરતા મારા વડે જોવાયા છે, તે વજ્રસેન તીર્થંકરના ચરણકમળમાં તે વજ્રનાભે દીક્ષા ગ્રહણ કરી હતી, મેં પણ એમની પાછળ દીક્ષા લીધી હતી, વજ્રસેન અરિહંતના મુખેથી આ પ્રમાણે મેં સાંભળ્યું હતું કે— 'આ વજ્રનાભ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર થશે.' તેમ

જ આ સ્વામી સાથે સ્વયંપ્રભા આદિના ભવોમાં હું ભમ્યો છું. હમણાં આ સ્વામી મારા પ્રપિતામહ છે. સમસ્ત જગતના પ્રાણીઓને અને મને અનુગ્રહ કરવા માટે પ્રત્યક્ષ મોક્ષની જેમ આવેલા આ સ્વામી આજે મારા વડે પુન્યોદયથી જોવાયા છે.

એ સમયે કોઈક પુરુષે નવા ઇક્ષુરસથી ભરેલા ઘડા હર્ષ વડે કુમારને ભેટ આપ્યા. તે પછી જાતિસ્મરણ વડે જાણી છે શુદ્ધ ભિક્ષાદાનની વિધિ જેણે એવો તે શ્રેયાંસ-કુમાર પ્રભુને કહે છે કે—'હે ભગવંત! આ કલ્પનીય રસને ગ્રહણ કરો.'

પ્રભુ પણ અંજલિ કરીને પાણિપાત્રને ધારણ કરે છે. તે શ્રેયાંસકુમાર ઇક્ષુરસના ઘડા ઉપાડી-ઉપાડીને ભગવંતના કરપાત્રમાં રસ નાંખે છે. ભગવંતના હસ્ત-પાત્રમાં તે ઘણો એવો પણ રસ સમાઈ જાય છે, પરંતુ શ્રેયાંસના હૃદયમાં હર્ષ માતો નથી. તે વખતે સ્વામીની અંજલિમાં આકાશમાં લાગી છે શિખા જેની એવો તે ઈક્ષુરસ જાણે જામી ગયો હોય તેમ સ્તંભિત થયો. 'ખરેખર પ્રભુ અચિંત્ય પ્રભાવવાળા હોય છે.'

તે પછી તે ભગવંતે તે રસ વડે અને સુર-અસુર અને મનુષ્યોના નેત્રોએ ભગવંતના દર્શનરૂપી અમૃતરસ વડે પારણું કર્યું.

તે વખતે શ્રેયાંસના કલ્યાણને પ્રસિદ્ધિ કરનારા વૈતાલિકની જેમ આકાશમાં પ્રતિનાદ વડે વૃદ્ધિ પામેલી

દુંદુભિઓ વાગે છે. આનંદથી ઉત્પન્ન થયેલ લોકોના નેત્રના અશ્રુઓની વૃષ્ટિ સાથે દેવોએ કરેલી રત્નની વૃષ્ટિ શ્રેયાંસના મંદિરમાં થાય છે. સ્વામીના ચરણથી પવિત્ર થયેલી પૃથ્વીને પૂજવા માટે જાણે આકાશમાંથી દેવો પંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિ કરે છે. દેવો વડે પ્રકાશ કરતા વિચિત્ર વાદળામય જાણે આકાશને કરતા હોય એવા ચામર સરખી વસ્ત્રોની વૃષ્ટિ કરાય છે.

આ પ્રમાણે વૈશાખ સુદી ત્રીજને દિવસે તે દાન અક્ષય થયું. તેથી 'અક્ષય તૃતીયા' એ પ્રમાણે પર્વ આજે પણ પ્રવર્તે છે.

આ અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં સમસ્ત વ્યવહારનો માર્ગ જેમ ઋષભ–સ્વામીથી પ્રવર્ત્યો, તેમ પૃથ્વીમાં દાન-ધર્મ શ્રેયાંસકુમારથી પ્રગટ થયો.

હવે સ્વામીના પારણાથી અને દેવોના આગમનથી વિસ્મય પામેલા રાજાઓ અને બીજા નગરલોકો શ્રેયાંસના ઘરે આવ્યા. તે કચ્છ–મહાકચ્છ આદિ ક્ષત્રિય તાપસો સ્વામીના પારણાની વાત સાંભળવાથી અત્યંત હર્ષ પામેલા ત્યાં આવે છે.

રાજાઓ, નગરજનો, અન્ય લોકો અને દેશના લોકો રોમાંચથી પ્રફુલ્લિત દેહવાળા થઈ શ્રેયાંસકુમારને કહે છે કે– હે કુમાર! તમે ધન્ય છો, મનુષ્યોમાં શિરોમણિ છો, જે કારણથી તમારી પાસેથી સ્વામીએ ઈક્ષુરસ ગ્રહણ કર્યો. અમે સર્વસ્વ આપવા છતાં પણ ગ્રહણ ન કર્યું,

તૃણસમાન પણ ન માન્યું, અમારા ઉપર પ્રભુ પ્રસન્ન નથી.

એક વર્ષ સુધી ગ્રામ, આકર, નગર અને અટવીમાં ભ્રમણ કરતાં સ્વામીએ કોઈનું આતિથ્ય ન સ્વીકાર્યું. ભક્તિના બહુમાનવાળા અમને ધિક્કાર હો. વસ્તુ લેવી તો દૂર રહો, પ્રાસાદમાં વિસામો લેવો પણ દૂર રહો, આજ સુધી વાણીધારા પણ સ્વામીએ અમને પ્રસન્ન થઈને આનંદ પમાડ્યો નથી. પુત્રની માફક અનેક વખત લાખો પૂર્વ સુધી જે પ્રભુ અમારા પાલક થઈને હમણાં અપરિચિતની જેમ અમારા ઉપર વર્તે છે.

તે વખતે શ્રેયાંસ તેઓને કહે છે કે–આમ કેમ કહો છો? કારણ કે સ્વામી પૂર્વની જેમ હમણાં પરિગ્રહ–ધારી રાજા નથી. હમણાં સ્વામી સંસારરૂપી આવર્તમાંથી પાછા ફરવા માટે સમસ્ત સાવદ્યની વિરતિ કરી છે જેણે એવા મુનિ છે. જે ભોગની ઇચ્છાવાળા હોય તે સ્નાન, અંગરાગ, નેપથ્ય અને વસ્ત્રો અંગીકાર કરે છે, તેથી વિરક્ત એવા સ્વામીને તેઓ વડે શું? જે કામવિવશ હોય તે માણસ કન્યાઓને ગ્રહણ કરે, કામને જીતનાર એવા પ્રભુને સ્ત્રીઓ અત્યંત પાષાણ સરખી છે; જે પૃથ્વીના રાજ્યને ઇચ્છે, તે હાથી–ઘોડા વગેરેને ગ્રહણ કરે, સંયમ-રૂપી સામ્રાજ્યથી શોભતા સ્વામીને તે બળી ગયેલા વસ્ત્ર જેવા છે. જે હિંસક હોય તે સચિત્ત ફળ આદિને ગ્રહણ કરે, આ સ્વામી તો સમસ્ત પ્રાણીઓને અભય આપનારા છે. આ જગત્પતિ એષણીય, કલ્પનીય અને પ્રાસુક અન્ન

આદિને ગ્રહણ કરે છે, પરંતુ મુગ્ધ એવા તમે તે જાણતા નથી.

તે પછી તેઓ યુવરાજને કહે છે કે–હે યુવરાજ! પહેલાં સ્વામીએ જે કાંઈ શિલ્પ આદિ બતાવ્યું, તે જ લોકો જાણે છે, આ સ્વામીએ બતાવ્યું ન હતું તેથી તે અમે જાણતા નથી, વળી તમે જે કહ્યું તે તમે કોની પાસેથી જાણ્યું? તે અમને કહેવા માટે યોગ્ય છો.

તેથી કુમાર કહે છે કે–હે લોકો! ગ્રંથ જોવાથી બુદ્ધિની જેમ, ભગવંતને જોવાથી મને જાતિસ્મરણ ઉત્પન્ન થયું. આ સ્વામીની સાથે ચાકર જેમ ગ્રામાંતરમાં ભમે તેમ હું દેવલોક અને મનુષ્યના ભવોમાં આઠ જન્માંતર સુધી ભમ્યો છું, આ ભવથી પૂર્વે ત્રીજા ભવમાં પ્રભુના પિતા મહાવિદેહની ભૂમિમાં વજ્રસેન તીર્થંકર હતા, તેમની પાસે આ સ્વામીએ અને તેમની પાછળ મેં પણ દીક્ષા દીધી હતી, તે આ બધું જાતિસ્મરણથી મેં જાણ્યું તેમજ મને, પૂજ્ય પિતાને અને સુબુદ્ધિશ્રેષ્ઠિને એ ત્રણેયને સ્વપ્નોનું ફળ હમણાં પ્રત્યક્ષ થયું. મારા વડે સ્વપ્નમાં જે શ્યામ મેરુ જોવાયો અને ધોવાયો, તેમના વડે તે તપથી ક્ષીણ એવા સ્વામી ઇક્ષુરસના પારણાથી સુશોભિત કરાયા, તેમજ રાજા વડે શત્રુઓ સાથે યુદ્ધ કરતો સુભટ સ્વપ્નમાં જોવાયો, તેથી તે સ્વામીએ મારા વડે કરાવાયેલા પારણાની સહાયથી પરિષહોને જીત્યા, તેમ જ સુબુદ્ધિ-શ્રેષ્ઠીએ સૂર્યમંડલમાંથી પડેલાં હજાર કિરણ જોયાં, તેમજ

તે મારા વડે ત્યાંજ સ્થાપન કરાયા તેથી તે સૂર્ય અત્યંત પ્રકાશ્યો, અહિં એ ભગવંત સૂર્ય, હજાર કિરણ તે કેવલજ્ઞાન, ભ્રષ્ટ થતું તે આજે મારા વડે પારણા વડે જોડાયું. તેથી એ સ્વામી દીપ્તિવાળા થયા.

આ પ્રમાણે સાંભળીને તે સર્વે શ્રેયાંસને 'સારું, સારું' એમ કહેતાં હર્ષિત થઈ પોતપોતાના સ્થાને ગયા.

પારણું કરી સ્વામી શ્રેયાંસના ઘરેથી નીકળીને ત્યાંથી અન્યત્ર વિહાર કરે છે. છદ્મસ્થ તીર્થંકર ખરેખર એક જ સ્થાને રહેતા નથી.

ભગવંતના પારણાના સ્થાનને કોઈપણ ઉલ્લંઘન ન કરે, એમ વિચારીને તે સ્થાનમાં શ્રેયાંસકુમાર રત્નમય પીઠ રચાવે છે. ભક્તિના સમૂહથી નમ્ર શ્રેયાંસકુમાર સાક્ષાત્ પ્રભુના ચરણની પેઠે તે રત્નપીઠને ત્રણે સંધ્યાએ પૂજે છે. લોકોએ 'આ શું?' એમ પૂછવાથી સોમપ્રભના પુત્ર–શ્રેયાંસકુમાર 'આ આદિકર મંડલ' છે, એમ તે લોકોને કહે છે. ત્યારથી જ્યાં જ્યાં પ્રભુ ભિક્ષા ગ્રહણ કરે છે, ત્યાં ત્યાં લોક પીઠ કરે છે, અને તે અનુક્રમે 'આદિત્ય મંડલ' એ પ્રમાણે પ્રસિદ્ધ થયું.

## ઋષભપ્રભુનું બહલી દેશમાં ગમન અને બાહુબલિનું વંદન માટે આગમન

એક વખત વિહાર કરતાં, હાથી જેમ નિકુંજમાં

આવે તેમ સ્વામી બહલીદેશમાં બાહુબલિની તક્ષશિલા નગરીની પાસે આવ્યા.

તે નગરીના બાહ્ય ઉદ્યાનમાં પ્રભુ પ્રતિમા વડે રહ્યા. તે વખતે ઉદ્યાનપાલક જઈને તે વૃત્તાંત બાહુબલિને જણાવે છે. હવે તે જ વખતે બાહુબલિરાજા નગરના આરક્ષકને આદેશ કરે છે કે—નગરની અંદર વિચિત્ર હાટની શ્રેણીની શોભા કરાવો.

તે વખતે નગરમાં પગલે પગલે લટકતા ફૂલના ગુચ્છાથી ચુમ્બિત છે મુસાફરોના મસ્તક જેના વડે એવા કેળના સ્તંભોની તોરણમાળા શોભે છે. ભગવંતના દર્શન માટે આવેલા દેવોના વિમાન હોય એવા દરેક માર્ગે રત્નના ભાજન વડે દેદીપ્યમાન મંચો સ્થાપન કર્યા છે, તેમ જ નગરી પવનની ઉડતી મોટી ધજાઓની શ્રેણીના બહાનાથી જાણે હજારો હાથોથી નાચે છે. ચારે તરફ નવા કેસરના પાણીના છંટકાવથી તરત જ મંગલકારી અંગરાગ કર્યો હોય એવી પૃથ્વી શોભે છે. ભગવંતના દર્શનની ઉત્કંઠારૂપ ચંદ્રના સંગમથી તે વખતે તે નગર કમળના વનખંડની જેમ વિકસિત થાય છે.

પ્રભાતે સ્વામીના દર્શનથી પોતાને અને લોકને હું પવિત્ર કરીશ એમ ઈચ્છતા બાહુબલિને તે રાત્રિ માસ જેવી થાય છે.

જગત્પ્રભુ તે રાત્રિ કાંઈક પૂરી થયે છતે પ્રતિમા પારીને પવનની જેમ કોઈ બીજા સ્થાને ગયા.

પ્રભાતે પ્રભુના દર્શન માટે નીકળતો બાહુબલિરાજા ઘણા સૂર્ય જેવા બાંધેલા મુકુટવાળા મોટા મંડલેશ્વરોવડે ચારે તરફથી પરિવરેલો, ઉપાયના ઘર જેવા, શરીરધારી અર્થશાસ્ત્ર જેવા, બૃહસ્પતિ આદિ સરખા ઘણા શ્રેષ્ઠ મંત્રિઓ વડે પરિવરેલો, ગુપ્ત પાંખવાળા ગરુડ હોય એવા જગતને ઓળંગવા માટે વેગવાળા લાખોની સંખ્યાવાળા અશ્વોથી ચારે તરફથી શોભતો, ઝરણાં સહિત પર્વત હોય એવા મદજળની વૃષ્ટિથી શાંત કરી છે પૃથ્વીની રજ જેણે એવા ઊંચા હાથીઓથી શોભતો, સૂર્યને નહિ જોનારી પાતાળકન્યા જેવી હજારો વસંતશ્રી વગેરે અંતઃપુરની સ્ત્રીઓથી વીંટળાયેલો, રાજહંસ સહિત ગંગા–યમુના વડે પ્રયાગતીર્થની જેમ ચામર સહિત વારાંગનાઓ વડે બન્ને બાજુએ શોભતો, પૂર્ણિમાના ચંદ્ર વડે પર્વતની જેમ અતિમનોહર ઉપર રહેલા શ્વેત છત્ર વડે શોભતો, પ્રતિહાર દેવ વડે દેવેન્દ્રની જેમ સુવર્ણદંડ છે હાથમાં જેને એવા પ્રતિહાર વડે શુદ્ધ કરાતો છે માર્ગ જેનો, લક્ષ્મીદેવીના પુત્ર હોય એવા રત્નાભરણથી ભૂષિત અશ્વારૂઢ એવા અસંખ્ય નગરશેઠોથી અનુસરાતો, યૌવનવાળો સિંહ પર્વતની શિલા પર હોય એવો, સુરેન્દ્ર સરખો તે ભદ્ર ગજરાજના સ્કંધ ઉપર ચઢેલો, ચૂલિકા વડે મેરુપર્વતની જેમ, તરંગરૂપ થયેલા કિરણવાળા રત્નમય મુકુટવડે મસ્તકને વિષે શોભતો, વદનની લક્ષ્મી વડે જીતાયેલા જંબૂદ્વીપના બે ચંદ્ર સેવા કરવા માટે આવ્યા હોય એવા મુક્તામય કુંડળોને ધારણ કરતો, લક્ષ્મીના

મંદિરને વિષે કિલ્લા સરખા, સ્થૂલ મુક્તામણિમય હાર-યષ્ટિને હૃદયમાં ધારણ કરતો, પ્રજારૂપી વૃક્ષના અત્યંત મજબૂત નવીન લતાના વીંટાવારૂપ હાથના મૂળ ભાગમાં જાત્યજાંબૂનદના બાજુબંધને ધારણ કરતો, લાવણ્યરૂપી નદીના તીરે વર્તનારા ફીણ સરખા મણિબંધને વિષે મુક્તામણિમય કંકણોને ધારણ કરતો, સર્પની ફણા સરખા હાથમાં બે મોટા મણિના જેવી કાંતિથી પલ્લવિત કર્યું છે આકાશ જેણે એવી બે વીંટીને ધારણ કરતો, દેહને વિષે ચંદનનું વિલેપન કરવાથી શરીર અને વસ્ત્રનો ભેદ ન દેખી શકાય એવા અંગમાં લાગેલા સૂક્ષ્મ શ્વેત વસ્ત્રવડે શોભતો, પૂર્ણિમાનો ચંદ્ર જેમ ચાંદનીને ધારણ કરે તેમ ગંગાના તરંગના સમૂહની સાથે સ્પર્ધા કરનારની ધાતુમય ભૂમિવડે સેવાયેલા પર્વતની જેમ, વિચિત્ર વર્ણ વડે મનોહર અંતરીય વસ્ત્ર વડે શોભતો, લક્ષ્મીને ખેંચવામાં ક્રીડાશસ્ત્રની જેમ મહાબાહુવાળો તે હાથ વડે અંકુશને ભમાવતો, બંદિવૃંદના જય જય શબ્દ વડે પૂરી દીધા છે દિશાના મુખ જેણે એવો તે સ્વામીના ચરણ વડે પવિત્ર એવા ઉપવનની પાસે આવ્યો.

આકાશમાંથી ગરૂડની જેમ તે બાહુબલિ રાજા હાથીના સ્કંધ ઉપરથી ઉતરીને છત્ર આદિનો ત્યાગ કરીને તે ઉદ્યાનમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરીને તે ઉદ્યાનને ચંદ્રરહિત આકાશની જેમ, સુધારહિત અમૃતકુંડની જેમ સ્વામી રહિત જુએ છે. તેથી પ્રભુના મુખચંદ્રના દર્શન માટે આતુર એવો તે નેત્રને આનંદ આપનારા પૂજ્યપાદ

ભગવંત ક્યાં છે? એ પ્રમાણે સર્વ ઉદ્યાનપાલકોને પૂછે છે.

તેઓ કહે છે કે રાત્રિની જેમ પ્રભુ આગળ કોઈક ઠેકાણે ગયા છે. એ પ્રમાણે જેટલામાં કહેવા માટે અમે આવીએ તેટલામાં દેવ આવ્યા.

## સ્વામીને નહિ જોવાથી બાહુબલિનો પશ્ચાત્તાપ

આ પ્રમાણે સાંભળીને ખેદ પામતો તક્ષશિલાનો અધિપતિ, હાથ ઉપર સ્થાપન કરેલ છે હડપચી જેવો એવો અશ્રુસહિત નેત્રવાળો આ પ્રમાણે વિચારે છે: 'પરિવાર સાથે પ્રભુને પૂજીશ' એ પ્રમાણે મારો મનોરથ હૃદયમાં, ઉખરભૂમિમાં બીજની જેમ ફોગટ થયો. લોકને અનુગ્રહ કરવાની ઇચ્છા વડે લાંબા વખત સુધી વિલંબ કરનાર મને ધિક્કાર થાઓ. પોતાના અર્થના ભ્રંશ વડે આ મૂર્ખતા થઈ. સ્વામીના ચરણકમળને જોવામાં અંતરાય કરનારી આ રાત્રિ વૈરિણી થઈ, તેને ધિક્કાર થાઓ. મને પણ સમયે આવા પ્રકારની બુદ્ધિ થઈ તેને પણ ધિક્કાર થાઓ. જેનાથી સ્વામીને હું જોતો નથી, તે પ્રભાત પણ અપ્રભાત છે, તે સૂર્ય પણ અસૂર્ય છે, તે નેત્રો પણ અનેત્ર છે. આ ઉદ્યાનમાં ત્રિભુવનેશ્વર પ્રતિમા વડે રહ્યા, અને આ બાહુબલિ નિર્લજ્જ એવો પ્રાસાદમાં સુવે છે.

હવે ચિંતાની પરંપરાથી વ્યાકુલ બાહુબલિને જોઈને મંત્રી શોકરૂપી શલ્યને ઉદ્ધાર કરવામાં સમર્થ એવી

વાણી વડે કહે છે કે–'અહીં આવેલા સ્વામીને ન જોયા' એ પ્રમાણે તમે શા માટે શોક કરો છો ? કારણકે તમારા હૃદયમાં તે પ્રભુ હંમેશાં વસેલા જ છે, તેમ જ અહીં વજ્ર–અંકુશ–ચક્ર–કમલ–ધ્વજ અને મત્સ્ય આદિના ચિહ્ન-વાળા સ્વામીના ચરણની સ્થાપના જોવા વડે ભાવથી સ્વામી જોવાયા જ છે.

આ પ્રમાણે મંત્રિનાં વચન સાંભળીને અંતઃપુરના પરિવાર સહિત સુનંદાપુત્ર, સ્વામીના તે ચરણના પ્રતિ-બિંબને ભક્તિ વડે વંદન કરે છે, 'આ ચરણોનું કોઈ ઉલ્લંઘન ન કરો' એમ વિચારીને બુદ્ધિ વડે ત્યાં બાહુબલિ રત્નમય ધર્મચક્ર બનાવે છે. તે આઠ યોજન વિસ્તારવાળું અને એક યોજન ઊંચું, હજાર આરાવાળા સૂર્યનું બીજું બિમ્બ હોય એવું શોભે છે.

બાહુબલિ વડે કરાયેલું તે ધર્મચક્ર અતિશયશાળી ત્રિજગત્પતિના પ્રભાવથી દેવોને પણ દુષ્કર એવું લોક વડે જોવાયું. તે બાહુબલિ રાજા, તે ધર્મચક્રને ચારે બાજુથી લાવેલાં પુષ્પો વડે તેવી રીતે પૂજે છે કે જેથી નગરજનો વડે પુષ્પોનો પર્વત હોય તેમ દેખાય છે, ત્યાં શ્રેષ્ઠ સંગીત નાટક વગેરેથી મોટો અષ્ટાહ્નિકા મહોત્સવ નંદીશ્વરમાં ઇન્દ્રની જેમ તે કરે છે. ત્યાં આરક્ષકો અને પૂજન કરનારાઓને આદેશ કરીને તે બાહુબલિ રાજા ધર્મચક્રને નમસ્કાર કરીને પોતાની નગરીમાં જાય છે.

## ઋષભ સ્વામીને કેવલ જ્ઞાનની ઉત્પત્તિ

ભગવંત પણ પવનની જેમ અપ્રતિબદ્ધ, સ્ખલના રહિત વિવિધ પ્રકારનાં તપમાં રક્ત, વિવિધ અભિગ્રહમાં ઉદ્યત, મૌનવ્રતધારી, યવન-અડંબ-ઈલ્લ આદિ મ્લેચ્છ દેશોમાં અનાર્ય પ્રાણીઓનું દર્શન વડે પણ કલ્યાણ કરતા, ઉપસર્ગો વડે નહિ સ્પર્શ કરાતા, પરિષહોને સહન કરતા, એક હજાર વર્ષ દિવસની લીલા વડે પૃથ્વીમાં વિચરે છે.

વિહારના ક્રમ વડે તે ઋષભધ્વજ ભગવંત અયોધ્યા મહાનગરીના પુરિમતાલ નામના ઉત્તમ શાખાનગરમાં આવે છે. તેની ઉત્તર દિશામાં બીજું નંદનવન હોય એવા શકટમુખ નામના ઉદ્યાનમાં તે પ્રભુ પ્રવેશ કરે છે. ત્યાં ન્યગ્રોધ વૃક્ષની નીચે કર્યો છે અઠ્ઠમ તપ જેણે એવા, પ્રતિમામાં રહેલા તે પ્રભુ અપ્રમત્ત નામના ગુણ સ્થાનમાં પ્રવેશ કરે છે. તે પછી અપૂર્વકરણમાં ચઢેલા પ્રથમ પૃથક્ત્વવિતર્કસવિચાર નામે શુકલધ્યાનને પામે છે, તે પછી અનિવૃત્તિ ગુણસ્થાનમાં બાદર કષાયને ક્ષય પમાડતાં ત્યાંથી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં સૂક્ષ્મ લોભનો ક્ષય કરતાં ક્ષણવારમાં જગદ્‌ગુરુ ક્ષીણકષાયપણાને પામે છે, ક્ષીણમોહ ગુણસ્થાનના ચરમ સમયે બીજા એકત્વવિતર્ક અવિચાર નામે શુકલ ધ્યાનને ક્ષણવારમાં પામે છે, તે ધ્યાનના પ્રભાવે પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ અને પાંચ અંતરાય એ પ્રમાણે બાકી રહેલાં ઘાતિકર્મોનો વિનાશ કરે છે, હવે વ્રતથી એક હજાર વર્ષ ગયે છતે

ફાગણ વદિ એકાદશીને વિષે ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ પામ્યે છતે પ્રભાત કાલે સમસ્ત ત્રણ ભુવનને હાથમાં રહેલાની જેમ પ્રકાશ કરનારું, ત્રણેય કાળના વિષયવાળું કેલવજ્ઞાન પ્રભુને ઉત્પન્ન થાય છે, એ સમયે—

**दिसा पसण्णमावण्णा, वायवो सुहदाइणो ।**
**नारगाणामवि तया, खणं संजायए सुहं ॥**

'દિશાઓ પ્રસન્ન થઈ, વાયુ પણ સુખદાયક હતા, અને તે સમયે ક્ષણવાર નારકોને પણ સુખ થાય છે.'

હવે સ્વામીના કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા માટે તેઓને પ્રેરણા કરવા માટે હોય તેમ બધા ઇંદ્રોના આસનો કંપાયમાન થયા. તે પછી પોત–પોતાના વિમાન-વાસી દેવોને બોલાવવા માટે દૂતીઓની જેમ ઈંદ્રલોકમાં એકદમ મધુર શબ્દવાળી મહાઘંટાઓ વાગે છે.

સ્વામીના ચરણકમળ પાસે જવાની ઇચ્છાવાળા ઈંદ્રની આગળ ઐરાવણ દેવ ચિંતવનમાત્રથી ઉપસ્થિત થાય છે, તે પછી તે સ્વામીના મુખચંદ્રને જોવા માટે જંગમપણાને પામેલો મેરુપર્વત હોય તેમ લાખ યોજન પ્રમાણ દેહ વડે શોભતો, હિમ સરખી શ્વેત અંગપ્રભા વડે ચારે તરફથી ચંદનથી ચર્ચિત હોય તેમ દિશાને વિલેપન કરતો, અતિસુગંધી એવા ગંડસ્થલમાંથી ઝરતા મદજળવડે સ્વર્ગના આંગણાની ભૂમિને કસ્તૂરીના ગુચ્છથી ચિહ્નિત કરતો, પંખાની જેમ ચપલ કર્ણતાલ વડે કપોલતલ ઉપર આવી પડતા ગંધવડે અંધ થયેલ ભ્રમરની પંક્તિને

નિવારણ કરતો, કુંભસ્થળના તેજ વડે પરાભવ કર્યો છે પ્રાતઃકાળના સૂર્યમંડળને જેણે એવો, અનુક્રમે પુષ્ટ અને ગોળ એવી સૂંઢ વડે અનુકરણ કર્યું છે શેષનાગનું જેણે એવો, મધ સરખા નેત્ર અને દાંતવાળો, તામ્રપત્ર સરખા તાલુવાળો, ભંભા સરખા ગોળ મુખ અને ડોકવાળો, વિશાળ છે શરીરનો અંતરાલ ભાગ જેને એવો, ચઢાવેલા ધનુષ્ય સરખા પૃષ્ઠવંશવાળો, ચંદ્રમંડલ સરખા નખ મંડળથી શોભતો, સુગંધી દીર્ઘ શ્વાસવાળો. ચલાયમાન દીર્ઘ છે સૂંઢનો અગ્રભાગ જેને એવો, દીર્ઘ છે ઓષ્ઠ-પલ્લવ, મેહન અને પુચ્છ જેને એવો, ચંદ્ર–સૂર્ય વડે મેરુની જેમ બંને પડખે ઘંટાઓ વડે અંકિત, અને કલ્પવૃક્ષના પુષ્પથી વેષ્ટિત કક્ષાનાડીને ધારણ કરતો તે ઐરાવણ હાથી છે.

તેના સુવર્ણપટ્ટથી અંકિત ભાલવાળા આઠ મુખ આઠ દિશાની લક્ષ્મીની વિલાસભૂમિ જેવા શોભે છે. દરેક મુખમાં તીર્છા વિસ્તારવાળા અને ઊંચા દઢ દાંતો મહાગિરિના દાંતની જેમ શોભે છે, દરેક દાંતમાં દરેક વર્ષધર પર્વતની ઉપર દ્રહ હોય તેમ સ્વાદિષ્ટ નિર્મળ જળવાળી વાવડીઓ છે. દરેક પુષ્કરિણીમાં આઠ કમળો જલદેવીઓએ જળની બહાર કરેલા મુખની જેમ શોભે છે. દરેક કમળમાં આઠ આઠ મોટા પાંદડાં ક્રીડા કરતી દેવાંગનાઓના વિશ્રામ માટે અંતરદ્વીપની જેમ શોભે છે, દરેક પાંદડે જુદા જુદા ચાર પ્રકારના અભિનય સહિત આઠ આઠ નાટક શોભે છે, દરેક નાટકમાં અત્યંત

સ્વાદિષ્ટ રસતરંગની સંપત્તિથી યુક્ત ઝરણાં જેવા બત્રીશ પાત્રો છે.

તે પછી આવા તે ગજરાજ ઉપર કુંભસ્થળના અગ્રભાગથી ઢંકાઈ ગઈ છે નાભિ જેની એવો શક્ર પરિવાર સહિત અગ્ર આસનમાં બેસે છે. પરિવાર સહિત ઇન્દ્ર જેના ઉપર બેઠેલો છે એવો તે હાથી સકલ સૌધર્મકલ્પની જેમ ત્યાંથી ચાલે છે. તે પાલક વિમાનની જેમ અનુક્રમે પોતાના દેહનો સંક્ષેપ કરતો ઋષભ સ્વામીથી પવિત્ર થયેલા તે ઉદ્યાનમાં ક્ષણવારમાં પહોંચે છે. બીજા પણ અચ્યુત આદિ ઇન્દ્રો દેવસમુદાય સાથે 'હું પહેલાં, હું પહેલાં' એમ કરતાં શીઘ્ર ત્યાં આવે છે.

## સમવસરણ

આ તરફ સમવસરણની એક યોજન પ્રમાણ ભૂમિને અભિમાન રહિત વાયુકુમાર દેવો જાતે પ્રમાર્જે છે. મેઘકુમાર દેવો ગંધયુક્ત પાણીની વૃષ્ટિવડે પૃથ્વીને સીંચે છે. તે વખતે આવનારા પ્રભુનું સુગંધી બાષ્પ વડે ધૂપરૂપી અર્ઘ્ય આપવા માટે તૈયાર થઈ હોય એવી ભૂમિ શોભે છે. વ્યંતર દેવો નીકળ્યાં છે કિરણો જેમાંથી એવા સુવર્ણ-માણિક્ય અને રત્નમય પાષાણો વડે ભક્તિથી પોતાને બાંધતા હોય તેમ તે પૃથ્વીતલને બાંધે છે. ત્યાં તે દેવો પૃથ્વીતળમાંથી ઉગ્યા હોય એવા, નીચા મુખવાળા છે ડીંટ જેનાં એવા પાંચ વર્ણના સુગંધી પુષ્પો પાથરે છે તેમજ દિશાઓના કંઠાભરણરૂપ થયેલી કંઠી હોય એવા

ચાર દિશાઓમાં રત્ન–માણિક્ય અને હિરણ્ય વડે તોરણો વિકુર્વે છે.

ત્યાં રહેલી રત્નમય પુતળીઓ, એક બીજાના દેહમાં સંક્રાન્ત થયેલ છે પ્રતિબિંબ જેના એવી સખીઓ વડે આલિંગન કરાયેલી હોય એવી શોભે છે. તેઓમાં સ્નિગ્ધ ઇન્દ્રનીલમણિથી ઘડેલા મગરો તે, નાસી જતા કામદેવે ત્યાગ કરેલા પોતાના ચિહ્નના ભ્રમને આપતા હોય તેમ શોભે છે. ત્યાં શ્વેત છત્રો ભગવંતને કેવળજ્ઞાન થવાથી ઉત્પન્ન થયેલ હર્ષ વડે દિશાઓના હાસ્યની જેમ શોભે છે. ત્યાં ધ્વજો અતિપ્રમોદથી પોતાની મેળે નાચવા ઇચ્છતી ભૂમિદેવીની ઊંચી કરેલી ભુજાઓની જેમ શોભે છે. તે તોરણોની નીચે બલિપટ્ટને વિષે હોય એવા સ્વસ્તિક વગેરે આઠ મંગળનાં ચિહ્નો શોભે છે.

તે સમવસરણમાં વૈમાનિક દેવો રત્નગિરિમાંથી લાવેલ, મેખલાની જેવા, ઉપરના પ્રથમ રત્નમય ગઢને બનાવે છે, અને તેની ઉપર જુદા જુદા પ્રકારના મણિમય કાંગરા, કિરણો વડે આકાશને ચિત્રવર્ણમય વસ્ત્રને કરતા હોય તેમ શોભે છે.

જ્યોતિષ્કદેવો ત્યાં મધ્યભાગમાં પિંડરૂપે થયેલા દેહના તેજની જેમ સુવર્ણ વડે બીજા ગઢને કરે છે, અને તેની ઉપર સુર–અસુરની વધૂઓના મુખ જોવા માટે રત્નના દર્પણ હોય એવા રત્ન વડે કાંગરા બનાવે છે.

બાહ્યભાગમાં ભવનપતિ દેવોએ ભક્તિ વડે રૂપાનો

ત્રીજો ગઢ, ગોળાકારે થયેલા વૈતાઢ્ય પર્વતની જેવો બનાવ્યો. તેની ઉપર સુવર્ણમય વિશાળ કાંગરાઓ, દેવોની વાવડીઓમાં સુવર્ણમય કમળની જેમ શોભે છે.

ત્રણ ગઢમય તે સમવસરણની ભૂમિ ભવનપતિ–જ્યોતિષી–અને વૈમાનિકદેવની લક્ષ્મીના એક એક કુંડળ સરખી શોભે છે.

ત્યાં પતાકાઓના સમૂહથી શોભતા માણિક્યના તોરણો, કિરણના સમૂહ વડે બીજા પતાકાઓને બનાવતા હોય એવા શોભે છે. દરેક ગઢમાં ચાર–ચાર દરવાજા જાણે ચાર પ્રકારના ધર્મના ક્રીડા–વાતાયન હોય એવા શોભે છે. દરેક દરવાજે વ્યંતરદેવોએ ઇન્દ્રનીલમણિના સ્તંભ સરખી ધૂમ્રલતાને વિસ્તારતી ધૂપઘટીઓ મૂકી. તેમ જ તેમણે દરેક દરવાજે ચાર દરવાજાને ધારણ કરતા સમવસરણના ગઢની જેમ ચાર દરવાજાવાળી સુવર્ણકમળ-વાળી વાવો વિકુર્વી. બીજા ગઢની મધ્યમાં ઇશાનખૂણામાં સ્વામીના વીસામા માટે તે દેવો દેવચ્છંદો રચે છે.

ત્યાં પ્રથમ ગઢના પૂર્વદ્વારને વિષે બંને પડખે બે સુવર્ણસમાન વર્ણવાળા વૈમાનિક દેવો દ્વારપાળ તરીકે ઊભા રહે છે. તેના જ દક્ષિણ દ્વારને વિષે બંને પડખે બે શ્વેતવર્ણવાળા વ્યંતર દેવો એક–બીજાના પ્રતિબિંબ હોય એવા દ્વારપાળ તરીકે ઊભા રહે છે. તેના જ પશ્ચિમ દ્વારને વિષે બન્ને પડખે બે રક્તવર્ણવાળા જ્યોતિષ્ક દેવો સંધ્યાને વિષે સૂર્ય–ચંદ્ર હોય તેમ દ્વારપાળ તરીકે ઊભા

રહે છે. તેના જ ઉત્તર દ્વારના બન્ને પડખે બે કૃષ્ણ વર્ણવાળા ભવનપતિ દેવો મેઘની જેમ દ્વારપાળ તરીકે ઊભા રહે છે.

બીજા ગઢમાં પૂર્વના ક્રમ વડે ચારેય દરવાજે અભય –પાશ–અંકુશ અને મદ્દગર છે હાથમાં જેને એવા અનુક્રમે ચંદ્રકાંત-શોણમણિ-સુવર્ણ અને નીલમણિ સરખી કાંતિવાળી જયા વિજયા અજિતા અને અપરાજિતા દેવીઓ ઊભી રહે છે.

છેલ્લા ગઢમાં દરેક દ્વારે તુંબરૂ, ખટ્વાંગધર, નર-શિરમાલાધર અને જટામુકુટમંડિત એ પ્રમાણે ચાર દેવો પ્રતિહાર તરીકે ઊભા રહે છે.

સમવસરણના મધ્યભાગમાં વ્યંતરદેવો ત્રણ રત્નના ઉદયને બતાવતું હોય, એવા ત્રણ કોશ ઉંચા ચૈત્યવૃક્ષને વિકુર્વે છે અને તેની નીચે વિવિધ રત્નો વડે પીઠ રચે છે, તે પીઠની ઉપર અપ્રતિમ મણિમય છંદક (વેદીના આકારનું આસન વિશેષ) રચે છે, તેના મધ્યભાગમાં પાદપીઠિકા સહિત સર્વ લક્ષ્મીના સાર જેવું રત્ન સિંહા-સન રચે છે. તે સિંહાસનની ઉપર સ્વામીના ત્રણ જગતના પ્રભુત્વને સૂચવનારું ચિહ્ન હોય એવા નિર્મળ ત્રણ છત્ર તેઓ વિકુર્વે છે. તે સિંહાસનના બંને પડખે બે યક્ષો હૃદયમાં ન સમાવાથી બહાર નીકળતા સ્વામીની ભક્તિનો સમૂહ જાણે હોય એવા બે ચામરોને ધારણ કરે છે.

તે પછી સમવસરણના દ્વારને વિષે અતિઅદ્ભુત

પ્રભાથી પ્રકાશતા, સુવર્ણકમળ ઉપર રહેલા ધર્મચક્રને વિકૂર્વે છે. ત્યાં બીજું પણ જે તે સર્વ વ્યંતરદેવો કરે છે. કારણ કે સાધારણ સમવસરણમાં તે દેવો અધિકારી છે.

હવે પ્રભાતકાલે ચારે પ્રકારના ક્રોડો દેવો વડે પરિવરેલા ભગવાન સમવસરણમાં જવા માટે ચાલે છે. ત્યારે દેવો હજાર પાંદડાવાળા સુવર્ણમય નવકમળ રચે છે, અને રચીને સ્વામીની આગળ સ્થાપે છે, પ્રભુ તેઓ-માંના બબ્બે સુવર્ણકમળ ઉપર પદન્યાસ કરે છે. દેવો બાકીના કમળોને જલદી જલદી આગળ સંચાર કરે છે, એ પ્રમાણે ચાલતા સ્વામી પૂર્વદ્વારેથી સમવસરણમાં પ્રવેશ કરે છે, તે પછી જગતના નાથ ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરે છે. 'नमो तित्थस्स' (= તીર્થને નમસ્કાર થાઓ) એ પ્રમાણે કહીને જગતના મોહરૂપ અંધકારનો નાશ કરવા માટે, સૂર્ય જેમ પૂર્વાચલમાં ચઢે તેમ પૂર્વ દિશા તરફ મુખ-વાળા પ્રભુ સિંહાસન ઉપર ચઢે છે. તે વખતે બીજી ત્રણ દિશામાં વ્યંતર દેવો રત્નો સિંહાસન ઉપર રહેલા ત્રણ ભગવંતના પ્રતિબિંબો કરે છે. તે દેવો પ્રભુના અંગુઠાનું સરખું રૂપ પણ કરવા માટે સમર્થ નથી, પરંતુ તે પ્રતિબિંબો સ્વામીના પ્રભાવથી પ્રભુનારૂપ સરખા થાય છે.

તે વખતે પ્રભુના મસ્તકના પાછલા ભાગમાં પ્રકાશ-મય ભામંડલ પ્રકટ થાય છે. જેની આગળ સૂર્યનું મંડલ ખદ્યોત (ખજુઆ) જેવું લાગે. આકાશમાં પ્રતિશબ્દ (પડઘા) વડે ચારેય દિશાઓને અત્યંત વાચાળ કરતો મેઘની જેવો ગંભીર દુંદુભિ અવાજ કરે છે. 'ધર્મમાં આ ભગવાન

એક જ સ્વામી છે' એ પ્રમાણે જાણે હાથ ઉંચો કરી કહેતો હોય એવો રત્નમય ધ્વજ પ્રભુની આગળ વિરાજે છે.

હવે વૈમાનિક દેવીઓ સમવસરણમાં પૂર્વ દ્વારેથી પ્રવેશ કરીને ત્રણ પ્રદક્ષિણા કરીને તીર્થનાથને અને તીર્થને નમસ્કાર કરીને પ્રથમ ગઢમાં સાધુ અને સાધ્વીઓના સ્થાનને મૂકીને તે પછી અગ્નિકોણમાં ઉભી રહે છે, ભવનપતિ–જ્યોતિષ્ક અને વ્યંતરની દેવીઓ દક્ષિણદ્વારેથી પ્રવેશ કરીને તે જ વિધિથી અનુક્રમે નૈઋત કોણમાં ઉભી રહે છે. ભવનપતિ–જ્યોતિષ્ક અને વ્યંતરદેવો પશ્ચિમ-દ્વારેથી પ્રવેશ કરીને પૂર્વની વિધિથી વાયવ્ય દિશામાં રહે છે. વૈમાનિક દેવો, પુરુષો અને સ્ત્રીઓ ઉત્તર દિશાના દ્વારેથી પ્રવેશ કરીને તે જ વિધિવડે ઈશાનકોણમાં રહે છે.

તે સમવસરણમાં પહેલા આવેલ અલ્પ ઋદ્ધિવાળો પછી આવનાર મહર્ધિકને નમે છે, અને તે મહર્ધિક પણ પૂર્વે આવેલા અલ્પ ઋદ્ધિવાળાને સાધર્મિક પણાથી નમસ્કાર કરતો જાય છે.

તે સમવસરણમાં કોઈને નિયંત્રણ (=બંધન) હોતું નથી. વિકથા હોતી નથી, વિરોધીઓને પણ પરસ્પર માત્સર્ય (ઈર્ષ્યા) હોતું નથી. અને ભય હોતો નથી.

બીજા ગઢની અંદર તિર્યંચો રહે છે. ત્રીજા ગઢની અંદર વાહનો હોય છે. ત્રીજા ગઢના બહારના ભાગમાં

તિર્યંચ-મનુષ્ય અને દેવો કેટલાક પ્રવેશ કરતા અને કેટલાક નીકળતા હોય છે.

### ઇંદ્રે કરેલી ઋષભજિનની સ્તુતિ

**अह सोहम्मकप्पिंदो, नमंसित्ता कयंजली।**
**रोमंचिओ जगन्नाहं, इअ थोउं पयट्टइ ॥**

હવે સૌધર્મકલ્પનો ઇંદ્ર, નમસ્કાર કરી બે હાથ જોડી, રોમાંચિત થયેલો તે, જગન્નાથની આ પ્રમાણે સ્તુતિ કરે છે :—

હે સ્વામી! બુદ્ધિહીન એવો હું ક્યાં? અને ગુણના પર્વત એવા તમે ક્યાં? તો પણ તમારી ભક્તિ વડે વાચાલ કરાયેલો હું તમારી સ્તુતિ કરીશ.

અનંત દર્શન-જ્ઞાન-વીર્ય અને આનંદરૂપ રત્નો વડે રત્નાકર જેવા હે જગત્પતિ! આ લોકમાં તમે એક જ વિરાજો છો. હે દેવ! આ ભરતક્ષેત્રમાં લાંબાકાળથી સર્વથા નષ્ટ થયેલ ધર્મની ઉત્પત્તિ માટે વૃક્ષના અદ્વિતીય બીજ જેવા તમે જ છો. ત્યાં દેવલોકમાં રહેલા અનુત્તર દેવોના સંદેહને તમે અહિં રહ્યા છતાં છેદો છો-દૂર કરો છો. તમારા પ્રભાવની કોઈ મર્યાદા નથી. મહાઋદ્ધિ અને કાંતિથી પ્રકાશતા સર્વ દેવોનો દેવલોકની ભૂમિમાં જે નિવાસ છે, તે તમારી ભક્તિના અંશનું જ ફળ છે.

હે દેવ! તમારી ભક્તિથી વિહીન જીવોના મોટાં

એવાં પણ તપો મૂર્ખાઓના ગ્રંથના અધ્યયનની જેમ ફક્ત દુઃખને માટે જ થાય છે.

જે તમારી સ્તુતિ કરે છે અને જે તમને ધિક્કારે છે, તે બંને ઉપર તમે સમાન જ છો, પરંતુ તેઓનું જે ભિન્ન શુભ અને અશુભ ફળ છે, તે જ અમોને આશ્ચર્ય પમાડે છે.

સ્વર્ગની લક્ષ્મીથી પણ મને આનંદ નથી, તેથી હે નાથ! તમારી પાસે આ પ્રાર્થના કરું છું કે—'હે ભગવંત! તમારા ઉપર મારી અક્ષય ઘણી ભક્તિ હો.' આ પ્રમાણે સ્તુતિ કરીને, નમસ્કાર કરીને, બે હાથ જોડી ઈંદ્ર સ્ત્રી–પુરુષ–રાજા અને દેવોની આગળ બેસે છે.

## મરુદેવાનો વિલાપ

આ તરફ વિનીતા નગરીમાં વિનીત એવા ભરતેશ્વર રાજા પ્રભાતકાલે મરુદેવા માતાને નમસ્કાર કરવા માટે આવે છે.

પુત્રના વિરહથી ઉત્પન્ન થયેલ નિરંતર આંસુના પાણી વડે ઉત્પન્ન થયેલા નીલિકા (=છારી–આંખનો એક જાતનો રોગ) વડે વિલુપ્ત થયાં છે નેત્રકમળ જેનાં એવા પિતામહીને 'હે દેવી! આ તમારો જ્યેષ્ઠ પૌત્ર તમારા ચરણકમળને જાતે નમસ્કાર કરે છે' એ પ્રમાણે જણાવતો ભરત નમે છે.

મરુદેવા સ્વામિની પણ ભરતને આશીષ આપે છે. તે પછી હૃદયમાં નહિ સમાતા શોકની જેમ આ પ્રમાણે વાણી બોલે છે—'હે પૌત્ર! ભરત! તે વખતે મારો પુત્ર વૃષભ મને, તને, પૃથ્વીને, પ્રજાને અને લક્ષ્મીને તૃણની જેમ ત્યજીને એકાકી ગયો. અહો! દુઃખ પૂર્વક મરણવાળી મરુદેવા મરતી નથી. મારા પુત્રના મસ્તક ઉપર ચંદ્રાતપની છાયાવાળું છત્ર ક્યાં? અને સર્વાંગે સંતાપ કરનાર સૂર્યનો આપત ક્યાં? ક્રીડાપૂર્વકની ગતિવાળા હાથી વગેરે વાહનો વડે તે ગમન ક્યાં? હમણાં વત્સનું મુસાફરને ઉચિત પાદચારીપણું ક્યાં? મારા પુત્રને વારાંગનાઓએ વીંજેલા સુંદર ચામરનું વીંજવું ક્યાં? અને હમણાં ડાંસ–મચ્છર આદિ વડે ઉપદ્રવ ક્યાં! મારા પુત્રનું તે દેવોએ લાવેલા દિવ્ય આહારનું ભોજન ક્યાં? અને હમણાં તેનું ભિક્ષાભોજન પણ ક્યાં? મારા મહાઋદ્ધિવાળા પુત્રનું રત્ન–સિંહાસનના મધ્ય ભાગમાં તે આસન ક્યાં? હમણાં ગેંડાની જેમ એનું આસનરહિતપણું ક્યાં? આરક્ષકો અને આત્મરક્ષકોથી રક્ષિત નગરમાં પુત્રની સ્થિતિ ક્યાં અને હમણાં સિંહ આદિ શિકારી પશુઓના સમૂહથી ભયંકર વનમાં નિવાસ ક્યાં? મારા પુત્રનું કર્ણામૃતરસાયણ સરખું તે દિવ્યાંગનાઓનું સંગીત ક્યાં? અને કર્ણમાં સૂચિ સરખા ઉન્મત્ત શિયાળના ફેત્કાર શબ્દ ક્યાં?

**अहो कट्ठं अहो कट्ठं, जं मे पुत्तो तवच्चए ।**
**पोम्मखंडुव्व मउओ, सहए जलुवद्दवं ॥**

અહો કષ્ટ છે, કષ્ટ છે કે મારો પુત્ર વર્ષાકાળમાં કમળખંડની જેવો કોમળ, જળના ઉપદ્રવને સહન કરે છે.

**सीयाले हिम–संपाय–किलेस–विवसं दसं ।**
**अरण्णे मालई–थंबो, इव जाइ निरंतरं ॥**

શિયાળામાં હિમ પડવાથી ક્લેશને આધીન એવી દશાને, અરણ્યમાં માલતીના સ્તંભની જેમ નિરંતર પામે છે.

**उण्हकाले णयंडेहिं, किरणेहिं च भाणुणो ।**
**संतावं चाणुहवइ, थंबेरमो इवाहिगं ॥**

ઉનાળામાં સૂર્યનાં પ્રચંડ કિરણો વડે હાથીની જેમ અધિક સંતાપને અનુભવે છે.

**ता एवं सव्वकालेसु वणेवासी निरासओ ।**
**तुच्छजणोव्व एगागी, वच्छो मे दुक्खभायणं ॥**

તેથી આ પ્રમાણે સર્વ કાલમાં વનમાં રહેનાર આશ્રય વગરના તુચ્છ માણસની માફક એકલો મારો પુત્ર દુઃખનું ભાજન છે.

આ પ્રમાણે તે તે દુઃખથી આકુલ એવા પુત્રને નેત્રની આગળ જાણે જોતી હોય એવી, તારી આગળ પણ આ પ્રમાણે બોલતી, હું તને પણ દુઃખી કરું છું.' આ પ્રમાણે બોલતી દુઃખથી વ્યાકુળ મરુદેવી દેવીને બે હાથ જોડીને ભરત અમૃત સરખી વાણી વડે કહે છે.

'હે દેવી ! સ્થિરતાના પર્વત સરખા, વજ્ર સરખા પરાક્રમ-વાળા, મહાસત્ત્વશિરોમણિ એવા પિતાની માતા થઈને આ પ્રમાણે કેમ ખેદ કરો છો ? પિતા એકદમ સંસાર-સમુદ્રને તરવા માટે તૈયાર થયેલા, કંઠે બાંધેલ શિલા સરખા આપણો આ સ્થાનમાં પ્રભુએ ત્યાગ કર્યો.

વનમાં વિચરતા પ્રભુના પ્રભાવથી શિકારી પશુઓ પણ પથ્થરથી ઘડેલાની જેમ ઉપદ્રવ કરવા માટે સમર્થ નથી.

ક્ષુધા–પિપાસા આદિ જે દુસ્સહ પરિષહો છે, તે પણ કર્મરૂપી શત્રુનો નાશ કરવામાં ખરેખર પિતાને સહાય કરનારા જ છે. મારા વચનમાં તમને વિશ્વાસ નથી તો પિતાના જલ્દી થનારા કેવલજ્ઞાનના મહોત્સવની વાતથી તમને વિશ્વાસ થશે.'

## ભરતરાજાની આગળ સ્વામીના કેવલજ્ઞાનની ઉત્પત્તિ અને ચક્રરત્નની ઉત્પત્તિનું એકી સાથે નિવેદન

આ વખતે દ્વારપાલ વડે જણાવાયેલા યમક અને શમક નામના બે પુરુષો રાજાની આગળ આવ્યા. તેમાંનો યમક પ્રણામ કરીને ભરતરાજાને નિવેદન કરે છે કે 'હે દેવ ! પુરિમતાલનગરમાં શકટમુખ ઉદ્યાનમાં પૂજ્ય શ્રી યુગાદિનાથ પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. આ કલ્યાણવાર્તા વડે આજે પુણ્યોદય વડે તમે વૃદ્ધિ પામો.'

શમક પણ નમસ્કાર કરીને ઉચ્ચ સ્વરે જણાવે છે.

કે, 'હે દેવ! હમણાં આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું છે.'

આ પ્રમાણે સાંભળીને રાજા 'આ તરફ ઉત્પન્ન થયું છે કેવલજ્ઞાન જેને એવા પિતા છે, અને આ તરફ ચક્રરત્ન ઉત્પન્ન થયું છે, પ્રથમ હું કોની પૂજા કરું?' એ પ્રમાણે ક્ષણવાર વિચારે છે. તે પછી 'સર્વજીવને અભય આપનાર પિતા ક્યાં? અને જીવોનો ઘાત કરનાર ચક્ર ક્યાં?' એ પ્રમાણે વિચારીને સ્વામીની પૂજા માટે તે પોતાના માણસોને આદેશ કરે છે.

### મરુદેવા સાથે ભરતનું સ્વામીના વંદન માટે આગમન

હવે ભરત તેઓને યથોચિત પુષ્કળ ઇનામ આપીને તેઓને વિસર્જન કરીને મરુદેવીને કહે છે કે— 'હે દેવી! તમે હંમેશાં કરુણ અક્ષરે આ કહેતાં હતાં કે— 'જે મારો પુત્ર એકલો ભિક્ષાના આહારવાળો દુઃખ-ભાજન છે' હવે ત્રણેય લોકના સ્વામીપણાને ભોગવનારા તે પોતાના પુત્રની સમૃદ્ધિ જુઓ.' એ પ્રમાણે કહીને તે મરુદેવીને ઉત્તમ હાથી ઉપર બેસાડે છે. તે પછી મૂર્તિમંત લક્ષ્મીવાળા સુવર્ણ-વજ્ર અને માણિક્યનાં ભૂષણોથી વિભૂષિત એવા અશ્વ-હાથી, પાયદળ અને રથો સાથે તે ચાલે છે. ભૂષણોની કાંતિના સમૂહથી કર્યું છે જંગમ તોરણ જેણે એવાં સૈન્યો સાથે ચાલતો ભરત રાજા દૂરથી રત્નમય ધ્વજને આગળ જુએ છે.

હવે ભરત મરુદેવાને કહે છે કે-હે દેવી! દેવો વડે

રચાયેલા આ સમવસરણને આગળ જુઓ. પિતાના ચરણ-કમળની સેવારૂપ મહોત્સવના કારણે આવેલા દેવોનો આ જય જય શબ્દનો ઘોંઘાટ સંભળાય છે. હે માતા! પ્રભુના વૈતાલિકની જેમ ગંભીર અને મધુર ધ્વનિને કરતી આ દિવ્ય દુંદુભિ હૃદયમાં આનંદ ઉત્પન્ન કરે છે. સ્વામીના ચરણકમળને વાંદવા માટે આવેલા દેવોનાં વિમાનોમાંથી ઉત્પન્ન થયેલ આ ઘુઘરીઓનો અવાજ કર્ણગોચર થાય છે. પ્રભુના દર્શનથી હર્ષ પામેલા દેવસમુદાયનો મેઘની ગર્જના જેવો સિંહનાદ આકાશમાં સંભળાય છે. ગંધર્વોના ગ્રામ-રાગથી પવિત્ર થયેલી આ ગીતિ સ્વામીની દેશનાની દાસીની જેમ અમારા હર્ષને આજે પુષ્ટ કરે છે.

## મરુદેવીનો મોક્ષ

તે પછી આ પ્રમાણે સાંભળતા મરુદેવીના હર્ષના આંસુના જળપ્રવાહ વડે નેત્રોના પંકના જેવી નીલિકા (છારી) ઓગળી ગઈ (= દૂર થઈ) તે પુત્રની અતિશયથી યુક્ત એવી તીર્થંકરપણાની લક્ષ્મીને જુએ છે. જોઈને તેના દર્શનથી ઉત્પન્ન થયો છે આનંદ જેને એવા તે તન્મયપણાને પામ્યા, તે જ ક્ષણે અપૂર્વકરણના ક્રમ વડે ક્ષપકશ્રેણી ઉપર ચઢીને કર્મોનો એકી સાથે ક્ષય કરી કેવળજ્ઞાન પામે છે. હાથીના સ્કંધ ઉપર ચઢેલા મરુદેવા સ્વામિની અંતકૃત્‌કેવલીપણે શિવ–અચલ–અરુજ–અનંત–અક્ષય–અવ્યાબાધ સિદ્ધિગતિ નામના સ્થાનને પામે છે, આ અવસર્પિણીમાં આ મરુદેવા પ્રથમ સિદ્ધ થયા. તેથી

દેવો તેમના દેહનો સત્કાર કરીને ક્ષીરસમુદ્રમાં નાંખે છે. ત્યારથી માંડીને લોકમાં મૃતકનું પૂજન પ્રવર્ત્યું. 'મોટા જે કરે છે, તે આચરણા માટે સમર્થ થાય છે.'

તે પછી તેમની મોક્ષપ્રાપ્તિને જાણીને ભરતરાજા વાદળની છાયાવાળા સૂર્યના તાપ વડે શરત્કાળની જેમ હર્ષ અને શોક વડે એકી સાથે વ્યાપ્ત થાય છે. તે પછી તે પરિવારસહિત પગે ચાલતો, રાજચિહ્નોનો ત્યાગ કરી, ઉત્તર દ્વારેથી સમવસરણમાં પ્રવેશ કરે છે, તે વખતે ભરતરાજાએ ચાર દેવનિકાયથી પરિવરેલા, નેત્રરૂપી ચકોરને આનંદ પમાડવામાં ચંદ્ર જેવા સ્વામીને જોયા. ત્રણ વાર પ્રદક્ષિણા કરીને ભગવંતને પ્રણામ કરીને મસ્તકે બે હાથ જોડી ભરતચક્રી આ પ્રમાણે સ્તુતિ કરે છે.

## ભરતરાજાએ કરેલી જિનસ્તુતિ

**जयाहिलजगन्नाह ! जय विस्साऽभयप्पय ! ।**
**जय पढमतित्थेस ! जय संसारतारण ! ॥**

હે સમસ્ત જગત્‌ના નાથ ! તમે જય પામો, હે વિશ્વને અભય આપનાર ! તમે જય પામો, હે પ્રથમ તીર્થપતિ ! તમે જય પામો, હે સંસારને તારનારા ! તમે જય પામો.

આજે અવસર્પિણીનો લોકરૂપી પદ્માકરને વિકસિત કરવામાં સૂર્ય સમાન ! હે પ્રભુ ! તમને જોવાથી મારો મોહ નાશ પામવાથી આજે મારે પ્રભાત થયું. હે કરૂણાના

ક્ષીરસમુદ્ર ! હે નાથ ! જેઓ તમારા શાસનરૂપી મહારથમાં ચઢે છે, તેઓને લોકાગ્રપદ–મોક્ષ દૂર નથી.

હે દેવ ! જ્યાં નિષ્કારણ જગદ્બંધુ એવા તમે પ્રત્યક્ષ દેખાઓ છો, તેથી લોકાગ્રસ્થાન (મોક્ષ) કરતાં પણ અમે સંસારને પ્રધાન માનીએ છીએ.

હે નાથ ! ભવ્ય પ્રાણીઓના ચિત્તરૂપી જળને નિર્મળ કરવામાં કતકચૂર્ણ સરખી તમારી વાણી જય પામો, હે સ્વામી ! આપના દર્શનથી મહાઆનંદરસને ઝરતા નેત્રવાળા લોકો વડે સંસારમાં પણ મોક્ષસુખનો આસ્વાદ અનુભવાય છે.

હે પ્રભુ ! રાગ–દ્વેષ–કષાય વગેરે શત્રુઓ વડે રુંધાયેલું આ જગત્ અભયદાનરૂપી દાનથી શોભતા તમારા વડે કર્મબંધનથી છોડાવાય છે, હે નાથ ! વિવિધ પ્રકારના અવસ્કંદ (= છાપો મારવો), સંગ્રામથી હણી છે ગામની ભૂમિ જેણે એવા આ રાજાઓ મિત્રપણું પામીને આ તમારી પર્ષદામાં ઊભા છે. તમારી પર્ષદામાં આવેલો આ હાથી સુંઢ વડે સિંહના હાથને ખેંચીને ગંડસ્થળને વારંવાર ખણે છે. આ તરફ આ મહિષ (પાડો) મહિષની જેમ વારંવાર સ્નેહથી જીભ વડે હેષારવ કરતા અશ્વને પ્રમાર્જે છે. આ બાજુ આ હરણ, ક્રીડાથી ચપળ પૂંછડાવાળો, ઊંચા કાનવાળો, ઉન્નત મુખવાળો નાક વડે વાઘના મુખને સુંઘે છે. આ યુવાન બિલાડો બન્ને પડખે આગળ પાછળ ગમન કરતા મૂષક (ઉંદર)ને પોતાના બાળકની

જેમ આશ્લેષ કરે છે. આ નિર્ભય સર્પ દેહને ગોળ (કુંડાળાવાળો) કરીને નકુળની પાસે મિત્રની જેમ બેસે છે. હે દેવ ! બીજા પણ જે કોઈ જાતિ–વૈરવાળા જીવો છે, તે વૈરરહિત થઈને અહીં રહેલા છે. આ આપનો ખરેખર અસમ પ્રભાવ છે.

આ પ્રમાણે પરમાત્માની સ્તુતિ કરીને ખસીને અનુક્રમે ભરતરાજા સુરપતિ–ઈંદ્રની પાછળ બેસે છે.

આ યોજનમાત્ર ક્ષેત્રમાં કોડાકોડ પ્રાણીઓ તીર્થ-નાથના પ્રભાવથી બાધારહિતપણે સમાઈ જાય છે.

ઋષભદેવ પ્રભુ સર્વભાષાને સ્પર્શનારી યોજન ગામિની વાણીવડે પાંત્રીશ અતિશયથી યુક્ત દેશના આપે છે.

## શ્રી ઋષભજિનની દેશના અને સંસારનું સ્વરૂપ

**आहि–वाहि–जरा–मच्चु–जाला–सय–समाउलो ।**
**पलित्तागारकप्पोऽयं संसारो सव्वदेहिणो ॥**

સર્વ પ્રાણીઓને આધિ–વ્યાધિ–જરા–અને મૃત્યુ-રૂપી સેંકડો જ્વાલાઓથી યુક્ત એવો આ સંસાર સળ-ગેલા ઘર જેવો છે.

તેથી વિદ્વાનોએ અહીં જરા પણ પ્રમાદ કરવો યોગ્ય નથી. રાત્રિમાં ઓળંગી શકાય એવી મરુભૂમિમાં બાળક પણ કોણ પ્રમાદ કરે ?

અહીં અનેક યોનિરૂપી ભયંકર આવર્તોથી વ્યાપ્ત એવા સંસારસમુદ્રમાં ભ્રમણ કરતાં મનુષ્યોને મહારત્નની જેમ ઉત્તમ મનુષ્યજન્મ અત્યંત દુર્લભ છે. દોહદ વડે વૃક્ષની જેમ પ્રાણીઓને મનુષ્યપણું પણ પરલોકની સાધના વડે જ નિશ્ચે સફળ થાય છે.

**आवाय-मेत्त-महुरा, परिणामेऽइदारुणा ।**
**सढवाया इवाच्चंतं विसया वीस-वंचगा ॥**

શરૂઆતમાં માત્ર મધુરા, પરિણામે અતિભયંકર લુચ્ચા માણસની વાણીની જેમ અત્યંત જગતને ઠગનારા વિષયો છે.

સંસારની અંદર વર્તનારા સર્વ પદાર્થોના સંયોગો, ઊંચે ચઢવું તે જેમ પડવાના અંતવાળું છે તેમ, વિયોગના અંતવાળા છે. આ સંસારમાં પ્રાણીઓનું આયુષ્ય અને યૌવન એકબીજાની સ્પર્ધા વડે જલ્દી ગમન કરનારા છે, આ સંસારની ચારે ય ગતિઓમાં મારવાડમાં જવાની જેમ ક્યારેય સુખનો લેશ પણ નથી, તે આ પ્રમાણે—

ક્ષેત્રના દોષથી, પરમાધામી દેવો વડે અને પરસ્પર સંક્લેશ પામનારા નારકીના જીવોને ક્યાંથી સુખ હોય? શીત-વાત-આતપ-અને જળ વડે, વધ-બંધન અને ક્ષુધા આદિ વડે વિવિધ પ્રકારે પીડા પામનારા તિર્યંચોને પણ શું સુખ છે? ગર્ભવાસ-જન્મ-વ્યાધિ-જરા-દારિદ્ર અને મૃત્યુથી ઉત્પન્ન થયેલ દુઃખોથી વ્યાપ્ત મનુષ્યોને

ક્યાંથી સુખ હોય ? પરસ્પર મત્સર (=ઇર્ષ્યા), અમર્ષ (=અસહિષ્ણુતા), કલહ અને ચ્યવનથી ઉત્પન્ન થતાં દુઃખો વડે દેવોને પણ ક્યારેય સુખનો લેશ નથી. તો પણ પોતાની સન્મુખ આવતા પાણીની જેમ અજ્ઞાનથી પ્રાણીઓ વારંવાર સંસાર સન્મુખ ચાલે છે. તેથી હે સચેતન ભવ્યો ! પોતાને આ જન્મ વડે દૂધ વડે સર્પની જેમ ન પોષો. તે હે વિવેકવંત લોકો ! સંસારના નિવાસથી ઉત્પન્ન થતા અનેક પ્રકારના દુઃખનો વિચાર કરીને સર્વ પ્રયત્નથી મોક્ષ માટે પ્રયત્ન કરો. નરકના દુઃખ સરખું ગર્ભાવાસથી ઉત્પન્ન થયેલ દુઃખ જેમ સંસારમાં છે, તેમ જીવોને મોક્ષમાં તેવા પ્રકારનું દુઃખ નથી. ઘડીમાંથી ખેંચાતા નારકની પીડા સરખી પ્રસવથી ઉત્પન્ન થતી વેદના પણ ક્યારેય મોક્ષમાં નથી. અંદર અને બહાર નાંખેલા શલ્ય સરખી પીડાના કારણભૂત આધિઓ અને વ્યાધિઓ પણ ત્યાં નથી. યમરાજાની અગ્રદૂતી, સર્વ તેજને હરણ કરનારી પરાધીનતાને ઉત્પન્ન કરનારી જરા પણ ત્યાં સર્વથા નથી. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોની જેમ ભવ–ભ્રમણના કારણભૂત મરણ પણ ત્યાં થતું નથી. પરંતુ ત્યાં મહાઆનંદરૂપ સુખ છે, અદ્વિતીય અવ્યય રૂપ છે, શાશ્વત કેવલજ્ઞાન રૂપી પ્રકાશ વડે સૂર્યસમાન જ્ઞાન છે. નિર્મળ જ્ઞાન–દર્શન અને ચારિત્રરૂપી ત્રણ રત્નનું નિરંતર પાલન કરીને ભવ્યજીવો તે મોક્ષને પામે છે.

ત્યાં જીવ–અજીવ આદિ નવ તત્ત્વોનો સંક્ષેપથી

અને વિસ્તારથી યથાસ્થિત જે અવબોધ તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. અવાંતરભેદથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન વડે તે જ્ઞાન પાંચ પ્રકારે કહ્યું છે.

અવગ્રહ આદિ ભેદો વડે અને બહુ આદિ બીજા ભેદો વડે ભિન્ન, ઇંદ્રિય અને અનિંદ્રિય (=મન)ના વિષયવાળું મતિજ્ઞાન કહ્યું છે. ૧

પૂર્વશ્રુત, અંગોપાંગ, અને પ્રકીર્ણક વડે ઘણા પ્રકારે વિસ્તારવાળું, સ્યાત્ શબ્દથી લાંછિત શ્રુતજ્ઞાન અનેક પ્રકારે જાણવું. ૨

દેવ અને નારકોને ભવપ્રત્યયિક અને બાકીના મનુષ્ય-તિર્યંચોને ક્ષયોપશમના લક્ષણવાળું છ પ્રકારે અવધિ-જ્ઞાન હોય. ૩

ઋજુમતિ અને વિપુલમતિના ભેદથી મનઃપર્યવજ્ઞાન બે પ્રકારે છે. તેમાં વિશુદ્ધિ અને અપ્રતિપાતિપણા વડે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનનો વિશેષ જાણવો. ૪

સમસ્ત દ્રવ્ય અને પર્યાયના વિષયવાળું વિશ્વને જોનારું, અનંત, એક ઇંદ્રિયાતીત કેવલજ્ઞાન કહેવાય છે. ૫

આગમમાં કહેલ તત્ત્વોને વિષે રુચિ તે સમ્યગ્દર્શન જાણવું. તે નિસર્ગથી અથવા ગુરુના અધિગમથી ઉત્પન્ન થાય છે.

## સમ્યગ્દર્શનનો લાભ

**आगमकहिए तत्ते, रुई तं सम्मदंसणं णेयं ।**
**तं च निसग्गाहिगमा, गुरूणो भवियाण जाएइ ॥**

આગમમાં કહેલ તત્ત્વને વિષે રુચિ તે સમ્યગ્દર્શન જાણવું અને તે નિસર્ગથી અથવા ગુરુના અધિગમથી ઉત્પન્ન થાય છે.

તે આ પ્રમાણે–અનાદિ અનંત એવા સંસારરૂપી આવર્તમાં વર્તનારા જીવોને વિષે જ્ઞાનાવરણીય–દર્શનાવરણી–વેદનીય અને અંતરાય નામના કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમ છે. નામ અને ગોત્ર કર્મની વીશ કોડાકોડી અને મોહનીય કર્મની સિત્તેર કોડાકોડી ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

તે પછી પર્વતની નદીના પથ્થરના ઘોલના ન્યાય (નદીગોળઘોલન્યાય)થી ફલને ભોગવવાથી ક્ષય પામતાં સાત કર્મોની અનુક્રમે ઓગણત્રીશ, ઓગણીશ અને ઓગણસિત્તોર કોડાકોડી સાગરોપમ સ્થિતિનો ઉચ્છેદ કરીને, પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન એક કોડાકોડી સાગરોપમ બાકી રહ્યે છતે પ્રાણીઓ યથાપ્રવૃત્તિ કરણ વડે ગ્રંથિદેશ સુધી આવે છે. દુર્ભેદ્ય–દુરુચ્છેદ એવો, કાષ્ઠ આદિની જેવો અત્યંત દૃઢ એવો રાગ–દ્વેષનો પરિણામ તે ગ્રંથિ કહેવાય છે. કહ્યું છે કે—

**मोहे कोडाकोडी, सत्तरि वीसं च नामगोयाणं ।**
**तीसायराणि चउण्हं, तित्तीसऽयराइं आउस्स ॥१॥**

મોહનીયને વિષે સિત્તોર કોડાકોડી, નામ અને ગોત્રને વિષે વીશ કોડાકોડી અને બીજા ચાર કર્મની ત્રીશ કોડાકોડી અને આયુષ્યની ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ૧

**अंतिमकोडाकोडी, सव्वं कम्माण आउवज्जाणं ।**
**पलियाऽसंखिज्जइमे, भागे खोणे हवइ गंठी ॥२॥**
**[वि. आ. ११९४]**

આયુ વર્જીને સર્વકર્મની છેલ્લી–એક કોડાકોડી, પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ક્ષીણ થયે છતે ત્યાં ગ્રંથિ હોય છે. ૨

**गंठि त्ति सुदुब्भेओ, कक्खड–घण–रूढ–गूढ–गंठिव्व ।**
**जीवस्स कम्मजणिओ, घण–राग–दोस–परिणामो ॥३॥**
**[वि. आ. ११९६]**

ગ્રંથિ એટલે અત્યંત દુર્ભેદ એવો, કર્કશ ઘન ઉગેલી ગૂઢ ગ્રંથિની માફક જીવનો કર્મજનિત ગાઢ રાગ–દ્વેષનો પરિણામ છે. ૩

તે પછી વળી કેટલાક જીવો રાગ આદિથી પ્રેરાયેલા કિનારા પાસેથી વાયુથી હણાયેલા મહાપોતની જેમ ગ્રંથિ-પ્રદેશથી પાછા ફરે છે, બીજા સ્થલને વિષે સ્ખલના પામેલા નદીના પાણીની માફક તેવા પ્રકારના પરિણામવિશેષ વડે તે જ ગ્રંથિપ્રદેશમાં રહે છે, વળી બીજા જેનું કલ્યાણ થવાનું છે તેવાં ભવ્ય પ્રાણીઓ અપૂર્વકરણ વડે ઉત્કૃષ્ટ વીર્ય પ્રકટ કરીને દુર્લંઘ્ય એવી તે ગ્રંથિને, મહામાર્ગનું

ઉલ્લંઘન કરનારા મુસાફરો જેમ ભયસ્થાનને ઉલ્લંઘન કરે તેમ એકદમ ઉલ્લંઘન કરે છે. પછી અનિવૃત્તિકરણ વડે અંતરકરણ કર્યે છતે મિથ્યાત્વના બે ભાગ કરીને કેટલાંક ચાર ગતિનાં પ્રાણીઓ અંતર્મુહૂર્ત કાલ પ્રમાણ જે સમ્યગ્દર્શન પામે છે તે આ નિસર્ગહેતુવાળું સમ્યક્ શ્રદ્ધાન કહેવાય છે અને ગુરુઓના ઉપદેશનું આલંબન લઈને ભવ્યજીવોને અહીં જે સમ્યક્ શ્રદ્ધાન થાય છે તે અધિગમથી ઉત્પન્ન થયેલ સમ્યક્ત્વ થાય, જે માટે કહ્યું છે કે—

**जा गंठी ता पढमं, गंठिं समइच्छओ भवे बीयं ।**
**अनियट्टीकरणं पुण, सम्मत्तपुरक्खडे जीवे ॥४॥**
[वि आ. १२०३]

જ્યાં સુધી ગ્રંથિ છે ત્યાં સુધી પહોંચે તે પ્રથમ યથાપ્રવૃત્તિ કરણ છે, અને ગ્રંથિનો ભેદ કરે તે બીજું અપૂર્વકરણ છે, અને જેને નજીકમાં સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનું છે, તે અનિવૃત્તિકરણ છે. ૩

**पावंति खवेऊणं, कम्माइं अहापवित्तिकरणेणां**
**उवलनायेण कहमवि, अभिन्नपुव्वि तओ गंठिं ॥५॥**

યથાપ્રવૃત્તિકરણ વડે ઉપલન્યાયે (નદીગોલઘોલન્યાયે) કેમે કરીને કર્મો ખપાવીને પૂર્વે નહીં ભેદેલી ગાંઠ સુધી પહોંચે છે. ૫

तं गिरिवरं व भेत्तुं, अपुव्वकरणुग्गवज्जधाराए ।
अंतोमुहुत्तकालं, गंतुमनियट्टिकरणंमि ॥६॥

पइसमयं सुज्झंतो, खविकं कम्माइं तत्थ बहुआइं ।
मिच्छत्तंमि उइण्णे, खीणेऽणुइयंमि उवसंते ॥७॥

संसारगिम्हतविओ, तत्तो गोसीसचंदणरसोव्व ।
अइपरमनिव्वुइकरं, तस्संते लहइ सम्मत्तं ॥८॥

પર્વતની જેવી તે ગ્રંથિને અપૂર્વકરણરૂપ ઉગ્ર વજ્રની ધાર વડે ભેદીને અંતમુહૂર્તકાળે અનિવૃત્તિકરણે જઈને, પ્રતિસમય વિશુધ્યમાન પરિણામવાળો ત્યાં ઘણાં કર્મોને ખપાવીને, જે મિથ્યાત્વ ઉદયમાં આવ્યું હોય તેનો ક્ષય કરતો, અને જે ઉદયમાં ન હોય તેને ઉપશાંત કરતો, તે પછી જેમ સંસારરૂપી ગ્રીષ્મઋતુથી તપેલો જેમ ગોશીર્ષ ચંદનના રસને પામે તેમ અતિપરમ નિર્વૃતિને કરનાર સમ્યક્ત્વને તેને અંતે પામે છે.

६-७-८.

ऊसरदेसं यड्ढिल्लयं च, विज्झाइ वणदवो पप्प ।
इय मिच्छस्स अणुदए, उवसमसम्मं लहइ जीवो ॥९॥
(वि. आ. २७३४)

જેમ વનનો દાવાનળ ઉખરપ્રદેશને અને દગ્ધપ્રદેશને પામીને બુઝાઈ જાય છે, તેમ મિથ્યાત્વના અનુદયમાં જીવ ઉપશમસમ્યક્ત્વને પામે છે. ९

**उवसामगसेढिगयस्स होइ उवस्सामिअं तु सम्मत्तं ।**
**जो वा अकयतिपुंजो, अखविअमिच्छो लहइ सम्मत्तं ॥१०॥**
**खीणम्मि उइण्णम्मिय, अणुदिज्जंते सेसमिच्छत्ते ।**
**अंतोमुहुत्तमेत्तं, उवसमसम्मं लहइ जीवो ॥११॥**
**[वि. आ. ५३०]**

ઉપશમશ્રેણિ પામેલાને ઔપશમિક સમ્યક્ત્વ હોય છે, અથવા જેણે ત્રણ પુંજ કર્યા નથી અને મિથ્યાત્વનો ક્ષય કર્યો નથી એવો જીવ જે સમ્યક્ત્વ પામે તે ઔપશમિક સમ્યક્ત્વ છે. ૧૦

ઉદય પામેલ મિથ્યાત્વને ક્ષય કરી, અને ઉદયને નહીં પામેલા બાકીના મિથ્યાત્વનો ઉપશમ કરી જીવ અંતર્મુહૂર્તમાત્ર ઉપશમ સમ્યકત્વ પામે છે. ૧૧

તે સમ્યગ્દર્શન ઔપશમિક–સાસ્વાદન–ક્ષાયોપશમિક વેદક અને ક્ષાયિકના ભેદથી પાંચ પ્રકારે હોય છે. ત્યાં ગ્રંથિભેદ કરનાર જીવને પ્રથમ સમ્યક્ત્વના લાભમાં અંતર્મુહૂર્ત પ્રમાણ ઔપશમિક સમ્યગ્દર્શન થાય છે. તેમ જ ઉપશમશ્રેણિમાં ચઢવા વડે જેનો મોહ ઉપશાંત થયો છે એવા જીવને મોહના ઉપશમથી ઉત્પન્ન થયેલું બીજું ઔપશમિક સમ્યક્ત્વ જાણવું. ૧

તેમ જ સમ્યકત્વભાવને તજી, મિથ્યાત્વની અભિમુખ થયેલા જીવને અનંતાનુબંધીના ઉદયવાળા પ્રાણીને ઉત્કૃષ્ટથી

છ આવલિકા પ્રમાણ અને જઘન્યથી એક સમય પ્રમાણ જે સમ્યક્ત્વનો પરિણામ હોય તે સાસ્વાદન સમ્યક્ત્વ કહ્યું છે. ૨

**उवसमसम्मत्ताओ, चयओ मिच्छं अपावमाणस्स ।**
**सासायणसम्मत्तं, तयंतरालंमि छावलियं ॥१२॥**

[वि. आ, ५३१]

ઉપશમ સમ્યક્ત્વથી પડતાં, મિથ્યાત્વે નહિ પહોંચેલા જીવને તેની વચ્ચે છ આવલિકાકાળ પ્રમાણે સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે. ૧૨

મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ, સમ્યક્ત્વમોહનીયના પુદ્ગલના ઉદયના પરિણામવાળા જીવને ત્રીજું ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય છે.

ક્ષપકશ્રેણિએ ચઢેલા, અનંતાનુબંધિ કષાય–મિથ્યાત્વ મોહનીય–મિશ્રમોહનીયનો સર્વથા ક્ષય થયે ક્ષાયિક સમ્યક્ત્વની સન્મુખ થયેલા સમ્યકત્વમોહનીયના પુદ્ગલના છેલ્લા અંશના ઉદયવાળા ભવ્યજીવને ચોથું વેદક સમ્યક્ત્વ હોય છે. ૪

જેણે દર્શનસપ્તકનો ક્ષય કર્યો છે એવા શુભભાવવાળા આત્માને ક્ષાયિક સમ્યક્ત્વ નામે પાંચમું સમ્યક્ત્વ હોય છે. ૫–કહ્યું છે કે—

**मिच्छत्तं जमुइण्णं, तं खीणं अणुइयं च उवसंतं ।**
**मीसोभावपरिणयं, वेइज्जंतं खओवसमं ॥१३॥**

[वि. आ. ५३२]

જે મિથ્યાત્વ ઉદયમાં આવે તેનો ક્ષય કરે અને અનુદિતને ઉપશાંત કરે. એ રીતે મિશ્ર ભાવથી પરિણત થયેલું જે વેદાય તે ક્ષયોપશમ છે. ૧૩

**वेयगसम्मत्तं पुण, सव्वोईयचरमपुग्गलावत्थं ।**
**खीणे दंसणमोहे, तिविहंमि वि खाइयं होइ ॥१४॥**

[ वि. आ. ५३३ ]

સર્વ ઉદય પામેલા (સમ્યકૃત્વ મોહનીયના) ચરમ પુદ્ગલની અવસ્થાવાળું વેદક સમ્યકત્વ છે, અને ત્રણેય દર્શન મોહનીયનો ક્ષય થવાથી ક્ષાયિક સમ્યકૃત્વ થાય છે.

**सम्मदंसणं इयं, गुणओ तिविहं भवे ।**
**रोयगं दीवगं चेव, कारगं च त्ति नामओ ॥१५॥**

આ સમ્યગ્દર્શન ગુણથી ત્રણ પ્રકારે—રોચક, દીપક અને કારક નામે હોય છે ૧૫

તથા સિદ્ધાંતમાં કહેલાં તત્ત્વોને વિષે હેતુ અને દૃષ્ટાંત વિના જે દૃઢ વિશ્વાસ તે રોચક સમ્યકૃત્વ કહેલું છે, જે બીજાને પણ ધર્મકથા વડે સમ્યકૃત્વ પ્રદીપ્ત કરે છે તે દીપક સમ્યકત્વ છે અને જે સંયમ—તપ વગેરે અનુષ્ઠાન કરાવે છે તે કારક સમ્યકૃત્વ છે.

જે માટે સમ્યકૃત્વ સ્તવમાં કહ્યું છે કે—

**तिविहं कारग–रोअग–दीवग–भेएहिं तुहमय विऊहिं।**
**खाओवसमो-वसमिय-खाइयभेएहिं वा कहियं ॥१६॥**
**जं जह भणियं तुमए, तं तह करणंमि कारगो होइ।**
**रोअगसम्मत्तं पुण, रुइमित्तकरं तु तुह धम्मे ॥१७॥**
**सयमिह मिच्छदिट्ठो, धम्मकहाईहिं दीवइ परस्स।**
**दीवगसम्मत्तमिणं, भणंति तुह समयमइणो ॥१८॥**
**विहियाणुट्ठाणं पुण, कारगमिह रोयणं तु सद्दहणं।**
**मिच्छदिट्ठी दीवइ, जं तत्ते दीवगं तं तु ॥१९॥**

તમારા સિદ્ધાંતના જાણનારાઓએ તે સમ્યકૃત્વ કારક, રોચક અને દીપક એમ ત્રણ પ્રકારે અથવા ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક ભેદ વડે ત્રણ પ્રકારે કહ્યું છે. ૧૬

તમે જે રીતે કહ્યું છે તે રીતે કરતે છતે કારક થાય છે, અને તમારા ધર્મમાં રુચિમાત્ર કરવાથી રોચક સમ્યકૃત્વ થાય છે. ૧૭

પોતે મિથ્યાદૃષ્ટિ હોય પણ ધર્મકથા વગેરેથી બીજાને સમ્યકૃત્વ પ્રદીપ્ત કરે તેને તમારા સિદ્ધાંતને જાણનારા દીપક સમ્યકૃત્વ કહે છે. ૧૮

વિવિધ અનુષ્ઠાન કરાવે તે કારક, શ્રદ્ધા કરાવે તે રોચક, મિથ્યાદૃષ્ટિ હોવા છતાં બીજાને સમ્યકૃત્વ પમાડે તે દીપક સમ્યકૃત્વ છે. ૧૯

## સમ્યગ્દર્શનનાં લક્ષણો

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લક્ષણો વડે તે સમ્યક્ત્વ સારી રીતે જાણી શકાય છે.

ત્યાં અનંતાનુબંધી કષાયોના અનુદયથી તે શમ થાય છે, અથવા કષાયોના વિપાક જોવાથી સ્વભાવથી શમ થાય છે ?

કર્મના વિપાક અને સંસારનું અસારપણું વિચારતાં ઇંદ્રિયોના વિષયોથી જે વૈરાગ્ય થાય તે સંવેગ જાણવો. ૨

સંસારવાસ એ કારાગાર (=કેદખાનું) જ છે, બાંધવો બંધન છે એ પ્રમાણે સંવેગપૂર્વક જે આત્મચિંતા તે નિર્વેદ કહેવાય છે. ૩

ભવસમુદ્રમાં ડૂબતાં એકેંદ્રિય વગેરે સર્વ પ્રાણીઓનાં દુઃખને જોતાં જે હૃદયમાં આર્દ્રપણું થાય, અને તેઓનાં દુઃખ વડે દુઃખી થવું, અને તેઓનાં દુઃખ દૂર કરવા માટે યથાશક્તિ પ્રવર્તન કરવું તે અનુકંપા કહેવાય છે. ૪

અન્ય દર્શનોના મતનાં તત્ત્વોને સાંભળતાં છતાં પણ અરિહંત પરમાત્માએ કહેલાં તત્ત્વોને વિષે આકાંક્ષારહિતપણે જે સ્વીકાર કરવો તે આસ્તિક્ય કહ્યું છે. ૫

પ્રાણીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવાથી ક્ષણમાત્રમાં પહેલાં જે મતિ અજ્ઞાન હતું તે મતિજ્ઞાનપણાને, શ્રુત

અજ્ઞાન તે શ્રુતજ્ઞાનપણાને અને વિભંગ જ્ઞાન તે અવધિજ્ઞાનપણાને પામે છે.

સર્વ સાવદ્યયોગોનો ત્યાગ તે ચારિત્ર કહેવાય છે, તે અહિંસા આદિ વ્રતના ભેદે પાંચ પ્રકારે છે. તે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તે પાંચ પાંચ ભાવનાઓથી યુક્ત પરમપદપ્રાપ્તિનું કારણ થાય છે.

પ્રમાદનો ત્યાગ કરી ત્રસ અને સ્થાવર જીવોના પ્રાણોની હિંસા ન કરવી તે અહિંસાવ્રત છે. ૧

પ્રિય, હિતકર, અને તથ્ય (=વાસ્તવિક) વચન તે સત્ય વ્રત છે, જે અપ્રિય અને અહિતકર હોય તે સત્ય હોવા છતાં તે સત્ય નથી. ૨

કોઈએ ન આપેલી વસ્તુને ન લેવી તે અચૌર્યવ્રત (અદત્તાદાનવિરમણ) કહ્યું છે, અર્થ એ મનુષ્યોના બાહ્ય પ્રાણો છે તે અર્થ (=ધન)ને હરણ કરવાથી તે પ્રાણો પણ હરણ કરાયેલા જ છે. ૩

કૃત–કારિત અને અનુમતથી દિવ્ય અને ઔદારિક કામોનો મન–વચન–કાયા વડે જે ત્યાગ તે બ્રહ્મચર્યવ્રત અઢાર પ્રકારે કહ્યું છે. ૪

સર્વ ભાવોને વિષે મૂર્ચ્છાનો ત્યાગ તે અપરિગ્રહ થાય. પદાર્થ ન હોવા છતાં મૂર્ચ્છાથી–આસક્તિથી ચિત્ત સંક્લિષ્ટ થાય. ૫

**सव्वप्पणा मुणिंदाण–मेयं चारित्तमीरियं ।**
**मुणिधम्माणुरत्ताणं, गिहीणं देसओ सिया ॥**

મુનીશ્વરોને આ ચારિત્ર સર્વતઃ હોય છે, અને મુનિધર્મના અનુરાગી ગૃહસ્થોને દેશથી હોય છે.

બુદ્ધિમાન પુરુષ પાંગળાપણું, કુષ્ટિપણું અને કુણિકપણું (હસ્તવિકલપણું) આદિ હિંસાનાં ફલ જોઈને નિરપરાધિ ત્રસ જીવોની હિંસાનો સંકલ્પથી ત્યાગ કરે. ૧

મન્મનપણું (અવ્યક્ત વચનપણું), કાહલપણું, મૂંગાપણું, અને મુખરોગીપણું આદિ મૃષાવાદનાં ફલ જોઈને કન્યાલીક વગેરે અસત્યનો ત્યાગ કરે. ૨

દુર્ભગપણું, ચાકરપણું, દાસપણું, અંગચ્છેદ અને દારિદ્રય એ અદત્તાદાનનાં ફળ જાણીને સ્થૂલ ચોરીનો ત્યાગ કરે. ૩

ષંઢપણું (નપુંસકપણું) અને ઇંદ્રિયછેદ એ અબ્રહ્મનાં ફલ જોઈને બુદ્ધિમાન પુરુષ સ્વદાર (સ્વસ્ત્રી)માં સંતુષ્ટ થાય અથવા પરસ્ત્રીનો ત્યાગ કરે. ૪

અસંતોષ, અવિશ્વાસ, આરંભ એવા દુઃખનાં કારણભૂત મૂર્ચ્છાનાં ફલ જાણીને પરિગ્રહનું નિયંત્રણ કરે. ૫

દશ દિશાઓમાં કરેલી મર્યાદાનું જ્યાં ઉલ્લંઘન ન થાય તે દિગ્વિરતિ નામે પ્રથમ ગુણ વ્રત જાણવું. ૬

જ્યાં ભોગોપભોગની વસ્તુઓની સંખ્યાનું પરિમાણ શક્તિ પ્રમાણે કરવામાં આવે તે બીજું ગુણવ્રત છે. ૭

આર્ત અને રૌદ્રરૂપ અપ્રશસ્ત ધ્યાન, પાપકર્મનો ઉપદેશ, હિંસા કરનારાં ઉપકરણોનું આપવું અને પ્રમાદાચરણ કે જે દેહ આદિ રૂપ અર્થદંડના પ્રતિપક્ષપણે

રહેલા છે તે અનર્થદંડ છે, તેનો ત્યાગ કરવો તે ત્રીજું ગુણવ્રત જાણવું. ૮

**चत्तट्टरोद्दज्झाणस्स, चत्तसावज्जकम्मणो ।**
**मुहुत्तं समया जा तं, बूम सामइयं वयं ॥**

આર્ત અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરી, સર્વ સાવદ્ય-ક્રિયાઓને છોડી દઈ એક મુહૂર્ત (૪૮ મિનિટ સુધી) જે સમતા રાખવી તે સામાયિક વ્રત કહેવાય છે.

આર્ત અને રૌદ્રધ્યાનથી રહિત, સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરનાર ભવ્યજીવને એક મુહૂર્ત પ્રમાણે જે સમભાવે વર્તવું તે પ્રથમ સામાયિક શિક્ષાવ્રત જાણવું. ૯

દિશિવ્રતમાં જે પરિમાણ કર્યું હતું, તેનો પણ દિવસે અને રાત્રિએ જે સંક્ષેપ કરવો તે દેશાવગાસિક નામે બીજું શિક્ષાવ્રત કહેવાય છે. ૧૦

ચાર પર્વ તિથિએ ઉપવાસ આદિ તપનું કરવું, ગૃહવ્યાપારનો ત્યાગ કરવો, બ્રહ્મચર્યનું પાલન કરવું, સ્નાન આદિ સત્કારનો ત્યાગ, એ પૌષધ નામે ત્રીજું શિક્ષાવ્રત જાણવું. ૧૧

અતિથિ એવો મુનિઓને ચાર પ્રકારે આહાર, પાત્ર, વસ્ત્ર, વસતિ વગેરે વસ્તુઓનું જે દાન તે અતિથિ-સંવિભાગ નામે ચોથું શિક્ષાવ્રત જાણવું. ૧૨

આ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રકને યતિઓએ અને શ્રાવકોએ નિર્વાણપદની પ્રાપ્તિ માટે સારી રીતે સતત સેવવાં જોઈએ.

આ પ્રમાણે ભગવંતની આવા પ્રકારની દેશના સાંભળીને ભરત મહારાજાના પુત્ર ઋષભસેન કે જેમનું બીજું નામ પુંડરીક છે, તે ઊભા થઈને ઋષભ જિનેશ્વરને પ્રણામ કરીને વિજ્ઞપ્તિ કરે છે :–

## ઋષભસેન આદિની દીક્ષા

હે સ્વામી ! આ કષાયરૂપી દાવાનળથી ભયંકર એવા આ સંસારરૂપી અરણ્યમાં નવા મેઘની જેમ શ્રેષ્ઠ તત્ત્વામૃતની આપે વૃષ્ટિ કરી. હે જગત્પતિ ! સમુદ્રમાં બૂડતાં પ્રાણીઓ જેમ પ્રવહણને, તરસ્યા થયેલા જેમ પરબને, શીતથી પીડા પામેલા જેમ અગ્નિને, તડકાથી દુ:ખી થયેલા જેમ વૃક્ષને, અંધકારમાં મગ્ન થયેલા જેમ દીપકને, નિર્ધન માણસો જેમ નિધાનને, વિષથી પીડા પામેલા જેમ અમૃતને, રોગથી વ્યાપ્ત થયેલા જેમ ઔષધને, પરાક્રમી શત્રુઓના સમુદાયથી પરાભવ પામેલા જેમ કિલ્લાને પામે, તેમ સંસારથી ભય પામેલા એવા અમે તમને પ્રાપ્ત કર્યા છે. હે દયાનિધિ ! અમારી રક્ષા કરો. ભવભ્રમણના કારણભૂત માત–પિતા, ભ્રાતા, ભત્રીજા અને બીજા બંધુઓ વડે દુર્જનની જેમ સર્યું. હે જગત્-શરણ્ય ! સંસારસમુદ્રના તારક ! મેં તમને જ શરણ તરીકે સ્વીકાર્યા છે. તમે પ્રસન્ન થાઓ અને મને દીક્ષા આપો. એ પ્રમાણે કહીને ભરતરાજાના ચારસો નવ્વાણું પુત્રો અને સાતસો પૌત્રો સાથે દીક્ષા લે છે. ભરતનો પુત્ર મરીચિ પણ સુર–અસુરો વડે કરાતા સ્વામીના કેવલ-જ્ઞાનના મહિમાને જોઈને વ્રત ગ્રહણ કરે છે.

## ચતુર્વિધ સંઘની અને ગણધરોની સ્થાપના

ભરતરાજાએ અનુજ્ઞા આપવાથી બ્રાહ્મી દીક્ષા ગ્રહણ કરે છે. પ્રાયઃ કરીને લઘુકર્મી આત્માઓને ગુરુનો ઉપદેશ નિમિત્ત માત્ર જ હોય છે. બાહુબલિએ અનુજ્ઞા આપી છે જેને એવી, વ્રત–ગ્રહણની ઇચ્છાવાળી સુંદરી ભરતે નિષેધ કરવાથી પ્રથમ શ્રાવિકા થઈ. ભરતરાજા પ્રભુના ચરણકમળમાં શ્રાવકપણું સ્વીકારે છે. કારણ કે ભોગ છે ફળ જેનું એવું કર્મ ભોગવ્યા વિના વ્રત સંભવતું નથી. મનુષ્ય–તિર્યંચ અને દેવોમાં કેટલાક તે વખતે વ્રત ગ્રહણ કરે છે, બીજા કેટલાક શ્રાવકપણું સ્વીકારે છે અને બીજા સમ્યક્ત્વ ગ્રહણ કરે છે.

કચ્છ અને મહાકચ્છને છોડીને બીજા રાજતાપસો હતા તે સ્વામીની પાસે આવીને હર્ષસહિત દીક્ષા ગ્રહણ કરે છે.

પુંડરીક વગેરે સાધુઓ, બ્રાહ્મી વગેરે સાધ્વીઓ, ભરત વગેરે શ્રાવકો અને સુંદરી વગેરે શ્રાવિકાઓ, આ પ્રમાણે ચતુર્વિધ સંઘની આ વ્યવસ્થા તે વખતે ત્યાં થઈ. ધર્મના પરમપ્રાસાદસ્વરૂપ આ વ્યવસ્થા આજ સુધી વર્તે છે.

તે વખતે ગણધર નામકર્મવાળા, બુદ્ધિશાળી ઋષભસેન વગેરે ચોર્યાસી મુનિવરોને સર્વ પ્રવચનની માતારૂપ 'ઉત્પાદ–વ્યય અને ધ્રુવ' એ પ્રમાણે પવિત્ર ત્રિપદી જગન્નાથ બતાવે છે. તે પછી તેઓ તે ત્રિપદીને અનુ-

સારે અનુક્રમે ચૌદ પૂર્વ સહિત દ્વાદશાંગી રચે છે. હવે દેવો વડે પરિવરેલા ઇન્દ્ર દિવ્યચૂર્ણથી ભરેલો રત્નમય સ્થાલ ગ્રહણ કરીને તીર્થંકરના ચરણ સમીપે ઊભા રહે છે.

હવે ઋષભદેવ પ્રભુ ઊભા થઈને ગણધરોના મસ્તક ઉપર અનુક્રમે વાસક્ષેપ કરતા 'સૂત્ર વડે, અર્થ વડે, તદુ-ભય વડે, દ્રવ્ય–ગુણ–પર્યાય વડે અને નય વડે' પણ પોતે અનુયોગની અનુજ્ઞા અને ગણની પણ અનુજ્ઞા આપે છે.

તે પછી દેવો, મનુષ્યો અને સ્ત્રીઓ દુંદુભિનાનાદપૂર્વક તે ગણધરોની ઉપર ચારે તરફથી વાસક્ષેપ કરે છે. તે ગણધરો પણ અંજલિસંપુટ રચી, વૃક્ષો જેમ મેઘજળને સ્વીકારે તેમ સ્વામીનાં વચનને સ્વીકારતા ઉંભા રહે છે. તે વખતે સ્વામીરૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલ દેશનારૂપી પ્રચંડ ભરતી સરખી મર્યાદા સરખી પ્રથમ પૌરુષી સમાપ્ત થઈ.

એ વખતે અખંડ, ફોતરા વગરના, ઉજ્જવલ કલમ ચોખા વડે બનાવેલો, ચાર પ્રસ્થ પ્રમાણ, થાળમાં રહેલો, દેવો વડે ગંધ નાંખવાથી બમણી કરાઈ છે સુગંધ જેની એવો, પ્રધાન પુરુષો વડે ઉપાડાયેલો, ભરત મહારાજાએ કરાવેલો, દેવદુંદુભિના અવાજના પ્રતિશબ્દ વડે ઉદ્ઘોષિત કર્યા છે દિશાઓના મુખ જેણે એવો, મંગલગીત–ગાનમાં તત્પર એવા સ્ત્રીજનો વડે અનુસરાતો, નગરજનો વડે પ્રભુના પ્રભાવથી ઉત્પન્ન થયેલ પુણ્યરાશિની જેમ ઘેરાયેલો બલિ પૂર્વદ્વારેથી સમવસરણમાં પ્રવેશ કરે છે. પ્રભુને પ્રદ-ક્ષિણા કરીને કલ્યાણરૂપી ધાન્યના શ્રેષ્ઠ બીજને વાવે તેમ પ્રભુની આગળ બલિ ફેંકે છે.

આકાશમાંથી પડતા એવા તે બલિનો અર્ધ ભાગ વચ્ચેથી ચાતક જેમ વરસાદનું પાણી ગ્રહણ કરે તેમ દેવો ગ્રહણ કરે છે. પૃથ્વી પર પડેલા તે બલિનો અર્ધ ભાગ ભરત રાજા ગ્રહણ કરે છે, બાકીનો ભાગ ગોત્રના માણસોની જેમ લોકો વહેંચીને ગ્રહણ કરે છે.

## આ બલિનું માહાત્મ્ય

**पुव्वुप्पणा पणासंति, रोगा सव्वे नवा पुणो ।**
**छम्मासं नेव जायंतं, बलिणोऽस्सप्पहावओ ॥**

આ બલિના પ્રભાવથી પૂર્વે ઉત્પન્ન થયેલ રોગો નાશ પામે છે, અને છ મહિના સુધી નવા રોગો ઉત્પન્ન થતા નથી

હવે પ્રભુ ઊઠીને ભ્રમરોવડે કમળખંડની જેમ દેવેંદ્રોવડે અનુસરાતા સમવસરણના ઉત્તર દ્વારમાર્ગેથી નીકળે છે. નીકળીને રત્નમય અને સુવર્ણમય કિલ્લાની વચ્ચે ઈશાન ખૂણામાં રહેલા દેવછંદા ઉપર ભગવાન વિસામો લે છે.

તે વખતે ગણધરોના મુખના મંડનભૂત જયેષ્ઠ શ્રી ઋષભસેન ગણધર ભગવંતના પાદપીઠ ઉપર બેસીને ધર્મ-દેશના કરે છે. 'સ્વામીના થાકને દૂર કરવો, શિષ્યોના ગુણને પ્રકટ કરવા, અને બંનેમાં વિશ્વાસ થાય' એ પ્રમાણે ગણધરની દેશનાના ગુણો છે. તે ગણધર ભગવંતે ધર્મદેશના પૂર્ણ કર્યે છતે સર્વે પ્રાણીઓ પ્રભુને નમસ્કાર કરીને પોત–પોતાના સ્થાને ગયા.

## પ્રભુના યક્ષ-યક્ષિણી, વિહાર અને અતિશય

તે તીર્થમાં ગોમેધ નામે યક્ષ ઉત્પન્ન થયો, તે જમણા બે હાથમાં વરદ અને અક્ષમાળાથી શોભતો અને ડાબા બે હાથમાં બીજોરું અને પાશને ધારણ કરવા વડે શોભતો, સુવર્ણ સમાન વર્ણવાળો, હાથીના વાહનવાળો, પ્રભુની નિકટ રહેનારો શાસન યક્ષ થયો.

તેમજ અપ્રતિચક્રા (ચક્રેશ્વરી) નામે સુવર્ણસમાન વર્ણવાળી, ગરુડના આસનવાળી વરદ–બાણ–ચક્ર અને પાશને ધારણ કરનારા ચાર જમણી ભુજાવડે, અને ધનુષ્ય વજ્ર–ચક્ર અને અંકુશને ધારણ કરનારા ડાબા ચાર હાથ વડે શોભતી સ્વામીના તીર્થમાં ઉત્પન્ન થયેલી પ્રભુની નજીકમાં રહેનારી શાસનદેવી થાય છે.

તે પછી નક્ષત્રોવડે ચંદ્રની જેમ, મહર્ષિઓવડે પરિવરેલા પ્રભુ પણ અન્યત્ર વિહાર કરીને જાય છે.

જતા એવા પ્રભુને વૃક્ષો ભક્તિ વડે જાણે નમે છે, કંટકો નીચા મુખવાળા થાય છે, પક્ષિઓ પ્રદક્ષિણા આપે છે, રૂતુ પણ ઇંદ્રિયના વિષયને અનુકૂળ હોય છે, પવન પણ અનુકૂળ હોય છે. પ્રભુની પાસે જઘન્યથી ક્રોડ દેવ હંમેશા રહે છે. ભવાંતરમાં ઉત્પન્ન થયેલા કર્મના વિનાશને જોવાના ભયથી જાણે ત્રણ જગતના સ્વામીના કેશ શ્મશ્રુ ( દાઢીમૂછના વાળ ) અને નખ વધતા નથી.

સ્વામી જ્યાં વિહાર કરે છે ત્યાં વૈર મારિ–ઇતિ ( દુષ્કાળના કારણો ) અવૃષ્ટિ–દુર્ભિક્ષ–અતિવૃષ્ટિ–સ્વચક્ર

અને પરચક્રનો ભય થતો નથી. આ પ્રમાણે જગતને વિસ્મય કરનાર અતિશયોના સમૂહવડે યુક્ત, ભવમાં ભ્રમણ કરનારા જગતના પ્રાણીઓની ઉપર ઉપકાર કરવાની જ છે એક બુદ્ધિ જેને એવા શ્રી નાભિનંદન ઋષભપ્રભુ પૃથ્વી ઉપર વાયુની જેમ અપ્રતિબદ્ધ વિહાર કરે છે.

**इअ वय–विहार–केवल–नाण–समोसरणरूवओ तइओ ।**
**उद्देसो इह पुण्णो, जाओ सिरिउसह चरियस्स ॥१॥**

આ પ્રમાણે વ્રત, વિહાર, કેવલજ્ઞાન અને સમવસરણના સ્વરૂપવાળો શ્રી ઋષભચરિત્રનો ત્રીજો ઉદ્દેશક પૂર્ણ થયો.

આ પ્રમાણે શ્રી તપાગચ્છાધિપતિ શ્રી કદંબગિરિ વગેરે અનેક તીર્થોના ઉદ્ધારક, શાસનપ્રભાવક, આબાલ બ્રહ્મચારી, સૂરીશશેખર આચાર્ય વિજયનેમિ સૂરીશ્વર પટ્ટાલંકાર–સમયજ્ઞ–શાંતમૂર્તિ–વાત્સલ્યવારિધિ આચાર્ય વિજય વિજ્ઞાનસૂરીશ્વરજીના પટ્ટધર–સિદ્ધાંત–મહોદધિ–પ્રાકૃતભાષા વિશારદ–શ્રી વિજયકસ્તૂરસૂરિ વિરચિત મહાપુરુષચરિતને વિષે પ્રથમ વર્ગમાં શ્રી ઋષભપ્રભુની દીક્ષા–છદ્મસ્થવિહાર–કેવલજ્ઞાન અને સમવસરણના વર્ણન રૂપ તૃતીય ઉદ્દેશ સમાપ્ત.

# ચતુર્થ ઉદ્દેશ

## ચક્ર પૂજન

આ તરફ ભરત ચક્રવર્તિ અતિથિની જેમ ચક્રરત્નની ઉત્કંઠાવાળો વિનીતાનગરીના મધ્ય માર્ગ વડે આયુધ શાળામાં જાય છે. ચક્રને જોવા માત્રથી રાજા પ્રણામ કરે છે. 'ક્ષત્રિયો શસ્ત્રને પ્રત્યક્ષ અધિષ્ઠાયક દેવની જેમ માને છે.'

ભરતરાજા લોમહસ્તક (= પીંછી) લઈને તેને સાફ કરે છે. 'સ્વામીનો એ આચાર છે, તેવા પ્રકારના રત્નને વિષે રજ હોતી નથી.'

તે પછી રાજા પવિત્ર જળ વડે, પૂર્વ સમુદ્ર ઉદય પામતા સૂર્યને જેમ સ્નાન કરાવે, તેમ ન્હવરાવે છે. તે પછી રાજા ગોશીર્ષચંદન વડે ગજરાજની પીઠની જેમ પૂજ્યભાવને કહેનારા સ્થાસક (= દર્પણના આકારના આભૂષણ વિશેષ) તે ચક્ર ઉપર સ્થાપન કરે છે. તે રાજા સાક્ષાત્ જયલક્ષ્મીની જેમ પુષ્પ, ગંધ, ચૂર્ણવાસ, વસ્ત્ર અને આભૂષણ વડે તેને પૂજે છે. તે રાજા તે ચક્રની આગળ આવનારી આઠ દિશાઓની લક્ષ્મીના મંગલ માટે જ રૂપાના ચોખા વડે જુદા જુદા અષ્ટમંગલ આલેખે છે, તેની આગળ પંચવર્ણના પુષ્પો વડે વિચિત્ર ચિત્રભૂમિને

કરતા ઉપહારને કરે છે. હવે રાજા ચક્રની આગળ દિવ્ય ચંદન અને કર્પૂરમય ઉત્તમ ધૂપ શત્રુના યશની જેમ યત્ન વડે બાળે છે, તે પછી ચક્રવર્તિ ચક્રને ત્રણવાર પ્રદક્ષિણા કરે છે, તે પછી ગુરુની જેમ અવગ્રહમાંથી સાત-આઠ પગલાં ખસે છે, તે પછી ડાબો ઢીંચણ સંકોચીને જમણા ઢીંચણને ભૂમિ ઉપર સ્થાપીને રાજા, સ્નેહવાળો માણસ જેમ રાજાને નમે તેમ ચક્રને નમસ્કાર કરે છે. ત્યાં જ કર્યો છે નિવાસ જેણે એવો રાજા મૂર્તિમંત પ્રમોદની જેમ ચક્રનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. મહાઋદ્ધિવાળા નગરજનો પણ ચક્રપૂજા મહોત્સવ કરે છે. 'પૂજ્ય વડે પૂજાય તે કોના વડે ન પૂજાય ?'

તે ચક્રરત્નના ઉપયોગવડે દિગ્વિજય કરવાને ઇચ્છતો ભરતરાજા મંગલસ્નાન નિમત્તે સ્નાનગૃહમાં જાય છે, આભરણના સમૂહને ઉતારી શુભ સ્નાનને ઉચિત વસ્ત્રને ધારણ કરનારો રાજા, સ્નાનના સિંહાસન ઉપર ત્યાં પૂર્વ મુખે બેસે છે. મર્દનીય અને અમર્દનીય સ્થાનને જાણનારા કલાકુશલ સંવાહક પુરુષો, કલ્પવૃક્ષના પુષ્પના મકરંદની જેવા સુગંધી સહસ્રપાક આદિ તૈલો વડે રાજાને અભ્યંગ કરે છે, માંસ-અસ્થિ-ત્વચા અને રોમરાજિના સુખના કારણભૂત, ચાર પ્રકારની સંવાહના વડે મૃદુ-મધ્ય અને દઢ એમ ત્રણ પ્રકારના કરલાઘવના પ્રકારો વડે રાજાને મર્દન કરે છે.

તે પછી આરીસાની જેમ વિકસ્વર કાંતિના ભાજન

રૂપ રાજાને સૂક્ષ્મ દિવ્ય ચૂર્ણ વડે જલદી ઉદ્દવર્તન કરે છે.

તે પછી હાથમાં ધારણ કર્યા છે સુવર્ણમય જળકળશ જેણે એવી કેટલીક સુંદરીઓ, રૌપ્યમય જળકળશને ધારણ કરતી કેટલીક સ્ત્રીઓ, નીલકમળના ભ્રમને કરાવનારા ઇંદ્રનીલ રત્નમય જળકળશોને સુંદર હાથમાં ધારણ કરતી બીજી સ્ત્રીઓ અને સૂર્યની પ્રભાના સમૂહથી વૃદ્ધિ પામતી છે અધિક શોભા જેની એવા કુંભોને ધારણ કરતી કેટલીક સ્ત્રીઓ સુગંધી અને પવિત્ર જળની ધારા વડે, જેમ દેવતાઓ જિનેશ્વરને સ્નાન કરાવે તેમ રાજાને સ્નાન કરાવે છે.

## ભરત રાજાનું દિગ્વિજય માટે પ્રયાણ

હવે કર્યું છે સ્નાન જેણે એવો, કર્યું છે દિવ્ય વિલેપન જેણે એવો, શ્વેત વસ્ત્રો વડે શોભતો તે રાજા, લલાટપટ્ટમાં યશરૂપી વૃક્ષના ઉગેલા નવા અંકુરાની જેમ ચંદનના તિલકને ધારણ કરતો, પોતાના યશઃપુંજની જેવા અત્યંત નિર્મળ મુક્તામય અલંકારોને, આકાશ જેમ મોટા તારાના સમૂહને વહન કરે તેમ વહન કરતો, કળશ વડે પ્રાસાદની જેમ, કિરણોના સમૂહથી લજ્જા પમાડી છે સૂર્યને જેણે એવા મુકુટ વડે શોભતો, શ્રીદેવીના કમળને ધારણ કરનાર પદ્મદ્રહ વડે હિમવંત પર્વતની જેમ સુવર્ણ-કુંભને ધારણ કરનાર શ્વેત છત્ર વડે શોભતો, પ્રતિહારની

જેમ સર્વદા ચારે બાજુ પાસે રહેલા ભક્ત એવા સોળ હજાર યક્ષોથી પરિવરેલો, ઊંચા કુંભસ્થળરૂપ શિખર વડે ઢાંકી દીધાં છે દિશાઓનાં મુખ જેણે એવા હસ્તિરત્ન ઉપર, ઇંદ્ર જેમ ઐરાવત હાથી ઉપર ચઢે તેમ ચઢે છે.

તે વખતે મોટી ગર્જના કરતો તે ગજરાજ પ્રચંડ મદની ધારા વડે બીજા મેઘની જેવો થયો.

હાથ ઊંચા કરીને આકાશને પલ્લવિત કરતા હોય તેમ બંદિઓનો સમૂહ એકી સાથે જયજય શબ્દ કરે છે.

હવે તાડન કરાતો દુંદુભિ મોટેથી અવાજ કરતો, મુખ્ય ગાયક જેમ ગાનારીઓને ગવરાવે તેમ દિશાઓને ગજાવે છે.

સમસ્ત સૈનિકોને બોલાવવા માટે દૂતી સરખાં બીજાં પણ માંગલિક શ્રેષ્ઠ વાજિંત્રો વાગે છે.

ધાતુસહિત પર્વતની જેવા હોય એવા સિંદૂરને ધારણ કરતા હાથીઓ વડે, અનેક રૂપને ધારણ કરતા રેવંત અશ્વના ભ્રમને કરનારા અશ્વો વડે, પોતાના મનોરથની જેવા મહારથો વડે, સિંહના જેવા વશવર્તી મહાપરાક્રમ-વાળા પાયદળ સાથે રાજા સૈન્યથી ઉડેલી ધૂળ વડે દિશાને વસ્ત્રની જેમ પ્રચ્છાદન કરતો પ્રથમ પૂર્વદિશા તરફ ચાલે છે.

## ચક્રવર્તિનાં રત્નો

તે સમયે એક હજાર યક્ષથી અધિષ્ઠિત ચક્રરત્ન સૂર્યના બિંબની માફક આકાશમાં ચાલતું સેનાની આગળ

ચાલે છે. તે પછી દંડરત્નને ધારણ કરનાર સુષેણ નામે સેનાપતિરત્ન અશ્વરત્ન ઉપર ચઢીને ચક્રની જેમ ચાલે છે. સમસ્ત શાંતિકવિધિમાં મૂર્તિમંત શાંતિમંત્ર હોય એવો પુરોહિતરત્ન ભરતરાજા સાથે ચાલે છે. સૈન્યમાં દરેક નિવાસે દિવ્ય ભોજન સંપાદન કરવામાં સમર્થ ગ્રહપતિરત્ન જંગમ દાનશાળાની જેમ જાય છે. સ્કંધાવાર (=છાવણી) આદિ કર્મ સત્વર નિર્માણ કરવા માટે વિશ્વકર્માની જેમ સમર્થ વર્ધકિરત્ન (સુતાર) રાજાની સાથે ચાલે છે. ચક્રવર્તિની આખી છાવણી પ્રમાણ વિસ્તાર પામવાની શક્તિવાળા અત્યદ્ભુત ચર્મરત્ન અને છત્રરત્ન નીકળે છે. અંધકારને દૂર કરવા માટે સમર્થ, કાંતિ વડે સૂર્ય–ચંદ્ર સરખા મણિરત્ન અને કાકિણીરત્ન એ બંને રાજાની સાથે ચાલે છે,

તે પછી સેનાના સમૂહ વડે પરિવરેલો ચક્રવર્તિ ભરતેશ્વર, પ્રતિહારી જેમ પાછળ ચાલે તેમ ચક્રની પાછળ માર્ગમાં જાય છે. તે વખતે જ્યોતિષીઓની જેવા અનુકૂળ પવન વડે અને અનુકૂળ શકુનો વડે પણ તેનો સર્વ તરફથી દિગ્વિજય સૂચવાયો.

ખેડૂત જેમ હળ વડે પૃથ્વીને સરખી કરે, તેમ સૈન્યની આગળ જતો સુષેણ સેનાપતિ દંડરત્ન વડે વિષમ માર્ગને સરખો કરે છે. સૈન્યથી ઊડેલી રજ વડે મેઘ જેવું કરાયેલું આકાશ, રથમાં રહેલી ધ્વજાઓ વડે બગલીઓ સહિત હોય એવું લાગે છે. જેનો છેડો દેખાતો

નથી એવી ચક્રવર્તિની સેના સર્વ ઠેકાણે અસ્ખલિત ગતિવાળી બીજી ગંગા નદી હોય એવી દેખાય છે.

દિગ્વિજય મહોત્સવના કાર્ય માટે રથો ચિત્કાર શબ્દ વડે, અશ્વો હેષારવ વડે, હાથીઓ ગર્જારવ વડે પરસ્પર જાણે ત્વરા કરે છે.

સૈન્યની ઊડેલી ધૂળ વડે ઘોડેસ્વારોના ભાલા રજથી ઢાંકેલા સૂર્યના કિરણની જેમ હસતા હોય એમ પ્રકાશે છે. ભક્તિવાળા મુકુટબદ્ધ રાજાઓથી પરિવરેલો રાજાઓમાં હાથી સરખો જતો એવો તે ભરતરાજા સામાનિક દેવોથી પરિવરેલા ઈંદ્રની જેમ શોભે છે.

તે ચક્ર યોજનપ્રમાણ પ્રયાણ વડે જઈને ઊભું રહે છે, તેથી તેના પ્રમાણના અનુમાનથી યોજનનું માન થાય છે. તે પછી યોજનપ્રમાણ પ્રયાણ વડે જતો ભરતરાજા કેટલાક દિવસે ગંગાના દક્ષિણકાંઠે પહોંચે છે. ત્યાં ભરતરાજા નિરંતર વિવિધ પોતાના સૈન્યના નિવાસ વડે ગંગાતટની વિશાળ ભૂમિને સાંકડી કરતો વિસામો કરે છે.

તે વખતે ગંગાનદીના કિનારાની ભૂમિ મદઝરતા હાથીના મદજળ વડે વર્ષાકાળની જેમ કાદવવાળી થાય છે. ગંગાનદીના નિર્મળ પ્રવાહમાં હાથીઓ, સમુદ્રમાં જેમ મેઘ પાણી લે, તેમ સ્વેચ્છાપૂર્વક પાણી લે છે. વારંવાર અતિશય વેગ વડે કૂદતા ઘોડાઓ તરંગના ભ્રમને આપતા ત્યાં સ્નાન કરે છે. પરિશ્રમથી અંદર પ્રવેશ કરેલા હાથી, ઘોડા, પાડા અને બળદો વડે ચારે તરફથી તે નદી નવા

મગરમચ્છ ઉત્પન્ન થયા હોય એવી કરાય છે. કિનારે રહેલા રાજાને શીઘ્ર અનુકૂળ થવા માટે ઇચ્છતી હોય તેમ ગંગાનદી તરંગમાંથી ઉત્પન્ન થયેલા જળકણ વડે સેનાના પરિશ્રમને દૂર કરે છે. રાજાની મોટી સેના વડે સેવાતી ગંગા પણ શત્રુના યશની જેમ એકદમ કૃશ થાય છે. ગંગાના કાંઠે ઉત્પન્ન થયેલાં દેવદારુનાં વૃક્ષો તેના સૈન્યના હાથીઓને યત્ન વિના બંધનસ્તંભપણાને પામે છે. તે જ વખતે મહાવતો હાથીઓને માટે પીપર–સલ્લકી–કર્ણિકાર અને ઉંબરાનાં પાંદડાંઓને કુહાડા વડે કાપે છે. પંક્તિબદ્ધ થયેલા હજારો અશ્વો ઉંચા કર્ણપલ્લવવડે તોરણો કરતા હોય તેમ શોભે છે. અશ્વપાલકો બંધુની માફક અશ્વોની આગળ વેગથી મઠ–મગ–ચણા અને જવ વગેરે સ્થાપન કરે છે. વિનીતાનગરીની માફક તે છાવણીમાં તે વખતે ચત્વર, ત્રિક અને હાટોની પંક્તિઓ છે. સુંદર વસ્ત્રથી બનાવેલા ગૂઢ મોટા મજબૂત તંબૂઓ વડે સારી રીતે રહેલા સર્વ સૈનિકો પ્રથમના પોતાના પ્રાસાદોને યાદ કરતા નથી. સૈન્યોને કંટકશોધનનું કાર્ય બતાવતાં હોય એમ ઊંટો શમી–બોરડી–બાવલ સરખા કાંટાવાળા વૃક્ષોને ખાય છે. રેતીમય ગંગાનદીના કિનારાના પ્રદેશમાં વેસરો (ખચ્ચરો) સ્વામીની આગળ ચાકરની જેમ આળોટે છે.

કેટલાક માણસો કાષ્ઠ લાવે છે, કેટલાક નદીનું પાણી, કેટલાક ઘાસના ભારા, કેટલાક શાકફળ લાવે છે.

કેટલાક ચૂલોને ખોદે છે, કેટલાક ચોખા ખાંડે છે, કેટલાક અગ્નિ સળગાવે છે, કેટલાક ભાત રાંધે છે, કેટલાક ત્યાં પોતાના ઘરની જેમ નિર્મળ પાણીથી એક ઠેકાણે સ્નાન કરે છે, સ્નાન કરેલા કેટલાક પોતાને સુગંધી ધૂપવડે સુવાસિત કરે છે. આગળ જમતાં છે સૈનિકો જેને એવા કેટલાક ઇચ્છા મુજબ જમે છે. કેટલાક સ્ત્રીઓની સાથે વિલેપન વડે અંગને વિલેપન કરે છે. ક્રીડામાત્રથી સર્વ અર્થ જ્યાં પ્રાપ્ત થાય છે એવી ચક્રવર્તિની છાવણીમાં કોઈ પણ પોતાને જરા પણ સૈન્યમાં આવ્યા હોય એમ માનતા નથી.

## દિગ્યાત્રામાં માગધતીર્થનો અધિકાર

તે અહોરાત્રિ વ્યતીત થયે છતે પ્રભાતકાળે ફરીથી ચક્રરત્ન અને ચક્રવર્તિ પણ એક યોજન જાય છે. આ પ્રમાણે દિવસે દિવસે યોજનપ્રમાણ પ્રયાણ વડે જતો ચક્રને અનુસરતો ચક્રવર્તિ માગધતીર્થ પાસે આવે છે.

પૂર્વસમુદ્રને કાંઠે ભરતરાજા નવ યોજન વિસ્તારવાળી અને બાર યોજન લાંબી છાવણી સ્થાપન કરે છે, ત્યાં વર્ધકિરત્ન સર્વ સૈન્યોના આવાસ કરે છે તેમ જ ધર્મ-રૂપી અદ્વિતીય હસ્તિની શાળા હોય એવી પૌષધશાળા બનાવે છે.

રાજા પૌષધશાળામાં અનુષ્ઠાન કરવા માટે પર્વત ઉપરથી જેમ સિંહ ઉતરે તેમ હાથીના સ્કંધ ઉપરથી ઉતરે છે. પૌષધશાળામાં જઈ ને ત્યાં ભરતરાજા સંયમસામ્રાજ્યની

લક્ષ્મીના સિંહાસન જેવા નવા દર્ભના સંથારાને વાપરે છે, માગધતીર્થકુમારદેવને મનમાં કરીને તે અર્થસિદ્ધિના પ્રથમ દ્વાર સમાન અટ્ઠમભક્તને સ્વીકારે છે. શ્વેત વસ્ત્રો પહેરી, છોડી દીધા છે નેપથ્યમાળા અને વિભૂષણ જેણે એવો તે પુણ્યનું પોષણ કરવામાં ઔષધ સમાન એવા પૌષધવ્રતને ગ્રહણ કરે છે. તે દર્ભના સંથારામાં પૌષધમાં જાગતો તે રાજા મોક્ષપદમાં સિદ્ધની જેમ નિશ્ચલ રહે છે. અટ્ઠમતપને અંતે પૂર્ણ કર્યો છે પૌષધ જેણે એવો તે રાજા પૌષધશાળામાંથી શરદ્‌ઋતુના વાદળામાંથી સૂર્યની જેમ અધિક કાંતિવાળો નીકળે છે. તે પછી સ્નાન કરીને સર્વ અર્થને સંપાદન કરવામાં કુશળ એવો તે રાજા વિધિપૂર્વક બલિવિધિ કરે છે. 'વિધિને જાણનારા વિધિને ક્યારે પણ ભૂલતા નથી.

જંગમ પ્રાસાદની જેમ, ઊંચા પતાકા–ધ્વજ અને સ્તંભવાળા, શસ્ત્રાગારની જેમ અનેક શસ્ત્રોની શ્રેણિથી વિભૂષિત, ચાર દિશાની વિજયલક્ષ્મીને બોલાવવા માટે જાણે મોટેથી ટણત્કાર કરનાર સુંદર ચાર ઘંટડીઓને ધારણ કરનાર, પવનની જેવા વેગવાળા, સિંહની જેવા ધીર એવા અશ્વો વડે જોડાયેલા રથમાં રથિઓમાં શ્રેષ્ઠ એવો ભરતરાજા બેસે છે.

ઈંદ્રના માતલિ સારથિ જેવો રાજાના ભાવવિશેષને જાણનાર સારથિ દોરી ચલાવવા માત્રથી અશ્વોને ચલાવે છે.

મહાગજરૂપી પર્વતના સમૂહવાળો, મહાશકટ

(= ગાડા) રૂપી મગરના સમૂહવાળો, ચપલ અશ્વરૂપી તરંગવાળો, વિવિધ શસ્ત્રરૂપી સર્પો વડે ભયંકર, ઉછળતી પૃથ્વીની રજરૂપી વેલાવાળો, રથના નિર્ઘોષરૂપી ગર્જનાવાળો ભરતરાજા બીજા સમુદ્રની જેમ સમુદ્ર તરફ જાય છે.

તે પછી ત્રાસ પામેલા મગરના સમૂહના શબ્દ વડે વૃદ્ધિ પમાડચો છે જળનો અવાજ જેણે એવો તે, રથ વડે સમુદ્રના નાભિપ્રમાણ જળ સુધી અવગાહન કરે છે.

તે પછી એક હાથને ધનુષ્યની મધ્યમાં અને બીજા હાથને દોરી ચઢાવવાના સ્થાનને વિષે સ્થાપન કરીને તે, પંચમીના ચંદ્રને વિડંબના કરનારા ધનુષ્યને દોરી ઉપર ચઢાવેલું કરે છે.

ભરતેશ્વર હાથ વડે ધનુષ્યની દોરીને કાંઈક ખેંચીને ધનુર્વેદના ઓંકારની જેમ મોટેથી ટંકાર કરાવે છે. તે પછી રાજા પાતાળના દ્વારમાંથી નીકળતા નાગરાજનું અનુકરણ કરતા પોતાના નામથી અંકિત બાણને ભાથામાંથી ખેંચે છે. સિંહની અંગુલી સરખી મુષ્ટિ વડે પુંખના અગ્રભાગમાં ધારણ કરીને શત્રુના વજ્રદંડની જેમ બાણને ધનુષ્યની દોરીમાં સ્થાપન કરે છે. સુવર્ણના કર્ણના આભૂષણના કમળનાળની શોભાને ધારણ કરનારા તે સુવર્ણના તે સુવર્ણના બાણને કાન સુધી તે ખેંચે છે. રાજાના ફેલાતા નખરૂપી રત્નના કિરણરૂપી ભાઈઓ વડે વીંટાયેલા ધનુષ્યના મધ્યભાગમાં રહેલ, દેદીપ્યમાન તે બાણ, યમરાજાના ફેલાયેલા મુખમાં ચાલતી એવી જીભની લીલાને

ધારણ કરે છે. ધનુષ્યમંડળના મધ્યમાં રહેલો તે મધ્યમ પૃથ્વીપતિ મંડળની અંદર વર્તતા સૂર્યની જેમ ભયંકર લાગે છે. તે વખતે 'મને સ્થાનથી ચલાયમાન કરશે અથવા મારો નિગ્રહ કરશે' એ પ્રમાણે જાણે ચિંતાતુર થયો હોય એમ લવણસમુદ્ર ક્ષોભ પામ્યો.

હવે રાજા નાગકુમાર–અસુરકુમાર અને સુવર્ણકુમાર આદિ દેવો વડે બાહ્ય–મધ્ય–મુખ અને પુંખભાગને વિષે સર્વદા અધિષ્ઠિત, શિક્ષા આપવામાં ભયંકર આજ્ઞા કરનાર દૂતની જેવા મહાબાણને માગધતીર્થના સ્વામી તરફ વિસર્જન કરે છે. પ્રચંડ પાંખના સૂત્કાર શબ્દથી વાચાલિત કરેલ છે ગગનાંગણને જેણે, એવું તે બાણ ગરુડની માફક તત્કાલ નીકળે છે. તે વખતે રાજાના ધનુષ્યમાંથી નીકળતું તે બાણ મેઘમાંથી વીજળીના દંડની જેમ, આકાશમાંથી ઉલ્કાપાતની જેમ, અગ્નિના તણખાની જેમ, તાપસમાંથી તેજોલેશ્યાની જેમ, સૂર્યકાંતમણિમાંથી અગ્નિની જેમ, ઇંદ્રના હાથમાંથી વજ્રની જેમ શોભે છે.

તે બાણ ક્ષણવારમાં બાર યોજન ઉલ્લંઘન કરીને માગધપતિની સભામાં હૃદયમાં શલ્યની જેમ પડે છે. તે વખતે અકસ્માત્ તે બાણ પડવાથી માગધતીર્થનો અધિપતિ દંડના પ્રહાર વડે નાગની જેમ અત્યંત કોપાયમાન થાય છે.

ભયંકર ધનુષ્યની જેમ ભ્રકુટીના યુગલનો વક્ર કરતો, સળગેલા અગ્નિકણની જેમ લાલચોળ નેત્રોને ધારણ કરતો,

ભસ્ત્રાપુટની જેમ નાસિકાપુટને વિકસિત કરતો, તક્ષક નાગરાજના અનુજની જેમ અધરદલને સ્ફુરાયમાન કરતો, આકાશતળમાં કેતુની જેમ કપાળમાં રેખાઓને ઘડતો, તે માગધતીર્થપતિ ગારુડિક જેમ સર્પને ગ્રહણ કરે તેમ જમણા હાથ વડે બાણને ગ્રહણ કરતો, ડાબા હાથ વડે શત્રુના ગાલની જેમ આસનને તાડન કરતો, વિષજ્વાળા સરખી વાણી બોલે છે :—

અરે અપ્રાર્થિક (મૃત્યુ)ની પ્રાર્થના કરનાર, પોતાને વીર માનનારા, અવિચારિત કાર્ય કરનારા કયા દુષ્ટ-બુદ્ધિવાળાએ અમારી આ સભામાં બાણ ફેંક્યું ? ઐરાવતના દાંત પાડીને તાડંક (= કાનનું આભૂષણ) કરવાને કોણ ઇચ્છે છે ? ગરુડની પાંખ વડે શિરોભૂષણ (છત્ર) કરવાને કોણ ઇચ્છે છે ? નાગરાજના મસ્તકની મણિમાળાને ગ્રહણ કરવા કોણ વિચારે છે ? અથવા સૂર્યના અશ્વોને હરણ કરવા માટે કોણ વિચારે છે ? પક્ષિરાજ (ગરુડ) જેમ સર્પના ગર્વને હરણ કરે તેમ તેના ગર્વને હું હરણ કરીશ. એમ બોલતો માગધપતિ વેગ વડે ઊઠે છે, બિલમાંથી સર્પની જેમ તે મ્યાનમાંથી ખડ્ગદંડને ખેંચે છે, ખેંચીને આકાશમાં ધૂમકેતુના ભ્રમને આપનાર તે તલવારને કંપાવે છે.

તે જ વખતે સમુદ્રની ભરતીની જેમ તેનો સઘળોય પરિવાર એકી સાથે કોપના આડંબરપૂર્વક ઊભો થાય છે. તે વખતે કેટલાક ખડ્ગ વડે આકાશને કાળી વીજળીમય

કરે છે, કેટલાક નિર્મળ વસુનંદ (ઉત્તમજાતિના ખડ્ગ) વડે અનેક ચંદ્રમય આકાશને કરે છે, કેટલાક આકાશમાં યમરાજાના દાંતોની શ્રેણીથી બનાવેલ હોય એવા ભાલાઓને ઉછાળે છે, કેટલાક અગ્નિની જીભ જેવા કુહાડાઓને ભમાવે છે, કેટલાક રાહુ સરખા ભયંકર છેડાવાળા મુદ્દગરને ગ્રહણ કરે છે, કેટલાક વજ્રની કિનારીવાળા પ્રચંડશૂલ શસ્ત્રને હાથમાં ધારણ કરે છે. બીજા યમદંડ સરખા પ્રચંડ એવા દંડોને ઉપાડે છે. કેટલાક શત્રુઓને તોડી નાખવાના કારણરૂપ હાથના આસ્ફોટને કરે છે, કેટલાક મેઘના અવાજની જેવા મોટા સિંહનાદને કરે છે, કેટલાક 'મારો મારો' કેટલાક 'પકડો પકડો' કેટલાક 'ઊભો રહે, ઊભો રહે,' કેટલાક 'જા જા' એમ બોલે છે.

આ પ્રમાણે જેટલામાં તેનો પરિવાર વિચિત્ર આરંભની ચેષ્ટાવાળો થયો, તેટલામાં મંત્રી તે બાણને સારી રીતે જુએ છે, તે મંત્રી તે બાણ ઉપર દિવ્ય મંત્રાક્ષરની જેમ મહાપરાક્રમવાળા ઉદાર અક્ષરોને જુએ છે તે આ પ્રમાણે—

**"रज्जेण जइ भे कज्जं, जीवियव्वेण वा जइ ।**
**कुणेह जो तओ सेवं, नियसव्वस्सदाणओ ॥"**

'જો તમારે રાજ્ય વડે પ્રયોજન હોય અથવા જો જીવિતવ્ય વડે પ્રયોજન હોય તો પોતાનું સર્વસ્વ આપવા વડે અમારી સેવા કરો.'

આ પ્રમાણે સુર-અસુર અને રાજાઓ વડે પૂજાયેલા શ્રી ઋષભસ્વામીનો પુત્ર આ ભરત ચક્રવર્તિ તમોને પ્રત્યક્ષ આદેશ કરે છે.

આ પ્રમાણે મંત્રી અક્ષરો જોઈને અવધિજ્ઞાન વડે તેને જાણીને સ્વામીને બાણ દેખાડતો મોટેથી આ પ્રમાણે બોલે છે—

અરે સર્વ રાજલોકો ! અવિચારી કાર્ય કરનારા, હિતબુદ્ધિથી સ્વામીના અહિતને કરનારા, પોતાને ભક્ત માનનારા તમોને ધિક્કાર થાઓ. આ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભસ્વામીના પુત્ર આ ભરત પ્રથમ ચક્રવર્તી છે, તે આ દંડ માગે છે, ઇંદ્રની જેમ પ્રચંડ શાસનવાળો તે તમારી ઉપર પોતાનું શાસન ધારણ કરાવવા ઇચ્છે છે, કદાચ સમુદ્ર શોષાઈ જાય, મેરુપર્વત પણ ઉપાડી શકાય, યમરાજાને પણ હણી શકાય, વજ્રને પણ દળી નંખાય, વડવાનળને પણ બુઝાવી દેખાય, તો પણ પૃથ્વીતળમાં ચક્રવર્તિને જીતી શકાય નહિ.

તેથી હે બુદ્ધિશાળી ! દેવ ! મંદ બુદ્ધિવાળા આ લોકને નિવારો, દંડ તૈયાર કરો અને ચક્રવર્તિને પ્રણામ કરો.

તે પછી તે માગધપતિ મંત્રીના તે વચનને સાંભળીને અને તે અક્ષરોને જોઈને ગંધહસ્તિની ગંધને સુંઘીને અન્ય હાથી જેમ શાંત થાય તેમ ઉપશાંત થાય છે.

તે પછી તે ઉપહાર અને તે બાણને ગ્રહણ કરીને

ભરતરાજા પાસે આવીને, પ્રણામ કરીને આ પ્રમાણે જણાવે છે—

હે સ્વામી! કમળવનને પૂર્ણિમાના ચંદ્રની જેવા હે રાજન્! આજે ભાગ્યયોગે તમે મારા દૃષ્ટિમાર્ગમાં પ્રાપ્ત થયા છો. જેમ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભસ્વામી વિજયવંત છે, તેમ પ્રથમ ચક્રવર્તિ એવા તમે પણ વિજય પામો.

ઐરાવણ સરખો બીજો કોઈ હાથી નથી, વાયુ સમાન બીજો કોઈ બળવાન નથી, આકાશથી બીજું કોઈ પ્રતિમાન નથી, તેમ તમારા સરખો જગત્‌માં બીજો કોઈ પ્રતિમલ્લ નથી.

કાન સુધી ખેંચાયેલા ધનુષ્યમાંથી નીકળેલું તમારું બાણ, ઇંદ્રના વજ્રની જેમ સહન કરવાને કોણ સમર્થ છે? પ્રમાદી એવા મારી ઉપર મહેરબાની કરીને તમે કર્તવ્ય જણાવવા માટે વેત્રિપુરુષ (દ્વારપાળ)ની જેમ આ બાણ મોકલ્યું. હે નાથ! હે પૃથ્વીનાથ શિરોમણિ! હવે પછી હું તમારી આજ્ઞાને મસ્તક ઉપર મુકુટની જેમ ધારણ કરીશ. હે સ્વામી! આ માગધતીર્થને વિષે તમારા વડે સ્થાપન કરાયેલો હું, તમારા પૂર્વ દિશાના વિજયસ્તંભની જેમ નિર્દંભ ભક્તિના સમૂહવાળો રહીશ. આ અમે, આ રાજ્ય અને આ સર્વ પરિવાર અને બીજું પણ જે કાંઈ છે તે તમારું જ છે. પોતાના સેવકની જેમ અમારા ઉપર શાસન કરો, એમ કહીને તે દેવ, ચક્રવર્તિને

તે બાણ, તે માગધતીર્થનું જળ, કિરીટ અને કુંડલને પણ આપે છે.

ભરતરાજા તેને સ્વીકારે છે, માગધપતિનો સત્કાર કરે છે, મહાપુરુષો ખરેખર સેવકજન ઉપર પ્રેમાળ હોય છે.

હવે રાજા રથને વાળીને તે જ માર્ગ વડે પોતાની છાવણીમાં ઇંદ્ર જેમ અમરાવતીમાં આવે તેમ આવે છે. રથમાંથી ઉતરીને અંગ ધોઈને પરિવાર સહિત ભરતરાજા અટ્ઠમ ભક્તનું પારણું કરે છે. તે પછી રાજા ચક્રની જેમ, નમેલા માગધપતિનો મહાઋદ્ધિ વડે અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. અષ્ટાહ્નિકા મહોત્સવ સમાપ્ત થયે છતે, સૂર્યના રથમાંથી નીકળેલ હોય એવું તેજ વડે પ્રચંડ એવું ચક્રરત્ન આકાશમાં ચાલે છે.

## દિગ્યાત્રામાં વરદામતીર્થનો અધિકાર

તે પછી ચક્ર દક્ષિણ દિશામાં વરદામતીર્થ તરફ ચાલે છે. ચક્રવર્તિ પણ પ્રાદિ ઉપસર્ગો ધાતુગણને અનુસરે તેમ તે ચક્રને અનુસરે છે. રાજા પ્રતિદિન યોજનમાત્ર પ્રયાણ વડે જતો, રાજહંસ જેમ માનસ સરોવરમાં જાય તેમ દક્ષિણ સમુદ્ર પાસે પહોંચે છે. ઘણા એલચી–લવંગલવલી અને કક્કોલવાળા સમુદ્રના કાંઠે સૈન્યોનો પડાવ નાખે છે. ત્યાં વર્ધકિ (સુતાર) પૂર્વની જેમ ચક્રવર્તિની આજ્ઞાથી સર્વ સૈન્યના આવાસ અને પૌષધશાળા રચે છે.

ભરતરાજા વરદામદેવને ચિત્તમાં કરીને અટ્ઠમતપને કરે છે. પૌષધઘરમાં પૌષધવ્રત ગ્રહણ કરે છે, પૌષધ પૂર્ણ થયે છતે રાજા પૌષધશાળામાંથી બહાર નીકળીને ધનુષ્યધારીઓમાં શ્રેષ્ઠ એવો તે કાલપૃષ્ઠ ધનુષ્ય ગ્રહણ કરે છે, ચારે તરફથી સુવર્ણરચિત, રત્નકોટિથી જડિત જયલક્ષ્મીના વાસગૃહ જેવા રથમાં તે ચઢે છે, દેવ વડે પ્રાસાદની જેમ તે મહારથ ઉદાર આકારને ધારણ કરનારા રાજા વડે અત્યંત શોભે છે, અનુકૂળ પવન વડે ચપળ ધ્વજાઓથી સુશોભિત કર્યું છે આકાશ જેણે એવો તે શ્રેષ્ઠ રથ સમુદ્રમાં યાનપાત્ર (વહાણ)ની જેમ પ્રવેશ કરે છે.

ત્યાં ચક્રનાભિપ્રમાણ સમુદ્રના જળમાં જઈને રથના અગ્રભાગમાં રહેલ સારથિ વડે અટકાવેલા અશ્વો વડે રથ ઊભો રહે છે.

તે પછી તે આચાર્ય જેમ શિષ્યને, તેમ રાજા ધનુષ્યને નમાવીને દોરી ઉપર ચઢાવેલું કરે છે, સંગ્રામનાટકના આરંભના નંદીના નિર્ઘોષ સરખા, કાળના આહ્વાનમંત્રની જેવા દોરીના ટંકારને તે કરે છે, ભાથામાંથી કપાળમાં કરેલા તિલકની લક્ષ્મીના શોભાને ધારણ કરનારા બાણને ખેંચીને રાજા ધનુષ્ય ઉપર સ્થાપન કરે છે. વક્ર કરેલા ધનુષ્યના મધ્યમાં ધૂંસરીના ભ્રમને કરનારા તે બાણને રાજા કર્ણપર્યંત લાવે છે, કર્ણ પાસે આવેલું 'હું શું કરું ?' એ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવામાં તે બાણને રાજા વરદામતીર્થના અધિપતિ તરફ વિસર્જન કરે છે.

પર્વતો વડે પડતા વજ્રના ભ્રમ વડે, સર્પો વડે ગરૂડના ભ્રમ વડે, સમુદ્ર વડે બીજા વડવાનળના ભ્રમ વડે જોવાતું તે બાણ આકાશને પ્રકાશિત કરતું, બાર યોજન જઈને વરદામપતિની પર્ષદામાં ઉલ્કાપાતની જેમ પડ્યું.

તે વખતે તે વરદામપતિ, શત્રુએ મોકલેલ ઘાત કરનારા પુરુષની જેમ આગળ પડેલા તે બાણને જોઈને કોપ કરે છે, ઉછળતા સાગરની જેમ ઉદ્‌ભ્રાન્ત ભ્રકુટીના તરંગવાળો વરદામપતિ પ્રચંડ વાણી બોલે છે:

આજે સૂતેલા સિંહને પગ વડે સ્પર્શ કરીને કોણે જગાડ્યો? યમરાજાએ આજે પત્ર વાંચવા માટે કોના ઉપર મોકલ્યો? તેને આ જ બાણ વડે હું મારું, એ પ્રમાણે વરદામરાજા ઊભા થઈને હાથ વડે તે બાણને ગ્રહણ કરે છે. તે પછી માગધપતિની જેમ તે વરદામપતિ ચક્રવર્તિના બાણ ઉપર તે અક્ષરો જુવે છે, સર્પ જેમ નાગદમણીને જોઈને શાંત થાય, તેમ તે અક્ષરો જોઈને વરદામપતિ પણ એકદમ ઉપશાંત થાય છે, અને આ પ્રમાણે કહે છે:— કૃષ્ણસર્પને લાત મારવા તૈયાર થયેલા દેડકાની જેમ, હાથીને સીંગડા વડે પ્રહાર કરવા ઇચ્છતા બળદની જેમ, દાંત વડે પર્વતને પાડી નાંખવા ઇચ્છતા હાથીની જેમ મંદબુદ્ધિવાળો હું ચક્રવર્તિ સાથે યુદ્ધ કરવાને ઇચ્છું છું. ભલે, હજુ કાંઈ પણ વિનાશ પામ્યું નથી એ પ્રમાણે બોલતો તે દિવ્ય ભેટણાં લેવા માટે પોતાના માણસોને આદેશ કરે છે.

તે પછી તે બાણ અને અતિઅદ્ભુત એવાં ભેટણાં લઈને તે, ઇંદ્ર જેમ ઋષભદેવ સ્વામી પાસે જાય તેમ, ભરતરાજા પાસે જાય છે. તે નમસ્કાર કરીને તેને આ પ્રમાણે કહે છે :– હે પૃથ્વીપતિ ! દૂતની માફક તમારા બાણ વડે બોલાવાયેલો હું અહીં આવ્યો છું. હે રાજન્ ! અહીં આવેલા તમારી પાસે હું જાતે આવ્યો નથી, તેથી અજ્ઞાની એવા મારા દોષને ક્ષમા કરો. કારણ કે અજ્ઞાનતા એ દોષને છુપાવે છે. થાકી ગયેલો જેમ આશ્રમને, તૃષાતુર જેમ પૂર્ણ સરોવરને પામે તેમ હે સ્વામી ! સ્વામીરહિત એવા મને તમે સ્વામી પ્રાપ્ત થયા છો. હે રાજન્ ! આજથી માંડીને તમારા વડે સ્થાપન કરાયેલો હું અહીં સમુદ્રની મર્યાદાને ધારણ કરનારા પર્વતની જેમ, તમારી મર્યાદાને ધારણ કરનારો રહીશ. એ પ્રમાણે કહીને ભક્તિના સમૂહથી ભરેલો તે ભરતરાજાની આગળ થાપણ તરીકે મૂકેલા હોય એવા તે બાણને સોંપે છે. તેમ જ સૂર્યની પ્રભા વડે ગૂંથ્યા હોય એવા, કાંતિથી પ્રકાશિત કર્યાં છે દિશાઓનાં મુખ જેણે એવા રત્નમય કંદોરાને તે ભરત-રાજાને આપે છે, તેમ જ ભરતરાજાની આગળ લાંબા સમયથી એકઠા કરેલા પોતાના યશના રાશિની જેવા ઉજ્જવળ મોતીઓના રાશિને ભેટ કરે છે, તેમ જ રાજાને, નિર્મળ ઉદ્યોતની કાંતિવાળા, રત્નાકરના સર્વસ્વની જેવા રત્નના ઢગલા ભેટ કરે છે.

રાજા તે સર્વ ગ્રહણ કરે છે. વરદામપતિ ઉપર

અનુગ્રહ કરીને તેને પોતાના કીર્તિકારકની જેમ ત્યાં જ સ્થાપન કરે છે. તે પછી વરદામપતિ પ્રસન્નતાપૂર્વક બોલાવીને, વિસર્જન કરીને વિજયવંત એવો રાજા પોતાની છાવણીમાં આવે છે. રથ ઉપરથી ઉતરીને, સ્નાન કરીને તે રાજમૃગાંક અષ્ટમભક્તને અંતે પરિવાર સાથે પારણું કરે છે, તે પછી તે વરદામપતિનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે, 'મોટા પુરુષો લોકમાં મહત્ત્વ આપવા માટે પોતાના માણસનું સન્માન કરે છે.

## દિગ્યાત્રામાં પ્રભાસતીર્થનો અધિકાર

તે પછી પરાક્રમ વડે બીજા ચંદ્રની જેવો તે ચક્રવર્તિ ચક્રને અનુસરતો પશ્ચિમ દિશામાં પ્રભાસ સન્મુખ ચાલે છે, છિદ્રરહિત સૈન્યની રજવડે આકાશ–પૃથ્વીને ભરી દેતો તે કેટલાક પ્રમાણો વડે પશ્ચિમ સમુદ્ર પાસે પહોંચે છે. સોપારી–તાંબૂલી ( નાગરવેલ ) અને નાળીયેરના વનથી વ્યાપ્ત સમુદ્રના પશ્ચિમ કાંઠે છાવણી સ્થાપે છે, ત્યાં રાજા પ્રભાસપતિને ઉદ્દેશીને અષ્ટમભક્ત કરે છે, પૂર્વની જેમ પૌષધશાળામાં પૌષધ ગ્રહણ કરે છે, પૌષધ-વ્રત પૂર્ણ થયે રાજા રથમાં ચઢીને બીજા વરુણદેવની પેઠે સમુદ્રમાં પ્રવેશ કરે છે, ચક્રનાભિપ્રમાણ જળને ઓળંગીને રથ ઊભો રાખીને ધનુષ્યને દોરી ઉપર ચઢાવે છે, જય-લક્ષ્મીની ક્રીડા કરવાની વીણા સરખા ધનુષ્યની તંત્રીની જેમ ધનુષ્યની દોરીને હાથ વડે મોટેથી વગાડે છે, સમુદ્રના વેત્રદંડની જેમ ભાથામાંથી બાણને ખેંચે છે,

આસન ઉપર અતિથિને બેસાડે તેમ રાજા તે બાણને ધનુષ્યને વિષે સ્થાપન કરે છે, તે પછી રાજા સૂર્યના બિંબમાંથી ખેંચેલા એક કિરણની પેઠે તે બાણને પ્રભાસ સન્મુખ ફેંકે છે. કિરણો વડે આકાશને પ્રકાશ કરતું તે બાણ વાયુની જેવા વેગવડે સમુદ્રમાં બાર યોજન ઓળંગીને પ્રભાસપતિની સભામાં પડે છે.

બાણને જોઇને તે પણ ક્રોધ પામ્યો, અને તેની ઉપર અક્ષરો જોઈને, બીજા રસને પ્રકટ કરનાર નટની જેમ એકદમ તે શાંત થાય છે, તે બાણ અને બીજાં ભેટણાંને પોતે જાતે ગ્રહણ કરીને પ્રભાસપતિ ભરતરાજા પાસે આવે છે, નમસ્કાર કરીને આ પ્રમાણે વિનંતિ કરે છે કે દેવ! આજે સ્વામી એવા તમારા વડે બોલાવાયેલો હું પ્રભાસ છું. 'સૂર્યનાં કિરણો વડે કમળો પ્રકાશિત થાય છે.'

હે પ્રભુ! હું પશ્ચિમદિશામાં તમારા સામંતરાજાની જેમ હું રહીશ. હે અવનીપતિ! સર્વદા હું તમારા શાસનને મસ્તકે ધારણ કરીશ. એમ કહીને પ્રભાસપતિ ભરતરાજાને પ્રથમ મોકલેલું તે બાણ આપે છે, તે પછી સાક્ષાત્ પોતાના તેજ જેવાં કડાં, કટિસૂત્ર (કંદોરો), ચૂડામણિ, ઉરોમણિ, અને સોનામહોરો રાજાને આપે છે. પૃથ્વીપતિ તેને આશ્વાસન આપવા માટે તે સર્વ ગ્રહણ કરે છે, 'પ્રથમ ભેટણું સ્વીકારવું તે પ્રભુના પ્રસાદનું ચિહ્ન છે' ક્યારામાં વૃક્ષની જેમ ત્યાં જ તેને સ્થાપન

કરીને વૈરીઓનું નિવારણ કરનારો ભરતરાજા ફરીથી છાવણીમાં આવે છે. તે વખતે તે તત્કાલ કલ્પવૃક્ષની જેમ ગૃહિરત્ન વડે લવાયેલા દિવ્ય ભોજન વડે અટ્ઠમતપનું પારણું કરે છે.

તે પછી રાજા પ્રભાસદેવના અષ્ટાહ્નિકા મહોત્સવને કરે છે, ખરેખર પ્રથમ સામંતમાત્રનો પણ સત્કાર કરવો તે ઉચિત છે.

તે પછી રાજા પ્રકાશ–દીપકને અનુસરે તેમ ચક્રને અનુસરતો સમુદ્રની દક્ષિણ દિશામાં સિંધુ મહાનદીના કાંઠે પહોંચે છે, તે જ નદીના પ્રવાહમાર્ગે પૂર્વસન્મુખ જઈને રાજા સિંધુદેવીના શયન સમીપે છાવણી સ્થાપન કરે છે.

તે સિંધુદેવીને મનમાં કરીને અઠ્ઠમતપ કરે છે, તેથી વાયુથી કંપાયમાન થયેલા તરંગની જેમ સિંધુદેવીનું આસન ચલાયમાન થાય છે, તે પછી તે અવધિજ્ઞાન વડે ચક્રવર્તિને આવેલા જાણીને ઘણા દિવ્ય ભેટણાં વડે તેનો સત્કાર કરવા માટે આવે છે, તે પછી આકાશમાં રહેલી તે 'જય જય' એ પ્રમાણે આશિષપૂર્વક કહે છે કે– 'તમારી દાસી જેવી થઈને હું અહીં રહું છું, આદેશ કરો, હું તમારું શું કરું?' એ પ્રમાણે કહીને તે લક્ષ્મી-દેવીના સર્વસ્વની જેમ, નિધાનોની પરંપરાની જેમ એક હજાર આઠ (૧૦૦૮) રત્નથી ભરેલા કુંભો તેમ જ કીર્તિ અને જયલક્ષ્મીને સાથે જ પરણવાને યોગ્ય બે

રત્નમય ભદ્રાસન, નાગરાજના શિરોરત્ન (મણિઓ)ને ઉદ્ધરીને બનાવેલ હોય એવા દેદીપ્યમાન મણિમય બાહુ-રક્ષક (=બાજુબંધ), મધ્યભાગમાં ખોદેલા સૂર્યના બિંબની શોભાવાળાં કડાં, કોમળ મુષ્ટિ વડે ગ્રહણ કરી શકાય એવાં દિવ્ય વસ્ત્રો રાજાને આપે છે.

સિંધુરાજ જેવો તે રાજા સિંધુદેવીના તે સર્વને સ્વીકારીને તેને પ્રસન્નતાપૂર્વક બોલાવવા વડે આનંદ પમાડીને વિસર્જન કરે છે.

હવે તે ભૂપતિશ્રેષ્ઠ નવા પૂર્ણિમાના ચંદ્ર સરખા સુવર્ણપાત્રમાં અટ્ઠમભક્તનું પારણું કરે છે.

તે પછી તે રાજા સિંધુદેવીનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને અગ્રગામી ચક્ર વડે દેખાડાતો છે માર્ગ જેને એવો આગળ ચાલે છે.

ભરતેશ્વર ઈશાન દિશામાં અનુક્રમે જતો બે ભરતાર્દ્ધની સીમાને ધારણ કરનાર વૈતાઢ્યપર્વત પાસે પહોંચે છે. તેના દક્ષિણ નિતંબ ભાગ ઉપર વિસ્તાર અને લંબાઈ વડે શોભતા વસ્ત્રની જેમ છાવણી સ્થાપે છે.

ત્યાં રાજા અટ્ઠમભક્ત કરે છે, તેથી વૈતાઢ્યગિરિકુમાર અવધિજ્ઞાનથી 'ભરતક્ષેત્રમાં આ પ્રથમ ચક્રી ઉત્પન્ન થયો છે' એમ જાણે છે.

હવે તે ત્યાં આવીને આકાશમાં રહ્યો થકો આ પ્રમાણે કહે છે. 'હે પ્રભુ! તમે જય પામો, જય પામો, આ હું તમારો સેવક છું, મારા ઉપર પ્રસન્ન થાઓ.'

એ પ્રમાણે કહીને કોશાધિપતિની જેમ મહામૂલ્ય રત્નો, રત્નાલંકારો, દેવદૂષ્ય વસ્ત્રો, તેમ જ પ્રતાપસંપત્તિના ક્રીડાઘર સરખાં ઘણાં કલ્યાણકારક ભદ્રાસનો આપે છે.

રાજા તેનું તે સર્વ ગ્રહણ કરે છે. 'સેવકના અનુગ્રહ માટે આસક્તિ વગરના એવા પણ સ્વામી ઉપહારને ગ્રહણ કરે છે.'

હવે રાજા તેની સાથે વાતચીત કરીને તેને આદર-પૂર્વક વિસર્જન કરે છે. 'મહાપુરુષો આશ્રય કરનાર સામાન્યજનનો પણ અનાદર કરતા નથી.' તે પછી પૃથ્વીપતિ અટ્ઠમતપનું પારણું તેમ જ વૈતાઢ્યગિરિદેવના અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે.

તે પછી ચક્રરત્ન તમિસ્રા ગુફાને ઉદ્દેશીને ચાલે છે, રાજા પણ પદાન્વેષક (= પગી)ની જેમ તેની પાછળ ચાલે છે, અનુક્રમે તમિસ્રાગુફાની પાસે આવીને રાજા પર્વતની નીચે ઉતરેલા વિદ્યાધરના નગરોની જેવા સૈન્યોના પડાવને સ્થાપન કરે છે.

## કૃતમાલદેવનો અધિકાર

હવે રાજા કૃતમાલ દેવને મનમાં કરીને અટ્ઠમ તપ કરે છે, અને તે દેવનું આસન ચલાયમાન થાય છે. તે અવધિજ્ઞાનથી ચક્રવર્તિને આવેલા જાણીને લાંબાકાળે આવેલા ગુરુની જેમ તે અતિથિનો સત્કાર કરવા માટે આવે છે. 'હે સ્વામી! આ તમિસ્રાગુફાના દ્વારને વિષે તમારા દ્વારપાળની જેવો હું છું' એ પ્રમાણે બોલતો

મહીપતિની સેવા સ્વીકારીને તે, સ્ત્રીરત્નને ઉચિત શ્રેષ્ઠ ચૌદ તિલક અને દિવ્ય આભરણોનો સમૂહ આપે છે, રાજા તે સર્વ ગ્રહણ કરે છે. 'કૃતાર્થ એવા પણ રાજા દિગ્‌વિજયની લક્ષ્મીના ચિહ્નરૂપ દિગ્દંડનો ત્યાગ કરતા નથી.'

અત્યંત પ્રસન્નતાપૂર્વક રાજાએ તેને બોલાવીને અધ્યયનને અંતે ઉપાધ્યાય જેમ શિષ્યને વિસર્જન કરે તેમ તેને વિસર્જન કરે છે.

જુદા થયેલા પોતાના અંશ હોય એવા, ભૂમિ ઉપર સ્થાપન કર્યાં છે પાત્ર જેણે એવા ભોજન કરતા રાજાઓ સાથે તે પારણું કરે છે. તે પછી તે કૃતમાલદેવનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. 'નમસ્કાર વડે વશ કરાયેલ સ્વામી શું કરતા નથી?'

## સિંધુનદીના સામે કાંઠે રહેલા મ્લેચ્છો ઉપર વિજય

અન્યદા પૃથ્વીપતિ સુષેણ નામના સેનાપતિને બોલાવીને, ઇંદ્ર જેમ હરિણૈગમેષિ દેવને આદેશ કરે, તેમ આદેશ કરે છે. તું ચર્મરત્ન વડે સિંધુનદીને ઉતરીને સિંધુ–સમુદ્ર અને વૈતાઢ્યની સીમાને ધારણ કરનારા દક્ષિણ સિંધુ નિષ્કૂટને સાધ, ત્યાં મ્લેચ્છોને બોરડીના વનની પેઠે આયુધરૂપી લાકડીઓ વડે તાડન કરીને આશ્ચર્યકારી ચર્મરત્નના સર્વસ્વ ફળને ગ્રહણ કર.

તે પછી તે સેનાધિપતિ જાણે ત્યાં જ ઉત્પન્ન થયો હોય તેમ જળ અને સ્થળમાં ઉત્પન્ન થયેલ ઊંચા અને

નીચા ભાગોના અને બીજાં કઠણ સ્થળોના માર્ગને જાણનારો, પરાક્રમ વડે સિંહ જેવો, તેજ વડે સૂર્ય જેવો, બુદ્ધિના ગુણો વડે બૃહસ્પતિ સરખો, સંપૂર્ણ લક્ષણવાળો, સર્વ મ્લેચ્છ ભાષાને જાણનારો, સ્વામીની આજ્ઞાને પ્રસાદની જેમ મસ્તકે અંગીકાર કરે છે.

ભરતરાજાને પ્રણામ કરીને પોતાના આવાસે આવીને પોતાના પ્રતિબિંબ જેવા સામંત વગેરેને પ્રયાણ માટે આદેશ કરે છે.

હવે તે સ્નાન કરીને, બલિ(પૂજા) કર્મ કરી, મહામૂલ્યવાળા અલ્પ ભૂષણવાળો, બખ્તર ધારણ કરી, કર્યું છે પ્રાયશ્ચિત્ત કૌતુકમંગલ જેણે એવો, જયલક્ષ્મીને ભેટવા માટે નાંખેલી બાહુલતાની જેમ દિવ્યરત્નના આભૂષણને કંઠમાં ધારણ કરતો, પટ્ટહસ્તિની જેમ ચિહ્ન પટ્ટ વડે શોભતો, મોટેથી ગ્રહણ કર્યાં છે શસ્ત્રોને જેણે એવો, કટિભાગમાં મૂર્ત સ્વરૂપવાળી શક્તિની જેવી છરીને ધારણ કરતો, યુદ્ધ કરવા માટે પીઠને વિષે વિકૂર્વેલા બાહુદંડની જેવા મોટા સરળ આકૃતિવાળા સુવર્ણમય બે ભાથાને ધારણ કરતો, ગણનાયક–દંડનાયક–શ્રેષ્ઠિ–સાર્થવાહ–સંધિપાલ અને ચર પુરુષ આદિ વડે યુવરાજની જેમ પરિવરેલો તે સેનાધિપતિ નિશ્ચલ છે અગાસન જેનું એવો તે, તે આસનની સાથે જ ઉત્પન્ન થયો હોય તેમ, પર્વતની જેવા ઊંચા ગજરત્ન ઉપર ચઢે છે.

શ્વેત છત્ર અને ચામરો વડે શોભતો દેવની ઉપમા-

વાળો તે ચરણના અંગુઠાની સંજ્ઞા વડે હાથીને ચલાવે છે. ભરતરાજાના અર્ધ સૈન્ય સાથે સિંધુનદીના કાંઠે જઈને ઉછળેલી ધૂળ વડે સેતુબંધ કરતો હોય તેમ ત્યાં રહે છે.

જેને સ્પર્શ કરવાથી બાર યોજના સુધી વધે છે, જેને વિષે પ્રભાત સમયે વાવેલાં ધાન્યો દિવસને અંતે ઉત્પન્ન થાય છે, અને જે નદી–દ્રહ–સમુદ્રના પાણી ઉપર તરવા માટે સમર્થ છે, તે ચર્મરત્નને સેનાપતિ હસ્ત વડે સ્પર્શ કરે છે, તે ચર્મરત્ન પાણી ઉપર નાંખવાથી તૈલની જેમ કુદરતી પ્રભાવથી બંને કાંઠે વિસ્તાર પામે છે.

તે પછી તે સેનાપતિ તે ચર્મરત્ન વડે સેનાની સાથે માર્ગની જેમ ઉતરીને નદીના સામે કાંઠે પહોંચે છે. સિંધુનદીના તે સર્વ દક્ષિણ નિષ્કૂટને સાધવા માટે ઇચ્છતો તે સેનાપતિ ત્યાં કલ્પાંતકાળના સમુદ્રની જેમ વિસ્તાર પામે છે. તે પછી ધનુષ્યના અવાજની ગર્જના વડે ભયંકર રણમાં ઉત્સુક સિંહની જેમ ક્રીડા માત્રથી જ સિંહલ દેશના લોકોને પરાજય પમાડે છે. બર્બરલોકોને મૂલ્યથી ગ્રહણ કરેલા ચાકરની જેમ વશ કરે છે, ટંકણ લોકોને અશ્વની જેમ રાજચિહ્નવડે અંકિત કરે છે, જળરહિત રત્નાકરની જેવા રત્ન–માણિક્યથી ભરેલા યવનદ્વીપને તે નરસિંહ લીલામાત્રથી જીતે છે, તે કાલમુખ મ્લેચ્છોને તેવી રીતે જીતે છે કે જેથી ન ખાવા છતાં પણ તેઓ મુખમાં પાંચેય આંગળીઓ નાંખે છે.

તે વિસ્તાર પામતે છતે ચોનક નામના મ્લેચ્છો

પવનથી વૃક્ષના પલ્લવની જેમ પરાઙ્‌મુખ થાય છે. બીજી પણ વૈતાઢ્યપર્વતની નજીક રહેલી મ્લેચ્છ જાતિઓને તે ગારુડિક જેમ સર્પની જાતિઓને જીતે તેમ જીતે છે.

પ્રૌઢ પ્રતાપના વિસ્તારવાળો, કોઈએ નિવાર્યા વિના ફેલાતો તે સેનાપતિ સૂર્ય જેમ આકાશ ઉપર આક્રમણ કરે તેમ કચ્છદેશની ભૂમિ પર આક્રમણ કરે છે. આ પ્રમાણે સિંહ જેમ વનને, તેમ સર્વ નિષ્કૂટ ઉપર આક્રમણ કરીને, કચ્છદેશના માર્ગની ભૂમિ વડે તે સેનાપતિ સ્વસ્થ થઈને ઊભો રહે છે.

ત્યાં મ્લેચ્છ રાજાઓ વિચિત્ર ભેટણાંઓ સાથે ભક્તિપૂર્વક સ્ત્રીઓ જેમ પ્રિય પાસે આવે તેમ સેનાપતિ પાસે આવે છે. કેટલાક સુવર્ણગિરિના શિખર સરખા રત્ન–સુવર્ણના ઢગલા આપે છે, કેટલાક ચાલતા વિંધ્યપર્વત જેવા હાથીઓ આપે છે, કેટલાક સૂર્યના ઘોડાઓનું ઉલ્લંઘન કરે એવા ઘોડાઓ, કેટલાક અંજનથી બન્યા હોય એવા દેવરથ સરખા રથોને, અને બીજું પણ ત્યાં જે સારભૂત હોય તે સર્વ તેને આપે છે. 'પર્વતમાંથી નદી વડે ખેંચાયેલું રત્ન રત્નાકરમાં જાય છે.'

તે પછી તે સર્વ સેનાપતિને કહે છે– 'હવે પછી અમે તમારા સેવકની જેમ આદેશ કરનારા પોત–પોતાના દેશમાં રહીશું.' તે પછી તે સેનાપતિ યથાયોગ્યપણે તે સર્વ રાજાનો સત્કાર કરીને વિસર્જન કરે છે. પૂર્વની જેમ સિંધુનદીને સુખપૂર્વક ઉતરીને કીર્તિરૂપી વેલડીના દોહદ

જેવા મ્લેચ્છો પાસેથી લવાયેલા સર્વ દંડને દંડનાયક ચક્રવર્તિની આગળ મૂકે છે.

હવે ચક્રવર્તિ વડે પ્રસાદ વડે તે સેનાપતિ સત્કાર કરાયો અને પછી વિસર્જન કરાયેલો તે હર્ષિત થઈ પોતાના આવાસમાં આવે છે. ભરતરાજા અયોધ્યાની જેમ ત્યાં રહે છે. 'સિંહ જ્યાં જાય છે ત્યાં તે જ પોતાનું સ્થાન થાય છે.'

### તમિસ્રાગુફાના દ્વારનું ઉદ્ઘાટન

એક વખત રાજા સેનાપતિને બોલાવીને આદેશ કરે છે કે– 'તમિસ્રાગુફાનાં બે કમાડને ઉઘાડો.' આ પ્રમાણે સાંભળીને સેનાપતિ રાજાની આજ્ઞાને માળાની જેમ મસ્તકે ગ્રહણ કરીને તમિસ્રાગુફાની નજીક જઈને ઊભો રહે છે.

હવે ત્યાં કૃતમાલદેવને મનમાં કરીને તે સેનાપતિ અટ્ઠમ તપ કરે છે. 'ખરેખર સર્વ સિદ્ધિઓ તપરૂપી મૂલવાળી હોય છે.' અટ્ઠમ તપ પૂર્ણ થશે તે સેનાપતિ સ્નાન કરીને બે શ્વેત વસ્ત્રને ધારણ કરનારો સ્નાનગૃહમાંથી સરોવરમાંથી રાજહંસની જેમ નીકળે છે. તે પછી ક્રીડા કરવાના સુવર્ણકમળની જેમ સુવર્ણનિર્મિત ધૂપધાણાને હાથ વડે પકડીને તમિસ્રાગુફાના દ્વાર પાસે પહોંચે છે. ત્યાં બન્ને કમાડને જોઈને તે પ્રણામ કરે છે. 'શક્તિમંત એવા પણ મહાપુરુષો પ્રથમ શામનીતિનો પ્રયોગ કરે છે.'

ત્યાં તે વૈતાઢ્ય પર્વત ઉપર ફરતી વિદ્યાધરસ્ત્રીઓના

સ્તંભનના ઔષધ સરખા અષ્ટાહ્નિકા મહોત્સવને મોટી ઋદ્ધિ વડે કરે છે.

તે પછી તે સેનાપતિ મંત્રવાદી જેમ મંડલ આલેખે, તેમ અખંડ તંદુલ વડે મંગળના કારણરૂપ આઠ મંગળ આલેખે છે. આલેખન કરીને ઇંદ્રના વજ્રની જેવા, વૈરીનો વિનાશ કરનારા ચક્રવર્તિના દંડરત્નને પોતાના હાથે ઉપાડે છે. બન્ને કમાડને પ્રહાર કરવા ઇચ્છતો તે સાત–આઠ પગલાં ખસે છે, 'ગજેન્દ્ર પણ પ્રહાર કરતાં પહેલાં કાંઈક ખસે છે જ !' ખસીને વાજિંત્રની જેમ તે કંદરાને મોટેથી ગજાવતો સેનાપતિ ત્રણવાર તે દંડ વડે બન્ને કમાડને તાડન કરે છે.

તે વખતે વૈતાઢ્ય પર્વતના અત્યંત મીંચાઈ ગયેલા નેત્રોની જેવાં વજ્રથી બનેલાં તે બન્ને કમાડો ઊઘડે છે. તે દંડના તાડનથી ઊઘડતી વખતે તડ–તડ શબ્દ કરતાં તે બંને કમાડો જાણે મોટેથી આક્રંદ કરે છે !

સેનાપતિ ઉત્તર ભરતખંડના જયપ્રસ્થાનના મંગલરૂપ તે કમાડ ઉઘડવાના સમાચાર ચક્રવર્તિને જણાવે છે. હવે ભરતરાજા ચંદ્રની જેમ પ્રૌઢ પરાક્રમવાળા હસ્તિરત્ન ઉપર બેસી તમિસ્રાગુફામાં આવે છે.

## મણિરત્ન અને કાકિણીરત્નનું વર્ણન

શિખાબંધનની જેમ મસ્તક ઉપર રહેલા જેના વડે કયારે ય તિર્યંચ–મનુષ્ય અને દેવોથી ઉત્પન્ન થયેલા ઉપસર્ગો થતા નથી, જેનાથી અંધકારની જેમ સમસ્ત

દુઃખ નાશ પામે છે, જેના વડે શસ્ત્રઘાતની જેમ રોગો સમર્થ થતા નથી, તે હજાર યક્ષ વડે અધિષ્ઠિત, ચાર આંગળના પ્રમાણવાળા, સૂર્યની જેમ ઉદ્યોત કરનારા મણિરત્નને ભરતરાજા ગ્રહણ કરે છે.

હાથીના જમણા કુંભસ્થલ ઉપર પૂર્ણકળશ ઉપર સુવર્ણના ઢાંકણની જેમ તે મણિરત્નને સ્થાપન કરીને, શત્રુઓના નાશ કરનાર ચતુરંગ સેનાના સમૂહથી યુક્ત ચક્રને અનુસરતો સિંહની જેવો નરકેસરી ગુફાના દ્વારમાં પ્રવેશ કરતો તે રાજા આઠ સુવર્ણપ્રમાણ ષટ્પત્રની જેવી શોભાવાળા, બાર ખૂણાવાળા, સમતળવાળા માન–ઉન્માન અને પ્રમાણથી યુક્ત, એક હજાર યક્ષો વડે સર્વદા અધિષ્ઠિત, આઠ કર્ણિકાથી યુક્ત, બાર યોજન ભૂમિપર્યંત અંધકારનો નાશ કરનારા, અધિકરણી સરખા આકારવાળા, સૂર્ય–ચંદ્ર અને અગ્નિ સરખી પ્રભાવાળા ચાર અંગુલપ્રમાણ કાકિણીરત્નને ગ્રહણ કરે છે.

તે કાકિણીરત્ન વડે તે ગોમૂત્રિકાના ક્રમ વડે ગુફાના બન્ને પડખે યોજન–યોજનને અંતે એક એક યોજન સુધી ઉદ્યોત કરનારાં મંડલોને આળખતો જાય છે.

તે સર્વ મંડલો ત્યાં પાંચસો ધનુષ્યપ્રમાણવાળાં ઓગણપચાસ થયાં.

કલ્યાણકારક ચક્રવર્તિ પૃથ્વીતળ ઉપર જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી તે ગુફા ઉઘાડા મુખવાળી અને તે મંડલો સ્થાયી રહે છે.

ચક્રરત્નને અનુસરનારા ચક્રવર્તિની પાછળ ચાલનારી તે સેના મંડલોના તે પ્રકાશ વડે સ્ખલનારહિતપણે સુખપૂર્વક ચાલે છે.

તે વખતે ચક્રવર્તિની ચાલતી સેના વડે તે ગુફા અસુર આદિના સૈન્ય વડે રત્નપ્રભાના મધ્યભાગની જેવી લાગે છે, મંથનદંડવડે મંથનકળશની જેમ, અંદર ચાલતા સૈન્યના સમૂહ વડે તે ગુફા પ્રચંડ શબ્દવાળી થઈ, તે વખતે સંચાર વગરનો પણ ગુફાનો માર્ગ રથવડે સીમંતિત (= ખંડિત) થયો. એકદમ અશ્વોની ખુરી વડે ભાંગી ગયેલા કાંકરાવાળો નગરીના માર્ગ જેવો થયો. અંદર ગયેલા તે સૈન્યના લોક વડે તીર્યર્છાપણાને પામેલી તે ગુફા લોકનાળી જેવી થઈ.

## ઉન્મગ્ના અને નિમગ્ના નદી

હવે અનુક્રમે જતો ભરતરાજા તમિસ્રાગુફાના મધ્ય ભાગમાં નીચેના વસ્ત્ર ઉપર રહેલી કટિમેખલા (કંદોરા) જેવી ઉન્મગ્ના અને નિમગ્ના નામની નદીઓને પ્રાપ્ત કરે છે. દક્ષિણ અને ઉત્તર ભરતક્ષેત્રાર્ધમાંથી આવતા મનુષ્યોને નદીના બહાનાથી વૈતાઢ્ય પર્વત વડે આજ્ઞારેખા કરાઈ હોય એવી તે નદીઓ છે.

તેઓમાં ઉન્મગ્ના નદીમાં શિલા પણ તુંબીફળની જેમ ઊંચે આવે છે અને તરે છે, તેવી રીતે નિમગ્ના નદીમાં શીલાની જેમ તુંબીફળ પણ ડૂબી જાય છે.

તમિસ્રાગુફાની પૂર્વભીંતમાંથી નીકળેલી તે નદીઓ

પશ્ચિમભીંતના મધ્ય વડે જઈને સિંધુ નદી સાથે સંગમ પામે છે.

તે નદીઓ ઉપર વર્ધકિરત્ન વૈતાઢ્ય–ગિરિકુમારની એકાંતશય્યા જેવી દોષરહિત લાંબી પાગ (=માર્ગ–પૂલ) બાંધે છે. તે પણ ક્ષણવારમાં થાય છે. ચક્રવર્તિના વર્ધકિ (સુતાર) રૂપ ગેહાકારકલ્પવૃક્ષથી ખરેખર ઘર આદિ નિર્માણ કરવામાં કાલક્ષેપ થતો નથી.

સારી રીતે જોડાયેલા સાંધાવાળા ઘણા પાષાણ વડે કરાયેલી તે પાગ તેટલા મોટા પ્રમાણવાળા એક પત્થરથી ઘડી હોય એવી લાગે છે. હાથની જેમ સરખા તળવાળી, વજ્રની જેમ મજબૂત, તે પાગ ગુફાના દ્વારના કંમાડ વડે બનાવી હોય તેવી દેખાય છે.

સેના સહિત ચક્રવર્તિ સુખપૂર્વક દુસ્તર એવી પણ તે નદીઓ ઉતરે છે.

અનુક્રમે રાજા સેના સાથે જતો ઉત્તર દિશાના મુખ જેવા ગુફાના ઉત્તર દ્વારે પહોંચે છે.

તે ગુફાના કમાડો દક્ષિણધારના કમાડોના આઘાતના અવાજને સાંભળીને જાણે ભય પામ્યા હોય તેમ ક્ષણ-વારમાં પોતાની જાતે જ ઉઘડે છે.

તે વખતે ઉઘડતા તે કમાડો 'સરસર' એ પ્રમાણે શબ્દ વડે ચક્રવર્તિના સૈન્યને ગમનની પ્રેરણા કરતા હોય એવા જણાય છે.

ગુફાની પડખેની ભીંત સાથે તે કમાડો તેવી રીતે

ચોંટી જઇને રહ્યા કે જેથી ત્યાં પૂર્વે ન હોય તેમ તે કમાડો દેખાય છે.

## ગુફામાંથી બહાર નિર્ગમન

હવે પ્રથમ આકાશના મધ્યમાંથી સૂર્યની જેમ ચક્રવર્તિની આગળ ચાલતું ચક્ર ગુફાના મધ્યમાંથી નીકળે છે, તે પછી પાતાળના વિવર વડે બલીન્દ્રની જેમ, મોટા તે ગુફાના દ્વાર વડે રાજા નીકળે છે, તે પછી વિંધ્ય-પર્વતની ગુફા જેવી તે ગુફામાંથી નિઃશંક ક્રીડાગમન વડે શોભતા હાથીઓ નીકળે છે, સમુદ્રની મધ્યમાંથી નીકળતા સૂર્યના અશ્વની વિડંબના કરતા અશ્વો સુંદર રીતે ચાલતા ગુફામાંથી નીકળે છે. શ્રીમંતોના ઘરના મધ્ય ભાગ જેવી વૈતાઢચની ગુફામાંથી અક્ષત રથો પણ પોતાના અવાજ વડે આકાશને શબ્દમય કરતા નીકળે છે, તૂટી ગયેલા રાફડાના મુખમાંથી સર્પોની જેમ, ગુફાના મુખમાંથી મહાઓજસ્વી સૈનિકો પણ એકદમ નીકળે છે.

આ પ્રમાણે ભરતરાજા વૈતાઢચ પર્વતની પચાસ યોજન લાંબી તે ગુફાને ઓળંગીને ઉત્તરભરતક્ષેત્રને જીતવા માટે પ્રવેશ કરે છે.

ત્યાં આપાત નામના કિરાતો (ભીલ્લો) ભૂમિ ઉપર રહેલા દાનવની જેમ અત્યંત મદવાળા, પૈસાદાર મહા-ઓજસ્વી કાંતિવાળા વસે છે. તે નિરંતર મહાપ્રાસાદ–શયન–આસન અને વાહનવાળા ઘણા સુવર્ણ અને રૂપા-વાળા કુબેરના ગોત્રી જેવા છે, ઘણા જીવધન (પશુરૂપી

ધન) વાળા, ઘણા દાસના પરિવારવાળા, દેવના ઉદ્યાનના વૃક્ષની જેમ પ્રાયઃ કરીને પરાભવ વગરના, અનેક યુદ્ધોમાં પારપામી છે બલશક્તિ જેની એવા, તે હંમેશા મહાશકટનો ભાર વહન કરવામાં શ્રેષ્ઠ વૃષભ જેવા છે.

ત્યાં યમરાજા જેવો બળાત્કારે તે ભરતરાજા ચાલતે છતે તેઓને અનિષ્ટને કહેનારા ભયંકર ઉત્પાત થયા.

તે વખતે ચાલતા ભરતરાજાના સૈન્યના ઘણા ભારથી પીડા પામેલી, પ્રકંપિત થયેલ ઘરના ઉદ્યાનવાળી પૃથ્વી કંપે છે, ચક્રવર્તિના દિશાઓના અંત સુધી ગમન કરનારા પ્રૌઢ પ્રતાપ વડે જાણે દાવાનળ સરખો દિશાઓને વિષે દાહ થાય છે. ક્ષણવારમાં રજ વડે સર્વ દિશાઓ રજસ્વલા સ્ત્રીની જેમ અત્યંત અનાલોકન પાત્ર થાય છે. (ન જોવા લાયક થાય છે)

સમુદ્રમાં દુઃશ્રવ ક્રૂર નિર્ઘોષવાળા પરસ્પર અફળાતા જળજંતુની જેમ દુષ્ટ વાયુઓ ફેલાય છે, ઊંબાડિયાની જેમ સમસ્ત મ્લેચ્છ વર્ગના ક્ષોભના કારણભૂત આકાશમાંથી ચારે તરફથી ઉલ્કા (=જ્વાળારહિત તેજનો સમૂહ) પડે છે. ક્રોધથી ઊભા થયેલા યમરાજાના પૃથ્વી ઉપર અપાયેલા હાથના પ્રહારની જેવા મહાશબ્દ વડે ભયંકર વજ્રના અવાજ થાય છે, આવતી યમરાજાની લક્ષ્મીના છત્ર જેવા આકાશતળમાં સ્થાને સ્થાને કાગડા અને સમળીઓના સમૂહો ભમે છે.

હવે સુવર્ણના બખ્તર–પરશુ–અને ભાલાનાં કિરણો વડે આકાશમાં રહેલા સહસ્રરશ્મિને (સૂર્યને) ક્રોડ કિરણવાળા કરતા, પ્રચંડ દંડ–ધનુષ્ય અને મુદ્ગર વડે આકાશને દાંતવાળું કરતા, ધ્વજમાં રહેલા વાઘ–સિંહ અને સર્પ વડે ત્રાસ પમાડયો છે ખેચરીઓના સમૂહને જેણે એવા, મહાગજઘટારૂપ મેઘ વડે અંધકારમય કરેલ છે દિશાનું મુખ જેણે એવા, યમના મુખની સાથે સ્પર્ધા કરનાર રથના અગ્રભાગમાં રહેલા મગરના મુખવાળા, અશ્વોની ખરીઓના આઘાત વડે પૃથ્વીને ચીરી નાંખતો હોય એવા, ભયંકર જયવાજિંત્રોના અવાજ વડે આકાશને ફોડી નાંખતા હોય એવા, અગ્રગામી મંગલગ્રહ વડે સૂર્યની જેમ ચક્ર વડે ભયંકર એવા તે ભરતને આવતા જોઈને તે ભિલ્લો અત્યંત કોપાયમાન થાય છે.

## ઉત્તરભરતમાં ભિલ્લો ઉપર વિજય

તે કિરાતો ક્રૂર ગ્રહની મૈત્રીને વિડંબના કરનારા, પરસ્પર મળીને પૃથ્વીનો સંહાર કરવા ઇચ્છતા હોય તેમ ક્રોધસહિત બોલે છે :—

મૂર્ખ પુરુષની જેમ લક્ષ્મી–લજ્જા–ધીરજ અને કીર્તિથી રહિત, બાળકની જેમ મંદ બુદ્ધિવાળો અપ્રાર્થિત (મૃત્યુ)ની પ્રાર્થના કરનાર આ કોણ છે? જેના પુણ્યરૂપી ચતુર્દશી ક્ષીણ થઈ છે એવો, હીન લક્ષણવાળો, હરિણ જેમ સિંહની ગુફામાં જાય તેમ આપણા દેશમાં તે આવે છે. તેથી મહાવાયુ જેમ મેઘને દૂર કરે તેમ

ઉદ્ધત આકારવાળા, વિસ્તાર પામતા એવા પણ આને દિશા–દિશામાં ક્ષણવારમાં ફેંકી દઈએ. એ પ્રમાણે મોટેથી બોલતા, ભેગા થઈને અષ્ટાપદો ( એક જાતના પ્રાણી ) મેઘની સામે લડવા ઊઠે, તેમ ભરતરાજા સામે લડવા માટે ઊભા થાય છે.

હવે તે કિરાતપતિઓ કાચબાની પીઠ અને હાડકાના ખંડો વડે બનાવેલા બખ્તરોને ધારણ કરે છે. મસ્તક ઉપર ધારણ કરેલા ઊર્ધ્વ કેશો વડે રાક્ષસોના મસ્તકની શોભાને બતાવતા રીંછ આદિના કેશ વડે ઢંકાયેલા શિરસ્ત્રાણ (ટોપાઓ)ને તેઓ ધારણ કરે છે.

તેઓની યુદ્ધની ઉત્કંઠા આશ્ચર્યકારક છે, જેથી મોટા ઉત્સાહ વડે દેહ ઉચ્છ્વાસ પામતો હોવાથી બખ્તરની જાળીઓ વારંવાર તૂટે છે, ' અમારો શું બીજો રક્ષક છે ? ' એ પ્રમાણે અમર્ષ (ક્રોધ)ના વશથી જાણે તેઓનાં ઊંચા કેશવાળાં મસ્તકો ઉપર શિરસ્ક (ટોપા) રહેતા નથી. કેટલાક કિરાતો, કોપ પામેલા યમરાજાની ભ્રકુટિ સરખા વક્ર શિંગડામાંથી બનાવેલા ધનુષ્યોને દોરી ઉપર ચઢાવી ક્રીડા વડે ધારણ કરે છે. કેટલાક જયલક્ષ્મીના ક્રીડા કરવાની શય્યા સરખા, સંગ્રામમાં દુર્વાર એવાં ભયંકર ખડ્ગોને મ્યાનમાંથી ખેંચે છે, કેટલાક યમના નાના ભાઈ હોય એવા દંડોને ધારણ કરે છે, કેટલાક આકાશમાં કેતુની જેવા ભાલાઓને નચાવે છે, કેટલાક યુદ્ધના ઉત્સવમાં આમંત્રિત યમરાજાની પ્રીતિ સંપાદન કરવા

માટે શત્રુઓને શૂળી ઉપર ચઢાવવા માટે શૂળને ધારણ કરે છે, કેટલાક શત્રુરૂપી ચકલાઓના સમૂહના પ્રાણ હરનાર બાજ પક્ષીની જેવા લોહશલ્યને હાથમાં સ્થાપન કરે છે, બીજા નભસ્તળમાંથી તારાઓના સમૂહને પાડવા માટે ઇચ્છતા હોય તેમ દૃઢ હસ્ત વડે મુદ્ગરોને એકદમ ગ્રહણ કરે છે, બીજા પણ સંગ્રામ કરવાની ઇચ્છા વડે વિવિધ શસ્ત્રોને ધારણ કરે છે, વિષ વિના સર્પ ન હોય તેમ ત્યાં શસ્ત્ર વિના કોઈ પણ ન હતો.

હવે એક સમયે એક આત્માની જેમ યુદ્ધના રસની લાલસાવાળા તે સર્વ ભરતના સૈન્યને ઉદ્દેશીને દોડે છે.

તે મ્લેચ્છો ઉત્પાતમેઘ જેમ કરાઓને વરસાવે તેમ શસ્ત્રોને વરસાવતા વેગ વડે ભરતના અગ્રસૈન્ય સાથે યુદ્ધ કરે છે.

તે વખતે જાણે ભૂમિના મધ્યમાંથી, જાણે દિશાઓના મુખમાંથી, જાણે આકાશમાંથી પડતાં હોય તેમ મ્લેચ્છોથી ચારે તરફથી શસ્ત્રો વડે છે. તે વખતે તે કિરાતોનાં બાણોથી, દુર્જનનાં વચનોની જેમ ભરતરાજાની સેનામાં કોઈ ન ભેદાયું હોય તેમ ન હતું. મ્લેચ્છના સૈન્ય વડે ખસેડાયેલા ભરતેશ્વરના પુરોગામી અશ્વો સમુદ્રની ભરતીથી નદીમુખના તરંગોની જેમ પાછા ફરે છે, મ્લેચ્છરૂપી સિંહો તીક્ષ્ણ બાણરૂપી નખ વડે હણતે છતે વિરસ શબ્દ કરતા ચક્રવર્તિના હાથીઓ ત્રાસ પામે છે, મ્લેચ્છના સુભટો વડે પ્રચંડ દંડાયુધ વડે તાડન કરાયેલા

ચક્રવર્તિના સૈન્યો દંડાની જેમ આળોટતા પડે છે, મ્લેચ્છના સૈન્ય વડે રાજાની સેનાના રથ ગદાઘાત વડે, વજ્રઘાત વડે પર્વતની જેમ સ્વચ્છંદપણે ભાંગી નખાય છે, તે યુદ્ધરૂપી સમુદ્રમાં તિમિંગલ (મહામત્સ્ય) જેવા મ્લેચ્છો વડે રાજાની સેનારૂપ નક્ર (મત્સ્ય)નો સમૂહ ત્રસ્ત–ત્રસ્ત થયો.

હવે અનાથની જેમ પરાજય પામેલા તે સૈન્યને જોતો સુષેણ સેનાપતિ રાજાના આજ્ઞાની જેમ કોપ વડે પ્રેરાયેલો તે ક્ષણવારમાં લાલ નેત્રવાળો, તામ્ર મુખવાળો, મનુષ્યરૂપે અગ્નિ જેવો જાતે અત્યંત દુઃખે કરીને જોઈ શકાય તેવો થયો. રાક્ષસરાજની જેમ સમસ્ત પર સૈનિકોને ખાઈ જવા માટે સુષેણ સેનાપતિ જાતે બખ્તર ધારણ કરનાર થયો.

તે વખતે ઉત્સાહથી પ્રફુલ્લિત થયેલ દેહ વડે અતિગાઢપણાને પામેલું સેનાપતિનું તે સુવર્ણમય કવચ (બખ્તર) બીજી ત્વચા હોય એવું શોભે છે.

## સેનાપતિના અશ્વનું વર્ણન

તે સેનાપતિ ઊંચાઈમાં એંશી આંગળ, વિસ્તારમાં નવ્વાણું આંગળ, લંબાઈમાં એકસો આઠ આંગળ, બત્રીશ આંગળ ઊંચા, નિરંતર ઉન્નત મસ્તકવાળા, ચાર આંગળ કાનવાળા, વીશ આંગળ બાહુ (આગળના પગ)વાળા, સોળ આંગળની જંઘાવાળા, ચાર આંગળ જાનુવાળા, ચાર આંગળ ઊંચી ખરીવાળા, ગોળ વળેલો છે મધ્યભાગ

જેનો એવા, વિશાળ માપવાળી નમેલી પ્રસન્ન પીઠ વડે શોભતા, રેશમના તાંતણાની જેમ કોમળ રૂવાંટીથી યુક્ત, પ્રશસ્ત બાર આવર્તવાળા, શુદ્ધ લક્ષણોથી લક્ષિત, ઉત્તમ જાતિવાળા, યૌવનવયને પામેલા, શુકનાં પીછાં જેવી લીલી કાંતિવાળા, ચાબૂકના પ્રહારથી રહિત, સ્વામીના ચિત્ત પ્રમાણે ગમન કરનાર, રત્ન અને સુવર્ણમય લગામના બહાનાથી લક્ષ્મીના બાહુ વડે આશ્લેષ કરાયેલ હોય એવા, મધુર અવાજ કરતી સુવર્ણમય ઘુઘરીઓના સમૂહવડે, મધ્યભાગમાં ઝણઝણ અવાજ કરતા છે ભ્રમરો જેમા એવા, કમળોની માળા વડે પૂજન કરાતા હોય એવા, પાંચ વર્ણના મણિઓથી મિશ્ર સુવર્ણના અલંકારોનાં કિરણો વડે અનુપમ રૂપવાળી પતાકાઓથી અંકિત હોય એવા સુંદર મુખવાળા, ભૌમગ્રહથી અંકિત આકાશની જેમ સુવર્ણકમળના તિલકવાળા, ચામરની શોભાના બહાનાથી બીજા કાનને ધારણ કરતો હોય એવા, ચક્રવર્તિના પુણ્ય વડે ખેંચાયેલા ઇંદ્રના વાહનની જેવા, લાલન કરવાથી પડતા વક્ર ચરણોને મૂકતા, અન્યરૂપે ગરુડ હોય એવા, મૂર્તિમંત પવનની જેવા ક્ષણવારમાં સો યોજન ઉલ્લંઘન કરવામાં જોવાયું છે પરાક્રમ જેનું એવા, કાદવ-પાણી-પથ્થર-કાંકરા-ખાડા આદિ વિષમ પ્રદેશથી અને મહા-સ્થલી-પર્વત-ગુફા-દુર્ગ આદિ સ્થળમાંથી ઉતારવામાં સમર્થ, કાંઈક પૃથ્વી ઉપર લાગેલા ચરણ વડે આકાશમાં ઊડતો હોય એવા, બુદ્ધિમંત, વિનીત, પંચધારા વડે શ્રમને જીતનારા, કમળ સરખા સુગંધી શ્વાસવાળા,

સાક્ષાત્ જય હોય એવા કમલાપીઠ નામના શ્રેષ્ઠ અશ્વ ઉપર ચઢે છે.

તે પછી તે સેનાપતિ લંબાઈમાં પચાસ આંગળ, વિસ્તારમાં સોળ આંગળ, જાડાઈમાં અર્ધ આંગળ, સુવર્ણ રત્નમય ત્સરુ (ખડ્ગમુષ્ટિ)વાળા, છોડી દીધી છે કાંચળી જેણે એવા સર્પની જેમ મ્યાનમાંથી નીકળેલા, તીક્ષ્ણ ધારવાળા, બીજા વજ્રની જેમ અતિદૃઢ, વિચિત્ર પુષ્કરની પંક્તિ વડે સ્ફુટ વર્ણોથી શોભતા, યમરાજાના પત્રની જેમ શત્રુનો ક્ષય કરનારા ખડ્ગરત્નને ગ્રહણ કરે છે. તે ખડ્ગરત્ન વડે તે સેનાપતિ ઉત્પન્ન થઈ પાંખ જેને એવા નાગરાજની જેમ, બખ્તરધારી સિંહની જેમ થયો.

તે પછી સેનાપતિ આકાશમાં વીજળીના દંડની જેમ તલવારને ભમાવતો યુદ્ધમાં કુશળ શ્રેષ્ઠ અશ્વને પ્રેરણા કરે છે, જલકાંતમણિ જેમ પાણીને ફાડી નાંખે તેમ શત્રુના સૈન્યને ફાડી નાખતો એવો તે, તે અશ્વ સાથે સમરાંગણમાં પ્રવેશ કરે છે.

તે પછી સુષેણ સેનાપતિ વડે હણાતા કેટલાક શત્રુઓ હરણની જેમ ત્રાસ પામે છે, કેટલાક સસલાની જેમ પડી જઈને નેત્રો મીંચીને રહે છે, બીજા ખેદ પામેલા, રુંધાઈ ગયેલ છાતીવાળાની જેમ ઊભા રહે છે. બીજા વાંદરાઓની જેમ વિષમ સ્થાનમાં ચઢી જાય છે.

કેટલાકનાં શસ્ત્રો વૃક્ષના પાંદડાની જેમ પડે છે, કેટલાકનાં છત્રો કીર્તિની જેમ પડે છે, કેટલાકના ઘોડા

મંત્રથી થંભી ગયેલા સર્પની જેમ ઉભા રહે છે, કેટલાકના રથો માટીના બનાવેલા હોય તેમ ભાંગી જાય છે, કેટલાક પોતાના માણસને પણ અપરિચિતની માફક જોતા નથી, પોત-પોતાના પ્રાણોને લઈને સર્વ મ્લેચ્છો દરેક દિશામાં નાસે છે. આ પ્રમાણે પાણીના પૂરથી વૃક્ષોની જેમ સુષેણ સેનાપતિથી ભાગેલા તેજ વગરના તે ઘણા યોજન સુધી દૂર ચાલી જાય છે,

તેઓ કાગડાની જેમ એક ઠેકાણે ભેગા થઈને ક્ષણવાર વિચારણા કરીને દુઃખી માણસ જેમ માતા પાસે જાય તેમ તેઓ સિંધુ મહાનદી પાસે જાય છે. તે નદીના ધૂલીમય કિનારાને વિષે મૃતકસ્નાન માટે તૈયાર થયા હોય તેમ તેઓ ભેગા મળીને રેતીના સમૂહ વડે પથારી કરીને બેસે છે.

નગ્નપણે ઊભેલા એવા તેઓ ઊંચા મુખ રાખી પોતાના કુળદેવતા મેઘમુખ વગેરે નાગકુમાર દેવોને ચિત્તમાં કરીને અટ્ઠમ તપ કરે છે.

અટ્ઠમતપને અંતે ચક્રવર્તિના તેજના ભયથી જાણે નાગકુમાર દેવોનાં આસનો કંપે છે, તેઓ અવધિજ્ઞાનથી તેવી રીતે રહેલા દુઃખિત મ્લેચ્છોને જોઈને, તેઓના દુઃખ વડે પિતાની જેમ દુઃખ પામેલા ત્યાં આવીને તેઓએ આગળ પ્રકટ થાય છે. 'અરે ! તમારા ચિત્તમાં હમણાં કયો અર્થ ઇચ્છાયો છે, તે કહો.' આ પ્રમાણે આકાશમાં રહી તે દેવો કિરાતોને કહે છે.

આકાશમાં રહેલા મેઘમુખ નાગકુમાર દેવોને જોઈને અત્યંત તૃષિત થયા હોય તેમ કપાળને વિષે રચી છે અંજલિ જેણે એવા તેઓ કહે છે કે- પૂર્વે આક્રમણ નહીં પામેલા અમારા દેશમાં હમણાં કોઈક આવ્યો છે, જેવી રીતે ચાલ્યો જાય તેમ કરો.

તે મેઘમુખ દેવો આ પ્રમાણે કહે છે—મહેન્દ્રની જેમ દેવ-અસુર અને રાજાઓથી પણ ન જીતી શકાય એવો આ ભરત ચક્રવર્તિ છે, ટાંકણાઓને પર્વતના પથ્થરની જેમ પૃથ્વીતળમાં ચક્રવર્તિ મંત્ર-તંત્ર-વિષ-શસ્ત્ર-અગ્નિ વિદ્યા આદિને અગોચર હોય છે, તો પણ તમારા અનુ-રોધ વડે અમે એને ઉપસર્ગ કરશું, એ પ્રમાણે કહીને તેઓ અદૃશ્ય થયા.

તે જ ક્ષણે કાજળ જેવા શ્યામવર્ણવાળા મેઘો, ભૂમિતળ ઉપરથી ઊડીને સમુદ્રો જાણે આકાશને ભરી દેતા હોય એવા થાય છે, તે મેઘો વીજળીરૂપ તર્જની આંગળી વડે જાણે ચક્રવર્તિની સેનાને તર્જના કરે છે. મોટા ગર્જારવ વડે વારંવાર આક્રોશ કરતા હોય એવા જણાય છે; તે જ વખતે તે મેઘો રાજાની છાવણીને ચૂર્ણ કરવા માટે, તેટલા પ્રમાણવાળી તૈયાર કરેલી વજ્રશિલા સરખા ઉપર રહે છે, તેઓ લોહના અગ્રભાગ જેવી, બાણ જેવી, દંડ જેવી જલધારા વડે ત્યાં વરસવા લાગે છે, ચારે તરફથી મેઘના પાણીથી પૃથ્વીતળ પુરાઈ જવાથી રથો હોડીની જેવા, અને હાથી વગેરે મગર જેવા દેખાય

છે, કાલરાત્રિ જેવા સ્ફુરાયમાન તે મેઘના અંધકાર વડે સૂર્ય કોઈ ઠેકાણે ચાવી ગયો હોય તેમ અને પર્વતો નાશ પામ્યા હોય તેમ થયું.

તે વખતે પૃથ્વીતળમાં એક અંધકારપણું અને એક જળભાવ એ બંને ધર્મો એકી સાથે થયા.

ચક્રવર્તી પણ અનિષ્ટ આપનારી ઉત્કૃષ્ટ વૃષ્ટિને જોઈને પોતાના હસ્ત વડે પ્રિય ભૃત્યની જેમ ચર્મરત્નને સ્પર્શ કરે છે, ચક્રવર્તિના હસ્ત વડે સ્પર્શ કરાયેલ તે ચર્મરત્ન ઉત્તરદિશાના પવનથી મેઘની જેમ બાર યોજન વૃદ્ધિ પામ્યું. સમુદ્રની મધ્યના ભૂતલની જેમ પાણી ઉપર રહેલા તે ચર્મરત્ન ઉપર ચઢીને સૈન્યસહિત રાજા રહે છે.

તે વખતે પરવાળા વડે ક્ષીરસમુદ્રની જેમ અતિ-સુંદર નવાણું હજાર સુવર્ણની સળીઓથી સુશોભિત, નાળ વડે કમળની જેવા વ્રણ-ગ્રંથિ વગરના સરલપણાથી શોભતા સુવર્ણદંડ વડે શોભતા, જળ-આતપ-વાયુ-અને ધૂળથી રક્ષણ કરવામાં સમર્થ એવા છત્રને પૃથ્વીપતિ હાથ વડે સ્પર્શ કરે છે, અને તે પણ ચર્મરત્નની જેમ વધે છે.

તે વખતે છત્ર અને ચર્મરત્નનો તે સંપુટ, તરતા ઈંડાની જેમ શોભે છે, ત્યારથી માંડીને લોકમાં બ્રહ્માંડએ પ્રમાણે કલ્પના થઈ.

ગૃહિરત્નના પ્રભાવથી સુક્ષેત્રની જેમ ચર્મરત્નમાં પ્રાતઃકાળે વાવેલાં ધાન્ય સાંજે ઉત્પન્ન થાય છે તેમજ

પ્રભાતે વાવેલા કુષ્માંડ (કોહળા) પાલખ અને મૂળા વગેરે દિવસને અંતે ઉત્પન્ન થાય છે. દિવસની શરૂઆતમાં વાવેલા આંબા–કેળા વગેરે ફળ વૃક્ષો, મહાપુરુષોના પ્રારંભની જેમ દિવસને અંતે ફળે છે. ત્યાં રહેલા હર્ષિત લોકો આ ધાન્ય–શાક અને ફળો ખાય છે. ઉદ્યાનક્રીડા માટે ગયેલા મનુષ્યની જેમ સૈન્યના પરિશ્રમને જાણતા નથી. આ પ્રમાણે ભરતરાજા પરિવાર સહિત પોતાના પ્રાસાદમાં રહ્યો હોય તેમ ત્યાં ચર્મરત્ન અને છત્રરત્નની મધ્યમાં સ્વસ્થ રહે છે.

તે વખતે ત્યાં કલ્પાંતકાળની જેવા નિરંતર વરસતા તે નાગકુમારદેવોને સાત અહોરાત્ર થયા.

'આ કયા પાપી મને આવા પ્રકારનો ઉપદ્રવ કરવા તૈયાર થયા છે' એ પ્રમાણે ભરતરાજાનો ભાવ જાણીને, હવે તે સદા પાસે રહેનારા સોળ હજાર યક્ષો સન્નદ્ધ, બાંધ્યાં છે ભાથાં જેણે એવા, દોરી ઉપર ધનુષ્ય ચઢાવી ક્રોધરૂપી અગ્નિ વડે ચારે તરફથી સર્વને બાળી નાંખવા ઇચ્છતા હોય તેમ આવીને મેઘમુખ નાગકુમારોને આ પ્રમાણે કહે છે—અરે વરાકો ! જડની જેમ તમે પૃથ્વીપતિ ચક્રવર્તિ ભરતેશ્વરને શું જાણતા નથી ? વિશ્વમાં અજેય આ રાજા ઉપર આ તમારો આરંભ, મહાપર્વતને વિષે હાથીના દાંત પ્રહારની જેમ તમારી જ વિપત્તિને માટે થશે. આમ હોવા છતાં પણ માંકડની જેમ જલદી ચાલ્યા જાઓ, અન્યથા તમારું અત્યંત પૂર્વે ન જોવાયેલ અપમૃત્યુ થશે.'

આ પ્રમાણે તે યક્ષોનું વચન સાંભળીને અત્યંત વ્યાકુળ તે મેઘમુખ દેવો ઇંદ્રજાલિક જેમ ઇંદ્રજાળને સંહરી લે તેમ ક્ષણવારમાં તે મેઘજાળને સંહરી લીધી, અને તે પછી તે મેઘમુખ દેવો કિરાતો પાસે આવીને કહે છે કે— 'તમે જઈને ભરતરાજાનું શરણ સ્વીકારો.'

તે પછી તેઓનું વચન સાંભળવાથી હતાશ થયેલા તે મ્લેચ્છો, નથી બીજાનું શરણ જેને એવા તે શરણ કરવા લાયક ભરતેશ્વર પાસે શરણ માટે જઈને સર્પની ફણામણિ જેવા એક તરફ ઢગલો કરેલા મણિઓ, મેરુના અંતઃસાર હોય એવા સુંદર સુવર્ણનો ઢગ, અશ્વ રત્નના પ્રતિબિંબ હોય એવા લાખો અશ્વો ભેટણામાં આપે છે, નમસ્કાર કરી, મસ્તકે બે હાથ જોડી તે બંદીઓના સહોદર હોય એવા મિષ્ટ વચનથી ગર્ભિત વાણી વડે મોટેથી ભરત ચક્રવર્તિને કહે છે :

**विजएसु जगन्नाह ! पयंडाखंडविक्कम ! ।**
**आखंडलो इवासि तुं छक्खंडखोणिमंडले ॥**

હે જગતના નાથ ! હે પ્રચંડ અખંડ પરાક્રમવાળા ! તમે વિજય પામો. તમે છ ખંડ પૃથ્વીમંડળને વિષે ઇંદ્ર જેવા છો.

હે રાજન્ ! અમારી ભૂમિના ગઢ સરખા વૈતાઢ્ય પર્વતની ગુફાના દ્વારને તમારા વિના ઉઘાડવા માટે કોણ સમર્થ છે ? આકાશમાં જ્યોતિષચક્રની જેમ પાણી

ઉપર છાવણીને ધારણ કરવા તમારા સિવાય બીજો કોણ સમર્થ છે? આ પ્રમાણે અત્યંત અદ્ભુત શક્તિના સ્વામી! તમે સુર–અસુરોને પણ અજેય છો, એમ અમે જાણ્યું છે. અમારા અજ્ઞાનથી થયેલા અપરાધને ક્ષમા કરો. હમણાં અમારી પીઠ ઉપર નવા જીવનની જેમ હાથ આપો. હે નાથ! હવે પછી અમે તમારી આજ્ઞામાં વશવર્તી અહીં રહીશું.

કૃત્યને જાણનારા ભરતરાજાએ પણ તે મ્લેચ્છોને સ્વાધીન કરી, સત્કારીને વિસર્જન કર્યા. 'ખરેખર! ઉત્તમ પુરુષોનો ક્રોધ પ્રણામના અંતવાળો હોય છે.'

હવે સુષેણ સેનાપતિ રાજાની આજ્ઞાથી પર્વત અને સમુદ્રની મર્યાદાવાળા સિંધુનદીના ઉત્તર નિષ્કૂટને સાધવા માટે આવે છે. રાજા પોતાના આર્યલોકોના સંગમ વડે અનાર્યોને પણ આર્યપણે કરવા ઇચ્છતો હોય તેમ ભોગોને ભોગવતો ઘણા વખત સુધી ત્યાં રહે છે.

અન્યદા દિશાઓના વિજયમાં સાક્ષીભૂત કાંતિથી શોભતું ચક્રરત્ન આયુધશાળામાંથી નીકળે છે. ચુલ્લહિમવંત પર્વત તરફ પૂર્વદિશાના માર્ગે જતા ચક્રરત્નના માર્ગ વડે, નીકના પ્રવાહની જેમ રાજા જાય છે. કેટલાક પ્રયાણ વડે ક્રીડા વડે ગજેન્દ્રની માફક જતો રાજા ચુલ્લહિમવંત પર્વતના દક્ષિણ નિતંબ ભાગ પાસે પહોંચે છે.

રાજા ભોજવૃક્ષ–તગર–દેવદારૂના વનથી વ્યાપ્ત તે

સ્થાનમાં મહેન્દ્ર જેમ પંડકવનમાં રહે તેમ ત્યાં છાવણી સ્થાપે છે. ત્યાં **શ્રી ઋષભનંદન** ચુલ્લ–હિમવંતગિરિકુમારને ઉદ્દેશીને અટ્ઠમતપ કરે છે. 'કાર્યસિદ્ધિમાં તપ એ પ્રથમ મંગળ છે.'

તે પછી અટ્ઠતપને અંતે પ્રાતઃકાળને વિષે સૂર્યની જેમ મહાતેજસ્વી રાજા રથમાં ચઢી છાવણીરૂપી સમુદ્રમાંથી નીકળે છે. રાજાઓમાં પ્રથમ એવો તે વેગ વડે જઈને હિમવંતગિરિને રથના અગ્ર ભાગ વડે ત્રણ વખત તાડન કરે છે. હવે વૈશાખસ્થાને રહેલો રાજા હિમવંતગિરિ-કુમારની ઉપર પોતાના નામથી અંકિત બાણ મોકલે છે.

## હિમવંતગિરિકુમાર દેવનો વિજય અને ઋષભકૂટ ઉપર નામનું આલેખન

તે બાણ પક્ષીની જેમ આકાશ વડે બોંતેર યોજન સુધી જઈને હિમવંતગિરિકુમારની આગળ પડે છે. તે દેવ અંકુશને જોઈને હાથીની જેમ તે બાણને જોઈને તત્કાલ કોપ વડે લાલ નેત્રવાળો થયો. હાથ વડે તે બાણને લઈને તેને વિષે નામાક્ષર જોઈને સર્પને જોવાથી દીપકની જેમ શાંત થઈ જાય છે. તે પછી પ્રધાન–પુરુષની જેવા રાજાના તે બાણની સાથે ભેટણાં લઈને ભરતરાજા પાસે આવે છે.

હવે તે આકાશમાં રહેલો જય જય એ પ્રમાણે બોલીને ભરતરાજાને તે બાણ, કાંડકાર (બાણ બનાવનાર)ની

જેમ આપે છે, તે પછી તે કલ્પવૃક્ષની પુષ્પમાળા, ગોશીર્ષ-ચંદન, સર્વૌષધિ અને સર્વશ્રેષ્ઠ પદ્મદ્રહનું જળ ભરત-રાજાને આપે છે. ફરીથી તે ભેટણાંના બહાનાથી દંડમાં કડાં, બાહુરક્ષક, અને દેવદૂષ્યવસ્ત્રો આપે છે. તે પછી હે સ્વામી! ઉત્તર દિશાના છેડે તમારા સેવકની જેમ હું રહીશ, એ કહીને વિરામ પામેલા તેનો સત્કાર કરીને રાજાએ વિસર્જન કરેલો તે પોતાના સ્થાને જાય છે,

ભરતરાજા તે પર્વતના શિખર જેવા શત્રુઓના મનોરથની જેમ રથને પાછો વાળે છે.

તે પછી શ્રી ઋષભસ્વામીનો પુત્ર ઋષભકૂટ પર્વત પાસે જઈને રથના શીર્ષ વડે ત્રણ વખત તે પર્વતને ગજેન્દ્ર જેમ દાંત વડે પ્રહાર કરે તેમ પ્રહાર કરે છે. ત્યાં રાજા રથને સ્થાપન કરીને હાથ વડે કાકિણીરત્નને ગ્રહણ કરે છે. તે પર્વતના પૂર્વકટકને વિષે કાકિણીરત્ન વડે 'આ અવસર્પિણીના ત્રીજા આરાને અંતે હું ભરત ચક્રવર્તિ છું' એ પ્રમાણે અક્ષરો લખે છે. ત્યાંથી પાછા ફરીને સદાચારી તે પોતાની છાવણીમાં આવે છે અને અટ્ઠમતપનું પારણું કરે છે, તે પછી રાજા ચુલ્લહિમવંત-ગિરિકુમારદેવનો ચક્રવર્તિની સંપદાને અનુરૂપ અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે.

ગંગા-સિંધુ મહાનદીના વચ્ચેના પૃથ્વીતળમાં ન સમાતા, આકાશમાં કુદકા મારતા અશ્વો વડે, સૈન્યના ભારથી આક્રાંત થયેલી પૃથ્વીને સિંચન કરવાને ઇચ્છતા

હોય તેમ મદજળના પ્રવાહને ઝરતા એવા ગંધહસ્તિ વડે, પ્રચંડ ચક્રધારાની રેખા વડે પૃથ્વીને સીમંત વડે અલંકૃત કરતા હોય એવા ઉત્તમ રથ વડે પૃથ્વીતળમાં ફેલાતા અદ્વિતીય પરાક્રમ વડે મનુષ્યમય દેખાડતા હોય એવા ક્રોડોની સંખ્યાવાળા પાયદળ વડે અનુગમન કરાતો, જાતિવંત હાથીની જેમ ચક્રરત્નને અનુસરતો ચક્રવર્તિ જતાં જતાં વૈતાઢ્યપર્વત પાસે પહોંચે છે.

## નમિ-વિનમિ વિદ્યાધરોને જીતવું

તે પછી નમિ-વિનમિ વિદ્યાધરપતિ તરફ રાજા દંડને માગનારું બાણ મોકલે છે. તે વિદ્યાધરપતિઓ તે બાણને જોઈને કોપાટોપથી યુક્ત પરસ્પર આ પ્રમાણે વિચારે છે.

આ જંબૂદ્વીપના આ ભરતક્ષેત્રમાં હમણાં આ ભરત પ્રથમ ચક્રવર્તિ ઉત્પન્ન થયો છે. તે ઋષભકૂટ પર્વત ઉપર જાતે ચંદ્રબિંબ સરખા પોતાના નામને લખીને ત્યાંથી પાછો ફરી અહીં આવ્યો છે, હાથીના આરોહકની જેમ આ વૈતાઢ્યપર્વતની પાસે નિવાસ કરી તે બાહુબળથી ગર્વિત થયો છે, તેથી તે જયના અભિમાનવાળો થઈ આપણી પાસેથી પણ દંડ લેવા ઇચ્છતો આ પ્રકટ બાણ આપણી ઉપર ફેંક્યું છે એમ હું માનું છું. આ પ્રમાણે તેઓ પરસ્પર કહીને, ઊઠીને યુદ્ધ કરવા માટે પોતાના સૈન્ય વડે પર્વતના શિખરને ઢાંકી દેતા નીકળે છે.

હવે સૌધર્મપતિ અને ઈશાનપતિના દેવસૈન્યની જેમ તે નમિ–વિનમિની આજ્ઞા વડે વિદ્યાધરોનાં સૈન્યો આવે છે. તેઓના મોટા કિલકિલ શબ્દ વડે વૈતાઢ્યપર્વત ચારે તરફથી હસતો હોય તેમ, ગર્જના કરતો હોય તેમ, ફુટતો હોય એમ લાગે છે. વિદ્યાધરેન્દ્રના સેવકો વૈતાઢ્યની ગુફાની જેમ સુવર્ણમય વિશાળ દુંદુભિઓ વગાડે છે, ઉત્તર દક્ષિણ શ્રેણિના ભૂમિ–ગ્રામ અને નગરના અધિપતિઓ વિચિત્ર રત્નના આભરણવાળા રત્નાકરના પુત્રની જેમ, અસ્ખલિત ગતિવાળા આકાશમાં ગરુડની જેમ નમિ–વિનમિની સાથે તેઓની અપર મૂર્તિ હોય એવા ચાલે છે.

કેટલાક માણિક્યની પ્રભાથી પ્રકાશિત કર્યાં છે દિશાઓનાં મુખ જેણે એવાં વિમાનો વડે વૈમાનિકદેવોથી નથી દેખાતો ભેદ જેનો એવા જાય છે, બીજા જળકણની વૃષ્ટિ કરતા પુષ્કરાવર્ત મેઘ સરખા ગર્જના કરતા ગંધહસ્તિ વડે જાય છે, કેટલાક ચંદ્ર–સૂર્ય વગેરે જ્યોતિષીઓના આંચકી લીધેલા હોય એવા સુવર્ણ–રત્નથી રચિત રથો વડે ચાલે છે. કેટલાક આકાશમાં સુંદર રીતે ચાલતા વેગના અતિશય વડે નીકળે છે. કેટલાક શસ્ત્રના સમૂહથી વ્યાકુળ છે હાથ જેના, વજ્રના બખ્તરને ધારણ કરનારા, વાનરની જેમ કૂદકા મારતા પગે ચાલતા જાય છે.

હવે તે નમિ અને વિનમિ વિદ્યાધરોની સેનાથી

પરિવરેલા, બખ્તર ધારણ કરેલા, યુદ્ધ કરવાને ઇચ્છતા વૈતાઢ્ય પર્વત ઉપરથી ઉતરીને ભરતરાજા પાસે આવે છે.

મણિમય વિમાનો વડે આકાશને ઘણા સૂર્યમય કરતા હોય તેમ, પ્રજ્વલિત હથિયારો વડે વીજળીની માળામય કરતા હોય તેમ, પ્રચંડ દુંદુભિના શબ્દ વડે મેઘના શબ્દમય કરતા હોય તેમ વિદ્યાધરના સૈન્યને આકાશમાં ભરત જુએ છે.

તે પછી અરે દંડાર્થિન્ ! અમારી પાસેથી તું દંડ લેવા ઇચ્છે છે ? એ પ્રમાણે બોલતા, વિદ્યા વડે ઉન્મત્ત એવા તે બન્ને ભરતરાજાને યુદ્ધ માટે આહ્વાન કરે છે.

હવે તે ભરતરાજા સૈન્ય સહિત તેઓ સાથે, એકેકની સાથે અને બન્નેની સાથે વિવિધ યુદ્ધો વડે યુદ્ધ કરે છે. 'કારણ કે જયલક્ષ્મી ખરેખર યુદ્ધ વડે મેળવી શકાય છે.'

આ પ્રમાણે બાર વર્ષ સંગ્રામ કરવા વડે જીતાયેલા એવા તે વિદ્યાધરપતિઓ બે હાથ જોડી, નમસ્કાર કરીને ભરતરાજાને કહે છે :—

**आइच्चोवरि को तेओ ? वाउस्सोवरि को जवी ।**
**मोक्खस्सोवरि किं सोक्खं, को य सूरो तुमोवरि ॥**

સૂર્ય કરતાં કોણ તેજસ્વી છે ? વાયુ કરતાં કોણ વેગવાળો છે, મોક્ષથી ઉપર કયું સુખ છે ? તમારા કરતાં કોણ શૂરવીર છે ?

હે ઋષભનંદન! તમને જોવાથી સાક્ષાત્ આજે ઋષભ ભગવંતને જોયા. અજ્ઞાનથી અમે તમારી સાથે જે યુદ્ધ કર્યું, તે હે સ્વામી! ક્ષમા કરો. પહેલા અમે ઋષભ સ્વામીના સેવક હતા, હમણાં તમારા પણ સેવક જ છીએ. 'સ્વામીની જેમ સ્વામીના પુત્રને વિષે સેવાની પ્રવૃત્તિ કરવી તે લજ્જાને માટે ન થાય' દક્ષિણ અને ઉત્તર ભરતના મધ્યવર્તિ વૈતાઢ્યપર્વતના બન્ને પડખે, તમારા આજ્ઞા વડે અહીં દુર્ગપાલની જેમ અમે રહીશું, આ પ્રમાણે કહીને વિનમિ રાજા ઉપહાર આપવાને ઇચ્છતો હોવા છતાં પણ, યાચના કરવા ઇચ્છતો હોય તેમ બે હાથ જોડીને અપ્સરાઓ સાથે લક્ષ્મીની જેવી, નદીઓ સાથે ગંગાની જેવી, ચારે તરફથી હજારો સખીઓથી પરિવરેલી સ્ત્રી રત્ન એવી, સ્થિર થયેલી લક્ષ્મી જેવી સુભદ્રા નામની પોતાની પુત્રી રાજાને આપે છે.

## સ્ત્રીરત્ન

તે સ્ત્રી–રત્ન કેવા પ્રકારનું છે? તે આ પ્રમાણે–

દોરો માપીને બનાવેલ હોય તેમ સમચતુરસ્ત્ર આકારવાળું, ત્રૈલોક્યના મધ્યવર્તિ માણિક્યના તેજ પુંજ-મય હોય એવું, કૃતજ્ઞ સેવકની જેમ સદા યૌવન વડે શોભાવાળા નખ વડે અને કેશ વડે અત્યંત શોભતું, બળને આપનાર દિવ્ય ઔષધિની પેઠે સર્વ રોગને ઉપશમાવ-નારું, દિવ્ય પાણીની જેમ યથેચ્છ શીત અને ઉષ્ણ

સ્પર્શવાળું, કેશ આદિ ત્રણ સ્થાનોમાં શ્યામ, દેહ આદિ ત્રણ સ્થાનોમાં શ્વેત, કરતલ આદિમાં તામ્ર (લાલ), સ્તન આદિમાં ઉન્નત, નાભિ આદિમાં ગંભીર, નિતંબ આદિમાં વિસ્તીર્ણ, લોચન આદિમાં દીર્ઘ, ઉદર આદિ ત્રણમાં કૃશ, કેશપાશ વડે મયૂરોના કલાપને જીતતું, ભાલ વડે અષ્ટમીના ચંદ્રને પરાભવ કરતું, રતિ અને પ્રીતિની ક્રીડા કરવાની વાવ હોય એવાં નેત્રોને ધારણ કરતું, કપાલના લાવણ્યની જળધારા હોય એવી દીર્ઘ નાસિકા-વાળું, નવા સુવર્ણના આરીસાની જેવા ગાલ વડે શોભતું, ખભાને વિષે લાગેલા કર્ણવડે હિંચોળાની જેમ શોભતું, સાથે ઉત્પન્ન થયેલ બિંબફળને વિડંબના કરનારા ઓષ્ઠને ધારણ કરતું, હીરાના કણની શ્રેણી સરખા શોભતા દાંત વડે શોભતું, ઉદરની માફક ત્રણ રેખાથી શોભિત કંઠવાળું, કમળનાળ સરખી સરલ અને કમળતંતુની જેમ કોમળ હાથને ધારણ કરતું, કામદેવના કલ્યાણ કળશ જેવા સ્તનને ધારણ કરતું, નાભિરૂપી વાવડીના કાંઠે ઉગેલ દુર્વાની શ્રેણી જેવી રુવાંટાની શ્રેણીને વહન કરતું, કામદેવની શય્યાની જેવા નિતંબ ભાગ વડે, તેમજ હીંડોળાના સુવર્ણ સ્તંભ સરખા સાથળ વડે શોભતું, જંઘા વડે હરિ-ણીની જંઘાઓને તિરસ્કાર કરતું, હાથની જેમ પગ વડે કમળોને પરાભવ કરતું, હાથ–પગની અંગુલિઓ રૂપી પત્ર વડે પલ્લવિત થયેલી વેલડી જેવું પ્રકાશ કરતા નખ, રૂપી રત્ન વડે રત્નાચલની તટી (કિનારી) જેવું, વિશાળ સ્વચ્છ કોમળ વસ્ત્ર વડે ચાલતા કોમળ પવનથી ઉત્પન્ન

થયેલા તરંગો વડે નદીની જેમ શોભતું, નિર્મળ પ્રભાથી તરંગિત મનોરમ અવયવો વડે રત્ન–સુવર્ણમય ભૂષણોને પણ સુશોભિત કરતું, પાછળ છાયાની જેમ છત્રધારિણી વડે તેમજ હંસો વડે પદ્મિનીની જેમ સંચરણ કરાતાં ચામરો વડે સેવાયેલું, આવા પ્રકારનું સ્ત્રીરત્ન જાણવું.

તેમ જ નમિ વિદ્યાધરેન્દ્ર પણ મહામૂલ્ય રત્નો ભરતચક્રીને આપે છે. 'ઘરે સ્વામી આવ્યે છતે ખરેખર મહાત્માઓને શું અદેય હોય ?'

હવે ભરતરાજા વડે વિસર્જન કરાયેલા તે નમિ અને વિનમિ વિદ્યાધરેન્દ્રોએ સંસારથી વિરાગ પામી પોત–પોતાના પુત્રોને રાજ્ય ઉપર બેસાડી, ઋષભદેવ સ્વામીના ચરણ પાસે દીક્ષા ગ્રહણ કરી.

## ગંગાદેવી અને નાટ્યમાલદેવ ઉપર વિજય

તે પછી ચાલતા ચક્રરત્નની પાછળ જતો ભરતરાજા અત્યંત તેજવાળો, ગંગાનદીના કાંઠે આવે છે. રાજા ગંગાદેવીના ઘરની અત્યંત નજીકમાં નહિ તેમજ અતિદૂર નહીં એવા સ્થાનમાં સૈન્યોનો પડાવ નાંખે છે. સુષેણ સેનાપતિ રાજાના આદેશથી સિંધુની જેમ ગંગાનદીને ઉતરીને ગંગાના ઉત્તર નિષ્કૂટને સાધે છે.

તે પછી તે ચક્રવર્તી અટ્ઠમતપ વડે ગંગાદેવીને સાધે છે. 'ઉપચાર એ સમર્થ પુરુષોને જલદી સિદ્ધિ માટે થાય છે.'

તે ગંગાદેવી ભરતરાજાને બે રત્નના સિંહાસન, એક હજાર અને આઠ રત્નના કુંભ આપે છે. ત્યાં રૂપ અને લાવણ્યથી કામદેવને કિંકર કરનારા ભરતરાજાને જોઈને ગંગા પણ ક્ષોભ પામે છે, મુખરૂપી ચંદ્રને અનુસરનારા દેદીપ્યમાન તારાગણ જેવાં મુક્તામય વિભૂષણો વડે સર્વાંગે શોભતી, વસ્ત્રરૂપે પરિણત થયેલ પોતાના પ્રવાહજળની જેવા કેળના ગર્ભની છાલ સરખાં વસ્ત્રોને ધારણ કરતી, રોમાંચકંચુકથી ઊંચે જતા સ્તનથી તૂટી ગયો છે કંચુક જેનો એવી, સ્વયંવરમાળાની જેમ ધવલ દૃષ્ટિને ફેંકતી, સ્નેહથી ગદ્ગદ વાણી વડે રાજાને ગાઢ પ્રાર્થના કરીને ક્રીડા કરવાને ઇચ્છતી ગંગાદેવી ક્રીડાગૃહમાં લઈ જાય છે.

ત્યાં રાજા ગંગાદેવી સાથે વિવિધ દિવ્ય ભોગોને ભોગવતો એક દિવસની જેમ એક હજાર વર્ષ પસાર કરે છે, કેમે કરીને ગંગાને સમજાવીને, અનુજ્ઞા લઈને તે ભરત પ્રબળ સૈન્ય સાથે ખંડપ્રપાતા ગુફા તરફ ચાલે છે.

હવે બળ વડે અતિમહાબલ એવો તે ખંડપ્રપાતા ગુફાથી દૂર સૈન્યનો પડાવ નાંખે છે. ત્યાં રાજા નાટ્યમાલદેવને મનમાં કરીને અટ્ઠમતપ કરે છે અને તેનું આસન કંપાયમાન થાય છે.

તે દેવ અવધિજ્ઞાનથી ત્યાં આવેલા ભરત ચક્રવર્તિને જાણીને ભેટણાંઓ સાથે આવે છે. છ ખંડ પૃથ્વીના

પતિને, ઘણી ભક્તિના સમૂહથી ભરેલો તે દેવ, આભૂષણો આપે છે અને સેવા સ્વીકારે છે.

તે પછી વિવેકવંત રાજા નાટક કરનાર નટની જેવા નાટ્યમાલદેવને પ્રસાદપૂર્વક વિસર્જન કરે છે. પારણું કરીને તે દેવનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. તે પછી સુષેણ સેનાપતિને 'ખંડપ્રપાતા ગુફાને ઉઘાડો' એ પ્રમાણે આદેશ કરે છે.

તે પછી સેનાપતિ નાટ્યમાલ દેવને મંત્રની જેમ મનમાં કરીને પૌષધશાળામાં અટ્ઠટ્ટમતપ કરીને પૌષધ ગ્રહણ કરે છે, અટ્ટમતપને અંતે પૌષધગૃહમાંથી નીકળીને, પ્રતિષ્ઠામાં આચાર્યની જેમ બલિવિધિ કરે છે, તે પછી કર્યું છે પ્રાયશ્ચિત્તકૌતુકમંગલ જેણે એવો તે મહામૂલ્ય અલ્પવસ્ત્રને ધારણ કરી, તે ધૂપધાણું ધારણ કરતો ખંડ-પ્રપાતા ગુફા પાસે જાય છે, જોવા માત્રથી નમસ્કાર કરી તેના કમાડોની પૂજા કરે છે, તે પછી ત્યાં અષ્ટ મંગલ આલેખે છે.

હવે તે સેનાપતિ કમાડ ઉઘાડવા માટે સાત–આઠ પગલાં ખસીને સુવર્ણમય કુંચી જેવા દંડ રત્નને ગ્રહણ કરે છે, તે દંડરત્ન વડે તાડન કરાયેલ તે બંને કમાડ, સૂર્યના કિરણથી સ્પર્શ કરાયેલ કમળકોશની જેમ ઊઘડે છે. દ્વારોદ્ઘાટનના સમાચાર ચક્રવર્તિને જણાવે છે.

તે પછી તે ભરતરાજા હાથીના સ્કંધ ઉપર ચઢી હાથીના જમણા કુંભ પ્રદેશ ઉપર મણિરત્નને સ્થાપન

કરીને તે ગુફામાં પ્રવેશ કરે છે. સેના વડે અનુસરાતો ભરત અંધકારનો નાશ કરવા માટે પૂર્વની જેમ કાકિણી-રત્ન વડે ત્યાં મંડલો આલેખતો જાય છે.

ગુફાની પશ્ચિમ દિશાની ભીંતમાંથી નીકળતી પૂર્વ-દિશાની ભીંતના મધ્યભાગ વડે જઈને બે સખીઓ, સખીની જેવી ગંગાનદીને મળતી ઉન્મગ્ના અને નિમગ્ના નામની તે નદીઓ પાસે રાજા પહોંચે છે.

પૂર્વની જેમ પુલ વડે તે નદીઓને પણ સેના સાથે ઓળંગે છે.

તે પછી તે ગુફાના દક્ષિણ દ્વાર, સૈન્યરૂપી શલ્યથી આતુર થયેલા વૈતાઢય પર્વત વડે પ્રેરણા પામ્યા હોય તેમ ક્ષણવારમાં પોતાની જાતે જ ઊઘડે છે.

તે પછી રાજા તે ગુફાની મધ્યમાંથી કેસરી (સિંહ)ની જેમ નીકળીને ગંગાના પશ્ચિમકાંઠે છાવણી સ્થાપે છે.

## નવ નિધિઓ

ત્યાં પૃથ્વીપતિ નવ નિધિઓને ઉદ્દેશીને અટ્ઠમતપ કરે છે. 'પ્રથમ ઉપાર્જિત કરેલી લબ્ધિઓને પ્રાપ્ત કરવામાં માર્ગ બતાવનાર તપ થાય છે.'

અટ્ઠમતપના અંતે પ્રત્યેક એક એક હજાર યક્ષો વડે અધિષ્ઠિત હંમેશાં પ્રસિદ્ધ એવા તે નવ નિધિઓ ભરત પાસે આવે છે, તે આ પ્રમાણે—

**नेसप्पो अवि पंडुअ–पिंगल–सव्वरयणामया निहिणो ।**
**महपोम्म–कालया पुण, महकालो माणवो संखो ॥**

નૈસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્નમય, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક અને શંખ એ નવ નિધિઓ છે.

તે સર્વ નિધિઓ આઠ ચક્ર ઉપર રહેલા, ઊંચાઈમાં આઠ યોજન, નવ યોજન વિસ્તારવાળા, લંબાઈમાં બાર યોજન, વૈડૂર્યમણિના કમાડથી બંધ કરેલ છે મુખ જેના, કાંચનમય, રત્ન ભરેલા, ચંદ્ર અને સૂર્યના ચિહ્નવાળા છે.

તે નિધિઓના નામથી તેના અધિષ્ઠાયક પલ્યોપમના આયુષ્યવાળા નાગકુમાર દેવો તેમાં નિવાસ કરનારા છે.

૧ ત્યાં નૈસર્પનિધિમાંથી છાવણી, પુર–ગ્રામ–આકર–[1]દ્રોણમુખ–[2]મડંબ અને પાટણોની સ્થાપના હોય છે.

૨ પાંડુક નિધિમાંથી માન–ઉન્માન–પ્રમાણના સર્વ ગણિતની, ધાન્યની તથા બીજોની ઉત્પત્તિ થાય છે.

૩ પિંગલનિધિમાંથી મનુષ્ય–સ્ત્રી–હાથી અને ઘોડાઓની સર્વ આભરણ વિધિ જણાય છે.

૪ સર્વરત્નમય નિધિમાં એકેંદ્રિય સાત રત્ન અને

૧ જ્યાં જળ-સ્થળ વડે ગમન થાય તે નગરને દ્રોણમુખ કહેવાય.
૨ જ્યાં એક યોજન સુધી ગામ ન હોય તે સ્થાનને મંડબ કહેવાય.

સાત પંચેદ્રિય રત્નો ચક્રવર્તિના ઉત્પન્ન થાય છે (= એને લગતી હકીકત હોય છે).

૫ મહાપદ્મનિધિમાંથી સર્વ રચના વિશેષ, અને શુદ્ધ વર્ણયુક્ત વસ્ત્રોની ઉત્પત્તિ થાય છે.

૬. કાલનિધિમાંથી ભૂત–ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળનું જ્ઞાન અને કૃષિ વગેરે કર્મો અને બીજાં શિલ્પો પણ હોય છે.

૭ મહાકાલનિધિમાં પરવાળા–રૂપું–સુવર્ણ–શિલા–મુક્તાફલ અને લોહ, તેમજ લોહ આદિની ખાણોની ઉત્પત્તિ હોય છે.

૮ માણવકનિધિમાંથી યોદ્ધાઓનાં હથિયારો અને બખ્તરોની સંપદાઓ તથા સમસ્ત યુદ્ધનીતિ અને દંડ-નીતિ ઉત્પન્ન થાય છે.

૯ શંખ મહાનિધિમાંથી ચાર પ્રકારે કાવ્યની ઉત્પત્તિ, નાટ્ય અને નાટકની વિધિ અને સર્વ વાજિંત્રોની ઉત્પત્તિ થાય છે. (મતલબ કે આ સર્વ પદાર્થોની ઉત્પત્તિને જણાવનારાં શાસ્ત્રો તે તે પેટીઓમાં હોય છે.)

આવા પ્રકારના નવ નિધિઓ કહે છે કે— 'હે મહાભાગ! તમારા પુણ્યોદયથી વશ કરાયેલા અમે ગંગાના મુખે માગધતીર્થમાં નિવાસ કરનારા તમારી પાસે આવ્યા છીએ. ઇચ્છા મુજબ નિરંતર અમારો ઉપભોગ કરો અને આપો. કદાચ સમુદ્રમાં જળ ક્ષીણ થાય પણ અમે ક્ષીણ

થતા નથી.” આ પ્રમાણે સર્વ નિધિઓ વશ પામ્યે છતે રાજા અટ્ઠમતપનું પારણું અને તે નિધિઓનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે.

સુષેણ સેનાપતિ પણ રાજાની આજ્ઞાથી ગંગાના દક્ષિણ નિષ્કૂટને પલ્લીની જેમ ક્રીડામાત્રમાં સર્વ સાધીને આવે છે. ત્યાં રાજા ક્રીડા વડે આક્રાંત કરેલ છે પૂર્વ અને પશ્ચિમ સમુદ્રને જેણે એવા બીજા વૈતાઢ્ય પર્વતની જેમ ઘણો કાળ રહે છે.

## અયોધ્યાનગરીમાં પ્રવેશ મહોત્સવ

અન્યદા ભરતરાજાનું ચક્ર સમસ્ત ભરતક્ષેત્રને સાધી આકાશમાં રહેલું અયોધ્યાની સન્મુખ ચાલે છે, તે વખતે ભરત મહારાજા પણ સ્નાન કરી, પૂજાકર્મ કરી, ઉત્તમ વસ્ત્ર ધારણ કરી, કર્યું છે પ્રાયશ્ચિત્તકૌતુકમંગલ જેણે એવો, ઇંદ્રની જેમ મહાગજેન્દ્રના સ્કંધ ઉપર ચઢી, કલ્પવૃક્ષની જેમ નવનિધાનોથી પુષ્ટ છે કોશ જેનો એવો સુમંગલાદેવીના સ્વપ્નનાં ભિન્ન ભિન્ન ફળની જેવાં ચૌદ મહારત્નો વડે નિરંતર પરિવરેલો, રાજાની કુલલક્ષ્મીની જેમ અનુક્રમે પરણેલી બત્રીશ હજાર રાજકન્યાઓ વડે પરિવરેલો, તેમજ જનપદમાં ઉત્પન્ન થયેલી બીજી અતિ સુંદર અપ્સરા જેવી બત્રીશ હજાર સુંદરીઓથી શોભતો પાયદળની જેમ બત્રીશ હજાર રાજા, ચોરાશી લાખ હાથી–ઘોડા અને રથવડે સંયુક્ત, છન્નું ક્રોડ સુભટ વડે

ઢાંકી દીધું છે પૃથ્વીતળ જેણે એવો, પ્રથમ પ્રયાણના દિવસથી સાઠ હજાર વર્ષ પસાર થયે છતે ચક્રના માર્ગને અનુસરતો ચાલે છે.

સૈન્યની ધૂળના પૂરના સ્પર્શથી ખેચરોને પણ પૃથ્વી ઉપર આળોટેલાની જેમ મલિન કરતો, સૈન્યના ભારથી પૃથ્વીના ભેદની શંકા ઉત્પન્ન કરવા વડે ભૂમિના મધ્યભાગમાં રહેનારા વ્યંતરો અને ભવનપતિઓને પણ જાણે ભય પમાડતો, દરેક ગોકુળમાં વિકસિત નેત્રવાળી ગોવાલણીઓના માખણને અમૂલ્ય અર્ઘ્યની જેમ ભક્તિ વડે ગ્રહણ કરતો, દરેક વનમાં ભિલ્લોના હાથીના કુંભ-સ્થળમાંથી ઉત્પન્ન થયેલાં મૌક્તિક આદિ ભેટણાંઓને ગ્રહણ કરતો, દરેક પર્વતે પર્વતવાસી રાજાઓએ આગળ મૂકેલા રત્ન અને સુવર્ણની ખાણની શ્રેષ્ઠ વસ્તુઓને અનેક વખત સ્વીકારતો, દરેક ગામમાં ઉત્કંઠાવાળા ગામના વૃદ્ધોની ઉપર, બાંધવની જેમ પ્રસન્નતાપૂર્વક ભેટણાં લઈને અગર લીધા વગર અનુગ્રહ કરતો, ખેતરોથી ગાયની જેમ, ચારે તરફ ફેલાયેલા પોતાના સેવકોને પ્રચંડ પોતાની આજ્ઞારૂપી લાકડી વડે ગામોથી રક્ષતો (રોકતો), વાંદરાની જેમ વૃક્ષ ઉપર ચઢેલા ગામડિયાઓનાં બાળકોને, પિતા જેમ પુત્રને જુએ તેમ હર્ષસહિત જોતો, સર્વદા ઉપદ્રવરહિત ધન-ધાન્ય અને પશુધન વડે ગામોની સંપત્તિને પોતાની નીતિરૂપી વેલડીના ફળની જેમ જોતો, નદીઓને પંકવાળી કરતો, સરોવરોને સુકવતો, વાવ-કૂવાઓને પાતાળના છિદ્ર સરખા કરતો, મલયગિરિના

પવનની જેમ લોકોને સુખ આપતો, દુર્વિનીત શત્રુઓને શિક્ષા કરતો રાજા ધીમે ધીમે જતો વિનીતાનગરીમાં પહોંચે છે.

રાજા તે નગરીના સહોદરની જેમ અતિથિભૂત છાવણીને અયોધ્યાની સમીપે સ્થાપે છે. તે પછી તે રાજ-શિરોમણિ તે રાજધાનીને મનમાં કરીને નિરુપસર્ગના કારણભૂત અટ્ઠમતપને કરે છે, અટ્ઠમતપને અંતે પૌષધ-શાળામાંથી નીકળીને બીજા રાજાઓ સાથે દિવ્ય રસવતીથી પારણું કરે છે.

અયોધ્યાનગરીમાં પગલે પગલે દિગંતરમાંથી આવેલી લક્ષ્મીના ક્રીડા કરવાના હિંચકા સરખાં તોરણો બંધાય છે, નગરજનો પ્રત્યેક માર્ગે જિનજન્મમહોત્સવમાં ગંધ-જળની વૃષ્ટિની જેમ કેસરના પાણીથી છાંટણાં કરે છે, આગળ અનેક થઈને આવેલા નિધાનની જેમ સુવર્ણ-સ્તંભો વડે મંચો બનાવે છે, એક-બીજાની સન્મુખ રહેલા તે મંચો ઉત્તરકુરુમાં રહેલા પાંચ દ્રહની બન્ને બાજુ દશ-દશ કંચનગિરિની જેમ શોભે છે.

દરેક મંચે રત્નમય તોરણો ઇંદ્ર-ધનુષ્યની શ્રેણીને પરાભવ કરતાં હોય એવાં છે. વિમાનોમાં ગંધર્વસૈન્યની જેમ, મંચોને વિષે ગાયિકાજન વીણા-મૃદંગ આદિ વગાડનારા લોકો સાથે રહે છે. મંચોને વિષે ચંદરવામાં લટકતી મોતીની ઝાલરો લક્ષ્મીના વાસગૃહને વિષે કાંતિના ગુચ્છાથી યુક્ત આકાશની જેમ પ્રકાશે છે.

પ્રમોદથી પૂર્ણ નગરદેવીના હર્ષ જેવા ચામરો વડે, આકાશમંડળના આભૂષણની રચના જેવા ચિત્રકર્મ વડે, કુતૂહલથી આવેલાં નક્ષત્રોની જેવાં સુવર્ણનાં દર્પણો વડે, ખેચરોના હસ્તપટ જેવાં અદ્‌ભુત વસ્ત્રો વડે, લક્ષ્મીદેવીના કંદોરા જેવા વિચિત્ર મણિમાળા વડે ઊંચા કરેલા સ્તંભોને વિષે નગરજનો હાટની શોભાને કરે છે.

નગરજનો મધુરધ્વનિ કરતા છે સારસો જેમાં એવા શરત્કાળને બતાવતી અવાજ કરતી ઘુઘરીઓની માળાવાળી ધ્વજાઓને બાંધે છે. દરેક હાટે અને દરેક ઘરે યક્ષકર્દમ ગોમય વડે લીંપેલા આંગણાઓમાં મોતીઓના સાથિયા પૂરે છે. અગરુચૂર્ણ વડે મોટેથી આકાશને પણ સુગંધી કરવા માટે ધૂપ કરાતી ધૂપઘટીઓ પગલે પગલે મૂકે છે.

શુભ ક્ષણે નગરીમાં પ્રવેશને ઇચ્છતો ચંદ્રની જેમ ચક્રવર્તિ મેઘની જેમ ગર્જના કરતા હાથી ઉપર ચઢે છે.

જે કર્પૂરના ચૂર્ણ સરખા શ્વેત એક જ શ્વેત છત્ર વડે, ચંદ્રમંડળ વડે આકાશની જેમ શોભતો, બે ચામરના બહાનાથી પોતાના દેહનો સંકોચ કરીને ભક્તિ વડે સેવાતો, સ્ફટિક પર્વતની શિલા શ્રેષ્ઠ સૂક્ષ્મ રજકણથી બનાવેલા હોય એવાં શ્વેત–નિર્મલ–સૂક્ષ્મ–કોમળ મજબૂત વસ્ત્રો વડે શોભતો, રત્નપ્રભા પૃથ્વીએ સ્નેહથી આપેલા પોતાના સારભૂત વિચિત્ર રત્નાલંકારોની જેમ સર્વ અંગને વિષે સમલંકૃત, ફણામણિને ધારણ કરનારા નાગકુમારો વડે નાગરાજની જેમ, ધારણ કરેલ છે મણિ–માણિક્યના

મુકુટ જેણે એવા રાજસમુદાય વડે પરિવરેલો, ગાંધર્વો વડે ચંદ્રની જેમ, હર્ષના સમૂહથી ભરેલા વૈતાલિકનાં વૃંદો વડે કીર્તન કરાતા છે અદ્ભુત ગુણ જેના એવો, મંગલ વાજિંત્રોના અવાજના પ્રતિશબ્દના બહાને આકાશ અને પૃથ્વી વડે અત્યંત કરાતો છે મંગલધ્વનિ જેનો, તેજ વડે ઇંદ્ર સરખો, પરાક્રમના ભંડારની જેમ રાજા યત્ન વડે હાથીને કાંઈક પ્રેરણા કરતો ચલાવે છે.

તે વખતે ગગનતળથી ઉતર્યા હોય એવા, પૃથ્વીની મધ્યમાંથી નીકળ્યા હોય એવા, દીર્ઘ સમયે આવેલા રાજાને જોવા માટે અનેક ગામોમાંથી લોકસમુદાય આવે છે. રાજાને તે બધી સેના અને ત્યાં રાજાને જોવા માટે આવેલ ભેગો થયેલો સર્વ લોક તે વખતે એક ઠેકાણે સમગ્ર મનુષ્ય લોક એકઠો થયો હોય તેમ લાગે છે.

તે વખતે સૈન્યોના અને આવેલા લોકોના નિરંતર અવસ્થાન વડે મૂકેલ તલનો કણ પણ પૃથ્વીતળ ઉપર પડતો નથી.

વૈતાલિકની માફક હર્ષ વડે તાળી પાડતા કેટલાક લોકો વડે સ્તુતિ કરાતો, ચંચળ ચામરની જેમ વસ્ત્રના છેડા વડે કેટલાક વડે વીંજાતો, કેટલાક વડે સૂર્યની જેમ કપાળે બે હાથ જોડી વંદન કરાતો, માળીની જેમ કેટલાક વડે અપાતા છે ફળ-ફૂલ જેને એવો, કેટલાક વડે પોતાના કુળદેવતાની જેમ પ્રણામ કરાતો, ગોત્રની વૃદ્ધ સ્ત્રીઓની જેમ કેટલાક વડે અપાતી છે આશીષ જેને એવો, તે

પૃથ્વીપતિ ભરતરાજા, નાભિનંદન (ઋષભદેવ પ્રભુ) જેમ પૂર્વ દ્વારે સમવસરણમાં પ્રવેશ કરે તેમ, ચાર દ્વારવાળી વિનીતાનગરીમાં પૂર્વ દ્વાર વડે પ્રવેશ કરે છે. તે સમયે લગ્નમાં કરાતા વાજિંત્રના નાદની જેમ એકી સાથે દરેક મંચોમાં સંગીત થાય છે, આગળ રાજા જતે છતે, રાજમાર્ગની દુકાને રહેલ નગરની સ્ત્રીઓ દૃષ્ટિની જેમ લાજ-(શેકેલ ચોખા)ને નાંખે છે. નગરજનો વડે ફેંકાયેલી પુષ્પમાળાઓ વડે ચારે તરફથી ઢંકાયેલો ભરતરાજાનો હાથી પુષ્પના રથમય થયો. વળી તે રાજા ઉત્કંઠિત લોકોની અમંદ ઉત્કંઠા વડે રાજમાર્ગમાં ધીમે ધીમે જાય છે, નગરજનો પણ ગજેંદ્રના ભયને નહીં ગણાતા, ભરતરાજાની પાસે આવીને રાજાને ફળ વગેરે આપે છે. 'ખરેખર હર્ષ એ બળવાન છે.'

રાજા હાથીના કુંભસ્થળના મધ્યમાં અંકુશ વડે તાડન કરતો દરેક મંચની વચ્ચે હાથીને સ્થિર કરે છે. તે વખતે બંને પડખે મંચની આગળ ઊભેલી નગરની શ્રેષ્ઠ સ્ત્રીઓ એકી સાથે કર્પૂર વડે આરતી કરે છે. તે વખતે રાજા બન્ને પડખે ભ્રમણ કરતી દેદીપ્યમાન આરતીવાળો બન્ને પડખે રહેલા સૂર્ય-ચંદ્રવાળા મેરુ પર્વતની શોભાને ધારણ કરે છે.

અક્ષતપાત્રની જેમ મોતીઓ વડે ભરેલાં પૂર્ણ પાત્રો ઉપાડીને દુકાન આગળ ઊભેલા વ્યાપારીઓને જાણે તે દૃષ્ટિ વડે આલિંગન કરે છે. પાર્ગની નજીકના પ્રાસાદોને

વિષે દરવાજે ઊભેલી કુલાંગનાઓનાં મંગળોને તે રાજા પોતાની બહેનોની જેમ અંગીકાર કરે છે. જોવાને ઇચ્છતા, એક–બીજાના સંઘર્ષથી પીલાતા, નજીક રહેલા લોકોને, ઊંચો કર્યો છે અભયને આપનારો હાથ જેણે એવો રાજા વેત્રીજનોથી રક્ષણ કરે છે.

આ પ્રમાણે જતો રાજા રાજમંદિરની અગ્રભૂમિમાં બન્ને પડખે મોટેથી બાંધેલા રાજ્યલક્ષ્મીના ક્રીડા પર્વતની જેવા મદોન્મત્ત હાથીઓ વડે અતિમનોહર, ઇંદ્રનીલમય ગ્રીવાના આભરણની જેવા મનોહર આંબાના પાંદડાંથી પૂર્ણ એવા તોરણ વડે શણગારેલા, કોઈક ઠેકાણે મોતીઓના સમૂહ વડે, કોઈક ઠેકાણે કપૂરના ચૂર્ણ વડે, કોઈક સ્થળે ચંદ્રકાંતમણિ વડે કરેલ સ્વસ્તિક મંગળવાળા, કોઈક ઠેકાણે રેશમી વસ્ત્ર વડે, કોઈક ઠેકાણે દુકૂલ વસ્ત્ર વડે, કોઈક સ્થળે દેવદૂષ્ય વસ્ત્ર વડે, પણ પતાકાઓની શ્રેણિથી વિભૂષિત, આંગણામાં કોઈક સ્થળે કપૂરના પાણી વડે, કોઈક સ્થળે પુષ્પના રસ વડે, કોઈક સ્થળે હાથીના મદજળ વડે કરાયેલ છે સિંચન જેમાં, સુવર્ણકળશના મિષથી વિસામો લીધેલા સૂર્યની જેવા, સાતભૂમિવાળા પિતા-સંબંધી મહાપ્રાસાદ પાસે પહોંચે છે.

તે પછી તે પ્રાસાદના આંગણાની દિવે અગ્રકા ઉપર પગ મૂકતો, વેત્રી વડે અપાયો છે હાથ જેને એવો રાજા ગજરાજ ઉપરથી ઉતરીને પ્રથમ આચાર્યની જેમ સોળ

હજાર પોતાના અધિષ્ઠાયક દેવતાઓને પૂજીને વિસર્જન કરે છે.

તે પછી તે બત્રીશ હજાર રાજા, સેનાપતિ, પુરોહિત, ગૃહપતિ અને વર્ધકિને વિસર્જન કરે છે. વળી તે રાજા ત્રણસો ત્રેસઠ રસોઈયા, હાથીઓને બંધનસ્થંભે જવા માટે આદેશ કરે તેમ દષ્ટિ વડે પોતાના સ્થાને જવા માટે આદેશ કરે છે. તથા મહોત્સવની સમાપ્તિમાં અતિથિની જેમ શ્રેષ્ઠિઓ, અઢાર શ્રેણિ–પ્રશ્રેણિ ( નવમાળી આદિ જાતિ અને નવ તેલી આદિ જાતિઓ ), દુર્ગપાલો અને સાર્થવાહોને પણ વિસર્જન કરે છે.

તે પછી રાજા ઇંદ્ર જેમ શચી વડે તેમ સુભદ્રા સ્ત્રીરત્ન સહિત તેમજ બત્રીશ હજાર રાજકુળમાં ઉત્પન્ન થયેલ શ્રેષ્ઠ યુવતીઓ તથા તેટલી–બત્રીશ હજાર જનપદમાં ઉત્પન્ન થયેલ કન્યાઓ તેમજ બત્રીશ પાત્રયુક્ત બત્રીશ નાટકો વડે પરિવરેલો, યક્ષરાજ જેમ કૈલાસ પર્વતમાં પ્રવેશ કરે તેમ મણિરત્નની શિલાઓની પંક્તિ વડે આપ્યો છે નેત્રને ઉત્સવ જેણે એવા પ્રાસાદમાં પ્રવેશ કરે છે.

ત્યાં રાજા સિંહાસન ઉપર ક્ષણવાર રહીને કેટલીક વાતો કરીને સ્નાનગૃહમાં જાય છે. ત્યાં ભરતરાજા સરોવરમાં ગયો હોય તેમ સ્નાન કરીને પરિવાર સાથે સરસ આહારનું ભોજન કરે છે, તે પછી તે નવરસયુક્ત શ્રેષ્ઠ નાટકો વડે અને મનોરમ્ય સંગીત વડે યોગો વડે યોગીની જેમ કેટલોક કાળ પસાર કરે છે.

એક વખત દેવો અને મનુષ્યો ભક્તિ વડે તેમને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરે છે કે– હે ઇંદ્રસમાન પરાક્રમવાળા મહારાજા! તમે વિદ્યાધરનરેન્દ્ર સહિત આ છ ખંડ ભૂમિને સાધી, તેથી અમને અનુજ્ઞા આપો કે જેથી અમે સ્વેચ્છાપૂર્વક તમારો મહારાજ્યાભિષેક કરીએ.

## શ્રી ભરતનો મહારાજ્યાભિષેક

રાજાએ 'તેમ હો' એ પ્રમાણે અનુજ્ઞા આપવાથી તે દેવો નગરીની બહાર સુધર્માસભાના ખંડ જેવો ઈશાન દિશામાં મંડપ બનાવે છે. તે પછી તેઓ દ્રહ–નદી–સમુદ્ર અને તીર્થોમાંથી જળ–ઔષધિ–માટી લાવે છે.

ભરત મહારાજા પૌષધશાળામાં જઈને અટ્ઠમતપ કરે છે. 'કારણ કે તપ વડે પ્રાપ્ત થયેલું રાજ્ય તપ વડે જ આનંદ પામે છે.' અટ્ઠમતપ પૂર્ણ થયે અંતઃપુરથી પરિવરેલો રાજા પરિવાર સહિત હાથી ઉપર ચઢી દિવ્યમંડપ પાસે આવે છે. અંતઃપુર અને હજારોની સંખ્યાવાળા નાટકો સાથે ભરત ઉન્નત એવા અભિષેક મંડપમાં પ્રવેશ કરે છે. તે પછી પૂર્વ સોપાનપંક્તિ વડે અત્યંત ઊંચા સ્નાનપીઠ ઉપર, ગજેન્દ્ર જેમ ગિરિશિખર ઉપર ચઢે તેમ ચઢે છે. તે પછી તે ભરત રાજા રત્ન સિંહાસન ઉપર પૂર્વદિશા સન્મુખ બેસે છે.

તે વખતે કેટલાક સેવક હોય તેમ તે બત્રીશ હજાર રાજાઓ ઉત્તર સોપાનમાર્ગ વડે સુખપૂર્વક પીઠ ઉપર ચઢે છે. તે રાજાઓ ચક્રવર્તીની નજીકની પૃથ્વીમાં ભદ્રાસનો

ઉપર બે હાથ જોડી તીર્થંકરને વંદન કરતા હોય તેમ ઊભા રહે છે.

તે પછી સેનાપતિ–ગૃહપતિ–વર્ધકિ–પુરોહિત–શ્રેષ્ઠિ વગેરે દક્ષિણ સોપાનમાળા વડે પીઠ ઉપર ચઢીને અનુક્રમે પોત–પોતાને ઉચિત આસનો ઉપર બેઠેલા મહારાજાને વિજ્ઞપ્તિ કરવા માટે ઇચ્છતા હોય તેમ બે હાથ જોડી ઊભા રહે છે.

તે પછી ધર્મચક્રવર્તી શ્રી ઋષભદેવસ્વામીના અભિષેક માટે જેમ ઇંદ્રો આવે તેમ ભરતચક્રવર્તીના અભિષેક માટે આભિયોગિક દેવો આવે છે.

જળગર્ભિત મેઘની જેમ, મુખને વિષે સ્થાપન કરેલ કમળો વડે ચક્રવાકની જેમ પડતા પાણીના અવાજ વડે વાજિંત્રના નાદનું અનુકરણ કરતા એવા સ્વાભાવિક અને વૈક્રિય રત્નકળશો વડે તે દેવો ચક્રવર્તીનો અભિષેક કરે છે.

તે પછી શુભ મુહૂર્તને વિષે તે બત્રીશ હજાર રાજાઓ હર્ષ વડે પોતાના નેત્રની જેમ નીકળતા ઘણા જળવાળા કળશો વડે ભરત રાજાને અભિષેક કરે છે. તે પછી મસ્તકને વિષે કમળકોશ સરખી અંજલિ કરીને ચક્રવર્તીને 'તમે જય પામો, વિજય પામો' એમ કહી વધાવે છે.

બીજા સેનાપતિ વગેરે જળ વડે તેમને અભિષેક કરે છે અને જળની જેવા નિર્મળ વચનો વડે સ્તુતિ કરે

છે. પછી તેઓ ઉજ્જવળ રૂંવાટીવાળા સુકોમળ ગંધકષાયી વસ્ત્ર વડે માણિક્ય જેવા તેમના અંગને લૂંછે છે.

પછી તેઓ કાંતિને પોષણ કરનારા, ગેરૂ વડે સુવર્ણની જેમ ગોશીર્ષચંદન વડે રાજાના અંગને વિલેપન કરે છે. તે પછી ઋષભસ્વામીને ઇંદ્રે આપેલા મુકુટ, મસ્તક ઉપર અભિષેક કરાયેલા રાજાઓમાં અગ્રેસર એવા ભરતરાજાના મસ્તકને વિષે તેઓ સ્થાપન કરે છે. મુખરૂપી ચંદ્રની પાસે રહેલા ચિત્રા અને સ્વાતિ નક્ષત્ર જેવા રત્નકુંડળ રાજાના કાનમાં પહેરાવે છે, તેમના કંઠમાં પવિત્ર મોતીથી ગૂંથેલા હારને સ્થાપે છે. રાજાના વક્ષસ્થળને વિષે અલંકારોમાં રાજા સમાન હારના યુવરાજ જેવા અર્દ્ધ-હારને તેઓ સ્થાપન કરે છે. અંદર અબરખના પડવાળા હોય એવા નિર્મળ કાંતિ વડે શોભતા દેવદૂષ્ય વસ્ત્રો તેઓ રાજાને પહેરાવે છે. રાજાના કંઠભાગમાં લક્ષ્મીદેવીના ઉરસ્થળરૂપી મંદિરના કિરણમય વપ્ર જેવી મોટી પુષ્પ-માળા તેઓ પહેરાવે છે.

આ પ્રમાણે કલ્પવૃક્ષની જેમ અમૂલ્ય વસ્ત્ર–મણિ–માણિક્યના આભરણથી સુશોભિત રાજા સ્વર્ગખંડની જેમ તે મંડપને વિભૂષિત કરે છે.

તે પછી સર્વપુરુષોમાં પ્રધાન બુદ્ધિશાળી ભરતરાજા વેત્રિપુરુષો દ્વારા અધિકારી પુરુષોને બોલાવીને આ પ્રમાણે આદેશ કરે છે કે, અરે! તમે હાથીની સ્કંધ ઉપર ચઢીને ચારે તરફ દરેક માર્ગે ફરીને આ વિનીતાનગરીને બાર

વર્ષ પર્યંત શુલ્ક (=જકાત)–કર–દંડ અને કુદંડ રહિત ભટના પ્રવેશ વગરની નિત્ય પ્રમોદવાળી કરો.

તે પછી તે વખતે જ તે અધિકારી પુરુષો તે પ્રમાણે કરે છે. 'કારણ કે કાર્યની સિદ્ધિમાં ચક્રવર્તીની આજ્ઞા એ પંદરમું રત્ન છે.'

હવે રાજા રત્નસિંહાસન ઉપરથી ઊભા થાય છે. તેમની પાછળ તેમના પ્રતિબિંબની જેવા બીજા રાજા વગેરે સાથે જ ઊભા થાય છે.

ભરતેશ્વર પોતાના આગમનના માર્ગ વડે પર્વતની જેવા સ્નાનપીઠ ઉપરથી ઉતરે છે. તેવી રીતે બીજા રાજાઓ પણ ઉતરે છે.

તે પછી ઘણા જ ઉત્સાહવાળો રાજા પોતાના પ્રતાપની જેમ અસાધ્ય એવા શ્રેષ્ઠ હાથી ઉપર બેસીને પોતાના પ્રાસાદમાં જાય છે. ત્યાં સ્નાનગૃહમાં જઈને નિર્મળ જળ વડે સ્નાન કરીને રાજા અટ્ઠમભક્તને અંતે પારણું કરે છે.

આ પ્રમાણે બાર વર્ષનો અભિષેક મહોત્સવ સમાપ્ત થયે સ્નાન કરી, પૂજા કર્મ કરી, પ્રાયશ્ચિત્તકૌતુક મંગલ કરી ભરતરાજે બાહ્યસભામાં આવીને તે સોળ હજાર આત્મરક્ષક દેવોનો સત્કાર કરીને વિસર્જન કરે છે, તે પછી શ્રેષ્ઠ પ્રાસાદ ઉપર ચઢેલો પાંચેય ઇંદ્રિયોના વિષય-સુખને ભોગવતો રાજા વિમાનમાં રહેલા ઇંદ્રની જેમ રહે છે.

## ચક્રવર્તીની સમૃદ્ધિ

તે ચક્રવર્તીની આયુધશાળામાં ચક્ર, છત્ર, ખડ્ગ અને દંડ એ ચાર એકેંદ્રિય રત્નો ઉત્પન્ન થાય છે. રોહણાચલમાં માણિક્યની જેમ તે શ્રીમાનના શ્રીગૃહમાં (= ભંડારમાં) કાકિણી–ચર્મ અને મણિરત્ન તથા નવનિધિઓ થાય છે. પોતાની નગરીમાં સેનાપતિ–ગૃહપતિ–પુરોહિત અને વર્ધકિ એ ચાર પુરુષ–રત્નો ઉત્પન્ન થાય છે, હસ્તિ અને અશ્વ રત્ન વૈતાઢ્યપર્વતના મૂળભાગમાં થાય છે. સ્ત્રીરત્ન ઉત્તર વિદ્યાધરશ્રેણિમાં ઉત્પન્ન થયું.

નેત્રને આનંદદાયક મૂર્તિ વડે ચંદ્રની જેમ, દુસ્સહ પ્રતાપ વડે સૂર્યની જેમ તે ભરતેશ્વર શોભે છે. તે પુરુષપણાને પામેલ સમુદ્રની જેમ ગંભીર, વળી મનુષ્યોના સ્વામીપણાને પામેલા વૈશ્રમણની જેમ, ગંગા–સિંધુ વગેરે ચૌદ મહાનદીઓ વડે જંબૂદ્વીપની જેમ ચૌદ મહારત્નો વડે તે શોભે છે. વિહાર કરતા ઋષભદેવ પ્રભુના ચરણની નીચે જેમ સુવર્ણકમળો હોય છે, તેમ ભરતરાજાના પગની નીચે રહેલા નવેય નિધિઓ હોય છે, ઘણા મૂલ્યથી ખરીદેલા આત્મરક્ષક જેવા હંમેશાં પાસે રહેલા સોળ દેવો વડે પરિવરેલો હોય છે. રાજકન્યાની જેમ અત્યંત ભક્તિના સમૂહથી ભરેલા બત્રીશ હજાર રાજાઓ નિરંતર તેની સેવા કરે છે. બત્રીશ હજાર નાટકની જેમ જનપદમાં ઉત્પન્ન થયેલી બત્રીશ હજાર કન્યાઓ સાથે તે રાજા ક્રીડા કરે છે. પૃથ્વીમાં અદ્વિતીય ભૂપની જેવો તે ત્રણસો સાઠ દિવસો વડે વર્ષની જેમ તેટલા રસોઈયા વડે શોભે છે.

પૃથ્વીતળમાં અઢાર શ્રેણિપ્રશ્રેણિ વડે વ્યવહાર ધર્મને, લિપિ વડે ઋષભદેવની જેમ તે પ્રવર્તાવે છે. ચોરાશી લાખ રથ–ગજ અને ઘોડાઓ વડે અને છન્નું ક્રોડ ગ્રામ અને સૈનિકો વડે તે શોભે છે. બત્રીશ હજાર નગરોનો તે સ્વામી છે, નવ્વાણું હજાર દ્રોણમુખનો અને અડતાલીશ હજાર પાટણનો તે અધિપતિ છે, ચોવીશ હજાર કર્બટ અને મડંબનો તેસ્વામી છે, વીશ હજાર આકર અને સોળ હજાર ખેટ ઉપર તે શાસન કરે છે, ચૌદ હજાર સંબાધ અને છપ્પન્ન અંતરદ્વીપો અને ઓગણપચાસ કુરાજ્યોનો તે નાયક છે.

આ પ્રમાણે ભરતક્ષેત્રની અંદર રહેલી બીજી વસ્તુ-ક્ષેત્રની અંદર રહેલી બીજી વસ્તુઓનો પણ તે શાસક થયો.

વિનીતાનગરીમાં રહેલો ભરતરાજા અખંડિત અધિપતિ-પણું કરતો, અભિષેક મહોત્સવને અંતે પોતાના માણસોને યાદ કરવા લાગ્યો. તે પછી નિયુક્ત પુરુષો સાઠ હજાર વર્ષ સુધી વિરહવડે ઉત્કંઠિત પોતાના માણસોને રાજાને બતાવે છે.

## સુંદરીને જોઈને ભરતની ચિંતા અને સુંદરીની દીક્ષા

તે પછી તે પોતાના પુરુષોવડે નામગ્રહણ પૂર્વક બતાવાતી બાહુબલિની બેન સુંદરીને તે ગુણો વડે સુંદર એવો ભરત જુએ છે. તે કેવી છે ?

ગ્રીષ્મ સમયથી આક્રાંત થયેલી નદીની જેમ કૃશતર હિમના સંપર્કના વશથી કમલિનીની માફક કરમાયેલી

હેમંતકળાની ચંદ્રકળાની જેમ નાશ પામેલ છે રૂપ અને લાવણ્ય જેનું એવી, સુકાઈ ગયા છે પાંદડાં જેના એવા કેળની જેમ ફીક્કા સુકાઈ ગયા છે ગાલ જેના એવી છે.

તેવા પ્રકારના પરાવર્તન પામેલા રૂપવાળી તેને જોઈને ક્રોધ સહિત ભરત ચક્રવર્તી પોતાના નિયુક્ત પુરુષોને કહે છે કે– 'શું અમારા ઘરમાં ક્યારે ય ભાત નથી ? લવણસમુદ્રમાં શું લવણ નથી ? વિવિધ રસવતીમાં હોંશિયાર રસોઈયાઓ શું નથી ? અથવા તેઓ શું આદર વગરના આજીવિક ચોર છે ? દ્રાક્ષ–ખજૂર વગેરે ખાદ્યો પણ શું અહીં નથી ? સુવર્ણગિરિ ઉપર શું સુવર્ણ ન હોય ? ઉદ્યાનમાં તે વૃક્ષો શું ફળ વગરનાં છે ? નંદનવનમાં પણ શું વૃક્ષો ફળતાં નથી ? ઘડા જેવા આઉવાળી ગાયોનાં દૂધ પણ શું અહીં નથી ? કામધેનુ પણ શું શુષ્કસ્તન પ્રવાહવાળી થઈ ગઈ ? હવે ભોજ્ય આદિ સંપત્તિ હોવા છતાં પણ સુંદરી જો કાંઈપણ ખાતી નથી તો શું તે રોગથી પીડિત છે ? જો શરીરની સુંદરતાને હરી લેનાર એને કોઈ રોગ હોય તો શું સર્વે વૈદ્યો ક્ષય (મૃત્યુ) પામ્યા છે ? જો અમારા ઘરમાં દિવ્ય ઔષધિઓ પ્રાપ્ત થતી ન હોય તો હિમવંત પર્વત પણ હમણાં શું ઔષધિ વગરનો છે ?

દરિદ્રની પુત્રીની જેમ અત્યંતકૃશ એવી એને જોતો હું દુઃખી થાઉં છું. તેથી આશ્ચર્ય છે કે શત્રુ જેવા તમારાથી હું ઠગાયો છું.

તે અધિકારીઓ પણ ભરતને પ્રણામ કરીને આ પ્રમાણે કહે છે– 'દેવેન્દ્ર જેવા દેવના ઘરમાં બધું ય છે, પરંતુ દેવ જ્યારથી માંડીને દિગ્‌વિજય કરવા નીકળ્યા, ત્યારથી માંડીને આ પ્રાણના રક્ષણ માટે કેવળ આયંબિલ કરે છે, તેમ જ જ્યારથી જ દેવવડે દીક્ષા ગ્રહણ કરતા નિષેધ કરાઈ ત્યારથી માંડીને આ ભાવથી દીક્ષા લીધી હોય તેમ રહે છે.'

આ પ્રમાણે સાંભળીને રાજાએ 'હે કલ્યાણકારિણી! તું દીક્ષા લેવાને ઇચ્છે છે?' એ પ્રમાણે પૂછ્યું. સુંદરીએ 'એમ જ છે' એ પ્રમાણે કહ્યું.

ભરતરાજા પણ કહે છે કે— પ્રમાદ વડે અથવા સરળતાથી હું આટલા કાળ સુધી આને વ્રતમાં વિઘ્ન કરનારો થયો. આ બાળક ખરેખર પૂજ્ય પિતાને અનુરૂપ છે. નિરંતર વિષયાસક્ત અને રાજ્યથી અતૃપ્ત એવા અમે ક્યાં? સમુદ્રના પાણીના તરંગ જેવું આયુષ્ય વિનશ્વર છે, એમ જાણવા છતાં. પણ વિષયમાં આસક્ત માણસો જાણતા નથી. જોવાય કે તરત જ નાશ પામે એવી વીજળી વડે માર્ગ જોવાની જેમ ક્ષણભંગુર એવા આ આયુષ્ય વડે મોક્ષમાર્ગ જો સાધી શકાય તો વધારે સારું. માંસ–મજ્જા–મળ–મૂત્ર–રુધિર–પરસેવા અને રોગમય દેહને શણગારવો તે ઘરની ખાળને ધોવા સરખું જ છે. આ શરીર વડે મોક્ષરૂપી ફળવાળું વ્રત ગ્રહણ કરવા તું ઇચ્છે છે તે સારું છે. નિપુણ પુરુષો ખરેખર ક્ષીરસમુદ્રમાંથી રત્નોને જ ગ્રહણ કરે છે.

આ પ્રમાણે હર્ષિત થયેલા રાજાએ વ્રત માટે રજા આપવાથી તપથી કૃશ થયેલી પણ સુંદરી અકૃશ હોય તેમ હર્ષથી ઉચ્છ્વસિત થઈ.

## સુંદરીની દીક્ષા

એ સમયે ભગવાન ઋષભદેવ જગતરૂપી મયૂરોને આનંદ પમાડવામાં મેઘની જેમ વિચરતા અષ્ટાપદ પર્વત ઉપર આવે છે, તે પર્વત ઉપર દેવો રત્ન–કંચન અને રૂપામય બીજા પર્વતની જેવા સમવસરણને રચે છે.

ત્યાં દેશના આપતા પ્રભુને જાણીને ગિરિપાલકો જલદી ભરતચક્રીની પાસે આવીને જણાવે છે. તે વખતે સ્વામીના સમાગમનના સમાચાર સાંભળીને રાજા છખંડ ભરતના વિજય કરતાં પણ વધારે હર્ષિત ચિત્તવાળો થાય છે. રાજા પ્રભુના સમાચાર આપનારા સેવકોને સાડા બાર ક્રોડ સુવર્ણ પારિતોષિકરૂપે આપે છે. 'તારા મનોરથની સિદ્ધિની મૂર્તિ જેવા જગદ્ગુરુ અહીં આવ્યા છે' એમ સુંદરીને કહે છે. તે પછી ભરતેશ્વર દાસીજનની જેવા પોતાના અંતઃપુરની વધૂજનો મારફત તેનો દીક્ષાભિષેક કરાવે છે.

હવે તે સુંદરી સ્નાન કરી, પવિત્ર વિલેપન કરી દશાસહિત વસ્ત્રો પહેરે છે, તે પછી યથાસ્થાને ઉત્તમ રત્નાલંકારો ધારણ કરે છે, શીલરૂપી અલંકારવાળી તેને બાહ્ય અલંકારો ફક્ત આચાર પાળવા માટે જ છે.

તેવી રીતે રહેલી સુંદરીની આગળ રૂપસંપત્તિ વડે તે સ્ત્રીરત્ન સુભદ્રા પણ દાસી જેવી લાગે છે.

તે વખતે તે શીલસુંદરી સુંદરી જંગમ કલ્પવેલીની માફક જે કોઈ જે વસ્તુ માગે તે તેને વિલંબ વિના આપે છે, કપૂરના ચૂર્ણ સરખા શ્વેત વસ્ત્રોવડે શોભતી તે રાજહંસી જેમ કમલિની ઉપર ચઢે તેમ શિબિકામાં ચઢે છે.

હાથી–ઘોડા–પાયદળ અને રથવડે ઢાંકી દીધી છે ભૂમિ જેણે એવા રાજાવડે મરુદેવીની જેમ તે સુંદરી અનુસરાય છે.

ચામરોવડે વીંજાતી, શ્વેત છત્રો વડે શોભતી, વૈતાલિકોના સમૂહોવડે સ્તુતિ કરાતી છે ગાઢ વ્રતગ્રહણની શ્રદ્ધા જેની એવી, ભાભીઓ વડે ગવાતા છે દીક્ષા મહોત્સવના મંગળ જેના એવી, પગલે પગલે ઉત્તમ સ્ત્રીઓ વડે ઉતારાતા છે લવણ જેને એવી, ચાલતા અનેક પૂર્ણ પાત્રો સાથે શોભતી તે સુંદરી સ્વામિના ચરણથી પવિત્રિત એવા અષ્ટાપદપર્વતે પહોંચે છે.

ચંદ્રસહિત પૂર્વાચલની જેવા સ્વામી વડે અધિષ્ઠિત તે ગિરિવરને જોઈને ભરત અને સુંદરી ઘણો હર્ષ પામ્યા.

તે પછી તેઓ સ્વર્ગ અને મોક્ષના પગથિયા હોય તેમ વિશાળ શિલાવાળા તે અષ્ટાપદપર્વત ઉપર ચઢ્યા.

તે પછી ભવભ્રમણથી ભય પામેલા પ્રાણીઓને

શરણરૂપ, ચાર ધારવાળા, સંક્ષિપ્ત જંબૂદ્વીપની જગતી હોય એવા તે સમવસરણ પાસે આવે છે,

હવે તેઓ ઉત્તરદ્વારના માર્ગે વિધિપૂર્વક સમવસરણમાં પ્રવેશ કરે છે. તે પછી તે ભરત અને સુંદરી હર્ષ અને વિનયપૂર્વક ઉશ્વાસ પામતા અને સંકોચ પામતા દેહવાળા પરમેશ્વરને ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે. તે પછી તેઓ રત્નમય ભૂતળમાં સંક્રાંત થયેલા જગત્પતિના રૂપને જોવા માટે ઉત્સુક હોય એમ તીર્થંકરને પ્રણામ કરે છે, તે પછી ભરત ચક્રવર્તી ભક્તિથી પવિત્રિત સુંદર વાણી વડે પ્રથમ ધર્મચક્રવર્તીની સ્તુતિ કરવાની શરુઆત કરે છે.

## ભરતેશ્વરે કરેલી સ્તુતિ

હે પ્રભુ! અવાસ્તવિક ગુણોને બોલતો લોક અન્ય લોકની સ્તુતિ કરે છે, પરંતુ હું તો તમારા સત્ય ગુણોને કહેવા માટે પણ અસમર્થ છું, તેથી કેવી રીતે સ્તુતિ કરું? તો પણ હે જગન્નાથ! હું તમારી સ્તુતિ કરીશ, કારણ કે દરિદ્ર માણસ શ્રીમંતોને પણ શું ભેટણું આપતો નથી? તમારા ચરણકમળને જોવા માત્રથી અન્ય જન્મમાં કરેલાં પાપો પણ ચંદ્રના કિરણ વડે શેફાલીપુષ્પની જેમ ગળી જાય છે. ચિકિત્સા ન કરી શકાય એવા મોહરૂપી સંનિપાતવાળાઓને પણ હે સ્વામી! તમારી પરમશાંતિ કરનારી અમૃતના ઔષધ સરખી વાણી જય પામે છે. હે નાથ! તમારી દૃષ્ટિઓ વર્ષાઋતુમાં વૃષ્ટિની જેમ ચક્ર-

વર્તીને વિષે અને દરિદ્રને વિષે પ્રીતિસંપદાનું કારણ છે. ક્રૂરકર્મ રૂપી હિમગ્રંથિને ઓગાળી નાખવામાં સૂર્ય સરખા હે પ્રભુ! અમારી જેવાઓના પુણ્ય વડે આ પૃથ્વી પર તમે વિચરો છો. વ્યાકરણ શાસ્ત્રમાં વ્યાપ્ત થતા સંજ્ઞા-સૂત્ર સરખી તમારી ઉત્પાદ–વ્યય અને ધ્રૌવ્યમય ત્રિપદી જયવંતી વર્તે છે. હે ભગવંત! આ લોકમાં જે તમારી સેવા કરે છે અથવા ધ્યાન કરે છે તેની તો શી વાત?

આ પ્રમાણે ભરતેશ્વર સ્તુતિ કરીને અને નમસ્કાર કરીને ઈશાન દિશામાં યથાયોગ્ય સ્થાને બેસે છે.

હવે સુંદરી પણ ઋષભદેવ પ્રભુને વંદન કરી બે હાથ જોડી ગદ્ગદ અક્ષરવાળી વાણીથી આ પ્રમાણે કહે છે :—

## સુંદરીએ કરેલી પ્રાર્થના

'હે જગત્પતિ! આટલા કાળ સુધી તમને મન વડે જોતી હતી, હમણાં ઘણાં પુણ્ય વડે દૃષ્ટિથી પ્રત્યક્ષ જોયા. મૃગતૃષ્ણા સરખા સુખવાળા સંસારરૂપી મરુભૂમિમાં લોકોએ પુણ્ય વડે જ અમૃતના મહાસરોવર જેવા આપને મેળવ્યા છે. હે જગદ્ગુરુ! મમતારહિત હોવા છતાં પણ તમે સમસ્ત જગત ઉપર વાત્સલ્યવાળા છો. અન્યથા વિષમ દુઃખરૂપી સમુદ્રથી એનો કેમ ઉદ્ધાર કરો?

મારી સ્વામીની બ્રાહ્મી કૃતાર્થ છે, ભાઈના પુત્રો કૃતપુણ્ય છે, ભત્રીજાના પુત્રો પણ ધન્ય છે કે જેઓ તમારા માર્ગને અનુસર્યા છે.

હે ભગવંત! ભરતરાજાના આગ્રહને લીધે આટલા કાળ સુધી મેં વ્રત ગ્રહણ ન કર્યું, તેથી હું પોતાની જાતે જ ઠગાઈ છું.

હે જગતારક! પિતા! દીન એવી મને તારો-તારો. ઘરને ઉદ્યોત કરનારો દીપક શું ઘડાને પ્રકાશ ન કરે?

હે જગતનું રક્ષણ કરવામાં એક દીક્ષિત! પ્રભુ! પ્રસન્ન થાઓ. સમુદ્રને તારવામાં યાનપાત્ર સરખી દીક્ષા મને આપો.

ભગવંત પણ હે મહાસત્ત્વથી શોભતી! સારું-સારું, એમ કહી તેને સામાયિક સૂત્ર (करेमि भंते) ઉચ્ચારવાપૂર્વક દીક્ષા આપે છે. તે પ્રભુ મહાવ્રતરૂપી વૃક્ષના બગીચાને અમૃતની નીક જેવી અનુશાસ્તિ (શિખામણ) મય દેશના કરે છે.

તે પછી પોતાને મોક્ષ મળ્યું હોય એમ માનતી તે મોટા મનવાળી સાધ્વીગણની મધ્યમાં જ્યેષ્ઠના અનુક્રમ વડે બેસે છે.

સ્વામીની દેશના સાંભળીને અને ચરણકમળને નમીને હર્ષિત મનવાળો ભરત રાજા અયોધ્યાનગરીમાં જાય છે.

### ભરતરાજાનું અઠ્ઠાણું નાના ભાઈઓ તરફ દૂતોનું મોકલવું અને તેઓનું પ્રભુ પાસે આગમન

ફરીથી પોતાના સર્વ જનને જોવા માટે ઇચ્છતા

ભરતેશ્વરને અધિકારીઓએ જે આવ્યા હતા તે બતાવ્યા અને જે આવ્યા ન હતા તેઓને યાદ કરાવ્યા.

પોતાના અભિષેક મહોત્સવમાં પણ નહીં આવેલા તે ભાઈઓને જાણીને ભરતેશ્વર તે દરેક તરફ દૂત મોકલે છે. 'જો તમે રાજ્યને ઇચ્છતા હો તો ભરતની સેવા કરો' આ પ્રમાણે દૂતોએ કહેવાથી તે સર્વે વિચારીને આ પ્રમાણે કહે છે :– 'પિતાએ અમને અને ભરતને વહેં-ચીને રાજ્ય આપ્યું છે, સેવા કરવાથી ભરત તેથી વધારે શું કરશે? શું કાળે કરીને આવતા કાળ (મરણ)ને તે અટકાવશે? શું દેહને ગ્રહણ કરનારી જરારાક્ષસીને તે નિગ્રહ કરશે? અથવા શું પીડા કરનારા વ્યાધિરૂપી શિકારીઓને તે હણશે?

અથવા શું અનુક્રમે વધતી તૃષ્ણાને શું તે દલન કરશે? જો ભરત આવા પ્રકારનું સેવાનું ફળ આપવા સમર્થ નથી તો મનુષ્યભાવ સામાન્ય હોવાથી કોણ કોની સેવા કરે?

વિશાળ રાજ્ય પ્રાપ્ત કર્યા છતાં પણ જો અસંતો-ષથી અમારા રાજ્યને બળથી ગ્રહણ કરવા ઇચ્છતો હોય તો અમે પણ તે પિતાના જ પુત્રો છીએ. તેથી હે દૂતો! પિતાને જણાવ્યા વિના મોટા સગાભાઈ એવા તમારા સ્વામી સાથે અમે યુદ્ધ કરવા ઉત્સાહ કરતા નથી.

તે દૂતોને એ પ્રમાણે કહીને તે જ સમયે અષ્ટાપદ પર્વત ઉપર સમવસરણમાં રહેલા ઋષભસ્વામી પાસે

જાય છે. પરમેશ્વરને ત્રણ પ્રદક્ષિણા કરીને પ્રણામ કરીને મસ્તકે બે હાથ જોડી આ પ્રમાણે સ્તુતિ કરે છે:—

હે જિનેશ્વર! દેવોથી પણ ન જાણી શકાય એવા ગુણવાળા તમારી સ્તુતિ કરવા માટે કોણ સમર્થ છે? તો પણ હે સ્વામી! વિલાસ પામતું બાળક યોગ્ય ચપળપણું જેનું એવા અમે સ્તુતિ કરીશું.

જેઓ હંમેશાં તમને નમસ્કાર કરે છે તેઓ તપસ્વીજન કરતાં અધિક છે, જેઓ તમારી સેવા કરે છે તેઓ યોગીઓ કરતાં પણ વધારે શ્રેષ્ઠ છે, હે જગતના ભાવોને પ્રકાશ કરવામાં સૂર્યસમાન! પ્રતિદિન નમસ્કાર કરનારા પુણ્યશાળી આત્માઓને તમારા પગના નખના કિરણો મુકુટરૂપે થાય છે. હે જગતના જીવોને અભય આપનાર! તમે કોઈનું કાંઈપણ શાંતિથી કે બળથી કાંઈ પણ ગ્રહણ કરતા નથી, તો પણ તમે ત્રૈલોક્ય ચક્રવર્તી છો.

હે પ્રભુ! સર્વ જળાશયના જળમાં ચંદ્રની જેમ તમે એક હોવા છતાં પણ સર્વ જીવોના ચિત્તમાં સમાન વર્તો છો, હે દેવ! તમારી સ્તુતિ કરનારા સર્વ વડે સ્તુતિ કરાય છે, તમને પૂજનાર સર્વ વડે પૂજાય છે, તમને પ્રણામ કરનાર સર્વ વડે પ્રણામ કરાય છે, તમારે વિષે ભક્તિ મહાફળ આપનારી થાય છે.

હે દેવેશ! દુઃખરૂપી દાવાનળથી તપેલાને તમે એક

મેઘ જેવા છો. મોહરૂપી અંધકારથી મૂઢ થયેલાને તમે જ એક દીપક છો. માર્ગમાં છાયાવૃક્ષની જેમ દીન–શ્રીમંત મૂર્ખ અને ગુણવંતને પણ તમે સાધારણ સરખી રીતે ઉપકાર કરનારા છો.

આ પ્રમાણે ભગવંતની સ્તુતિ કરીને ભ્રમરની જેમ સ્વામીના ચરણકમળમાં નેત્ર સ્થાપન કરી બધા એક થઈને તેઓ આ પ્રમાણે જણાવે છે :–

તે વખતે તાતપાદે (આપે) જુદા જુદા દેશનાં રાજ્યો વહેંચીને યથાયોગ્યપણે અમને અને ભરતને આપ્યા. હે જગદીશ્વર! અમે તે રાજ્યો વડે સંતુષ્ટ રહીએ છીએ. સ્વામીએ બતાવેલી મર્યાદા ખરેખર વિનય સંપન્ન આત્માઓને અલંઘ્ય હોય છે. પરંતુ હે ભગવંત! ભરતેશ્વર પોતાના રાજ્ય વડે અને અપહરણ કરેલા અન્ય રાજ્યો વડે, પાણી વડે વડવાનલ સંતોષ ન પામે તેમ સંતોષ પામતો નથી.

જેમ તેણે બીજા રાજાઓનાં રાજ્ય અપહરણ કર્યાં, તેમ તે ભરત અમારાં રાજ્યોને પણ અપહરણ કરવા ઇચ્છે છે, તે બીજા રાજાઓની માફક અમોને પણ દૂતપુરુષોવડે 'જલદી રાજ્યો છોડો અથવા મારી સેવા કરો' એ પ્રમાણે આદેશ કરે છે. પોતાને મોટા માનતા તેના વચનમાત્રથી પિતાએ આપેલાં રાજ્યોને અમે કાયરપુરુષની જેમ કેમ છોડી દઈએ? અધિક ઋદ્ધિને વિષે નિઃસ્પૃહ એવા અમે તેની સેવા પણ શા માટે કરીએ? જે અસંતુષ્ટ

હોય તે જ માનઘાત કરનારી સેવા કરે. રાજ્ય ન છોડીએ અને સેવા ન કરીએ તો સ્વયં યુદ્ધ આવી પડે છે, તો પણ પૂજ્ય પિતાને પૂછયા વિના અમે કંઈ પણ કરવા સમર્થ નથી.

## ભરતના ભાઈઓને પ્રભુનો ઉપદેશ અને તેઓની દીક્ષા

તે પછી નિર્મળ કેવળ જ્ઞાનને વિષે સંક્રાત થયેલ છે સમસ્ત ભુવન જેને એવો દયાળુ ભગવંત શ્રી આદિનાથ તેઓને આ પ્રમાણે બતાવે છે :—

હે વત્સો ! પુરુષવ્રતધારી વીર પુરુષોએ ખરેખર દ્રોહ કરનારા વૈરિવર્ગ સાથે યુદ્ધ કરવું જોઈએ. પુરુષોને સેંકડો જન્માંતરમાં અનિષ્ટ આપનારા રાગ–દ્વેષ–મોહ અને કષાય એ શત્રુઓ છે. રાગ એ જીવોને સદ્ગતિમાં ગમન કરતાં લોહમય પાદશૃંખલા છે, દ્વેષ એ નરકાવાસના નિવાસમાં બળવાન પ્રતિનિધિ છે, મોહ મનુષ્યોને ભવસમુદ્રના આવર્તમાં નાંખવામાં શરત સરખો છે, કષાય એ અગ્નિની જેમ પોતાના આશ્રયને જ બાળે છે. તેથી દોષરહિત ઉપાયરૂપ તે તે શસ્ત્રોવડે નિરંતર યુદ્ધ કરીકરીને એ વૈરીઓને જીતવા જોઈએ. એક શરણ્યભૂત ધર્મનું જ સેવન કરવું જોઈએ જેથી શાશ્વત આનંદમય પદ (મોક્ષ) સુલભ થાય.

અનેક જીવયોનિમાં સંપાત થવાથી અનંત પીડાના કારણભૂત, અભિમાનરૂપી એક ફળ છે જેનું એવી આ

રાજ્યલક્ષ્મી પણ વિનશ્વર છે. વળી હે વત્સો ! પૂર્વ-ભવોમાં દેવલોકના સુખોથી તમારી જે તૃષ્ણા છેદાઈ નહિ, તે અંગારકારકની જેમ મનુષ્યના ભોગોવડે કેવી રીતે છેદાય ?

## અંગારકારકનું દૃષ્ટાંત

કોઈક અંગારકારક પાણીની મશક લઈને નિર્જળ અરણ્યમાં અંગારા કરવા માટે ગયો. તે મધ્યાહ્નના તાપથી પુષ્ટ થયેલ અંગારાના અગ્નિના સંતાપથી ઉત્પન્ન થયેલ ઘણી તરસ વડે પીડાયેલો મશકમાં રહેલ સર્વ પાણીને પી ગયો, તેનાથી પણ તરસ ન છેદાવાથી તે સૂઈ ગયો. તે સ્વપ્નમાં ઘરે ગયો, ત્યાં પણ ઘટ–કળશ અને ગાગરમાં રહેલા સર્વ પાણીને પી ગયો. તે પાણીથી પણ તરસ ન છેદાવાથી અગ્નિમાં પડેલા તેલની જેમ વાવ–કૂવા–અને તળાવને પી–પીને સૂકવી નાંખ્યા, તેવી રીતે જ તરસ્યો થયેલો તે નદીઓ અને સમુદ્રના પાણીને પી ગયો, તો પણ નારકની વેદનાની જેમ તેની તરસ દૂર ન થઈ. તે પછી તે મારવાડના કૂપ પાસે ગયો, ત્યાં તેણે દોરડા વડે ડાભનો પૂળો બાંધીને પાણી માટે કૂવામાં નાંખ્યો. 'દુઃખી માણસ શું ન કરે ?'

કૂવાનું પાણી ઊંડું હોવાથી મધ્યમાં ગળી ગયેલા પાણીવાળા તે ડાભના પૂળાને દ્રમક તેલના પોતાની જેમ નીચોવીને પીવા લાગ્યો.

જે તરસ સમુદ્ર આદિવડે ન છેદાઈ, તે પૂળાના પાણી વડે કેમ છેદાય ? તેવી જ રીતે સ્વર્ગના સુખ વડે તમારી તરસ ન છેદાઇ તે રાજ્યલક્ષ્મી વડે કેમ છેદાય ?

તેથી હે વત્સો ! વિવેકવંત તમારે ઘણા આનંદના ઝરણરૂપ નિર્વાણપદની પ્રાપ્તિના કારણરૂપ સંયમરાજ્ય ગ્રહણ કરવું યોગ્ય છે.

તે પછી તે વખતે ઉત્પન્ન થયેલ સંવેગના વેગવાળા તે અટ્ઠાણું પુત્રોએ ભગવંતની પાસે દીક્ષા લીધી.

તે પછી તે દૂતો 'અહો ! ધૈર્ય, અહો ! સત્ત્વ, અહો ! વૈરાગ્યબુદ્ધિ' એ પ્રમાણે વિચારતા તેઓનું સ્વરૂપ ભરતરાજાને જણાવે છે.

ભરતચક્રવર્તી પણ ચંદ્ર જેમ તારાઓની જ્યોતિને, સૂર્ય જેમ અગ્નિના તેજને, સમુદ્ર જેમ પ્રવાહના જળને ગ્રહણ કરે તેમ તેઓના રાજ્યને ગ્રહણ કરે છે.

**चक्कस्स लाहो विजयो दिसाए,**
**रज्जाभिसेगो भरहस्स रण्णो ।**

**भाऊण दिक्खापरिकित्तणं च,**
**उद्देसगे वुत्तमिहं चउत्थे ॥**

ચક્રનો લાભ, દિગ્વિજય, ભરતરાજાનો રાજ્યા-

ભિષેક અનેક ભાઈઓની દીક્ષાનું કથન આ ચોથા ઉદ્દેશામાં કહ્યું.

આ પ્રમાણે શ્રી તપાગચ્છાધિપતિ શ્રી કદંબગિરિ પ્રમુખ અનેક તીર્થના ઉદ્ધારક–શાસનપ્રભાવક–આબાલબ્રહ્મચારિ-સૂરીશ્વરશેખર-આચાર્ય વિજયનેમિસૂરીશ્વર પટ્ટાલંકાર સમયજ્ઞ, શાન્તમૂર્તિ, પૂજ્ય વિજ્ઞાન સૂરીશ્વર પટ્ટધર સિદ્ધાંતમહોદધિ–પ્રાકૃતભાષા વિશારદ–વિજયકસ્તૂરસૂરિ વિરચિત મહાપુરુષચરિતને વિષે પ્રથમ વર્ગમાં ભરતરાજાને ચક્રની ઉત્પત્તિ, દિગ્વિજય, રાજ્યાભિષેક અને ભાઈઓના વ્રતગ્રહણ સ્વરૂપવાળો ચતુર્થ ઉદ્દેશ પૂર્ણ થયો.

# પંચમ ઉદ્દેશ

એક વખત સભાના મધ્યમાં રહેલા ભરતરાજાને નમસ્કાર કરીને સુષેણ સેનાપતિ કહે છેઃ–હે મહારાજ! દિગ્વિજય કરીને પણ તમારું આ ચક્રરત્ન, મદોન્મત્ત હાથી જેમ આલાનસ્તંભે ન જાય તેમ આ નગરીમાં પ્રવેશ કરતું નથી.

ભરતરાજા પણ આ પ્રમાણે કહે છે કેઃ–છ ખંડ ભરત ક્ષેત્રની અંદર આજે પણ કોણ એવો વીર છે કે જે મારી આજ્ઞા સ્વીકારતો નથી?

તે વખતે જ મંત્રી કહે છે કે–હું જાણું છું. દેવ-વડે ચુલ્લહિમવંતગિરિ સુધી ભરતક્ષેત્ર જીત્યું. તમે દિગ્યાત્રા કરતે છતે જીતવા જેવો કોણ બાકી રહ્યો હશે! ઘંટી ફરતે છતે તેમાં પડેલા ચણા શું રહે? તો પણ હે નાથ! નગરીમાં પ્રવેશ નહીં કરતું આ ચક્ર, આજે પણ જીતવા લાયક, તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં ઉન્મત્ત એવા કોઈકને સૂચવે છે. તમને દુર્જય જીતવા યોગ્ય એવાને હું દેવોમાં પણ જોતો નથી. અથવા અરે! જાણ્યું. વિશ્વને દુર્જય એવો એક છે.

હે સ્વામી! તે ઋષભસ્વામીનો પુત્ર, તમારો નાનો

ભાઇ, બળવંતોના પણ બળને નાશ કરનાર મહાબળવાળો બાહુબલિ છે.

જેમ એક તરફ સર્વ શસ્ત્રો અને એક તરફ વજ્ર, તેમ એક તરફ સર્વ રાજવૃંદ અને એક તરફ તે બાહુબલિ છે.

જેવી રીતે તમે ઋષભસ્વામીના પુત્ર લોકોત્તર છો, તેવી રીતે તે પણ છે. તેથી તેમને જીત્યા વિના તમે શું જીત્યું? છ ખંડ ભરતમાં સ્વામીના સરખો કોઈ પણ જોવાયો નથી, તેને જીતવામાં ભરતરાજાનો કયો ઉત્કૃષ્ટ ગુણ હોય! પરંતુ આ બાહુબલિ જગન્માન્ય એવા તમારી આજ્ઞાને માનતો નથી. તેને નહિ જીતવાથી લજ્જા પામ્યું હોય તેમ ચક્ર આ નગરમાં પ્રવેશ કરતું નથી. વ્યાધિની માફક નાના શત્રુની પણ ઉપેક્ષા ન કરવી જોઈએ. તેથી થોડા પણ વિલંબ વડે સર્યું! બાહુબલિને જીતવા માટે પ્રયત્ન કરો.

હવે મંત્રીનું વચન સાંભળીને દાવાનળ અને મેઘવૃષ્ટિ વડે પર્વતની જેમ એકદમ કોપ અને ઉપશમ વડે વ્યાપ્ત ભરતેશ્વર આ પ્રમાણે કહે છે:– એક તરફ નાનો ભાઈ પણ આજ્ઞા સ્વીકારતો નથી એ લજ્જાસ્પદ છે, એક તરફ નાના ભાઈ સાથે યુદ્ધ તે પણ મને પીડા કરે છે.

જેની આજ્ઞા પોતાના ઘરમાં ચાલતી નથી તેની આજ્ઞા બહાર હાંસી કરનારી થાય છે. તેમજ પોતાના નાના ભાઈનો અવિનય ન સહન કરવામાં પ્રવાદ છે, એક

તરફ ગર્વિષ્ઠજનોના અભિમાનનો નાશ કરવો એ રાજ-ધર્મ છે, આ તરફ ભાઈને વિષે ઉત્તમ બંધુપણું કરવું જોઇએ, અરે રે ! હું સંકટમાં પડ્યો છું.

મંત્રી પણ આ પ્રમાણે કહે છે :– હે મહારાજ ! દેવનું જે સંકટ છે તે આપની મોટાઈથી તે જ નાનો ભાઈ દૂર કરશે. જેથી 'મોટાએ આજ્ઞા આપવી, અને નાનાએ તે કરવી ' એ આચાર સાધારણ ગૃહસ્થોમાં પણ રૂઢ છે. દેવ પણ લોકરૂઢ માર્ગ વડે સંદેશ લઈ જનાર દૂતને મોકલીને નાના ભાઇને આજ્ઞા કરે. હે દેવ ! પોતાને વીર માનનાર તમારો નાનો ભાઈ સિંહ જેમ પલાણને સહન ન કરે તેમ સર્વજગતને માનનીય તમારી આજ્ઞાને જો સહન ન કરે, તો ઇંદ્રની જેમ પ્રચંડ શાસનવાળા તમે તે નાના ભાઈને શિક્ષા કરજો. આ પ્રમાણે લોકાચારનું ઉલ્લંઘન નહિ કરવાથી લોકમાં તમારો પણ અપવાદ થશે નહીં.

ભરતરાજા તેનું વચન 'તેમ હો' એ પ્રમાણે સ્વીકારે છે, કારણ કે શાસ્ત્ર અને લોકવ્યવહારને અનુસરતી વાણી ઉપાદેય હોય છે.

### ભરતનું બાહુબલિ તરફ દૂતનું મોકલવું

તે પછી તે નીતિકુશળ વાચાળ દઢ એવા સુવેગ નામના દૂતને સમજાવીને બાહુબલિ તરફ મોકલે છે.

તે સુવેગ સારી રીતે સ્વામીની શિખામણ લઈને રથમાં ચઢીને તક્ષશિલા તરફ ચાલે છે.

શ્રેષ્ઠ સૈન્યના પરિવારવાળો તે અતિવેગવાળા રથ-વડે અયોધ્યાનગરીની બહાર નીકળે છે. તે માર્ગમાં જતે છતે કાર્યના આરંભમાં દૈવ પ્રતિકૂળ જોતું હોય તેમ તેનું ડાબું નેત્ર વારંવાર ફરકે છે. અગ્નિમંડળના મધ્યમાં સુવર્ણકારની જેમ તેની જમણી નાડી રોગના અભાવમાં પણ વારંવાર ચાલે છે, સ્ખલના પામતી વાણીવાળાને જીભ અસંયુક્ત અક્ષરોમાં પણ સ્ખલના પામે તેમ સમ-માર્ગમાં પણ તેનો રથ વારંવાર સ્ખલના પામે છે. ઘોડે સ્વારોએ નિવારવા છતાં પણ વારંવાર પ્રેરણા કરાતો હોય તેમ હરણ તેની આગળ જમણી બાજુથી ડાબી બાજુ જાય છે, તેની આગળ જમણી બાજુથી ડાબી બાજુ જાય છે, તેની આગળ શુષ્ક કંટકવૃક્ષ ઉપર બેઠેલો કાગડો પથ્થર ઉપર શસ્ત્ર ઘસે તેમ ચાંચને ઘસતો કટુક અવાજ કરે છે, તેના વાહનને રોકવાની ઇચ્છાથી દૈવવડે વચ્ચે ફેંકેલ દોરડાની જેમ તેની આગળ લાંબો કૃષ્ણ સર્પ ઉતરે છે. વિચારમાં એક વિદ્વાન એવા તેને પાછો ફેરવતો હોય તેમ ચક્ષુમાં ધૂળને ફેંકતો વાયુ પ્રતિકૂળ વાય છે. ફૂટી ગયેલ ઢોલની જેમ વિરસ સ્વરવાળો ગધેડો તેની જમણી બાજુએ થઈને ચીસ પાડે છે.

સુવેગ આ અપશકુનોને જાણવા છતાં પણ આગળ જાય છે. ખરેખર સ્વામીના ઉત્તમ ચાકરો બાણની જેમ કોઈ ઠેકાણે સ્ખલના પામતા નથી.

ચક્રવાત (=વંટોળિયા)ની જેમ તે તે નગરવાસીઓ

વડે ક્ષણવાર જોવાતો, ઘણા ગામ–નગર–આકર અને કર્બટોને ઓળંગે છે. સ્વામીના કાર્યમાં પ્રવૃત્ત થયેલ તે વનખંડ–સરોવર–સિંધુનદી વગેરે સ્થાનોમાં પણ વિસામો લેતો નથી.

આ પ્રમાણે પ્રયાણ કરતો એવો તે મૃત્યુની એકાંત ક્રીડાભૂમિ હોય એવી મોટી અટવીમાં પહોંચે છે. તે કેવી છે ? રાક્ષસોની જેવા મૃગચર્મના વસ્ત્રને ધારણ કરનારા હાથીઓનું લક્ષ્ય કરીને તૈયાર કર્યા છે ધનુષ્ય જેણે એવા ભિલ્લો વડે વ્યાપ્ત, હરણ–ચિત્તા–વાઘ–સિંહ અને અષ્ટાપદ આદિ, યમરાજાના એક ગોત્રીય હોય એવા ક્રૂર પશુઓ વડે નિરંતર વ્યાપ્ત, યુદ્ધ કરતા સર્પ–નોળિયાના રાફડા વડે ભયંકર, રીંછના કેશ ધારણ કરવામાં નાની ભીલડીઓ છે જેમાં એવી, પરસ્પર પાડાના સંગ્રામથી ભાંગી નાખતા છે જીર્ણ વૃક્ષ જેમાં, મ્લેચ્છો વડે ઉડાડેલી મધમાખો વડે જેમાં સંચાર ન થઈ શકે એવી, આકાશને અડે એવા વૃક્ષના સમૂહ વડે છૂપાઈ ગયો છે સૂર્ય જેમાં એવી તે અટવી છે.

આવી ભયંકર તે અટવીને મોટા વેગવાળો છે રથ જેનો એવો સુવેગ પુણ્યવંત જેમ કષ્ટને ઓળંગે તેમ લીલામાત્રમાં ઓળંગી જાય છે.

અનુક્રમે તે માર્ગની વચ્ચેના વૃક્ષોમાં વિસામો લેતી, અમૂલ્ય આભૂષણોને ધારણ કરતી સાર્થના મુસાફરોની વધૂજનો વડે જણાતું છે સુરાજ્ય જેમાં, ગોકુળે–ગોકુળે

વૃક્ષતળે બેઠેલા આનંદવાળા ગોવાળીઆના બાળકો વડે ગવાતું છે ઋષભચરિત્ર જેમાં, ભદ્રશાળવનમાંથી લાવીને રોપ્યા હોય એવા ફળથી શોભતાં ઘણાં વૃક્ષો વડે સુશોભિત છે દરેક ગામો જેમાં, શહેરે શહેરે, ગામે ગામે અને ઘરે ઘરે દાનશીલ શ્રેષ્ઠિ લોકો વડે શોધ કરાતા છે યાચકજનો જેમાં, ભરતરાજાથી ત્રાસ પામ્યા હોય તેમ ઉત્તર ભરતાર્દ્ધ-માંથી આવેલા અક્ષીણ સમૃદ્ધવાળા મ્લેચ્છો વડે પ્રાયઃ નિવાસ કરાયા છે ગામો જેમાં, છ ખંડ ભરતક્ષેત્રથી જાણે બીજો ખંડ રહેલો હોય એવા, ભરતની આજ્ઞાને નહિ જાણતા એવા બહલીદેશમાં તે પહોંચે છે.

માર્ગમાં બાહુબલિ રાજા વિના, બીજા રાજાને નહીં જાણતા જનપદવાસી સુખી લોકો સાથે અનેક પ્રકારે વાતચીત કરતો, સુનંદાપુત્ર બાહુબલિની અનુજ્ઞાવડે વને-ચર–ગિરિચર–દુર્મદ એવા હિંસકપ્રાણીઓને પણ અહિંસક ભાવ પામેલા જોતો, પ્રજાઓના અનુરાગના વચન વડે અને મહાસમૃદ્ધિ વડે શ્રી બાહુબલિરાજાની રાજ્યનીતિને અતિઅદ્ભુત માનતો, ભરત રાજાના નાના ભાઈના ઉત્કૃષ્ટ ગુણને સાંભળવાથી, ભૂલી જવાયેલા ભરતના સંદેશાને વારંવાર યાદ કરતો તે સુવેગ તક્ષશિલા નગરીએ પહોંચે છે.

### દૂતનો તક્ષશિલા નગરીમાં પ્રવેશ, બાહુબલિ સાથે વાતચીત

નગરીની ભાગોળમાં રહેતા લોકો વડે કાંઈક ચક્ષુ-પાત વડે ક્ષણવાર 'આ કોઈ મુસાફર છે' એવી બુદ્ધિથી જોવાતો, ક્રીડોદ્યાનમાં એકત્ર ભેગા થયેલા ધનુષ્યનો

અભ્યાસ કરતા સુભટોના હાથના આસ્ફાલનથી ત્રાસ પામતા છે રથના ઘોડા જેના, અહીંથી તહીં નગરજનોની ઋદ્ધિ જોવામાં તત્પર સારથિ વડે નહીં રોકવા વડે ઉત્પથે ગમન કરતો સ્ખલના પામતો છે રથ જેનો, બાહ્ય ઉદ્યાનના વૃક્ષોને વિષે સમસ્ત દ્વીપના ચક્રવર્તીઓના એક ઠેકાણે ભેગા થયેલ ગજરત્નો હોય તેમ બાંધેલા શ્રેષ્ઠ હાથીઓને જોતો, જ્યોતિષીઓના વિમાનોને છોડીને આવેલા હોય એવા શ્રેષ્ઠ ઘોડાઓ વડે મનોહર એવી અશ્વશાળાઓને જોતો, ભરતરાજાના નાના ભાઈના ઐશ્વર્યને આશ્ચર્યપૂર્વક જોવાથી ઉત્પન્ન થયેલી શિરોવેદના વડે જાણે મસ્તક ધૂણાવતો હોય તેમ તે દૂત નગરીમાં પ્રવેશ કરે છે.

અહમિંદ્રની જેમ સ્વચ્છંદપણે હટ્ટશ્રેણિમાં બેઠેલા શ્રીમંત વણિક્જનોને જોતો તે રાજદ્વારે જાય છે.

સૂર્યનાં કિરણો ખેંચીને જાણે બનાવેલા હોય એવા ભાલાઓને ધારણ કરતા પાયદળ સૈન્ય વડે કોઈક સ્થળે અધિષ્ઠિત, ઈક્ષુપત્ર છે મુખમાં જેને એવા લોહમય શલ્યને ધારણ કરતા, પલ્લવિત થયેલા વીરતારૂપી વૃક્ષો જેવા સિપાઈઓ વડે કોઈક ઠેકાણે શોભતા, કોઈક ઠેકાણે ચંદ્રકેતુને ધારણ કરતા હોય એવા ઢાલ–તલવારને ધારણ કરતા પ્રચંડ શક્તિધર વીરપુરુષ સિંહો વડે વિરાજિત, નક્ષત્રગણ સુધી અત્યંત દૂર બાણને ફેંકનારા, શબ્દવેધી, પીઠને વિષે ભાથાવાળા, ધનુષ્ય છે હાથમાં

જેને એવા સુભટો વડે કોઈ ઠેકાણે અધિષ્ઠિત, દ્વારપાળની જેમ બંને બાજુએ રહેલા પ્રચંડ શુંડાદંડવાળા બે હાથીઓ વડે દૂરથી ભયંકર એવા મનુષ્યોમાં સિંહ સરખા બાહુબલિના સિંહદ્વારમાં પ્રવેશ કરતો વિસ્મિત મનવાળા દ્વારપાળ વડે પ્રતીક્ષા કરાયેલો સુવેગ ત્યાં રહ્યો. રાજાની સભાની એ મર્યાદા છે.

દ્વારપાળ અંદર જઈને બાહુબલિને નિવેદન કરે છે કેઃ–તમારા મોટા ભાઈનો સુવેગ નામતો દૂત દ્વારને વિષે ઊભો છે.

હવે બાહુબલિ રાજાની અનુજ્ઞા વડે વેત્રિવડે બતાવ્યો છે માર્ગ જેને એવો વિદ્વાનોમાં શ્રેષ્ઠ તે સુવેગ, બુધ જેમ સૂર્યમંડળમાં પ્રવેશ કરે તેમ સભામાં પ્રવેશ કરે છે.

વિસ્મય પામેલો તે, રત્નસિંહાસન ઉપર બેઠેલા તેજસ્વી બાહુબલિ રાજાને જુએ છે. તે કેવો છે?—જે સ્વર્ગમાંથી ભૂમિ ઉપર આવેલા સૂર્ય જેવા, પહેરેલ છે રત્નમુગટ જેણે એવા તેજસ્વી રાજાઓ વડે સેવાયેલ, નાગકુમારની જેમ દેદીપ્યમાન ચૂડામણિ વડે કોઈથી પણ પરાભવ ન પામે એવા શ્રેષ્ઠ રાજકુમારો વડે સેવાયેલ, સ્વામીના વિશ્વાસ સર્વસ્વરૂપ વલ્લીના સંતાન મંડપ જેવા ધર્મ આદિની પરીક્ષા કરવામાં કુશળ એવા બુદ્ધિશાળી પ્રધાનો વડે પરિવરેલો, ખુલ્લાં શસ્ત્રો છે હાથમાં જેને એવા હજારો આત્મરક્ષકો વડે, નીકળેલી જીભવાળા સર્પો-વડે મલયગિરિની જેમ ભયંકર, ચમરી ગાયો વડે હિમાલય

પર્વતની જેમ, જે નિરંતર વારાંગનાઓ વડે અતિસુંદર ચામરો વડે વીંઝાતો, આગળ સુવર્ણદંડને ધારણ કરનારા પવિત્ર વેશવાળા વેત્રિ વડે જે વિજળી સહિત મેઘ વડે શરદ્ઋતુની જેમ શોભતો હતો.

હવે લલાટ વડે સ્પર્શ કર્યો છે ભૂમિતળને જેણે એવો તે સુવેગ, અવાજ કરતી લાંબી સુવર્ણની સાંકળવાળા હાથીની જેમ રાજાને નમે છે.

તે પછી રાજાએ ભ્રૂકુટીની સંજ્ઞાથી તત્કાળ મંગાવેલા, પ્રતિહારે બતાવેલા આસન ઉપર બેસે છે.

બાહુબલિ રાજા પ્રસન્નતા પૂર્વક અમૃત ઝરતા નેત્ર વડે તેને જોતો કહે છે– 'સુવેગ! વડીલબંધુ ભરતરાજાને કુશળ છે ને? હે સુંદર! પૂજ્ય પિતા વડે લાલન–પાલન કરાયેલી વિનીતાનગરીની પ્રજા કશળ છે ને? કામ આદિ શત્રુઓની જેમ છ ભરતખંડનો વિજય રાજાએ અંતરાય વગર કર્યો છે ને? સાઠ હજાર વર્ષ સુધી પ્રચંડ સેના સાથે દિગ્વિજય કરીને સેનાપતિ વગેરે સકળ પરિવાર સુખપૂર્વક આવ્યો છે ને? હાથીઓના લાલ થયેલ કુંભ સ્થળ વડે આકાશમાં સંધ્યાનો ભ્રમ કરતી હોય એવી રાજાની કરિઘટા નિરામય છે ને? હિમવંત પર્વત સુધી પૃથ્વીને આક્રમણ કરીને આવતા રાજાના શ્રેષ્ઠ અશ્વો પરિશ્રમ વગરના છે ને? રાજાઓ વડે સેવાતા સર્વ ઠેકાણે અસ્ખલિત આજ્ઞાવાળા મોટાભાઈના દિવસો શું, સુખપૂર્વક પસાર થાય છે ને?

આ પ્રમાણે પૂછીને તે ઋષભપુત્ર બાહુબલિ મૌન રહ્યે છતે, ઉત્સુકતા રહિત તે સુવેગ બે હાથ જોડી આ પ્રમાણે વચન બોલે છે:– જે સકળ પૃથ્વીનું જાતે કુશળ સ્વતઃ સિદ્ધ છે. અયોધ્યાનું, સુષેણ આદિનું, હાથીનું અને અશ્વનું અકુશળ કરવાને દૈવ પણ શું સમર્થ છે કે જેનો સ્વામી તમારો મોટો ભાઈ છે ?

ભરત રાજાથી તુલ્ય અથવા અધિક શું કોઈ કોઈ પણ જગ્યાએ છે કે જે છ ભરતખંડના જયમાં વિઘ્ન કરનાર થાય !

અખંડિત આજ્ઞાવાળો તે ભરતેશ્વર સર્વ રાજાઓ વડે સેવાય છે. તો પણ ક્યારેય મનમાં આનંદ પામતો નથી. 'જે દરિદ્ર હોવા છતાં કુટુંબવડે સેવાય તો તે ઈશ્વર છે, જે તેના વડે ન સેવાય તેને ઐશ્વર્યનું સુખ ક્યાંથી હોય ?'

સાઠ હજાર વર્ષને અંતે આવેલા તમારા મોટા ભાઈએ ઉત્કંઠાપૂર્વક નાના ભાઈઓના આગમનની રાહ જોઈ, મહારાજ્યાભિષેકના સમયે ત્યાં બંધુ–સંબંધિજન મિત્ર આદિ સર્વે આવ્યા અને ભરતરાજાનો રાજ્યાભિષેક મહોત્સવ કર્યો.

ઈંદ્ર સહિત દેવો આવવાથી પણ સર્યું, પરંતુ તમારા જ્યેષ્ઠબંધુ રાજા પાસે પોતાના નાના બંધુઓને ન જોતાં હર્ષ પામતો નથી, કારણકે ઉત્કંઠા બળવાન હોય છે.

તેઓ કોઈક વિચાર કરીને ભરતની પાસે ન આવ્યા, પરંતુ પૂજ્ય પિતા પાસે જઈને દીક્ષા ગ્રહણ કરી. હવે તે રાગરહિત શ્રમણોને કોઈ પોતાનું નથી કે કોઈ પારકું નથી. તેઓથી રાજાના બંધુવાત્સલ્યનું કૌતૂક કેવી રીતે પૂરાય ? જો તમારો તેમની ઉપર સુબંધુપણાથી ઉત્પન્ન થયેલો સ્નેહ છે, તો આવો અને પૃથ્વીપતિ એવા પોતાના ભાઈના હૃદયને આનંદ આપો.

લાંબા કાળે દિગ્વિજય કરીને આવેલા તમારા મોટા ભાઈને વિષે જ્યારે આ પ્રમાણે છે, તેથી હું તમને વજ્રથી અધિક નિષ્ઠુર માનું છું. વડીલના અપમાનથી હું તમને નિર્ભયથી પણ નિર્ભય માનું છું. પરંતુ 'શૂરવીર પુરુષો એ પણ વડીલોને વિષે ભય સહિતની જેમ વર્તવું જોઈએ.'

એક તરફ વિશ્વનો વિજય કરનાર અને બીજી તરફ ગુરુને વિષે વિનયસંપન્ન, એમાં કોણ પ્રશંસા યોગ્ય છે ?

વિચાર કરવાથી સર્યું. સાભ્યજનો વડે ગુરુને વિષે જે વિનયસંપન્ન હોય છે તેની જ પ્રશંસા કરાય છે.

જો કે તમારા અવિનયને, સર્વ સહન કરનાર રાજા સહન કરશે, પરંતુ એથી પિશુન લોકોનો અવકાશ નિરંકુશ થાય. ત્યાં તમારી અભક્તિને દર્શાવતી પિશુન (ચાડી ખાનારા) લોકોની વાણી ભરત રાજાના ચિત્તને કાંજીના છાંટાવાળી ખીરની જેમ દૂષિત કરે છે. પોતાના

સ્વામીને વિષે અત્યંત અલ્પ પણ પોતાનું છિદ્ર રોકવું જોઈએ, કારણકે નાના છિદ્રથી પણ પાણી પૂલને શું ઉખાડી નાખતું નથી? આટલા કાળ સુધી ન આવ્યા એવી આશંકા મનમાં કરતા નહિ, હમણાં પણ આવો. ઉત્તમ સ્વામી દોષને ગ્રહણ કરતા નથી. ત્યાં તમે જશો તેથી પિશુન લોકોના મનોરથો સૂર્યોદયમાં હિમસમૂહની જેમ તરત જ વિનાશ પામશે.

પર્વદિવસે ચંદ્ર સૂર્યની જેમ તેજ વડે વૃદ્ધિ પામે, તેમ સ્વામી સાથે સંગમ થવાથી તમે તેજ વડે ચિરકાળ વૃદ્ધિ પામો.

સ્વામીપણાને ઇચ્છતા બીજા પણ ઘણા પરાક્રમી રાજાઓ, પોતાના સેવ્યપણાનો ત્યાગ કરીને તે ભરત-રાજાની પ્રતિદિન સેવા કરે છે. દેવો વડે ઈન્દ્રની જેમ, નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ ચક્રવર્તી રાજાઓ વડે અવશ્ય સેવા કરવા યોગ્ય છે. ચક્રવર્તીપણાના પક્ષમાં પણ તમે તેમની સેવા કરશો તે અદ્વિતીય બંધુવાત્સલ્યના પક્ષને પ્રકાશિત કરશે.

'મારો ભાઈ છે' એમ ભય રહિત થયા થકાં ન આવો તે યોગ્ય નથી, કારણ કે 'આજ્ઞાપ્રધાન રાજાઓ જ્ઞાતિભાવ વડે ગ્રહણ કરાતા નથી.'

લોહકાંત વડે લોહની જેમ પ્રકૃષ્ટ તેજ વડે ખેંચાચેલ દેવ–દાનવ–અને માનવો ભરતેશ્વરની પાસે આવે છે. ઇંદ્ર પણ અર્ધ આસન આપવા વડે જેમની સાથે

મિત્રની જેમ આચરણ કરે છે, તે ભરતરાજા તરફ ફક્ત આવવા માત્રથી તમે કેમ અનુકૂળ વર્તતા નથી? જો તમે પોતાને વીર માનીને તે રાજાની અવગણના કરતા હો તો, તે ભરતરાજાને વિષે સૈન્ય સહિત પણ તમે સમુદ્રમાં સાથવાની મુઠ્ઠી જેવા છો.

તેમના જંગમ પર્વત જેવા, ઇંદ્રના હાથી સરખા ચોરાશી લાખ હાથી સન્મુખ આવતા કોના વડે સહન કરી શકાય? કલ્પાંત કાળના સમુદ્રના કલ્લોલની જેમ ચારે તરફથી પૃથ્વીને ભીંજવી દેતા, તેના તેટલા (૮૪ લાખ) અશ્વ અને રથને કોણ અટકાવી શકે?

છન્નુ ક્રોડ ગામના સ્વામી એવા તેમના છન્નુ ક્રોડ સૈનિકો સિંહની જેમ કોને ત્રાસ માટે ન થાય?

તેનો એક સુષેણ સેનાપતિ, હાથમાં દંડવાળા યમ-રાજની જેમ સન્મુખ આવતો દેવ અને અસુરો વડે પણ શું સહન કરવા માટે શક્ય છે?

અમોઘ ચંદ્રને ધારણ કરતા ચક્રવર્તી ભરતને, સૂર્યને અંધકારના સમૂહની જેમ ત્રણેય લોક પણ કોઈ ગણતરીમાં નથી.

તેથી હે બાહુબલિ! તેજ વડે અને વય વડે જ્યેષ્ઠ અને સર્વથા શ્રેષ્ઠ એવા તે રાજાની તમારે સેવા કરવી જોઈએ.

હવે બાહુના બળથી દૂર કરેલ છે જગતનું બળ

જેણે એવો, બીજા સમુદ્રની જેવો ગંભીર ધ્વનિવાળો બાહુબલિ આ પ્રમાણે કહે છેઃ —હે દૂત! સારી રીતે વાચાળમાં અગ્રેસર તું જ એક છે કે જેથી મારી આગળ પણ આવા પ્રકારનું વચન બોલી શકે છે.

ખરેખર મારો મોટો ભાઈ પિતા તુલ્ય છે, તે પણ બાંધવોના સમાગમને ઇચ્છે તે પણ યોગ્ય જ છે.

સુર–અસુર અને રાજાઓની લક્ષ્મી વડે સમૃદ્ધ એવો તે અલ્પ વૈભવવાળા અમે આવવાથી લજ્જા પામે એથી અમે ન આવ્યા.

સાઠ હજાર વર્ષો સુધી બીજાઓના રાજ્યોને ગ્રહણ કરતા એવા તેને નાના ભાઈઓના રાજ્ય લેવામાં વ્યગ્રતા કારણ છે, જો તેનું કારણ સુબંધુપણું હોત તો તેણે પોતાના ભાઈઓની આગળ રાજ્ય અને સંગ્રામની ઇચ્છાથી દરેકને દૂત શા માટે મોકલ્યા?

લોભી એવા પણ મોટા ભાઈની સાથે કયો ભાઈ લડે, એ પ્રમાણે બુદ્ધિથી વિચારીને મહાસત્ત્વશાળી તે તે નાના ભાઈઓ પિતા પાસે ગયા. અને તેઓના રાજ્ય ગ્રહણ કરવા વડે પણ છળ જોનારા તારા સ્વામીની બકચેષ્ટા નક્કી પ્રગટ થઈ.

આશ્ચર્ય છે કે અમારા ઉપર પણ તેવા પ્રકારના સ્નેહને બતાવતા તે ભરતે વાણીપ્રપંચમાં વિચક્ષણ અને વિશિષ્ટ એવા તને મોકલ્યો.

દીક્ષા ગ્રહણ કરીને ભાઈઓએ રાજ્ય આપી તે

ભરતને જે આનંદ પમાડયો, તે ત્યાં આવેલો હું રાજ્યમાં આસક્ત એવા તેને શું આનંદ પમાડીશ ?

હું વજ્ર કરતાં પણ કર્કશ છું. જે કારણથી અલ્પ વૈભવવાળો હોવા છતાં પણ ભાઇનો તિરસ્કાર કરવામાં કાયર તેની સમૃદ્ધિને ગ્રહણ કરતો નથી, વળી તે ભરત પુષ્પથી પણ કોમળ છે, જે માયાવીએ અવર્ણવાદથી ભીરુ એવા નાના ભાઈઓનાં રાજ્યો પોતે લઈ લીધા !

ભાઈઓના રાજ્યને ગ્રહણ કરતા તે ભરતની જે અમે ઉપેક્ષા કરી, તેથી નિર્ભયથી પણ નિર્ભય અમે કેવી રીતે ? જો ગુરુ (વડીલ) ગુરુના ગુણથી યુક્ત હોય તો તે ગુરુને વિષે વિનય પ્રશંસાને યોગ્ય થાય, ગુરુના ગુણથી હીન એવા ગુરુને વિષે વિનય પણ લજ્જાનું કારણ જ છે.

ગર્વિત, કાર્ય–અકાર્યને ન જાણનાર, ઉન્માર્ગને પામેલ એવા ગુરુનો પણ પરિત્યાગ કરાય છે.

અમે શું તે ભરતના તુરંગ (ઘોડા) આદિ લૂંટી લીધા છે ? એના નગર આદિ ભાંગી નાંખ્યા છે ? કે જેથી સર્વને સહન કરનાર ભરતરાજા અમારો અવિનય સહે !

દુર્જનના પ્રતિકાર માટે અમે ત્યાં પ્રયત્ન ન કરીએ. “વિચારીને કાર્ય કરનાર સજ્જનો શું લુચ્ચાઓના વચનથી દૂષિત થાય ?”

આટલા વખત સુધી અમે ન આવ્યા, કારણ કે તે નિઃસ્પૃહ કોઈ ઠેકાણે ગયો છે ? કે જેથી આજે ભરતચક્રી પાસે અમે આવીએ ?

ભૂતની જેમ છળ શોધનાર તે, સર્વત્ર સદા અપ્રમત્ત અને અલુબ્ધ એવા અમારી કઈ ભૂલને ગ્રહણ કરે? તેના દેશ આદિ કાંઈપણ ન લેનારા અમારો તે ભરતેશ્વર કઈ રીતે સ્વામી થાય?

મારા અને તેના ભગવાન ઋષભદેવ એ જ એક સ્વામી છે. અમારો પરસ્પર સ્વ–સ્વામી સંબંધ કેવી રીતે ઘટે?

તેજ નિમિત્તે હું ત્યાં ગયે છતે તેનું તેજ કેવી રીતે થાય? સૂર્ય ઉદય પામ્યે છતાં અગ્નિ તેજસ્વી ન થાય.

સ્વામીની જેમ આચરણ કરનારા તે અસમર્થ રાજાઓ તે ભરતની સેવા કરે કે દીન એવા જેઓ ઉપર તે ભરત નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ છે.

ભાઈના સ્નેહના પક્ષે પણ તેને વિષે મારા વડે કરાયેલી સેવા તે પણ ચક્રવર્તીપણાના પક્ષમાં થાય, કારણ કે બાંધ્યા વગરના મુખવાળો લોક આ પ્રમાણે બોલશે કે–'આ ચક્રવર્તીનો સેવક છે!'

એનો હું નિર્ભય ભાઈ છું. જો આજ્ઞા પ્રધાન એવો તે જો જ્ઞાતિ સ્નેહ વડે ભલે આજ્ઞા કરે. શું વજ્રવડે વજ્ર ભેદાય છે?

સુર–અસુર અને મનુષ્યોની સેવા વડે તે ભલે ખુશ થયેલો રહે, મારે તેનાથી શું? સુમાર્ગમાં ગમન કરવામાં સમર્થ સુસજ્જ રથ પણ ઉન્માર્ગમાં ભાંગી જાય છે. જો

પિતાના ભક્ત મહેન્દ્ર તે પિતાના મોટા પુત્રને અર્દ્ધાસન ઉપર બેસાડે છે તેથી શું તે ભરત ગર્વિત થાય છે?

એ ભરતરૂપી સમુદ્રમાં સૈન્યસહિત જે રાજાઓ સાથવાની મુષ્ટિ જેવા થાય તે બીજા, હું તો તેજ વડે દુસ્સહ વડવાનલ થઈશ.

સૂર્યના તેજમાં અન્ય તેજની જેમ મારામાં પાયદળ, અશ્વ, રથ, હાથી, સેનાપતિ અને ભરત પણ સર્વે અદૃશ્ય થશે.

બાળકપણામાં હાથીની જેવા મારા વડે હાથથી પગમાં પકડીને માટીના ઢેફાની લીલા વડે મારા વડે ગગન-માર્ગે ઉછાળેલો અત્યંત દૂર જઈને ભૂમિ ઉપર પડતો એવો જે 'આ પ્રાણરહિત ન થાઓ' એ પ્રમાણે મારા વડે પુષ્પની માફક કરકમળમાં ગ્રહણ કરાયો હતો.

જીતાયેલા મીઠું બોલનારા રાજાઓનાં મીઠાં વચનો વડે જાણે જન્માંતરને પામ્યો હોય તેમ હમણાં તે ભૂલી ગયો છે. સર્વે તે મીઠું બોલનારા રાજાઓ નાસી જશે, પોતે જાતે એકલો જ તે બાહુબલિના બાહુબળથી ઉત્પન્ન થયેલી પીડાને સહન કરશે.

હે દૂત! અહીંથી તું જા, રાજ્ય અને જીવિતની ઈચ્છા વડે તે જ આવે. પિતાએ આપેલા ભાગથી સંતુષ્ટ થયેલા મેં ખરેખર તેની ભૂમિની ઉપેક્ષા કરી છે, ત્યાં મારે આવવાનું પ્રયોજન નથી.

તે પછી વાઘની જેવા દઢ સ્વામીની આજ્ઞારૂપ પાશથી બંધાયેલા, કોપથી લાલ નેત્રવાળા રાજાઓ વડે તે જોવાતો, રોષથી 'મારો મારો' એ પ્રમાણે અંદર બોલતા, સ્ફુરાયમાન હોઠવાળા રાજકુમારો વડે વિકટ પણે કટાક્ષ કરાતો, ખાઈ જવા ઇચ્છતા હોય એવા, ઊંચી કરેલી ભ્રૃકુટીવાળા, કાંઈક ચલાયમાન થયા છે શસ્ત્ર જેના દઢ પરિકર બાંધેલા અંગરક્ષકો વડે જોવાતો, અમારા સાહસિક કોઈક સ્વામીના સૈનિક વડે આ બિચારો મરાશે એ પ્રમાણે વિચારાતો, પગ ઊંચો કરીને ઊભેલા સજ્જ કરેલા હાથ વડે ગળે પકડવા માટે જાણે ઉત્કંઠિત હોય એવા વેત્રિ વડે ઉઠાડેલો તે સુવેગ મનમાં ક્ષોભ પામ્યા છતાં ધીરજ ધારણ કરી ઊભો થઈને સભાગૃહમાંથી બહાર નીકળે છે.

## સુવેગ દૂતનું સભામાંથી નિર્ગમન

તે વખતે ક્રોધ પામેલા તક્ષશિલાના અધિપતિના મોટા શબ્દના અનુમાનથી અત્યંત ક્ષોભ પામેલી દરવાજે રહેલી પાયદળ સેના વડે આસ્ફાલન કરાતી ઢાલો વડે, નચાવાતી મોટી તલવારો વડે, ફેંકાતા ચક્રો વડે, ગ્રહણ કરાતા મુદ્ગરો વડે, ચીરાતા ત્રિશલ્ય વડે, પીડા કરાતા ભાથાઓ વડે, ગ્રહણ કરાતા દંડો વડે, ચલાવાતા પરશુ વડે પગલે પગલે ચારે તરફથી પોતાના મૃત્યુને જાણે જોતો હોય એવો, સ્ખલના પામતા છે પગ જેના એવો તે સુવેગ દૂત બાહુબલિના સિંહદ્વારમાંથી નીકળ્યો.

તે પછી રથમાં ચઢી જતો તે સુવેગ પરસ્પર મોટેથી બોલતા નગરજનોની વાણી આ પ્રમાણે સાંભળે છે :

પ્ર. આ કયો નવો પુરુષ રાજદ્વારમાંથી નીકળ્યો ?

ઉ. આ ખરેખર ભરતરાજાનો દૂત આવ્યો છે.

પ્ર. આ પૃથ્વીતળમાં બીજો કોઈ રાજા છે ?

ઉ. અયોધ્યામાં બાહુબલિનો મોટો ભાઈ ભરતેશ્વર રાજા છે.

પ્ર. તે ભરતરાજાએ શા માટે અહીં દૂતને મોકલ્યો ?

ઉ. પોતાના ભાઈશ્રી બાહુબલિરાજાને બોલાવવા માટે.

પ્ર. ખરેખર ! આપણા સ્વામીનો ભાઈ આટલા વખત સુધી કયાં ગયો હતો ?

ઉ. તે છખંડ ભરતક્ષેત્રના વિજય માટે ગયો હતો.

પ્ર. તે ઉત્કંઠાવાળો હમણાં નાના ભાઈને શું બોલાવે છે ?

ઉ. બીજા રાજગણની જેમ સેવા કરાવવા માટે.

પ્ર. પરાક્રમ વગરના રાજાઓને જીતીને તેના આ માનરૂપી ખીલા ઉપર અધિરોહણ શા માટે છે ?

ઉ. અખંડ ચક્રવર્તીપણાનું અભિમાન ત્યાં કારણ છે.

પ્ર. નાના ભાઈવડે જીતાએલો તે રાજાઓની આગળ પોતાનું મોઢું કેવી રીતે બતાવશે ?

ઉ. સર્વ ઠેકાણે જીત પામેલો તે થનારા પોતાના પરાભવને જાણતો નથી.

પ્ર. તે ભરતરાજાના મંત્રિવર્ગમાં મંત્રણા કરવામાં મૂષક સરખો પણ કોઈ નથી શું ?

ઉ. તે ભરતરાજાને પરંપરાગત બુદ્ધિશાળી ઘણા મંત્રિઓ છે.

પ્ર. સર્પના મુખને ખણવા માટે ઇચ્છતા તે ભરતને તેઓએ કેમ ન અટકાવ્યો ?

ઉ. તે મંત્રીઓએ તેને અટકાવ્યો નહિ પરંતુ પ્રેરણા કરી એવી ભવિતવ્યતા છે.

આ પ્રમાણે નગરજનોનાં વચન સાંભળતો તે સુવેગ નગરીની બહાર નીકળ્યો.

નગરીના દ્વારને વિષે જતો તે જાણે દેવતાઓએ પ્રકટ કરી હોય એવી ભરત–બાહુબલિના વિગ્રહની વાત ઇતિહાસની જેવી સાંભળે છે. માર્ગમાં ક્રોધ વડે ઉતાવળે જતાં તેની સ્પર્ધા વડે નિશ્ચે તેઓની તે વિગ્રહની વાત ત્વરિતપણે વિસ્તાર પામી, તે વાતથી રાજાના આદેશની જેમ દરેક ગામમાં અને દરેક નગરમાં સુભટો સેના નિમિત્તે તૈયાર થાય છે. રથશાળામાંથી યુદ્ધસંબંધી રથોને કાઢીને નવા અક્ષ આદિ વડે, યોગીઓ જેમ શરીરને મજબૂત કરે તેમ કેટલાક મજબૂત કરે છે, કેટલાક ઘોડેસ્વારીમાં ચઢી–ચઢીને પંચધારા વડે (અશ્વની ગતિ વડે) અશ્વોને યુદ્ધમાં સમર્થ કરાવે છે. બીજા લુહારના ઘરોમાં જઈને કૃપાણ આદિ હથિયારોને પ્રભુની તેજમૂર્તિની જેમ તેજસ્વી કરે છે. બીજા શૃંગના સારને

જોડીને નવી તંત્રીઓ વડે બાંધીને યમની ભ્રૂકુટી સરખા સારંગ ધનુષ્યો (શીંગડામાંથી બનતાં ધનુષ્યો)ને તૈયાર કરે છે, કેટલાક પ્રાણવંત વાજિંત્રોની જેમ પ્રમાણમાં અવાજ કરતા એવા ઊંટોને અરણ્યમાંથી કવચ આદિ ઉપાડવા માટે લાવે છે. કેટલાક બાણ સહિત ભાથાઓને અને ટોપા સહિત કવચોને, નૈયાયિકો સિદ્ધાંતને દઢ કરે તેમ અત્યંત દઢ કરે છે, કેટલાક ગંધર્વના ભવન જેવા મોટા પડદાઓને અને તંબૂઓને પાથરીને ક્ષણવાર જૂએ છે. બાહુબલિ રાજાને વિષે ભક્ત એવા સર્વ લોકો અને જનપદના લોકો પણ પરસ્પર સ્પર્ધા વડે જાણે સંગ્રામને વિષે તૈયાર થાય છે. ત્યાં યુદ્ધ માટે તૈયાર થયેલો કોઈ પોતાના માણસ વડે નિષેધ કરાય તો તેની ઉપર શત્રુની જેમ તે રાજા ઉપર ભક્તિપ્રધાન એવો તે કોપ કરે છે. અનુરાગ વડે પ્રાણોથી પણ રાજાનું પ્રિય કરવાને ઇચ્છતા લોકોના આ પ્રમાણે આરંભને માર્ગમાં જતો તે સુવેગ જૂએ છે.

લોકમાં તે યુદ્ધકથાને સાંભળીને અને જોઈને પર્વતવાસી રાજાઓ પણ અદ્વિતીય ભક્તિ બતાવતાં બાહુબલિરાજાને મળે છે. ગોવાળના શબ્દ વડે ગાયોની જેમ પર્વતવાસી રાજાઓના ગોશૃંગ (પાવા)ના નાદ વડે નિકુંજમાંથી હજારો ભીલો દોડે છે.

કેટલાક સુભટો વાઘના પૂંછડાની ચામડી વડે, કેટલાક મોરપીંછ વડે, કેટલાક વેલડીઓ વડે વાળને વેગ વડે બાંધે છે.

કેટલાક સર્પની ચામડી વડે, કેટલાક વૃક્ષની છાલ વડે, કેટલાક ઘોની ચામડી વડે મૃગ ચર્મમય પરિધાનને બાંધે છે.

હાથમાં પથ્થરવાળા, હાથમાં ધનુષ્યવાળા, વાંદરાની જેમ કૂદતા તેઓ સ્વામીને વિષે ભક્તિવાળા ઘોડાની જેમ પોતાના સ્વામીને વીંટળાઈ વળે છે.

ભરતની અક્ષૌહિણી (મોટી) સેનાને ચૂરી નાખવા વડે લાંબાકાળે બાહુબલિ રાજાના પ્રસાદનો બદલો આજે આપીએ, એવી તે સુભટોની વાણી થાય છે.

આ પ્રમાણે તેઓના આટોપ સહિત આરંભને જોતો વિવેકવંત સુવેગ વિચારે છે–અહો! બાહુબલિરાજાને અધીન દેશવાસીઓ આ યુદ્ધકાર્યમાં પોતાના પિતા સંબંધી વૈરની જેમ ઉતાવળ કરે છે. બાહુબલિની સેનાની પહેલાં યુદ્ધને ઇચ્છનાર આ ભીલો પણ આવેલા અમારા સૈન્યને હણી નાંખવા માટે ઉત્સાહ કરે છે, તેવા કોઈપણ માણસને હું જોતો નથી કે જે યુદ્ધને માટે તૈયાર ન હોય, તેવો કોઈ અહિં નથી કે જે બાહુબલિને વિષે રાગી ન હોય.

અહો ! બહલી દેશમાં ખેડૂતો પણ શૂર અને સ્વામીભક્ત છે.

તે શું દેશનો સ્વભાવ છે કે બાહુબલિ રાજાનો ગુણ છે? કદાચ સામંત વગેરે સૈનિકો પગારથી ખરીદાયેલા

હોય, પરંતુ આ બાહુબલિના ગુણથી ખરીદ કરાયેલી સમગ્ર ભૂમિ પણ પાયદળ રૂપે છે.

નાના એવા શ્રી બાહુબલિના સૈન્યની આગળ, અગ્નિની આગળ તૃણસમૂહની જેમ મોટી એવી પણ ચક્રવર્તીની સેનાને હું નાની માનું છું. વળી મહાન વીર એવા આ બાહુબલિની આગળ, અષ્ટાપદની આગળ હાથીના બચ્ચાની જેમ ચક્રવર્તીને પણ અહો ! હું ઓછો માનું છું. ભૂમિ ઉપર નિશ્ચે ચક્રવર્તી અને સ્વર્ગમાં ઈંદ્ર જ ઓજસ્વી પ્રસિદ્ધ છે, પરંતુ તેઓની પાસે વર્તતો અથવા તેઓથી પણ અધિક આ બાહુબલિ જણાય છે.

આની લાતના પ્રહાર વડે જ ચક્રવર્તીનું તે ચક્ર અને ઈંદ્રનું વજ્ર નિષ્ફળ હોય એમ હું માનું છું.

અહો ! અમે બળવાન એવા બાહુબલિને વિરોધી કર્યો, તે ખરેખર ! રીંછને કાનમાં પકડયો, મુઠ્ઠિમાં મહા-સર્પને ધારણ કર્યો.

વાઘ જેમ એક હરણને ગ્રહણ કરીને સંતોષ પામે તેમ એક ભૂમિખંડને ગ્રહણ કરીને સંતુષ્ટ એવા આ બાહુબલિને ફોગટ અમે તર્જના કરીને છંછેડયો.

અનેક રાજાઓની સેવા વડે ભરતરાજાને શું અધૂરું હતું કે જેથી વાહન માટે કેસરિસિંહની જેમ સેવા કરવા માટે આને બોલાવ્યો.

## સુવેગ દૂતનું વિનીતામાં આગમન

સ્વામીના હિતચિંતક મંત્રીઓને પણ ધિક્કાર થાઓ, અમોને પણ અહીં ધિક્કાર થાઓ કે શત્રુની જેમ જેઓએ આ કાર્યમાં સ્વામીની ઉપેક્ષા કરી. 'એક સુવેગે જઈને સ્વામીને વિગ્રહ કરાવ્યો' એમ લોક બોલશે. ગુણને દૂષિત કરનાર દૂતપણાને ધિક્કાર હો !

આ પ્રમાણે હંમેશાં વિચારતો કેટલાક દિવસે નયમાં નિપુણ એવો સુવેગ વિનીતાનગરીમાં પહોંચે છે. દ્વારપાળ વડે સભામાં લઈ જવાયેલો તે પ્રણામપૂર્વક બે હાથ જોડી બેસે છે.

તે પછી ચક્રવર્તી આદર સહિત પૂછે છે કે– હે સુવેગ ! મારા નાનાભાઈ બાહુબલિનું શું કુશળ છે ને ? કારણ કે તું વેગ વડે આવ્યો છે તેથી હું ક્ષોભ પામ્યો છું. અથવા તેના વડે કાઢી મૂકાયેલો તું જલદી આવ્યો, બલવાન એવા તે મારા ભાઈની એ વીરવૃત્તિ યુક્ત છે.

તે વખતે સુવેગ પણ આ પ્રમાણે કહે છે :– હે દેવ ! તમારી જેમ અતુલ્ય પરાક્રમવાળા તેનું અકુશળ કરવાને દેવ પણ સમર્થ નથી.

તમારો નાનો ભાઈ છે એથી પહેલાં વિચાર કરીને અત્યંત હિતને ઇચ્છનારા એવા મેં વિનયપૂર્વક તેને સ્વામી-સેવા માટે કહ્યું. તે પછી તીવ્ર ઔષધની જેમ પરિણામે ઉપકારી, અવાચ્ય ઠપકાલાયક વચન વડે તેને કહ્યું, પણ

તે શામ વચન વડે અને કર્કશ વચન વડે દેવની સેવાને માનતો નથી. 'સાંનિપાતિક વિકારમાં ઔષધ શું કરે ?' તે શ્રેષ્ઠમાનવાળો બાહુબલિ ત્રણેય લોકને તૃણતુલ્ય માને છે, સિંહની જેમ કોઈને પ્રતિમલ્લ જાણતો નથી.

તમારા આ સુષેણ સેનાપતિ અને સૈન્યનું વર્ણન કર્યે છતે 'એ શું' એ પ્રમાણે દુર્ગંધથી નાક ભાંગે તેમ તે નાકને ભાંગે છે. પ્રભુના ભરતના છ ખંડનો વિજય વખાણ્યે છતે તે ન સાંભળ્યું હોય તેમ કરતો પોતાના ભુજદંડને જૂએ છે. પિતાએ આપેલા ભાગથી સંતોષ પામેલ મારી ઉપેક્ષા વડે ભરતે ભરતક્ષેત્રના છ ખંડ ગ્રહણ કર્યા એમ તે કહે છે. તેની સેવા વડે સર્યું, ઉલટું નિર્ભય એવો તે દોહવા માટે વાઘણની જેમ તે હમણાં યુદ્ધ માટે દેવને બોલાવે છે. તમારે બંધુ આવા પ્રકારનો ઓજસ્વી માની અને મહાબાહુવાળો છે. જેથી ગંધહસ્તિની જેમ અસાધ્ય અન્યના પરાક્રમને સહન કરતો નથી. ઈંદ્રના સામાનિક દેવની જેમ તેની સભામાં પ્રચંડ ભુજ પરાક્રમવાળા સામંતરાજાઓ પણ એની સરખા જ છે તેના રાજકુમારો પણ મોટેથી રાજતેજના અભિમાનવાળા યુદ્ધની ખરજથી યુક્ત બાહુદંડવાળા તેનાથી દશગુણા છે, એના અભિમાની મંત્રીઓ પણ તેના જ વિચારને અનુસરે છે. કારણકે જેવા પ્રકારનો સ્વામી હોય તેનો પરિવાર પણ તેવા પ્રકારનો હોય છે.

તેના અનુરાગી નગરજનો પણ પતિવ્રતા સ્ત્રી જેમ

બીજા પતિને ન જાણે તેમ બીજા રાજાને જાણતા નથી. અને સહન કરતા નથી.

તેને જે કર આપનારા લોકો અને દેશના લોકો છે, તેઓ પણ અનુરાગ વડે ચાકરની જેમ પ્રાણો વડે પણ તેનું પ્રિય કરવાને ઇચ્છે છે. સિંહની જેમ વનમાં ફરનારા અને પર્વત ઉપર ફરનારા જે સુભટો છે તે પણ વશ થયેલા તેની માનસિદ્ધિ કરવાને ઇચ્છે છે.

હે સ્વામી ! વધારે કહેવાથી સર્યું. અથવા હમણાં તે વીર યુદ્ધ કરવાની ઇચ્છાથી તમને જોવાને ઇચ્છે છે. પણ દર્શન કરવાની ઉત્કંઠાથી નહિ. હવે પછી જે સ્વામીને ગમે તે સ્વામી કરે. કારણકે દૂતો એ મંત્રી નથી પરંતુ સત્ય સંદેશ કહેનારા છે.

ભરતરાજા સૂત્રધારની જેમ એકી સાથે વિસ્મય–ક્રોધ ક્ષમા અને હર્ષને તે ક્ષણે બતાવીને આ પ્રમાણે કહે છે :

## ભરતરાજાની મંત્રીઓ સાથે વિચારણા

હવે સુર–અસુર અને મનુષ્યોમાં એના સરખો બીજો કોઈ નથી એ હકીકત મેં બાળક્રીડામાં પ્રગટપણે અનુભવી છે. ત્રણ જગતના સ્વામીના પુત્ર મારા નાના ભાઈ બાહુબલિને ત્રણેય લોક તૃણ સમાન છે. આ કેવળ વખાણ નથી પણ સત્ય હકીકત છે. આ નાના ભાઈ વડે હું સર્વથા વખાણવા લાયક છું, કારણકે બીજો હાથ નાનો હોય તો એક મોટો હાથ શોભતો નથી.

જો સિંહ બંધનને સહન કરે, જો અષ્ટાપદ વશ થાય, તો બાહુબલિ વશ થાય. તેથી મારે શું ઓછું છે ?

તેથી અમે તેના દુર્વિનયને સહન કરશું. જોકે મને અશક્ત કહેશે, તો ભલે તે કહો. લોકમાં ઘણા ધન વડે સર્વ વસ્તુ મળે, પરંતુ વિશેષે કરીને તેવા પ્રકારનો ભાઈ કોઈ પણ ઠેકાણે ન મળે.

હે મંત્રીઓ ! આ શું યોગ્ય છે કે નહિ ? તમે મૌન ધરીને ઉદાસીનની જેમ કેમ રહ્યા છો ? જે યથાર્થ હોય તે કહો.

હવે સેનાપતિ સ્વામીની ક્ષમા વડે અને બાહુબલિના અવિનય વડે, પ્રહાર વડે જાણે દુઃખી થયો હોય તેમ કહે છે : હે દેવ ! ઋષભસ્વામીના પુત્ર ઉત્તમ સ્વામી એવા ભરતેશ્વરને ક્ષમા ઉચિત છે, પરંતુ તે કરુણાપાત્ર લોકને વિષે યોગ્ય છે. જે જેના ગામમાં વસે તે તેને આધીન થાય છે. તે બાહુબલિ દેશને પણ ભોગવવા છતાં વચનથી પણ તમને વશ નથી.

પ્રાણોનું અપહરણ કરનાર પણ તેજને વધારનાર શત્રુ સારો, પણ પોતાના ભાઈના તેજને વધ કરનાર ભાઈ પણ શ્રેષ્ઠ નથી.

રાજાઓ કોશ વડે, સૈન્ય વડે, મિત્ર વડે, પુત્ર વડે અને દેહ વડે પણ પોતાના પ્રભાવની રક્ષા કરે છે. તેઓને પ્રભાવ એ જ જીવિત છે.

સ્વામીને પોતાના રાજ્ય વડે શું અપૂર્ણ હતું કે જેમણે છ ખંડ ભરતક્ષેત્રનો વિજય કર્યો. તે પ્રભાવને માટે જ જાણવો.

એક ઠેકાણે પણ હણાયેલો પ્રભાવ તે ખરેખર સર્વ ઠેકાણે હણાયેલો જ છે, કારણકે એક વાર પણ ભ્રષ્ટ-શીલવાળી સતી તે સર્વદા અસતી થાય છે.

ગૃહસ્થોને પણ ધનને વિષે જ સંવિભાગ યોગ્ય છે, તે ગૃહસ્થો પણ બાંધવો વડે ગ્રહણ કરાતા પોતાના પ્રભાવથી જરાપણ ઉપેક્ષા કરતા નથી.

જે કારણથી સકળ ભરતક્ષેત્રનો વિજય કરનાર પ્રભુનો અહીં અવિજય તે સમુદ્રને પાર કરનારને ખાબો-ચિયામાં ડૂબી જવા જેવું છે.

શું આ કોઈ ઠેકાણે પણ સાંભળ્યું છે કે જોયું છે, જે પૃથ્વીમાં ચક્રવર્તીનો પણ પ્રતિસ્પર્ધી રાજા રાજ્ય ભોગવે ?

હે દેવ ! તે અવિનીતને વિષે ભ્રાતૃસંબંધથી ઉત્પન્ન થયેલો જે સ્નેહ તે આ સ્વામીને એક હાથે તાળી વગા-ડવા જેવું છે.

'વેશ્યાજનની જેમ સ્નેહરહિત બાહુબલિને વિષે પણ સ્વામી સ્નેહાળુ છે.' એમ કહેતા અમને જો દેવ નિષેધ કરે તો ભલે નિષેધ કરો, પરંતુ 'સર્વ શત્રુઓને જીતીને અંદર પ્રવેશ કરીશ' એ પ્રમાણે નિશ્ચયથી બહાર રહેલા ચક્રને દેવ કેવી રીતે નિષેધ કરશે ?

ભાઈના મિષે શત્રુ એવો આ ઉપેક્ષા કરવા યોગ્ય નથી. આ અર્થને સ્વામી બીજા મંત્રીઓને પણ પૂછો.

સુષેણ સેનાપતિનાં વચન સાંભળ્યા પછી ભરતરાજા વડે સન્મુખ જોવાપૂર્વક પૂછાયેલ બૃહસ્પતિએ સરખો મુખ્ય મંત્રી આ પ્રમાણે બોલે છેઃ–સેનાપતિએ યોગ્ય કહ્યું છે. બીજો કોણ એ બોલી શકે? પરાક્રમના પ્રયાસથી ભીરૂ હોય તે જ સ્વામીના તેજની ઉપેક્ષા કરે. પોતાના પ્રભાવની વૃદ્ધિ માટે કરાયેલા અધિકારીઓ પ્રાયઃ પોતાના લાભને માટે ઉત્તર રચે છે અથવા સંકટને વધારે છે.

આ સેનાધિપતિ તો, પવન જેમ અગ્નિના તેજની વૃદ્ધિ માટે થાય તેમ ફક્ત દેવના તેજની વૃદ્ધિ માટે જ થાય છે.

હે સ્વામી! ચક્રરત્નની જેમ આ સેનાધિપતિ પણ થોડા પણ બાકી રહેલા શત્રુને જીત્યા વિના સંતોષ પામતો નથી. તેથી વિલંબ વડે સર્યું. તમારી આજ્ઞાથી આજે જ હાથમાં દાંડી રાખનારાઓ વડે શત્રુની જેમ પ્રયાણભંભા વગડાવો.

સુઘોષા ઘંટાના નાદ વડે જેમ દેવો મળે, તેમ ફેલાતા ભંભાના નાદ વડે વાહન અને પરિવાર સહિત સૈન્યો ભેગા થાઓ. તેજની વૃદ્ધિ માટે સૂર્ય જેમ ઉત્તર દિશા સન્મુખ જાય તેમ તક્ષશિલા નગરી તરફ દેવ પ્રયાણ કરો. સ્વામી જાતે પણ જઈને પોતાના ભાઈનું સુબંધુ-પણું જુએ. સુવેગ દૂતના મુખનો સંદેશો સત્ય છે કે અસત્ય તે જાણે.

તે પછી ભરતેશ્વર મંત્રીના વચનને 'તેમ થાઓ' એ પ્રમાણે સ્વીકારે છે 'વિદ્વાનો ખરેખર બીજાના યુક્ત વચનને માને છે.'

તે પછી શુભ દિવસે કર્યું છે પ્રયાણ મંગલ જેણે એવો તે ભરતરાજા ઊંચા પર્વત જેવા હાથી ઉપર ચઢે છે.

અન્ય રાજાઓની એક સેના સરખા હાથી–ઘોડા અને રથ ઉપર ચઢેલા હજારો સિપાઈઓ વડે પ્રયાણ સમયનાં વાજિંત્રો વગડાવે છે.

હવે પ્રયાણવાજિંત્રના અવાજ વડે સમાન તાલના અવાજો વડે સંગીતકારની જેમ સર્વ સૈન્યો મળે છે.

રાજા–મંત્રી–સામંત અને સેનાપતિથી પરિવરેલો અનેકરૂપ ધારણ કરતો હોય તેમ ભરતરાજા નગરીની બહાર નીકળે છે.

## ભરતરાજાનું સંગ્રામ કરવા માટે પ્રયાણ

હવે ભરતરાજાનું એક હજાર યક્ષ વડે અધિષ્ઠિત ચક્રરત્ન સેનાપતિની જેમ આગળ ચાલે છે. શત્રુઓના ગુપ્તચરની જેમ રાજાના સૈન્યમાંથી ઉડેલા પ્રયાણને સૂચવનારા રજના સમૂહ જલદી દૂર ફેલાય છે. તે વખતે ચાલતા લાખોની સંખ્યાવાળા હાથીઓ વડે હાથીને ઉત્પન્ન થવાની ભૂમિઓ (વિંધ્યાચલ આદિ) હાથી રહિત હોય એવી લાગે છે.

તેના ચાલતા ઘોડા, રથ, ખચ્ચર અને ઊંટવડે

બીજું સર્વ પૃથ્વીતળ વાહન રહિત થઈ ગયું હોય એમ હું માનું છું. સમુદ્રને જોનારને જેમ જળમય દેખાય તેમ તેના પાયદળ સૈન્યના સમૂહને જોનારને જગત મનુષ્યમય દેખાય છે.

દરેક માર્ગે જતા રાજાને દરેક ગામમાં ગામમાં અને દરેક નગરમાં લોકોના પ્રવાદ (જનશ્રુતિ) લાંબા કાળ સુધી આ પ્રકારે થાય છે–'આ રાજાએ એક ક્ષેત્રની જેમ સર્વ ભરતક્ષેત્ર સાધ્યું. આ રાજાએ, મુનિ જેમ ચૌદપૂર્વને પ્રાપ્ત કરે તેમ ચૌદ રત્નને પ્રાપ્ત કર્યાં, નિયુક્ત પુરુષની જેમ તેમને નવ નિધિ વશ થયા, આમ હોવા છતાં રાજાએ શા માટે અથવા કઈ બાજુ પ્રયાણ કર્યું ?

જો આ સ્વેચ્છાથી પોતાના દેશોને જોવા માટે જતો હોય તો શત્રુને સાધવામાં કારણરૂપ આ ચક્ર આગળ કેમ ચાલે છે ? નક્કી દિશાના અનુમાન વડે આ ભરત બાહુબલિ તરફ જાય છે. અહો ! મોટા પુરુષોના પણ કષાય અખંડ ફેલાવાવાળા હોય છે.

તે બાહુબલિ દેવો અને અસુરો વડે પણ દુર્જય સંભળાય છે. તેને જીતવાને ઇચ્છતો આ આંગળી વડે મેરુને ઉપાડવા ઇચ્છે છે, કદાચ આના વડે નાનો ભાઈ જીતાય અથવા નાના ભાઈ વડે આ જીતાય એ પ્રમાણે મોટો અયશ છે. ભરત રાજાને બન્નેય પ્રકારે હાનિ થશે.'

આ પ્રમાણે પ્રવાદને સાંભળતો ભરતેશ્વર ઉછળતા

ધૂળના સમૂહ વડે વૃદ્ધિ પામતા વંધ્યગિરિની જેમ ચારે તરફથી અંધકારને જાણે બતાવતો, સેનાના ચાર અંગ ઘોડા–હાથી–રથ અને સુભટોના હેષારવ–ગર્જારવ–ચિત્કાર અને તાળીઓના અવાજ વડે દિશાઓને ગજવતો, ગ્રીષ્મ ઋતુના સૂર્યની જેમ માર્ગની નદીઓને સૂકવતો, પ્રચંડ વાયુની જેમ માર્ગના વૃક્ષોને પાડી નાંખતો, સૈન્યની ધજાઓના વસ્ત્ર વડે આકાશને બલાકા (બગલા) મય જાણે કરતો, સૈન્ય વડે મર્દન કરાયેલી ભૂમિને હાથીના મદજળ વડે શાંત કરતો, ચક્રના પ્રયાણને અનુસરતો રાજા, સૂર્ય જેમ એક રાશિમાંથી બીજા રાશિમાં જાય તેમ દિવસે દિવસે જતો બહલી દેશ પાસે પહોંચે છે.

ભરતરાજા તે દેશના પ્રવેશસ્થાને છાવણી સ્થાપન કરીને સમુદ્ર જેમ મર્યાદામાં રહે તેમ મર્યાદાપૂર્વક રહે છે.

સુનંદાપુત્ર બાહુબલિએ પણ રાજ્ય નીતિરૂપ ઘરના થાંભલા સરખા ગુપ્તચરો દ્વારા તે ભરતરાજાને ત્યાં આવેલો જાણ્યો.

## બાહુબલિનું પણ પ્રયાણ

હવે બાહુબલિ રાજા પ્રયાણ નિમિત્તે પ્રતિનાદ વડે આકાશને ભેરીરૂપ કરતો હોય તેમ ભેરીને વગડાવે છે.

પ્રસ્થાનમંગલ કરી બાહુબલિ મૂર્તિમંત કલ્યાણની જેવા ઉત્સાહની જેવા ભદ્ર ગજેંદ્ર ઉપર ચઢે છે. દેવો વડે જેમ દેવેન્દ્ર, તેમ રાજાઓ, રાજકુમારો, મંત્રીઓ અને

બીજા સુભટોથી પરિવરેલો તે બાહુબલિ, મહાબળવાળા, મહા ઉત્સાહવાળા, એક કાર્યની પ્રવૃત્તિવાળા અભેદ્ય જાણે પોતાના અંશ હોય એવા તેઓ વડે તે શોભે છે.

હવે તરત જ તેના ચિત્તમાં રહ્યા હોય એવા તેના લાખો હસ્ત્યારૂઢ, અશ્વારૂઢ, રથી અને પાયદળ નીકળે છે, અચળ નિશ્ચયવાળો તે બાહુબલિ શસ્ત્રધારી ઓજસ્વી પોતાના સુભટો વડે પૃથ્વીને એક વીરમય જાણે રચતો હોય તેમ ચાલે છે.

તેના વીરપુરુષો વિભાગ કર્યા વિના જયના યશની ઇચ્છાવાળા પરસ્પર 'હું એકલો શત્રુઓને જીતીશ' એ પ્રમાણે બોલે છે. તેના સૈન્યમાં કાહલ (વાદ્ય) વગાડનારો પણ પોતાને વીર માનતો હતો, ખરખર રોહણગિરિમાં કાંકરા પણ સર્વ મણિના સ્વરૂપને ધારણ કરનાર હોય છે.

## ભરત-બાહુબલિની સૈન્યવ્યવસ્થા

તે વખતે ચંદ્ર સરખા શ્વેત મહામાંડલિક રાજાઓના છત્રમંડલ વડે આકાશ પુંડરીક (શ્વેતકમલ) મય હોય એમ થાય છે.

બાહુબલિ પ્રત્યેક મહા ઓજસ્વી રાજાઓને જોતો, પોતાના બાહુની જેમ મોટેથી માનતો આગળ જાય છે.

સૈન્યોના પ્રચંડ ભાર વડે પૃથ્વીને અને જયવાજિંત્રોના અવાજો વડે સ્વર્ગને (આકાશને) આસ્ફોટન કરતો હોય તેમ બાહુબલિ માર્ગમાં જતો દૂર રહેલ એવી પણ

પોતાના દેશની સીમાને વિષે જલદી જાય છે. યુદ્ધની ઉત્કંઠાવાળા સુભટો ખરેખર પવનથી પણ વધારે વેગ-વાળા થયા.

બાહુબલિ ભરતેશ્વરની છાવણીથી નજીક નહિ તેમ દૂર નહિ એવા ગંગાનદીના કિનારે પોતાની છાવણી સ્થાપે છે.

હવે પ્રાતઃકાળે પરસ્પર અતિથિ હોય એવા તે ભરત—બાહુબલિને ચારણો સંગ્રામના ઉત્સવ માટે આમંત્રણ કરે છે.

હવે બાહુબલિ રાત્રિએ સર્વ રાજાઓએ માન્ય કરેલ, પરાક્રમમાં સિંહ જેવા પોનાના પુત્ર સિંહરથને સેનાપતિ કરે છે. પટ્ટહસ્તિની જેમ તેના મસ્તક ઉપર દીપ્તિવાળો પ્રતાપ હોય એવો સુવર્ણમય રણપટ્ટ બાહુબલિ પોતે સ્થાપન કરે છે.

તે રાજાને નમસ્કાર કરીને પ્રાપ્ત કરેલી યુદ્ધશિક્ષા વડે હર્ષ પામેલો પોતાના આવાસે જાય છે. બાહુબલિ રાજા યુદ્ધને માટે બીજા રાજાઓને પણ આદેશ કરીને વિસર્જન કરે છે, પોતાની જાતે યુદ્ધના અર્થી એવા તેઓને સ્વામીની આજ્ઞા એ ખરેખર સત્કાર જ છે.

ભરતચક્રવર્તી પણ આચાર્યની જેમ રાજકુમાર રાજા અને સામંતરાજાઓની સંમતિ લઈ સુષેણ સેનાપતિને રણદીક્ષા આપે છે. સુષેણ સિદ્ધમંત્રની જેમ સ્વામીની આજ્ઞા ગ્રહણ કરીને ચક્રવાકની જેમ પ્રભાતને ઇચ્છતો

પોતાના ઘરે જાય છે. ભરતેશ્વર મુકુટબદ્ધ રાજકુમારોને અને બીજા સામંતરાજાઓને બોલાવીને યુદ્ધ માટે શિખામણ આપે છે :—

'હે મહાતેજસ્વી સુભટો ! મારા નાનાભાઈ બાહુબલિના યુદ્ધમાં તમારે અપ્રમત્ત થઈ મારી માફક સુષેણ સેનાપતિને અનુસરવું, અરે ! મહાવતો જેમ હાથીઓને વશ કરે તેમ તમે ભુજાના બળવાળા ઘણા રાજાઓને વશ કર્યા છે, વૈતાઢ્યગિરિ ઉપર આક્રમણ કરીને દેવો વડે અસુરની જેમ દુર્જય એવા ભિલ્લોને પણ પરાક્રમ વડે ઘણા દબાવ્યા છે. ભલે તે બધા જીતાય, કારણકે તેઓમાં તક્ષશિલાના અધિપતિ બાહુબલિના એક સૈનિક સરખો પણ કોઈ ન હતો. એકલો બાહુબલિનો મોટો પુત્ર સોમયશા, પવન જેમ રૂને ફેંકી દે તેમ સૈન્યોને દિશોદિશીએ ફેંકી દેવા સમર્થ છે. તેનો વય વડે નાનો પણ પરાક્રમ વડે મોટો મહારથી સિંહરથ પુત્ર શત્રુના સૈન્યને માટે દાવાનળ જેવો છે. વળી બાહુ-બલિના બીજા પુત્ર–પૌત્રોમાં એકેક અક્ષોહિણીમલ્લ, યમરાજાને પણ ભય પમાડવા સમર્થ છે.

તેના સામંત આદિ સ્વામીભક્તિ વડે અને બળ વડે તુલના કરાય તો તેઓ પણ તેના પ્રતિબિંબરૂપે રહેલા હોય તેમ સમાન ભક્તિ અને બળવાળા છે.

અન્ય સૈન્યમાં જેમ મહાબળવાન એક અગ્રણી હોય તેમ તેના સૈન્યમાં સર્વે મહાઓજસ્વી સુભટો તેવા પ્રકારના છે.

તે મહાબાહુ બાહુબલિ તો દૂર રહો, યુદ્ધમાં તેની એક સૈન્યરચના પણ વજ્ર જેવી દુર્ભેદ્ય છે.

તેથી પૂર્વદિશાના પવન જેમ વર્ષાઋતુના મેઘને અનુસરે તેમ તમે યુદ્ધને માટે જતા સુષેણ સેનાપતિને અનુસરો.

પોતાના સ્વામીની અમૃત સરખી વાણી વડે હૃદય ભર્યું હોય તેમ તેઓ રોમાંચથી ચારે તરફથી પુષ્ટ થતા દેહવાળા થયા.

ભરતરાજા વડે વિસર્જન કરાયેલા તેઓ જયલક્ષ્મીની જેમ પ્રતિપક્ષના વીરોને જાતે પસંદ કરતા પોતાના ઘરે જાય છે.

## બન્ને સૈન્યનું યુદ્ધ માટે સજ્જ થવું

તે વખતે બન્ને ભરત–બાહુબલિના પ્રસાદ રૂપી જળના મહાસમુદ્રનો પાર કરવા ઇચ્છતા વીરો યુદ્ધકાર્ય માટે તૈયાર થાય છે.

હવે તેઓ કૃપાણ (તલવાર), ચાપ, ભાથા, ગદા વગેરે પોત–પોતાના શસ્ત્રોની દેવની જેમ પૂજા કરે છે.

ઉત્સાહ વડે નૃત્ય કરતા ચિત્તને તાલ પૂરવા માટે જાણે તે મહાસુભટો શસ્ત્રોની આગળ વાજિંત્રો વગાડે છે.

તે મહાસુભટો પોતાના યશની જેવા નિર્મળ, સુગંધી ચંદનના ઉદ્વર્તન વડે પોતાના દેહને સાફ કરે છે.

કપાળમાં બાંધેલા કાળાવસ્ત્રવાળા વીરપટ્ટની શોભાને

વિડંબના કરનારા, કસ્તૂરી વડે કપાળના અલંકાર કરે છે.

બન્નેય સૈન્યમાં શસ્ત્રોનું જાગરણ કરતા વીરપુરુષોને નિદ્રા ભય પામી હોય તેમ ન આવી. પ્રભાતમાં યુદ્ધની ઈચ્છાવાળા બન્ને સૈન્યના વીરોને ત્રિયામા (રાત્રિ) સો પહોર જેવી કેમે ય કરીને પૂરી થઈ.

હવે સૂર્ય ઋષભપુત્રના યુદ્ધક્રીડાના કુતૂહલને જોવા માટે જાણે ઉદયગિરિના શિખર ઉપર ચઢે છે, તે વખતે બન્ને સૈન્યમાં મંદરગિરિ વડે ક્ષોભ પામતા સમુદ્રના જળની જેમ રણવાજિંત્રોનો મોટો અવાજ થાય છે. તે વખતે વિસ્તાર પામતો તે રણવાજિંત્રના અવાજ વડે તે સમયે ઊંચા કર્ણતાલવાળા દિગ્ગજો ત્રાસ પામે છે, જળ જંતુઓ ભયભ્રાંત ચિત્તવાળા થાય છે, સમુદ્રો ખળભળે છે, ક્રૂર પ્રાણીઓ પણ ચારે બાજુ ગુફાઓમાં પ્રવેશ કરે છે, મહાસર્પો પણ એક છિદ્રમાંથી બીજા છિદ્રમાં છુપાઇ જાય છે. પથ્થરના ટૂકડારૂપે થતા છે શિખરો જેના એવા પર્વતો કંપે છે, કૂર્મરાજ પણ સંકોચ પામતા પગ અને કંઠ પૂર્વક ભય પામે છે, આકાશ જાણે તૂટે છે, પૃથ્વી ખસી જતી હોય એવી થાય છે.

હવે રાજાના દ્વારપાળની જેમ રણવાજિંત્રના અવાજ વડે પ્રેરણા પામેલા બન્ને સૈન્યોને વિષે સૈનિકો યુદ્ધ માટે તૈયાર થાય છે.

કેટલાક યુદ્ધ ઉત્સાહથી દેહ પુલકિત થવાથી તૂટતી એવી બખતરની દોરીઓને વારંવાર નવી–નવી બનાવે છે,

કેટલાક સ્નેહ વડે જાતે જ ઘોડાઓને બખ્તર પહેરાવે છે. 'સુભટો ખરેખર વાહનોને વિષે અધિક રક્ષા કરે છે.'

કેટલાક અશ્વોને બખતર પહેરાવીને પરીક્ષા કરવા માટે તેના ઉપર ચઢીને ચલાવે છે, 'ખરાબ શિક્ષાવાળો જડ અશ્વ અશ્વારોહીને વિષે શત્રુ જેવું આચરણ કરે છે.' બખતર ગ્રહણ કરતી વખતે હેષારવ કરતા ઘોડાઓને કેટલાક દેવની જેમ પૂજે છે, યુદ્ધમાં હેષા (અશ્વનો શબ્દ) ખરેખર જય સૂચવનાર છે.

કેટલાક બખતર વગરના અશ્વોને મેળવીને પોતાના બતખરોનો ત્યાગ કરે છે. યુદ્ધમાં બાહુના પરાક્રમવાળા-ઓનું આ પુરુષવ્રત છે.

સમુદ્રમાં મત્સ્યની જેમ ભયંકર યુદ્ધમાં સ્ખલનારહિત ફરતો તું પોતાનું કૌશલ્ય બતાવજે, એ પ્રમાણે કેટલાક સારથિને કહે છે.

મુસાફરો જેમ ભાતું ભરે, તેમ કેટલાક લાંબા સમય ચાલે એવા યુદ્ધને જોતાં પોતાના રથોને ચારે તરફથી શસ્ત્રો વડે પૂરે છે.

કેટલાક ચારણની જેમ દૂરથી પોતાને જણાવવા માટે ઊંચા કરેલા પોતાના ચિહ્નવાળા ધ્વજસ્તંભોને મજબૂત કરે છે.

કેટલાક સારી રીતે જોડેલા ધૂંસરી વડે શોભતા રથોને વિષે પરસૈન્યરૂપી સમુદ્રમાં જળકાંત મણિસરખા ઘોડાઓને જોડે છે.

કેટલાક સારથિઓને મજબૂત કવચ આપે છે. ' અશ્વસહિત રથો પણ સારથિ વિના નકામા છે. કેટલાક પોતાના બાહુની જેમ પ્રચંડ લોહવલયની શ્રેણીના સંપર્કથી કર્કશ એવા હાથીના દાંતોની પૂજા કરે છે. કેટલાક આવતી જયલક્ષ્મીના વાસગૃહ જેવી પતાકાની શ્રેણીથી શોભતી અંબાડીઓને હાથી ઉપર આરોપણ કરે છે. કસ્તૂરીની જેમ હાથીના ગંડસ્થળમાંથી નીકળતા મદ વડે, શુકન એ પ્રમાણે બોલતા કેટલાક તિલક કરે છે.

કેટલાક અન્ય હાથીના મદના ગંધથી વાસિત પવનને પણ સહન નહીં કરતા મનની જેવા દુર્ધર હાથીઓ ઉપર ચઢે છે.

સર્વે હાથી ઉપર ચઢનારા સર્વ હાથીઓ પાસે યુદ્ધમહોત્સવના શૃંગાર કંચુક જેવા સુવર્ણમય કવચ ગ્રહણ કરાવે છે. તેમજ સૂંઢના અગ્રભાગને વિષે ઊંચા નાળ-વાળા નીલકમળની શોભા જેવા લોહમય મુદ્દ્ગરો ગ્રહણ કરાવે છે. તેમજ મહાવતો યમરાજાના ખેંચેલા દાંત જેવા કૃષ્ણ લોહમય તિક્ષ્ણ કોશક (એક જાતનું શસ્ત્ર) હાથીના દાંતમાં સ્થાપન કરે છે.

શસ્ત્રથી ભરેલા ખચ્ચરો અને ગાડાઓ પાછળ જાઓ, અન્યથા લઘુહસ્તવાળાઓને શસ્ત્રો કેવી રીતે પૂરા પડશે ? નિરંતર યુદ્ધ કરવામાં તત્પર વીરોના આગળ ધારણ કરેલા બખતરો જો તૂટે તો બખતર ભરેલા ઉંટો જલદી આગળ ચાલો, શસ્ત્રાગ્નિ પડવાથી પર્વતની જેવા

રથીઓના રથો ભાંગી જાય તેથી તૈયાર કરેલા બીજા રથો પાછળ જાઓ, પ્રથમ અશ્વો હોવાથી યુદ્ધમાં વિઘ્ન ન થાય તેથી ઘોડેસ્વારની પાછળ સેંકડો બીજા અશ્વ જાઓ, એકેક મુકુટબદ્ધ રાજાની પાછળ ઘણા હાથી જાઓ, કારણ કે તેઓનું યુદ્ધ એક જ હાથીથી હોતું નથી. યુદ્ધના શ્રમરૂપી ગ્રીષ્મઋતુથી તપેલા દરેક સૈનિકની પાછળ ચાલતી પરબ જેવા પાણી વહન કરનારા મહિષો જાઓ. ચંદ્રનો ખજાનો હોય એવી, હિમગિરિનો સાર હોય એવી તાજી વ્રણરોહણ ઔષધિઓ બળદો પાસે ઉપડાવો.

આ પ્રમાણે સંગ્રામમાં રાજ્યના અધિકારી પુરુષોના આદેશથી ઉત્પન્ન થયેલ કોલાહલ વડે રણવાજિંત્રોનો મહાશબ્દ અત્યંત વૃદ્ધિ પામે છે.

તે પછી ચારે તરફથી ઉત્પન્ન થયેલ ઘોંઘાટ વડે વિશ્વ શબ્દમય હોય એમ, અને કમ્પતા આયુધો વડે ચારે તરફથી લોહમય હોય એવું થાય છે.

જાણે પૂર્વે જોયું હોય તેમ પૂર્વપુરુષોના ચરિત્રને યાદ કરાવતાં, વ્યાસ ઋષિની જેમ મોટેથી યુદ્ધના નિર્વાહના ફળનું વર્ણન કરતા, નારદઋષિની જેમ આદરસહિત વીર પુરુષોને ઉદ્દીપન કરવા માટે વારંવાર ઊભા થયેલા સામાપક્ષના સુભટોની પ્રશંસા કરતા પર્વદિવસની જેમ રણરસિયા વૈતાલિકો હર્ષ વડે ત્યાં દરેક હાથી પાસે, દરેક રથ પાસે અને દરેક અશ્વ પાસે આકુળતા રહિત ભમે છે.

## યુદ્ધના પ્રારંભમાં જિનેશ્વરનું પૂજન

હવે બાહુબલિ સ્નાન કરીને દેવપૂજા માટે દેવાલયમાં જાય છે. મહાપુરુષો ખરેખર કોઈ પણ કાર્યમાં મુંઝાતા નથી. ત્યાં જન્માભિષેકને વિષે ઇંદ્રની જેમ તે ઋષભ-સ્વામીની પ્રતિમાને સુગંધી જળ વડે ભક્તિથી ન્હવરાવે છે. તે પછી કષાયરહિત એવો તે પરમ શ્રદ્ધાવાળો શ્રદ્ધા વડે પોતાના ચિત્તની જેમ દિવ્યકષાયી વસ્ત્ર વડે તે પ્રતિમાને સાફ કરે છે. તે પછી પ્રતિમા ઉપર દિવ્ય વસ્ત્રમય ચોલક રચતો હોય તેમ યક્ષકર્દમ વડે વિલેપન કરે છે. તે પછી રાજા કલ્પવૃક્ષના પુષ્પોની માળાસરખી સરસ સુગંધયુક્ત વિચિત્ર પુષ્પમાળા વડે જિનપ્રતિમાની પૂજા કરે છે. સુવર્ણમય ધૂપધાણાને વિષે ધૂમાડા વડે નીલ-કમળમય પૂજા કરતો હોય તેમ દિવ્યધૂપ કરે છે.

તે પછી ઉત્તરાસંગ કરી, મકરરાશિમાં રહેલા સૂર્યની જેમ દિપ્ર દીપકવાળી આરતી લઈને આરતી ઉતારીને, પ્રણામ કરીને બે હાથ જોડી ભક્તિ બહુમાનપૂર્વક બાહુ-બલિ આદિનાથ પ્રભુની આ પ્રમાણે સ્તુતિ કરે છે:—

હે સર્વજ્ઞપ્રભો! હું મારી અજ્ઞાનતાને જાણવા છતાં પણ જે તમારી સ્તુતિ કરું છું, તે તમારા ઉપરનું દુર્વાર એવું ભક્તિબહુમાન મને વાચાળ કરે છે.

હે આદિ તીર્થંકર! સંસારરૂપી શત્રુથી ત્રાસ પામેલા પ્રાણીઓને વજ્રપંજર સરખી તમારા ચરણના નખની કાંતિ જયવંતી વર્તે છે. હે દેવ! આપના ચરણકમળને

જોવા માટે રાજહંસની જેમ ધન્ય પ્રાણીઓ પ્રતિદિન દૂરથી પણ દોડે છે. હે ભગવંત ! શીતથી પીડા પામેલા જેમ સૂર્યનું શરણુ સ્વીકારે તેમ ભયંકર સંસારના દુઃખથી પીડા પામેલા વિવેકી પુરુષો તમારા એકનું જ શરણુ સ્વીકારે છે. હે નાથ ! હર્ષથી નિમેષરહિત નેત્રો વડે જે પ્રાણીઓ તમને જુએ છે, તેઓને પરલોકમાં પણ દેવપણું દુર્લભ નથી. હે દેવ ! રેશમી વસ્ત્રને કાજળથી કરાયેલી મલીનતા જેમ દૂધ વડે દૂર થાય છે, તેમ તમારા દેશના—રૂપી જળ વડે મનુષ્યોનો કર્મમળ દૂર થાય છે. હે સ્વામી ! 'ઋષભનાથ' એ પ્રમાણે જાપ કરાતું તમારું નામ સર્વ સિદ્ધિઓને આકર્ષણ કરવાના મંત્રપણાને પામે છે. હે પ્રભુ ! જેઓ તમારી ભક્તિરૂપ કવચવાળા છે, તે પ્રાણીઓને વજ્ર પણ ભેદી શકતું નથી, શૂલ પણ છેદી શકતું નથી.

આ પ્રમાણે રોમાંચિત શરીરવાળો, રાજાઓમાં શિરોમણિ એવો તે બાહુબલિ ભગવંતની સ્તુતિ કરીને, નમન કરીને દેવમંદિરમાંથી બહાર નીકળે છે.

તે પછી તે સુવર્ણ–માણિક્યથી મંડિત વજ્રકવચને વિજયલક્ષ્મીના વિવાહને માટે કંચુકની જેમ ગ્રહણ કરે છે. તે પછી તે રાજા વિપુલ પરવાળાના સમૂહ વડે સમુદ્રની જેમ તે કવચ વડે શોભે છે. તે પછી રાજા, પર્વતના શિખર ઉપર રહેલ મેઘમાળાની શોભાને વિડંબના કરનાર શિરસ્ત્રાણને મસ્તકને વિષે સ્થાપન કરે છે, પીઠ ઉપર મહાનાગના સ્થાનથી વ્યાપ્ત પાતાળના છિદ્રની ઉપમાવાળા

લોહના બાણોથી ભરેલા બે ભાથાંઓને બાંધે છે. ડાબા ભુજદંડને વિષે યુગાંતના સમયે ઊંચા કરેલા યમદંડ સરખા ધનુષ્યને ધારણ કરે છે.

આ પ્રમાણે બખતર ધારણ કરી બાહુબલિ, પુરોહિતો વડે આગળ 'સ્વસ્તિ'એ પ્રમાણે આશીર્વાદ અપાતો, પોતાના ગોત્રની વૃદ્ધસ્ત્રીઓ વડે 'જીવ જીવ'એ પ્રમાણે કહેવાતો, વૃદ્ધ શિષ્ટ પુરુષો વડે 'નંદ નંદ'એ પ્રમાણે બોલાતો, બંદિજનો વડે 'ચિરકાળ જય જય'એ પ્રમાણે કહેવાતો તે મહાભુજાવાળો આરોહક વડે અપાયેલ છે હાથનું આલંબન જેને એવો, દેવરાજ મેરુશિખર ઉપર ચઢે તેમ મહાગજેન્દ્ર ઉપર ચઢે છે.

આ તરફ તે જ વખતે પવિત્ર બુદ્ધિવાળો શ્રી ભરતેશ્વર રાજા પણ શુભલક્ષ્મીના કોશાગાર જેવા દેવમંદિરમાં જાય છે, ત્યાં મોટા મનવાળો તે દિગ્વિજયમાંથી લાવેલા પદ્મ આદિ તીર્થજળ વડે શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાને સ્નાન કરે છે, તે પછી તે રાજસિંહ દેવદૂષ્ય વસ્ત્ર વડે, શ્રેષ્ઠ શિલ્પી મણિને સાફ કરે તેમ અપ્રતિમ એવી તે પ્રતિમાને સાફ કરે છે. સાફ કરી હિમાચલકુમાર આદિએ આપેલા ગોશીર્ષચંદન વડે તે પ્રતિમાને પોતાના યશ વડે પૃથ્વીની જેમ વિલેપન કરે છે. વિલેપન કરીને લક્ષ્મીના ગૃહ સરખા કમળો વડે નેત્રને સ્તંભન કરવાની ઔષધિ હોય એવી પૂજા કરે છે. પૂજા કરીને રાજા

ધૂમ્રવલ્લી વડે કસ્તૂરીપત્રની શ્રેણીને આલેખતો હોય તેમ પ્રતિમાની આગળ ધૂપ બાળે છે, તે પછી તે સમગ્ર કર્મરૂપી કાષ્ઠને બાળવા માટે ઉત્કટ અગ્નિકુંડ હોય એવા ઉદ્દીપ્ત દીપકવાળી આરતીને ગ્રહણ કરે છે, તે આરતીને ઉતારીને અને આદિનાથને પ્રણામ કરીને ભરતરાજા મસ્તકને વિષે બે હાથ જોડીને આ પ્રમાણે સ્તુતિ કરવાની શરુઆત કરે છે :—

હે જગતના નાથ! જડ હોવા છતાં પણ પોતાને યોગ્ય માનનારો હું તમારી સ્તુતિ કરું છું, કારણકે વડીલોની આગળ બાળકોની અસ્પષ્ટ વાણી યોગ્ય જ છે.

હે દેવ! ભારે કર્મી જીવ પણ તમારા શરણનો સ્વીકાર કરી સિદ્ધ થાય છે. સિદ્ધરસના સ્પર્શ વડે ખરેખર લોહ પણ સુવર્ણ થાય છે.

હે નાથ! તમારું ધ્યાન કરનાર, પૂજા કરનાર ધન્ય પ્રાણીઓ મન–વચન–કાયાના ફળને પામે છે. હે સ્વામી! પૃથ્વીમાં વિહાર કરતા તમારા ચરણની રજ મનુષ્યોના પાપરૂપી વૃક્ષને ઉખેડી નાંખવામાં મહાગજ જેવું આચરણ કરે છે, હે પ્રભુ! સ્વભાવથી મોહ વડે જન્માંધ એવા પ્રાણીઓને વિવેકરૂપી નેત્ર આપવા માટે તમે એક જ શક્તિવાળા છો, જે તમારા ચરણકમળમાં ભ્રમર સરખું આચરણ કરે છે, તેઓના મનને મેરુ વગેરેની જેમ લોકાગ્ર પણ દૂર નથી. હે દેવ! તમારા દેશનાના વચન વડે પ્રાણીઓના કર્મરૂપ પાશો મેઘના પાણીથી જાંબૂ-

ફળની જેમ શીઘ્ર ગળી જાય છે, હે જગદીશ્વર! તમને વારંવાર પ્રણામ કરીને આ પ્રાર્થના કરું છું કે—તમારા પ્રસાદથી તમારા પ્રત્યેની ભક્તિ સમુદ્રના જળની જેમ અક્ષય હો!

આ પ્રમાણે આદિનાથ પ્રભુની સ્તુતિ કરીને અને નમસ્કાર કરીને ભક્તિવંત એવો ચક્રવર્તી ભરતરાજા દેવમંદિરમાંથી નીકળે છે.

તે પછી તે રાજા પ્રમાણસર બનાવેલા કવચને વારંવાર શિથિલ કરીને હર્ષથી પુષ્ટ બનેલા શરીર વડે ધારણ કરે છે. અંગમાં લાગેલા દિવ્ય મણિમય તે કવચ વડે રાજા માણિક્યની પૂજા વડે દેવપ્રતિમાની જેમ શોભે છે.

તે પછી તે ભરતેશ્વર બીજા મુકુટની જેમ મધ્યમાં ઉચ્ચ, છત્રની જેમ ગોળ, સુવર્ણ–રત્નથી બનાવેલા શિરસ્ત્રાણને ધારણ કરે છે. નાગરાજની જેમ અત્યંત તીક્ષ્ણ બાણરૂપી દાંતવાળા બે ભાથાંને પીઠને વિષે બાંધે છે. તે પછી તે ઇંદ્ર જેમ સરળ ચઢાવેલ ઇંદ્ર ધનુષ્યને ધારણ કરે તેમ ડાબા હાથ વડે શત્રુને પ્રતિકૂળ એવા કાલપૃષ્ઠ નામના મહાધનુષ્યને ગ્રહણ કરે છે.

તે સૂર્યની જેમ બીજા તેજસ્વીઓના તેજને ખાઈ જતો. ભદ્ર ગજેન્દ્રની જેમ લીલાવડે સ્થિર પદન્યાસ કરતો ગજેન્દ્રની જેમ આગળ રહેલા પ્રતિવીરોને તૃણની જેમ ગણતો, નાગરાજની જેમ દુર્વિષહ દૃષ્ટિવડે ભયજનક, મહેંદ્રની જેમ મોટેથી સ્તુતિપાઠકોવડે સ્તુતિ કરાતો ભરત રાજા રણકુશળ મહાગજ ઉપર ચઢે છે.

હવે તે બન્ને ભરત અને બાહુબલિ રાજા કલ્પવૃક્ષની જેમ સ્તુતિપાઠકોને દ્રવ્ય આપતા, ઇંદ્રની જેમ આવેલા પોતાના સૈન્યને જોતા, રાજહંસ જેમ કમળનાળને ધારણ કરે તેમ એક બાણને ધારણ કરતા, વિલાસી પુરુષ જેમ કામકથા કરે તેમ યુદ્ધકથા કરતા, મહાન ઉત્સાહવાળા મહાતેજસ્વી તે બંને ગગનમધ્યમાં સૂર્યની જેમ પોત-પોતાના સૈન્યમાં આવે છે.

પોતાના સૈન્યની અંદર રહેલો ભરત અને બાહુ-બલિ જંબૂદ્વીપના મધ્યવર્તિ મેરુપર્વતની શોભાને ધારણ કરે છે. તે બંને સૈન્યોની અંતઃવર્તી ભૂમિ નિષધ અને નીલવંતપર્વતના મધ્યમાં મહાવિદેહ ક્ષેત્રની ભૂમિની જેવી દેખાય છે.

તે બંને સેનાઓ કલ્પાંતકાળે પૂર્વપશ્ચિમ સમુદ્રની જેમ પંક્તિરૂપ થઈને એક બીજાની સન્મુખ જાય છે, પંક્તિ તોડીને બહાર જતા સૈનિકોને રાજાના દ્વારપાળો પૂલ જેમ પાણીના પ્રવાહને અટકાવે તેમ અટકાવે છે. તે સુભટો રાજાના આદેશથી, તાલવડે એક સંગીતમાં રહેલા નર્તકની જેમ પરસ્પર સમાન પાદન્યાસપૂર્વક ચાલે છે. પોતાના સ્થાનનો ત્યાગ કર્યા વિના જતા સર્વ સૈનિકો વડે તેઓની બંને સેનાઓ એક દેહવાળી હોય તેમ શોભે છે.

તે સુભટો રથના લોહમુખવાળા ચક્રો વડે પૃથ્વીને ફાડતા, લોઢાના કોદાળા સરખી અશ્વોની ખરી વડે પૃથ્વીને

ખોદતા, અર્દ્ધ ચંદ્ર સરખા લોહમય ખચ્ચરની ખરી વડે પૃથ્વીને ભેદતા, સૈનિકોની વજ્રમય પગની પાની વડે પૃથ્વીને ચૂર્ણ કરતા, કઠોર ક્ષુરપ્ર સરખી પાડા અને બળદની ખરી વડે પૃથ્વીને ખંડન કરતા, મુદ્દગર સરખા હાથીના પગ વડે પૃથ્વીને ચૂરી નાખતા, અંધકારના સહોદર જેવી રજ વડે આકાશને ઢાંકતા, સૂર્યના કિરણ સરખા શસ્ત્ર–અસ્ત્ર વડે પ્રકાશતા, પોતાના ઘણા ભારથી કાચબાની પીઠને ક્લેશ પમાડતા, મહાવરાહની ઊંચી દાઢાને નમાવતા, નાગરાજની ફણાના આટોપને અત્યંત શિથિલ કરતા, બધા દિગ્ગજેંદ્રોને કુબડા કરતા, મોટા સિંહનાદ વડે બ્રહ્માંડના પાત્રને અવાજમય કરતા, પ્રચંડ હાથના આસ્ફોટનના અવાજ વડે બ્રહ્માંડને ફોડી નાંખતા, પ્રસિદ્ધ ધ્વજના ચિહ્ન વડે ઓળખી–ઓળખીને મહાતેજસ્વી સુભટો સામા પક્ષના વીરોને નામગ્રહણપૂર્વક બોલાવતા, અભિમાન અને સત્ત્વ વડે શોભતા સુભટો એક–બીજાને બોલાવતા બંને સૈન્યોના અગ્રસૈન્યના સુભટો અગ્રસૈન્યના સુભટો સાથે મળે છે.

## યુદ્ધ નિવારવા માટે દેવોનું આગમન

જળજંતુઓ જળજંતુઓની સામા જાય તેમ, હાથી ઉપર ચઢેલા હાથી ઉપર ચઢેલાની સામે, તરંગો તરંગની સામે જાય તેમ ઘોડેસ્વારો ઘોડેસ્વારોની સામે, વાયુ વાયુની સામે જાય તેમ રથીઓ રથીઓની સામે, પર્વતો પર્વતની સામે રહે તેમ સૈનિકો સૈનિકોની સામે, ભાલા

ભાલાની સામે, તલવાર તલવારની સામે, મુદ્દગર મુદ્દગરની સામે અને દંડ દંડની સામે મેળવતા જાય છે.

તે વખતે આકાશમાં ત્રૈલોકયના વિનાશની શંકાવડે સંભ્રાંત થયેલા દેવો આવે છે.

પોતાના બે હાથની જેવા ભરત અને બાહુબલિનો આ સંઘર્ષ કઈ જાતનો ? એ પ્રમાણે વિચારતા તે દેવો બન્નેના સૈનિકોને કહે છે કે— 'જ્યાંસુધી તમારા મનસ્વી સ્વામીઓને અમે સમજાવીએ ત્યાંસુધી કોઈએ યુદ્ધ કરવું નહિ' અહીં ઋષભસ્વામીની આજ્ઞા હો.

આ પ્રમાણે દેવોનું વચન સાંભળીને ત્રણ જગતના સ્વામીની આજ્ઞા વડે ચિત્રમાં આલેખાયેલા હોય તેમ બન્ને પક્ષના બધા જ સૈનિકો તેવી જ રીતે ઊભા રહે છે.

તેવી રીતે રહેલા તે સૈનિકો 'આ દેવો શું બાહુબલિના સંબંધી છે કે ભરતના સંબંધી છે ? એ પ્રમાણે વિચાર કરે છે.

'હમણાં કાર્ય ન બગડે અને લોકનું કલ્યાણ થાઓ' એ પ્રમાણે બોલતા તે દેવો પ્રથમ ભરત ચક્રવર્તી પાસે આવે છે.

'તમે જય પામો, જય પામો' એ પ્રમાણે આશીર્વાદ આપીને પ્રિય બોલનાર તે દેવો યુક્તિયુક્ત વચન વડે મંત્રીની જેમ કહે છે કે— હે રાજન્ ! ઇંદ્ર અસુરોને જીતે, તેમ તમે છ ખંડ ભરતક્ષેત્રમાં સર્વ રાજાઓને જીત્યા છે, તમારા પરાક્રમ અને તેજ વડે, તે રાજાઓમાં

મૃગોને વિષે અષ્ટાપદની જેમ કોઈ પ્રતિમલ્લ ન હતા. પાણીના ઘડા મથન કરવાથી જેમ માખણની શ્રદ્ધા પૂર્ણ ન થાય, તેમ ખરેખર તમારી રણશ્રદ્ધા પૂર્ણ થઈ નથી, તેથી તમે પોતાના બીજા ભાઈ સાથે આ યુદ્ધ શરૂ કર્યું છે, તે પોતાના હાથે જ પોતાના હાથને તાડન કરવા જેવું છે. હે રાજન્! મહાવૃક્ષનો નાશ થવામાં હાથીના ગંડસ્થળની ખરજ જેમ કારણભૂત થાય છે, તેમ તમારા યુદ્ધમાં હાથની ખરજ જ કારણભૂત છે. જેમ મદોન્મત્ત વનના હાથીઓનો સંયોગ વનભંગનો હેતુ છે, તેમ તમારી ભુજક્રીડા પણ વિશ્વના વિનાશ માટે થશે. જેમ માંસભક્ષી ક્ષણવારના સુખ માટે પક્ષીના કુળનો વિનાશ કરે છે, તેમ તમે ક્રીડાનિમિત્તે વિશ્વનો સંહાર કરવા માટે કેમ આરંભ કર્યો છે?

ચંદ્રમાંથી અગ્નિની વૃષ્ટિની જેમ જગરક્ષક કૃપાળુ ઋષભદેવપ્રભુના પુત્ર એવા તમને આ શું યોગ્ય છે? તેથી હે પૃથ્વીપતિ! સંયમી પુરુષ જેમ સંગથી અટકે તેમ આ ભયંકર સંગ્રામથી અટકો. પોતાના ઘરે જાઓ. તમે આવ્યા એટલે તમારો નાનો ભાઈ બાહુબલિ પણ આવ્યો. તમે ગયે છતે તે પણ જશે. ખરેખર કારણથી કાર્ય થાય છે, જગતના ક્ષયના પાપનો ત્યાગ કરવાથી તમારૂં શુભ થાઓ. બંનેયના સૈન્યનું યુદ્ધનો ત્યાગ કરવાથી કલ્યાણ થાઓ. તમારા સૈન્યના ભારથી ભૂમિભંગના વિરહથી ભૂગર્ભમાં નિવાસ કરનારા ભવનપતિ વગેરે અસુરેન્દ્ર આદિ સુખી થાઓ, તમારા સૈન્યના

વિમર્દનના અભાવથી અહીં ભૂમિ, પર્વતો, સમુદ્રો, પ્રજાઓ અને પ્રાણીઓ ચારે તરફથી ક્ષોભનો ત્યાગ કરો. તમારા યુદ્ધથી સંભવતા જગતના સંહારની શંકાથી રહિત થઈ સર્વે દેવો પણ સુખપૂર્વક રહો.

આ પ્રમાણે આગમનનું પ્રયોજન કહીને દેવો અટકયે છતે ભરતેશ્વર મેઘની ગર્જના સરખી ગંભીર વાણીવડે કહે છે કે— તમારા વિના વિશ્વના હિતને કરનારી આ વાણી કોણ બોલે ? લોક પણ પ્રાયઃ બીજાનું કુતૂહલ જોવા માટે ઉદાસીન હોય છે. પરંતુ અહીં સંગ્રામની ઉત્પત્તિનું કારણ બીજી રીતે છે. હિતની ઇચ્છાવાળા તમે યુક્તિથી બીજી રીતે જ વિચાર્યું છે. ‘ કાર્યનું મૂળ જાણ્યા વિના પોતાની જાતે જ કાંઈક વિચારીને કહેનારા બૃહસ્પતિનું કથન પણ નકામું જ થાય છે ’

હું બળવાન છું, એથી કરીને ખરેખર હું યુદ્ધ કરવાની અભિલાષાવાળો થયો નથી. ઘણું તેલ હોતે છતે પર્વતનું મર્દન શા માટે કરાય ? તેવી રીતે છખંડ ભરતક્ષેત્રમાં રાજાઓને જીતતાં મારો કોઈ પ્રતિમલ્લ ન હતો તેથી આજે પણ નથી, પ્રતિમલ્લ જીત અને હારના કારણભૂત શત્રુ જ થાય, પરંતુ દેવયોગે જ બાહુબલિનો અને મારો ભેદ થયો છે.

સાઠ હજાર વર્ષ સુધી દિગ્‌વિજય કરીને આવેલો હું તે બાહુબલિને બીજાની જેમ જોઉં છું, અહીં ઘણો કાળ એ જ કારણ છે. તે પછી બાર વર્ષના અભિષેકના

સમયે પણ તે બાહુબલિ મારી પાસે ન આવ્યો, ત્યાં મેં તેનો પ્રમાદ વિચાર્યો, તે પછી તેને બોલાવવા માટે દૂત મોકલ્યો, તો પણ તે ન આવ્યો, તે વખતે પણ મેં મંત્રીઓની વિચારણાનો દોષ કારણ છે એમ વિચાર્યું. તેને હું લોભથી કે કોપથી બોલાવતો નથી, પરંતુ જ્યાં સુધી એક પણ નમે નહિ તો ચક્ર અંદર પ્રવેશ ન કરે. ચક્રરત્ન નગરીમાં પ્રવેશ કરતું નથી અને આ મને નમતો નથી. આ પ્રમાણે આ બન્નેની સ્પર્ધાથી હું સંકટમાં પડયો છું.

તે મનસ્વી મારો ભાઈ બાહુબલિ એકવાર પણ આવો, મારી પાસેથી અતિથિની જેમ પૂજા અને બીજી પૃથ્વીને પણ ગ્રહણ કરો, મારે ચક્રના પ્રવેશ વિના બીજું કોઈ સંગ્રામનું કારણ નથી, નમેલા અગર નહિ નમેલા પણ તે નાનાભાઈ વડે મને માન ન હોઈ શકે.

હવે દેવો કહે છે કે—રાજન્! સંગ્રામનું કારણ મોટું છે, આપ જેવાને અલ્પ કારણ વડે પ્રવૃત્તિ ન હોય, તેથી અમે બાહુબલિ પાસે જઈને સમજાવીએ. યુગક્ષયની જેમ આવતો જનક્ષય રોકવો જોઈએ. આપની જેમ તે પણ જો મોટું કોઈ કારણ કહે, તો પણ અધમ યુદ્ધ વડે યુદ્ધ ન કરવું જોઈએ. ઉત્તમ એવા દૃષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ, બાહુયુદ્ધ કરવું કે જેથી નિરપરાધી હાથી વગેરેનો વધ ન થાય.

'તેમ હો' એમ ચક્રવર્તીએ અંગીકાર કર્યા પછી

તે દેવો બીજા સૈન્યમાં બાહુબલિ રાજા પાસે ગયા. અહો! દૃઢ અવષ્ટંભની મૂર્તિ વડે આ અસહ્ય છે, એમ હૃદયમાં વિચારતાં તેઓ તેને આ પ્રમાણે કહે છે :– જગત્‌ના નેત્રરૂપી ચકોરને આનંદ આપવામાં ચંદ્ર! ઋષભસ્વામીના પુત્ર! તમે ચિરકાળ આનંદ પામો! સમુદ્રની જેમ તમે ક્યારેય મર્યાદા ઓળંગતા નથી, સંગ્રામથી કાયર જેમ ડરે તેમ તમે અવર્ણવાદથી ડરો છો, પોતાની સંપત્તિમાં ગર્વ નહિ કરનાર, બીજાની સંપત્તિમાં મત્સર નહિ કરનાર, દુર્વિનીતોને શિક્ષા કરનાર, ગુરુઓને વિષે નમ્ર, વિશ્વને અભય આપવામાં તત્પર પ્રભુના તમે અનુરૂપ પુત્ર છો. તમે બીજાના વિનાશ માટે પણ જરાપણ પ્રવર્તન ન કરો, તો મોટાભાઈ ઉપર તમારો આ ભયંકર આરંભ શા માટે? અમૃતથી મરણ ન થાય તેમ તમારાથી આ સંભવે નહિ. આટલું થયા છતાં પણ હજુ જરાપણ કાર્ય બગડ્યું નથી, તેથી ખલપુરુષની મૈત્રીની જેમ આ યુદ્ધના આરંભસમારંભનો ત્યાગ કરો. હે રાજન્! મંત્ર વડે મોટા સાપની જેમ પોતાની આજ્ઞાથી વીર સુભટોને યુદ્ધના આરંભથી અટકાવો, મોટા ભાઈ ભરત પાસે જઈને તેને વશવર્તી થાઓ, આ પ્રમાણે કરવાથી 'આ શક્તિમંત હોવા છતાં વિનયવંત છે' એ પ્રમાણે અત્યંત પ્રશંસા પામશો. તેથી ભરતે ઉપાર્જેલા આ છ ખંડ ભરતક્ષેત્રને પોતે ઉપાર્જન કર્યા હોય તેમ ભોગવો, તમારા બન્નેને શું અંતર છે?

આ પ્રમાણે કહીને વરસીને મેઘ જેમ અટકે, તેમ

દેવો અટકયે છતે બાહુબલિ કાંઈક હસીને ગંભીર વાણી વડે કહે છે કે—હે દેવો! અમારા યુદ્ધનું કારણ પરમાર્થથી જાણ્યા વિના પોતાના નિર્મળ આશયથી તમે આ પ્રમાણે કહો છો. 'તમે હંમેશાં પિતાના ભક્ત છો' અમે પણ પિતાના પુત્ર છીએ આ પ્રમાણે સંબંધ હોવાથી તમે આ પ્રકારે કહ્યું તે યુક્ત છે, પહેલાં ખરેખર દીક્ષા સમયે યાચકોને સુવર્ણની જેમ દેશો વહેંચીને અમને અને ભરતને આપ્યા, પોત–પોતાના દેશ વડે સંતુષ્ટ થયેલા અમે સર્વે રહીએ છીએ, ખેદની વાત છે કે ધન-નિમિત્તે બીજાનો દ્રોહ કોણ કરે?

પરંતુ અસંતુષ્ટ ભરત, ભરતક્ષેત્ર રૂપી મહાસમુદ્રમાં મહામત્સ્ય જેમ બીજા મત્સ્યોને ખાઈ જાય તેમ સમગ્ર રાજાઓના રાજ્યોને ખાઈ ગયો, તે રાજ્યોથી પણ ભોજન વડે ઉદર પૂરનારાની જેમ અસંતુષ્ટ એવા તેણે પોતાના નાના ભાઈઓના રાજ્યોને બળાત્કારે લઈ લીધા, જે ભાઈઓને પિતાએ આપેલા રાજ્યોને આંચકી લે તેણે પોતાની મેળે જ પોતાનું ગુરુ પણું ગુમાવ્યું છે, વય માત્ર વડે ગુરુ થવાતું નથી પણ ગુરુની જેમ આચરણ કરે તે ગુરુ થાય છે, તેણે ખરેખર નાના ભાઈઓને કાઢી મૂકવાથી પોતાનું ગુરુપણું બતાવ્યું! આટલા વખત સુધી મેં વિભ્રમથી તેને સુવર્ણબુદ્ધિથી પિત્તળની જેમ, અને મણિની બુદ્ધિથી કાચની જેમ ગુરુ-પણાની બુદ્ધિએ જોયો, પિતાએ અથવા તો પોતાના વંશમાં ઉત્પન્ન થયેલાએ બીજાને આપેલ પૃથ્વીને અપરાધ વિના

અલ્પરાજ્યવાળો પણ હરણ ન કરે, તો ભરતેશ્વર કેમ કરે ?

ખરેખર ! તે નાના ભાઈઓના રાજ્ય લઈને લજ્જા પામ્યો નથી, જેથી હમણાં જીતનારો તે રાજ્ય માટે મને પણ બોલાવે છે.

જેમ વહાણ સમુદ્રને તરીને સમુદ્રને કાંઠે રહેલા પર્વતના દંતભાગમાં અફળાય છે, તેમ આ ભરત સર્વ ભરતક્ષેત્રને જીતીને વેગ વડે મારી સાથે અથડાયો છે.

લોભી મર્યાદારહિત રાક્ષસ જેવા નિર્દય આ ભરતને મારા નાના ભાઈઓએ પણ લજ્જા વડે સેવ્યો ' નથી. તેના કયા ગુણવડે હું વશવર્તી થાઉં ? હે દેવો ! સભ્યની જેમ મધ્યસ્થપણું ધારણ કરીને બોલો.

હવે તે પોતાના પરાક્રમવડે મને વશવર્તી કરે તો ભલે કરે, ક્ષત્રિયોનો ખરેખર તે સ્વાધીન માર્ગ છે.

આમ હોવા છતાં પણ ખરેખર તે વિચાર કરીને પાછો જતો હોય તો ક્ષેમવડે તે ભલે જાય, હું તેના જેવો લોભી નથી.

ભરતે આપેલા સર્વ ભરત ક્ષેત્રને હું ભોગવું એ કયારે ય બની શકે ? કેસરિસિંહ કોઈએ આપેલું કયારે ય શું ખાય ? તેને ભરતક્ષેત્ર ગ્રહણ કરતાં સાઠ હજાર વર્ષ ગયા, જો હું તેને ગ્રહણ કરવા માટે જ્યારે ઇચ્છીશ તે વખતે જ ગ્રહણ કરીશ. આટલા કાળે ઉત્પન્ન થયેલ તે ભરતની વિભૂતિને કૃપણના ધનની જેમ તેનો ભાઈ

હું કેમ હરણ કરું ? જોકે જાઈ ફળના ખાવા વડે હાથીની જેમ તે આ વૈભવ વડે અંધ થયો છે તોપણ તે સુખ પૂર્વક રહેવા માટે શક્તિમાન નથી, કારણ કે ભરતેશ્વરનું આ ભરતક્ષેત્રનું ઐશ્વર્ય મેં હરણ કર્યું હોત, પણ મેં અનિચ્છાથી ઉપેક્ષા કરી છે તેમ જાણો, પરંતુ મને ભંડાર, હાથી–ઘોડા આદિ અને યશ પણ આપવા માટે સાક્ષીભૂત એવા પોતાના મંત્રીઓ વડે તે અહીં લવાયો છે. તમે જો તેના હિતેચ્છુ હો તો અને સંગ્રામથી અટકાવો. યુદ્ધ નહિ કરનાર બીજા સાથે પણ હું ક્યારે ય યુદ્ધ કરતો નથી.

તે દેવો મેઘની ગર્જનાની જેમ તેના મોટા વચનને સાંભળીને ચિત્તમાં વિસ્મય પામી ફરીથી પણ આ પ્રમાણે કહે છે :—

આ તરફ યુદ્ધમાં ચક્રનો અપ્રવેશ એ હેતુને કહેનારા ચક્રવર્તીને ઉત્તરરહિત કરીને અટકાવવા માટે બૃહસ્પતિ પણ સમર્થ નથી, ‘યુદ્ધ કરનાર સાથે હું યુદ્ધ કરૂં છું’ એમ કહેનાર આપને યુદ્ધથી રોકવા માટે નિશ્ચે ઇંદ્ર પણ શક્તિમાન નથી.

ઋષભસ્વામીના દૃઢ સંસર્ગથી શોભતા મહાબુદ્ધિ-વાળા વિવેકવંત જગતનું પાલન કરનારા દયાળુ એવા તમારા બન્નેના જગતના દુર્ભાગ્યના યોગે યુદ્ધનો ઉત્પાત ઉત્પન્ન થયો છે, તો પણ પ્રાર્થિતદાન આપવામાં કલ્પવૃક્ષ ! વીર ! તમારી પાસે પ્રાર્થના કરીએ છીએ ‘ઉત્તમ યુદ્ધ

વડે જ યુદ્ધ કરો, અધમ યુદ્ધ વડે નહિ.' ઉગ્ર તેજસ્વી એવા તમારા અધમ યુદ્ધ વડે ખરેખર ઘણા લોકોનો વિનાશ થવાથી અકાળે પ્રલય થાય.

તેથી દષ્ટિયુદ્ધ આદિ વડે જે યુદ્ધ કરવું તે સારું છે. ખરેખર તે યુદ્ધોમાં માન સિદ્ધિ થાય અને લોકોનો વિનાશ ન થાય.

'સારું' એ પ્રમાણે બાહુબલિએ કહ્યે છતે તે દેવો તે બંનેના યુદ્ધને જોવા માટે નગરલોકની જેમ નજીકમાં ઊભા રહ્યા.

હવે બાહુબલિની આજ્ઞા વડે હાથી ઉપર રહેલો તેજસ્વી પ્રતિહાર હાથીની જેમ ગર્જના કરતો પોતાના સૈનિકોને આ પ્રમાણે કહે છે:– અરે સર્વ સામંતરાજાઓ! સુભટો ! લાંબા વખત સુધી વિચારતા તમોને પુત્ર લાભની જેમ અભીષ્ટ સ્વામિકાર્ય ઉપસ્થિત થયું હતું, પરંતુ તમારા મંદપુણ્યવડે દેવતાઓએ આ મહાબાહુ દેવ બાહુબલિને ભરત સાથે દ્વંદ્વયુદ્ધ માટે પ્રાર્થના કરી છે, પોતે પણ દ્વંદ્વયુદ્ધના અભિલાષી છે, તેમાં વળી દેવતાઓએ પ્રાર્થના કરી, તેથી ઇંદ્રતુલ્ય પરાક્રમી બાહુબલિ રાજા તમને યુદ્ધથી નિષેધ કરે છે, તેથી મધ્યસ્થ દેવોની જેમ તમારે પણ હસ્તિમલ્લ જેવા અદ્વિતીય મલ્લ એવા સ્વામીને યુદ્ધ કરતા જોવા જોઈએ. તેથી મહાતેજસ્વી એવા તમે રથ, ઘોડા, હાથીને પાછા વાળીને વક્ર થયેલા ગ્રહની જેમ પાછા ખસો, કરંડિયામાં સર્પને નાંખે તેમ તલવારોને

મ્યાનમાં નાંખો. કેતુની જેમ ઊર્ધ્વમુખવાળા ભાલાઓને કોશમાં મૂકો. મહાગજો જેમ ઊંચી કરેલી સૂંઢોને નીચે કરે તેમ મુદ્‌ગરને નીચા કરો. કપાળમાંથી ભૃકુટિની જેમ ધનુષ્ય ઉપરથી દોરી ઉતારો. ધનને નિધાનમાં સ્થાપન કરે તેમ બાણને ભાથામાં સ્થાપન કરો. મેઘ જેમ વિજળીને સંહરી લે તેમ શસ્ત્રોને સંવરી લો.

વજ્રના નિર્ઘોષની જેવી પ્રતિહારીની વાણીવડે ભ્રાંત થયેલા બાહુબલિના સૈનિકો ચિત્તમાં આ પ્રમાણે વિચારે છે કે– અહો ! થનારા યુદ્ધથી વણિકની જેમ ભય પામેલા પામેલા, ભરતેશ્વરના સૈન્ય પાસેથી મોટેથી લાંચ લીધી હોય એવા, અમારા પૂર્વભવના વૈરીની માફક અકસ્માત્ આવેલા દેવોએ ખેદની વાત છે કે પ્રભુ પાસે પ્રાર્થના કરીને હમણાં યુદ્ધના ઉત્સવને અટકાવ્યો. ભોજનને માટે બેઠેલાની આગળથી ભાજનની જેમ, લાલન કરવા માટે આવેલાઓને પલંગ ઉપરથી પડી જવાની જેમ, અહો ! કૂપમાંથી બહાર નીકળનારને ખેંચનારી દોરીની જેમ અમારો આવેલો આ રણનો ઉત્સવ દેવો વડે હરણ કરાયો.

ભરત સરખો બીજો કયો પ્રતિપક્ષ થશે કે જેથી અમે સંગ્રામમાં સ્વામીના ઋણરહિત થઈશું ?

પિતાની સંપત્તિના ભાગ લેનારની માફક, ચોરની જેવા, સુવાસિની (= લાંબા વખત સુધી પિતાના ઘરે રહેનારી)ના પુત્ર જેવા અમારા વડે બાહુબલિનું ધન ફોગટ ગ્રહણ કરાયું. ખરેખર ! અમારું આ બાહુદંડનું

પરાક્રમ અરણ્યમાં ઉત્પન્ન થયેલ વૃક્ષોના પુષ્પની સુગંધની જેમ ફોગટ ગયું.

નપુંસક વડે સ્ત્રીની જેમ અમારા વડે અસ્ત્રોનો સંગ્રહ, તેમ જ શુક વડે શાસ્ત્રના અભ્યાસની જેમ અમારા વડે શસ્ત્રનો અભ્યાસ ફોગટ કરાયો.

આ હાથીઓને યુદ્ધનો અભ્યાસ અને આ ઘોડાઓને પરિશ્રમ જીતવાનો અભ્યાસ હણાયેલી બુદ્ધિવાળા અમે ફોગટ કરાવ્યો.

શરદ્ઋતુના ઉત્પન્ન થયેલા મેઘની જેમ અમે નકામી ગર્જના કરી, રાજપત્નીની જેમ અમે નકામો વિકટ કટાક્ષ કર્યો, સામગ્રી બતાવનારાની જેમ અમે નકામા બખતર ધારણ કર્યાં, યુદ્ધનો મનોરથ પૂરો ન થવાથી અમારું અહંકારધારવાપણું નકામું જ ગયું.

આ પ્રમાણે વિચાર કરતાં વિષાદરૂપી વિષથી વ્યાપ્ત થયેલા ફુત્કાર સહિત સર્પની જેવા તેઓ ખસે છે.

તે વખતે ક્ષત્રિયત્વરૂપી મહાધનવાળો ભરતેશ્વર પણ મહાસમુદ્ર જેમ વેલાને ખસેડે તેમ પોતાના સૈન્યને ખસેડે છે.

મહાતેજસ્વી ચક્રવર્તી વડે ખસેડાતા પોતાના સૈનિકો પગલે પગલે સમૂહરૂપે થઈ આ પ્રમાણે વિચારે છેઃ– મંત્રીના બહાને કયા શત્રુની મંત્રણાથી આપણા સ્વામીએ ફક્ત બે હાથની જેમ આ દ્વંદ્વયુદ્ધ કબૂલ કર્યું? સ્વામીએ

જે યુદ્ધ કબૂલ કર્યું, તે તો છાશવડે ભોજન જેવું છે, તેથી એના વડે સર્યું ! આથી બીજું આપણું શું કામ ?

છ ખંડ ભરતક્ષેત્રના રાજાઓના યુદ્ધકર્મમાં આપણામાંનો શું કોઈ પાછો પડયો છે ? કે જેથી આજે આપણે યુદ્ધ કર્મથી નિષેધ કરાઈએ છીએ.

જો સુભટો નાસી જાય, હારી જાય અથવા મરી જાય તો સ્વામીએ યુદ્ધ કરવું યોગ્ય છે, અન્યથા નહિ, કારણકે યુદ્ધની ગતિ વિચિત્ર હોય છે.

જો એક બાહુબલિ વિના બીજો કોઈ શત્રુ હોત તો સ્વામીના યુદ્ધમાં ક્યારેય આપણે શંકા ન કરીએ.

પ્રચંડ બાહુવાળા બાહુબલિ સાથે યુદ્ધમાં ઇંદ્રને પણ વિજયમાં સંશય થાય, તો બીજાની તો શી વાત કરવી ? મહાનદીના પૂરની જેમ દુસ્સહ વેગવાળા તે બાહુબલિના યુદ્ધમાં પ્રથમ સ્વામીને રાખવા યોગ્ય નથી.

પ્રથમ અશ્વને દમન કરનારા વડે દમન કરાયેલ ઘોડા ઉપર ચઢવાની જેમ પહેલાં આપણે યુદ્ધ કર્યા પછી સ્વામીને યુદ્ધ કરવું યોગ્ય છે.

આ પ્રમાણે પરસ્પર બોલતા સૈનિકોને જોઈને ઇંગિત આકાર વડે તેઓની મનોગત ભાવને જાણનાર ચક્રવર્તી તેઓને બોલાવીને આ પ્રમાણે કહે છે :—

## ભરતનું પોતાના સૈન્યોની આગળ બળપ્રદર્શન

જેવી રીતે અંધકારના સમૂહને દૂર કરવામાં સૂર્યનાં કિરણો અગ્રેસર થાય તેમ તમે શત્રુઓને મર્દન કરવામાં મારા અગ્રેસર સુભટો છો. જેમ ઊંડી ખાઈ હોતે છતે હાથી કિલ્લાની પાસે ન આવે, તેમ તમે સુભટ હોતે છતે કોઈપણ શત્રુ મારી તરફ આવતો નથી. મારૂં યુદ્ધ પહેલાં જોયું ન હોવાથી તમે આવા પ્રકારની ફોગટ શંકા ન કરો. ભક્તિ એ ખરેખર અસ્થાને પણ ભય જુએ છે.

હે સુભટો ! તમે સર્વ મળીને મારા બાહુબળનું અવલોકન કરો, જેથી ઔષધ વડે રોગની જેમ તમારી શંકા ક્ષણવારમાં નાશ પામશે, આ પ્રમાણે કહીને ચક્રવર્તી ખોદનારા પુરુષો પાસે ક્ષણવારમાં ઘણા વિસ્તારવાળો ઊંડો એક ખાડો ખોદાવે છે, દક્ષિણ સમુદ્રને કાંઠે સહ્યગિરિની જેમ તે ખાડાના કાંઠે ભરતેશ્વર બેસે છે. તે ડાબા હાથમાં વટવૃક્ષને વિષે જટાઓની જેમ લટકતી મજબૂત સાંકળો અને પ્રતિસાંકળો બાંધે છે, હજારોની સંખ્યાવાળી તે સાંકળો વડે તે ચક્રવર્તી કિરણો વડે સૂર્યની જેમ, વલ્લીઓ વડે મહાવૃક્ષની જેમ શોભે છે.

હવે તે સુભટોને કહે છે કે :– સૈન્ય અને વાહન સહિત તમે, મહાશકટને જેમ બળદો ખેંચે તેમ નિર્ભયપણે મને ખેંચો. તમે સર્વ સર્વ બળ વડે મને ખેંચીને આ ખાડામાં પાડો. આ મારા બાહુબળની પરીક્ષા માટે છે, તમારી સ્વામીની અવજ્ઞાનું છળ નથી.

અમારા વડે આ દુઃસ્વપ્ન જોવાયું તે નષ્ટ થાઓ. ખરેખર! તે દુઃસ્વપ્ન ચરિતાર્થ કરવા વડે પોતાની જાતે જ નિષ્ફળ થાય એ પ્રમાણે વારંવાર ચક્રવર્તી વડે આદેશ કરાયેલા તેઓ સૈનિકો સાથે કેમે કરીને તેમનાં વચનને સ્વીકારે છે, કારણ કે 'સ્વામીની આજ્ઞા બળવાન છે.'

તે પછી તે સર્વે સૈન્યના સુભટો મેરુપર્વતરૂપી મંથનદંડના દોરડારૂપે થયેલ સાપની જેમ ચક્રવર્તીની ભુજાના સાંકળના સમૂહને ખેંચે છે, તે વખતે લટકતી ચક્રવર્તીની ભુજાની સાંકળને વિષે ગાઢપણે વળગેલા તેઓ ઊંચા વૃક્ષની શાખાઓના અગ્રભાગને વિષે લાગેલા વાંદરાઓની જેવા લાગે છે, ચક્રવર્તી પોતાની મેળે પોતાને ખેંચતા પોતાના સૈનિકોને પર્વતને ભેદતા હાથીની જેમ કૌતુક જોવા માટે ઉપેક્ષા કરે છે.

હવે ચક્રવર્તી તે જ હાથ વડે હૃદય ઉપર અંગરાગ કરતો હોય તેમ તે હાથને હૃદય ઉપર સ્થાપે છે. તે વખતે તે સુભટો માળાબદ્ધ ઘટીના ન્યાયે સર્વે સાથે પડે છે, તે વખતે ચક્રવર્તીનો હાથ નિરંતર લટકતા તે સૈનિકો વડે, ખજૂર વડે ખજૂરીના ઝાડની શાખાઓ જેમ શોભે છે.

સ્વામીના પરાક્રમ વડે હર્ષ પામતા તે સૈનિકો પૂર્વે કરેલી દુઃશંકાની જેમ તે હાથની સાંકળોનો ક્ષણવારમાં ત્યાગ કરે છે. તે પછી ચક્રવર્તી હાથી ઉપર ચઢી ફરીથી સમરાંગણમાં આવે છે. તે વખતે બંને સૈન્યની મધ્યમાં વિશાળ પૃથ્વીતળ ગંગા–યમુનાના મધ્યભાગમાં

અંતર્વર્તીપ્રદેશની જેવા શોભે છે. તે પછી જગતનો સંહાર અટકવાથી હર્ષિત થયેલા ચાકરની માફક ધીમે ધીમે તે પૃથ્વીની રજને દૂર કરે છે. વિવેકવંત એવા તેઓ સમવસરણની ભૂમિની જેમ ગંધાંબુની વૃષ્ટિ વડે ચારે બાજુથી તે ભૂમિને સિંચન કરે છે, તે રણભૂમિમાં, મંત્રવાદિઓ મંડલભૂમિમાં પુષ્પો નાંખે તેમ તે દેવો વિકસિત પુષ્પો નાંખે છે.

### ભરત-બાહુબલિનું દૃષ્ટિપ્રમુખ યુદ્ધ

હવે તે બન્ને રાજકુંજરો હાથી ઉપરથી ઉતરીને હાથીની જેમ ગર્જના કરતા યુદ્ધ ભૂમિમાં પ્રવેશ કરે છે. બંને મહાતેજસ્વી ક્રીડા વડે ચાલતાં પગલે પગલે કૂર્મ-રાજને પણ પ્રાણસંશયમાં આરોપણ કરે છે.

પ્રથમ દૃષ્ટિયુદ્ધ વડે યુદ્ધ કરવું, એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તેઓ બીજા શક્ર અને ઇશાન હોય તેમ અનિમેષ નેત્રવાળા સન્મુખ ઊભા રહે છે. બન્ને તરફ રહેલા સૂર્ય ચંદ્ર સંધ્યાસમયને વિષે આકાશની શોભાને ધારણ કરતા લાલ નેત્રવાળા સન્મુખ એક-બીજાના મુખને જુએ છે. છે. આ પ્રમાણે ધ્યાન કરતા યોગીની જેમ બન્ને નિશ્ચલ નેત્રવાળા પરસ્પર જોતાં તેઓ ચિરકાળ ઊભા રહે છે, તે વખતે ઋષભસ્વામીના મોટા પુત્ર ભરતનાં નેત્રો સૂર્યના કિરણથી આક્રાંત થયેલા નીલકમળની જેમ બીડાઈ જાય છે.

ભરતના છ ખંડના વિજયથી મેળવેલી મોટી

કીર્તિને આંખો અશ્રુજળના બહાને જાણે જળ આપતી ન હોય !

તે વખતે મસ્તક ધૂણાવતા દેવો પ્રભાતે વૃક્ષની જેમ બાહુબલિ ઉપર પુષ્પવૃષ્ટિ કરે છે.

બાહુબલિના સોમપ્રભ વગેરે વીરો વડે સૂર્યોદયમાં પક્ષીની જેમ હર્ષનો કોલાહલ કરાય છે, તે વખતે તૈયાર થયેલ નાટકના આરંભમાં કીર્તિનર્તકીની જેમ બાહુબલિ રાજાના સૈન્યો વડે જયવાજિંત્રો વગાડાય છે,

ભરતરાજાના સુભટો મૂર્છા પામ્યા હોય તેમ, રોગાતુર હોય તેમ મંદતેજવાળા થાય છે.

અંધકાર અને પ્રકાશવડે મેરુપર્વતના બંને પડખાની જેમ તે બંને સૈન્યો વિષાદ અને હર્ષ વડે યુક્ત થાય છે.

તે વખતે બાહુબલિ 'કાકતાલીય ન્યાય વડે મારાવડે જીતાયું' એ પ્રમાણે તમે નહિ કહેતા, હમણાં વાગ્યુદ્ધ વડે પણ યુદ્ધ કરો, એ પ્રમાણે ચક્રવર્તીને કહે છે.

બાહુબલિના વચનને સાંભળીને ચરણથી સ્પર્શ કરાયેલા સાપની જેમ ક્રોધ સહિત ચક્રવર્તી પણ હે જયવડે શોભતા ! 'એમ થાઓ.'–એમ બાહુબલિને કહે છે.

ઈશાનેન્દ્રનો વૃષભ જેમ અવાજ કરે, ઇંદ્રનો ઐરાવત જેમ બૃંહિત (ગર્જના) કરે, મેઘ જેમ સ્તનિત (મેઘગર્જના) કરે તેમ ભરત સિંહનાદ કરે છે.

તેનો સિંહનાદ યુદ્ધ જોનારા દેવોને પાડી નાંખતો હોય તેમ, આકાશમાંથી ગ્રહ, નક્ષત્ર અને તારાઓને ભ્રષ્ટ કરતો હોય તેમ, કુલગિરિઓના અત્યંત ઊંચા શિખરોને ચલાયમાન કરતો હોય તેમ, ચારે તરફથી સમુદ્રના પાણીને ઉછાળતો હોય તેમ, મહાનદીના પૂરના પાણીને ચારે તરફથી કાંઠે ફેલાવતો હોય તેમ સ્વર્ગભૂમિ સુધી વ્યાપ્ત થાય છે. તે અવાજવડે દુષ્ટબુદ્ધિવાળા જેમ ગુરુની આજ્ઞાને ન ગણે તેમ રથમાં જોડેલા ઘોડાઓ લગામને ગણતા નથી, ચાડિયા લોકો ઉત્તમ વાણીને ન માને તેમ હાથીઓ અંકુશને ગણકારતા નથી, શ્લેષ્મના રોગવાળા કડવાશને ન જાણે તેમ ઘોડાઓ ચાબૂકને જાણતા નથી, જારપુરુષો લજ્જાને ન ગણે તેમ ઊંટો નાસિકાના દોરડાને ગણતા નથી. ભૂત ગ્રસિતની જેમ ખચ્ચરો ચાબૂકના ઘાને જાણતા નથી, કોઈપણ તે નાદવડે ત્રાસ પામતા સ્થિરતાને ધારણ કરતા નથી.

હવે બાહુબલિ પણ સિંહનાદ કરે છે. તે આવા પ્રકારનો છે— આવતા ગરુડની પાંખના અવાજની બુદ્ધિથી એક પાતાળમાંથી બીજા પાતાળમાં પ્રવેશ કરવા માટે ઈચ્છતા હોય તેમ સર્પો વડે, સમુદ્રની મધ્યમાં અંદર પ્રવેશ કરેલા મેરુપર્વતના મંથનના શબ્દની શંકા વડે ચારે તરફથી ત્રાસ પામતા જળ જંતુઓ વડે, વારંવાર ઇંદ્રે મૂકેલા વજ્રના અવાજના સમૂહ વડે પોતાના વિનાશની આશંકા કરતા કંપતા કુલગિરિઓ વડે, કલ્પાંતકાળના પુષ્કરાવર્ત મેઘ વડે મૂકાયેલ વિજળીના અવાજના ભ્રમ

વડે પૃથ્વીપીઠ ઉપર આળોટતા મધ્યલોકના નિવાસીઓ વડે, અયોગ્ય સમયે આવેલા દૈત્યની છાવણીના કોલાહલના ભ્રમથી વ્યાકુળ દેવગણ વડે અતિ દુઃશ્રવ સંભળાતો, લોકનાળીની સ્પર્દ્ધા વડે નીચે ઉપર વૃદ્ધિ પામતો અતિભયંકર સિંહનાદ બાહુબલિ વડે કરાય છે.

ફરીથી પણ મહાબલિ ભરતરાજા હરિણીઓની જેમ વૈમાનિકોની સ્ત્રીઓને ત્રાસ પમાડતા સિંહનાદને કરે છે. આ પ્રમાણે ક્રીડા વડે આ મધ્યલોકને ભય ઉત્પન્ન કરતા હોય તેમ અનુક્રમે ભરત અને બાહુબલિ મોટા અવાજને કરે છે. ત્યાં અનુક્રમે ભરતેશ્વરનો શબ્દ હાથીના સૂંઢની જેમ, સર્પના શરીરની જેમ અતિશય હીન થતો જાય છે, અને બાહુબલિનો સિંહનાદ સજ્જનની મિત્રતાની જેમ, નદીના પ્રવાહની જેમ અધિકાધિક વધતો જાય છે.

આ પ્રમાણે શાસ્ત્રવાદમાં વાદી વડે પ્રતિવાદીની જેમ વાગ્યુદ્ધમાં પણ વીર બાહુબલિ વડે ભરતેશ્વર જીતાયો.

હવે તે બંને ભાઈઓ બાહુયુદ્ધ માટે કક્ષા બાંધેલા હાથી સરખા પરિકર (કછોટા) ને બાંધે છે.

તે વખતે બાહુબલિનો સુવર્ણદંડને ધારણ કરનાર મુખ્ય પ્રતિહારી ઉછળતા સમુદ્રની જેમ બોલે છે: હે પૃથ્વી ! વજ્રના ખીલાની જેમ પર્વતોનું આલંબન લઈને સમસ્ત સત્ત્વને ધારણ કરીને સ્થિર થા. હે નાગરાજ ! ચારે તરફથી વાયુ પૂરીને થંભાવીને, પર્વતની જેમ દૃઢ થઈને પૃથ્વીને ધારણ કર. હે મહાવરાહ ! સમુદ્રના કાદવમાં

આળોટીને આગળના પરિશ્રમને દૂર કરીને ફરીથી તાજો થઈને પૃથ્વીને ધારણ કર. હે વજ્રમાની કૂર્મશ્રેષ્ઠ! ચારે તરફથી પોતાના અંગોને સંકોચીને પોતાની પીઠને દઢ કરીને પૃથ્વીને વહન કર. હે દિગ્ગજો! પૂર્વની જેમ પ્રમાદથી અથવા અભિમાનથી નિદ્રાને ન કરો. સર્વ આત્માથી સાવધાન થઈને પૃથ્વીને ધારણ કરો, કારણકે આ વજ્ર સરખા પરાક્રમવાળો બાહુબલિ વજ્ર સરખા પરાક્રમવાળા ચક્રવર્તી સાથે મલ્લયુદ્ધ વડે યુદ્ધ કરવા માટે હમણાં ઊભો થાય છે.

હવે તે મહામલ્લો વિજળીના દંડથી તાડન કરેલા ગિરિવર સરખા હાથના આસ્ફોટનને કરતા પરસ્પરને બોલાવે છે.

ચંચળ કુંડળવાળા ધાતકીખંડમાંથી આવેલા સૂર્ય-ચંદ્ર સહિત નાના મેરુની જેવા તે બંને લીલા સહિત પગ મૂકવાપૂર્વક ચાલે છે, અવાજ કરતા એ બંને, જેમ હાથીઓ દાંત વડે દાંતને અફળાવે તેમ એકબીજાને હાથ વડે હાથને બળ વડે અફળાવે છે. પ્રચંડ પવનથી પ્રેરાયેલા નજીકના મહાવૃક્ષની જેમ તેઓ ક્ષણવારમાં જોડાય છે, મેઘ વડે ઉન્મત્ત થયેલ મહાસમુદ્રના તરંગની જેમ તે વીરોક્ષણવારમાં ઊંચે જાય છે અને નીચા પડે છે.

હવે તે બન્ને મહાભુજાવાળા સ્નેહથી ભેટતા હોય તેમ ક્રોધથી દોડીને અંગ વડે અંગને પીલતા ભેટે છે, કર્માધીન જીવની જેમ ક્ષણવારમાં છૂટા પડે છે, બાહુયુદ્ધના

વિજ્ઞાનને લીધે ક્યારેક કોઈ ક્ષણવાર નીચો અને ક્ષણવારમાં ઊંચો થાય છે, જળના મધ્યમાં રહેલા મત્સ્યની જેમ વેગ વડે વારંવાર પરાવર્તન કરતા તેઓને 'આ ઉપર, આ નીચે' એ પ્રમાણે લોકો જાણી શકતા નથી. મહાસર્પની જેમ તેઓ પરસ્પર બંધનવિજ્ઞાન કરે છે. તરત જ તેઓ ચંચળ વાનરની જેમ છૂટા પડે છે, વારંવાર પૃથ્વી ઉપર આળોટવાથી ધૂળથી વ્યાપ્ત થયેલા તે બન્ને પ્રાપ્ત કર્યો છે ધૂળરૂપ મદ જેણે એવા હાથીઓની જેમ શોભે છે. ચાલતા પર્વતની જેવા તેઓના ભારને સહન કરી શકતી ન હોય તેમ પૃથ્વી તેઓના પગના અથડાવાના અવાજથી જાણે ચીસ પાડતી હોય એવી લાગે છે, હવે પ્રચંડ પરાક્રમી ક્રોધ પામેલો બાહુબલિ એક હાથ વડે ચક્રવર્તીને, અષ્ટાપદ જેમ હાથીને ગ્રહણ કરે તેમ ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને હાથી જેમ પશુને ઉછાળે તેમ આકાશમાં ઉછાળે છે, 'અહો! બળવાન કરતાં પણ બળવાનની ઉત્પત્તિ મર્યાદા-રહિત હોય છે.'

ધનુષ્યમાંથી છૂટેલા બાણની જેમ, યંત્રમાંથી છૂટેલા પથ્થરની જેમ, તે ભરતેશ્વર આકાશમાર્ગમાં દૂર જાય છે. ઈંદ્ર મૂકેલા વજ્રની જેમ તે આવતા ભરતથી યુદ્ધ જોનારા સર્વે ખેચરો દૂર ભાગે છે, બંનેય સૈન્યમાં મોટો હાહારવ થયો. મોટાઓની આપત્તિનું આગમન કોને પ્રતિકૂળ દુઃખનું કારણ ન થાય ?

તે વખતે બાહુબલિ વિચારે છે કે :– મારા આ

બળને ધિક્કાર થાઓ, હાથને ધિક્કાર હો, અવિચારી કાર્ય કરનારા મને પણ ધિક્કાર પડો. આ કર્મની ઉપેક્ષા કરનારા બંને રાજ્યના મંત્રીઓને પણ ધિક્કાર હો. અથવા વિગર્હિત (= નિંદિત) એવા તેઓ વડે શું ? આજે પણ જ્યાં સુધીમાં મારો મોટો ભાઈ પૃથ્વી પીઠ ઉપર પડીને ટૂકડા થઈને વિનાશ ન પામે, ત્યાં સુધીમાં આકાશમાંથી તેને હું ઝીલી લઉં એ પ્રમાણે વિચારીને બાહુબલિ પડતા એવા તે ભરતની નીચે શય્યા સરખી પોતાની ભુજાઓને ધારણ કરે છે, ઊંચે જવાની ઇચ્છાવાળો હોય તેમ પગના અગ્રના બળ વડે ઊભો રહેલો તે પડતા એવા ભરતને દડાની લીલા વડે સ્વીકારે છે– લઈ લે છે.

તે વખતે બંને સૈન્યમાં ભરતને ઉછાળવાથી ઉત્પન્ન થયેલા વિષાદ તેના રક્ષણથી ઉત્પન્ન થયેલો હર્ષ, જેમ ઉત્સર્ગને અપવાદ દૂર કરે તેમ જલદી દૂર કરે છે. બાહુબલિના ભાઈના રક્ષણથી ઉત્પન્ન થયેલ વિવેક વડે, શીલ ગુણ વડે વિદ્યાની જેમ લોકો વડે બાહુબલિના પુરુષત્વને વખાણાય છે. દેવતાઓ બાહુબલિની ઉપર પુષ્પવૃષ્ટિ કરે છે. અથવા તેવા પ્રકારના વીરવ્રતથી યુક્ત એવા તેને આ કેટલું ?

તે વખતે ભરતેશ્વર એકી સાથે લજ્જા અને કોપ વડે ધૂમ્રજાળ વડે અગ્નિની જેમ જોડાય છે.

હવે લજ્જા વડે નમ્ર મુખકમળવાળો બાહુબલિ મોટાભાઈ ભરતની લજ્જાને દૂર કરવા માટે ગદ્ગદપણે આ પ્રમાણે કહે છે :

હે જગતના ધણી! મહાવીર્યવાળા! મહાભુજાવાળા! તમે ખેદ ન કરો. દૈવયોગવડે ક્યારેક કોઈક વડે વિજયી પણ જીતાય છે. આટલાથી તમે જીતાયા નથી અને હું એના વડે વિજયી નથી. ઘુણાક્ષર ન્યાયે આજે પણ હું પોતાનો જય માનું છું.

આથી હે ભુવનેશ્વર! તમે જ એક વીર છો, કારણકે દેવોવડે મથન કરવા છતાં પણ સમુદ્ર જ છે, વાવડી નથી. હે છ ખંડ ભરતના સ્વામી! ફાળથી ભ્રષ્ટ થયેલા વાઘની જેમ કેમ ઊભા છો? યુદ્ધકર્મ માટે ઊભા થાઓ, ઊભા થાઓ.

આ પ્રમાણે સાંભળીને ભરત પણ આ પ્રમાણે કહે છે:– આ મારો બાહુદંડ મૂકીને તૈયાર કરતો પોતાના દોષનું પ્રમાર્જન કરશે જ. તે પછી ચક્રવર્તી, નાગરાજ જેમ ફણાને ઉગામે તેમ મુઠ્ઠી ઉગામીને કોપથી લાલ નેત્રવાળો ખસીને બાહુબલિ તરફ દોડે છે. ભરત તે મુઠ્ઠી વડે બાહુબલિની છાતીમાં, હાથી જેમ નગરના દરવાજા–કમાડને પ્રહાર કરે તેમ પ્રહાર કરે છે. બાહુબલિની છાતીમાં ચક્રવર્તીનો તે મુષ્ટિપ્રહાર, કુપાત્રમાં દાનની જેમ, બહેરા માણસને વિષે કર્ણજાપની જેમ, ચાડિયાને વિષે સત્કારની જેમ, ખારી ભૂમિમાં જળવૃષ્ટિની જેમ, યુદ્ધમાં સંગીતની જેમ, હિમને વિષે અગ્નિપાતની જેમ નિષ્ફળ થયો.

હવે 'આ શું અમારા ઉપર પણ કોપ પામ્યો છે?'

એ પ્રમાણે આશંકા કરીને દેવો વડે જોવાયેલો સુનંદાપુત્ર–બાહુબલિ મોટેથી મુઠ્ઠી ઉગામે છે, તે મુઠ્ઠી વડે તે, મહાવત અંકુશ વડે હાથીને કુંભસ્થળમાં તાડન કરે તેમ ચક્રવર્તીને છાતીમાં તાડન કરે છે. તે ઘાત વડે, વજ્રના પડવાથી પર્વતની જેમ ભરતેશ્વર મૂર્ચ્છા વડે વ્યાકુળ થયેલો પૃથ્વીતળ ઉપર પડે છે. પડતા એવા તે સ્વામી વડે કુલાંગનાની જેમ પૃથ્વી કંપે છે, બંધુના પડવાથી બંધુઓ કંપે તેમ પર્વતો પણ કંપે છે,

મૂર્ચ્છા પામેલા પોતાના મોટાભાઈને જોઈને બાહુબલિ વિચારે છે કે– ક્ષત્રિયોને વીરવ્રતના આગ્રહમાં આ કેવા પ્રકારનો ખરાબ સ્વભાવ છે? જ્યાં પોતાના ભાઈને વિષે આવા પ્રકારનો નિગ્રહના અંતવાળો વિગ્રહ થાય છે! જો મોટાભાઈ ન જીવે તો મારે પણ જીવિત વડે સર્યું. આ પ્રમાણે મનમાં વિચારતો, નેત્રના જળ વડે તેને સિંચન કરતો, બાહુબલિ પોતાના ઉત્તરીયનો વીંઝણો (પંખો) કરીને તે પછી ભરતને પવન નાંખે છે.

હવે ચક્રવર્તી ક્ષણવારમાં સંજ્ઞા પ્રાપ્ત કરીને સુતેલાની જેમ ઉઠે છે, આગળ ભૃત્યની જેમ રહેલા બાહુબલિને જુએ છે, ક્ષણવાર તે બંને બાંધવો નીચા મુખવાળા રહે છે. અહો! મોટા માણસોને પરાજય અને જય પણ લજ્જા માટે થાય છે.

તે પછી ચક્રવર્તી કાંઈક પાછો ખસે છે, 'ઓજસ્વી પુરુષોનું એ યુદ્ધની ઇચ્છાનું લક્ષણ છે.' ફરીથી આર્ય

ભરત કોઈક યુદ્ધ વડે યુદ્ધ કરવા ઇચ્છે છે,' માની પુરુષો જીવે ત્યાં સુધી જરાપણ માન છોડતા નથી.'

'બાહુબલિને ખરેખર ભ્રાતૃહત્યાથી ઉત્પન્ન થયેલ બળવાન અવર્ણવાદ થશે' એમ હું માનું છું, આ મરણ-પર્યંત પણ અટકશે નહિ, એ પ્રમાણે ક્ષણવાર બાહુબલિ વિચારે છે, તેટલામાં ચક્રવર્તી યમરાજ જેવા દંડને ગ્રહણ કરે છે.

ચક્રવર્તી ઊંચા કરેલા તે દંડ વડે ચૂલિકા વડે પર્વતની જેમ તે શોભે છે.

હવે ભરતરાજા ઉત્પાત–કેતુના ભ્રમના કારણ જેવા તે દંડને આકાશમાં ભમાડે છે, યુવાન સિંહ જેમ પુચ્છદંડ વડે પૃથ્વીતળને તાડન કરે તેમ તે દંડ વડે બાહુબલિને મસ્તક ઉપર તાડન કરે છે, સહ્યપર્વતને વિષે અફળાતી સમુદ્રની વેલાની જેમ તેના મસ્તકમાં ચક્રવર્તીના દંડના ઘા વડે મોટો શબ્દ થયો.

ચક્રવર્તી દંડ વડે બાહુબલિના મસ્તકને વિષે રહેલા મુગુટને લોઢાના ઘણ વડે એરણ ઉપર રહેલા લોઢાની જેમ ચૂરેચૂરા કરે છે.

બાહુબલિના મસ્તક ઉપરથી મુકુટ–રત્નના ટૂકડા, વાયુથી આંદોલન પામેલા વૃક્ષના અગ્રભાગ ઉપરથી પુષ્પોની જેમ પૃથ્વીતળ ઉપર પડે છે. તે ઘાત વડે બાહુબલિ ક્ષણવાર મીંચાઈ ગયેલા નેત્રવાળો થયો. તેના ભયંકર અવાજ વડે લોક પણ તેવા પ્રકારનો થયો.

તે પછી ક્ષણવારમાં બાહુબલિ પણ નેત્રો ઉઘાડીને હાથ વડે પ્રચંડ લોહદંડને ગ્રહણ કરે છે. તે વખતે આ શું મને પાડી નાંખશે, આ શું મને ઉખેડી નાંખશે ? એ પ્રમાણે અનુક્રમે સ્વર્ગ અને પૃથ્વી વડે આશંકા કરાય છે. બાહુબલિની મુઠ્ઠીમાં તે લાંબો લોહદંડ, પર્વતના અગ્રભાગમાં રહેલા રાફડા ઉપર સર્પની જેવો શોભે છે.

હવે તક્ષશિલાધિપતિ તે દંડને દૂરથી યમરાજાને બોલાવવા માટે સંજ્ઞાપટ હોય તેમ અત્યંત ભમાડે છે. તે પછી બાહુબલિ તે દંડ વડે ચક્રવર્તીને હૃદયમાં નિર્દયપણે લાકડી વડે અનાજના દાણાના ઢગલાની જેમ તાડન કરે છે.

તે ઘાત વડે ચક્રવર્તીનું અત્યંત મજબૂત એવું કવચ, ઘડાની જેમ ટૂકડે ટૂકડા થઈ નાશ પામ્યું. તે વખતે કવચ તૂટી જવાથી ચક્રવર્તી મેઘરહિત સૂર્યની જેમ, ધુમાડા વગરના અગ્નિની જેમ, અમર્ષ વડે અધિક પ્રકાશે છે. સાતમી મદાવસ્થાને પામેલા હાથીની જેમ અર્ધ ક્ષણ સુધી વ્યાકુળ થયેલો કાંઈ પણ વિચારતો નથી, ચક્રવર્તી ફરીથી સાવધન થઈ વિલંબ વિના પ્રિયમિત્રની જેમ હાથીની શક્તિનું આલંબન લઈને દંડ ગ્રહણ કરીને ફરીથી બાહુબલિ તરફ દોડે છે, દાંત વડે હોઠને પીંસતો, ભ્રૂકુટીના ભંગ વડે ભયંકર એવો તે ભરત વડવાનળને વિડંબના કરે એવા તે દંડને ભમાડે છે, ચક્રવર્તી તે દંડ વડે કલ્પાંતકાળનો મેઘ, વિજળીરૂપી દંડ વડે પર્વતની જેમ બાહુબલિને મસ્તક ઉપર તાડન કરે છે.

તે ઘાત વડે બાહુબલિ લોઢાની એરણ ઉપર હણાચેલા વજ્રમણિની જેમ ભૂમિમાં ઢીંચણ સુધી ખૂંચી જાય છે, તે ભરતનો દંડ વજ્રસમાન સારવાળા બાહુબલિની ઉપર અફળાઈને તે પોતાના અપરાધથી ભય પામ્યો હોય તેમ તૂટી ગયો.

## ભરતનું ચક્રમોચન

પૃથ્વીમાં ઢીંચણ સુધી ખૂંચી ગયેલો બાહુબલિ તે વખતે પૃથ્વીમાં ખૂંચેલા પર્વતની જેમ, પૃથ્વીમાંથી નીકળેલો છે શેષ જેનો એવા શેષનાગની જેમ શોભે છે. મોટા ભાઈના પરાક્રમ વડે હૃદયમાં વિસ્મય પામ્યો હોય તેમ ઘાની વેદનાથી તે મસ્તકને હલાવે છે, તે વખતે તે ઘા વડે પ્રાપ્ત કરી છે વેદના જેણે એવો બાહુબલિ ક્ષણવાર અધ્યાત્મમાં રક્ત યોગીની જેમ કાંઈપણ સાંભળતો નથી, તે પછી સુકાઈ ગયેલી નદીના કાંઠના કાદવમાંથી હાથીની જેમ પૃથ્વીના મધ્યમાંથી સુનંદાપુત્ર નીકળે છે, ક્રોધપ્રધાન એવો તે લાક્ષારસ જેવા લાલ દૃષ્ટિપાત વડે તર્જના કરતો હોય તેમ તે પોતાના બાહુદંડને અને દંડને જુએ છે. તે પછી તક્ષશિલાનો અધિપતિ તક્ષકનાગની જેવા દુઃખે કરીને જોઈ શકાય એવા તે દંડને એક હાથ વડે નિરંતર ભમાડે છે, સુનંદાપુત્ર વડે અતિ વેગથી ભમાડાતો તે દંડ પ્રેક્ષકોના નેત્રોને ભ્રમણ કરાવે છે.

જ્યારે આના હાથમાંથી આ દંડ પડશે ત્યારે ઊંચે જતો આ કાંસાના પાત્રની જેમ સૂર્યને ફોડી નાંખશે,

ચંદ્રમંડળને ચૂર્ણ કરશે, આમળાના ફળની જેમ તારાગણને ભ્રષ્ટ કરશે, માળાની જેમ વૈમાનિકના વિમાનોને પાડી નાંખશે, રાફડાની માફક પર્વતના શિખરોને તોડી નાંખશે, ઘાસના સમૂહની જેમ મોટા વૃક્ષના નિકુંજોને પીંસી નાંખશે, કાચી માટીના ગોળાની જેમ પૃથ્વીને ભેદી નાંખશે આ પ્રમાણે સૈન્યો વડે અને દેવો વડે જોવાતો બાહુબલિ રાજા તે દંડ વડે ચક્રવર્તીને મસ્તકમાં પ્રહાર કરે છે.

મોટા એવા તે દંડના ઘા વડે ચક્રવર્તી મુદ્ગરથી હણાયેલા ખીલાની જેમ ગળા સુધી પૃથ્વીમાં પેસી જાય છે, તે વખતે ખેદ પામેલા ચક્રવર્તીના સેવકો 'અમારા સ્વામીને આપેલ વિવર (છિદ્ર) અમને આપો' એ પ્રમાણે પ્રાર્થના કરતા હોય તેમ પૃથ્વી ઉપર પડે છે.

રાહુથી ગ્રસ્ત થયેલા સૂર્યની જેમ ચક્રવર્તી પૃથ્વીમાં ખૂંચી જવાથી પૃથ્વી ઉપર મનુષ્યોનો અને આકાશમાં દેવોનો મોટો કોલાહલ થયો.

મીંચાઈ ગયા છે નેત્રો જેનાં એવો, શ્યામમુખવાળો છ ખંડ ભરતનો સ્વામી ચક્રવર્તી ભરત પૃથ્વીની અંદર લજ્જા વડે જાણે એક ક્ષણ રહે છે, હવે એક ક્ષણને અંતે તેજ વડે અતિ દેદીપ્યમાન રાત્રિને અંતે સૂર્યની જેમ પૃથ્વીની મધ્યમાંથી નીકળે છે. નીકળીને તે આ પ્રમાણે વિચારે છે :–' સકળ યુદ્ધમાં, જુગારમાં અંધ જુગારીની જેમ હું આના વડે જીતાયો, ગાયે ખાધેલ દુર્વા–ઘાસ

વગેરે જેમ ગોવાળના ઉપયોગ માટે થાય, તેમ મારા વડે સાધેલ આ ભરત શું આના ઉપયોગ માટે હશે? એક ભરતક્ષેત્રમાં એકી સાથે બે ચક્રવર્તી એક મ્યાનમાં બે તલવારની જેમ જોયા નથી અને સાંભળ્યા નથી. દેવો વડે ઈન્દ્ર અને રાજાઓ વડે ચક્રવર્તી જીતાય એ પૂર્વે નહીં સાંભળેલું ખરવિષાણની જેમ થાય, આના વડે જીતાયેલો શું હું ચક્રવર્તી નહિ હોઉં? મારા વડે નહિ જીતાયેલો વિશ્વમાં અજેય એવો આ શું તેથી ચક્રવર્તી છે? આ પ્રમાણે વિચારતા તે ભરતના હાથમાં ચિંતા-મણિને વિડંબના કરનારા યક્ષરાજોએ લાવીને ચક્ર આપ્યું.

તેની ખાત્રી થવાથી 'હું ચક્રવર્તી છું' એ પ્રમાણે માનતો તે ભરત, વંટોળિયો જેમ મેઘમંડળને ભમાવે તેમ ચક્રને આકાશમાં ભમાડે છે. તે વખતે આકાશમાં અકાળે પ્રલયકાળના અગ્નિની જેમ, બીજો વડવાનળ હોય તેમ, અકસ્માત મોટેથી ઉત્પન્ન થયેલા ઉલ્કાપૂંજની જેમ, પ્રકાશતા સૂર્યબિંબની જેમ, વિજળીના ગોળાની જેમ જ્વાળાઓના સમૂહથી વિકરાળ ભમતું તે ચક્ર દેખાય છે.

ચક્રવર્તી વડે પ્રહાર માટે ભમાડાતા તે ચક્રને જોઈને મનસ્વી બાહુબલિ મનમાં વિચારે છે કે–આ તાતપુત્રના અભિમાનીપણાને ધિક્કાર હો! હું દંડના આયુધવાળો હોતે છતે જે ભરતેશ્વરે ચક્ર ગ્રહણ કર્યું, તેથી તેના ક્ષત્રિય વ્રતને ધિક્કાર હો! અહો બાળકના ઉત્તરીય–વસ્ત્રના

ગ્રહણ સરખી, દેવોની સમક્ષ એના ઉત્તમયુદ્ધની પ્રતિજ્ઞાને ધિક્કાર હો. રોષ પામેલો ભરત, તપસ્વી તેજોલેશ્યાને બતાવે તેમ ચક્રને બતાવતો જેમ જગતને બીવડાવ્યું તેમ મને બીવડાવવા ઇચ્છે છે, જેવી રીતે તેણે બાહુદંડનું પ્રરાક્રમ જાણ્યું, તેમ આ ચક્રના પરાક્રમને પણ જાણો, આ પ્રમાણે બાહુબળથી શોભતો બાહુબલિ વિચારતે છતે, તેની ઉપર સર્વ બળવડે ભરત ચક્રને છોડે છે.

આવતા ચક્રને જોઈને બાહુબલિ વિચારે છે :– આ ચક્રને જીર્ણપાત્રની જેમ દંડ વડે શું શીઘ્ર તોડી નાખું! દડાની જેમ રમત વડે મારીને શું પાછું ફેંકું ? અથવા કમળપત્રની જેમ લીલા વડે આકાશમાં શું ઉછાળું ! અથવા બાળકના નાળની જેમ પૃથ્વીની મધ્યમાં નાંખી દઉં ? અથવા ચપળ ચકલાના બચ્ચાની જેમ હાથ વડે ગ્રહણ કરું ? અથવા અવધ્ય અપરાધી પુરુષની જેમ દૂર ખસેડું ? અથવા ઘંટી વડે અનાજના દાણાની જેમ આ ચક્રના અધિષ્ઠાયક હજાર યક્ષોને દંડ વડે શું તોડી નાખું ? અથવા એને એ બધું પછી કરવું. પ્રથમ તો એના પરાક્રમની મર્યાદા જાણું. આ પ્રમાણે વિચાર કરતા બાહુબલિની પાસે તે ચક્ર આવીને શિષ્ય જેમ ગુરુને પ્રદક્ષિણા કરે તેમ તેને પ્રદક્ષિણા કરે છે.

કારણકે ચક્રવર્તીનું ચક્ર સામાન્યથી પોતાના ગોત્રમાં ઉત્પન્ન થયેલ પુરુષને વિષે શક્તિમાન થતું નથી, તો વિશેષે કરીને તેવા પ્રકારના ચરમશરીરી મનુષ્યને વિષે કેવી રીતે શક્તિમાન થાય ?

તે પછી ફરીથી પણ તે ચક્ર પક્ષી જેમ માળામાં, ઘોડો જેમ અશ્વશાળામાં આવે તેમ તે ચક્રવર્તીના હાથમાં આવે છે.

સર્પના વિષની જેમ મારવાની ક્રિયામાં ચક્રવર્તીનું આ ચક્ર અમોઘ શસ્ત્ર સર્વસ્વ છે. આનાથી શ્રેષ્ઠ બીજું કોઈ નથી. હું દંડાયુધ હોવા છતાં ચક્ર મૂકવાથી અનીતિને કરનારા ચક્રસહિત આને હું મુઠ્ઠી વડે મસળી નાંખું. એ પ્રમાણે ક્રોધ વડે વિચારીને બાહુબલિ યમની જેવો ભયંકર દઢ મુઠ્ઠી ઉગામીને ભરત તરફ દોડે છે, ઉન્નત છે મુદ્ગર સૂંઢમાં જેને એવા હાથીની જેમ કરી છે મુઠ્ઠી જેણે એવા હાથવાળો બાહુબલિ જલદી ભરતેશ્વર પાસે આવે છે, પરંતુ મહાસમુદ્ર જેમ મર્યાદાભૂમિમાં રહે તેમ તે ત્યાં ઊભો રહે છે, ત્યાં ઊભેલ મહાશક્તિવાળો તે મનમાં આ પ્રમાણે વિચારે છે :–

અહો ! મને ધિક્કાર હો!. જે કારણથી રાજ્યના લોભી આની જેમ, શિકારીથી પણ પાપી એવા મારા વડે ભાઈના વધનો આરંભ કરાયો, ત્યાં શાકિનીના મંત્રની જેમ પ્રથમ પણ ભાઈ અને ભત્રીજા વગેરે હણાય છે, તે રાજ્યને માટે કોણ યત્ન કરે ? રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થયા છતાં, ઈચ્છા મુજબ ભોગવ્યા છતાં પણ મદિરાપાન કરનારને જેમ મદિરા વડે તૃપ્તિ ન થાય તેમ પ્રાણીને તૃપ્તિ થતી નથી. રાજ્યલક્ષ્મીનું આરાધન કરવા છતાં પણ, થોડું પણ છળ પામીને ક્ષુદ્રદેવતાની જેમ પરાઙ્મુખ થાય છે.

અમાવાસ્યાની રાત્રિની જેમ રાજ્યલક્ષ્મી ઘણા તામસગુણથી યુક્ત છે, અન્યથા પિતાએ તૃણની જેમ શા માટે તેનો ત્યાગ કર્યો ?

તે પિતાનો પુત્ર હોવા છતાં મેં આ રાજ્યલક્ષ્મીને ઘણા કાળે દુરાચારીપણે જાણી. બીજો પણ કેવી રીતે આને જાણશે ? સર્વથા આ ત્યાગ કરવા લાયક છે. એ પ્રમાણે મનમાં નિર્ણય કરીને મહામનવાળો તે બાહુબલિ ચક્રવર્તીને કહે છે :–

હે ક્ષમાનાથ ! ભાઈ ! ફક્ત રાજ્યને માટે શત્રુની જેમ મેં તમને ખેદ પમાડ્યો છે, તે ક્ષમા કરો. આ મહાભવ સરોવરમાં તંતુપાશ સરખા ભાઈ–પુત્ર–સ્ત્રી વડે અને આ રાજ્ય વડે મારે સર્યું. હવે આ હું ત્રણ જગતના સ્વામી વિશ્વને અભયદાન આપવામાં એક દાનશાળા સરખા પિતાના માર્ગમાં મુસાફર થઈશ. એ પ્રમાણે કહીને મહાસત્ત્વશાલી, સાહસિક પ્રાણીઓમાં અગ્રેસર તે બાહુબલિ તે જ મુષ્ટિ વડે મસ્તકના કેશોનો તૃણની જેમ લોચ કરે છે.

તે વખતે 'સારું–સારું' એ પ્રમાણે આનંદપૂર્વક કહેતાં દેવો બાહુબલિની ઉપર પુષ્પવૃષ્ટિ કરે છે.

પ્રાપ્ત કર્યાં છે મહાવ્રત જેણે એવો બાહુબલિ આ પ્રમાણે વિચારે છે કે :– હમણાં હું પૂજ્ય પિતાના ચરણકમળ પાસે શું જાઉં ? અથવા જઈશ નહિ, કારણ કે પૂર્વે મહાવ્રતોને સ્વીકારનારા જ્ઞાન વડે શોભતા નાના

ભાઈઓને વચ્ચે મારું લઘુપણું થશે. તેથી અહીં જ ધ્યાનરૂપી અગ્નિ વડે ઘાતિકર્મોને બાળીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સ્વામીની પર્ષદામાં જઈશ.'

આ પ્રમાણે મનમાં ચિંતવતો બાહુબલિ હાથ લાંબા કરી રત્નપ્રતિમાની જેમ કાયોત્સર્ગ વડે ત્યાં જ ઊભા રહે છે.

ભરત પણ તેવા પ્રકારના તેને જોઈને, પોતાના કુકર્મને વિચારીને મસ્તક નમાવીને પૃથ્વીમાં પ્રવેશ કરવાને ઇચ્છતો હોય તેવો થયો. કાંઈક ઉષ્ણ નેત્રના અશ્રુ વડે બાકી રહેલા કોપને ત્યાગ કરતો હોય તેમ ભરત સાક્ષાત્ શાંતરસની મૂર્તિ જેવા બાહુબલિ ભાઈને નમે છે. તેની અધિક ઉપાસનાની ઇચ્છા વડે પ્રણામ કરતો ભરત નખરૂપી અરીસામાં સંક્રમણ થવા વડે જુદા જુદા રૂપને ધારણ કરનારો થયો. હવે ભરતરાજા બાહુબલિના ગુણોની સ્તુતિ કરવાપૂર્વક પોતાના અપરાધરૂપી રોગને દૂર કરવા માટે ઔષધ સરખી પોતાની નિંદા આ પ્રમાણે કરે છે :-

તમે ધન્ય છો કે જેણે મારી અનુકંપા વડે રાજ્યનો ત્યાગ કર્યો. હું તો પાપી અને ઉન્મત્ત છું કે જેણે અસંતુષ્ટ બની તમને ઉપદ્રવ કર્યો.

જેઓ પોતાની શક્તિને જાણતા નથી, અને જેઓ અનીતિ કરે છે, અને જેઓ લોભ વડે જીતાય છે, તેઓમાં હું ધુરંધર છું.

જેઓ આ રાજ્યને સંસારરૂપી વૃક્ષના બીજ તરીકે

જાણતા નથી, તેઓ અધમ છે, તેઓ કરતાં પણ હું વધારે અધમ છું, કારણ કે જાણવા છતાં પણ હું તેનો ત્યાગ કરતો નથી.

તમે જ પિતાના સાચા પુત્ર છો, જે તમે પિતાના માર્ગને અનુસર્યા. જો હું તમારા જેવો થાઉં તો તેમનો પુત્ર થાઉં. આ પ્રમાણે પશ્ચાત્તાપના પાણી વડે વિષાદરૂપી પંકને ઉખેડી નાંખીને બાહુબલિના પુત્ર સોમયશાને તેના રાજ્ય ઉપર સ્થાપન કરે છે.

ત્યારથી માંડીને તે તે પુરુષરત્નોની અદ્વિતીય ઉત્પત્તિના કારણભૂત સેંકડો શાખાઓથી વ્યાપ્ત સોમવંશ ઉત્પન્ન થયો.

તે પછી સકળ પરિવાર સહિત ભરત બાહુબલીને પ્રણામ કરીને સ્વર્ગની રાજ્યલક્ષ્મી સરખી અયોધ્યા નગરીમાં જાય છે.

ભગવંત બાહુબલિ મુનિ પણ ભૂમિમાંથી ઉત્પન્ન થયા હોય તેમ, આકાશમાંથી ઉતર્યા હોય તેમ ત્યાંથી એકલા ઊભા રહે છે. ધ્યાનમાં એકમગ્ન થયેલા, નાસિકાને અંતે સ્થાપન કર્યા છે નેત્રયુગલ જેણે એવા નિષ્કંપ એવા તે મુનિ દિશાઓના સાધવામાં શંકુ જેવા શોભે છે, તે વનવૃક્ષની જેમ દેહ વડે અગ્નિકણની જેવા ઉષ્ણ વાલુકાકણને વિસ્તારતા ગ્રીષ્મના વાયુના સમૂહને સહે છે, તે શુભ ધ્યાનરૂપી અમૃતમાં મગ્ન થયેલ મસ્તક ઉપર રહેલા અગ્નિકુંડ જેમ ગ્રીષ્મના મધ્યાહ્નના સૂર્યને પણ

જાણુતા નથી, તે મસ્તકથી પગ સુધી ગ્રીષ્મઋતુના તાપથી રજથી કાદવ રૂપે થયેલ પરસેવાના પાણી વડે કાદવમાંથી નીકળેલા ડુક્કર જેવા લાગે છે, તેઓ વર્ષાકાળે મહા-ઝંઝાવાતના વાયુથી કંપાયમાન થયેલ વૃક્ષો વડે પર્વત જેમ કંપાયમાન ન થાય તેમ વેગવાળી ધારાવૃષ્ટિ વડે જરાપણ ભેદાતા નથી. એ વિદ્યુત્પાતને વિષે નિર્ઘાતથી પર્વતોના શિખરો કંપાયમાન થયે છતે પણ ધ્યાનથી ચલાયમાન થતા નથી. તેમનાં ચરણુયુગલ, નીચે વહેતાં પાણીથી ઉત્પન્ન થયેલ સેવાલ વડે નિર્જન ગામની વાવના પગથિયાની જેમ લેપાય છે, હેમંતઋતુમાં હિમરૂપ થયેલ હસ્તિમાત્ર પાણીવાળી નદીમાં પણ કર્મરૂપી ઇંધનને બાળવામાં ઉદ્યમવાળા ધ્યાનરૂપી અગ્નિ વડે તે સુખપૂર્વક ઊભા રહે છે. હિમથી બળતાં છે વૃક્ષો જેમાં એવી હેમંતઋતુની રાત્રિઓમાં કુંદપુષ્પની જેમ બાહુબલિનું ધર્મધ્યાન વિશેષે વૃદ્ધિ પામે છે. અરણ્યના મહિષો મહાવૃક્ષના સ્કંધની જેમ શૃંગના ઘાતપૂર્વક તેને વિષે સ્કંધને ખણુવાનું કરે છે. ગેંડા પશુઓ રાત્રિમાં ગિરિ-તટની જેમ દેહ વડે તેના શરીરનો ટેકો લઈને નિદ્રા-સુખનો અનુભવ કરે છે, હાથીઓ શલ્લકીવૃક્ષના પલ્લવના ભ્રમવડે તેના હાથ–પગને વારંવાર ખેંચતા, ખેંચવા માટે અશક્ત બની વિલખાપણાને પામેલા ચાલ્યા જાય છે. ચમરી ગાયો વિશ્વાસ પામી ઊંચા મુખ કરી કરવતની જેમ કાંટા સરખી વિકરાળ જીભ વડે તેને ચાટે છે. મોટેથી ફેલાયેલી સેંકડો શાખાવાળી લતાઓ વડે ચર્મની

દોરી વડે મૃદંગની જેમ તે ચારે તરફથી વીંટાય છે, પૂર્વના સ્નેહથી આવેલા બાણથી ભરેલા ભાથાની સરખા શરસ્તંબ (મુંજ વૃક્ષના ગુચ્છા) તેની ઉપર નિરંતર ચારે તરફથી ચઢે છે, વર્ષાઋતુના કાદવમાં ખૂંચેલા તેના પગ ઉપર ઘણી ચાલતી કીડીઓથી ગર્ભિત ડાભની સોઈઓ ઉગે છે, વેલડીઓથી વ્યાપ્ત તેના દેહને વિષે પરસ્પરના વિરોધ વિના શ્યેન અને ચકલા વગેરે પક્ષીઓ માળા કરે છે, વેલડીઓના વિસ્તારથી ગહન તેના શરીરને વિષે હજારો સર્પો, અરણ્યના મોરના શબ્દ વડે ત્રાસ પામ્યા છતાં ચઢે છે, દેહ ઉપર ચઢેલા લટકતાં તે સર્પો વડે બાહુબલિ હજાર હાથને ધારણ કરતા હોય તેમ શોભે છે. તે પગની પાસે રહેલા રાફડામાં નીકળેલા સર્પોવડે પગના કડાની જેમ પગમાં વીંટાય છે.

આ પ્રમાણે ધ્યાન વડે રહેલા તે બાહુબલિને આહાર વિના વિચરતાં વૃષભસ્વામીની જેમ એક વર્ષ ગયું.

વર્ષ પૂર્ણ થયે છતે વિશ્વવત્સલ ભગવાન વૃષભસ્વામી બ્રાહ્મી અને સુંદરીને બોલાવીને આદેશ કરે છે :– 'હમણાં તે બાહુબલિ ઘણાં કર્મ ક્ષય થવાથી શુકલ ચતુર્દશીની રાત્રિની જેમ પ્રાયઃ તમસ્–અંધકાર રહિત (અજ્ઞાન રહિત) થયા છે, ફક્ત તે મોહનીયકર્મના અંશમાનથી કેવળજ્ઞાન પામતા નથી, કારણકે વસ્ત્રના ટૂકડાથી પણ ઢંકાયેલ પદાર્થ દેખાતો નથી, તમારા વચન વડે તે માનનો ત્યાગ કરશે. તેથી આજે તમે ત્યાં જાઓ. તેને

ઉપદેશ આપવા માટે ખરેખર હમણાં સમય વર્તે છે. તેથી બ્રાહ્મી અને સુંદરી પ્રભુની આજ્ઞા મસ્તકે સ્વીકારીને, ચરણોમાં વંદન કરીને બાહુબલિ તરફ જાય છે.

પ્રભુએ જાણવા છતાં પણ તેના માનની એક વર્ષ સુધી ઉપેક્ષા કરી, કારણકે અમૂઢ લક્ષ્યવાળા અરિહંતો યોગ્ય સમયે જ ઉપદેશક હોય છે.

તે આર્યાઓ તે પ્રદેશમાં આવ્યા, પરંતુ રજથી ઢંકાયેલા રત્નની જેમ વેલડીઓથી ઢંકાયેલા તે મુનિને જોતા નથી. હવે વારંવાર શોધ કરતાં તેઓએ તેવી રીતે વૃક્ષની જેમ રહેલા તેમને કેમે કરીને ઓળખ્યા. નિપુણ-ભાવે તેમને ઓળખીને ત્રણ પ્રદક્ષિણા કરીને તેઓ મહામુનિ બાહુબલિને વંદન કરીને આ પ્રમાણે કહે છે:– હે જ્યેષ્ઠ આર્ય! પૂજ્ય પિતા ભગવંત તમને આ જણાવે છે: 'હાથીના સ્કંધ ઉપર ચઢેલાને કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી.' એ પ્રમાણે કહીને તે બંને ભગવતી જેમ આવ્યા હતા, તેમ પાછા ગયા.

તે મહાત્મા પણ આ વચન વડે વિસ્મય પામી આ પ્રમાણે વિચારે છે–ત્યાગ કર્યો છે સાવદ્યયોગ જેણે એવા વૃક્ષની જેમ કાયોત્સર્ગમાં રહેલા મને આ અરણ્યમાં હાથી ઉપર ચઢવાનું કેવી રીતે? ભગવંતની આ શિષ્યાઓ કોઈ વખત પણ જૂઠું ન બોલે, તો આ શું છે? હં, મેં ખરેખર લાંબા સમયે જાણ્યું, વ્રત વડે મોટા, નાના બંધુઓને કોણ નમસ્કાર કરે એ પ્રમાણે માન એ જ

હાથી છે, તે માનરૂપી હાથી ઉપર હું નિર્ભરપણે ચઢયો છું, તેથી કરીને ત્રણ જગતના ગુરુ તે સ્વામીની ચિરકાળ સુધી સેવા કરવા છતાં પણ મનપાણીમાં કરચલાના તરવાની જેમ વિવેક ન થયો. જે કારણથી પૂર્વે વ્રતનો સ્વીકાર કરનાર મહાત્મા પોતાના ભાઈઓને વિષે 'આ નાના છે' એમ વિચારીને મને તેઓને વંદન કરવાની ઇચ્છા ન થઈ. હમણાં પણ જઈને તે મહામુનિઓને વંદન કરીશ–એમ વિચારીને તે મહાસત્ત્વશીલ પગ ઉપાડે છે, તે વખતે તે જ પગલે લતાવેલની જેમ ચારે તરફથી ઘાતિકર્મો તૂટી જવાથી તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, હવે ઉત્પન્ન થયેલ છે કેવળજ્ઞાન અને કેવળદર્શન જેને એવા તે ચંદ્ર જેમ સૂર્ય પાસે આવે તેમ તે સ્વામીની પાસે જાય છે, ત્યાં તીર્થંકરને પ્રદક્ષિણા કરીને અને તીર્થને નમસ્કાર કરીને જગદ્વંદનીય પૂર્ણપ્રતિજ્ઞાવાળા તે બાહુબલિ મહામુનિ કેવલિપર્ષદામાં બેસે છે.

**पयक्खिणं तित्थवइं विहाय, तित्थंनमित्ताय तिलोगपुज्जो ।**
**महामुणी केवलिणो सहाए, तिण्णपइण्णो अहसो निसण्णो ॥१॥**
**नरवइ बाहुबलिस्स वि, संगामो संजमो य झाणं च ।**
**निक्कंप भावजुत्तं, केवलनाणं च पंचमए ॥२॥**

શ્રી તીર્થંકર ભગવંતને પ્રદક્ષિણા કરીને, તીર્થને નમીને ત્રિલોકપૂજ્ય મહામુનિ બાહુબલિ પૂર્ણ થઈ છે પ્રતિજ્ઞા જેની એવા તે કેવલીની પર્ષદામાં બેઠા. ૧

આ પાંચમા ઉદ્દેશામાં બાહુબલિ રાજાનો સંગ્રામ, સંયમ, ધ્યાન, નિષ્કંપ ભાવયુક્ત કેવલજ્ઞાન છે. ૨

એ પ્રમાણે શ્રી તપાગચ્છાધિપતિ શ્રી કદંબગિરિ વગેરે અનેક તીર્થોના ઉદ્ધારક શાસનપ્રભાવક આબાલ-બ્રહ્મચારી સૂરીશ્વરશેખર આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વર પટ્ટાલંકાર સમયજ્ઞ શાંતમૂર્તિ વાત્સલ્યવારિધિ આચાર્ય વિજયવિજ્ઞાનસૂરીશ્વર પટ્ટધર સિદ્ધાંત મહોદધિ પ્રાકૃત ભાષાવિશારદ **વિજયકસ્તૂરસૂરિ** વિરચિત મહાપુરુષ ચરિતમાં પ્રથમ વર્ગમાં બાહુબલિ–સંગ્રામ–પ્રવ્રજ્યા અને કેવલજ્ઞાનના વર્ણનરૂપ **પાંચમો ઉદ્દેશો સમાપ્ત** થયો.

# છઠ્ઠો ઉદ્દેશો

આ તરફ સ્વામીનો શિષ્ય, પોતાના નામની જેમ અગ્યાર અંગને ભણનાર, સાધુના ગુણોથી સહિત, સ્વાભાવિક સુકુમાલ ભરતપુત્ર મરીચિ યૂથપતિ સાથે હાથીના બચ્ચાની જેમ સ્વામી સાથે વિચરતો એક વખત ગ્રીષ્મ-ઋતુના મધ્યાહ્નસમયે ભયંકર સૂર્યનાં કિરણોના સમૂહ વડે સુવર્ણકારની જેમ ચારે તરફથી તપેલી ધૂળવાળા, ન દેખાય એવી અગ્નિની જ્વાળાની જેમ ચારે તરફથી ગરમ મહાવાયુના સમૂહ વડે સંચારરહિત માર્ગમાં, પગથી માંડીને મસ્તક સુધી ઉત્પન્ન થયેલ પરસેવાની ધારાથી ભરેલા, અગ્નિથી તપેલા કાંઈક ભીના લાકડાં સરખા પોતાના દેહને વિષે જળથી સિંચેલ સુકાયેલા ચામડાની ગંધ જેવા પરસેવાથી ભીંજાયેલ વસ્ત્ર–દેહના મળની દુસ્સહ ગંધ નીકળ્યે છતે, પગમાં બળતો, તરસથી પીડા પામેલો, તપેલા માર્ગમાં નોળિયાની જેમ પીડાને સહન કરતો મન વડે આ પ્રમાણે વિચારે છે:—

## મરીચિનું વેષપરિવર્તન

કેવળદર્શન જ્ઞાનરૂપી સૂર્ય–ચંદ્ર વડે મેરુપર્વત સરખા જગદ્ગુરુ શ્રી ઋષભ સ્વામીનો તો હું પૌત્ર છું. ચતુર્વિધસંઘની સમક્ષ પ્રભુની પાસે પાંચ મહાવ્રતના

ઉચ્ચારપૂર્વક મેં દીક્ષા લીધી છે. આ પ્રમાણે હોવાથી આ સ્થાનમાંથી લજ્જા વડે વ્યાપ્ત એવા મારે, યુદ્ધ-ભૂમિમાંથી વીરની જેમ ઘરે જવું યોગ્ય નથી, તેમ વળી મહાપર્વતની જેમ દુઃખે કરીને વહન કરી શકાય એવા સાધુઓના ગુણના સમૂહને મુહૂર્તમાત્ર પણ હું વહન કરવાને હમણાં સમર્થ નથી, આથી અહીંથી ઘરે જવામાં કુલમાલિન્ય છે, આ તરફ વ્રત પણ દુષ્કર છે, તેથી આ તરફ નદી અને આ તરફ સિંહ છે, ખરેખર! હું સંકટમાં પડયો છું.

અથવા અરે મેં જાણ્યું. આ વિષમ એવા સંયમ માર્ગમાં પણ, પર્વતમાં કેડીના માર્ગ જેવો આ સરળ માર્ગ થઈ શકે.

આ સાધુઓ ખરેખર મન–વચન અને કાયાના દંડથી અટકેલા છે, અને હું તો તેનાથી જીતાયો છું, તેથી હું ત્રિદંડિક થઈશ.

આ સાધુઓ મસ્તકના કેશનો લોચ અને ઇંદ્રિયના નિગ્રહ વડે મુંડ છે. હું તો વળી ક્ષુરથી મુંડન અને શિખા ધારણ કરનારો થઈશ.

આ સાધુઓ સ્થૂલ અને સૂક્ષ્મ પ્રાણિવધ આદિથી અટકેલા છે, મને તો સ્થૂલ પ્રાણાતિપાત આદિથી વિરતિ થાઓ.

આ સાધુઓ ખરેખર અકિંચન છે, મારે સુવર્ણ-

મુદ્રા આદિ કાંઈક હો. આ સાધુઓ ઉપાનહથી રહિત છે, હું તો ઉપાનહ (મોજડી) પહેરીશ.

આ સાધુઓ અઢાર હજાર શીલાંગ વડે અતિસુગંધી છે, હું તો શીલ વડે દુર્ગંધી છું, તેથી ચંદન આદિને ગ્રહણ કરીશ.

આ સાધુઓ તો મોહ વગરના છે, હું તો મોહથી ઢંકાયેલો છું, તેથી તેના ચિહ્નરૂપ છત્રને મસ્તક ઉપર ધારણ કરીશ.

આ સાધુઓ શ્વેત વસ્ત્રને ધારણ કરનારા છે, હું તો કષાયથી કલુષિત છું આથી તેના સ્મરણ માટે હું કષાયવસ્ત્રને પહેરીશ.

આ સાધુઓ પાપથી ભીરુ હોવાથી ઘણા જીવવાળા પાણીના આરંભનો ત્યાગ કરે છે, મારે તો પ્રમાણસર પાણી વડે સ્નાન અને પાન હો.

આ પ્રમાણે મરીચિ પોતાની બુદ્ધિ વડે પોતાનું લિંગ કલ્પીને તેવા પ્રકારના વેશને ધારણ કરી સ્વામીની સાથે વિચરે છે. જેવી રીતે ખચ્ચર એ ઘોડો નથી, તેમ જ ગધેડો પણ નથી પરંતુ ઉભયસ્વરૂપ હોય છે, તેમ મરીચિ સાધુ નથી, તેમ ગૃહસ્થ પણ નથી, તેથી નવા વેષને ધારણ કરનાર થયો.

રાજહંસોને વિષે કાગડાની જેમ, મહર્ષિઓને વિષે ભિન્નજાતિવાળા તેને જોઈને ઘણા લોક તેને કુતૂહલથી પૂછે છે.

તે મૂલ અને ઉત્તરગુણ સહિત સાધુધર્મનો ઉપદેશ કરે છે. તમે જાતે અનાચારમાં કેમ પ્રવર્તો છો ? એમ પૂછાયેલ તે પોતાની અશક્તિ જણાવે છે. આવેલા ભવ્ય જીવોને પ્રતિબોધીને દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છાવાળા થયેલા તે ભવ્ય જીવોને સ્વામીના ચરણ પાસે મોકલે છે. નિષ્કારણ ઉપકારી જગતના અદ્વિતીય બંધુ શ્રીઋષભ-સ્વામી પ્રતિબોધ પામીને આવેલા તેઓને જાતે દીક્ષા આપે છે.

## મરીચિના શરીરમાં પીડા અને કપિલ રાજપુત્રનું આગમન

એક વખત પ્રભુની સાથે આ પ્રમાણે વિચરતા મરીચિના શરીરમાં, કાષ્ઠમાં ઘુણની જેમ ઉત્કટ રોગ ઉત્પન્ન થયો. તે વખતે આધાર ઉપરથી ભ્રષ્ટ થયેલા વાનર જેવા વ્રતથી ભ્રષ્ટ થયેલ, બહાર કરેલો મરીચિ પોતાના વૃંદના સાધુઓ વડે પાલન કરાતો નથી, પ્રતિ-કાર ન થવાથી મરીચિ વ્યાધિ વડે, ભૂંડ આદિ વડે આ રક્ષક વિનાના શેરડીના વાઢાની જેમ અધિક પીડાય છે, ઘોર મહા અરણ્યમાં સહાય વગરનાની જેમ રોગમાં પડેલો મરીચિ આ પ્રમાણે વિચારે છે :—અહો ! મને અહીં જ આ ભવમાં અશુભ કર્મ ઉદયમાં આવ્યું, જેથી પોતાના સાધુઓ પણ આ બીજાની જેમ મારી ઉપેક્ષા કરે છે, અથવા ઘૂવડને વિષે પ્રકાશ નહિ કરનારા સૂર્યની જેમ, મારો ઉપચાર નહીં કરનારા કોઈ પણ સાધુનો દોષ નથી, ખરેખર ! તેઓ સાવદ્યથી અટકેલા સાધુઓ

સાવદ્યમાં રક્ત એવા મારી વૈયાવચ્ચ, જેમ મહાકુળવાળા મ્લેચ્છની સેવા ન કરે તેમ, કેવી રીતે કરે? મારે પણ તેઓ પાસે સેવા કરાવવી યોગ્ય નથી, કારણ કે સાધુઓ પાસે વૈયાવચ્ચ કરાવવી તે વ્રતભ્રંશથી ઉત્પન્ન થયેલા પાપની વૃદ્ધિ માટે થાય, તેથી પોતાના પ્રતિકાર માટે મારી જેવા કોઈ મંદધર્મીની તપાસ કરું, કારણ કે મૃગોની સાથે મૃગો જોડાય છે. આ પ્રમાણે વિચારતો મરીચિ કાળે કરીને કોઈ રીતે નીરોગી થયો. કાળે કરીને ઉખરભૂમિ પણ અનુખરપણાને પામે છે.

હવે એક વખત પ્રભુના ચરણકમળ પાસે દુર્ભવ્ય કપિલ નામનો રાજપુત્ર આવે છે, તે કપિલે વિશ્વને ઉપકાર કરવામાં વર્ષાઋતુના મેઘ સરખા ઋષભસ્વામીનો ધર્મ સાંભળ્યો. જિનેશ્વરે કહેલ તે ધર્મ કપિલને, ચક્રવાકને જ્યોત્સ્નાની જેમ, ઘૂવડને પ્રભાતની જેમ, ભાગ્ય વગરના રોગીને ઔષધની જેમ, વાયુના રોગીને ઠંડીની જેમ, બોકડાને મેઘના આગમનની જેમ ન ગમ્યો.

તે પછી તે કપિલ બીજા ધર્મને સાંભળવાની ઇચ્છાવાળો અહીંથી તહીં દૃષ્ટિ ફેંકતો સ્વામીના શિષ્યોથી વિલક્ષણ એવા મરીચિને જુએ છે. તે બીજા ધર્મને ગ્રહણ કરવાની ઈચ્છા વડે સ્વામીની પાસેથી વેચાતા લીધેલા બાળકની જેમ ધનાઢ્યની દુકાનેથી દરિદ્રની દુકાન જેવા મરીચિ પાસે આવે છે, તે કપિલે ધર્મ પૂછવાથી મરીચિ કહે છે કે:– અહીં ધર્મ નથી, જો તું ધર્મનો અર્થી

હો તો સ્વામીની પાસે જા.

તે ફરીથી ઋષભસ્વામીના ચરણ પાસે જાય છે, તો પણ તેને પોતાના કર્મથી દૂષિત થયેલાને પ્રભુએ કહેલો ધર્મ રુચતો નથી, ગરીબડા ચાતકને સંપૂર્ણ સરોવર વડે પણ શું? ફરીથી તે મરીચિની પાસે આવીને આ પ્રમાણે કહે છે કે:– તમારી પાસે જેવા પ્રકારનો પણ છે તેવા પ્રકારનો પણ શું ધર્મ નથી? ધર્મરહિત શું વ્રત હોઈ શકે?

આ પ્રમાણે સાંભળીને મરીચિ વિચારે છે કે:– આ કોઈક મારા જેવો છે, અહો! દૈવ વડે સરખે સરખાનો આ યોગ લાંબાકાળે થયો. સહાય રહિત એવા મને આ સહાયક થાઓ. એ પ્રમાણે વિચારીને તે આ પ્રમાણે કહે છે કે:– 'ત્યાં પણ ધર્મ છે અને અહીં પણ ધર્મ છે' આ એક દુર્ભાષિત વચન વડે પણ મરીચિ પોતાનો કોડા કોડી સાગરોપમ પ્રમાણ ઉત્કટ સંસાર ઉપાર્જન કરે છે.

તે કપિલને દીક્ષા આપે છે અને પોતાનો સહાયક કરે છે. ત્યારથી માંડીને પરિવ્રાજક વ્રત થયું.

## ઋષભસ્વામીના અતિશયો

હવે શ્રી ઋષભસ્વામીના વિહારના અતિશયો કહેવાય છે:– ગ્રામ, આકર, પુર, દ્રોણમુખ, પાટણ, મડંબ, આશ્રમ, ખેટ પ્રમુખ સંનિવેશથી પરિપૂર્ણ પૃથ્વીતળમાં વિહાર

કરતા વૃષભનાથ વર્ષા સમયના મેઘની જેમ ચારે દિશામાં એકસો પચીશ યોજન સુધી રોગોના ક્ષય વડે અને તાપના શમન વડે લોકો ઉપર અનુગ્રહ કરતા; પતંગ, મૂષક અને શુક વગેરે ક્ષુદ્ર જંતુઓના કરાયેલા ઉપદ્રવોને નિવારવા વડે, અનીતિથી રાજાની જેમ સર્વ પ્રજાઓને સુખ પમાડતા, નૈમિત્તિક અને શાશ્વત વૈરોને શાંત કરવાથી, અંધકારને દૂર કરવાથી સૂર્યની જેમ પ્રાણી સમુદાયને પ્રસન્ન કરતા, જેવી રીતે પહેલાં સર્વસુખકારી વ્યવહારમાર્ગની પ્રવૃત્તિ વડે આનંદ પમાડ્યો હતો તેમ, હમણાં ચારેય તરફથી અમારિની પ્રવૃત્તિ વડે પ્રજાઓને આનંદ પમાડતા, ઔષધ વડે અજીર્ણ અને અતિક્ષુધાની જેમ પોતાના પ્રભાવ વડે જગત્‌થી પણ અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિને દૂર કરતાં, અંદરના શલ્યની જેમ સ્વચક્ર અને પરચક્રનો ભય દૂર થવાથી અત્યંત સંતુષ્ટ થયેલા લોકો વડે કરાતો આગમન-મહોત્સવ જેનો એવા, રાક્ષસથી મંત્રના જાણનારા પુરુષથી જેમ સર્વસંહારક ભયંકર દુષ્કાળથી જગતનું રક્ષણ કરતા, આથી જ લોકો વડે અત્યંત સ્તુતિ કરાતા, અનંત અંદર નહિ સમાતા કેવલજ્ઞાનની જ્યોતિ જાણે બહાર નીકળી હોય એવા સૂર્યમંડળને જીતનારા ભામંડલને ધારણ કરતા, આકાશમાં આગળ ચાલતા અસાધારણ તેજવાળા ધર્મચક્ર વડે, ચક્ર વડે ચક્રવર્તીની જેમ શોભતા, આગળ ધર્મધ્વજ વડે સર્વકર્મના જયસ્તંભ વડે જાણે શોભતા, આકાશમાં પોતાની મેળે શબ્દ કરતા દિવ્ય દુંદુભિ વડે અત્યંત કરાતા

પ્રયાણને યોગ્ય કલ્યાણની જેવા, આકાશમાં રહેલા પાદપીઠ સહિત સ્ફટિક રત્નના સિંહાસન વડે પોતાના યશની જેમ શોભતા, દેવો વડે સંચાર કરાતા સુવર્ણકમળને વિષે રાજહંસની જેમ લીલાસહિત પાદન્યાસ કરાતા, ભય વડે પૃથ્વીતળમાં પ્રવેશ કરવાને ઇચ્છતા હોય એવા નીચા મુખવાળા તીક્ષ્ણ અગ્ર ભાગવાળા કંટકો વડે નથી પીડા પામેલ પરિવાર જેનો એવા, કામદેવને સહાય કરવાથી ઉત્પન્ન થયેલ પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે જાણે સઘળી ઋતુઓ વડે એકી સાથે સેવા કરાતા, દૂરથી ઊંચા સંજ્ઞારહિત એવા પણ નમાવેલ શિખર જેણે એવા માર્ગના વૃક્ષો વડે ચારે તરફથી નમન કરાતા હોય તેમ, પંખાના વાયુની જેમ અનુકૂળ કોમળ શીતળ વાયુ વડે નિરંતર સેવાતા, સ્વામી પ્રત્યે પ્રતિકૂળ વર્તનારને સુખ ન હોય, એમ જાણીને જાણે જમણી તરફ ફરતા પક્ષીઓ વડે ઉલ્લંઘન કરાતો છે આગળનો માર્ગ જેનો, વેલાના તરંગ વડે જેમ સમુદ્ર શોભે તેમ જઘન્યથી કરોડની સંખ્યાવાળા સુર–અસુરોવડે શોભતા, ભક્તિ અને પ્રભાવના વશે દિવસે પણ કાંતિ સહિત છત્ર હોય એવા ચંદ્રની જેમ આકાશમાં રહેલા છત્રવડે શોભતા, ચંદ્રથી જુદા કરાયા હોય એવા સર્વ કિરણનો ખજાનો હોય એવા ગંગાના તરંગના જેવા શ્વેત ચામરોવડે વીંઝાતા, નક્ષત્રોવડે ચંદ્રની જેમ તપવડે દીપતા લાખોની સંખ્યાવાળા સૌમ્યગુણથી યુક્ત ઉત્તમ સાધુઓ વડે પરિવરેલા, સૂર્ય જેમ દરેક નદી અને દરેક સરોવરમાં કમળોને પ્રતિબોધ કરે તેમ દરેક ગામ અને

દરેક નગરમાં ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરતા વિશ્વને ઉપકાર કરવામાં શ્રેષ્ઠ ભગવાન શ્રી ઋષભસ્વામી અનુક્રમે વિહાર કરતા અન્યદા અષ્ટાપદ મહાપર્વત પાસે આવે છે.

## અષ્ટાપદનું વર્ણન

હવે અષ્ટાપદ પર્વતનું વર્ણન કરે છે : શરદ્ઋતુમાં ઉત્પન્ન થયેલ મેઘોનો એક ઠેકાણે સમૂહ કર્યો હોય એવા, થીજી ગયેલા ક્ષીરસમુદ્રના તરંગનો કૂટ જાણે લવાયો હોય એવા, પ્રભુના જન્મભિષેકના સમયે ઈંદ્રે વિકુર્વેલા બળદોમાંના એક ઊંચા શૃંગવાળા બળદની જેમ રહેલા, નંદીશ્વર મહાદ્વીપમાં રહેલ વાવડીઓના મધ્યમાં રહેલ દધિમુખ પર્વતોમાંથી કોઈ પણ એક પર્વત આવ્યો હોય એવા, જંબુદ્વીપરૂપી કમળના ઉછરેલા નાળખંડ જેવા, પૃથ્વીના શ્વેત રત્નમય ઉદ્ભટ મુકુટ જેવા નિર્મળપણા વડે અને દેદીપ્યમાન પણા વડે હંમેશાં દેવોના સમૂહવડે જળવડે સ્નાન કરાતો હોય એવા, વસ્ત્રોવડે સાફ કરાતા હોય એવા, નિર્મળ સ્ફટિકની શીલાઓના કિનારા ઉપર બેઠેલા સ્ત્રીજનોવડે પવનથી ઉછળેલી કમળની રજવડે જણાતું છે નદીનું પાણી જેમાં એવા, શિખરના અગ્રભાગ ઉપર વિશ્રામ કરતી વિદ્યાધરની સ્ત્રીઓને વૈતાઢ્ય અને ચુલ્લ હિમવંત પર્વતનું વિસ્મરણ કરાવ્યું છે અંતર જેણે એવા, સ્વર્ગભૂમિનો અરીસો હોય એવા, દિશાઓનું અનુપમ હાસ્ય હોય એવા, ગ્રહ અને નક્ષત્રોના નિર્માણ માટે અક્ષય માટીના સ્થળ જેવા, મધ્યભાગમાં બેઠેલા

ક્રીડાથી શાંત થયેલ હરણવાળા શિખરો વડે બતાવ્યો છે અનેક ચંદ્રનો વિભ્રમ જેણે એવા, ઝરણાંઓની પંક્તિવડે ત્યાગ કરેલ નિર્મળ ઉત્તરીય વસ્ત્ર જેવા, ઊંચે જતા સૂર્ય-કાંતમણિના કિરણો વડે ઊંચી ધ્વજાવાળો હોય એવા, ઊંચા નિર્મળ શિખરના અગ્રભાગને વિષે સંક્રમિત થયેલ સૂર્યવડે ભોળી વિદ્યાધરની સ્ત્રીઓને ઉદયગિરિના ભ્રમને કરાવનારા, મયૂરપત્રથી રચેલા મોટા છત્રની જેમ અત્યંત લીલા ઘણા પાંદડાવાળા વૃક્ષોવડે કરાતી છે નિરંતર છાયા જેમાં એવા, કૌતુકવડે ખેચરીઓ વડે હરણનાં બચ્ચાંઓ લાલન કરાતે છતે, એથી ઝરતા હરિણીના દૂધવડે સિંચન કરાતા છે લતાયન જેમાં એવા, કદલીપત્રના વસ્ત્રને પહેરનારી ભીલડીઓના નૃત્યને જોવા માટે શ્રેણી બદ્ધ કરેલા નેત્રપત્રવાળી દેવાંગનાઓ વડે અધિષ્ઠિત, સુરતથી થાકી ગયેલી સાપણ વડે પીવાતો છે મંદ મંદ વનનો પવન જેમાં એવા, વનના વાયુરૂપ નટની ક્રીડાવડે નચાવાતાં છે લતાવન જેમાં એવા, કિન્નરીઓના સમૂહ વડે કામક્રીડા સાટે મંદિર રૂપ કરાઈ છે ગુફાઓ જેની એવા, અપ્સરાજનના સ્નાનના સમૂહ વડે ઊંચા તરંગ-વાળા છે સરોવરનાં પાણી જેનાં એવાં, કોઈક ઠેકાણે સારીપાસાના જુગારમાં તત્પર કોઈક ઠેકાણે પાનગોષ્ઠીમાં રક્ત અને કોઈક ઠેકાણે શરત કરનારા યક્ષો વડે કોલાહલ-વાળો કરાયો છે મધ્ય ભાગ જેનો એવા, કોઈક ઠેકાણે ભીલડીઓ વડે, કોઈક ઠેકાણે કિન્નરીઓ વડે, અને કોઈક ઠેકાણે વિદ્યાધરીઓ વડે શરૂ કરાયા છે ક્રીડાગીત

જેમાં, કોઈક ઠેકાણે પાકેલી દ્રાક્ષને ખાવા વડે ઉન્મત્ત થયેલ શુકો વડે કરાતો છે શબ્દ જેમાં, કોઈક ઠેકાણે આમ્રવૃક્ષના અંકુરને ખાવાથી ઉન્મત્ત થયેલ કોયલો વડે કરાતો છે પંચમ સ્વર જેમાં, કોઈક ઠેકાણે નવા કમળતંતુના આસ્વાદ વડે મત્ત થયેલ હંસના સ્વર વડે વ્યાપ્ત, કોઈક ઠેકાણે નદીના કાંઠે ઉન્મત્ત ક્રૌંચપક્ષીના કેંકાર શબ્દ વડે વાચાલ, કોઈક ઠેકાણે નજીક રહેલ મેઘોને જોવાથી ઉન્માદ પામેલા મોરના કેકારવથી વ્યાપ્ત, કોઈક ઠેકાણે સરોવર ઉપર ફરતા સારસ પક્ષીના સ્વર વડે સુંદર, કોઈક ઠેકાણે રક્ત અશોક વન વડે કસુંબી વસ્ત્ર જેવા, કોઈક ઠેકાણે તાલ-તમાલ અને હિંતાલ વૃક્ષ વડે નીલ આકાશ હોય એવા, કોઈક કેકાણે પુષ્પથી યુક્ત કેસૂડાંનાં વૃક્ષો વડે પીળા વસ્ત્રવાળા હોય એવા, કોઈક ઠેકાણે માલતી અને મલ્લિકાના વન વડે શ્વેત વસ્ત્રવાળા હોય એવા—આવા પ્રકારના પર્વતોમાં શ્રેષ્ઠ આઠ યોજન ઊંચો હોવાથી આકાશ પર્યંત ઊંચા હોય એવા તે અષ્ટાપદ પર્વત ઉપર જગદ્ગુરુ ચઢે છે.

તે પર્વત વાયુથી ઉડેલા વૃક્ષના પુષ્પો વડે અને ઝરણાંના પાણી વડે ત્રણ જગતના સ્વામીનો જાણે સત્કાર કરે છે.

### સમવસરણ

હવે સ્વામીના ચરણથી પવિત્રિત તે અષ્ટાપદપર્વત પ્રભુના જન્મ મહોત્સવ વડે પવિત્ર કરાયેલા મેરુપર્વતથી

પોતાને હીન માનતો નથી. હર્ષ પામેલ કોયલ આદિના કૂજિતના બહાના વડે તે અષ્ટાપદ પર્વત જગન્નાથના ગુણોને જાણે વારંવાર ગાય છે.

ત્યાં ચાર પ્રકારના દેવો સમવસરણ રચે છે.

હવે વાયુકુમાર દેવો યોજન પ્રમાણ ક્ષેત્રને વિષે વાસીદું કરનારની જેમ ક્ષણવારમાં તૃણ–કાષ્ઠ આદિને દૂર કરે છે. મેઘકુમાર દેવો તરત જ વાદળાઓને જીવતા બળદની જેવા વિકુર્વીને ગંધજળ વડે તે પૃથ્વીને સિંચન કરે છે, દેવો વિશાળ, સુવર્ણ અને રત્નમય શિલાઓ વડે અરીસાના તળિયા જેવા સમાન પૃથ્વીતળને બાંધે છે.

વ્યંતરદેવો ઈંદ્રધનુષના ખંડની શોભાને વિડંબના કરનાર ઢીંચણપ્રમાણ પુષ્પોની વૃષ્ટિ કરે છે. ચારે ય દિશામાં લીલા વૃક્ષોનાં પાંદડાં વડે યમુના નદીના તરંગની લક્ષ્મી સરખી શોભાવાળા તોરણો કરે છે.

તોરણની ચારે તરફ થાંભલાઓને વિષે સિંધુ નદીને બંને કાંઠે રહેલા મગરની શોભાને વિડંબના કરનારી મગરની આકૃતિઓ શોભે છે, તે તોરણોને વિષે ચાર શ્વેત છત્રો ચાર દિશાની દેવીઓના રજતથી બનાવેલા દર્પણ જેવા પ્રકાશે છે. તેઓને વિષે પવનથી તરંગવાળી આકાશગંગાના ચપળ તરંગના ભ્રમને આપનારા ધ્વજ પટ શોભે છે. દરેક તોરણોની નીચે 'વિશ્વનું અહીં મંગલ છે' એ પ્રમાણે ચિત્રલિપિના વિભ્રમને કરનારા મૌક્તિકના સ્વસ્તિક આદિ હોય છે.

તે પૃથ્વી ઉપર રચેલી પીઠ ઉપર વૈમાનિક દેવો રત્નાકરની લક્ષ્મીનું સર્વસ્વ હોય એવા રત્નમય ગઢને રચે છે. તે ગઢની ઉપર તે દેવો, માનુષોત્તર પર્વતને વિષે ચંદ્ર અને સૂર્યની માળા હોય એવા માણિક્યના કાંગરાની પરંપરાને કરે છે, તે પછી જ્યોતિષ્ક દેવો હિમગિરિનું ગોળાકારે કરેલું એક શિખર હોય એવા સુવર્ણથી બનાવેલા મધ્યમ ગઢને કરે છે. તે કિલ્લા ઉપર દીર્ઘકાળ સુધી પ્રેક્ષકજનોના પ્રતિબિંબવાળા ચિત્રસહિત હોય એવા રત્નમય કાંગરાઓ કરે છે. ભવનપતિ દેવો ગોળાકારે થયેલા શેષનાગના શરીરના ભ્રમને કરાવનારા ત્રીજા રૂપાના ગઢને કરે છે. ત્યાં તેઓ ક્ષીરસમુદ્રના પાણીમાં રહેલા ગરુડની શ્રેણીના વિભ્રમના કારણભૂત કંચનમય કાંગરાઓની પરંપરાને કરે છે.

વળી તે દેવોએ દરેક ગઢમાં ચાર ચાર દરવાજા, યક્ષોએ વિનીતાનગરીના કિલ્લામાં કર્યા હતા, તેમ કર્યા, દરેક દરવાજામાં વ્યંતરદેવો ચક્ષુની રક્ષા કરનાર અંજનરેખા સરખી ધૂપના તરંગને ધારણ કરનારી ધૂપઘટીઓને મૂકે છે. મધ્યગઢની અંદર ઈશાન દિશામાં પ્રભુના વિશ્રામને માટે ઘરમાં દેવાલયની જેમ દેવો દેવચ્છંદો કરે છે, વ્યંતર દેવો સમવસરણના મધ્યભાગમાં પ્રવહણના મધ્યમાં કૂપ સ્તંભની જેવા ત્રણ કોશ પ્રમાણવાળા ચૈત્યવૃક્ષને વિકુર્વે છે, હવે તે દેવો ચૈત્યવૃક્ષની નીચે તે ચૈત્યવૃક્ષ મૂળમાંથી કિરણો વડે પલ્લવિત કરતું હોય તેવી રત્નમય પીઠને

રચે છે, વળી તે દેવો તે પીઠની ઉપર વારંવાર ચૈત્ય-વૃક્ષની શાખાના પર્યંતના પલ્લ વડે પ્રમાર્જન કરાતા રત્નછંદને કરે છે. તેના મધ્યમાં પૂર્વદિશામાં વિકસિત કમળકોશમાં કર્ણિકાની જેવા પાદપીઠ સહિત રત્નસિંહાસનને કરે છે, તે સિંહાસનની ઉપર ચારે તરફથી ચક્રાકારે ભમતા ગંગાનદીના ત્રણ પ્રવાહ હોય એવા ત્રણ છત્રને વિકુર્વે છે, પૂર્વે તૈયાર કરેલું જાણે કોઈ ઠેકાણેથી લાવીને સુર-અસુરોએ અહીં સ્થાપન કર્યું હોય તેમ એવું સમ-વસરણ શોભે છે.

તે પછી જગત્પતિ પૂર્વ દ્વારેથી ભવ્ય જીવોના હૃદય જેવા, મોક્ષના દ્વાર સરખા તે સમવસરણમાં પ્રવેશ કરે છે. તે પછી પ્રભુ તત્કાળ કર્ણના આભૂષણ થતા છે શાખાના પર્યંતના પલ્લવ જેના એવા તે અશોકવૃક્ષને પ્રદક્ષિણા કરે છે. હવે પ્રભુ 'नमो तित्थस्स' એ પ્રમાણે બોલતા પૂર્વ દિશાભિમુખ રાજહંસ જેમ કમળ ઉપર બેસે તેમ સિંહાસન ઉપર બેસે છે.

વ્યંતરદેવો બીજી ત્રણ દિશાઓમાં પરમેષ્ઠિના રત્નસિંહાસનમાં રહેલાં પ્રતિરૂપો વિકુર્વે છે.

તે પછી સાધુ-સાધ્વી અને વૈમાનિક દેવીઓ પૂર્વ-દ્વારેથી પ્રવેશ કરીને જિનેશ્વરને પ્રદક્ષિણા કરીને, ભક્તિ વડે જિનેશ્વરને અને તીર્થને નમસ્કાર કરે છે. ત્યાં પ્રથમ ગઢમાં અગ્નિકોણમાં ધર્મરૂપી ઉદ્યાનમાં મહાવૃક્ષ સરખા સર્વ સાધુઓ બેસે છે અને તેઓની પાછળ વૈમાનિક

દેવીઓ ઊભી રહેલી રહે છે, અને તેઓની પાછળ તેવી રીતે જ સાધ્વીઓ ઊભા રહે છે.

ભવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતરની દેવીઓ દક્ષિણ દરવાજેથી પ્રવેશ કરીને પૂર્વની જેમ અનુક્રમે નૈઋત્ય દિશામાં ઊભી રહે છે. તેમજ ભવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતરદેવો પશ્ચિમ દરવાજેથી પ્રવેશ કરીને પૂર્વના વિધિથી જિનેશ્વરને અને તીર્થને નમસ્કાર કરીને વાયવ્ય દિશામાં અનુક્રમે બેસે છે. તે વખતે ત્યાં ઇંદ્ર નાથને સમવસરેલા જાણીને વિમાનોના સમૂહ વડે આકાશને ઢાંકી દેતો જલદી આવે છે, આવીને ઉત્તરદ્વારેથી પ્રવેશ કરીને ત્રણ પ્રદક્ષિણા કરીને, નમસ્કાર કરીને ભક્તિમંત એવો ઇંદ્ર આ પ્રમાણે સ્તુતિ કરે છે :–

## ઋષભજિનની સ્તુતિ

હે પ્રભુ ! યોગીપુંગવો વડે સર્વ પ્રકારે પણ તમારા ગુણો જાણવા અશક્ય છે, તો સ્તુતિ કરવા યોગ્ય એવા તમારા ગુણો ક્યાં ? અને નિત્ય પ્રમાદમાં તત્પર એવો હું સ્તુતિ કરનાર ક્યાં ? તો પણ હે નાથ ! હું તમારા ગુણોની સ્તુતિ કરીશ. દીર્ઘ માર્ગમાં જતો પાંગળો માણસ શું કોઈથી અટકાવી શકાય છે ?

હે પ્રભુ ! સંસારના દુઃખરૂપી આતપથી ક્લેશ વડે પરાધીન થયેલા પ્રાણીઓને છત્રછાયારૂપ પાદની છાયાવાળા ! તેનાથી અમારૂં રક્ષણ કરો.

હે નાથ! તમે પોતે કૃતાર્થ હોવા છતાં પણ ફક્ત લોકના પરોપકાર માટે વિચારો છો, શું સૂર્ય પોતાના માટે પ્રકાશે છે? મધ્યાહ્નકાળના સૂર્યની જેવા હે પ્રભુ! તમે તપતે છતે પ્રાણીઓના દેહની છાયાની જેમ ચારે તરફથી કર્મ સંકોચ પામે છે.

જેઓ તમને સર્વદા જુએ છે, તે તિર્યંચો પણ ધન્ય છે. તમારા દર્શનથી રહિત સ્વર્ગમાં નિવાસ કરનારા દેવો પણ ધન્ય નથી.

હે ત્રિજગત્પતિ! જેઓના હૃદયરૂપી ચૈત્યને વિષે તમે એક અધિ દેવતા છો, તે ભવ્યજીવો ઉત્કૃષ્ટથી પણ ઉત્કૃષ્ટ છે.

હે નાથ! પૂજ્યપાદ ભગવંતની પાસે એક પ્રાર્થના કરું છું કે– એક ગામથી બીજે ગામ, એક શહેરથી બીજે શહેર વિચરતા છતાં પણ ક્યારે ય મારા હૃદયનો ત્યાગ કરતા નહીં.

આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરીને ઇંદ્ર પંચાંગથી પૃથ્વીતળને સ્પર્શ કરી પ્રણામ કરી ઈશાન દિશામાં બેસે છે.

તેવી જ રીતે પ્રભુના સમાચાર આપવા માટે ત્યાં સ્થાપન કરેલા અષ્ટાપદગિરિના રક્ષક પુરુષો ચક્રવર્તીને 'સ્વામી અહીં સમોસર્યા છે' એ પ્રમાણે કહે છે.

દાનશીલ તે ભરત ચક્રવર્તી જિનેશ્વરના સમાચાર કહેનારા તેઓને સાડા બાર ક્રોડ સુવર્ણ આપે છે, તેવા પ્રકારના પુરુષોને ખરેખર તે થોડું જ છે.

તે પછી તે સિંહાસન ઉપરથી ઉઠીને ભગવંતની દિશાની સન્મુખ સાત આઠ પગલાં જઈને વિનય વડે પ્રણામ કરે છે. પ્રણામ કરીને ફરી સિંહાસન ઉપર બેસીને સ્વામીના ચરણ પાસે જવા માટે ઈંદ્ર જેમ દેવોને બોલાવે તેમ રાજાઓને બોલાવે છે. ભરત રાજાની આજ્ઞા વડે સર્વ રાજાઓ વેલા વડે મોટેથી સમુદ્રના તરંગની પરંપરાની જેમ ચારે તરફથી આવ્યા.

તે વખતે સ્વામીની પાસે જવા માટે પોતાના આરોહકોને ઉતાવળ કરાવતા હોય તેમ હાથીઓ મોટેથી ગર્જના કરે છે, ઘોડાઓ હેષારવ કરે છે, રથિકો અને પગે ચાલનારાઓ હર્ષથી રોમાંચિત થયેલા જાય છે, કારણ કે ભગવંતની પાસે જવા માટે રાજાની આજ્ઞા એ સુગંધી સોના સરખી થાય છે.

જેમ મહાનદીના પૂરના પાણી બન્ને કાંઠામાં સમાય નહિ, તેમ અષ્ટાપદથી અયોધ્યાનગરી સુધી રહેલા પણ સૈન્યો માતાં નથી, તે વખતે આકાશમાં પણ શ્વેત છત્રો વડે અને મોર પીંછથી બનાવેલા છત્રો વડે ગંગા અને યમુના નદીના વેણીસંગ જેવું થાય છે.

અશ્વારોહી સુભટોના હાથના અગ્રભાગમાં રહેલા ભાલાઓ પણ સ્ફુરાયમાન પોતાનાં કિરણો વડે બીજા ભાલા ઊંચા કર્યા હોય એવા શોભે છે.

હાથી ઉપર ચઢેલા વીરકુંજરો વડે હર્ષથી મોટી ગર્જનાઓ કરવાથી હાથીઓ હાથીઓને વહન કરતા

હોય એવા શોભે છે.

સૈન્યો પણ જગત્પતિને પ્રણામ કરવા માટે ચક્રવર્તીથી પણ અત્યંત ઉત્સુક હતા, કારણ કે ખડ્ગ કરતાં પણ મ્યાન અત્યંત તીક્ષ્ણ હોય છે. દ્વારપાળ પણ તેઓના મોટા કોલાહલથી સામાની મધ્યમાં રહેલા ચક્રવર્તીને 'ચારે તરફથી સૈન્યો આવી ગયાં છે' એ પ્રમાણે જણાવે છે.

હવે ચક્રવર્તી જેમ મુનીશ્વર રાગદ્વેષના જય વડે મનશુદ્ધિ કરે, તેમ સ્નાન વડે દેહશુદ્ધિ કરે છે.

તે પછી કર્યું છે પ્રાયશ્ચિત્ત કૌતુકમંગળ જેણે એવો ભરતેશ્વર પોતાના ચરિત્રની જેમ ઉજજવળ વસ્ત્ર–નેપથ્યને પહેરે છે.

મસ્તક ઉપર શ્વેત છત્રવડે બંને બાજુઓ શ્વેત ચામરો વડે શોભતો તે ઘરના છેડે રહેલી વેદિકા પાસે જાય છે, સૂર્ય જેમ પૂર્વાચલ ઉપર ચઢે તેમ તે વેદિકા ઉપર ચઢીને રાજા આકાશના મધ્યની જેવા ઊંચા મહા ગજ ઉપર ચઢે છે.

યંત્રધારા (ફુવારા)ના જળની જેમ ભેરી–શંખ–પટહ આદિ વાજિંત્રોના મહા–શબ્દ વડે આકાશના વિસ્તારને ભરી દેતો, મેઘની જેમ મદ રૂપી જળવાળા હાથીઓ વડે દિશાઓને રૂંધતો, સાગર જેમ તરંગ વડે તેમ ઘોડાઓ વડે પૃથ્વીને ઢાંકી દેતો, યુગલિક નરો વડે કલ્પવૃક્ષની જેમ હર્ષ અને ત્વરાથી યુક્ત, અંતઃપુરના

પરિવાર સહિત તે ભરત મહારાજા ક્ષણવારમાં અષ્ટાપદ પર્વત પાસે પહોંચે છે.

તે હાથી ઉપરથી ઉતરીને મહાગિરિ ઉપર ચઢે છે, જેવી રીતે સંયમની ઇચ્છાવાળો ગૃહસ્થધર્મથી ઊંચા ચારિત્ર ઉપર ચઢે તેમ તે ઉત્તર દ્વારેથી સમવસરણમાં પ્રવેશ કરીને આનંદના કંદને ઉત્પન્ન કરવામાં મેઘ સરખા પ્રભુને જુએ છે. ત્રણ પ્રદક્ષિણા કરીને પ્રભુના ચરણકમળને નમસ્કાર કરીને મસ્તકને વિષે બે હાથ જોડી ભરત આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કરે છે :–

હે સ્વામિન્! મારા જેવાએ તમારી સ્તુતિ કરવી તે કળશ વડે સમુદ્રને માપવા જેવું છે. તો પણ નિરંકુશ એવો હું ભક્તિ વડે તમારી સ્તુતિ કરીશ. હે પ્રભુ! જેમ દીપકના સંપર્કથી વાટ પણ દીપપણાને પામે છે, તેમ તમારો આશ્રય કરનારા ભવ્ય જીવો તમારા સરખા થાય છે. મદોન્મત્ત ઇંદ્રિયરૂપી હાથીઓના મદને હરણ કરવામાં ઔષધ સમાન, માર્ગને બતાવનાર એવું તમારું શાસન વિજયવંત વર્તે છે, હે ત્રણ ભુવનના સ્વામી! ઘાતીકર્મોને હણીને જે બાકીના કર્મોની ઉપેક્ષા કરો છો તે તો ત્રણ ભુવનને અનુગ્રહ કરવા માટે હોય એમ હું માનું છું. હે પ્રભુ! તમારા ચરણમાં લાગેલા ભવ્ય પ્રાણીઓ ગરુડની પાંખમાં રહેલા મનુષ્યો જેમ સમુદ્રને ઓળંગે તેમ સંસાર સમુદ્રને ઓળંગી જાય છે, અનંત કલ્યાણરૂપી વૃક્ષને ઉલ્લાસ પમાડનારા દોહદ જેવું,

જગતના મહામોહરૂપી નિદ્રાને દૂર કરવામાં પ્રાતઃકાળ સરખું તમારું દર્શન જયવંતું વર્તે છે. તમારા ચરણ-કમળના સ્પર્શથી પ્રાણીઓનાં કર્મો નાશ પામે છે, કારણ કે ચંદ્રના કોમળ કિરણોથી પણ હાથીના દાંત ફૂટે છે. હે જગન્નાથ! જેમ મેઘની વૃષ્ટિ અને ચંદ્રનો પ્રકાશ સર્વને સાધારણ હોય છે તેમ તમારો પ્રસાદ પણ સર્વને સાધારણ જ છે.

આ પ્રમાણે ઋષભનાથની સ્તુતિ કરીને અને પ્રણામ કરીને ભરતેશ્વર સામાનિકદેવની જેમ ઈંદ્રની પાછળ બેસે છે, દેવોની પાછળ બીજા મનુષ્યો બેસે છે, મનુષ્યોની પાછળ સ્ત્રીઓ ઊભી રહે છે.

આ પ્રમાણે પ્રથમ ગઢની અંદર ચતુર્વિધ સંઘ, નિષ્પાપ એવા શ્રી જિનશાસનમાં ચતુર્વિધ ધર્મની જેમ રહે છે, બીજા ગઢમાં વિરોધીઓ પણ સગાભાઈની જેમ સ્નેહ સહિત અને હર્ષ સહિત તિર્યંચો રહે છે. ત્રીજા કિલ્લાની અંદર આવેલા રાજા વગેરેના દેશના સાંભળવામાં ઊંચા કાનવાળા હાથી ઘોડા આદિ વાહનોની પરંપરા રહે છે.

ત્રિભુવનસ્વામી સર્વભાષાને અનુસરતી મેઘના અવાજ સરખી ગંભીર વાણી વડે ધર્મદેશના કરે છે. તે વખતે હર્ષ વડે જિનેશ્વરની દેશનાને સાંભળતા તિર્યંચ, મનુષ્ય અને દેવો અત્યંત ભારથી મુક્ત થયા હોય તેમ, વાંછિત પદ પ્રાપ્ત કર્યું હોય તેમ, અભિષેકકલ્યાણ કર્યું હોય

તેમ, ધ્યાનમાં રહ્યા હોય તેમ, અહમિંદ્રપણાને પામ્યા હોય તેમ, પરમબ્રહ્મપદને પામ્યા હોય તેવા થયા.

દેશનાને અંતે ભરતરાજા મહાવ્રતને ગ્રહણ કરેલા પોતાના ભાઈઓને જોઈને ઉત્પન્ન થયેલો મનમાં સંતાપ જેને એવો આ પ્રમાણે વિચારે છે:– આ ભાઈઓના રાજ્યને ગ્રહણ કરતાં ભસ્મકરોગીની જેવા નિરંતર અતૃપ્ત મનવાળા અરે! મેં શું કર્યું? ભોગફળવાળી આ લક્ષ્મીને બીજાઓને પણ હું આપું છું, મૂઢ એવા મારું તે દાન ભસ્મમાં હોમેલા ઘીની જેમ નકામું જ છે.

કાગડાઓ પણ કાગડાઓને બોલાવીને, બીજાઓને આપીને ભોગવે છે, ખાય છે, હું તો કાગડાઓ કરતાં પણ હીન છું, કારણકે બંધુઓ વિના ભોગોને ભોગવું છું.

ફરીથી પણ મારા પુણ્યોદયવડે જો ફરીથી આ અપાતા ભોગોને માસક્ષપણ કરનાર સાધુઓ ભિક્ષાને ગ્રહણ કરે તેમ ગ્રહણ કરે તો સારું, એમ વિચારીને ભરત જગદ્‌ગુરુના ચરણના મૂળમાં જઈને બે હાથ જોડી પોતાના બંધુઓને ભોગ માટે નિમંત્રણ કરે છે.

તે વખતે ઋષભનાથ આ પ્રમાણે કહે છે કે:– હે રાજન્! સરલ આશયવાળા. તારા બંધુઓ મહાસત્ત્વ-શાળી, મહાવ્રતની પ્રતિજ્ઞાવાળા સંસારની અસારતા જાણીને ચારે તરફથી ત્યાગ કર્યો છે પૂર્વના ભોગોને જેણે એવા એ વમન કર્યાની જેમ ફરીથી તેઓ ભોગોને સ્વીકારે નહિ.

આ પ્રમાણે સ્વામી વડે ભોગોમાં નિષેધ કરાયેલો ભરતેશ્વર પશ્ચાત્તાપયુક્ત મનવડે ફરીથી વિચારે છે કે :— જોકે સંગનો ત્યાગ કર્યો છે જેણે એવા તેઓ ભોગોને તો ન ભોગવે, તો પણ તેઓ પ્રાણને ધારણ કરાવનાર આહારને તો ખાશે; એ પ્રમાણે વિચારીને મોટેથી પાંચસો ગાડાઓ દ્વારા આહાર મંગાવીને તે ભરત પૂર્વની જેમ બંધુઓને નિમંત્રે છે.

પ્રભુ ફરીથી પણ આ પ્રમાણે કહે છે કે:— ભરતેશ્વર ! "સાધુ નિમિત્તે લાવેલા આધાકર્મિક અન્ન આદિ મુનિઓને કલ્પે નહિ" આ પ્રમાણે નિષેધ કરાયેલો ભરત ફરીથી પણ નહિ કરેલા અને નહિ કરાયેલા અશન આદિ વડે આમંત્રણ કરે છે, કારણકે જ્યાં સરળપણું હોય ત્યાં બધું શોભે છે.

ધર્મચક્રી શ્રી ઋષભદેવ પ્રભુએ 'હે રાજેન્દ્ર ! મહર્ષિઓને રાજ્યપિંડ પણ ન કલ્પે' એ પ્રમાણે ચક્રવર્તીને નિષેધ કર્યો.

તે વખતે 'સ્વામીએ મને બધી રીતે નિષેધ કર્યો' એ પ્રમાણે મોટા પશ્ચાત્તાપ વડે રાહુ વડે ચંદ્રની જેમ તે દુઃખી થયો.

તે વખતે ઇંદ્ર ભરતરાજાના વિલખાપણાને જાણીને પ્રભુને પૂછે છે કે—'કેટલા પ્રકારનો અવગ્રહ હોય ?'

સ્વામી પણ કહે છે કે:—ઇંદ્ર, ચક્રી, નરેન્દ્ર, ગૃહસ્થ

અને સાધુ સંબંધીના ભેદથી પાંચ પ્રકારે અવગ્રહ હોય. તેઓમાં ઉત્તર–ઉત્તર અવગ્રહ વડે પૂર્વ–પૂર્વ અવગ્રહ બાધિત થાય છે, કારણ કે પૂર્વોક્ત અને પરોક્ત વિધિમાં પરોક્ત વિધિ બળવાન થાય.

તે વખતે ઇંદ્ર પણ કહે છે કે :–'હે દેવ! જે સાધુઓ મારા અવગ્રહમાં વિચરે છે તેઓને મેં મારા અવગ્રહની અનુજ્ઞા આપી.'

આ પ્રમાણે કહીને સ્વામીના ચરણોને વંદન કરી ઇંદ્ર ઊભો રહ્યો છતે ભરતેશ્વર પણ ફરીથી આ પ્રમાણે વિચારે છે કે :–જો કે આ મુનિઓએ મારું અશન આદિ તો ન લીધું, તો પણ હું પોતાના અવગ્રહની અનુજ્ઞા વડે કૃતાર્થ થાઉં, એ પ્રમાણે હૃદયમાં વિચારીને પ્રસન્ન હૃદયવાળો મહીપતિ ઇંદ્રની જેમ પૂજ્ય સ્વામીની આગળ પોતાના અવગ્રહની અનુજ્ઞા આપે છે.

તે પછી તે ભરત સમાનધર્મી ઇંદ્રને પૂછે છે કે :– હમણાં આ ભક્ત–પાન આદિનું મારે શું કરવું ? આ ભક્ત–પાન આદિ ઉત્તમ ગુણવાળાને આપવું જોઈએ, એ પ્રમાણે ઇંદ્રે કહેવાથી તે આ પ્રમાણે વિચારે છે કે:–સાધુઓ સિવાય બીજા કોણ ઉત્તમ ગુણવાળા છે ? અરે ! જાણ્યું ! અથવા ખરેખર દેશવિરતિ શ્રાવકો મારાથી ઉત્તમ ગુણ-વાળા છે, તેઓને મારે આ આપવું જોઈએ. 'આ જ કરવા લાયક છે,' એમ નિર્ણય કરીને ચક્રવર્તી ઇંદ્રના દેદીપ્યમાન આકૃતિવાળા રૂપને જોઈને વિસ્મય પામીને

પૂછે છે કેઃ– હે દેવેન્દ્ર ! તમે દેવલોકમાં પણ શું આવા રૂપે રહો છો ? અથવા બીજા રૂપે ? કારણ કે દેવો ઇચ્છા મુજબ રૂપવાળા હોય છે.

દેવેન્દ્ર કહે છે કેઃ–હે રાજન્ ! અમારું આવું રૂપ ત્યાં ન હોય, ત્યાં જે રૂપ હોય તે મનુષ્યોથી જોઈ પણ શકાય નહિ.

ભરત કહે છે કેઃ– હે સુરપતિ ! પોતાની તે દિવ્ય આકૃતિ દેખાડવા વડે ચંદ્ર જેમ ચકોરને આનંદ પમાડે તેમ મારા નેત્રોને આનંદ પમાડો.

તે વખતે ઇંદ્ર કહે છે કેઃ– હે રાજન્ ! તું ઉત્તમ પુરુષ છે તેથી તારી પ્રાર્થના ફોગટ ન થાય. તેથી તને આ અંગનું અવયવ બતાવીશ; એમ કહીને ઇંદ્ર ઉચિત અલંકારો વડે શોભતી જગતરૂપી ઘરને વિષે એક દીપિકા સરખી પોતાની એક આંગળીને બતાવે છે.

ભરતરાજા, સમુદ્ર જેમ પૂર્ણિમાના ચંદ્રને જોઈને આનંદ પામે તેમ, વિકસિત દેદીપ્યમાન કાંતિવાળી તે ઇંદ્રની આંગળીને જોઈને પ્રમુદિત ચિત્તવાળો થયો.

હવે ઇંદ્ર ભગવંતને પ્રણામ કરીને અને રાજાનું સન્માન કરીને તે જ વખતે સંધ્યાના વાદળાની જેમ અંતર્ધાન થયો.

હવે ચક્રવર્તી પણ ઇંદ્રની જેમ પ્રભુને વંદન કરીને, ચિત્તમાં પોતાના કાર્યોને વિચારતો વિનીતાનગરીમાં જાય છે, ત્યાં રત્નનિર્મિત ઇંદ્રની આંગળીની સ્થાપના

કરીને ભરતરાજા અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. ખરેખર! સજ્જનોને ભક્તિમાં અને સ્નેહમાં પણ તુલ્ય જ કરવું જોઈએ.

ત્યારથી માંડીને ઇંદ્રસ્તંભ ઊભો કરીને લોકોએ ઇંદ્ર મહોત્સવની શરુઆત કરી, જે આજે પણ વર્તે છે.

તે પછી ભગવાન નાભિનંદન ભવ્યજીવોરૂપી કમળોને બોધ કરનારા અષ્ટાપદ પર્વત ઉપરથી બીજે સ્થળે સૂર્ય જેમ એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં વિચરે તેમ વિચરે છે.

## ભરતનું શ્રાવકોને ભોજન આપવું

હવે ભરતરાજા શ્રાવકોને બોલાવીને આ પ્રમાણે કહે છે:– તમારે હંમેશાં મારા ઘરે આવીને ભોજન કરવું. કૃષિકર્મ આદિ ન કરવું, પરંતુ અપૂર્વ જ્ઞાન ગ્રહણ કરતાં ઉત્તમ ધ્યાનમાં તત્પર થઈ હંમેશાં રહેવું, ભોજન કરીને મારી પાસે આવી તમારે હંમેશાં કહેવું કે:– ‘ તમે જીતાયા છો, ભય વધે છે, તેથી ન હણો, ન હણો.’

તે શ્રાવકો ‘ તેમ થાઓ ’ એમ સ્વીકારીને ભરત-રાજાના ઘરે જમે છે, તેમ જ તે વચનને સ્વાધ્યાયની જેમ તત્પર થઈ ભણે છે.

દેવની જેમ કામભોગમાં આસક્ત પ્રમત્ત એવો તે રાજા તે શબ્દ સાંભળવા વડે જ આ પ્રમાણે વિચારે છે: ‘ હું કોના વડે જીતાયો છું ? હં, જાણ્યું. હું કષાયોવડે જીતાયો છું, મને કોનાથી ભય છે ? તે કષાયોથી જ. તેથી પ્રાણીઓને ન હણવા જોઈએ. આ પ્રમાણે વિવેકવંત

શ્રાવકો મને હંમેશાં યાદ કરાવે છે, અહો ! મારું પ્રમાદીપણું ! અહો ! મારું ધર્મમાં ઉદાસીનપણું ! અહો ! મારું સંસારરાગીપણું.! અહો ! મહાપુરુષોને ઉચિત આચારથી વિપરીતપણું.! આ વિચારણાવડે, લવણસમુદ્રમાં ગંગાના પ્રવાહની જેમ પ્રમાદમાં તત્પર એવા તેનામાં ક્ષણવાર ધર્મધ્યાન પ્રવર્તે છે; પરંતુ અનાદિ કાળના મોહના અભ્યાસવડે ફરીથી પણ રાજા શબ્દ આદિ ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત થાય છે, કારણકે ભોગફળ કર્મ અન્યથા કરવા માટે કોઈપણ સમર્થ નથી.

હવે એક વખત રસોઈયાઓના અધિપતિએ રાજાને વિજ્ઞપ્તિ કરી કેઃ– 'આ શ્રાવક છે કે અશ્રાવક ?' એ ઘણા હોવાથી ઓળખી શકાતા નથી.

ભરતરાજા રસોઈયાઓને કહે છે કે :– તમારે 'આ શ્રાવક છે' તેની પરીક્ષા કરીને હવે પછી ભોજન આપવું.

આ પ્રમાણે સાંભળીને તે રસોઈયા પૂછે કે :–' તમે કોણ છો ?' તેઓ કહે છે કે–' અમે શ્રાવકો છીએ !' શ્રાવકોના કેટલા વ્રતો હોય છે તે અમને કહો.

હવે તેઓ કહે છે કેઃ–અમારે શ્રાવકોને તે ન હોય, પરંતુ અમારે હંમેશાં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત હોય છે. આ પ્રમાણે પરીક્ષામાં પસાર થયેલા તેઓને રસોઈયાઓ ભરત રાજાને બતાવે છે.

ભરતરાજા તેઓના કાકિણી રત્નવડે જ્ઞાનદર્શન અને ચારિત્રની નિશાનીરૂપ ત્રણ રેખા જનોઈની જેમ શુદ્ધિ

નિમિત્તે કરે છે. આ પ્રમાણે આઠ–આઠ વર્ષે તેઓ પરીક્ષા કરે છે અને તે પ્રમાણે જ શ્રાવકોને કાકિણી રત્ન વડે ચિહ્ન કરે છે. કાકિણીરત્નના ચિહ્નવાળા તેઓ ભોજન મેળવે છે. હવે તેઓ પણ મોટેથી 'આપ જીતાયા છો, ભય વધે છે' ઇત્યાદિ બોલે છે, તેથી તેઓ 'માહણ' થયા.

તે માહણો પોતાના બાળકો સાધુઓને આપે છે, તેઓમાંના કેટલાક વિરક્ત બની વ્રત ગ્રહણ કરે છે, કેટલાક પરિષહને ન સહન કરી શકનારા શ્રાવકપણું સ્વીકારે છે, તેઓ પણ તેવી રીતે જ કાકિણીરત્નના ચિહ્નવાળા થયા થકા ભોજન કરે છે.

'ભરતરાજાએ આમને ભોજન આપ્યું' એથી લોક પણ શ્રદ્ધા વડે તેઓને ભોજન આપે છે, કારણકે 'પૂજ્યો વડે પૂજાયેલ કોના વડે પૂજાતો નથી?'

ભરતચક્રી તેઓના સ્વાધ્યાય માટે અરિહંતની સ્તુતિ, મુનિ અને શ્રાવકની સામાચારીથી પવિત્રિત એવા આર્ય વેદોને રચે છે, અનુક્રમે તે માહણો 'બ્રાહ્મણ' એ પ્રમાણે પ્રસિદ્ધિને પામ્યા. કાકિણીરત્નની રેખાઓ તે યજ્ઞોપવીત (જનોઈ) પણાને પામી. આ પ્રમાણે સ્થિતિ ભરતના રાજ્યમાં હતી.

ભરતરાજાના પુત્ર આદિત્યયશાએ વળી કાકિણી-રત્નના અભાવથી સુવર્ણની જનોઈ કરી. મહાયશા વગેરે

કેટલાક રાજાઓએ રૂપામય, અન્ય રાજાઓએ પટ્ટસૂત્રમય અને બીજાઓએ સૂત્રમય જનોઈ કરી.

ભરતરાજાથી આદિત્યયશા, તેનાથી મહાયશા, તે પછી અનુક્રમે અતિબલ, બલભદ્ર, બલવીર્ય, કીર્તિવીર્ય, જલવીર્ય અને તે પછી આઠમો દંડવીર્ય રાજા થયો. એ પ્રમાણે આઠ પુરુષ સુધી આ આચાર પ્રવર્ત્યો.

આ રાજાઓએ ચારે તરફથી ભરતાર્ધને ભોગવ્યું અને ભગવંતને ઇંદ્રે આપેલો મુગટ મસ્તક ઉપર તેઓએ ધારણ કર્યો. તે પછીના બીજા રાજાઓ વડે તે મોટા પ્રમાણવાળો હોવાથી ઉપાડી શકાતો ન હતો. હાથીનો ભાર હાથી જ ઉપાડી શકે, બીજા નહિ.

નવમા–દશમા તીર્થંકરની વચ્ચે સાધુધર્મનો વિચ્છેદ થયો. તે પછી પણ સાત જિનેશ્વરોના આંતરામાં એ પ્રમાણે સાધુધર્મનો વિચ્છેદ થયો.

તે વખતે જે અરિહંતસ્તુતિ, યતિધર્મ અને શ્રાવક ધર્મમય આર્યવેદો હતા તે પાછળથી સુલસા–યાજ્ઞવલ્કય આદિવડે અનાર્ય વેદો કરાયા.

આ તરફ ભરતરાજા શ્રાવકોને દાન આપવા વડે, કામક્રીડા વડે અને બીજા વિનોદો વડે દિવસોને પસાર કરતો રહે છે.

એક વખત ભગવાન ઋષભપ્રભુ પૃથ્વીને ચરણો વડે, ચંદ્ર જેમ આકાશને પવિત્ર કરે તેમ પવિત્ર કરતા અષ્టા-પદ મહાપર્વત ઉપર આવે છે. તે વખતે તરત જ દેવ-

ગણોએ બનાવેલ સમવસરણમાં જગન્નાથ બેસે છે અને ધર્મદેશના કરે છે.

જિનેશ્વરના આગમનના સમાચાર ત્યાં વાયુની જેમ ઉતાવળા નિયુક્ત પુરુષોએ આવીને ભરતેશ્વરને જણાવ્યા. ભરતરાજા તેઓને પૂર્વની જેટલું ઈનામ આપે છે, કારણ કે કલ્પવૃક્ષ દિવસે દિવસે આપવા છતાં પણ ક્ષય પામતું નથી.

તે ભરતચક્રી અષ્ટાપદ પર્વત ઉપર સમવસરેલા સ્વામી પાસે આવીને પ્રદક્ષિણા કરીને નમસ્કાર કરીને આ પ્રમાણે સ્તુતિ કરે છે :—

હે જગત્પતિ! હું મૂર્ખ હોવા છતાં પણ તમારા પ્રભાવથી તમારી સ્તુતિ કરું છું, કારણ કે ચંદ્રને જોનારાની મંદ દૃષ્ટિ પણ નિર્મળ થાય છે,

હે સ્વામી! મોહરૂપી અંધકારમાં ડૂબેલા જગતને પ્રકાશ આપનારા દીપક! તમારું આકાશની જેમ અનંત કેવળજ્ઞાન જયવંતુ વર્તે છે. હે નાથ! પ્રમાદરૂપી નિદ્રામાં ઊંઘેલા મારા જેવા પુરુષોને બોધ કરવા માટે સૂર્યની જેમ તમે વારંવાર ગમનાગમન કરો. હે સ્વામી! લાખો જન્મથી ઉપાર્જેલું કર્મ તમને જોવાથી વિનાશ પામે છે. કાળે કરીને થીજી ગયેલું ઘી પણ અગ્નિ વડે ઓગળી જાય છે. એકાંત સુષમ કાળ કરતાં પણ આ સુષમ–દુષમ-કાળ પણ વધારે સારો છે, જ્યાં કલ્પવૃક્ષ કરતાં પણ વિશિષ્ટ ફળ આપનારા તમે ઉત્પન્ન થયા છો.

હે સમર્થ ભુવનના સ્વામી ! રાજા ગામ કરતાં અને ભુવન કરતાં પણ પોતાની નગરીને ચઢિયાતી કરે છે, તેમ તમે આ ભુવનને ભૂષિત કરેલ છે, પિતા–માતા–ગુરુ–અને સ્વામી એ બધા જે કરતા નથી તે તમે એક હોવા છતાં પણ અનેક જેવા થઈને હિત કરો છો.

જેમ ચંદ્ર વડે રાત્રી, જેમ હંસ વડે મહાસરોવર, જેમ તિલક વડે મુખ શોભે છે, તેમ તમારા વડે આ ભુવન શોભે છે.

આ પ્રમાણે વિનય યુક્ત ભરતેશ્વર વિધિપૂર્વક ભગવંતની સ્તુતિ કરીને અને પ્રણામ કરીને યથાસ્થાને બેસે છે.

### ભગવંત પ્રત્યે ભરતરાજાની પૃચ્છા

ભગવંત! યોજનગામિની અને મનુષ્ય–તિર્યંચ અને દેવલોકોને પોતપોતાની ભાષામાં સમજાય એવી વાણી વડે જગતને ઉપકાર કરવા માટે દેશના કરે છે દેશના પૂર્ણ થયે છતે ભરતેશ્વર પ્રભુને નમીને રોમાંચિત શરીરવાળો બે હાથ જોડી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરે છે કે:–હે નાથ! આ ભરતભૂમિમાં જેવી રીતે તમે વિશ્વને હિત કરનારા છો, તેમ બીજા કેટલા ધર્મ ચક્રવર્તી થશે? અને તેઓના નગર, ગોત્ર, માતા, પિતા, નામ, આયુષ્ય, વર્ણ, માન, અંતર, દીક્ષા અને ગતિ મને કહો.

હવે પ્રભુ કહે છે કે:–આ ભરતક્ષેત્રમાં બીજા ત્રેવીશ તીર્થંકર અને અગ્યાર ચક્રવર્તી થશે. તેમાં વીશમા અને બાવીશમા તીર્થંકર ગૌતમગોત્રમાં ઉત્પન્ન થયેલા અને

બીજા બાવીશ જિનેશ્વરો કાશ્યપગોત્રી જાણવા. સર્વે જિનેશ્વરો મોક્ષગામી હોય છે. ૧

અયોધ્યાનગરીમાં જિતશત્રુરાજા અને વિજયાદેવીના પુત્ર, બોંતેર લાખ પૂર્વના આયુષ્યવાળા, સુવર્ણ સરખી કાંતિવાળા, સાડા ચારસો ધનુષ્ય દેહની ઊંચાઈવાળા, એક પૂર્વાંગ હીન એક લાખ પૂર્વ પ્રમાણ વ્રતના પર્યાયવાળા બીજા અજિતનાથ તીર્થંકર થશે, મારા નિર્વાણથી અજિતજિનના નિર્વાણકાળનું પચાસ લાખ કોટી સાગરોપમનું અંતર જાણવું. ૨

શ્રાવસ્તિ નગરીમાં જિતારિરાજા એને સેનાદેવીના પુત્ર સુવર્ણસમાન કાંતિવાળા, સાઠ લાખ પૂર્વના આયુષ્યવાળા, ચારસો ધનુષ્ય ઊંચા, ચાર પૂર્વાંગહીન એક લાખ પૂર્વ દીક્ષાપર્યાયવાળા ત્રીજા સંભવનાથ થશે. અજિતજિન અને સંભવજિનના નિર્વાણનું અંતર ત્રીશ લાખ કરોડ સાગરોપમ જાણવું. ૩

વિનીતાનગરીમાં સંવરરાજા અને સિદ્ધાર્થાદેવીના પુત્ર, કંચનવર્ણવાળા, પચાસ લાખ પૂર્વના આયુષ્યવાળા, સાડાત્રણસો ધનુષ્ય પ્રમાણ શરીરવાળા, આઠ પૂર્વાંગહીન એક લાખ પૂર્વ વ્રતના પર્યાયવાળા ચોથા અભિનંદન જિનેશ્વર થશે, અને દશ લાખ કરોડ સાગરોપમનું અંતર જાણવું. ૪

તે નગરીમાં મેઘરાજા અને મંગલાદેવીના પુત્ર સુવર્ણ સરખી કાંતિવાળા, બેંતાલીશ લાખ પૂર્વના આયુષ્યવાળા

ત્રણસો ધનુષ્યના દેહવાળા, બાર પૂર્વાંગહીન એક લાખ પૂર્વના વ્રતવાળા પાંચમા સુમતિનાથ અરિહંત થશે, અને આંતરું નવલાખ ક્રોડ સાગરોપમ જાણવું. ૫

કૌશાંબી નગરીમાં ધરરાજા અને સુસીમાદેવીના પુત્ર, રક્ત વર્ણવાળા, ત્રીશ લાખ પૂર્વના આયુષ્યવાળા, અઢીસો ધનુષ્ય પ્રમાણ દેહવાળા, સોળ પૂર્વાંગ ન્યૂન એક લાખ પૂર્વ વ્રતવાળા છઠ્ઠા પદ્મપ્રભ તીર્થંકર થશે. આંતરું નેવું હજાર ક્રોડ સાગરોપમ જાણવું. ૬

વાણારસી નગરીમાં પ્રતિષ્ઠા રાજા અને પૃથ્વીદેવીના પુત્ર, સુવર્ણની કાંતિવાળા, વીશ લાખ પૂર્વના આયુષ્યવાળા, બસો ધનુષ શરીરવાળા, વીશ પૂર્વાંગહીન એક લાખ પૂર્વ વ્રતવાળા, સાતમા સુપાર્શ્વ નામે જિનેશ્વર થશે, આંતરું નવહજાર ક્રોડ સાગરોપમ જાણવું. ૭

ચંદ્રાનન નગરમાં મહાસેન રાજા અને લક્ષ્મણાદેવીના પુત્ર, દશ લાખ પૂર્વના આયુષ્યવાળા, શ્વેતવર્ણવાળા, દોઢસો ધનુષ્ય ઊંચાઈવાળા, ચોવીશ પૂર્વાંગહીન એક લાખ પૂર્વ વ્રતવાળા, આઠમા ચંદ્રપ્રભ તીર્થંકર થશે. આંતરું નવસો ક્રોડ સાગરોપમ જાણવું. ૮

કાકંદીનગરીમાં સુગ્રીવરાજા અને રામદેવીના પુત્ર શ્વેતવર્ણવાળા, બે લાખ પૂર્વના આયુષ્યવાળા, એકસો ધનુષ્યના દેહવાળા, અઠ્ઠાવીશ પૂર્વાંગહીન એક લાખ પૂર્વ વ્રત પર્યાયવાળા, નવમા સુવિધિ તીર્થંકર થશે. આંતરું નેવું ક્રોડ સાગરોપમ જાણવું. ૯

ભદ્દિલપુરમાં દૃઢરથ રાજા અને નંદાદેવીના પુત્ર સુવર્ણ સમાન કાંતિવાળા, એક લાખ પૂર્વના આયુષ્યવાળા, નેવું ધનુષ્યની ઊંચાઈ વાળા, પચીશ હજાર પૂર્વ વ્રત પર્યાયવાળા, દશમા શીતલ નામે અરિહંત થશે. આંતરું નવ ક્રોડ સાગરોપમનું જાણવું. ૧૦

સિંહપુરમાં વિષ્ણુરાજા અને વિષ્ણુદેવીના પુત્ર સુવર્ણ સરખી કાંતિવાળા, એંશી ધનુષ્ય ઊંચા દેહવાળા, ચોરાશી લાખ વર્ષના આયુષ્યવાળા, એકવીશ લાખ વર્ષ વ્રતના પર્યાયવાળા અગ્યારમા શ્રેયાંસ જિનેશ્વર થશે. જિનેશ્વરોનું અંતર છાસઠ લાખ, છવીશ હજાર, એકસો સાગરોપમ હીન એક ક્રોડ સાગરોપમ જાણવું. ૧૧

ચંપાનગરીમાં વસુપૂજ્ય રાજા અને જયાદેવીના પુત્ર પુત્ર બોંતેર લાખ વર્ષના આયુષ્યવાળા, સીત્તેર ધનુષ્ય ઊંચા, રક્તવર્ણવાળા, ચોપન લાખ વર્ષ વ્રતના પર્યાયવાળા, બારમા વાસુપૂજ્ય તીર્થંકર થશે. તેમ જ આંતરું ચોપન સાગરોપમ જાણવું. ૧૨

કાંપિલ્યનગરમાં કૃતવર્મરાજા અને શ્યામાદેવીના પુત્ર, સાઠલાખ વર્ષના આયુષ્યવાળા, સાઠ ધનુષના દેહવાળા, સુવર્ણ સરખી કાંતિવાળા, પંદર લાખ વર્ષ વ્રતપર્યાયવાળા, તેરમા વિમલ જિનેશ્વર થશે. વાસુપૂજ્યના નિર્વાણ અને વિમલજિનના નિર્વાણના આંતરામાં ત્રીશ સાગરોપમ થશે. ૧૩

અયોધ્યાનગરીમાં સિંહસેન રાજા અને સુયશાદેવીના પુત્ર, કનકવર્ણવાળા, ત્રીસ લાખ વર્ષના આયુષ્યવાળા, પચાસ ધનુષના દેહવાળા, સાડાસાત લાખ વર્ષના વ્રત-પર્યાયવાળા, ચૌદમા અનંતનાથ જિનેશ્વર થશે. વિમલ-જિનના મોક્ષ અને અનંતજિનના મોક્ષનું આંતરું નવ સાગરોપમ જાણવું. ૧૪

રત્નપુરમાં ભાનુરાજા અને સુવ્રતાદેવીના પુત્ર કનક સરખી કાંતિવાળા, દશ લાખ વર્ષના આયુષ્યવાળા, પીસ્તાલીશ ધનુષ્ય દેહવાળા, અઢી લાખ વર્ષના વ્રતપર્યાયવાળા, પંદરમા ધર્મનાથ જિનેશ્વર થશે, અનંતજિન અને ધર્મ-જિનના નિર્વાણનું આંતરું ચાર સાગરોપમ પ્રમાણ જાણવું. ૧૫

ગજપુરનગરમાં વિશ્વસેનરાજા અને અચિરાદેવીના પુત્ર સુવર્ણસમ કાંતિવાળા, એક લાખ વર્ષના આયુષ્ય-વાળા, ચાલીશ ધનુષ્ય દેહના પ્રમાણવાળા, પચીશ હજાર વર્ષ વ્રતના પર્યાયવાળા સોળમા શ્રી શાંતિનાથ જિનવર થશે, પોણા ($\frac{3}{4}$) પલ્યોપમ ઓછું ત્રણ સાગરોપમ આંતરું જાણવું. ૧૬

ગજપુરનગરમાં સૂરરાજા અને શ્રીદેવીના પુત્ર, સુવર્ણસમાન કાંતિવાળા પંચાણું હજાર વર્ષના આયુષ્ય-વાળા, પાંત્રીશ ધનુષ્ય ઊંચા, ત્રેવીશ હજાર અને સાડા સાતસો વર્ષ વ્રતના પર્યાયવાળા સત્તરમા કુંથુનાથ તીર્થંકર થશે. તેઓનું આંતરું અર્ધપલ્યોપમ જાણવું. ૧૭

ગજપુર નગરમાં સુદર્શનરાજા અને દેવીના પુત્ર સુવર્ણસમકાંતિવાળા, ચોરાશીહજાર વર્ષના આયુષ્યવાળા, ત્રીશ ધનુષ્ય ઊંચા દેહવાળા, એકવીશ હજાર વર્ષ વ્રત પર્યાયવાળા, અઢારમા અર નામે જિનેશ્વર થશે. એક હજાર ક્રોડ વર્ષ ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ જિનોનું આંતરું જાણવું. ૧૮

મિથિલા નગરીમાં કુંભરાજા અને પ્રભાવતી દેવીના પુત્રી, નીલવર્ણના દેહવાળા, પચીશ ધનુષ્ય ઊંચાઈવાળા, પંચાવન હજાર વર્ષના આયુષ્યવાળા, એકસો વર્ષ ન્યૂન પંચાવન હજાર વર્ષના વ્રતપર્યાયવાળા મલ્લિનાથ જિનેશ્વર થશે. જિનોનું આંતરું હજારક્રોડ વર્ષ પ્રમાણ જાણવું. ૧૯

રાજગૃહ નગરમાં સુમિત્ર રાજા અને પદ્માદેવીના પુત્ર કૃષ્ણવર્ણવાળા, ત્રીશ હજાર વર્ષના આયુષ્યવાળા, વીશ ધનુષ ઊંચા દેહવાળા, સાડા સાત હજાર વર્ષના વ્રત પર્યાયવાળા વીશમા મુનિસુવ્રત જિનેશ્વર થશે. ચોપન લાખ વર્ષ જિનોનું આંતરું જાણવું ૨૦

મિથિલાનગરીમાં વિજયરાજા અને વપ્રાદેવીના પુત્ર, સુવર્ણસમ કાંતિવાળા, દશ હજાર વર્ષના આયુષ્યવાળા, પંદર ધનુષ્યના દેહવાળા, અઢી હજાર વર્ષના વ્રતપર્યાયવાળા, એકવીશમા નમિ તીર્થંકર થશે. છ લાખ વર્ષ પ્રમાણ મોક્ષનું આંતરું જાણવું. ૨૧

શૌરીપુરનગરમાં સમુદ્રવિજય રાજા અને શિવાદેવીના પુત્ર, શ્યામવર્ણવાળા, દશ ધનુષ્ય ઊંચા, એક હજાર

વર્ષના આયુષ્યવાળા, સાતસો વર્ષના વ્રતપર્યાયવાળા, બાવીશમા નેમિનાથ તીર્થંકર થશે. નમિ અને નેમિજિનના નિર્વાણનું આંતરું પાંચ લાખ વર્ષ પ્રમાણ જાણવું. ૨૨

વાણારસીનગરીમાં અશ્વસેન રાજા અને વામાદેવીના પુત્ર, નીલવર્ણવાળા, નવ હાથ પ્રમાણ અંગવાળા, સો વર્ષના જીવિતવાળા, સીત્તેર વર્ષના વ્રતપર્યાયવાળા, ત્રેવીશમાં પાર્શ્વનાથ જિનેશ્વર થશે. નેમિજિન અને પાર્શ્વજિનના નિર્વાણનું આંતરું ત્યાંશી હજાર અને સાડા સાતસો વર્ષ જાણવું. ૨૩

ક્ષત્રિયકુંડ ગામમાં સિદ્ધાર્થરાજા અને ત્રિશલાદેવીના પુત્ર, સુવર્ણસમાન કાંતિવાળા, સાત હાથની કાયાવાળા, બોંતેર વર્ષના આયુષ્યવાળા, બેંતાલીશ વર્ષના વ્રત પર્યાયવાળા ચોવીશમા શ્રી મહાવીર જિનેશ્વર થશે. પાર્શ્વજિન અને વીરજિનનું આંતરું અઢીસો વર્ષ જાણવું. ૨૪

## ચક્રવર્તીઓ

સર્વે ચક્રવર્તીઓ કાશ્યપગોત્રી, સુવર્ણ સમાન વર્ણવાળા થશે. તેઓમાં આઠ મોક્ષગામી, બે સ્વર્ગગામી અને બે નરકગામી થશે.

તું મારા વખતમાં પ્રથમ ચક્રવર્તી થશે, તેવી જ રીતે અજિતનાથ તીર્થંકરના વખતે અયોધ્યામાં બીજો સગરચક્રવર્તી થશે, તે સુમિત્રરાજા અને યશોમતીદેવીનો

પુત્ર, સાડા ચારસો ધનુષ્ય પ્રમાણ દેહવાળો અને બોંતેર લાખ પૂર્વના આયુષ્યવાળો થશે. ૨

શ્રાવસ્તીનગરીમાં સમુદ્રવિજય રાજા અને ભદ્રાદેવીનો પુત્ર, પાંચ લાખ વર્ષના આયુષ્યવાળો, સાડા બેંતાલીશ ધનુષ્યના દેહવાળો મઘવા નામે ત્રીજો ચક્રવર્તી થશે. ૩

હસ્તિનાપુર નગરમાં અશ્વસેન રાજા અને સહદેવીનો પુત્ર ત્રણ લાખ વર્ષના આયુષ્યવાળો સાડી એકતાલીશ ધનુષ્ય ઊંચો, ચોથો સનત્કુમાર ચક્રી થશે. ૪

આ બંને ચક્રવર્તીઓ ધર્મજિન અને શાંતિજિનના આંતરામાં ત્રીજા સ્વર્ગમાં જનારા થશે.

શાંતિ–કુંથુ અને અર એ ત્રણ અરિહંતો ચક્રવર્તી પણ થશે. ૫–૬–૭.

હસ્તિનાપુર નગરમાં કૃતવીર્ય રાજા અને તારા દેવીનો પુત્ર, સાઠ હજાર વર્ષના આયુષ્યવાળો, અઠ્ઠાવીશ ધનુષ્યના શરીરવાળો, સૂભૂમ નામે આઠમો ચક્રી અરજિન અને મલ્લિજિનના આંતરમાં થશે. તે સાતમી નરકમાં જશે. ૮

વાણારસી નગરીમાં પ્રદ્મોત્તર રાજા અને જ્વાલા દેવીનો પુત્ર, ત્રીશ હજાર વર્ષના આયુષ્યવાળો, વીશ ધનુષ્ય ઊંચો, પદ્મ નામે નવમો ચક્રી થશે. તેમ કાંપિલ્ય-પુરમાં મહાહરિ રાજા અને મેરા દેવીનો પુત્ર, દશ હજાર વર્ષના આયુષ્યવાળો, પંદર ધનુષ્ય ઊંચા દેહવાળો, દશમો હરિષેણ ચક્રવર્તી થશે. આ બંને ચક્રવર્તી મુનિસુવ્રત અને નમિજિનના આંતરામાં થશે. ૯–૧૦

રાજગૃહ નગરમાં વિજય રાજા અને વપ્રા દેવીનો પુત્ર, ત્રણ હજાર વર્ષના આયુષ્યવાળો, બાર ધનુષ્યના દેહવાળો, નમિજિન અને નેમિજિનના આંતરામાં જય નામે અગ્યારમો ચક્રવર્તી થશે. ૧૧

કાંપિલ્યપુરમાં બ્રહ્મરાજા અને ચુલની દેવીનો પુત્ર, સાતસો વર્ષના આયુષ્યવાળો, સાત ધનુષ્યના શરીરવાળો બારમો બ્રહ્મદત્ત નામે ચક્રવર્તી શ્રી નેમિનાથ અને શ્રી પાર્શ્વનાથ તીર્થંકરના આંતરામાં થશે. રૌદ્રધ્યાનમાં તત્પર એવો તે સાતમી નરકપૃથ્વીમાં જશે. ૧૨

## વાસુદેવ-બળદેવ-પ્રતિવાસુદેવ

તે પછી ઋષભપ્રભુ પૂછ્યા વિના પણ વાસુદેવનું સ્વરૂપ કહે છે. ચક્રવર્તી કરતાં અર્ધ પરાક્રમવાળા ભરતના ત્રણ ખંડ પૃથ્વીના સ્વામી, કૃષ્ણવર્ણનો દેહ જેનો એવા વાસુદેવ થાય છે. તેઓમાં આઠમો વાસુદેવ કાશ્યપગોત્રી છે, બાકીના ગૌતમગોત્રવાળા છે.

તે વાસુદેવના સાવકા (=અપરમાતાથી જન્મ પામેલા) ભાઈ શ્વેતવર્ણવાળા નવ બળદેવ થાય છે.

ત્યાં પોતનપુરમાં પ્રજાપતિરાજા અને મૃગાદેવીનો પુત્ર, ચોરાશી લાખ વર્ષના આયુષ્યવાળો, એંશી ધનુષ્ય પ્રમાણ દેહવાળો, શ્રેયાંસનાથ જિનેશ્વર પૃથ્વી ઉપર વિહાર કરતે છતે ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ થશે અને તે સાતમી નરકપૃથ્વીમાં જશે. ૧

દ્વારિકાનગરીમાં બ્રહ્મરાજા અને પદ્માદેવીનો પુત્ર, બોંતેર લાખ વર્ષના આયુષ્યવાળો, સીત્તેર ધનુષ્ય દેહવાળો, વાસુપૂજ્ય જિનેશ્વર પૃથ્વી ઉપર વિહાર કરતે છતે દ્વિપૃષ્ઠ નામે બીજો વાસુદેવ થશે, અને તે અંતે છઠ્ઠી નરકપૃથ્વીમાં જશે. ૨

દ્વારિકાનગરીમાં ભદ્રરાજા અને પૃથ્વીદેવીનો પુત્ર સાઠ લાખ વર્ષના આયુષ્યવાળો, સાઠ ધનુષ્ય ઊંચો, વિમળનાથ જિનના સમયે ત્રીજો સ્વયંભૂ નામે વાસુદેવ થશે. પૂર્ણ આયુષ્યવાળો તે છઠ્ઠી નરકપૃથ્વીમાં જશે. ૩

તે જ નગરીમાં સોમરાજા અને સીતાદેવીનો પુત્ર, ત્રીશ લાખ વર્ષના આયુષ્યવાળો, પચાસ ધનુષ્ય ઊંચા દેહવાળો, અનંતનાથ જિનેશ્વર વિચરતે છતે ચોથો પુરુષોત્તમ નામે વાસુદેવ થશે. આયુષ્ય પૂર્ણ થયે તે છઠ્ઠી નરકભૂમિમાં જશે. ૪

અશ્વપુરનગરમાં શિવરાજા અને અમૃતાદેવીનો પુત્ર, દશ લાખ વર્ષના આયુષ્યવાળો, પીસ્તાલીશ ધનુષ્યના દેહવાળો, ધર્મનાથ તીર્થંકર વર્તતે છતે પાંચમો પુરુષસિંહ નામે વાસુદેવ થશે. તે આયુષ્ય પૂર્ણ કરીને છઠ્ઠી નરકભૂમિમાં જશે. ૫

ચક્રપુરીમાં મહાશિરરાજા અને લક્ષ્મીવતીનો પુત્ર, પાંસઠ હજાર વર્ષના આયુષ્યવાળો, ઓગણત્રીશ ધનુષ્ય ઊંચા શરીરવાળો, અરજિન અને મલ્લિજિનના આંતરામાં છઠ્ઠો પુરુષ પુંડરીક નામે વાસુદેવ થશે. આયુષ્ય પૂર્ણ કરી તે છઠ્ઠી નરકમાં જશે. ૬

વાણારસીનગરીમાં અગ્નિસિંહ રાજા અને શેષવતી-દેવીનો પુત્ર છપ્પન હજાર વર્ષના આયુષ્યવાળો, છવ્વીશ ધનુષ્યના શરીરવાળો, અરજિન અને મલ્લિજિનના આંતરામાં સાતમો દત્ત નામે વાસુદેવ થશે. આયુષ્ય પૂર્ણ કરી તે પાંચમી નરકમાં જશે. ૭

રાજગૃહી નગરમાં (અયોધ્યાનગરીમાં) દશરથરાજા અને સુમિત્રાદેવીનો પુત્ર બાર હજાર વર્ષના આયુષ્યવાળો, સોળ ધનુષ્ય પ્રમાણ દેહવાળો, મુનિસુવ્રતજિન અને નમિ-જિનના આંતરામાં આઠમો નારાયણ (લક્ષ્મણ) નામે વાસુદેવ થશે. તે આયુષ્ય પૂર્ણ કરીને ચોથી નરકપૃથ્વીમાં જશે. ૮

મથુરાનગરીમાં વસુદેવ રાજા અને દેવકીનો પુત્ર એક હજાર વર્ષના આયુષ્યવાળો, દશ ધનુષ્યના શરીરવાળો, નેમિજિનેશ્વરની ઉપાસના કરનાર, નવમો કૃષ્ણ નામે વાસુદેવ થશે. તે ત્રીજી નરકપૃથ્વીમાં જશે. ૯

વાસુદેવ અને બળદેવના પિતા એક જ હોય છે, દેહની ઊંચાઈ પણ સમાન જ હોય છે, બીજો જે વિશેષ છે તે આ છે :—

તેમાં પ્રથમ અચલ નામે બળદેવ તે ભદ્રાદેવીનો પુત્ર, પંચ્યાશી લાખ વર્ષના આયુષ્યવાળો થશે. ૧

બીજો વિજય નામે બળદેવ તે સુભદ્રાદેવીનો પુત્ર, પંચોતેર લાખ વર્ષના આયુષ્યવાળો થશે. ૨

ત્રીજો ભદ્ર નામે બળદેવ તે સુપ્રભાદેવીનો પુત્ર, પાંસઠ લાખ વર્ષના આયુષ્યવાળો થશે.

ચોથો સુપ્રભ નામે બળદેવ તે સુદર્શના દેવીનો પુત્ર, પંચાવન લાખ વર્ષના આયુષ્યવાળો જાણવો. ૪

પાંચમો સુદર્શન નામે બળદેવ તે વિજયાદેવીનો પુત્ર, સત્તર લાખ વર્ષના આયુષ્યવાળો થશે. ૫

છઠ્ઠો આનંદ નામે તે વિજયાદેવીનો પુત્ર, પંચાશી હજાર વર્ષના આયુષ્યવાળો થશે. ૬

સાતમો નંદન નામે બળદેવ તે જયંતીદેવીનો પુત્ર, પાંસઠ હજાર વર્ષના આયુષ્યવાળો થશે. ૭

આઠમો પદ્મ (રામચંદ્ર) નામે બળદેવ તે અપરાજિતા દેવીનો પુત્ર, પંદર હજાર વર્ષના આયુષ્યવાળો થશે. ૮

નવમો રામ (બળભદ્ર) નામે બળદેવ તે રોહિણીદેવીનો પુત્ર, બારસો વર્ષના આયુષ્યવાળો થશે. ૯

તેઓમાં આઠ બળદેવ મોક્ષમાં જશે, નવમો રામ (બળભદ્ર) પાંચમા બ્રહ્મદેવલોકમાં જશે, ત્યાંથી ચ્યવીને આવતી ઉત્સર્પિણીમાં ભરતક્ષેત્રમાં તે કૃષ્ણના તીર્થમાં મોક્ષે જશે.

**નવ પ્રતિવાસુદેવો તે આ પ્રમાણે છે :—**

અશ્વગ્રીવ ૧, તારક ૨, મેરક ૩, મધુ ૪, નિશુંભ ૫, બલી ૬, પ્રહ્લાદ ૭, લંકાપતિ રાવણ ૮, અને મગધેશ્વર જરાસંઘ. ૯.

આ સર્વે વાસુદેવના પ્રતિમલ્લ ચક્રનો પ્રહાર કરનારા ચક્રને ધારણ કરનારા, વાસુદેવના હાથમાં ગયેલા પોતાના જ ચક્ર વડે હણાનારા નરકમાં થશે.

શ્રી ઋષભજિનેશ્વરના મુખેથી ભાવિ તીર્થંકર આદિના સ્વરૂપને સાંભળીને ભરતેશ્વર ભવ્યજનોના સમૂહથી વ્યાપ્ત તે સભાને જોઈને હર્ષિત મનવાળો ફરીથી પ્રભુને પૂછે છે કે :–હે ત્રિજગત્પતિ ! જિનેશ્વર ભગવંત ! ત્રણે જગત્ એક થયા હોય તેમ પરિપૂર્ણપણે રહેલી, તિર્યંચ-મનુષ્ય અને દેવોથી યુક્ત, વિશાળ એવી આ પર્ષદામાં અહીં શું એવો કોઈ જીવ છે કે, જે આપની જેમ તીર્થને પ્રવર્તાવીને આ ભરતક્ષેત્રને પવિત્ર કરશે ?

ઋષભપ્રભુ આ પ્રમાણે કહે છે :–હે ભરત ! જે આ તારો મરીચિ નામે પુત્ર, પ્રથમ પરિવ્રાજક, આર્ત-રૌદ્ર ધ્યાનથી હીન, સમ્યક્ત્વ વડે શોભતો, ચાર પ્રકારના ધર્મ ધ્યાનને ધ્યાવતો એકાંતમાં રહેલો છે, કાદવ વડે રેશમી વસ્ત્રની જેમ, નિઃશ્વાસ વડે દર્પણની જેમ, હમણાં એનો જીવ કર્મ વડે મલિન છે. તે અગ્નિથી પવિત્ર થયેલા વસ્ત્રની જેમ, જાત્યસુવર્ણની જેમ, શુક્લ ધ્યાનના સંયોગ વડે અનુક્રમે શુદ્ધિને પામશે, પ્રથમ તે આ જ ભરત-ક્ષેત્રમાં પોતનપુરમાં ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ થશે. તે પછી અનુક્રમે તે પશ્ચિમ મહાવિદેહમાં મૂકા નગરીમાં ધનંજય અને ધારિણીદેવીનો પુત્ર પ્રિયમિત્ર ચક્રવર્તી થશે, તે પછી ચિરકાળ સંસારમાં ભમીને આ ભરતક્ષેત્રમાં એ મહાવીર નામે ચોવીશમા તીર્થંકર થશે.

આ પ્રમાણે પ્રભુનું વચન સાંભળીને ભરતેશ્વર સ્વામીની અનુજ્ઞા લઈને, ભગવંતની જેમ વાંદવા માટે મરીચિ તરફ જાય છે, જઈને તેને નમસ્કાર કરતાં કહે છે કે :– જે તમે વાસુદેવોમાં પ્રથમ ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ થશો, વિદેહમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશો, તે તમારા વાસુદેવપણાને, ચક્રવર્તીપણાને કે પરિવ્રાજકના વેષને હું વંદન કરતો નથી, પરંતુ જે તમે ચોવીશમા અરિહંત થશો, તેથી તમને હું વંદન કરું છું, આ પ્રમાણે કહી, બે હાથ જોડી તેને ત્રણવાર પ્રદક્ષિણા કરીને વંદન કરે છે.

હવે ભરતરાજા જગતના નાથને નમસ્કાર કરી નાગરાજ જેમ નાગપુરીમાં જાય તેમ અયોધ્યા નગરીમાં જાય છે.

મરીચિ ભરતરાજાની વાણીથી અત્યંત પ્રમોદ થવાથી ત્રણ વખત હાથના આસ્ફોટનપૂર્વક આ પ્રમાણે બોલાવા લાગે છે :–

જો હું વાસુદેવોમાં પ્રથમ, વિદેહમાં ચક્રવર્તી અને અંતિમ તીર્થંકર થઈશ, તો આટલાથી મારે સર્વ પૂર્ણ છે. અરિહંતોમાં પ્રથમ મારા પિતામહ છે, ચક્રવર્તીમાં પ્રથમ મારા પિતા છે, અને વાસુદેવોમાં પ્રથમ હું છું. આથી મારું કુળ ઉત્તમ છે. જેવી રીતે એક બાજુ હાથીઓનો સમૂહ અને બીજી તરફ ઐરાવણ હોય, તેમ એક તરફ ત્રણે લોક અને બીજી તરફ મારું કુળ છે. ગ્રહોમાં સૂર્યની જેમ, તારાઓમાં ચંદ્રની જેમ, સર્વ કુળો કરતાં મારું કુળ શ્રેષ્ઠ છે.

આ પ્રમાણે પોતાના કુળનો મદ કરતા મરીચિએ કરોળિયાની જાળની જેમ નીચગોત્ર કર્મ ઉપાર્જન કર્યું.

હવે પુંડરીક વગેરે ગણધરોથી પરિવરેલા ઋષભ-પ્રભુ વિહારના બહાને પૃથ્વીને પવિત્ર કરતા, ત્યાંથી ચાલે છે. વિહાર કરતા પ્રભુ કૃપા વડે પુત્રની જેમ કોશલ દેશના લોકોને ધર્મમાં કુશળપણું પમાડતા, પરિચિતની જેમ મગધદેશના લોકોને તપમાં તત્પર કરતા, સૂર્ય જેમ કમળકોશને વિકસિત કરે તેમ કાશીદેશના લોકોને વિકસિત કરતા, ચંદ્ર જેમ સમુદ્રને આનંદ પમાડે તેમ દશાર્ણદેશના નિવાસીઓને આનંદ પમાડતા, મૂચ્છિતની જેવા ચેદી દેશના માણસોને દેશનારૂપી અમૃત વડે ચેતના પમાડતા, વાછરડાની જેવા માલવ દેશના નિવાસીઓને ધર્મની ધુરાને વહન કરાવતા, પાપ અને વિપત્તિના નાશથી ગૂર્જર દેશના લોકોને દેવની જેવા કરતા, વૈદ્યની જેમ સૌરાષ્ટ્ર દેશના નિવાસી લોકોને પ્રશસ્ત ભાવયુક્ત કરતા અનુક્રમે શત્રુંજય તરફ જાય છે.

## શ્રી ઋષભદેવ પ્રભુનું શત્રુંજયતીર્થમાં આગમન

તે ગિરિવરનું વર્ણન કરે છે : કોઈક ઠેકાણે રૂપાની શિલાઓના સમૂહ વડે વૈદેશિક વૈતાઢ્યની જેવા, કોઈક ઠેકાણે સુવર્ણપાષાણના સમૂહ વડે જાણે મેરુનો તટ લવાયો હોય એવા, કોઈક ઠેકાણે રત્નની ખાણો વડે બીજો રત્નાચળ હોય એવા, કોઈક ઠેકાણે ઔષધિઓ વડે સ્થાનાંતર થઈને રહેલા હિમગિરિ જેવા, નિરંતર સંસક્ત

મેઘ વડે જાણે વસ્ત્ર પહેર્યું હોય એવા, ઝરણાંના પાણી વડે ખાંધ ઉપર લટકાવેલા ઉત્તરીય વસ્ત્ર જેવા, દિવસને વિષે શિખરની સમીપે રહેલા સૂર્ય વડે મુગટ ધારણ કર્યો હોય એવા, રાત્રિમાં ચંદ્ર વડે ચંદન રસના તિલકના ચિહ્નવાળો હોય એવા, આકાશ પર્યંત સુધી રહેલા શિખરો વડે જાણે હજાર મસ્તકવાળો હોય એવા, ઊંચા તાડના વૃક્ષો વડે અનેક બાહુ દંડવાળો હોય એવા, નાળિયેરના વનખંડોમાં મોટેથી પાકેલા ફળના ગુચ્છાઓને વિષે પોતાના બાળકના ભ્રમથી, વેગથી કૂદતા વાનરો વડે વ્યાપ્ત, ઊંચા કાનવાળા હરણો વડે, આમ્રફળને ભેગા કરવામાં આસક્ત એવી સોરઠ દેશમાં નિવાસ કરનારી સ્ત્રીઓના સંભળાતા છે મધુર ગાન જેમાં એવા, વિકસિત સળીના બહાનાથી સફેદ કેશ ઉત્પન્ન થયા હોય એવા ઘરડાં કેતકીવૃક્ષો વડે ભરાયેલી છે ઉપરની ભૂમિ જેને એવા, સ્થાને સ્થાને સુખડના દ્રવથી ધોળા થયેલા સિંદુવાર વૃક્ષો વડે મોટેથી સર્વ અંગે મંગળ તિલકોની શ્રેણી કરી હોય એવા, શાખા ઉપર રહેલા વાંદરાઓના પૂંછડાથી જટારૂપ કરાયેલા આમલીના વૃક્ષો વડે પીપળા અને વડના ઝાડનું અનુકરણ કરાયું છે જેમાં એવા, અતિ અદ્ભુત પોતાના વિસ્તારની સંપત્તિ વડે હર્ષિત થયા હોય એવા, નિત્ય રોમાંચિત ફળવાળા ફણસ વડે ઉપશોભિત, અમાવાસ્યાની રાત્રિના અંધકાર સરખા શૈલુ વૃક્ષ (શ્લેષ્મનાશક વૃક્ષ) વડે લવાયેલા અંજનગિરિની ચૂલિકાની જેમ શોભતા, શુકની ચાંચની જેમ રક્તકુસુમની સમૃદ્ધિવાળા કેસૂડાંના

વૃક્ષો વડે કુંકુમના સ્થાસક (થાપા) વડે મહાગજની જેમ શોભતા, કોઈક ઠેકાણે દ્રાક્ષમાંથી બનેલી, કોઈક ઠેકાણે ખજૂરમાંથી બનેલી અને કોઈક ઠેકાણે તાડમાંથી બનેલી મદિરાને પીતી ભીલડીઓ વડે કરાતી ગોષ્ઠી જેમાં એવા, સ્ખલના નહિ પામતા એવા સૂર્યના કિરણરૂપી બાણોથી પણ ન ભેદાય એવા, તાંબૂલી (નાગરવેલ)ના વનમંડપ વડે જાણે બખ્તરને ધારણ કરતા હોય એવા, ત્યાં મહાવૃક્ષોના તળને વિષે લીલા ઘાસના અંકુરાઓના આસ્વાદથી પ્રસન્ન એવા હરણના સમૂહો વડે કરાતું છે વાળોગવું જેમાં, લાંબા વખત સુધી આમ્રફળના આસ્વાદમાં નિમગ્ન છે ચંચુપુટ જેના એવા જાત્યવૈડૂર્ય જેવા શુકો વડે નિરંતર સુશોભિત, કેતકી–ચંપક–અશોક–કદંબ અને બકુલમાંથી ઉત્પન્ન થયેલ પવનથી ઉછળેલ પરાગ વડે રજોયુક્ત છે છે શિલાતળ જેનું એવા, મુસાફરના સમૂહ વડે અફળાવાતા નાળિયેરના પાણી વડે ચારે તરફથી કાદવરૂપ થયેલ છે પર્વતની નજીકનું પૃથ્વીતળ જેમાં, ભદ્રશાળ વગેરે વનોમાંથી કોઈ પણ એક વન જ્યાં વિશાળપણાથી શોભતા વૃક્ષના સમૂહ વડે શોભિત, મૂળમાં પચાસ યોજન વિસ્તારવાળા, શિખર ઉપર દશ યોજન વિસ્તારવાળા, આઠ યોજન ઊંચા એવા તે ગિરિવર ઉપર પ્રભુ ચઢે છે.

ત્યાં તરત જ દેવ અને અસુરોએ બનાવેલા સમવસરણમાં સર્વ જીવોનું હિત કરનારા ભગવંત બેસીને દેશના કરે છે. તે વખતે દેશના આપતા પ્રભુની ગંભીર

વાણીના ગુફામાંથી ઉત્પન્ન થયેલા પ્રતિશબ્દ વડે તે પર્વત અનુવાદ કરતો હોય તેમ શોભે છે.

હવે પ્રથમ પોરિસી પૂર્ણ થવાથી ત્રણ જગતના નાથ વર્ષાકાળ ગયે છતે મેઘ જેમ વૃષ્ટિથી અટકે તેમ દેશના વિધિથી વિરામ પામે છે. તે સ્થાનથી ઉઠીને તે દેવના દેવ દેવે બનાવેલા બીજા ગઢની વચ્ચે રહેલા દેવચ્છંદામાં બેસે છે.

તે પછી પ્રથમ ગણધર શ્રી પુંડરીકસ્વામી મહારાજાના યુવરાજની જેમ સ્વામીના પાદપીઠ ઉપર બેસે છે. બેસીને તે ગણધરવર્ય તે જ પ્રમાણે રહેલી સભામાં ભગવંતની જેમ ધર્મદેશના કરે છે. આ પ્રમાણે તે ગણધર પણ પ્રભાતમાં વાયુ હિમરૂપી અમૃતનું સિંચન કરે, તેમ બીજી પોરિસીમાં દેશના આપે છે.

આ પ્રમાણે ઋષભદેવ પ્રભુ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મદેશના કરતા અષ્ટાપદપર્વતની જેમ ત્યાં કેટલોક કાળ રહે છે.

એક વખત જગદ્દગુરુ અન્યત્ર વિહાર કરવાને ઈચ્છતા ગણધરોમાં પુંડરીક (શ્વેત) કમળ સરખા તે પુંડરીક ગણધરને કહે છે કે :– હે મહામુનિ ! અમે અહીંથી અન્યત્ર વિહાર કરવા માટે જઈશું. તમે ક્રોડોમુનિના પરિવાર સહિત આ ગિરિ ઉપર જ રહો, અહીં ક્ષેત્રના પ્રભાવથી પરિવાર સહિત આપને નિશ્ચે કેવળજ્ઞાન ઉત્પન્ન થશે.

તે પછી તે ગણધર 'તેમ થાઓ' એ પ્રમાણે સ્વામીના વચનને સ્વીકારીને અને પ્રણામ કરીને ક્રોડો મુનિઓના સમૂહથી પરિવરેલા ત્યાં જ રહે છે.

નાભિનંદન જિનેશ્વર તરંગવાળો સમુદ્ર જેમ કાંઠા ઉપરના ખાડાઓમાં રત્નોના સમૂહને મૂકે તેમ પુંડરીક ગણધરને ત્યાં મૂકીને પરિવાર સહિત અન્યત્ર જાય છે.

તે ગણધર ઉદયાચળના કિનારે નક્ષત્રોની સાથે ચંદ્રની જેમ, મુનિઓ સાથે તે પર્વત ઉપર રહે છે. તે પછી તે પુંડરીક ગણધર પરમ સંવેગરંગથી રંગાયેલા અમૃત સરખી મધુર વાણી વડે શ્રમણ સમુદાયને આ પ્રમાણે કહે છે:-

**દ્રવ્યભાવ સંલેખનાપૂર્વક પુંડરીક ગણધરનું નિર્વાણ**

જયના અભિલાષીઓને સીમાડાને અંતે રહેલી પૃથ્વીને સાધનારા કિલ્લાની જેમ ક્ષેત્રના પ્રભાવવડે તે આ ગિરિરાજ મોક્ષના કારણભૂત છે. મોક્ષના બીજા પરમ સાધનરૂપ સંલેખના પણ કરવી જોઈએ, તે સંલેખના દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારે છે, ત્યાં સર્વ ઉન્માદરૂપી મહારોગના કારણરૂપ સર્વ ધાતુઓના શોષણ-રૂપ દ્રવ્ય સંલેખના કહી છે, અને જે રાગ-દ્વેષ-મોહ અને કષાયરૂપ ભાવરિપુઓનો સર્વ તરફથી છેદ કરવો તે ભાવસંલેખના જાણવી.

આ પ્રમાણે કહીને તે પુંડરીક ગણધર ક્રોડો મુનિઓ સાથે સૂક્ષ્મ અને બાદર અતિચારોની આલોચના

કરે છે, અત્યંત વિશુદ્ધિ નિમિત્તે તે ફરીથી મહાવ્રતોનું આરોપણ કરે છે, વસ્ત્રને બે–ત્રણ વાર ધોવું તે ખરેખર અત્યંત નિર્મળતાનું કારણ થાય.

**छण्ह वि जीवणिकायाण, जं मए किंचि मंगुलं रइयं।**
**ते मे खमंतु सव्वे, एस खमामि भावेण ॥१॥**

છ યે જીવનિકાયોનું જે કાંઇ મેં અનિષ્ટ કર્યું હોય, તે સર્વ મને ક્ષમા આપો, આ હું ભાવથી ખમાવું છું, ૧

**जे जाणमजाणं वा, रागद्दोसेहिं अहव मोहेणं ।**
**जं दुक्खविया जीवा, खमंतु ते मज्झ सव्वे वि ॥२॥**

જાણતાં કે અજાણતાં રાગ–દ્વેષ અથવા મોહ વડે જે જીવોને મેં દુઃખ પમાડ્યું હોય તે સર્વ મને ક્ષમા આપો. ૨

**खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ ॥३॥**

સર્વ જીવોને હું ખમાવું છું, સર્વ જીવો મને ક્ષમા આપો, મારે સર્વ જીવો ઉપર મૈત્રી છે, મારે કોઈની સાથે વૈર નથી. ૩

આ પ્રમાણે કહીને તે સમસ્ત શ્રમણો સાથે આગાર વગરના અત્યંત દુષ્કર એવા ભાવચરમ અનશનને સ્વીકારે છે, ક્ષપક–શ્રેણીમાં ચઢેલા ઓજસ્વી એવા તેમના ઘાતિ

કર્મો ચારે તરફથી જીર્ણ દોરડાની જેમ તૂટે છે. તે વખતે તે કોડોની સંખ્યાવાળા તે સાધુઓના પણ ઘાતિકર્મો તરત જ તૂટે છે, 'તપ એ સર્વને સાધારણ હોય છે.'

માસિક સંલેખનાને અંતે ચૈત્ર માસની પૂર્ણિમાને વિષે પુંડરીક ગણધરને પ્રથમ કેવળજ્ઞાન થયું, અને પછી તે મહાત્માઓને થયું. તે પછી તે યોગીઓ શુક્લધ્યાનના ચોથા પાયામાં રહેલા યોગરહિત થયા થકાં નાશ કર્યા છે સમસ્ત કર્મ જેણે એવા નિર્વાણ પદવી પામ્યા.

તે વખતે સ્વર્ગમાંથી દેવો આવીને મરુદેવી માતાની જેમ ક્ષણવારમાં ભક્તિ વડે તેઓનો નિર્વાણગમન મહોત્સવ કરે છે.

જેવી રીતે ભગવાન ઋષભસ્વામી પ્રથમ તીર્થંકર થયા, તેવી રીતે શત્રુંજયગિરિ પણ તે વખતે પ્રથમ તીર્થ થયું.

જ્યાં એક પણ મુનિવર મોક્ષે જાય તે પણ પવિત્ર તીર્થ થાય, તો જ્યાં તેટલા મહર્ષિઓ સિદ્ધ થાય, ત્યાં તેના પવિત્રપણામાં વળી શું કહેવાનું હોય ?

હવે ભરતેશ્વર રાજા શ્રી શત્રુંજયગિરિ ઉપર રત્નશિલામય મેરુપર્વતની ચૂલિકાની સ્પર્ધા કરનારા ચૈત્યને કરાવે છે. તેના મધ્યમાં રાજા ચિત્તમાં ચેતનાની જેમ પુંડરીક સ્વામીની પ્રતિમા સહિત શ્રી ઋષભદેવ પ્રભુની પ્રતિમાને સ્થાપે છે.

ભગવાન પણ વિવિધ દેશોમાં વિચરતા ચક્ષુ આપ-

વાથી અંધને જેમ અનુગ્રહ થાય તેમ બોધિ (સમ્યક્ત્વ) આપવા વડે ભવ્ય જીવોને અનુગ્રહ કરે છે.

## ભગવંતના પરિવારની સંખ્યા

ઋષભપ્રભુના કેવળજ્ઞાનથી આરંભીને ચોરાશી હજાર સાધુઓ, ત્રણ લાખ સાધ્વીઓ, શ્રાવકો * સાડાત્રણ લાખ, તેમ જ શ્રાવિકાઓ પાંચ લાખ ચોપન હજાર, ચૌદપૂર્વધર ચાર હજાર સાતસો પચાસ હતા, અવધિજ્ઞાની સાધુઓ નવ હજાર, કેવળજ્ઞાની સાધુઓ વીશ હજાર, વૈક્રિયલબ્ધિ પામેલા મહાત્મા સાધુઓ વીશહજાર છસો, તેમજ વાદી અને મનઃ પર્યવજ્ઞાની જુદા જુદા બારહજાર છસો પચાસ હતા, તેમ જ ત્રિભુવનપતિ ઋષભપ્રભુને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા બાવીશહજાર મહાત્માઓ થયા.

## ઋષભપ્રભુનું નિર્વાણ

આ પ્રમાણે ભગવાન આદિનાથ તીર્થંકર જેમ પ્રજાઓને વ્યવહારમાં સ્થાપી હતી તેમ ધર્મમાં ચતુર્વિધ સંઘને સ્થાપે છે.

દીક્ષાકાળથી એક લાખ પૂર્વ ખપાવીને તે પછી ભગવાન પોતાનો મોક્ષકાળ જાણીને અષ્ટાપદ પર્વત તરફ જાય છે.

* કલ્પસૂત્રમાં–ત્રણ લાખ પાંચ હજાર ઉત્કૃષ્ટ શ્રમણોપાસકો (શ્રાવકો)ની સંપદા હતી (૨૧૬), બાવીશ હજાર નવસો અનુત્તરૌપપાતિકની સંપદા હતી (૨૨૧) એ પ્રમાણે વિશેષ જાણવો.

અનુક્રમે વિહાર કરતા તે પ્રભુ પરિવાર સહિત અષ્ટાપદ પર્વત પાસે પહોંચે છે. ત્યાં પહોંચીને નિર્વાણ મંદિરના પગથિયાની જેમ તે પર્વત ઉપર ચઢે છે, ત્યાં ઋષભદેવ પ્રભુ દશહજાર મુનિઓ સાથે ચતુર્દશ ભક્ત (છ ઉપવાસ) તપ વડે પાદપોપગમન અનશનને સ્વીકારે છે.

તે વખતે પર્વતના રક્ષક પુરુષો ત્યાં રહેલા જગદ્ગુરુને જાણીને શીઘ્ર જઈને ભરતચક્રવર્તીને જણાવે છે.

તે ભરતરાજા પ્રભુના ચતુર્વિધ આહારના પચ્ચક્ખાણને સાંભળીને અંતરમાં પેઠેલા શલ્યની જેમ શોકવડે પીડા પામ્યો. તે પછી મોટા શોકરૂપી અગ્નિથી એકદમ સ્પર્શ કરાયો હોય તેમ તે ભરત સિમસિમ એ પ્રમાણે શબ્દ કરતો અગ્નિનો સ્પર્શ કરનાર વૃક્ષ જેમ જળબિંદુઓને છોડે તેમ આંસુઓને મૂકે છે. અંતઃપુરના પરિવારથી યુક્ત, અત્યંત દુઃખથી પીડા પામેલો ભરત પગે ચાલતો અષ્ટાપદ પર્વત તરફ જાય છે. તે પગમાં લાગતા કર્કશ કાંકરાઓને પણ ગણતો નથી, કારણકે હર્ષની જેમ શોકથી પણ વેદના જણાતી નથી.

કાંકરાંથી વિંધાયેલા પગમાંથી લોહીની ધારાઓ ઝરે છે, તેથી તેના ચરણન્યાસનો માર્ગ અલતાથી રંગાયો હોય એવો થાય છે, ચઢવાના સમયમાં ગતિને વિઘ્ન ન થાય, એથી વાહન વડે પાસે ગમન કરનારા લોકોને પણ રાજા અવગણે છે. તે માથે છત્ર રાખ્યું હોવા છતાં અત્યંત તપેલો હોય તેમ થઈને જાય છે, અમૃતની

વૃષ્ટિ વડે પણ લાંબા કાળનો સંતાપ કયારે ય શાંત થતો નથી.

શોકથી વ્યાકુળ થયેલો તે ભરત રાજા હાથને ટેકો આપનારા પોતાના સેવકોને માર્ગમાં મોટેથી વળગતા વૃક્ષની શાખાના છેડાની જેમ દૂર કરે છે. નદીના પટમાં જનારી હોડી જેમ કાંઠે રહેલા વૃક્ષોને પાછળ કરે તેમ તે આગળ ચાલતા વેત્રી પુરુષોને પણ વેગ વડે પાછળ કરે છે, ચિત્તની જેમ વેગ વડે જવા માટે ઉત્સુક તે ચક્રવર્તી પગલે પગલે સ્ખલના પામતી ચામરધારિણી-ઓની પણ રાહ જોતો નથી, વેગ વડે ઉછળી–ઉછળીને વારંવાર છાતી સાથે અફળાવા વડે પડી જતાં મોતીના હારને પણ રાજા જાણતો નથી. ઋષભ પ્રભુમાં ચિત્ત જવાથી, પાસે રહેલા એવા ગિરિપાલકોને વારંવાર સ્વા-મીનું વૃત્તાંત પૂછવા માટે વેત્રીપુરુષ મારફત બોલાવે છે, ધ્યાનમાં રહેલા યોગીની માફક તે કાંઈ પણ જોતો નથી, કોઈનું વચન સાંભળતો નથી, એક પ્રભુનું જ ધ્યાન કરે છે.

ભરતેશ્વર વેગ વડે પવનની જેમ માર્ગને ટૂંકો કરતો ક્ષણવારમાં અષ્ટાપદ પર્વત પાસે પહોંચે છે, સામાન્ય જનની માફક પગે ચાલવા છતાં પણ પરિશ્રમને નહિ જાણતો ભરતેશ્વર તે પછી અષ્ટાપદ પર્વત ઉપર ચઢે છે. ત્યાં શોક અને હર્ષથી યુક્ત તે ચક્રવર્તી પર્યંકાસને રહેલા ત્રિજગત્પતિને જુએ છે, જોઈને જગત્પતિને પ્રદક્ષિણા

કરીને અને વંદન કરીને દેહથી છાયાની જેમ પાસે રહેલો ચક્રવર્તી સેવા કરે છે.

પ્રભુ આ પ્રકારે રહ્યે છતે આ અમારા ઉપર કેમ બેસે છે? એ પ્રમાણે હેતુથી જાણે ઈંદ્રોના આસનો કંપ્યા.

તે પછી ચોસઠે ઈંદ્રો અવધિજ્ઞાનથી આસનકંપનું કારણ જાણીને જલદી જિનેશ્વર પાસે આવે છે. તેઓ પણ પ્રદક્ષિણા કરીને પરમાત્માને પ્રણામ કરીને ખેદયુક્ત ચિત્તવાળા આલેખાયેલા હોય તેમ જિનેશ્વરની પાસે ઊભા રહે છે.

તેવી રીતે આ અવસર્પિણીના ત્રીજા આરાના નેવ્યાશી પખવાડીયાં બાકી હતાં, ત્યારે માઘમાસની કૃષ્ણ પક્ષની તેરસની (મહાવદી ૧૩) તિથિએ પૂર્વાહ્ન સમયે અભિજિત નક્ષત્રમાં ચંદ્રયોગ આવ્યે છતે, પર્યંકાસને બેઠેલા બાદરકાય યોગમાં રહીને બાદર મન અને વચનના યોગોને રુંધે છે, તે પછી સૂક્ષ્મ કાયયોગ વડે બાદર કાયયોગને અને સૂક્ષ્મ મન-વચનના યોગોને રુંધે છે. તે પછી અનુક્રમે પ્રભુ સૂક્ષ્મ કાયયોગને રુંધતા સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામના ત્રીજા શુકલધ્યાનને સાધે છે. તે પછી જિનેશ્વર પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચાર માત્ર કાળવાળા સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ નામના ચોથા ધ્યાનમાં ચઢે છે. ત્યાં આરોહણ કરીને સર્વ દુઃખનો ત્યાગ કરી કેવળ જ્ઞાન-દર્શનને ધારણ કરનારા, કર્મનો ક્ષય કરી, પ્રયોજન,

પૂર્ણ કરી, અનંતવીર્ય–સુખથી સમૃદ્ધ એવા તે ઋષભ પ્રભુ બંધના અભાવે એરંડબીજની જેમ સ્વભાવથી ઉર્દ્ધ્વ-ગતિવાળા ઋજુ ગતિએ લોકના અગ્રભાગે પહોંચે છે.

તે દશહજાર સાધુઓ પણ અનશન સ્વીકારી ક્ષપક શ્રેણીએ ચઢી સર્વે કેવળજ્ઞાન પામી ચારે તરફથી મન–વચન–કાયાના યોગને રુંધીને ક્ષણવારમાં સ્વામીની જેમ પરમપદ મોક્ષને પામે છે.

સ્વામીના નિર્વાણ કલ્યાણથી સુખના લેશને પણ નહિ જોનારા નારકોને પણ ક્ષણવાર દુઃખાગ્નિ શાંત થયો. મહાશોકથી આક્રાંત થયેલો ચક્રવર્તી પણ તે જ ક્ષણે મૂર્ચ્છા પામી વજ્રથી હણાયો હોય તેમ પૃથ્વી ઉપર પડ્યો.

તે વખતે મોટું દુઃખ આવ્યે છતે દુઃખને શિથિલ કરવાના કારણરૂપ રોવાનું કોઈપણ જાણતું ન હતું, તેથી ઇંદ્ર પોતે દુઃખ શિથિલ કરવાના કારણરૂપ તે રુદન ચક્રવર્તીને જણાવવા માટે મોટેથી મોટી પોકારપૂર્વક રુદન કરે છે, તેથી દેવો પણ ઇંદ્રની પાછળ રુદન કરે છે, સમાનદુઃખવાળા પ્રાણીઓની ચેષ્ટા સરખી જ હોય છે.

ચક્રવર્તી પણ તેઓનું રુદન સાંભળીને સંજ્ઞા પામીને મોટા સ્વરે બ્રહ્માંડને ફોડી નાખતો હોય તેમ આક્રંદ કરે છે, તે વખતે રોવાથી રાજાની મોટી એવી પણ શોકની ગાંઠ, મોટા પ્રવાહના મોટા વેગ વડે પાળનો બંધ જેમ ફૂટે તેમ ફૂટી જાય છે.

તે પછી સુર–અસુર અને મનુષ્યોના વારંવારના રુદન વડે ત્રણેય લોકમાં કરુણરસ એક છત્રવાળો જાણે થયો.

ત્યારથી માંડીને લોકમાં પણ પ્રાણીઓના શોકના સંભવમાં આ શોકરૂપી શલ્યનો વિનાશ કરનાર આ રોવાનો માર્ગ પ્રવર્ત્યો.

ભરતરાજા સ્વાભાવિક ધૈર્યનો ત્યાગ કરી, દુઃખી થયેલો, તિર્યંચોને પણ દુઃખ પમાડતો, આ પ્રમાણે વિલાપ કરે છે :–

હા તાત ! હા જગદ્બંધુ ! હા કૃપારસના સાગર ! અજ્ઞાની એવા અમોને આ સંસારરૂપી અરણ્યમાં કેમ તમે છોડી દીધા ? દીપક વિના અંધારાની જેમ નિર્મળ કેવળજ્ઞાનના પ્રકાશક એવા તમારા વિના આ સંસારમાં અમે કેવી રીતે રહીશું ? હે પરમેશ્વર ! છદ્મસ્થ જનની જેમ આ તમારું મૌન કેમ છે ? દેશના કરો, આ માણસ ઉપર કેમ અનુગ્રહ કરતા નથી ? અથવા તો હે ભગવંત ! તમે લોકના અગ્રભાગ ઉપર ગયા તેથી તમે બોલતા નથી, પરંતુ તે મારા ભાઈઓ દુઃખી એવા મારી સાથે કેમ બોલતા નથી ! અથવા તે પણ જાણ્યું. ખરેખર ! તેઓ હંમેશાં સ્વામીને અનુસરનારા છે, મારા કુળમાં મારા વિના બીજો કોઈ સ્વામીને ન અનુસરે એવો નથી.

ત્રણ જગતનું રક્ષણ કરનારા પિતા, બાહુબલિ વગેરે નાના ભાઈઓ, બ્રાહ્મીસુંદરી બહેનો, પુંડરીક આદિ પુત્રો,

શ્રેયાંસ વગેરે પૌત્રો, આ સર્વ સમસ્ત કર્મશત્રુને હણીને લોકના અગ્રભાગે-મોક્ષમાં ગયા. હું તો જીવિતને વહાલું કરીને હજુ પણ જીવું છું.

તે વખતે શોક વડે જીવિતથી નિર્વેદ પામીને મરવાને જાણે ઇચ્છતા હોય એવા ચક્રવર્તીને જોઈને ઇંદ્ર તેને બોધ પમાડવા માટે આ પ્રારંભ કરે છે:-

હે ભરતેશ્વર! હે મહાસત્ત્વથી શોભાયમાન! આપણા આ સ્વામી જાતે સંસારસમુદ્રને તર્યા અને બીજાઓને પણ તાર્યા. તીર્થ વડે-પાણીમાં ઉતરવાના માર્ગ વડે જેમ મહાનદીને ઉતરે તેમ જિનેશ્વરે સ્થાપન કરેલા તીર્થ વડે બીજા પણ સંસારી જીવો લાંબા કાળ સુધી સંસાર-સમુદ્રનો પાર કરશે. તે ભગવંત પોતે કૃતકૃત્ય હોવા, છતાં, બીજા લોકોને કૃતકૃત્ય કરવા માટે એક લાખ પૂર્વ વર્ષ સુધી રહ્યા. સમસ્ત લોક ઉપર અનુગ્રહ કરીને કલ્યાણ-કારી, અચલ, રોગરહિત, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનર્ભવ એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા એવા જગત્સ્વામીનો તું શોક કેમ કરે છે? જે મરણ પામીને મહાદુઃખના સમૂહવાળા સ્થાનવાળી લાખો યોનિઓમાં અનેકવાર ભટકે છે તે જ મરણ પામેલો શોક કરવા લાયક છે.

હે રાજેંદ્ર! સાધારણ માણસની માફક, મોક્ષપદને પામેલા પ્રભુનો શોક કરતાં તું કેમ લજ્જા પામતો નથી? શોક કરતાં એવા તને અને શોક કરવા યોગ્ય એવા પ્રભુને

આ બન્નેયને માટે આ યોગ્ય નથી. જેમણે એક વખત પણ સ્વામીની ધર્મદેશના સાંભળી હોય, તે ક્યારેય શોક અને હર્ષ વડે જીતાતો નથી, તો ફરી ફરી અનેકવાર દેશના સાંભળનારા તમે કેમ શોક વડે પરાભવ પામો ?

હે રાજન્ ! મહાસમુદ્રનો ક્ષોભ, મેરુપર્વતનો કંપ, પૃથ્વીનું પરાવર્તન, વજ્રની કુંઠતા, અમૃતનું વિરસપણું, ચંદ્રની ઉષ્ણતા ક્યારેય ન થાય, તેવી રીતે તમારો આ ખેદ ન સંભવે એવો છે. હે રાજન્ ! તમે ધીર થાઓ, પોતાને ઓળખો, કારણકે ત્રણ જગતમાં એક ધીર એવા તે પ્રભુના ખરેખર તમે પુત્ર છો.

આ પ્રમાણે ગોત્રના વૃદ્ધ પુરુષની જેમ ઇંદ્ર વડે બોધ કરાયેલો ભરતરાજા જળ જેમ શીતળપણું પામે તેમ સ્વાભાવિક ધીરતાને ધારણ કરે છે.

## ઋષભજિનનો નિર્વાણ મહોત્સવ

હવે સૌધર્મેન્દ્ર સ્વામીશરીરનો સંસ્કાર કરવાની સામગ્રી લાવવા માટે જલદી આભિયોગિક દેવોને આદેશ કરે છે. તે પછી દેવો ઇંદ્રના આદેશથી નંદનવનમાંથી ક્ષણવારમાં ગોશીર્ષચંદનનાં કાષ્ઠો લાવે છે, ફરીથી તે દેવો ઇંદ્રના આદેશથી પૂર્વદિશામાં પ્રભુના દેહના નિમિત્તે ગોશીર્ષચંદન વડે ગોળ ચિતા રચે છે, તેમજ ઇક્ષ્વાકુ–કુળમાં ઉત્પન્ન થયેલા મહર્ષિઓને માટે દક્ષિણદિશામાં ત્રણ ખૂણાવાળી ચિતા કરે છે, વળી તે દેવો બીજા સાધુઓ માટે પશ્ચિમ દિશામાં ચાર ખૂણાવાળી ચિતા કરે છે.

હવે ઇન્દ્ર ક્ષીરસમુદ્રમાંથી પુષ્કરાવર્તમેઘની જેમ દેવો પાસે શીઘ્ર જળ મંગાવે છે. તે જળ વડે ઇંદ્ર ભગવંતના શરીરને ન્હવરાવે છે, તેમ જ ગોશીર્ષચંદનના રસ વડે વિલેપન કરે છે. તે પછી ઇંદ્ર હંસના ચિહ્નવાળા દેવદૂષ્ય વસ્ત્ર વડે પરમેશ્વરના તે શરીરને ઢાંકે છે, ઢાંકીને તે પરમેશ્વરના શરીરને દિવ્ય માણિક્યના આભૂષણો વડે ભૂષિત કરે છે, બીજા દેવો બીજા મુનિઓના શરીરની પણ તે જ વખતે ઇંદ્રની જેમ ભક્તિવડે તે સર્વ સ્નાન-આદિ કરે છે.

તે પછી દેવો જુદા જુદા લાવેલા ત્રણ લોકના સાર-ભૂત રત્નો વડે હજાર પુરુષો ઉપાડી શકે એવી ત્રણ શિંબિકાઓ કરે છે.

તે પછી ઇંદ્ર જાતે સ્વામીના ચરણોમાં પ્રણામ કરીને પ્રભુના દેહને મસ્તક ઉપર ઉપાડીને શિબિકાની મધ્યમાં સ્થાપન કરે છે, બીજા દેવો ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલા મોક્ષ પદના અતિથિ એવા મુનિઓના શરીરોને તેવી જ રીતે બીજી શિબિકામાં સ્થાપન કરે છે, તેમ જ બીજા દેવો બીજા મુનિઓના દેહોને પોતાના મસ્તકે ચઢાવીને ત્રીજી શિબિકામાં મૂકે છે.

હવે ઇંદ્ર પોતે તે જિનેશ્વરની શિબિકાને ઉપાડે છે, બીજા દેવો બીજા મુનિઓની શિબિકાઓને ઉપાડે છે.

તે વખતે એક તરફ અપ્સરાઓ તાલપૂર્વક રાસડા ગાતે છતે, બીજી તરફ મધુર શબ્દ કરતે છતે આગળ આગળ

દેવતાઓ શોક વડે ધૂપના ધૂમાડાના બહાને આંસુને વમન કરતી હોય એવી ધૂપ ઘટીઓને ધારણ કરતે છતે, કેટલાક દેવો શિબિકાની ઉપર પુષ્પમાળાઓ ફેંકતે છતે, કેટલાક દેવો શેષના નિમિત્તે તે જ માળાઓને ગ્રહણ કરતે છતે, કેટલાક દેવો દેવદૂષ્ય વસ્ત્ર વડે આગળ તોરણો કરતે છતે, કેટલાક દેવો આગળ યક્ષકર્દમ વડે છાંટણાં કરતે છતે, કેટલાક યંત્રમાંથી છૂટેલા પથ્થરના ગોળાની જેમ આગળ આળોટતે છતે, મોહચૂર્ણથી આહત થયા હોય તેમ બીજા દેવો પાછળ દોડતે છતે, કેટલાક 'નાથ, નાથ' એ પ્રમાણે મોટેથી શબ્દ કરતે છતે, કેટલાક 'મંદ-ભાગ્યવાળા અમે હણાયા' એ પ્રમાણે પોતાની નિંદા કરતે છતે, કેટલાક 'હે નાથ ! અમને શિક્ષા આપો' એ પ્રમાણે વારંવાર પ્રાર્થના કરતે છતે, કેટલાક 'હે સ્વામી ! અમારો ધર્મસંશય કોણ છેદશે ? એ પ્રમાણે બોલતે છતે, કેટલાક 'હે ભગવંત ! અંધની માફક અમે ક્યાં જઈશું ?' એ પ્રમાણે પશ્ચાત્તાપ કરતે છતે, કેટલાક દેવો 'પૃથ્વી અમને વિવર (= માર્ગ) આપે' એ પ્રમાણે ઇચ્છતે છતે, વાજિંત્રો વાગતે છતે ઈંદ્ર સ્વામીની શિબિકાને ચિતાની પાસે લઈ જાય છે, અને બીજા દેવો બીજી બે શિબિકાઓને ચિતાની પાસે લઈ જાય છે.

કૃત્યને જાણનાર સૌધર્મેન્દ્ર, પોતાનો પુત્ર હોય તેમ સ્વામીના શરીરને પૂર્વદિશામાં રહેલી ચિતામાં ધીમેથી સ્થાપન કરે છે, સહોદરની જેમ દેવો ઇક્ષ્વાકુ કુળમાં જન્મેલા મુનિઓના શરીરોને દક્ષિણદિશાની ચિતામાં

સ્થાપન કરે છે, અને બીજા દેવો ઔચિત્યને જાણનારા, બીજા મુનિઓના શરીરોને પશ્ચિમ દિશાની ચિતામાં સ્થાપન કરે છે.

હવે ઇંદ્રના આદેશ વડે અગ્નિકુમારદેવો તત્કાલ તે ચિતાઓમાં અગ્નિકાયને વિકુર્વે છે, વાયુકુમાર દેવો ઇંદ્રની આજ્ઞાથી વાયુ વિકુર્વે છે. તે પછી વાયુઓ ચારે તરફથી અગ્નિને શીઘ્ર સળગાવે છે, દેવેન્દ્રના આદેશથી તે ચિતાઓમાં ભાર પ્રમાણ કપૂર આદિ અને કુંભ પ્રમાણ ઘી અને મધ નાંખે છે. હાડકાંને મૂકીને જ્યાં સુધીમાં બાકી ધાતુઓ બળી ગઈ, તેટલામાં ચિતાના અગ્નિને મેઘકુમાર દેવો ક્ષીરસમુદ્રના પાણીથી બૂઝાવે છે.

તે પછી ઇંદ્ર પોતાના વિમાનમાં પ્રતિમાની જેમ પૂજવા માટે પ્રભુની ઉપરની જમણી દાઢાને ગ્રહણ કરે છે, ઈશાનેન્દ્ર પણ ઉપરની પ્રભુની ડાબી દાઢાને ગ્રહણ છે, ચમરેન્દ્ર વળી નીચેની જમણી દાઢાને લે છે, બલીન્દ્ર નીચેની ડાબી દાઢાને ગ્રહણ કરે છે. બીજા ઇન્દ્રો બાકીના દાંત, બીજા દેવો હાડકાં પણ ગ્રહણ કરે છે.

તે પછી શ્રાવકોએ માગણી કરવાથી દેવોએ ત્રણ કુંડનો અગ્નિ આપવાથી ત્યારથી માંડીને અગ્નિહોત્રી બ્રાહ્મણો થયા. તેઓ ઘરમાં સ્વામીની ચિતાના અગ્નિને નિત્ય પૂજે છે. શ્રીમંત શ્રેષ્ઠિઓ જેમ લક્ષદીપને રાખે તેમ તે અગ્નિને વાયુરહિત પ્રદેશમાં રાખે છે.

ઈક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થયેલા શ્રમણોના અને શેષ

મુનિઓના તે બુઝાઈ ગયેલા ચિતાના અગ્નિને સ્વામીની ચિતાના અગ્નિ વડે સળગાવે છે.

અન્ય મુનિઓના બુઝાઈ ગયેલા ચિતાના અગ્નિને ઈક્ષ્વાકુવંશના મુનિઓની ચિતાના અગ્નિ વડે પણ તેઓ સળગાવે છે, પણ અન્ય મુનિઓના ચિતાના અગ્નિને બીજા બે ચિતાના અગ્નિમાં તેઓ સંક્રમાવતા નથી. બ્રાહ્મણોમાં આજે પણ આ વિધિ દેખાય છે.

કેટલાક ભસ્મને પ્રાપ્ત કરીને ભક્તિ વડે તે ભસ્મને વંદન કરે છે, ત્યારથી માંડીને ભસ્મરૂપ ભૂષણવાળા તે તાપસો થયા.

તે પછી દેવો અષ્ટાપદ પર્વતના નવા ત્રણ શિખરની જેમ ચિતાના ત્રણ સ્થાનમાં રત્નમય ત્રણ સ્તૂપ કરે છે. તે પછી નંદીશ્વર દ્વીપમાં શાશ્વત પ્રતિમાઓનો મહોત્સવ કરીને ઈંદ્ર સહિત તે દેવો પોત–પોતાના સ્થાનમાં જાય છે.

સર્વે ઇન્દ્રો પોત–પોતાના વિમાનોમાં સૌધર્મ સભામાં માણવક સ્થંભને વિષે ગોળ વજ્રના દાભડામાં સ્વામીની દાઢાઓને સ્થાપન કરે છે. સ્થાપન કરીને નિરંતર તેની પૂજા કરે છે, તેઓના પ્રભાવથી તેઓને હંમેશાં વિજયમંગળ થાય છે.

### અષ્ટાપદની ઉપર ભરતે કરાવેલ સિંહનિષદ્યા જિનપ્રાસાદ

ભરતરાજા ત્યાં પ્રભુના સંસ્કારના નજીકના ભૂમિતલ ઉપર એક યોજન વિસ્તારવાળા અને ત્રણ ગાંઉ ઊંચા,

મોક્ષપ્રાસાદના સુંદર માર્ગ જેવા સિંહનિષદ્યા નામના પ્રાસાદને વર્ધકિ રત્ન પાસે મોટા રત્નપાષાણો વડે કરાવે છે. તે જિનપ્રાસાદને સ્વામીના સમવસરણની માફક સ્ફટિક પાષાણમય મનોહર ચાર દ્વાર થયા. ત્યાં દરેક દ્વારે બંને બાજુ શિવલક્ષ્મીના ભંડાર જેવા સોળ રત્ન–ચંદનના કળશો છે, દ્વારે દ્વારે રત્નમય સોળ તોરણ સાક્ષાત્ ચારે તરફથી ઉત્પન્ન થયેલ પુણ્યની વેલ જેવા છે, દ્વારે દ્વારે પ્રાસાદના દ્વારમાં આલેખેલી પ્રશસ્તિલિપિ સરખા મંગળ-કારક સોળ અષ્ટમંગળ હોય છે, તે દ્વારોને વિષે ચાર દિક્પાલોની લાવેલી સભાઓ હોય એવા વિશાળ મુખ-મંડપોની આગળ મંડપને અંતે લક્ષ્મીરૂપી વેલીના પ્રેક્ષાગૃહ મંડપો છે. તે પ્રેક્ષામંડપોના મધ્યભાગે સૂર્યના બિંબને વિડંબના કરે એવા વજ્રમય અક્ષવાટો (= પ્રેક્ષકને યોગ્ય આસનો) છે. કમળના મધ્યમાં કર્ણિકા હોય તેમ દરેક અક્ષવાટના મધ્યભાગમાં મનોહર રત્નસિંહાસન છે, દરેક પ્રેક્ષામંડપની આગળ મણિપીઠિકા છે, તેની ઉપર રત્નોથી શોભતા ચૈત્યસ્તૂપો છે.

તે ચૈત્યસ્તૂપોની આગળ આકાશને પ્રકાશિત કરનારી દરેક દિશામાં એક એક મોટી મણિપીઠિકા છે. તે દરેક પીઠિકા ઉપર એક એક ચૈત્યસ્તૂપની સન્મુખ રહેલી સર્વાંગે રત્નમય પાંચસો ધનુષ્ય પ્રમાણવાળી ઋષભ–ચંદ્રાનન–વારિષેણ અને વર્ધમાન એ પ્રમાણે નામવાળી પર્યંકાસને રહેલી મનોહર નેત્રરૂપી કમળને વિકસ્વર

કરવામાં ચાંદની જેવી, નંદીશ્વર મહાદ્વીપના ચૈત્યના મધ્યભાગમાં શાશ્વતી જિનપ્રતિમા હોય એવી પ્રતિમાઓ છે.

તે દરેક ચૈત્યસ્તૂપોની આગળ અમૂલ્ય માણિક્યમય વિશાળ સુંદર પીઠિકા છે, તે દરેક પીઠિકાની આગળ ચૈત્યવૃક્ષો છે, તે દરેક ચૈત્યવૃક્ષોની આગળ મણિપીઠિકાઓ છે, તે દરેકની ઉપર ઇંદ્રધ્વજ, ધર્મ વડે દરેક દિશામાં આરોપણ કરેલ જયસ્તંભ જેવો છે, દરેક ઇંદ્રધ્વજની આગળ ત્રણ પગથિયાવાળી તોરણસહિત નંદા નામની વાવડી છે, તે વાવ સ્વચ્છ શીતળ જળથી ભરેલી વિચિત્ર કમળો વડે શોભતી, મનોહર, દધિમુખ પર્વતોના આધારભૂત વાવડી સરખી છે.

તે સિંહનિષદ્યા મહાચૈત્યની મધ્યભાગમાં મોટી મણિપીઠિકા છે, તે મણિપીઠિકાની ઉપર સમવસરણની જેવો વિચિત્ર રત્નમય દેવચ્છંદો છે, તેની ઉપર અકાળે પણ સંધ્યાના વાદળાના સમૂહની શોભાને બતાવતો જુદા જુદા વર્ણનો વસ્ત્રમય ચંદરવો છે, ચંદરવાની અંદર અને પડખે વજ્રમય અંકુશ છે, તો પણ ચંરરવાની શોભા નિરંકુશ છે.

તે અંકુશની ઉપર કુંભ સરખા પ્રમાણવાળા, આમળાની જેમ સ્થૂલ મોતીઓ વડે બનાવેલા અમૃતની ધારા જેવા હારો લટકાવેલા છે. હારના છેડાઓને વિષે નિર્મળ મણિમાળાઓ ત્રણેય લોકની મણિની ખાણોમાંથી લવાયેલ વાનકી જેવી શોભે છે, મણિમાળાઓના અંત-

ભાગોને વિષે નિર્મળ વજ્રમાળાઓ, સખીઓની જેમ પ્રભારૂપી ભુજાઓ વડે પરસ્પર આલિંગન કરતી હોય એમ શોભે છે.

ચૈત્યની ભીંતોને વિષે વિચિત્ર મણિમય ગવાક્ષો પોતાની પ્રભાના સમૂહ વડે પડદારૂપે થયા હોય એવા શોભે છે, તેઓને વિષે બળતા અગરુના ધૂમાડાના સમૂહો તે પર્વતની નવી ઉત્પન્ન થયેલી ચૂલિકાના ભ્રમને આપનારા શોભે છે.

તે દેવચ્છંદા ઉપર પોત–પોતાના સંસ્થાન–માપ–અને વર્ણવાળી શૈલેશી ધ્યાનમાં વર્તતા પ્રત્યક્ષ સ્વામી હોય એવી ઋષભ જિનેન્દ્ર વગેરે અરિહંતોની નિર્મળ ચોવીશ રત્ન પ્રતિમાઓ બનાવીને સ્થાપે છે.

તેમાં સોળ પ્રતિમાઓ સુવર્ણની બનાવેલી છે. બે શ્યામ રત્નમય છે, બે સ્ફટિકની બનાવેલી છે, બે વૈડૂર્ય રત્નની બનાવેલી છે, બે શોણપાષાણ (લાલ વર્ણના મણિ)થી બનાવેલી છે. આ પ્રમાણે ચોવીશ જિનની પ્રતિમાઓ ત્યાં છે.

તે સર્વ અરિહંતની પ્રતિમાઓના અંકરત્નમય લોહિતાક્ષમણિમય પ્રતિસેક (=નખના નીચેના ભાગ) વાળા નખો છે. નાભિ, કેશના અંતની ભૂમિ, જીભ, તાલુ, શ્રીવત્સ, ચૂચુક (=સ્તનનો અગ્રભાગ) અને હાથ પગના તળિયા રક્તસુવર્ણથી બનાવેલા છે; પાંપણ, નેત્રની કીકી, દાઢી–મૂછના વાળ, ભ્રૂકુટીના વાળ, અને કેશ

રિષ્ટરત્નમય છે. હોઠ પરવાળામય છે, દાંત સ્ફટિકમય છે, શીર્ષઘટી (=મસ્તકની હાડકી) વજ્રમય, નાસિકા અભ્યંતર લોહિતાક્ષમણિથી શોભતી સુવર્ણથી બનેલી છે, દૃષ્ટિઓ લોહિતાક્ષનાં પ્રતિસેકવાળા છેડાના ભાગવાળી એકરત્નની બનાવેલી છે; આ પ્રમાણે અનેક મણિમય તે પ્રતિમાઓ શોભે છે.

તે દરેક પ્રતિમાઓના પાછળના ભાગમાં એક એક રત્નથી બનાવેલી, યથાયોગ્ય માપ વડે શોભતી, છત્રને ધારણ કરનારી પ્રતિમા, મોતી અને પરવાળાની જાળીથી યુક્ત, કોરંટ પુષ્પની માળાવાળા, સ્ફટિક મણિમય દંડવાળા શ્વેત છત્રને ધારણ કરતી ઊભી રહે છે.

તે દરેક પ્રતિમાની બંને પડખે ઊંચા કર્યા છે મણિમય ચામર જેણે એવી રત્નમય બે બે ચામર ધારણ કરનારી પ્રતિમાઓ છે. તે દરેક ભગવંતની પ્રતિમાની આગળ નાગ, યક્ષ, ભૂત અને કુંડધારકની બે બે પ્રતિમાઓ છે. તે સર્વાંગે ઉજ્જ્વલ રત્નમય બે હાથ જોડી પ્રત્યક્ષ બેઠેલા નાગ આદિ દેવોની જેમ શોભે છે.

દેવચ્છંદામાં નિર્મળ ચોવીશ રત્નઘંટાઓ, સંક્ષેપ પામેલા સૂર્યના બિંબ સરખા માણિક્યના દર્પણો, સોનાની બનાવેલી સ્થાને રહેલી દીપિકાઓ, તેમજ રત્ન કરંડક, નદીના આવર્તની જેમ ગોળ મનોહર પુષ્પની છાબડીઓ, પીંછીની થાળીઓ, આભૂષણના કરંડિયા, સોનાના બનાવેલા ધૂપધાણાં, આરતી, રત્નના થાળ,

સુવર્ણપાત્ર, રત્ન–ચંદનના કળશો, રત્નના સિંહાસન, રત્નમય અષ્ટમંગલ, સુવર્ણમય તેલના દાભડા, સુવર્ણમય ધૂપનાં પાત્રો, સુવર્ણમય ઉત્પલ હસ્તકઃ આ શ્રીમાન્ ચોવીશ અર્હત્ તીર્થંકરોની આગળ છે.

આ પ્રમાણે વિવિધ રત્નમય, ત્રણેય લોકમાં અતિ-સુંદર, સાક્ષાત્ ધર્મની જેવા ચંદ્રકાંતમણિમય કિલ્લા વડે શોભિત તે ચૈત્ય ભરતરાજાની આજ્ઞા તુલ્ય સમયમાં જ કલાના જાણકાર તે વર્ધકિરત્ન વિધિપૂર્વક બનાવે છે.

તે ચૈત્ય વળી આવા પ્રકારનું છે: ઈહામૃગ (=વરુ) વૃષભ, મગર, અશ્વ, મનુષ્ય, કિન્નર, પક્ષી, વાલક, રુરુ, શરભ (અષ્ટાપદ), ચમર, ગજ આદિ વિવિધ ચિત્રકર્મ વડે ઉપશોભિત; ઘણા વૃક્ષવાળા ઉદ્યાનની જેમ વનલતા, પદ્મલતા આદિ વડે વિચિત્ર અદ્ભુત રચનાવાળું; રત્નમય સ્તંભો વડે યુક્ત, આકાશ ગંગાના તરંગની જેવી પતાકાઓ વડે મનોરમ, ઊંચા સુવર્ણમય ધ્વજદંડો વડે દાંતવાળું હોય એવું, નિરંતર વિસ્તાર પામતા ધ્વજામાં રહેલી ઘુઘરીઓના શબ્દ વડે ખેચરની સ્ત્રીઓના સમૂહના કંદોરાના શબ્દને વિડંબના કરતું હોય એવું, ઉપર વિશાળ કાંતિથી શોભતા પદ્મરાગમણિના કુંભ વડે માણિક્ય વડે વીંટીની જેમ શોભતું, કિરણો વડે કોઈક ઠેકાણે પલ્લવિત થયું હોય એવું, કોઈક ઠેકાણે જાણે બખ્તર ધારણ કર્યું હોય એવું, કોઈક ઠેકાણે જાણે રોમાંચિત હોય એવું, કોઈક ઠેકાણે વિલેપન કર્યું હોય એવું, કોઈક

ઠેકાણે ગોશીર્ષચંદનના રસમય થાપાથી યુક્ત, અત્યંત સારી રીતે જોડાયેલા સાંધા હોવાથી જાણે એક પાષાણથી બનાવેલ હોય એવું, અપ્સરાઓ વડે મેરુ પર્વતની જેમ વિચિત્ર ચેષ્ટાઓ વડે સુંદર માણિક્યની પુતળીઓ વડે અધિષ્ઠિત છે મધ્ય ભાગ જેનો એવું, બંને દ્વાર ભાગમાં ચંદનના દ્રવથી લેપેલા બે કુંભ વડે સ્થળમાં ઉત્પન્ન થયેલ શ્વેતકમળ વડે યુક્ત હોય એવું, તીર્છી બાંધીને લટકાવેલી સુગંધી પુષ્પમાળાઓ વડે રમણીય, જમીન ઉપર પાંચ વર્ણના પુષ્પોની રચનાવાળું, યમુના નદી વડે કલિંદ પર્વતની જેમ નિરંતર કપૂર–અગરુ અને કસ્તૂરીના ધૂપના ધૂમાડા વડે રાત્રિ–દિવસ સુવાસિત કરાતું, દેવલોકમાંથી આવેલા પાલક વિમાનની જેમ અપ્સરાઓના સમૂહથી વ્યાપ્ત, વિદ્યાધરીઓ વડે શ્રેષ્ઠ વૈતાઢયની મેખલાના ખંડ જેવું, આગળ પડખે અને પાછળ સુંદર ચૈત્ય વૃક્ષો વડે અને માણિક્યની પીઠિકાઓ વડે જાણે આભૂષણથી શણગાર્યું હોય એવું અષ્ટાપદ પર્વતના મસ્તકે રહેલા માણિક્યના ભૂષણ સરખું, નંદીશ્વરદ્વીપ આદિના ચૈત્યોની સ્પર્ધા વડે જાણે અતિપવિત્ર એવું આવા પ્રકારનું ભરત રાજાએ કરાવેલું તે ચૈત્ય છે.

ભરતેશ્વર પોતાના નવ્વાણું ભાઈઓની દિવ્યરત્ન શિલામય પ્રતિમાઓ ત્યાં જ કરાવે છે, ભક્તિ વડે અતૃપ્ત તે રાજા ભગવંતની સેવા કરતી પોતાની પ્રતિમાને ત્યાં જ કરાવે છે.

ચૈત્યની બહાર ભગવંતનો એક એક સ્તૂપ, અને

પોતાના ભાઈઓના નવ્વાણું સ્તૂપ (= પાદુકાથી મંડિત દેવકુલિકા) કરાવે છે.

અહીં ગમનાગમન વડે લોકો આશાતના ન કરે, એમ વિચારીને રાજા યંત્રમય લોહથી બનાવેલા આરક્ષકોને કરે છે, લોહનિર્મિત યંત્રથી યુક્ત તે આરક્ષક પુરુષો વડે તે સ્થાન મનુષ્યલોકથી બહાર હોય તેમ મનુષ્યોને અગમ્ય થયું.

તે પછી તે ચક્રવર્તી ત્યાં દંડરત્ન વડે તે પર્વતના દાંતાઓને કાપી નાંખે છે, તેથી તે પર્વત સરલ ઊંચા થાંભલાની જેમ ન ચઢી શકાય એવો થયો.

તે પછી તે પર્વતની ચારે તરફ લોકો વડે ન ઓળંગી શકાય એવા એક એક યોજનને આંતરે મેખલારૂપ આઠ પગથિયાં કરે છે, ત્યારથી માંડીને એ પર્વત 'અષ્ટાપદ' એ પ્રમાણે નામ વડે પ્રસિદ્ધ થયો. લોકમાં એ પર્વત હરાદ્રિ ૧, કૈલાસ ૨ અને સ્ફટિકગિરિ ૩ તરીકે કહેવાય છે.

આ પ્રમાણે ચૈત્ય બનાવીને ભરતચક્રવર્તી પ્રતિષ્ઠા કરાવીને શ્વેતવસ્ત્ર ધારણ કરી મેઘમાં ચંદ્રની જેમ તે ચૈત્યમાં પ્રવેશ કરે છે. ત્યાં પરિવાર સહિત રાજા પ્રદક્ષિણા કરીને સુગંધી જળ વડે તે પ્રતિમાઓને ન્હવરાવે છે, ન્હરાવીને દેવદૂષ્ય વસ્ત્ર વડે ચારે તરફથી તે પ્રતિમાઓને સાફ કરે છે, તેથી તે પ્રતિમાઓ રત્નના અરીસાની જેમ અત્યંત ઉજ્જવળ થઈ.

હવે રાજા નિર્મળ જ્યોત્સ્નાના પૂરની જેમ અત્યંત ગાઢ સુગંધપણાને પામેલા ગોશીર્ષચંદનના રસ વડે તે પ્રતિમાઓને વિલેપન કરે છે, વિલેપન કરીને વિચિત્ર રત્નના ભૂષણો વડે, સુંદર દિવ્ય માળાઓ વડે, અને દેવદૂષ્ય વસ્ત્રો વડે તે પ્રતિમાઓની પૂજા કરે છે, તે પછી ઘંટ વગાડતો, જેના ધૂમાડારૂપી વાટથી નીલ વેલ વડે અંકિત કરતો હોય તેમ ચૈત્યની અંદર રાજા ધૂપ બાળે છે. તે પછી રાજા સંસારરૂપી શીતથી ભય પામેલાઓને બળતા અગ્નિકુંડ જેવી કપૂરની આરતી ઉતારે છે, આરતી ઉતારીને ઋષભસ્વામીની પ્રતિમાને નમીને શોક અને ભક્તિ વડે વ્યાપ્ત થયેલો ભરતેશ્વર આ પ્રમાણે સ્તુતિ કરવાની શરુઆત કરે છે.

### અષ્ટાપદના જિનપ્રાસાદની અંતર્ગત ચોવીશ જિનેશ્વરોની સ્તુતિ

**कल्लाणपंचएहिं, नेरइयाणं पि दुक्खतवियाणं ।**
**दिण्णसुहस्स सुहागर ! नमो तुमं तिजगदीसस्स ॥१॥**

દુઃખથી તપેલા નારકીના જીવોને પણ પાંચ કલ્યાણકો વડે સુખને આપનારા હે સુધાકર ! હે ત્રણ જગતના ઈશ્વર ! તમને નમસ્કાર થાઓ. ૧

**सामिय ! जगहियकारग ! विहरंतेणं तए इमं विस्सं ।**
**दिणवइणा विव निहिलं, अणुग्गहियमेत्थ तमगसियं ॥२॥**

હે જગતનું હિત કરનારા સ્વામી! તમે આ જગત ઉપર વિહાર કરતા અજ્ઞાનરૂપી અંધકારથી ગ્રસ્ત થયેલ આ સમસ્ત જગત ઉપર સૂર્યની જેમ અનુગ્રહ કર્યો છે. ૨

**अज्जाणज्जजणाणं, विहरंतो तुं सया समसुहाय ।**
**भवओ पवणस्स य तह, परोवयाराय होज्ज गई ॥३॥**

વિહાર કરતા એવા તમે હંમેશાં આર્ય અને અનાર્ય લોકોને સમાન સુખ માટે છો, આપની અને પવનની ગતિ પરોપકાર માટે છે. ૩

**अण्णोसिं विहरंतो, उवयरिउं आसि दीहकालमिह ।**
**उवयाराय हि भयवं, मुत्तीए कास समुवगओ ॥४॥**

હે ભગવંત! અહીં દીર્ઘકાળ સુધી બીજાઓને ઉપકાર કરવા માટે વિચરતા હતા, મુક્તિમાં કોના ઉપકાર માટે તમે ગયા? ૪

**भवया अहिट्ठियं जं, लोयग्गं अज्ज लोगवरमासी ।**
**मच्चुपहाणो लोगो, तुमइ विणा एस संजाओ ॥५॥**

હે ભગવંત! તમારા વડે અધિષ્ઠિત લોકાગ્ર આજે શ્રેષ્ઠ થયો, તમારા વિના આ લોક મૃત્યુપ્રધાન થયો. ૫

**अज्जवि सक्खमसि तुमं, तेसिं सब्भावभूसिय भवीणं ।**
**लोगाणुग्गहकरणिं, सरंति जे देसणं तुम्ह ॥६॥**

સદ્ભાવથી ભૂષિત એવા પ્રાણીઓને આજે પણ તમે સાક્ષાત્ છો, કે જેઓ લોકને અનુગ્રહ કરનારી તમારી દેશનાને યાદ કરે છે. ૬

रूवत्थं पि जणा जे, जिणिंद ! झाणं तुमम्मि जुंजंति ।
पच्चक्खमेव ताणं, जोगीणं पि भयवं तुं सि ॥७॥

હે જિનેશ્વર ! જે માણસો તમારું રૂપસ્થ ધ્યાન કરે છે, હે ભગવંત ! તેઓને અને યોગીઓને પણ તમે પ્રત્યક્ષ છો. ૭

परमेसर ! संसारं, जहा असेसं चइत्थ दुहभरियं ।
तह निम्ममोवि चित्तं, न चयसु कयावि मम नूणं ॥८॥

હે પરમેશ્વર ! જેવી રીતે તમે દુઃખથી ભરેલા સમસ્ત સંસારનો ત્યાગ કર્યો, તેવી રીતે ક્યારે પણ મમતારહિત થઈ તમે મારા મનનો ત્યાગ કરતા નહિ. ૮

इअ थुणिऊणं उसहं, पहुं तओ जिणवरे य अण्णे वि ।
नमिउं नमिउं भरहो, पत्तेगं वण्णिउं लग्गो ॥१॥

આ પ્રમાણે ઋષભદેવ પ્રભુની સ્તુતિ કરીને ભરત બીજા દરેક જિનેશ્વરોને નમી-નમીને પ્રત્યેકની સ્તુતિ કરવા લાગ્યો. ૧

विसयकसाया अजिअं, विजयामायर सुकुक्खिवरहंसं ।
जियसत्तुनरिंदसुयं, नमामि अजियं अजियनाहं ॥२॥

વિષય અને કષાયોથી નહિ જિતાયેલા, વિજયા-માતાની ઉત્તમકુક્ષિમાં શ્રેષ્ઠ હંસસમાન, જિતશત્રુરાજાના પુત્ર અજેય એવા અજિતનાથને હું નમસ્કાર કરું છું. ૨

भवपयण पारगमणे, सूरं सेणायस्स वस्रयणं ।
नरवइजियारिजायं, संभवजिणनाहमरिहामि ॥३॥

સંસાર રૂપી ગગનનો પાર પામવામાં સૂર્ય જેવા (શૂર), સેનામાતાના ઉદરમાં શ્રેષ્ઠ રત્ન સમાન, જિતારિ-રાજાના પુત્ર સંભવજિનનાથની હું પૂજા કરું છું. ૩

**संवरवंसाभरणं, देवो सिद्धत्थपुव्वदिसिभाणू ।**
**अभिणंदणजिणयंदो, हणेउ सइ अम्ह दुरियाइं ॥४॥**

સંવરરાજાના વંશમાં આભરણરૂપ, સિદ્ધાર્થા દેવીરૂપી પૂર્વ દિશાને વિષે સૂર્ય સમાન અભિનંદન જિનચંદ્ર હંમેશાં અમારાં પાપોનો નાશ કરો. ૪

**जय मंगलामणकुमुय–चंदो मेहण्णयावणि जलहरो ।**
**सुमई जिणिंदणाहो, जो भवियजण–मण–दुहहरणो ॥५॥**

મંગલામાતાના મનરૂપી કુમુદને વિષે ચંદ્ર સમાન, મેઘરાજાના વંશરૂપી પૃથ્વીને વિષે મેઘસમાન, સુમતિનાથ જિનેશ્વર કે જે ભવ્યજનોના મનના દુઃખને હરનારા છે, તે જયવંતા વર્તો. ૫

**सामि ! धरनरिंदजलहि–सोम ! सुसीमासरोवरसरोय ! ।**
**पउमप्पह–तित्थयरो !, तुब्भं सययं नमो अत्थु ॥६॥**

ધરરાજા રૂપી સમુદ્રને વિષે ચંદ્રસમાન ! સુસીમા-માતારૂપી સરોવરને કમળ સમાન ! હે પદ્મપ્રભ તીર્થંકર ! સ્વામી ! તમને સદા નમસ્કાર થાઓ. ૬

**जिणवर–सुपास ! रक्खसु, पुढवीमलयम्मि चंदणसरिच्छ ! ।**
**सिरियपइट्ठनिवकुलाऽऽहारवरत्थंभ ! अम्हे वि ॥७॥**

પૃથ્વી માતારૂપી મલયગિરિને વિષે ચંદન સરખા! શ્રી પ્રતિષ્ઠ રાજાના કુળના આધારસ્તંભ સરખા શ્રી સુપાર્શ્વ જિનવર! અમારું રક્ષણ કરો. ૭

**महसेणकुलमयंको !, लक्खमणाकुक्खिमाणसमराल !।**
**भयवं चंदप्पहजिण !, तारसु अम्हे भवोदहिओ ॥८॥**

મહાસેન રાજાના કુળને વિષે ચંદ્ર સમાન! લક્ષ્મણા-માતાની કુક્ષિરૂપી માનસ સરોવરમાં હંસ સમાન! ભગવાન શ્રી ચંદ્રપ્રભજિન! અમોને સંસાર સમુદ્રથી તારો. ૮

**सुग्गीवतणय ! रामा—देवी—णंदणवणुव्विकप्पतरू !।**
**सुविहिजिणो मज्झ दिससु, परमंपयपयासगं मग्गं ॥९॥**

સુગ્રીવરાજાના પુત્ર! રામાદેવી રૂપી નંદનવનની ભૂમિને વિષે કલ્પવૃક્ષ સમાન! સુવિધિ જિનેશ્વર! મોક્ષ-પદને પ્રકાશ કરનારો માર્ગ મને બતાવો. ૯

**सिरिसीयलो जिणेसो. नंदादेवीमणंबुहि—मयंको ।**
**दढरहनरिंदतणओ, मणवंछियदायगो मज्झ ॥१०॥**

નંદાદેવીના મનરૂપી સમુદ્રને આનંદ પમાડવામાં ચંદ્ર સમાન, દઢરથરાજાના પુત્ર, શ્રી શીતળનાથ જિનેશ્વર! મને વાંછિત આપનાર થાઓ. ૧૦

**सिरिविण्हु माउतणओ, विण्हुनरिंदकुलमोत्तियाभरणं ।**
**नीसेयससिरिरमणो, सिज्जंसो देउ मे मोक्खं ॥११॥**

શ્રી વિષ્ણુમાતાના પુત્ર, શ્રી વિષ્ણુ રાજાના કુળને વિષે મોતીના આભરણસમાન, મોક્ષલક્ષ્મીના સ્વામી શ્રી શ્રેયાંસનાથ પ્રભુ! મને મોક્ષ આપો. ૧૧

**वसुपुज्जनरिंदसुओ, माइजयाहिययपंकयाइच्चो ।**
**अरिहंतवासुपुज्जो, सिमस्सिरिं दिज्ज भव्वाणं ॥१२॥**

વાસુપૂજ્ય રાજાના પુત્ર, જયા માતાના હૃદયકમળને વિકસિત કરવામાં સૂર્યસમાન, વાસુપૂજ્ય અરિહંત ભવ્ય જીવોને મોક્ષલક્ષ્મી આપો. ૧૨.

**सामाणण–वरचंदो, कयवम्मनरिंदसागरससंको ।**
**अरिहो विमलजिणेसो, हियय विमलं महंकुणउ ॥१३॥**

શ્યામા માતાના મુખને આનંદ પમાડવામાં શ્રેષ્ઠ ચંદ્ર સમાન, કૃતવર્મ રાજા રૂપી સાગરને ઉલ્લસિત કરવામાં ચંદ્ર સમાન, શ્રી વિમલનાથ અરિહંત! મારા હૃદયને વિમલ કરો. ૧૩

**सिरिसिंहसेणनरवइ–कुलमंगलदीवगो अणंतजिणो ।**
**सुजसादेवीसूणू, वियरसु अम्हं सुहमणंतं ॥१४॥**

શ્રી સિંહસેનરાજાના કુળને વિષે મંગળદીપક સમાન, શ્રી સુયશાદેવીના પુત્ર શ્રી અનંતજિનેશ્વર! અમોને અનંત સુખ આપો. ૧૪

**भाणुनिवहिययचंदो, सुवयापुव्वायलेसउसिणंसू ।**
**धम्मजिणेसो भयवं, विहेउ धम्मे मइं मज्झ ॥१५॥**

ભાનુરાજાના હૃદયને આનંદ પમાડવામાં ચંદ્રસમાન, સુવ્રતા માતારૂપ પૂર્વાચળને વિષે સૂર્યસમાન શ્રી ધર્મ જિનેશ્વર ભગવાન! મારી બુદ્ધિને ધર્મમાં સ્થાપન કરો. ૧૫

**सिरिसंतिनाहजिणवर ! अइरादेवीवरंगओ भवसु ।**
**निववीससेणकुलणह–चंदो ! भवियाण संतिमरो ॥१६॥**

અચિરાદેવીના શ્રેષ્ઠ પુત્ર, શ્રી વિશ્વસેન રાજાના કુળ રૂપી આકાશને વિષે ચંદ્રસમાન, શ્રી શાંતિનાથ જિનેશ્વર ! ભવ્ય જીવોને શાંતિ કરનારા થાઓ. ૧૬

**सिरिकुंथुनाह ! भयवं ! सूरनरिंदकुलगयणतिमिरारी !**
**सिरिजणणी–कुक्खिमणी !, जएसु उम्महियमयणमओ ॥१७**

શૂર રાજાના કુળરૂપી આકાશને વિષે સૂર્ય સમાન, શ્રીમાતાની કુક્ષિને વિષે રત્ન સમાન, કામદેવના મદને મથન કરનારા શ્રી કુંથુનાથ ભગવંત ! જયવંતા વર્તો. ૧૭

**देवीमाणसहंसो, सुदंसणनरिंदचित्तघणमोरो ।**
**तित्थयरो अरणाहो, देउ मम भवुत्तरणवरयं ॥१८॥**

દેવીમાતાના માનસને વિષે હંસ સમાન, સુદર્શન રાજાના ચિત્તરૂપી મયૂરને આનંદ પમાડવામાં મેઘ સમાન શ્રી અરનાથ તીર્થંકર ! મને સંસાર તરવાનું વરદાન આપો. ૧૮

**कुंभनरेससमुद्दाऽमयकुंभो, मल्लिनाहजिणचंदो ।**
**देविपहावइजाओ, दिसउ सिवं कम्मखयमल्लो ॥१९॥**

કુંભ રાજારૂપી સમુદ્રને વિષે અમૃતકુંભ સમાન, પ્રભાવતી દેવીથી ઉત્પન્ન થયેલા મલ્લિનાથ જિનચંદ્ર કે જે કર્મનો ક્ષય કરવામાં મલ્લ જેવા છે, તે મને મોક્ષ આપો. ૧૯

**पउमावइ देवीसुअ ! सुमित्तहिमवंतपोम्मदहरूवो ! ।**
**मुणिसुव्वयतित्थेसो ! पणई अम्हाण तुम्ह सिया ॥२०॥**

પદ્માવતી દેવીના પુત્ર, સુમિત્ર રાજારૂપ હિમવંત પર્વતને વિષે પદ્મદ્રહ સમાન શ્રી મુનિસુવ્રત તીર્થપતિ! તમોને અમારો નમસ્કાર થાઓ. ૨૦

**वप्पादेवीरोहण–गिरिरयण ! विजयनरिंदकुलदीव ! ।**
**विस्सनमंसियपयकय ! नमिजिणवर ! देसु मत्तिसुहं ॥२१॥**

વપ્રાદેવીરૂપી રોહણગિરિને વિષે રત્ન સમાન! વિજય રાજાના કુળને વિષે દીપક સમાન! વિશ્વ વડે નમસ્કાર કરવા લાયક છે ચરણકમળ જેના એવા હે નમિજિનવર! મને મોક્ષ સુખ આપો. ૨૧

**अरिहा अरिट्ठनेमी, समुद्दभूवइ समुद्धरयणीसो ।**
**असिवाणि सिवासूणू, हरेउ भवियाण नमिराणं ॥२२॥**

સમુદ્રવિજય રાજારૂપી સમુદ્રને ઉલ્લાસ પમાડવામાં ચંદ્ર સમાન, શિવાદેવીના પુત્ર અરિહંત શ્રી અરિષ્ટનેમિ ભગવંત! નમસ્કાર કરનારા ભવ્ય જીવોના ઉપદ્રવોને હરો. ૨૨

**पासजिणीसरदेवो, वामामणनंदणो पसंतगिरो ।**
**रायाऽससेणतणुओ, विग्घहरो होज्ज अम्हाणं ॥२३॥**

વામા માતાના મનને આનંદ પમાડનારા, પ્રશાંત વાણીવાળા, અશ્વસેન રાજાના પુત્ર શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરદેવ! અમારા વિઘ્નોને હરણ કરનારા થાઓ. ૨૩

**सिद्धत्थभूवतणओ, तिसलाहिययसररायहंससमो ।**
**चरमजिणेसो वीरो, अणंतमक्खयपयं देज्जा ॥२४॥**

સિદ્ધાર્થ રાજાના પુત્ર, ત્રિશલા માતાના હૃદયરૂપી સરોવરમાં રાજહંસ સમાન, ચરમ જિનેશ્વર શ્રી વીર પ્રભુ! અમને અનંત એવા અક્ષયપદને આપો. ૨૪

**इअ चउवीसजिणथुई, पढिज्जमाणा इमाउ भवियाणं ।**
**कत्थूरसूरिरइआ, भवदुहहरणी सया होज्जा ॥२५॥**

આચાર્ય શ્રી કસ્તૂરસૂરિએ રચેલી આ ચોવીશ જિનેશ્વરોની સ્તુતિ ભણતાં થકા ભવ્ય જીવોના સંસારના દુઃખને હરણ કરનારી હંમેશાં થાઓ. ૨૫

### ભારતનું અયોધ્યા નગરીમાં ગમન

આ પ્રમાણે દરેક અરિહંતોની સ્તુતિ કરીને અને નમસ્કાર કરીને તે સિંહનિષદ્યા ચૈત્યમાંથી નીકળે છે, ડોક વાળીને તે ચૈત્યને પ્રિયમિત્રની જેમ જોતો પરિવાર સહિત ભરતરાજા અષ્ટાપદગિરિ ઉપરથી ઉતરે છે. વસ્ત્રનો છેડો ચોંટી ગયો હોય તેમ પર્વતને વિષે ચોંટેલું છે મન જેનું એવો અયોધ્યાપતિ તે પછી મંદ મંદ અયોધ્યા

નગરી તરફ ચાલે છે. શોકના પૂરની જેમ સેનાથી ઉછળેલી રજ વડે દિશાઓને પણ આકૂળ કરતો, શોકાર્ત રાજા અનુક્રમે પોતાની નગરીમાં પહોંચે છે. તે વખતે અત્યંત તેના દુઃખથી દુઃખિત સગાભાઈની જેવા આંસુથી યુક્ત નેત્રવાળા નગરલોકો વડે જોવાતો ભરતરાજા વિનીતા નગરીમાં પ્રવેશ કરે છે.

તે પછી સ્વામીના ચરણોને વારંવાર યાદ કરીને વરસ્યા પછી બાકી રહેલા મેઘની જેમ તે રાજા અશ્રુજળના બિંદુઓને વરસાવતો પોતાના પ્રાસાદમાં પ્રવેશ કરે છે. તે ત્યાં ઊભા રહેતાં, જતાં, સૂતાં અને જાગતાં, બહાર કે અંદર, દિવસે કે રાત્રિએ ચોરાયેલા ધનવાળો કૃપણ જેમ ધનનું ધ્યાન કરે તેમ પ્રભુનું જ ધ્યાન કરે છે. તે વખતે બીજા કારણે પણ અષ્ટાપદગિરિના તળમાંથી આવેલા મનુષ્યોને જોઈને પૂર્વની જેમ પ્રભુના સ્વરૂપને કહેતા હોય તેમ તે માને છે.

પહેલાં ગૃહવાસમાં રહેવા છતાં પણ પશુની જેવા આ અજ્ઞાની લોકને વ્યવહાર માર્ગમાં જેમણે પ્રવર્તાવ્યા છે, પછી દીક્ષા ગ્રહણ કરીને ભગવંતે જલદી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સંસાર–સમુદ્રમાંથી જગતના લોકોને ઉદ્ધાર કરવા ઇચ્છતા જેમણે ધર્મ પમાડ્યો તે પ્રભુનો તેમ કેમ શોક કરો છો ? આ પ્રમાણે કુલમંત્રીઓ રાજાને કેમેય કરીને સમજાવીને ધીમે ધીમે રાજ્યકાર્યોમાં પ્રવર્તાવે છે.

## ભરતના ભોગો

રાહુથી મુક્ત થયેલા ચંદ્રની જેમ ધીમે ધીમે શોકથી મુક્ત થઈ રાજા બહાર વિહારભૂમિમાં ફરે છે. ગજેન્દ્ર જેમ વિંધ્યસ્થલીને યાદ કરે. તેમ સ્વામીના ચરણોને યાદ કરીને ખેદ કરતા એવા તેને નજીક રહેલા શિષ્ટ પુરુષો આવીને હંમેશાં વિનોદ કરાવે છે.

એક વખત તે રાજા પરિવારના આગ્રહથી વિનોદના ઉત્પત્તિસ્થાન એવા બગીચાઓની શ્રેણીમાં જાય છે. ત્યાં આવેલા સ્ત્રીરાજ્યની જેમ સ્ત્રીઓના સમૂહની સાથે મનોહર લતામંડપની શય્યામાં ક્રીડા કરે છે, ત્યાં કુતૂહલ વડે વિદ્યાધરોની પુષ્પો ભેગા કરવાની ક્રીડાની જેમ, યુવાન લોકોની પુષ્પો ભેગા કરવાની ક્રીડાને તે જુએ છે. ઉત્તમ સ્ત્રીઓ જાતે પુષ્પના નેપથ્ય (વેષભૂષણ)ને ગુંથીને કામદેવની પૂજાની જેમ તેને ભેટ કરે છે, તેની ઉપાસના કરવા માટે અસંખ્યરૂપે થયેલી હોય એવી ઋતુલક્ષ્મી જેવી સર્વાંગે પુષ્પાભરણથી ભૂષિત થયેલી સ્ત્રીઓ તેની આગળ ક્રીડા કરે છે. તેઓની વચમાં ઋતુદેવીઓનો એક અધિષ્ઠાયક દેવ હોય એવો ચારે તરફથી પુષ્પના આભૂષણવાળો તે ચક્રવર્તી શોભે છે.

ક્યારેક તે ભરતેશ્વર વધૂજન સહિત રાજહંસની જેમ ક્રીડાવાપીમાં ક્રીડા કરવા માટે ઈચ્છા પ્રમાણે જાય છે. ત્યાં સ્ત્રીઓ સાથે ભરત, હાથિણીઓ સાથે હાથી જેમ નર્મદામાં ક્રીડા કરે તેમ જળક્રીડા કરે છે. તે વખતે

સ્ત્રીઓએ શીખવાડી હોય એવી જળની ઊર્મિઓ તેને આલિંગન કરતી ક્ષણવાર કંઠમાં, ક્ષણવાર બાહુમાં અને ક્ષણવાર હૃદય ઉપર પડે છે.

આ સમયે અવતંસ (=કાનના ભૂષણ) રૂપે કરેલ છે કમળને જેણે, ચાલતા મોતીના કુંડળવાળો તે ભરત પાણીમાં સાક્ષાત્ વરુણદેવની જેમ દેખાય છે. લીલા-વિલાસનું સામ્રાજ્ય સ્થાપન કરવા માટે 'હું પહેલાં, હું પહેલાં' એમ કરતી સ્ત્રીઓ રાજાને પાણી છાંટે છે. અપ્સરાઓ જેવી, જળદેવતા જેવી ચારે તરફથી જળ-ક્રીડામાં આસક્ત તે સ્ત્રીઓ સાથે તે રમે છે. પોતાના પ્રતિસ્પર્ધિ એવા કમળોને જોવાથી જાણે સ્ત્રીઓનાં નેત્રો પાણી વડે લાલાશને પામે છે. સ્ત્રીઓનાં અંગોમાંથી ધોવાઈ ગયેલા ઘણા અંગરાગ વડે કર્દમવાળા થયેલા તે પાણી યક્ષકર્દમપણાને પામે છે.

આ પ્રમાણે ભરતરાજા વિવિધ પ્રકારે જળક્રીડા ઘણી વાર કરે છે.

કયારેક તે સૌધર્મેન્દ્રની જેવો તે રાજા સંગીત કરાવવા માટે વિલાસમંડપની સભામાં બેસે છે. ત્યાં વીણા વગાડવામાં ઉત્તમ પુરુષો મંત્રોના ઓંકારની પેઠે સંગીત કર્મમાં પ્રથમ એવા વેણુને ઉત્તમ સ્વરે પૂરે છે. વીણા-વાદકો કર્ણને સુખકારી, પ્રગટ વ્યંજન ધાતુવાળા સ્વર વડે અગ્યાર પ્રકારની વીણાઓને વગાડે છે. રંગાચાર્યો (સૂત્રધારો) તે તે કવિત્વને અનુસરતા, નિત્ય અભિનય

વાળા પસ્તાર સુંદર તાલને આદરપૂર્વક ધારણ કરે છે. મૃદંગવાદકો અને પણવ (ઢોલ) વાદકો પ્રિયમિત્રની જેમ એક બીજાને જરા પણ ત્યાગ નહિ કરતા પોત-પોતાના વાજિંત્રોને વગાડે છે. હાહા-હૂહૂ વગેરે દેવગંધર્વોના અહંકારને હરણ કરનારા ગાયકો સ્વરગીતિથી મનોહર નવી નવી જાતના રાગો ગાય છે. લાસ્ય અને તાંડવમાં ચતુર નર્તિકાઓ વિચિત્ર અંગના મરોડ વડે અને કરણો વડે સર્વને વિસ્મય પમાડતી સુંદર નાચ કરે છે.

ભરતરાજા 'આ જોવા લાયક છે' એ પ્રમાણે વિઘ્નરહિત જુએ છે, 'જ્યાં ત્યાં આસક્ત સ્વામીને બાધક કોણ હોય?' આ પ્રમાણે ભરતેશ્વર કામભોગોને ભોગવતો, સ્વામીના મોક્ષના દિવસથી પાંચ લાખ પૂર્વ પસાર કરે છે.

## ભરતરાજાને રત્નમય અરીસાગૃહમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ

એક વખત સ્નાન કરી, પૂજનક્રિયા કરી, દેવદૂષ્ય વસ્ત્રથી શરીર લૂંછી, પુષ્પમાળાઓથી વાળ ગૂંથી, સર્વાંગે ગોશીર્ષચંદનનુ વિલેપન કરી, સર્વ અંગમાં અમૂલ્ય દિવ્ય રત્નમય આભૂષણો પહેરી, શ્રેષ્ઠ યુવતીઓના સમૂહથી પરિવરેલો, દ્વારપાલિકા વડે બતાવાતો છે માર્ગ જેને એવો, તે ભરત અંતઃપુરના ગૃહની અંદર રત્નમય અરીસાગૃહમાં જાય છે. અત્યંત નિર્મળ આકાશસ્ફટિક સરખા તે દર્પણમાં પ્રતિબિંબિત થયેલા યોગ્ય પ્રમાણવાળા પોતાના સર્વ અંગના રૂપને જુએ છે. ત્યાં પોતાના દેહને જોતાં ભરતરાજાની એક આંગળીમાંથી વીંટી પડી ગઈ.

રાજા આંગળીમાંથી પડી ગયેલી તે વીંટીને મયૂરના પીંછાના સમૂહમાંથી પડી ગયેલા એક પીંછાની જેમ તે જાણતો નથી.

ચક્રવર્તી અનુક્રમે દેહના અવયવોને જોતો દિવસે ચંદ્રની કળાની જેમ મુદ્રિકારહિત કાંતિ વગરની તે જુએ છે. અહો ! આ આંગળી તેજ રહિત કેમ છે ? એ પ્રમાણે વિચારતો રાજા ભૂમિ ઉપર પડેલી તે મુદ્રિકાને જુએ છે, બીજાં પણ અંગો શું આભરણ વિના શોભા-રહિત છે ? આ પ્રમાણે વિચારીને તે બીજાં આભૂષણોનો પણ ત્યાગ કરવાનો આરંભ કરે છે.

પહેલાં રાજા માણિક્યના મુગટને ઉતારે છે, તે વખતે પડી ગયેલ છે રત્ન જેમાંથી એવી મુદ્રિકાની જેમ મુગટ રહિત મસ્તકને જુએ છે. તે પછી માણિક્યના કુંડળોનો ત્યાગ કરીને તે કુંડળ વગરના કર્ણપાશને સૂર્ય-ચંદ્ર રહિત પૂર્વ-પશ્ચિમ દિશાની જેમ જુએ છે.

પછી ગળાના આભરણનો ત્યાગ કરે છે, એથી રાજા ગળાના આભૂષણ વગરના ગળાને પાણી વગરની નદીની જેમ શોભારહિત જુએ છે.

ક્ષણવારમાં હાર ઉતારે છે. તે વખતે રાજા તારા વગરના આકાશની જેમ હાર વગરના ઉરઃસ્થળને જુએ છે.

જ્યારે બાજુબંધનો ત્યાગ કરે છે, ત્યારે તે રાજા ઉખડી ગયા છે અર્ધ લતાપાશ જેના એવા શાલવૃક્ષની જેમ બાજુબંધરહિત બે હાથને જુએ છે.

હાથના મૂળમાંથી જ્યારે કંકણોનો ત્યાગ કરે છે ત્યારે તે આમલસારા રહિત શ્રેષ્ઠ પ્રાસાદની જેમ તેનાથી રહિત હાથના મૂળને જુએ છે.

જ્યારે બીજી પણ મુદ્રિકાઓનો ત્યાગ કરે છે ત્યારે તે રાજા મણિ વગરની સર્પની ફણાની જેમ મુદ્રિકા વગરની આંગળીઓને જુએ છે.

જ્યારે પગના કડાઓનો ત્યાગ કરે છે ત્યારે પડી ગયા છે સુવર્ણના વલય જેના એવા હાથીના દાંતની જેમ કડા વગરના પગને જુએ છે.

આ પ્રમાણે ભરતરાજા છોડી દીધા છે સર્વ અંગના ભૂષણ જેણે એવા શોભા વગરના પોતાને જીર્ણપત્રવાળા વૃક્ષની જેમ જુએ છે, એ પ્રમાણે જોઈને તે વિચારે છેઃ

## ભરતરાજાનું ચિંતન

અહો! આ શરીરને ધિક્કાર હો! કારણકે ભૂષણ આદિ વડે શરીરની શોભા એ ચિત્રકર્મ વડે ભીંતની જેમ કૃત્રિમ છે. અંદર વિષ્ટા–મળથી વ્યાપ્ત, બહાર ઇંદ્રિયના છિદ્રોથી ઉત્પન્ન થતા મલથી ભરેલા આ શરીરની વિચારણા કરતાં કાંઈપણ સુંદર નથી. આ શરીર કપૂર કસ્તૂરી વગેરે સુગંધી વસ્તુઓને પણ ઉખરભૂમિ જેમ મેઘના પાણીને દૂષિત કરે તેમ દૂષિત કરે છે.

વિષયોથી વિરાગ પામીને જેઓએ મોક્ષરૂપી ફળવાળો તપ તપ્યો, તે તત્ત્વજ્ઞાનીઓએ જ આ શરીરનું

ફળ ગ્રહણ કર્યું છે, એ પ્રમાણે સારી રીતે ચિંતન કરતા અપૂર્વકરણના ક્રમ વડે ક્ષપકશ્રેણિમાં ચઢેલા, શુકલધ્યાનને પામેલા તે ભરતેશ્વરને ઘાતિકર્મના ક્ષય વડે, મેઘના પટલનો વિનાશ થવા વડે સૂર્યના પ્રકાશની જેમ કેવળ-જ્ઞાન પ્રકટ થાય છે.

તે વખતે સૌધર્મદેવલોકના અધિપતિ શક્રનું આસન એકદમ કંપાયમાન થાય છે. અચેતન ભાવો પણ મોટા ઓને મોટાઓની સમૃદ્ધિ કહે છે. ઇંદ્ર અવધિજ્ઞાનથી ભરતરાજાની કેવળજ્ઞાનની ઉત્પત્તિને જાણીને ભક્તિ વડે તેની પાસે આવે છે, કારણકે ભક્તિવંત સ્વામીની જેમ સ્વામીના પુત્રને વિષે પણ આદરવાળા હોય છે, તો વળી કેવળજ્ઞાન પામ્યે છતે તો શું કહેવું.

ઇંદ્ર કહે છે કેઃ—હે કેવળજ્ઞાની! દ્રવ્યલિંગને સ્વીકારો કે જેથી હું વંદન કરું અને તમારો નિષ્ક્રમણ મહોત્સવ કરું.

તે પછી બાહુબલિની જેમ ભરતેશ્વર પ્રવ્રજ્યાના લક્ષણરૂપ પંચમુષ્ટિક કેશનો લોચ કરે છે. તે પછી નજીક રહેલા દેવતાએ લાવેલા રજોહરણ વગેરે ઉપકરણ ભરત ગ્રહણ કરે છે. તે પછી જ દેવેન્દ્ર તેમને વંદન કરે છે.

**वंदिओ देवराएण, तओ य भरहेसरो ।**
**न हि वंदिज्जए पत्त—केवलोवि अदिक्खिओ ॥**

તે પછી ઈંદ્રે ભરતેશ્વરને વંદન કર્યું, કારણ કે કેવળજ્ઞાન પામ્યા છતાં પણ દીક્ષા ન લે ત્યાં સુધી વંદન કરાતું નથી.

તે વખતે ભરતરાજાનો આશ્રય કરનારા દશહજાર રાજાઓ દીક્ષા ગ્રહણ કરે છે, તેવા પ્રકારના સ્વામીની સેવા પરલોકમાં પણ સુખ આપનારી થાય છે.

હવે ઈન્દ્ર પૃથ્વીનો ભાર વહન કરવામાં સમર્થ ભરતરાજાના પુત્ર આદિત્યયશાને રાજ્યાભિષેક કરે છે.

તે પછી ઋષભસ્વામીની જેમ કેવળજ્ઞાનની ઉત્પત્તિ પછી પરિવાર સહિત ભરતકેવળી ગ્રામ–આકર–પુર–અરણ્યગિરિ અને દ્રોણમુખ આદિ સ્થાનોમાં ધર્મદેશના વડે ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા એક લાખ પૂર્વ વર્ષ સુધી વિચરે છે. તે પછી અષ્ટાપદ પર્વત ઉપર જઈને ભરતેશ્વર કેવલી વિધિપૂર્વક ચારે પ્રકારના આહારના પચ્ચક્ખાણ કરે છે. પછી તે એક માસને અંતે શ્રવણ-નક્ષત્રમાં ચંદ્ર ગયે છતે સિદ્ધ થયા છે અનંતચતુષ્ટય પ્રાપ્ત કર્યા છે જેને એવા તે સિદ્ધિક્ષેત્રને પામે છે.

આ પ્રમાણે ઋષભદેવસ્વામી પૃથ્વી ઉપર રાજ્ય કરતા હતા ત્યારે ભરતેશ્વર કુમારપણામાં સત્યોતેર લાખ પૂર્વ પસાર કરે છે, છદ્મસ્થપણામાં ભગવંતની જેમ મંડલિકપણામાં એક હજાર વર્ષ પસાર કરે છે. તે પછી ઋષભપુત્ર ચક્રવર્તીપણાને વહન કરતા એક હજાર વર્ષ

ન્યૂન છ લાખ પૂર્વ વ્યતીત કરે છે. તે પસાર કરીને કેવળજ્ઞાન પામી વિશ્વને અનુગ્રહ કરવા માટે દિવસે સૂર્યની જેમ એક લાખ પૂર્વ વિહાર કરી, આ પ્રમાણે ચોરાશી લાખ પૂર્વ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને તે ભરત મહાત્મા મોક્ષમાં ગયા.

તે વખતે હર્ષિત ચિત્તવાળા દેવો સાથે સૌધર્મેન્દ્રે તેમનો નિર્વાણમહોત્સવ કર્યો.

**एवं पहुपुव्वभवा, वुत्ता तत्तो य कुलयरुप्पत्ती ।**
**सामिस्स जम्मणं तह, विवाह-ववहार-दंसणं ॥१॥**

આ પ્રમાણે પ્રભુના પૂર્વ ભવો, તે પછી કુલકરોની ઉત્પત્તિ, સ્વામિનો જન્મ, તેમજ વિવાહ અને વ્યવહારનું બતાવવું કહ્યું. ૧

**रज्जं दिक्खा नाणं, जिणस्स तह्चेव भरहभूवस्स ।**
**चक्कित्तं पहुणो तह, कमेण चक्किस्स सिवपत्ती ॥२॥**

જિનેશ્વરનું રાજ્ય, દીક્ષા, જ્ઞાન તેમજ ભરતરાજાનું ચક્રીપણું, તથા પ્રભુની અને અનુક્રમે ચક્રવર્તીની મોક્ષ-પ્રાપ્તિ કહી. ૨

**एयम्मि पढमवग्गे जं, इह वुत्तं भवियणबोहट्ठं ।**
**उद्देसगाण छक्कं, हरेउ दुरियाणि तं निच्चं ॥३॥**

આ પ્રથમ વર્ગમાં ભવ્યજીવોના બોધ માટે છ ઉદ્દેશા કહ્યા, તે હંમેશાં પાપોને દૂર કરો.

આ પ્રમાણે શ્રી તપાગચ્છાધિપતિ શ્રી કદંબગિરિ પ્રમુખ અનેક તીર્થના ઉદ્ધારક, શાસન પ્રભાવક, આબાલ-બ્રહ્મચારી, સૂરીશ્વરશેખર, આચાર્ય વિજયનેમિસૂરીશ્વર પટ્ટાલંકાર સમયજ્ઞ શાંતમૂર્તિ વાત્સલ્યવારિધિ આચાર્ય વિજયવિજ્ઞાનસૂરીશ્વર પટ્ટધર સિદ્ધાંત મહોદધિ પ્રાકૃત-ભાષાવિશારદ વિજય કસ્તૂરસૂરિવિરચિત મહાપુરુષ ચરિતને વિષે પ્રથમ વર્ગમાં મરીચિભવ-ભાવિશલાકા પુરુષ-ઋષભ સ્વામિનિર્વાણ અને ભરતના નિર્વાણ સ્વરૂપ છઠ્ઠો.

**ઉદ્દેશ સમાપ્ત થયો**

શ્રી ઋષભસ્વામી અને ભરત ચક્રવતીંથી પ્રતિબદ્ધ.

**પ્રથમ વર્ગ સમાપ્ત થયો**

**मुंबापुरीइ मज्झे, सिरिगोडीपासणाहसंणिज्झे ।**

**रइयं एयं चरियं, रस-ससि-नह-नयणवरिसम्मि॥१॥**

(६ १ ० २)

શ્રી મુંબઈ નગરીની અંદર શ્રી ગોડીપાર્શ્વનાથ ભગવંતના સાંનિધ્યમાં ૨૦૧૬ની સાલમાં આ ચરિત્ર રચ્યું. ૧

**जिणसासणं जयइ जा, दिणयरससिणो तहा य लोगम्मि ।**

**ताव भवियाण कंठे, सया वसेज्जा इमं चरियं ॥२॥**

જ્યાં સુધી જિનશાસન જયવંતુ વર્તે છે, તેમજ લોકમાં સૂર્ય-ચંદ્ર વર્તે છે, ત્યાં સુધી ભવ્યજીવોને કંઠને વિષે આ ચરિત્ર હંમેશાં વસો. ૨

## અનુવાદકારની પ્રશસ્તિ

[ વસંતતિલકા વૃત્ત ]

સંચિત્ર જે **ઋષભનાથ** તણું પવિત્ર
શ્રી હેમસૂરિકૃત સંસ્કૃત–પદ્ય–બદ્ધ;
તેના સુભાવ ગ્રહી પ્રાકૃત–ગદ્ય–બદ્ધ,
**કસ્તૂરસૂરિ** ગુરુદેવ રચ્યું સુચિત્ર. ૧

[ મન્દાક્રાન્તા વૃત્ત ]

સિદ્ધક્ષેત્રે ઋષભજિનના સુદ્ધ સાંનિધ્ય યોગે,
આચાર્યશ્રી હૃદયકમલે ધ્યાનરૂપે ગ્રહીને;
વૈક્રમ્યાર્કે બત્રીશ અધિકે વીશ શત વર્ષ માંહે,
દીપાલીના શુભ જ દિવસે પૂર્ણ ભાષાનુવાદે. ૨

[ ઈંદ્રવજ્રા છંદ ]

સૂરિ શ્રી **ચંદ્રોદયના** નિદેશે,
**કસ્તૂરસૂરીશ** તણા પસાયે;
**કર્પૂરચંદ્રે** પરિપૂર્ણ કીધો,
નિર્વિઘ્નતાયે અનુવાદ શુદ્ધો. ૩

**સિદ્ધ ક્ષેત્ર–પાદલિપ્તપુરે વિ. સં. ૨૦૩૨ દીપાવલિકા પર્વ.**
**ક. ર. વારૈયા**

# પૂજ્ય ગુરુદેવની અંતરેચ્છા

ધર્મરાજા પૂજ્ય ગુરુદેવ શ્રીમાનૂનો જીવનભરનો પરિશ્રમ અને આનંદ, સ્વાધ્યાય, અધ્યયન, અધ્યાપનનો હતો. મુખ્ય પ્રવૃત્તિ આગમિક અનુપ્રેક્ષા સાથે પ્રાકૃતભાષા અંગેનું ઊંડુ ચિંતન તેમજ તે અંગે લેખન, સંપાદન-પ્રકાશન અંગેની હતી. અને તેથી તેઓ પૂજ્યશ્રીએ યથાસમયે પ્રદર્શિત કરેલ અંતરેચ્છા પ્રમાણે નીચેની ત્રણ યોજનાનો સંકલ્પ કર્યો છે.

૧. પ્રાકૃત-અર્ધમાગધી ભાષાના અધ્યયન-અધ્યાપન અંગે **અભ્યાસવર્ગ-પાઠશાળા** સ્થાપવી.

૨. પ્રાચીન-અર્વાચીન-પ્રાકૃત અને તેને અનુલક્ષીને જે કોઈ અપ્રગટ સાહિત્ય હોય કે પુનઃ મુદ્રણ કરવા યોગ્ય હોય તે **સાહિત્યનું પ્રકાશન** કરવું.

૩. પ્રાકૃત-અર્ધમાગધી ભાષાના વિદ્યાર્થીઓને પરીક્ષામાં પ્રથમ ત્રણ નંબર મેળવનારને યથાયોગ્ય પુરસ્કાર આપવો.

આમ પ્રાકૃત ભાષાના રક્ષણ-વૃદ્ધિ તેમ પૂર્વ પુરુષોની કૃતિઓને પ્રકાશિત કરી પરંપરાએ શ્રુત ભક્તિનો લાભ મેળવવાની અપેક્ષાએ ઉપરોક્ત ત્રણ યોજનાનો સંકલ્પ કર્યો છે. પણ તે સંકલ્પની સફલતાતો આપણા જૈન શ્રી સંઘો કે શ્રુતજ્ઞાન ભક્તો કે ગુરુભક્તો આર્થિક સારી સહાય કરે તે ઉપર આધારિત છે.

એજ

**જૈનાચાર્ય શ્રી વિજય કસ્તૂરસૂરિ સ્મારક સમિતિ**